(૮) હ્રસ્વ સ્વર અને દીર્ઘ સ્વરને ધ્યાનમાં રાખીને ક્રમશઃ ટુંકો અને લાંબો બોલવો જોઈએ. તેમ ન કરવાથી અર્થનો અનર્થ થવાની શક્યતા છે. **દા.ત. ફરિયાદ = કોઈની ભૂલ કહેવી તે; ફરી યાદ = બીજીવાર યાદ કરવું તે, દિન= દિવસ; દીન=ગરીબ...**

(૯) સૂત્રમાં જ્યારે '.' અનુસ્વાર આવે અને તે પદાન્તે આવે, ત્યારે બોલતી વખતે નાસિકામાંથી અવાજ આવવા સાથે બન્ને હોઠ બંધ થવા જોઈએ. **દા.ત. કરતાં, હું, સાહૂણં, ગયાયં, વંદિઉં, આલોઉં , પડિક્કમિઉં** ઈત્યાદિ અનુસ્વારનો ખ્યાલ રાખવો.

(૧૦) સૂત્રોમાં જ્યારે સંધિવાળો અક્ષર આવે ત્યારે મૂળ શબ્દ લખવા સાથે કૌંસમાં પણ તે અક્ષર બતાવવામાં આવેલ છે. પણ ઉચ્ચાર કરતી વખતે મૂળ શબ્દ અથવા બ્રેકેટના શબ્દને જ બોલવો પણ બન્ને ન બોલવો. **દા. ત. ઘો (દ્યો).....**

(૧૧) (અ) સૂત્રોમાં જ્યારે જોડાક્ષર આવે ત્યારે અડધા અક્ષરની પૂર્વેના પૂર્ણ અક્ષરની સાથે જોડીને બોલવાથી શુદ્ધ ઉચ્ચાર થશે. **દા.ત. સિદ્ + ધાણં = સિદ્ધાણં, પચ્ + ચક્+ ખામિ=પચ્ચક્ખામિ.....**

(બ) જ્યારે બે અડધા અક્ષર એક સાથે આવે ત્યારે પહેલો અડધો અક્ષર પૂર્વેના પૂર્ણ અક્ષર સાથે અને બીજો અડધો અક્ષર તે પછીના પૂર્ણ અક્ષર સાથે ઉચ્ચારણ કરવાથી શુદ્ધ ઉચ્ચારણ આવશે.

**દા. ત. સમ્ + યક્ + ત્વ = સમ્યક્ત્વ મોહનીય .....**

(૧૨) સૂત્રોમાં જ્યારે પૂર્ણ અક્ષર (સ્વર સહિત) આવે ત્યારે સ્વરના ઉચ્ચાર સાથે બોલવુ જોઈએ. દા. ત. એસો પંચ્ નમુક્કારો = અહી 'પંચ્' ન બોલતા **'પંચ'** બોલવું જોઈએ.

**સાત લાખ પૃથ્વીકાય્** અશુદ્ધ છે. **પૃથ્વીકાય** શુદ્ધ છે.

(૧૩) સૂત્રમાં અર્થની પૂર્ણાહૂતિ આવે, ત્યારે અટકવું જોઈએ, તેને સંપદા કહેવાય છે. દરેક ગાથાની પ્રથમ પંક્તિ 'પદ' કહેવાય છે, માટે જ દરેક પદાન્તે સામાન્ય અટકવું અને ગાથા પૂર્ણ થાય ત્યારે થોડું વિશેષ અટકવું જોઈએ. દા.ત. શ્રી નવકાર મંત્રમાં પદ નવ અને સંપદા આઠ છે. આઠમા અને નવમા પદની અર્થ સંકલના એક જ હોવાથી સાથે બોલવાં જોઈએ. **મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સૂત્રો કંઠસ્થ કરતાં પહેલા ધ્યાનમાં લેવા જેવું

(૧૪) બે-ત્રણ-ચાર શબ્દો ભેગા થઈને ક્યારેક સામાસિક એક જ શબ્દ બને છે. ત્યારે એ બધા શબ્દો સાથે જ બોલવા જોઈએ. **દા.ત. 'તહ નવવિહ બંભચેર ગુત્તિધરો'** માં **'નવવિહ'** સામાસિક શબ્દ છે. માટે **'તહનવ'** ન બોલતા **'તહ નવવિહ'** બોલવું જોઈએ.

(૧૫) શુદ્ધ છાપકામવાળા પુસ્તકમાં રહેલાં સૂત્રોના અક્ષરે-અક્ષર ઉપર બરાબર એક લક્ષ્ય થઈ દૃષ્ટિ કરીને કંઠસ્થ કરવાથી કે પુનરાવર્તન કરવાથી અશુદ્ધ ઉચ્ચારણથી બચી શકાય છે.

(૧૬) પૂર્ણ ઉપયોગપૂર્વક શુદ્ધ-ઉચ્ચારણ કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતો હોય છે અને બેદરકારી આદિના કારણે ઉપયોગરહિત અશુદ્ધ ઉચ્ચારણ કે અર્ધ શુદ્ધ ઉચ્ચારણ કરવાથી ગાઢ જ્ઞાનાવરણીય કર્મનો બંધ થતો હોય છે.

(૧૭) ભણવાના સમયે ન ભણવાથી, ન ભણવાના સમયે ભણવાથી, ભણનારને (સહાયક ન બનતાં) અંતરાય કરવાથી તેમ જ છતી શક્તિએ (છ મહિને એક ગાથા કંઠસ્થ કરવાની શક્તિ છતાં) નવું જ્ઞાન મેળવવા પુરુષાર્થ ન કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

(૧૮) જગતની કોઈ પણ ભાષાની લીપીમાં લખાયેલ અક્ષરવાળાં કપડાં-પગરખાં (ચંપલ-બુટ-સેન્ડલ), હાથ રૂમાલ, અંતરવસ્ત્રો-ડીશ-ગ્લાસ આદિ પહેરવાથી કે ઉપયોગ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

(૧૯) કોઈ પણ મનુષ્ય-કાર્ટુન-પશુ-પક્ષી આદિ આકૃતિવાળા (ચિત્રોવાળાં) કપડાં પહેરવાથી કે ચાદર આદિનો ઉપયોગ કરવાથી તેમજ તે જ્યારે-જ્યારે ધોવામાં આવે ત્યારે-ત્યારે તે તે આકૃતિ (ચિત્ર)ની હિંસાનું પાપ અને ગાઢ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. તેના ફળ સ્વરૂપે જન્માન્તરમાં તોતડા-બોબડા-લંગડા-બહેરા-કાણા-મૂંગા-આંધળા આદિ પણાની પ્રાપ્તિ થાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૨૦) જ્ઞાનનાં ઉપકરણ એવાં પુસ્તક-નોટ-ચોપડા-બોલપેન-રબર-પૂંઠું-ફૂટપટ્ટી-સંચો-પેન્સીલ-ચોક આદિને ઉપરથી છૂટા ફેંકવાથી, અપવિત્ર સ્થાને મૂકવાથી, તોડવાથી, પગ લગાડવાથી, થૂંક લગાડવાથી જ્ઞાનાવરણીય-કર્મ બંધાય છે.

(૨૧) જ્ઞાન આપનાર જ્ઞાની, શિક્ષક, અધ્યાપક, માત-પિતા અને વડીલજનોની મશ્કરી કરવાથી, સુયોગ્ય-આજ્ઞાને ઉત્થાપવાથી, નિંદા-કુથલી કરવાથી, તિરસ્કાર-અપમાન કરવાથી અને સુયોગ્ય રીતે આદર સત્કાર-બહુમાન ન કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

(૨૨) ખાતાં-ખાતાં, પીતાં-પીતાં, એઠું મોઢું રાખીને બોલવાથી અને ખાતાં-પીતાં કે લઘુનીતિ (પેશાબ કરતાં)-વડીનીતિ (ઝાડે જતાં) કરતાં પોતાની પાસે પર્સ-રૂપીયા-કાગળ-ઘડિયાળ-મોબાઈલ આદિ અક્ષરોવાળી કે કોરો કાગળ આદિ વસ્તુ રાખવાથી પણ ગાઢ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

(૨૩) સૂત્રોમાં રહેલા શબ્દો-અક્ષરોથી ઓછા કે વધારે બોલવાથી અને ભૂલ સમજાયા પછી પણ તે જ મુજબ ચાલુ રાખવાથી પણ ગાઢ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.


(૨૪) મંત્ર કરતાં પણ સવિશેષ પ્રભાવશાળી ગણધર ગૂંથિત આ પ્રતિક્રમણ સૂત્રોનો જ્ઞાની ગુરુમુખે શુદ્ધ-અભ્યાસ કરવાનો આગ્રહ રાખવા સાથે, ઝડપી કરવાની લાલસાને છોડીને તેમજ એક-બીજા પાસે સાંભળીને કરવાની વૃત્તિનો ત્યાગ કરીને આરાધક ભવ્યાત્માઓ સમ્યગ્ ક્રિયામય જીવન જીવી, વહેલામાં વહેલા સંસાર સાગરથી પાર ઉતરી, મોક્ષનગરને પ્રાપ્ત કરે, તેવી અભિલાષા.....


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી આત્મરક્ષા વજ્રપંજર સ્તોત્ર સચિત્ર



પહેલી, સાતમી , અને આઠમી ગાથા બોલતી વખતની સ્પષ્ટ મુદ્રા



'ૐ નમો અરિહંતાણં' બોલતી વખતે આપણા મસ્તક પર રક્ષાયંત્રની સ્થાપના ની કલ્પના કરવી.



'ૐ નમો સવ્વસિદ્ધાણં' બોલતી વખતે બન્ને હથેળીને પ્રદક્ષિણાકારે મોઢા ની ફરતે ત્રણવાર ફેરવતાં મુખનું રક્ષણ કરતાં હોઈએ, તેમ કલ્પના કરવી.



'ૐ નમો આયરિયાણં' બોલતી વખતે બન્ને હાથની હથેળીને ખભાથી નીચે કોણી સુધી ત્રણવાર સ્પર્શ કરતાં, અંગોની રક્ષા ની કલ્પના કરવી



'ૐ નમો ઉવજ્ઝાયાણં' બોલતી વખતે બન્ને હાથની હથેળીને ચારેય આંગળીઓ દબાવીને અંગૂઠો આકાશ તરફ રાખીને હાથોમાં સશક્ત હથિયાર - શસ્ત્રની કલ્પના કરવી.



'ૐ નમો લોએ સવ્વ સાહૂણં' બોલતી વખતે બન્ને હાથોની હથેળી દ્વારા પગના મધ્યભાગથી પૃષ્ઠ ભાગના મધ્ય ભાગ સુધી સ્પર્શના કરતાં બન્ને પગો ની રક્ષા ની કલ્પના કરવી.



'એસો પંચ નમુક્કારો' બોલતી વખતે આસનના મધ્યભાગને આગળ થી સ્પર્શ કરતાં પાછળના મધ્ય ભાગ સુધી સ્પર્શ કરતાં પોતાની ચારે તરફ ની ભૂમિ વજ્રમય બનેલી છે, તેમ કલ્પના કરવી.



'સવ્વ પાવપ્પણાસણો 'બોલતી વખતે બન્ને હાથની તર્જની ને આકાશ તરફ આગળ બાજુ રાખી બન્ને હાથને પાછળના મધ્યભાગ સુધી લઈ જઈને પોતાની ચારે તરફ વજ્રમય કિલ્લાની રચના થઈ છે, તેમ કલ્પના કરવી.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



'મંગલાણં ચ સવ્વેસિં' બોલતી વખતે બન્ને હાથો ને પોતાના શરીર થી થોડે દૂર એક સાથે ભેગા કરીને મધ્યભાગથી પૃષ્ઠભાગના મધ્ય ભાગ સુધી સ્પર્શ કરતાં વજ્રમય કિલ્લાની બહાર ચારેકોર અંગારા ની ખાઈની કલ્પના કરવી.



'પઢમં હવઈ મંગલં' બોલતી વખતે બન્ને હાથો ને માથા થી સહેજ ઉપર રાખીને વજ્રમય કિલ્લાના ઢાંકણ ની કલ્પના કરવી.



પદ્માસન કરતી વખતે સહુ પ્રથમ ડાબા પગને જમણા પગના મૂળીયામાં સ્થાપન કરી પછી જમણા પગ ને ડાબા પગ ના મૂળીયા પર સ્થાપન કરવું. પૂર્ણ પદ્માસન થયા પછી બન્ને ઢીંચણ સહજ ભાવે જમીન ને સ્પર્શવા જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# શ્રી આત્મરક્ષા વજ્રપંજર સ્તોત્ર

| | | |
|---|---|---|
| આદાનનામ | : | શ્રી વજ્રપંજર સ્તોત્ર |
| ગૌણનામ | : | નમસ્કાર મહામંત્ર |
| પદ | : | ૩૨ |
| સંપદા | : | ૩૨ |
| ગાથા | : | ૮ |



**વિષય :**
**મંત્ર દ્વારા શરીર શુદ્ધિ તથા અશુભથી રક્ષણ કરવા દ્વારા નમસ્કાર.**

છંદનુંનામ: અનુષ્ટુપ્;
રાગ : દર્શનં દેવદેવસ્ય...(પ્રભુસ્તુતિ)

ॐ પરમેષ્ઠિ-નમસ્કારં, સારં નવપદાત્મકમ્ ।
આત્મરક્ષાકરં વજ્ર-પંજરાભં સ્મરામ્યહં ॥ ૧ ॥

**અર્થ :-**સાર ભૂત, નવપદમય, વજ્રના પાંજરા સમાન આત્માની રક્ષા કરવાવાળું, એવું પરમેષ્ઠિ નમસ્કારનું હું ॐ કાર પૂર્વક સ્મરણ કરુ છું. ૧.

'ॐ નમો અરિહંતાણં', શિરસ્કં શિરસિ સ્થિતમ્ ।
'ॐ નમો સવ્વસિદ્ધાણં', મુખે મુખપટં વરમ્ ॥ ૨ ॥

**અર્થ :-** 'ॐ નમો અરિહંતાણં' આ પદ મસ્તક ઉપર પર રહેલ શિરસ્ત્રાણ છે અને 'ॐ નમો સવ્વસિદ્ધાણં' આ પદ મુખ પર શ્રેષ્ઠ મુખરક્ષક વસ્ત્ર છે. ૨.

'ॐ નમો આયરિયાણં', અંગરક્ષાતિશાયિની ।
'ॐ નમો ઉવજ્ઝાયાણં', આયુધં હસ્તયોર્દૃઢમ્ ॥ ૩ ॥

**અર્થ :-** 'ॐ નમો આયરિયાણં' આ પદ ઉત્તમ અંગરક્ષા કવચ છે અને 'ॐ નમો ઉવજ્ઝાયાણં' આ પદ બન્ને હાથમાં રહેલું મજબૂત હથિયાર છે. ૩.

'ॐ નમો લોએ સવ્વસાહૂણં', મોચકે પાદયોઃ શુભે ।
'એસો પંચ નમુક્કારો', શિલા વજ્રમયી તલે ॥ ૪ ॥

**અર્થ :-** ॐ નમો લોએ સવ્વસાહૂણં' આ પદ બન્ને પગની રક્ષા કરવાવાળી મોજડીયો છે અને 'એસો પંચ નમુક્કારો' આ પદ સાધકની નીચે રહેલી પૃથ્વી વજ્રમય શિલા છે. ૪.

'સવ્વપાવપ્પણાસણો', વપ્રો વજ્રમયો બહિઃ ।
'મંગલાણં ચ સવ્વેસિં', ખાદિરાંગાર-ખાતિકા ॥ ૫ ॥

**અર્થ :-** 'સવ્વપાવપ્પણાસણો' આ પદ બહાર ચારેબાજુ વજ્રમય કિલ્લો છે અને 'મંગલાણં ચ સવ્વેસિં' આ પદ વજ્રમય કિલ્લાની બહાર ચારેબાજુ ખેરના અંગારાવાળી ખાઇ છે. ૫.

'સ્વાહા'ન્તં ચ પદં જ્ઞેયં, "પઢમં હવઇ મંગલં" ।
વપ્રોપરિ વજ્રમયં, વિધાનં દેહ-રક્ષણે ॥ ૬ ॥


**અર્થ :-**'સ્વાહા' અન્તવાળુ એટલે 'પઢમં હવઈ મંગલં' સ્વાહા, આ પદ શરીરની રક્ષા માટે વજ્રમય કિલ્લાની ઉપર ઢાંકણ છે. ૬.

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવ - નાશિની ।
પરમેષ્ઠિ - પદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥ ૭ ॥

**અર્થ :-** પરમેષ્ઠિ પદોથી બનેલી આ રક્ષા મહાપ્રભાવશાળી છે, ક્ષુદ્ર ઉપદ્રવની નાશક છે અને પૂર્વાચાર્યોએ કહેલી છે. ૭.


યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિ-પદૈઃ સદા ।
તસ્ય ન સ્યાદ્ ભયં-વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥ ૮ ॥

**અર્થ :-** જે (જીવ) પરમેષ્ઠિ પદો દ્વારા આ પ્રમાણે હંમેશા રક્ષણ કરે છે, તેને ક્યારેય પણ ભય, રોગ અને માનસિક ચિંતાઓ થતી નથી. ૮.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com
जैन साईट JAINSITE जैनम् जयति शासनम्






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# ૧ 'શ્રી નમસ્કાર સૂત્ર'

| | | |
|---|---|---|
| આદાનનામ | : | શ્રી નવકાર મંત્ર |
| ગૌણનામ | : | પંચમંગલ મહાશ્રુતસ્કંધ |
| પદ | : | ૯ |
| સંપદા | : | ૮ |
| ગુરુ-અક્ષર | : | ૭ |
| લઘુ-અક્ષર | : | ૬૧ |
| સર્વ અક્ષર | : | ૬૮ |



**વિષય :**
**સર્વશ્રેષ્ઠ એવા પાંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવપૂર્ણ હૃદયથી નમસ્કાર.**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદક્રમાનુસારી અર્થ |
|---|---|---|
| નમો અરિહંતાણં ॥૧॥ | નમો-અરિ-હન્-તા-ણમ્ ॥૧॥ | નમસ્કાર થાઓ અરિહંત ભગવંતોને. ૧. |
| નમો સિદ્ધાણં ॥૨॥ | નમો-સિદ્-ધા-ણમ્ ॥૨॥ | નમસ્કાર થાઓ સિદ્ધ ભગવંતોને. ૨. |
| નમો આયરિયાણં ॥૩॥ | નમો-આય-રિ-યા-ણમ્ ॥૩॥ | નમસ્કાર થાઓ આચાર્ય ભગવંતોને. ૩. |
| નમો ઉવજ્ઝાયાણં ॥૪॥ | નમો-ઉવજ્-ઝા-યા-ણમ્ ॥૪॥ | નમસ્કાર થાઓ ઉપાધ્યાય ભગવંતોને. ૪. |
| નમો લોએ સવ્વસાહૂણં ॥૫॥ | નમો-લોએ-સવ્-વ-સાહૂ-ણમ્ ॥૫॥ | નમસ્કાર થાઓ લોકમાં રહેલ સર્વ સાધુ ભગવંતોને. ૫. |

जैन साईट JAINSITE .com

### ચૂલિકા (નમસ્કારનો પ્રભાવ)

છંદનું નામ : સિલોગો ● રાગ : દર્શનં દેવદેવસ્ય... (પ્રભુ સ્તુતિ)

| | | |
|---|---|---|
| એસો પંચ નમુક્કારો ॥૬॥ | એસો-પઞ્ (પન્)-ચ-નમુક્-કારો ॥૬॥ | આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર. ૬. |
| સવ્વ-પાવપ્પણાસણો ॥૭॥ | સવ્-વ-પા-વપ્-પણા-સણો ॥૭॥ | સર્વપાપનો નાશ કરનાર છે. ૭. |
| મંગલાણં ચ સવ્વેસિં ॥૮॥ | મઙ્-ગ-લા-ણમ્-ચ-સવ્-વેસિમ્ ॥૮॥ | અને સર્વ મંગલોમાં ૮. |
| પઢમં હવઇ મંગલં ॥૯॥ | પઢ-મમ્-હવ-ઇ-મઙ્-ગ-લમ્ ॥૯॥ | પ્રથમ છે મંગલ. ૯. |

**અર્થ :-** શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિદ્ધભગવંતોને, શ્રી આચાર્ય ભગવંતોને, શ્રી ઉપાધ્યાય ભગવંતોને અને લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે. અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. ૧-થી-૯.

---

### ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારની સામે શુદ્ધ ઉચ્ચારણ

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| નમોરિહંતાણં | નમો અરિહંતાણં |
| નમો અરિઅંતાણં | નમો અરિહંતાણં |
| નમો સિધ્ધાણં | નમો સિદ્ધાણં |
| નમો આરિયાણં | નમો આયરિયાણં |
| નમો ઉવઝાયાણં | નમો ઉવજ્ઝાયાણં |
| પંચ્ નમુકારો | પંચ નમુક્કારો |
| સવ પાવ પણાસણો | સવ્વ પાવપ્પણાસણો |
| સાહુણં | સાહૂણં |
| સવ્વેસિગ્ | સવ્વેસિમ્ |

### પ્રસ્તુત પુસ્તકમાં ઉપયોગી શબ્દોનો સરલ-સુગમ અર્થ

- **સંપદા :** સૂત્ર બોલતી વખતે અટકવાનું સ્થાન.
- **પદ :** સૂત્ર બોલતી વખતે સાવ થોડું અટકવાનું સ્થાન.
- **આદાન નામ :** સૂત્રના પ્રથમ અક્ષરથી પ્રચલિત નામ.
- **ગૌણનામ :** સૂત્રના ગુણ અને વિષય પરથી પડેલું નામ.
- **ગુરુ (દીર્ઘ) અક્ષર :** થોડું વધારે પ્રયત્નથી બોલાતો અક્ષર જેની માત્રા ૨ છે.
- **લઘુ (હ્રસ્વ) અક્ષર :** અલ્પ પ્રયત્ન દ્વારા બોલાતો અક્ષર, જેની માત્રા ૧ છે.
- **સર્વાક્ષર :** લઘુ અને ગુરુ અક્ષરની કુલ સંખ્યાનું પ્રમાણ.
- **પદક્રમાનુસારી અર્થ :** સૂત્રમાં આવતા ક્રમ અનુસાર પદોનો અર્થ.
- **ગાથાનો સમૂહ અર્થ :** ગાથામાં વિભક્તિના ક્રમ અનુસાર થતો સરલ - સુગમ અર્થ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ

કેવલજ્ઞાન પામીને પૃથ્વીતલને પાવન કરતા શ્રી અરિહંત પરમાત્મા ૧૨ ગુણોથી યુક્ત હોય છે. તેમાં આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશયનો સમાવેશ થાય છે. જિનમંદિરમાં પરિકર યુક્ત જિનપ્રતિમાને અરિહંત અવસ્થાવાળી કહેવાય છે.

## આઠ પ્રાતિહાર્યનું વર્ણન

૧. **અશોક વૃક્ષ પ્રાતિહાર્ય :** જ્યાં ભગવંતનુ સમવસરણ રચાય, ત્યાં ભગવંતના દેહથી ૧૨ ગણું ઉંચુ 'અશોક વૃક્ષ' દેવતાઓ રચે છે. જેની નીચે બેસી ભગવંત ધર્મદેશના આપે છે. તે અશોકવૃક્ષની ઉપર (ભગવંત જે વૃક્ષની નીચે કેવલજ્ઞાન પામ્યા હોય) એક ચૈત્યવૃક્ષ પણ હોય છે.

૨. **સુરપુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય :** પ્રભુજી જ્યાં વિહરતા હોય તે ક્ષેત્રમાં અને એક યોજન પ્રમાણ સમવસરણ ભૂમિમાં દેવતાઓ જલસ્થળમાં ઉત્પન્ન થયેલાં છ એ ઋતુઓના સુગંધી-પંચવર્ણા સચિત્ત-પુષ્પોની વૃષ્ટિ ઢીંચણ પ્રમાણ કરે છે તે. પ્રભુજીના અનુપમ પ્રભાવથી તે સચિત્ત પુષ્પોને લોકોની અવર-જવરથી જરાય કિલામણા થતી નથી અને મુનિભગવંતોને પણ વિરાધનાનો દોષ લાગતો નથી.

૩. **દિવ્ય-ધ્વનિ પ્રાતિહાર્ય :** માલકોશ રાગમાં વહેતી ભગવાનની વાણીને દેવતાઓ વાંસળી-વીણા=મૃદંગ આદિના સંગીત સૂરો સાથે જોડે છે તે .

૪. **ચામર પ્રાતિહાર્ય :** રત્નજડિત સુવર્ણની દાંડીવાળા ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમાં દેવતાઓ ભગવંતને વીંઝે છે તે.



પ્રભુનો અષ્ટપ્રાતિહાર્ય સાથે વિહાર


૫. **સિંહાસન પ્રાતિહાર્ય :** ભગવંતને બેસવા માટે રત્નજડિત સુવર્ણમય સિંહાસન દેવતાઓ સમવસરણમાં રચે છે તે.

૬. **ભામંડળ પ્રાતિહાર્ય :** ભગવંતના મસ્તકની પાછળ શરદઋતુના સૂર્યના કિરણ જેવું ઉગ્ર તેજવાળું ભામંડળ(તેજનું વલય) દેવતા રચે છે તે. (ભામંડળ ભગવંતના તેજને પોતાના તેજમાં સંહરી લે છે, તે ન હોય તો ભગવંતના મુખ સામે જોઇ પણ શકાય નહિ.)

૭. **દેવદુંદુભિ પ્રાતિહાર્ય :** પ્રભુજી વિહરતા હોય ત્યારે અને સમવસરણમાં દેશના આપવા પધારે ત્યારે દેવતાઓ દેવદુંદુભિ વગાડે છે તે. તે નાદ એમ સૂચવે છે કે "હે ભવ્યો ! તમે શિવપુરના સાર્થવાહ એવા આ ભગવંતને સેવો..."

૮. **છત્ર પ્રાતિહાર્ય :** શરદ ઋતુના ચંદ્ર સમાન ઉજ્જવળ અને મોતીના હારોથી સુશોભિત એવા ત્રણ છત્રો પ્રભુજી વિહરતા હોય ત્યારે હોય છે અને સમવસરણમાં દેશના આપતા હોય ત્યારે પંદરછત્રો મસ્તક ઉપર મોટાથી નાનાના અનુક્રમે હોય છે. (સમવસરણમાં પૂર્વાભિમુખ પ્રભુજીના મસ્તક ઉપર ત્રણ છત્ર સાથે ચૈત્યવૃક્ષ (કેવલજ્ઞાન પ્રાપ્તિ વૃક્ષ) ઉપર પણ ત્રણ છત્ર હોય છે એટલે ચાર દિશાના 3X૪=૧૨ અને ચૈત્યવૃક્ષ પરના ૩=૧૫ થાય છે.) ત્રણ છત્ર એમ સૂચવે છે કે... "પ્રભુજી ! આપ ત્રણ ભુવનના સ્વામી છો."


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# ચાર અતિશયોનું વર્ણન

૧. **અપાયાપગમાતિશય :** પ્રભુજી જ્યાં વિચરતાં હોય ત્યાં છ એ દિશામાં મળીને સવાસો યોજન સુધીમાં પ્રભુજીના પ્રભાવથી છ મહિના સુધી રોગ–મરકી–વૈર–અતિવૃષ્ટિ–દુષ્કાળ–સ્વરાજ્ય અને પર–રાજ્યનો ભય આદિ ઉપદ્રવો થાય નહિ અને પૂર્વે થયા હોય તો નાશ પામે તે. (અપાય = ઉપદ્રવ,અપગમ= નાશ; ઉપદ્રવનો નાશ )

૨. **જ્ઞાનાતિશય :** પ્રભુજી ની વાણી પાંત્રીશ ગુણોથી યુક્ત હોય છે. તેથી ભવ્યજીવોના સંશયો છેદાય છે  તે.

૩. **પૂજાતિશય :** નરેન્દ્રો, અસુરેન્દ્રો અને સુરેન્દ્રો પણ પ્રભુજીની પૂજા કરે છે તે.

૪. **વચનાતિશય :** પ્રભુજીની વાણી સર્વજીવો પોત પોતાની ભાષામાં સમજી શકે છે તે.

# પરમાત્માની વાણીના ૩૫ ગુણ

(૧) શબ્દાલંકારો અને અર્થાલંકારોથી યુક્ત હોવાથી 'સંસ્કારવાળી' (૨) સ્પષ્ટ અને ઉંચા સ્વરવાળી હોવાથી'ઉદાત્ત' (૩) ઉદાર - શિષ્ટાચારી-સંસ્કારી અને વિદ્વાનોને ગમે તેવી 'ઉપચાર પરીત' (૪) સમુદ્રનું મંથન કરતાં હોય તેવા ગંભીર ધ્વનિથી અલંકૃત - ''મેઘ જેવી ગંભીર'' (૫) વાણીની પાછળ જાણે ઘંટનો મધુરો આલાપભર્યો રણકાર ન ચાલતો હોય, તેવી 'પ્રતિનાદયુક્ત' (૬) બોલવામાં અને સમજવામાં  બહુજ સરળ હોય તેવી 'દાક્ષિણ ગુણ યુક્ત' (૭) અતિમીઠો 'માલકોશ રાગયુક્ત' (૮) વિશાલ અને ઉંડા અર્થવાળી  હોવાથી 'મહાઅર્થયુક્ત' (૯) પાછળનું વચન પૂર્વના વચનને વધારે પુષ્ટ કરે અને કોઈ પણ પ્રકારના અવરોધ વગર સતત વહેતી વાણી એટલે 'અવ્યાઘાતગુણ યુક્ત' (૧૦) સિદ્ધાંતોને અનુસરતી અને શિષ્ટજનોને પ્રિય હોવાથી 'શિષ્ટ' (૧૧) શ્રોતાઓની શંકા દૂર કરવામાં સમર્થ અને સંદેહ ઉત્પન્ન કરવામાં અસમર્થ એવી 'અસંદેહકર' (૧૨) અનવરત વહેતી વાણીમાંથી કોઈ પણ વ્યક્તિ દોષ કે દૂષણ કાઢવા  અસમર્થ એટલે 'અન્યોત્તરરહિત' (૧૩) ગમી જાય અને હૃદયને સુગમતાથી ગ્રહણ કરવા યોગ્ય હોવાથી 'અતિહૃદયંગમ' (૧૪) પદો અને વાક્યો એક બીજા સાથે અપેક્ષાવાળા અને સંગતિવાળા  હોય એટલે 'સાકાંક્ષ' (૧૫) શબ્દે- શબ્દમાં ઔચિત્યનાં દર્શન થાય અને શ્રોતાગણને ચમત્કારિક અસર પહોંચાડનારી એટલે 'ઔચિત્ય' (૧૬) વસ્તુતત્ત્વના સ્વરૂપને પ્રતિપાદન કરવા માટે સદા અનુસરનારી હોવાથી 'તત્ત્વનિષ્ઠ' (૧૭) પ્રસ્તુત સંબંધવાળા પદાર્થોને કહેનારી અને વગર કારણે અતિવિસ્તારથી રહિત હોવાથી 'અપ્રકીર્ણ-પ્રસ્તુત' (૧૮) પોતાની પ્રશંસા અને બીજાની નિંદાથી રહિત હોવાથી 'સ્વશ્લાધા-પરનિંદા રહિત' (૧૯) ઉત્તમકોટીની વિવેચના સાથે ભૂમિકા અનુસાર ઉંડા અર્થથી યુક્ત હોવાથી 'અભિજાત્ય' (૨૦) અમૃત કરતાં મીઠી અને તરસ-ભૂખ-થાક-કંટાળો-નિદ્રાને ભૂલાવનારી હોવાથી 'સ્નિગ્ધ મધુર' (૨૧) લોકોમાં ચારેકોર વાણીના ગુણગાનનો ઘોષ સાંભાળવા મળે અને સાંભાળનાર શ્રોતાઓ પ્રશંસા કરતાં થાકે નહિ એટલે 'પ્રશંસનીય' (૨૨) કોઈ પણ શ્રોતાના મર્મને ન ખોલનારી હોવાથી 'અમર્મવેધી' (૨૩) કહેવાનો વિષય મહાન અને ગંભીર હોય એટલે 'ઉદાર' (૨૪) વાણી ધર્મ અને સારા અર્થ સાથે સંબંધવાળી હોવાથી 'ધર્માર્થ પ્રતિબદ્ધ' (૨૫) વ્યાકરણની દૃષ્ટિએ કર્તા-કર્મ આદિ વિભક્તિ, પુલ્લિંગ આદિ લિંગો, વર્તમાન - ભવિષ્ય-ભૂત આદિકાળમાં ક્યાંય પણ સ્ખલના, ઉલટ સુલટ કે ફેરફાર રહિત હોવાથી 'કારકાદિનો અવિપર્યાસ' (૨૬) બોલનારના મનમાં ભ્રાંતિ, વિક્ષેપ, ક્ષોભ કે ભય આદિ દોષ રહિત હોવાથી 'વિભ્રમાદિવિયુક્ત' (૨૭) શ્રોતાના દિલમાં રસ - આતુરતા-જિજ્ઞાસાને સદા જાળવવા સમર્થ હોવાથી 'ચિત્રકારી' (૨૮) અન્ય વક્તા કરતાં અતિશય ચઢીયાતી અને ચમત્કારીક વાણી હોવાથી 'અદ્‌ભુત' (૨૯) અતિશય જલ્દી નહિ અને અતિશય ધીમી પણ નહિ પણ પદ્ધતિસર બોલાતી વાણી હોવાથી 'અનતિવિલમ્બી' (૩૦) વસ્તુતત્ત્વનું વર્ણન દળદાર-માલદાર-મસાલેદાર વાણીમાં પ્રરુપિત હોવાથી 'અનેકજાતિ વિચિત્ર' (૩૧) વચને વચનમાં બીજા વચન કરતાં વિશેષતા સ્થપાઈ ગયેલી હોવાથી 'આરોપિત વિશેષતાવાળી...' (૩૨) પરાક્રમ ભરેલી વાણી હોવાથી 'સત્ત્વપ્રધાન' (૩૩) દરેક અક્ષર-વાક્ય-પદ બરાબર છૂટાં પડતાં હોવાથી 'વિવિક્ત' (૩૪) વાણી યુક્તિ-તર્ક-દૃષ્ટાંત-પ્રમાણથી યુક્ત હોવાથી 'અવિચ્છિન્ન' અને (૩૫) વાણી બોલનારને ખેદ કે પરિશ્રમ ન લાગતો હોવાથી 'અખેદ' હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only www.jainsite.com



## શ્રી અરિહંત પરમાત્મા ૩૪ અતિશયોથી યુક્ત હોય છે.

(૧) મર્યાદાથી વધારે વાળ-રોમ- અને નખ ન વધે.
(૨) શરીર રોગ રહિત હોય.
(૩) લોહી અને માંસ દૂધની જેમ સફેદ હોય.
(૪) શ્વાસોચ્છ્વાસમાં કમલ જેવી સુગંધ હોય.
(૫) આહાર અને નિહાર (મળત્યાગ) વિધિ ચર્મચક્ષુવાળા ન જોઈ શકે.
(૬) મસ્તકની ઉપર આકાશમાં ત્રણ છત્ર હોય.
(૭) પરમાત્માની આગળ આકાશમાં ધર્મચક્ર હોય.
(૮) પરમાત્માની બન્ને બાજુ શ્રેષ્ઠ બે ચામર હોય.
(૯) આકાશની જેમ સ્વચ્છ સ્ફટિક મણિનું બનેલું સિંહાસન પાદપીઠ સાથે હોય.
(૧૦) પરમાત્માની આગળ આકાશમાં ઈન્દ્રધ્વજ ચાલતો હોય.
(૧૧) જ્યાં જ્યાં પરમાત્મા સ્થિરતા કરે અને બેસે, ત્યાં-ત્યાં તે જ ક્ષણે પાંદડા-પુષ્પ અને પલ્લવથી અલંકૃત છત્ર-ધ્વજા-ઘંટ અને પતાકાથી સુશોભિત અશોકવૃક્ષ ઉત્પન્ન થાય.
(૧૨) કાંઈક પાછળ મુગટના સ્થાન પર તેજોમંડલ (ભામણ્ડલ) હોય;
(૧૩) જ્યાં-જ્યાં પરમાત્મા પધારે, ત્યાં-ત્યાં નો પૃથ્વીભાગ સમતલ થઈ જાય.
(૧૪) જ્યાં-જ્યાં પરમાત્મા પધારે, ત્યાં-ત્યાં કાંટાઓ ઉંધા-મોઢાવાળા બની જાય.
(૧૫) જ્યાં-જ્યાં પરમાત્મા પધારે, ત્યાં-ત્યાં ઋતુઓ અનુકૂળ બની જાય.
(૧૬) જ્યાં-જ્યાં પરમાત્મા પધારે, ત્યાં-ત્યાં સંવર્તક વાયુદ્વારા એક યોજન પર્યંત ક્ષેત્ર શુદ્ધ થઈ જાય.
(૧૭) મેઘ દ્વારા રજકણ ઉપશાંત થઈ જાય.
(૧૮) જાનુપ્રમાણ દેવકૃત પુષ્પોની વૃષ્ટિ થાય અને પુષ્પોના ડીંટ ઉંધા-મુખવાળા થઈ જાય.
(૧૯) અમનોજ્ઞ (પ્રતિકૂળ) શબ્દ-રૂપ-રસ-ગન્ધ અને સ્પર્શ ન હોય.
(૨૦) મનોજ્ઞ (અનુકૂળ) શબ્દ-રૂપ-રસ-ગન્ધ અને સ્પર્શ પ્રગટ થાય.
(૨૧) યોજન પર્યન્ત સંભાળતી ધર્મદેશના હૃદયસ્પર્શી હોય.
(૨૨) અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે.
(૨૩) તે અર્ધમાગધી ભાષામાં ઉપસ્થિત આર્ય, અનાર્ય, દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી અને સરિસૃપો આદિને પોતપોતાની ભાષામાં પરિણમિત થાય અને તેઓને હિતકારી, સુખકારી, અને કલ્યાણકારી અનુભવાય.
(૨૪) દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ અને મહોરગ આદિ પરસ્પરના વૈરભાવને ભૂલીને પ્રસન્નચિત્તે પરમાત્માની ધર્મદેશના સાંભળે.
(૨૫) અન્ય તીર્થિકો નત મસ્તક થઈને પરમાત્માને નમન કરે.
(૨૬) પરમાત્માની પાસે આવતાં અન્ય તીર્થિકો નિરુત્તર થઈ જાય.
(૨૭) જ્યાં-જ્યાં પરમાત્મા પધારે, ત્યાં-ત્યાં સવાસો યોજન સુધી ઉંદર આદિનો ઉપદ્રવ ન થાય.
(૨૮) પ્લેગ આદિ મહારોગોનો ઉપદ્રવ ન થાય.
(૨૯) સ્વસેનાનો વિપ્લવ (ઉપદ્રવ) ન થાય.
(૩૦) અન્ય રાજ્યની સેનાનો ઉપદ્રવ ન થાય.
(૩૧) અતિવૃષ્ટિ = અધિકવર્ષા ન થાય.
(૩૨) અનાવૃષ્ટિ = વર્ષા ન આવે, તેવું ન બને.
(૩૩) દુર્ભિક્ષ = દુકાલ ન પડે.
(૩૪) પરમાત્માના ચરણ સ્પર્શથી તે ક્ષેત્રમાં પૂર્વે ઉત્પન્ન થયેલો ઉત્પાત તથા વ્યાધિઓ ઉપશાંત થાય.



JAINSITE.com
जैन साइट
જૈનમ્ જયતિ શાસનમ્

## શ્રી અરિહંત પરમાત્મા ૧૮ દોષથી રહિત હોય

(૧) દાનાન્તરાય (૨) લાભાન્તરાય (૩) ભોગાન્તરાય (૪) ઉપભોગાન્તરાય (૫) વીર્યાન્તરાય (૬) હાસ્ય (૭) રતિ (૮) અરતિ (૯) ભય (૧૦) શોક (૧૧) જાગુપ્સા (ઘૃણા) (૧૨) કામ (૧૩) મિથ્યા (૧૪) અજ્ઞાન (મૂઢતા) (૧૫) નિદ્રા (૧૬) અવિરતિ (૧૭) રાગ અને (૧૮) દ્વેષ.

## અન્યરીતિએ ૧૮ દોષો રહિત

(૧) મિથ્યાત્વ (૨) અજ્ઞાન (૩) મદ (૪) ક્રોધ (૫) માયા (૬) લોભ (૭) રતિ (૮) અરતિ (૯) નિદ્રા (૧૦) શોક (૧૧) અલીક (અસત્ય) (૧૨) ચૌર્ય (૧૩) મત્સરતા (૧૪) ભય (૧૫) હિંસા (૧૬) પ્રેમ (૧૭) ક્રીડા અને (૧૮) હાસ્ય.

## શ્રી અરિહંત પરમાત્માનું શારિરીક બલ એક ઔપમિક સંકલન

પ્રાણીમાં છુપેલી અનન્તી શક્તિઓને પ્રગટ કરવાનું સ્થાન એટલે જ તીર્થંકર, તેઓ અનંતબલી હોય છે.

૧૨ યોદ્ધાઓ = ૧ સાંઢ (બળદ); ૧૦ સાંઢો = ૧ ઘોડો; ૧૦ ઘોડાઓ = ૧ ભેંસ ; ૧૫ ભેંસો = ૧ હાથી; ૫૦૦ હાથીઓ; = ૧ કેશરી સિંહ; ૨૦૦૦ કેસરી સિંહ = ૧ અષ્ટાપદ પ્રાણી; ૧૦ લાખ અષ્ટાપદો (જંગલી પ્રાણી) = ૧ બલદેવ; ૨ બલદેવો = ૧ વાસુદેવ; ૨ વાસુદેવો = ૧ ચક્રવર્તી; ૧ લાખ ચક્રવર્તીઓ = ૧ નાગેન્દ્ર; ૧ કરોડ નાગેન્દ્ર = ૧ ઈન્દ્ર, અસંખ્ય ઈન્દ્રોમાં જેટલું બળ હોય છે, તેની તુલના તીર્થંકર પરમાત્માની ટચલી (કનિષ્ઠા) આંગળી સાથે પણ ન કરી શકાય. - (વિશેષ-આવશ્યક-ભાષ્ય મૂળગાથા-૭૦-૭૧)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## શ્રી અરિહંત પરમાત્મા જગતકર્તા નથી

પરમાત્મા જ્યારે કેવળજ્ઞાન પામે છે, ત્યારે સંસારી ભવ્યજીવોને ધર્મનો ઉપદેશ આપીને સંસારનું સ્વરૂપ બતાવે છે. પરન્તુ સંસારને બનાવતા (સર્જન) નથી. આ સંસાર અનાદિકાળનો છે જ. તેનો કોઈ કર્તા નથી, જે કાંઈ રૂપાન્તરો થાય છે, તે કાલનો જ સ્વભાવ છે.

કદાચ કાલ્પનિક વિચારથી એવું એકવાર માની લઈએ કે પરમાત્મા જ જગતના સર્જનહાર છે. તો પરમદયાળુ અને સ્વતંત્ર સર્વશક્તિ સંપન્ન એવા પરમાત્મા કોઈ જીવને અત્યન્ત સુખી અને કોઈક જીવને દુઃખી શા માટે કરે. એટલે આ પ્રમાણે માનવું જ યોગ્ય છે કે સુખી-દુઃખી, ધનવાન-નિર્ધન, સ્વરૂપવાન કે કુરુપવાન ઈત્યાદિમાં મુખ્ય કારણ જીવાત્માએ પોતે કરેલા શુભ-અશુભ પાપ કર્મો જ છે.

## શ્રી અરિહંત પરમાત્માની પંચપરમેષ્ઠિમાં પ્રધાનતાનું કારણ

શ્રી તીર્થની સ્થાપના કરવા દ્વારા જગતના જીવોને સન્માર્ગ બતાવવાવાળા હોવાથી અને તે તીર્થના આલંબનથી અનેક ભવ્યાત્માઓ મોક્ષ તરફ પ્રયાણ કરવા સમર્થ બનતા હોવાથી તેમજ અષ્ટકર્મમુક્ત શ્રી સિદ્ધભગવંતો પણ આ જ તીર્થના આલંબન થી કર્મમુક્ત બનેલા હોવાથી અઘાતિકર્મ સહિત એવા શ્રી અરિહંત પરમાત્માને પ્રાધાન્યતા આપવામાં આવી છે.

## શ્રી સિદ્ધભગવંતોનું સ્વરૂપ

ઘાતિ અને અઘાતિ એવા આઠ કર્મોથી સર્વથા મુક્ત હોવાથી **આઠ ગુણથી** અલંકૃત હોય છે. એક જીવાત્મા જ્યારે સિદ્ધ થાય ત્યારે અવ્યવહાર રાશિ નિગોદમાં અનાદિકાલથી રહેલો એક જીવાત્મા વ્યવહાર રાશિમાં આવે છે. તેમાં શ્રી સિદ્ધ ભગવંતોનો જ મહાન ઉપકાર છે.

## પંચ પરમેષ્ઠિના ક્રમનું કારણ

**તીર્થ સ્થાપના**ની પ્રધાનતાના કારણે **શ્રી અરિહંત ભગવંતો પ્રથમ સ્થાને** યાદ કરાય છે. તીર્થના આલંબનથી **ધર્મોપદેશને સંપૂર્ણતયા સમર્પિત** થઈ અષ્ટકર્મમુક્ત બનેલ હોવાથી **શ્રી સિદ્ધભગવંતોને દ્વિતીય સ્થાને** યાદ કરાય છે. પરમાત્માની ગેરહાજરીમાં **પરમાત્મવચનને સમર્પિત** એવી સુવિશુદ્ધ **મોક્ષમાર્ગ**ની દેશના આપવા દ્વારા ઉપકાર કરતા હોવાથી **શ્રી આચાર્ય ભગવંતોને તૃતીય સ્થાને** યાદ કરાય છે. **વિનય-સ્વાધ્યાય** અને **સ્થિરીકરણ**-ગુણથી વિશિષ્ટ **યોગદાન આપનાર** હોવાથી **શ્રી ઉપાધ્યાય ભગવંતોને ચતુર્થ સ્થાને** યાદ કરાય છે. **મોક્ષમાર્ગમાં સદા સહાયક એવા શ્રી સાધુ ભગવંતોને પંચમ સ્થાને** યાદ કરાય છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## આઠ કર્મનો ક્ષય કરીને સિદ્ધિપદ-મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે, તે શ્રી સિદ્ધ ભગવંતના આઠ ગુણ.

૧. **અનંતજ્ઞાન** : **જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય** થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે, આથી લોકલોકના સ્વરૂપને જાણે છે.

૨. **અનંતદર્શન** : **દર્શનાવરણીયકર્મનો ક્ષય** થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે, આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

૩. **અવ્યાબાધસુખ**: **વેદનીયકર્મનો ક્ષય** થવાથી સર્વ પ્રકારની પીડા રહિત **નિરૂપાધિકપણું** પ્રાપ્ત થાય છે.

૪. **અનંતચારિત્ર** : **મોહનીયકર્મનો ક્ષય** થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે. આથી સિદ્ધ ભગવાન સ્વ સ્વભાવમાં સદા અવસ્થિત રહે છે. તે જ ત્યાં ચારિત્ર છે.

૫. **અક્ષયસ્થિતિ** : **આયુઃકર્મનો ક્ષય** થવાથી નાશ ન થાય એવી અનંતસ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની (શરૂઆત) આદિ છે, પણ અંત નથી. તેથી સાદિ અનંત કહેવાય છે.

૬. **અરૂપીપણું** : **નામકર્મનો ક્ષય** થવાથી વર્ણ, ગંધ, રસરૂપ અને સ્પર્શ રહિત થાય છે, કેમકે શરીર હોય તો એ ગુણો રહે છે પણ સિદ્ધને શરીર નથી, તેથી અરુપીપણું પ્રાપ્ત થાય છે.

૭. **અગુરુલઘુ** : **ગોત્રકર્મનો ક્ષય** થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. તેથી ભારે, હળવો, ઉંચા અથવા નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

૮. **અનંતવીર્ય** : **અંતરાયકર્મનો ક્ષય** થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય-શક્તિ પ્રાપ્ત થાય છે. સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે, તેવી સ્વભાવિક શક્તિ સિદ્ધમાં હોયે છે. છતાં તેઓ તેવું વીર્ય કદી ફોરવતા નથી અને ફોરવશે પણ નહિ. કેમકે પુદ્ગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી. એ ગુણથી પોતાના આત્મિક ગુણોને જેવા છે તેવા રુપે ધારી રાખે, ફેરફાર ન થવા દે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## શ્રી આચાર્ય ભગવંતોનું સ્વરૂપ

શ્રી અરિહંત પરમાત્માના વિરહમાં **"શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, અરિહા સમ ભાખ્યા રે..."** (નવપદજીની પૂજાની ઢાળ)ના વચન અનુસાર અરિહંત સમાન અને ધર્મના નાયક એવા શ્રી આચાર્ય ભગવંતો ૩૬ ગુણોથી અલંકૃત હોય છે. **'શ્રી પંચિંદિય સૂત્ર'** માં તેનું વિસ્તારથી વર્ણન કરવામાં આવશે છતાં ખૂબ ટુંકમાં અત્રે બતાવાય છે.(૧ થી ૫) પાંચ ઈન્દ્રિયના વિષયોનું નિગ્રહ કરે, (૬ થી૧૪) નવ પ્રકારની બ્રહ્મચર્યગુપ્તિને ધારણ કરે, (૧૫ થી ૧૮) ક્રોધ,માન, માયા, અને લોભરૂપી ચાર કષાયથી મુક્ત, (૧૯ થી ૨૩) પાંચ મહાવ્રતથી યુક્ત, (૨૪ થી ૨૮) પાંચ પ્રકારના આચારનું પાલન કરે, (૨૯ થી ૩૩) પાંચ સમિતિનું પાલન કરે અને (૩૪ થી ૩૬) ત્રણ ગુપ્તિથી ગુપ્ત એમ કુલ ૩૬ ગુણો થાય છે અને અન્ય શાસ્ત્રગ્રન્થો અનુસાર છત્રીશ છત્રીશી (૩૬ x ૩૬ = ૧૨૯૬) થી પણ શોભે છે.

## શ્રી ઉપાધ્યાય ભગવંતોનું સ્વરૂપ



પાઠક અને વાચકના ઉપનામથી સુપ્રસિદ્ધ એવા શ્રી ઉપાધ્યાય ભગવંતો સિદ્ધાંતને ભણે અને ભણાવે તેમજ શરણે આવેલાં સંયમીને સંયમમાં સ્થિર કરવાનું મહાન કાર્ય કરતા હોય છે. યુવરાજ અને મંત્રીની ઉપમાને વરેલા એવા શ્રી ઉપાધ્યાય ભગવંતો ગચ્છ-સમુદાયની અભ્યંતર પર્ષદાને સ્વાધ્યાય-વિનય-વૈયાવચ્ચ આદિની શિક્ષા આપનારા હોય છે. **તેઓ ૨૫ ગુણોથી અલંકૃત હોય છે.**

(૧) શ્રી આચારાંગ સૂત્ર (૨) શ્રી સૂયગડાંગ સૂત્ર (૩) શ્રી ઠાણાંગ સૂત્ર (૪) શ્રી સમવાયાંગ સૂત્ર (૫) શ્રી ભગવતી સૂત્ર (૬) શ્રી જ્ઞાતા-ધર્મકથા સૂત્ર (૭) શ્રી ઉપાસક દશાંગસૂત્ર (૮) અન્તઃકૃત દશાંગ સૂત્ર (૯) શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર (૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૧૧) શ્રી વિપાક સૂત્ર..., એ અગ્યાર અંગ અને (૧) શ્રી ઉવવાઈ સૂત્ર (૨) શ્રી રાયપસેણી સૂત્ર (૩) શ્રી જીવાભિગમસૂત્ર (૪) શ્રી પન્નવણા સૂત્ર (૫) શ્રી જંબૂદ્વીપપન્નત્તિ સૂત્ર (૬) શ્રી ચંદપન્નત્તિ સૂત્ર (૭) શ્રી સૂરપન્નત્તિ સૂત્ર (૮) શ્રી કપ્પિયા સૂત્ર (૯) શ્રી કપ્પવડિંસયા સૂત્ર (૧૦) શ્રી પુપ્ફિયા સૂત્ર (૧૧) શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર અને (૧૨) શ્રી વહ્નિદશાંગ સૂત્ર એ બાર ઉપાંગને ભણે અને ભણાવે, તેથી ૨૩ ગુણ થયા, (૨૪) ચરણસિત્તરિ અને (૨૫) કરણસિત્તરિને પાળે, એમ કુલ ૨૫ ગુણો થયા.


## શ્રી સાધુ ભગવંતોનું સ્વરૂપ

જેઓ મોક્ષ મેળવવા માટે સતત સાધના કરે અને બીજા જીવોને મોક્ષમાં જવા માટે સહાય કરે, તેઓ સાધુભગવંત કહેવાય છે. **તેઓ ૨૭ ગુણોથી અલંકૃત હોય છે.**

(૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત (૨) સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત (૩) સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત (૪) સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત (૫) સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત (૬) સર્વથા રાત્રિભોજન વિરમણ વ્રત (૭ થી ૧૨) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની રક્ષા કરે (૧૩ થી ૧૭) પાંચ ઈન્દ્રિયના વિષયોનો નિગ્રહ કરે (૧૮) લોભનો નિગ્રહ કરે (૧૯) ક્ષમાને ધારણ કરે (૨૦) ચિત્તની નિર્મળતા રાખે (૨૧) વિશુદ્ધ રીતે વસ્ત્રની પડિલેહણા કરે (૨૨) સંયમયોગમાં પ્રવૃત્ત રહે એટલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરે. (નિદ્રા-વિકથા અને અવિવેકનો ત્યાગ કરે.) (૨૩) અકુશળ મનનો સંરોધ એટલે અવળા માર્ગે જતાં મનને રોકે (૨૪) અકુશળ વચનને સંરોધે (૨૫) અકુશળ કાયાને સંરોધે (૨૬) શીત-ઊષ્ણાદિ ૨૨ પરિષહને સમભાવે સહન કરે અને (૨૭) મરણાદિ ઉપસર્ગ ને પણ સમભાવે સહે = એમ કુલ ૨૭ ગુણો થયા.

સતત મોક્ષમાર્ગની સાધના કરતાં અનેકવિધ કષ્ટોને સહન કરતા હોવાથી, તેઓનો વર્ણ કાળો હોય છે. પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોનો સંયમથી પવિત્ર દેહ મેલ-પસીના આદિના કારણે મલીન દેખાય, ત્યારે દુર્ગંછા (અરૂચિ) કરવાથી વિચિકિત્સા અતિચાર લાગે અને તેઓનું બહુમાન-અનુમોદન કરવાથી નિર્વિચિકિત્સા આચારનું પાલન થાય છે.

**આ પ્રમાણે શ્રી અરિહંત ભગવંતના ૧૨, શ્રી સિદ્ધ ભગવંતના ૮, શ્રી આચાર્ય ભગવંતના ૩૬, શ્રી ઉપાધ્યાય ભગવંતના ૨૫ અને શ્રી સાધુ ભગવંતના ૨૭ ગુણોનો સરવાળો કરીએ, તો પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણ થાય છે.**





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નમસ્કાર મહામંત્ર ભણવા અને ગણવાની પાત્રતા અંગે સ્પષ્ટીકરણ

શ્રી મહાનિશીથસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ‘શ્રાવકોએ ઉપધાનતપ વિના શ્રી નમસ્કાર મહામંત્ર ભણવું અને ગણવું નિષેધ(મનાઈ ) છે’ શ્રી ઉપધાનતપનું પ્રથમ અઢારીયુ (અઢાર દિવસના પૌષધ) કરવાથી શ્રી નમસ્કાર મહામંત્ર ભણવા અને ગણવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પરન્તુ ઘણી નાની ઉમંરના બાળકો શ્રી ઉપધાનતપ કરવા અસમર્થ હોય ત્યારે બાળકોને ૧૨ ૧/૨ ઉપવાસ જેટલો તપ નવકારશી પચ્ચક્ખાણ દ્વારા પૂર્ણ કરાવવો જોઈએ. શાસ્ત્રીય વિધિ મુજબ ૪૮ નવકારશી = ૧ ઉપવાસ; ૬૦૦ દિવસ સુધી નવકારશી = ૧૨ ૧/૨ ઉપવાસ જેટલો તપ થાય છે. તપ પૂર્ણ થાય ત્યારે પૂ. ગુરૂભગવંત પાસે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરાવવું જોઈએ. શક્તિ પ્રાપ્ત થતાં જ ઉપધાન તપ કરી લેવું જોઈએ.બાળકો સિવાય અન્ય ભવ્યાત્માઓ શક્તિના અભાવે અથવા સંયોગની અનુકૂળતાના અભાવે કદાચ હમણાં ઉપધાન કરવા સમર્થ ન હોય અને ભવિષ્યમાં (ટુંકા સમયમાં) શ્રી ઉપધાન તપ કરવા પૂર્ણ ભાવના સંપન્ન હોય, તેવા ભવ્યાત્માઓ આરાધનાથી વંચિત ન રહી જાય, તેવા શુભ આશયથી શ્રી નમસ્કાર મહામંત્ર ભણવા-અને ગણવાની અનુમતિ જિતાચારથી જૈનશાસનમાં અપાય છે.



## વિધિ પૂર્વક કરેલો મંત્રનો જાપ અવશ્ય ફળદાયી બને છે

### શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના ત્રણ પ્રકારે બતાવવામાં આવેલ છે

(૧) ઉત્કૃષ્ટ આરાધના (૨) મધ્યમ આરાધના અને (૩) જઘન્ય આરાધના

### (૧) ઉત્કૃષ્ટ આરાધના :

શ્રી ઉપધાન તપનું પ્રથમ અઢારીયુ આ પ્રમાણે કરાય છે. (અ) ૧૮ દિવસ અહોરાત્રિ પૌષધવ્રત સાથે અખંડ ઉપધાન તપ (બ) ૧૮૦૦ લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ અને ખમાસમણાં (ક) ૯ ઉપવાસ અને ૯ નીવી (એકાસણાં) (મૂળવિધિ પ્રમાણે - ૫ ઉપવાસ, પછી ૮ આયંબિલ અને ૩ ઉપવાસ)

### ઉપધાન તપની મહત્તા અને પવિત્રતા

કોઈપણ શ્રુતને ગ્રહણ કરવા માટે કરાતો વિશિષ્ટ તપ, તેને ઉપધાન કહેવામાં આવે છે. અર્થાત્ જેનાથી શ્રુતજ્ઞાનની પુષ્ટિ થાય, તે ઉપધાન. શ્રી ગુરુભગવંત સમીપે વિધિપૂર્વક તપશ્ચર્યા કરી શ્રી શ્રુત ગ્રહણ કરી ધારવામાં આવે, તે પણ ઉપધાન કહેવાય છે. ઉપધાન = વિશેષ પ્રકારનો તપ .

### પ્રથમ ઉપધાન (માળારોપણ વાળા)માં કરાતી આરાધનાની ટુંકી નોધ

• ૧ લાખ શ્રી નવકાર મંત્રનો જાપ • ૭ હજાર લોગસ્સનો કાઉસ્સગ્ગ • દોઢેક હજાર વાર શ્રીનમુત્થુણં (શક્રસ્તવ)નો પાઠ • ૪૭ દિવસ સુધી અહોરાત્ર પૌષધની આરાધના • હજારો ખમાસમણાં.... • ૨૧ ઉપવાસ, ૧૦ આયંબિલ અને ૧૬ નીવિ....

### (૨) મધ્યમ આરાધના વિધિ

- શુભ દિવસે શ્રી નવકાર મંત્રનો જાપ શરૂ કરવો.
- તેમાં ૧૮ દિવસ સુધી સળંગ ખીરનાં એકાસણાં અથવા ૧૮ આયંબિલ કરવાં.
- તે દિવસો દરમિયાન એક શ્રી નવકાર મંત્ર ગણી એક સફેદ ફૂલ પ્રભુજીને ચઢાવવા પૂર્વક દરરોજના ૫,૦૦૦ (પાંચ હજાર) શ્રી નવકાર મંત્રનો જાપ કરવો.
- ૧૮ દિવસ દરમિયાન એક લાખ શ્રી નવકારમંત્રનો જાપ પૂર્ણ કરવો.

### (૩) જઘન્ય આરાધના

• ૯ દિવસ ખીરનાં એકાસણાં કરવા પૂર્વક દરરોજ બે હજાર શ્રી નવકાર મંત્રનો જાપ કરવો. • તે દિવસો દરમ્યાન સતત પરમાત્મધ્યાનમય બનવું.

### શ્રી ગુરૂભગવંતના શ્રીમુખે શ્રી નવકાર મંત્ર ગ્રહણ કરવાની વિધિ

• પૂ. ગુરુભગવંત પાસે અગાઉથી શુભ મુહૂર્ત જાણવું. • ગૃહાંગણે પ્રભુજીની પ્રતિકૃતિ સન્મુખ ધૂપ અને શુદ્ધ ઘીનો દીવો પ્રગટાવવો. • શુભ સ્થળને આસોપાલવ આદિથી યથાશક્તિ શણગારવું. • તે દિવસે ઉપવાસ આયંબિલ અથવા એકાસણુ કરવું. • જિનાલયમાં પ્રભુજીનું ચૈત્યવંદન કરવું. • વાજતે-ગાજતે શ્રી ગુરુભગવંત પાસે જવું. • પૂ. ગુરુભગવંતને ગુરૂવંદન કરી માંગલિક સાંભળવા પૂર્વક પ્રાર્થના કરવી કે.. “હે પરમોપકારી ગુરૂભગવંત ! હું આપ પૂજ્યશ્રીને ભાવપૂર્વક વંદના કરું છુ.મારી ઉપર કૃપા કરી મને શ્રી નવકાર મંત્ર પ્રદાન કરો...” • પૂ. ગુરૂભગવંતે સાધકના કાનમાં ૬૮ અક્ષરવાળો શ્રી નવકાર મંત્ર સંભળાવવો. • ફરીવાર પૂ. ગુરુભગવંતને ભાવપૂર્વક વંદના કરી, કૃતજ્ઞતા વ્યક્ત કરી, જાપ કરવાની અનુમતિ માંગવી. • પૂ. ગુરુભગવંતના અગણિત ઉપકારોની સ્તવના કરવી.

### શ્રી નમસ્કાર મહામંત્રનો નિયમિત જાપ ક્યાં, ક્યારે અને કેવી રીતે કરવો

• જાપની જગ્યા નિયત અને પવિત્ર હોવી જોઈએ. • તીર્થંકર ભગવાનનું કલ્યાણક જે સ્થળે થયું હોય ત્યાં અને જ્યાં સ્થિરતા કરી હોય તે (શુભ પરમાણુમય) ક્ષેત્રમાં કરવો. • તીર્થ સ્થાનોમાં • પવિત્ર-શાંત-એકાંત જગ્યાએ • અશોકવૃક્ષ-શાલવૃક્ષ આદિ ઉત્તમવૃક્ષ નીચે. • નદી કિનારે. • વહેલી સવારે બ્રહ્મમુહૂર્તે સૂર્યોદય પહેલાં ૪ ઘડી (૧ કલાક ૩૬ મિનિટ) પૂર્વે જાગૃત થઈ જાપ કરવો ઉત્તમ છે.



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પૂજ્યપાદ પાદલિપ્તસૂરિજી મહારાજાએ જાપના મુખ્ય ત્રણ પ્રકાર બતાવ્યા છે.

**(૧) માનસ જાપ :** સહજ ભાવે હોઠ બંધ રાખી, દાંત એક બીજાને ન સ્પર્શે તેમ રાખી, માત્ર પોતે જ જાણી શકે તેમ'મન'ની અંદર જાપ કરવો તે. ઉત્તમકાર્ય અને શાંતિ માટે ઉપયોગી જાપ કહેવાય છે અને શ્રેષ્ઠ પણ છે.

**(૨) ઉપાંશુ જાપ :** હોઠનો ફફળાટ વ્યવસ્થિત રાખવા સાથે બીજાને ન સંભળાય તેમ મૌનપૂર્વક મનમાં જાપ કરવો તે. મધ્યમકક્ષાના કાર્ય માટે ઉપયોગી અને મધ્યમજાપ કહેવાય છે.

**(૩) ભાષ્ય જાપ :** તાલબદ્ધ, શુદ્ધ ઉચ્ચાર સાથે, બીજા સાંભળી શકે, તે રીતે બોલીને જાપ કરવો તે. પોતાના કાર્ય માટે ઉપયોગી જાપ કહેવાય છે.

## જાપ કરવાની અન્ય ત્રણ રીતો

**(૧) પૂર્વાનુપૂર્વી :** ક્રમ પ્રમાણે પદ ગણવાં. દા.ત. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં ઈત્યાદિ...

**(૨) પશ્ચાનુપૂર્વી :** ઉલટા ક્રમથી ગણવું અર્થાત્ ઉત્ક્રમથી ગણવું. તે બે પ્રકારે ગણાય છે.

**(૧) પદના ઉત્ક્રમથી** *અને* **૨. અક્ષરના ઉત્ક્રમથી.**

**દા.ત. (૧) પદનો ઉત્ક્રમ**-પઢમં હવઈ મંગલં, મંગલાણં ચ સવ્વેસિં... ઈત્યાદિ

**(૨) અક્ષરનો ઉત્ક્રમ**-લંગમં ઈવહ મંઢપ...સિંવ્વેસ ચ ણંલાગમં... ઈત્યાદિ

**(૩) અનાનુપૂર્વી :** પદ્ધતિ વિશેષથી ગોઠવીને ગણાય તે. દા.ત. ૮ આંક હોય ત્યાં સવ્વપાવપ્પણાસણો, ૨ અંક હોય ત્યારે નમો સિદ્ધાણં

## જાપ કરવાની રીતના મુખ્ય ત્રણ પ્રકાર

**(૧) ધારણા જાપ :** હાથ કે માળાની સહાયતા વગર માનસિક સંકલ્પના પૂર્વક કરતો જાપ તે. દા.ત. ધ્યાનસ્થ મુદ્રામાં બેસીને પરમાત્માનું ધ્યાન કોઈપણ દ્રવ્યના સહાય વગર કરે તે.

નવપદાવર્ત જાપ



શંખાવર્ત જાપ



સાદો આવર્ત જાપ




જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્




નંદાવર્ત



ઓમ્કાર વર્ત



હ્રીં કાર આવર્ત



**(૨) કર જાપ :**
આંગળીના વેંઢામાં જુદાં-જુદાં આવર્તોના સહારે જાપ કરવો તે. ધારણાજાપ કરવાની અસમર્થતા હોય ત્યારે કર જાપ (કર=હાથ) કરી શકાય છે. તેમાં બન્ને હાથની આંગળીઓના વેંઢાના સહારે સંખ્યાનું પરિમાણ કરી જાપ કરાય તે. વેંઢાના સહારે બન્ને હાથના અંગૂઠાથી ગણવાનું વિધાન છે. તેમાં કહેલાં આવર્ત અનુસાર ગણવાથી શ્રેષ્ઠ ફળદાયક છે. જમણા હાથે ૧૨ અને ડાબા હાથે ૯ ની સંખ્યા હોય છે. ૯ વાર ૧૨ ની સંખ્યા ગણવાથી ૧૦૮ થાય છે.

આ આવર્ત નંદાવર્ત, શંખાવર્ત, ૐ કારાવર્ત, હ્રીં કારાવર્ત, શ્રીં કારાવર્ત, સિદ્ધાવર્ત, નવપદાવર્ત વગેરે અનેક પ્રકારના છે. આવર્તમાં અંગૂઠો ફેરવતાં અંગૂઠાનો નખ કોઈપણ વેઢામાં ન લાગે અને ૧ થી ૧૨ જમણા હાથે અને ૧-૯ ડાબા હાથે ક્રમશ ગણતાં અખંડ - સળંગ અંગૂઠો ફરવો જોઈએ. અંગૂઠો વચ્ચેથી ઉઠાવવો ન જોઈએ.

**સુચના : કર જાપ અનંતગણું ફળ આપે છે.**
**(આવર્તના ચિત્રોમાં ક્રમાંક મુજબ જાપ કરી શકાય)**


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **માળા જાપ :** શક્તિ મુજબ માળા ખરીદવી. સુત્તરની માળા સર્વથા યોગ્ય ગણાય છે. તે સિવાય રેશમની માળા, ચંદન, રુદ્રાક્ષ, અકલબેર, સ્ફટિક, પરવાળા આદિની માળા પણ શક્તિ મુજબ લઈ શકાય. શાંતિ અને શુભકાર્ય માટે સફેદ રંગની માળા લેવી.

**( જાપમાં ઉપયોગમાં લેતાં પહેલાં માળાને શ્રી ગુરુભગંત પાસે મંત્રાવવી જોઈએ )**



અંગૂઠો



તર્જની



મધ્યમા



અનામિકા



કનિષ્ઠિકા

જૈન સાઇટ
JAINSITE.com

## માળા ગણતી વખતે રાખવા યોગ્ય સાવધાની

- પોતાની અને પ્રતિષ્ઠા કરેલી (મંત્રેલી) માળા જ વાપરવી.
- સુખડ/સુતરની માળા વાપરવી.
- એક જ નિયત સમયે અને સ્થળે માળા ગણવી.
- પૂર્વ દિશા તરફ મુખ રહે, તે રીતે બેસીને જાપ કરવો.
- પૂર્વ દિશા ન મળે તો ઉત્તર દિશા તરફ મુખ રાખીને જાપ કરી શકાય.
- જાપમાં શુદ્ધ વસ્ત્ર (અખંડ) પહેરવાં, કટાસણું સફેદ ગરમઉનનું ચોરસ રાખવું.
- માળા ગણતી વખતે પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન અથવા પલાંઠી વાળીને સુખાસને બેસવું.
- માળા ગણતી વખતે કરોડરજ્જુ ટટ્ટાર અને સીધી રાખવાથી એકાગ્રતા વધતી હોય છે.
- માળા ગણતી વખતે એક મણકા ઉપર મંત્ર પૂર્ણ બોલાઈ ગયા પછી જ બીજા મણકાને અડવું જોઈએ.
- માળા ગણતી વખતે પ્રમાદવશ ઉંઘ આવવાથી માળા પડી જાય તો ફરીવાર પહેલેથી માળા ગણવી જોઈએ અને 'માળા પડી ગઈ' તેની આલોચના પૂ. ગુરુભગવંત પાસે લેવી જોઈએ.
- માળા ખોવાઈ જાય કે તુટી જાય કે અન્ય કાંઈ નુકસાન થાય તો તેની પણ આલોચના લેવી જોઈએ.
- માળા ગણતી વખતે મણકાને નખ ન અડવો જોઈએ.
- માળા હૃદયની નજીક, નાભિથી ઉપર અને નાસિકા (નાક)થી નીચે હોવી જોઈએ.
- માળા શરીરના અન્ય ભાગને અને વસ્ત્રોને ન અડવી જોઈએ.
- માળાની ઉપર એક મોટો મણકો હોય છે, તેને 'મેરૂ' કહેવાય છે.
- એક માળા પૂર્ણ થાય ત્યારે મેરુનું ઉલ્લંઘન ન કરવું એટલે.... 'માળા પૂર્ણ થતાં છેલ્લા મણકાથી બીજીવાર માળા ગણવાની શરુઆત કરવી.'
- માળા જમીન (ભોયમાં) કટાસણા – ચરવળા કે મુહપત્તિ ઉપર ન રાખવી જોઈએ.
- માળા ભૂલથી નીચે અડી કે પડી જાય તો પૂ. ગુરુભગવંત પાસે ફરી વાર મંત્રાવવી જોઈએ.
- જે માળા થી શ્રી વીતરાગ પરમાત્મા અને શ્રી સિદ્ધચક્રજીનો જાપ કરતાં હોઈએ, તે માળાથી શ્રી સરસ્વતી દેવી મંત્ર – વિદ્યામંત્ર – અધિષ્ઠાયકદેવ-દેવી મંત્ર આદિ ન ગણવો જોઈએ. કદાચ ગણાઈ જાય તો ફરીવાર પરમાત્માનો મંત્ર તે માળામાં ન ગણવો.
- જે માળાથી દેવ-દેવી આદિ મંત્રજાપ કરતાં હોઈએ, તે માળાથી પ્રભુજીનો જાપ ન કરવો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## વિવિધ પ્રકારની નવકારવાળી (માળા) થી થતા લાભ નું વર્ણન

- સુતરની નવકારવાળીનો જાપ સુખ આપે છે.
- ચાંદીની નવકારવાળીનો જાપ શાંતિ આપે છે.
- સોનાની નવકારવાળીનો જાપ સૌભાગ્ય આપે છે.
- મોતીની નવકારવાળીનો જાપ આરોગ્ય આપે છે.
- શંખની નવકારવાળીનો જાપ ૧૦૦ ગણો લાભ આપે છે.
- પ્રવાળની નવકારવાળીનો જાપ ૧૦૦૦ ગણો લાભ આપે છે.
- સ્ફટિકની નવકારવાળીનો જાપ ૧૦,૦૦૦ ગણો લાભ આપે છે.
- મોતીની નવકારવાળીનો જાપ ૧,૦૦,૦૦૦ ગણો લાભ આપે છે.
- સોનાની નવકારવાળીનો જાપ ૧૦ કરોડ ગણો લાભ આપે છે.
- ચંદનની નવકારવાળીનો જાપ ૧૦૦ કરોડ ગણો લાભ આપે છે.
- રત્નની નવકારવાળીનો જાપ ૧૨,૦૦૦ કરોડ ગણો લાભ આપે છે.
- પ્લાસ્ટીકની, લાકડાની નવકારવાળી ન વાપરવી, તે શૂન્ય ફળ આપે છે.
- કરજાપ અનંતગણું ફળ આપે છે.

## નવકારવાળી ના ૧૦૮ મણકા નું રહસ્ય

શ્રી પંચપરમેષ્ઠિ ના (૧૨+૮+૩૬+૨૫+૨૭=) ૧૦૮ ગુણ હોય છે. તે સમસ્ત ગુણો પ્રત્યે આદર, સત્કાર અને બહુમાન ભાવ ઉત્પન્ન કરવા માટે અને માળા (નવકારવાળી) ગણતી વખતે એક-એક ગુણોનું સ્મરણ કરી પોતાનામાં ઉતારવા પુરુષાર્થ કરવા માટે ૧૦૮ મણકા હોય છે.

આપણા મનમાં રહેલી પાપ કરવાની વૃત્તિ અને પાપકર્મની શક્તિનો નાશ કરવા માટે જૈન માત્રએ ઓછામાં ઓછી એક માળા ૧૦૮ નવકારમંત્રની ગણવી જોઈએ. તેમ કરવાથી આધિ વ્યાધિ-ઉપાધિ અને વિઘ્નોની હારમાળાનો નાશ થવા સાથે પરમશાન્તિ અને આનંદ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જૈન સાઇટ JAINSITE.com

## દિવસથી રાત સુધી આકાશમાં થતા રંગોના ફેરફારને અનુસારે કરાતો જાપ અક્ષરમાળા



૧) રાત્રે છેલ્લા પ્રહરે આકાશનો વર્ણ 'સફેદ' હોય ત્યારે **'નમો અરિહંતાણં'** નો જાપ કરવો.
૨) સવારે સૂર્યોદય વખતે આકાશનો વર્ણ 'લાલ' હોય ત્યારે **'નમો સિદ્ધાણં'** નો જાપ કરવો.
૩) બપોરે (મધ્યાહ્ન) આકાશનો વર્ણ 'પીળો' હોય ત્યારે **'નમો આયરિયાણં'** નો જાપ કવો.
૪) સૂર્યાસ્ત વખતે આકાશનો વર્ણ 'લીલો' હોય ત્યારે **'નમો ઉવજ્ઝાયાણં'** નો જાપ કરવો.
૫) મધ્યરાત્રિએ આકાશનો વર્ણ 'કાળો' હોય ત્યારે **'નમો લોએ સવ્વ સાહૂણં'** નો જાપ કરવો.

## ષડાવશ્યકમય શ્રી નમસ્કાર મહામંત્ર

(૧) **નમો** = સામાયિક આવશ્યક (નમ્ર-સમતા ભાવની પ્રાપ્તિ)

(૨) **અરિહંતાણં, સિદ્ધાણં** = ચતુર્વિંશતિસ્તવ આવશ્યક (૨૪ તીર્થંકરોનું નામસ્તવ)

(૩) **આયરિયાણં, ઉવજ્ઝાયાણં, લોએ સવ્વ સાહૂણં** = ગુરુ વંદન (વાંદણા) આવશ્યક (પૂ.ગુરુ ભ. ને વંદના)

(૪) **એસો પંચ નમુક્કારો, સવ્વ-પાવપ્પણાસણો** = પ્રતિક્રમણ આવશ્યક (પાપથી પાછળ હટવા સ્વરૂપ)

(૫) **મંગલાણં ચ સવ્વસિં** = કાયોત્સર્ગ આવશ્યક (કાઉસ્સગ્ગ પરમ મંગલ છે.)

(૬) **પઢમં હવઈ મંગલં** = પ્રત્યાખ્યાન આવશ્યક (સર્વશ્રેષ્ઠ મંગલ પ્રતિજ્ઞા છે.)

## પ્રથમ પદના સ્મરણથી નિર્વિકલ્પક દશાની પ્રાપ્તિનું વર્ણન

નમો અરિહંતાણ:- 'ન'- જમણા કાનના વિવરમાં; 'મો' - ડાબા કાનના વિવરમાં; 'અ' - જમણી આંખમાં; 'રિ' - ડાબી આંખમાં; 'હં' - જમણા નાક ના વિવરમાં; 'તા' - ડાબા કાનના વિવરમાં અને 'ણં' - મોઢામાં સ્થાપન કરીને ધ્યાન કરવાથી સંકલ્પ-વિકલ્પ દૂર થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચપરમેષ્ઠિની પ્રધાનતા જેમાં છે; એવી શ્રી નવપદજીની આરાધના આસો અને ચૈત્ર માસ દરમ્યાન ઓળી દ્વારા કરવી જોઈએ. શ્રી શાશ્વતી નવપદજીની ઓળીની વિધિ નીચે મુજબ જાણવી.

| ક્રમ | પદનું નામ | કાઉસ્સગ્ગ લોગસ્સમા | પ્રદક્ષિણા | ખમાસમણ | સ્વસ્તિક | વર્ણ અનુસાર ધાન્ય વર્ણન પદ | નવકારવાળી (૨૦) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી અરિહંત પદ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ચોખા | ૐ નમો અરિહંતાણં |
| ૨ | શ્રી સિદ્ધ પદ | ૮ | ૮ | ૮ | ૮ | ઘઉં | ૐ નમો સિદ્ધાણં |
| ૩ | શ્રી આચાર્ય પદ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ચણા | ૐ નમો આયરિયાણં |
| ૪ | શ્રી ઉપાધ્યાયપદ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | મગ | ૐ નમો ઉવજ્ઝાયાણં |
| ૫ | શ્રી સાધુ પદ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અડદ | ૐ નમો લોએ સવ્વસાહૂણં |
| ૬ | શ્રી દર્શન પદ | ૬૭ | ૬૭ | ૬૭ | ૬૭ | ચોખા | ૐ નમો દંસણસ્સ |
| ૭ | શ્રી જ્ઞાન પદ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ચોખા | ૐ નમો જ્ઞાનસ્સ |
| ૮ | શ્રી ચારિત્ર પદ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ચોખા | ૐ નમો ચારિત્તસ્સ |
| ૯ | શ્રી તપ પદ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ચોખા | ૐ નમો તવસ્સ |

શ્રી નવપદજીની આરાધના કરનાર યશ, કીર્તિ, ઋદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ પામે છે અને નવપદજીની આરાધનાનું અંતિમ અને સંપૂર્ણ ફળ પરમપદ=મોક્ષની પ્રાપ્તિ છે.

## ષટ્ચક્ર






## શ્રી નવકારમંત્રના ધ્યાનથી સાત ચક્રો પ્રગટ થાય છે.

આપણા શરીરમાં ૭૨,૦૦૦ નાડી હોય છે. તેનું ઉત્પત્તિ સ્થાન (મૂળ–કંદ) જનનેન્દ્રિયથી બે આંગળ નીચે હોય છે. મૂળ–કંદમાંથી ઈડા– પીંગળા–અને સુષુમ્ણા– નામની ત્રણ નાડિયો નિકળતી હોય છે, જે અગત્યની છે. તેમાં સુષુમ્ણા નાડી મૂળાધાર ચક્ર થી બ્રહ્મારંધ્રચક્ર સુધી લંબાયેલી છે. તે લાલ રંગની હોય છે અને તેમાં 'વજ' નામની નાડી હોય છે. વજ–નાડીમાં 'ચિત્રા' નામની બીજી નાડી હોય છે. વજનાડી તેજસ્વી અને ચિત્રા નાડી સાત્વિક હોય છે. તે ચિત્રા નાડીમાં એક (ખૂબ પતળી) નાડી હોય છે, તે બ્રહ્મનાડી કહેવાય છે. કુંડલીની જાગ્રત થાય ત્યારે બ્રહ્મનાડી મારફત મૂળાધાર થી સહસ્રાર તરફ આગળ વધે છે. આ બ્રહ્મનાડીમાં સાત ચક્ર ((૧) મૂળાધાર, (૨) સ્વાધિષ્ઠાન, (૩) મણીપુર,(૪) અનાહત, (૫) વિશુદ્ધ, (૬) આજ્ઞા અને (૭) સહસ્રાર ચક્ર) હોય છે. શ્રી નવકાર મંત્રના ઉચ્ચાર સાથે ૭૨,૦૦૦ નાડીમાં ચૈતન્ય શક્તિનો સંચાર થાય છે. શ્રી નવકારમંત્રથી અંતઃકરણ ઉપર અસર થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચક્રોનું ચતુર્વિધ ધ્યાન સ્તોત્રથી કમલના પાંદડાનું ધ્યાન




गुदलिङ्गमध्ये आधारचक्रं प्रथमम् ।

**(૧) મૂળાધાર ચક્ર (ગુદા અને લિંગના મધ્યમાં આ ચક્રનું સ્થાન હોય છે.) :**
ચાર પાંદડાંવાળુ કમલ હોય છે. તે **'નમઃ સિદ્ધમ્'** આ ચાર અક્ષરોથી સમૃદ્ધ હોય છે. કર્ણિકામાં પ્રણવ (ૐ કાર), જે પંચ પરમેષ્ઠિના પાંચવર્ણથી યુક્ત છે. તેનું ધ્યાન સુખ આપનાર હોય છે. (પંચ પરમેષ્ઠિના પ્રથમ અક્ષરથી ૐકાર – અ + અ (અશરીરી) + આ + ઉ + મ (મુનિ) = ૐ થાય છે.)




लिङ्गमूले स्वाधिष्ठानचक्रं द्वितीयम् ।

**(૨) સ્વાધિષ્ઠાન ચક્ર (લિંગના મૂળમાં આ ચક્રનું સ્થાન) :**
છ ખૂણાની આકૃતિવાળો હોય છે.તે આકૃતિના મધ્યથી લઈને પ્રદક્ષિણામાં એટલે ક્રમશ : **'નમો અરિહંતાણં'** આ સાત અક્ષરનો મહામંત્ર છે. તેનું ધ્યાન દુઃખનું હરણ કરે છે.





नाभौ मणिपूरचक्रं तृतीयम् ।

**(૩) મણિપુર ચક્ર (નાભિપ્રદેશ પર આ ચક્રનું સ્થાન) :**
આઠ પાંખડીવાળું હોય છે. તેમાં મધ્ય સ્થાને અને મૂળ દિશાઓમાં પંચ-પરમેષ્ઠિ અને વિદિશામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનું ધ્યાન કરવું જોઈએ.



जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્




हृदये अनाहतचक्रं चतुर्थम् ।

**(૪) અનાહત ચક્ર (હૃદયના મધ્યભાગ પર ચક્રનું સ્થાન) :**
સોળ પાંદડાંવાળુ કમલ હોય છે. તેમાં સોળ અક્ષરવાળી મહાવિદ્યા હોય છે. અને સોળ પાંદડાં સોળ સ્વરથી સૂચિત સોળ વિદ્યાદેવીઓથી યુક્ત છે. તેની કર્ણિકામાં **'શ્રી ગૌતમસ્વામિને નમઃ** મંત્ર છે. તેને નમસ્કાર કરવો જોઈએ.'





कण्ठे विशुद्धिचक्रं पञ्चमम् ।

**(૫) વિશુદ્ધ ચક્ર (ગળા પર આ ચક્રનું સ્થાન હોય છે.) :**
ચોવીશ પાંદડાવાળું કમલ હોય છે. તેમાં ચોવીશ તીર્થંકરો, તેમની માતાઓ, યક્ષ-યક્ષિણી રહેલા હોય છે. તેની કર્ણિકામાં જિનશક્તિ એટલે **'અર્હં નમઃ'** મંત્ર છે. તેનું ધ્યાન કરવું જોઈએ.




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




धण्टिकायां ललनाचक्रं षष्ठम् ॥


**(૬) લલના ચક્ર (સ્વર પેટી (ઘહિટકા) :**
બત્રીશ પાંદડાંવાળું કમલ હોય છે. તે બત્રીશ ઈન્દ્રોથી સમૃદ્ધ છે. અને 'હ' રહિત એટલે 'ક' થી 'સ' સુધીના બત્રીશ વ્યંજનથી યુક્ત છે. **'સરસ્વત્યૈ નમઃ'** મંત્રથી સિદ્ધ સરસ્વતીદેવી મને સુખ આપજો.




भ्रूमध्ये आज्ञाचक्रं सप्तमम् ।

**(૭) આજ્ઞા ચક્ર (બન્ને ભ્રમરની વચ્ચે ચક્રનું સ્થાન) :**
ત્રણ પાંદડાંવાળુ કમલ હોય છે. તે 'હ', 'લ' અને 'ક્ષ' થી યુક્ત છે અને **'ૐ નમઃ'** થી સંકલિત (હ્રીં કાર સ્વરૂપ) એકાક્ષરી મહાવિદ્યાથી યુક્ત છે. આ મહાવિદ્યા સમગ્ર સિદ્ધિને આપવા વાળી છે.

जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્





मस्तके सोमकलाचक्रं अष्टमम् ।

**(૮) સોમકલા ચક્ર (માથા પર આ ચક્રનું આ ચક્રનું સ્થાન) :**
જે અર્ધ ચન્દ્રાકારની આકૃતિ જેવું સોમકલા છે. તેમાં **"અ, સિ, આ, ઉ, સા, નમઃ"** મંત્રનું ચંદ્ર જેવા સફેદ વર્ણ પર ધ્યાન કરવાથી મોક્ષ પ્રાપ્તિમાં કારણભૂત બને છે.




ब्रह्मद्वारे ब्रह्मबिन्दुचक्रं नवमम् ।

**(૯) બ્રહ્મબિન્દુ ચક્ર (બ્રહ્મદ્વાર પર આ ચક્રનું સ્થાન હોય છે.) :**
આ બ્રહ્મનાડી (સુષુમ્ણાનાડી) થી સંયુક્ત છે. તેનું પ્રણવ (ૐ કાર)થી આપૂરિત ધ્યાન, ભવ્ય જીવોનું કલ્યાણ કરે છે.




ब्रह्मद्वारोपरि हंसनादचक्रं दशमम् ।

**(૧૦) હંસનાદ ચક્ર (બ્રહ્મદ્વારની ઉપર આ ચક્રનું સ્થાન હોય છે.) :**
**હંસ** (જીવ= આત્મા)નું અત્યન્ત શુદ્ધ સ્ફટિક જેવું, જે ગલિતમનવાળો એટલે ક્ષીણવૃત્તિવાળો યોગી પુરુષ ધ્યાન કરે છે, તે (યોગી પુરુષ) ને સમગ્ર સિદ્ધિઓ વશીભૂત થાય છે.

**આ ચતુર્વિધધ્યાન સ્તોત્રમાં રહેલા પરમેષ્ઠિમય સર્વશ્રેષ્ઠ તત્ત્વનું, જે આત્મા નિરંતર ધ્યાન કરે છે, તે પરમાનંદ (મોક્ષ) ને પામે છે.**


www.jainsite.com For Private & Personal Use Only www.jainsite.com

# ૨ 'શ્રી પંચિંદિય સૂત્ર'



| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી પંચિંદિય સૂત્ર |
| ગૌણ નામ | : | સુગુરુ સ્થાપના સૂત્ર |
| પદ | : | ૮ |
| ગાથા | : | ૨ |
| ગુરુ અક્ષર | : | ૧૦ |
| લઘુ અક્ષર | : | ૭૦ |
| સર્વ અક્ષર | : | ૮૦ |



**વિષય :**
૧૮ ગુણો દોષત્યાગ સ્વરૂપ અને ૧૮ ગુણો ગુણ-સ્વીકાર સ્વરૂપ = કુલ ૩૬ ગુણોનું વર્ણન.



'ગુરુ-સ્થાપના'કરતી વખતે ઉભડગપગે બેસીને કરવાની મુદ્રા.



'ગુરુ-સ્થાપના'કરતી વખતે પલાંઠીમાં બેસીને કરવાની મુદ્રા.



'ઉત્થાપન મુદ્રા' ઉભડગપગે કરવાની રીત.



'ઉત્થાપન મુદ્રા' પલાંઠીમાં બેસીને કરવાની રીત.

### ૧૮ ગુણો દોષ-ત્યાગ સ્વરૂપ છે. છંદનું નામ : ગીતિ; રાગ : જિણજમ્મસમયે મેરુસિહરે (સ્નાત્રપૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| પંચિંદિય- સંવરણો, | પઞ્(પન્)-ચિન્-દિય-સર્વં (સમ્)-વર-ણો, | પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર, |
| તહ નવવિહ-બંભચેર-ગુત્તિધરો । | તહ નવ-વિહ-બમ્-ભ-ચેર-ગુત્-તિ-ધરો । | તથા નવ પ્રકારના બ્રહ્મચર્યની-ગુપ્તિને કરનાર, |
| ચઉવિહ-કસાય-મુક્કો, | ચઉ-વિહ કસા-ય-મુક્-કો, | ચાર પ્રકારના કષાયથી મુક્ત, |
| ઇઅ અટ્ઠારસ-ગુણેહિં સંજુત્તો ॥૧॥ | ઇઅ અટ્-ઠા-રસ ગુણે-હિમ્ સઞ્(સન્)-જુત્-તો ॥૧॥ | આ અઢાર ગુણોથી સંયુક્ત.૧. |

**અર્થઃ** પાંચ ઇન્દ્રિયો (ના વિષયો) ને નિગ્રહ કરનાર, તથા રોકનાર તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, ચાર કષાયથી મુક્ત, એ અઢાર ગુણોથી સંયુક્ત ૧.

### ૧૮ ગુણો ગુણ-સ્વીકાર સ્વરૂપ છે. છંદનું નામ : ગાહા; રાગ : મચકુંદ-ચંપમાલઇ..... (સ્નાત્ર પૂજા)

| | | |
|---|---|---|
| પંચ-મહવ્વય-જુત્તો, | પઞ્ (પન્)-ચ મહવ્-વય જુત્-તો, | પાંચ મહાવ્રતથી યુક્ત, |
| પંચવિહાયાર-પાલણ-સમત્થો । | પઞ્ (પન્)-ચ-વિહા-યાર-પાલ-ણ-સમત્-થો । | પાંચ પ્રકારના આચારને પાલન કરવા માટે સમર્થ, |
| પંચ - સમિઓ તિ - ગુત્તો, | પઞ્ (પન્) - ચ-સમિ- ઓ -તિ-ગુત્-તો, | પાંચ સમિતિવાળા (અને) ત્રણ ગુપ્તિવાળા |
| છત્તીસ-ગુણો ગુરુ મજ્ઝ ॥૨॥ | છત્-તીસ-ગુણો ગુરુ-મજ્-ઝ ॥૨॥ | (એ) છત્રીશ ગુણવાળા (તે) ગુરુ મારા (છે.) ૨. |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| તહ નહવિય | તહ નવવિહ |
| પંચ મહાવય જુત્તો | પંચ મહવ્વય જુત્તો |
| પંચવિયાર પાલણ સમત્થો | પંચવિહાયાર પાલણ સમત્થો |
| છત્તીસ ગુરુ ગુરુ મજ્જ | છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ |

**અર્થ :** પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચારને પાલન કરવા માટે સમર્થ, પાંચ સમિતિવાળા અને ત્રણ ગુપ્તિવાળા, એ છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે. ૨.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# શ્રી આચાર્ય ભગવંતના ૩૬ ગુણોનું વર્ણન

પૂ. ગુરુદેવની નિશ્રામાં ધર્મક્રિયા કરીને સંસારસાગરને તરવાનો હોય છે. મન-વચન-કાયાના યોગોનું જેમના ચરણે સમર્પણ કરવાનું છે એ તારક પૂ. ગુરુદેવની ઓળખાણ સૌથી પહેલા કરવી જોઇએ. તેઓ ૩૬ ગુણોથી યુક્ત હોય છે. તેમાં......

**પાંચ ઈન્દ્રિયના વિષયોને વશમાં રાખનાર :**

- **પાંચ ઇન્દ્રિયો અને તેના વિષયો :**
  ચામડી, જીભ, નાક, આંખ અને કાન, તે પાંચ ઈન્દ્રિયો અને તેના વિષયો અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ હોય છે. **(૧) સ્પર્શ = ૮ =** ગુરુ, લઘુ, મૃદુ, કર્કશ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ • **(૨) રસ = ૫ =** તીખો, કડવો, ખાટો, મધુર, કષાય. **(૩) ગંધ = ૨ =** સુગંધ, દુર્ગંધ. • **(૪) વર્ણ = ૫ =** લાલ, પીળો, લીલો, સફેદ, કાળો • **(૫) શબ્દ = ૩ =** સચિત્ત, અચિત્ત, મિશ્ર, **એમ પાંચ ઇન્દ્રિયોના (૮+૫+૨+૫+૩) = ૨૩ વિષયો અનુકૂળ મળે તો રાગ ન કરે અને પ્રતિકૂળ મળે તો દ્વેષ ન કરે.**

- **બ્રહ્મચર્યની નવ વાડ :**
  ખેતરનું જેમ વાડથી રક્ષણ થાય તેમ બ્રહ્મચર્યનું આ નવ વાડોથી રક્ષણ થાય છે. (૧) સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે. (૨) સ્ત્રીકથા અને સ્ત્રીની સાથે રાગથી વાત ન કરે. (૩) સ્ત્રી બેઠી હોય તે આસને પુરુષ બે ઘડી બેસે નહિ અને પુરુષ બેઠો હોય તે આસને સ્ત્રી ત્રણ પ્રહર (લગભગ ૧૨ કલાક)સુધી બેસે નહિ. (૪) સ્ત્રીના અંગોપાંગ રાગપૂર્વક જુએ નહિ. (૫) એક ભીતના આંતરે સ્ત્રી-પુરુષનો આવાસ હોય ત્યાં ન રહે. (૬) અગાઉ ભોગવેલા વિષયાદિભોગોને સંભારે નહિ. (૭) સ્નિગ્ધ આહાર કરે નહિ. (૮) નીરસ એવો પણ અધિક આહાર કરે નહિ અને (૯) શરીરની શોભા ટાપટીપ કરે નહિ. **આ પ્રકારે નવ પ્રકારની બ્રહ્મચર્ય ગુપ્તિને ધારણ કરે છે.**

- **ચાર કષાયોથી મુક્ત :** કષ=સંસાર + આય=લાભ, = સંસારનો લાભ. તે ચાર પ્રકારે છે. (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



## પાંચ મહાવ્રતથી યુક્ત

(૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત, (૨) સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત, (૩) સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત, (૪) સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત અને (૫) સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત થી યુક્ત હોય.

## પાંચ પ્રકારના આચાર

૧. **જ્ઞાનાચાર :** જ્ઞાન ભણે, ભણાવે, લખે, લખાવે, ભણનારને સહાયક બને.

૨. **દર્શનાચાર :** શુદ્ધ સમ્યક્ત્વને પોતે પાળે, બીજા પાસે પળાવે અને સમ્યક્ત્વથી પડતાને સમજાવી સ્થિર કરે.

૩. **ચારિત્રાચાર :** પોતે શુદ્ધ ચારિત્ર પાળે, બીજા પાસે પળાવે, અને પાળનારને અનુમોદે.

૪. **તપાચાર :** છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારનો તપ પોતે કરે, કરાવે અને કરતાને અનુમોદન આપે.

૫. **વીર્યાચાર :** ધર્માનુષ્ઠાન (ધર્મક્રિયા) કરવામાં છતી શક્તિ ગોપવે નહિ તથા તમામ આચાર પાળવામાં વીર્યશક્તિ સંપૂર્ણ રીતે ફોરવે તે. આ પ્રમાણે પાંચ આચારના પાલનમાં સમર્થ હોય.

- **પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત :** ચારિત્ર ધર્મની રક્ષા માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપી આઠ પ્રવચન માતાને પાળે.

(૧) **ઇર્યાસમિતિ :** સાડા ત્રણ હાથ આગળ દૃષ્ટિ નીચે રાખીને ભૂમિને જોતાં ચાલવું.

(૨) **ભાષાસમિતિ :** હિતકારી, મિત, પ્રિયકારી નિરવદ્ય વચન બોલવું.

(૩) **આદાન-ભંડમત્ત-નિક્ષેપણા-સમિતિ :** વસ્ત્ર-પાત્ર, પાટ આદિ મુકતાં-લેતાં પૂંજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો.

(૪) **પારિષ્ઠા-પનિકા-સમિતિ :** મલ, મૂત્ર, શ્લેષ્મ, કફ આદિ ત્યાગ કરવા યોગ્ય પદાર્થો જીવ ન હોય, તેવી ભૂમિએ પરઠવવાં.

- **ત્રણ ગુપ્તિ :**

(૧) **મનગુપ્તિ :**
મનમાં આર્ત્ત, રૌદ્ર, ધ્યાન ધ્યાવવાં નહિ.

(૨) **વચનગુપ્તિ :**
નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવું નહિ.

(૩) **કાયગુપ્તિ :**
શરીર અણપડિલેહ્યું હલાવવું નહિ.

આ પ્રમાણે **પાંચ** ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર, **નવ** પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, **ચાર** પ્રકારના કષાયથી મુક્ત, **પાંચ** પ્રકારના મહાવ્રતથી યુક્ત, **પાંચ** પ્રકારના આચારને પાલન કરવા માટે સમર્થ, પાંચ સમિતિનું પાલન કરનાર અને ત્રણ ગુપ્તિનું પાલન કરનાર (૫ + ૯ + ૪ + ૫ + ૫ + ૫ + ૩ = ) **એવા ૩૬ ગુણોથી યુક્ત મારા પૂ. ગુરુભગવંત હોય.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## સ્થાપનાનું મહત્વ

ગુણની પ્રાપ્તિ માટે કરાતું કોઈપણ અનુષ્ઠાન ગુણવાન ગુરુભગવંતની સન્મુખ રહીને કરવું જોઈએ. કેમકે ગુરુભગવંતની હાજરીમાં ધર્મક્રિયા કરવાથી પ્રમાદ (= આળસ) ન નડે, ભૂલમાંથી બચી જવાય અને પુણ્યપ્રભાવ સંપન્ન ગુરુભગવંતની હાજરીમાં આનંદ અને વીર્યોલ્લાસની પણ વૃદ્ધિ થાય આથી તમામ ધર્મક્રિયા, શક્ય હોય તો ગુરુભગવંતોની નિશ્રામાં કરવી જોઈએ. જ્યારે સદ્‌ગુરુભગવંતની હાજરી ન હોય, ત્યારે આ સ્થાપનાસૂત્ર બોલી, તેના એક-એક પદની વિચારણા દ્વારા ગુણવાન્ ગુરુભગવંતને નજર સમક્ષ લાવી, ગુરુસ્થાપના કરવી જોઈએ. આ રીતે સ્થાપના કરવાથી આપણે ગુરુભગવંતની નિશ્રામાં છીએ, એવો અનુભવ કરી શકાય.

## સ્થાપનાથી થતા લાભોનું વર્ણન

પૂજ્યપાદ શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણે શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં જણાવ્યું છે કે "જ્યારે સાક્ષાત્ ગુણવંત ગુરુભગવંતનો વિરહ હોય ત્યારે ગુરુભગવંતની ઉપસ્થિતિનો સાક્ષાત્ અનુભવ કરવા ગુરુસ્થાપના કરવી જોઈએ. જેમ જિનેશ્વરના વિરહમાં તેમની પ્રતિમાનું સેવન અને આમંત્રણ સફળ થાય છે, તેમ ગુરુભગવંતના વિરહમાં ગુરુભગવંતની સ્થાપના સન્મુખ કરેલો વિનય અને ક્રિયા માટેનું આમંત્રણ આત્મા માટે હિતકર થાય છે."

પૂજ્યપાદ શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજાએ શ્રી ગુરુવંદન ભાષ્યમાં જણાવ્યું છે કે (ધર્માનુષ્ઠાન કરતાં) સાક્ષાત્ ગુરુભગવંત વિદ્યમાન ન હોય, તો ગુરુભગવંતના ગુણોથી જે યુક્ત હોય, તેને ગુરુભગવંત તરીકે સ્થાપવા અથવા તેના સ્થાને અક્ષાદિ કે જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણો સ્થાપવાં.

"ગુરુભગવંતના સાન્નિધ્યમાં હું છું", તેવો ભાવ આ સૂત્ર બોલતાં થાય, તો ઉચિત વિનયપૂર્વક બેસી, અવિનય-આશાતનાને ટાળી, ધર્માનુષ્ઠાન થાય અને ભાવોની વૃદ્ધિ પામવા સાથે ક્રિયા મહાન ફળદાયી બને. પરંતુ જેઓ આ સૂત્ર બોલી જાય પણ સૂત્ર દ્વારા આવા ગુરુભગવંતને ઉપસ્થિત કરી શકતા નથી, તેવા જીવોની ક્રિયા માત્ર દ્રવ્યક્રિયા કહેવાય છે. કેમકે સૂત્રથી થનાર ભાવ નહિ થવાના કારણે ભાવગુરુભગવંતની સ્મૃતિ તેમને થતી નથી અને તે કારણે ગુરુભગવંત પ્રત્યે વિનય-બહુમાન કે ક્રિયામાં કોઈ ભાવ આવી શકતો નથી, માટે જ **'આ સૂત્ર દ્વારા ભાવ ગુરુભગવંતને સ્મૃતિમાં લાવવા ખાસ મહેનત કરવી જોઈએ.'**

**સ્થાપનાજી સ્થાપવાની મુદ્રાને 'આહ્‌વાન (સ્થાપના) મુદ્રા' કહેવાય છે. સ્થાપનાજી ઉત્થાપવાની મુદ્રાને 'ઉત્થાપન મુદ્રા' કહેવાય છે.**

JAINSITE
જૈન સાઈટ
.com

## સ્થાપનાના બે પ્રકાર કહેવાય છે.

ચૌદ પૂર્વધર - શ્રી શ્રુતકેવલી - કલ્પસૂત્ર જૈનાગમના રચયિતા પૂજ્યપાદ શ્રી ભદ્રબાહુસ્વામીજી મહારાજાએ નવમા પૂર્વમાંથી 'સ્થાપના-કલ્પ' ઉદ્ધૃત કરીને સ્થાપના બે પ્રકારે કહેલ છે. તે આ પ્રમાણે :

(૧) **ઈત્વરકથિત સ્થાપનાઃ અલ્પસમય માટેની સ્થાપના.** આપણા ગુરુભગવંતો જે સ્થાપનાચાર્યજી રાખે છે, તેમાં શ્રી આચાર્ય આદિ પંચપરમેષ્ઠિભગવંતની સ્થાપના કરેલી હોય છે. તે જો હોય તો બીજી કોઈ સ્થાપના સ્થાપવાની જરૂર રહેતી નથી. તેમની સામે બધી ક્રિયા કરી શકાય પણ જો ગુરુભગવંતના સ્થાપનાચાર્યજી ન હોય તો ક્રિયા કરવા માટે શ્રી નવકારમંત્ર + શ્રી પંચિંદિય સૂત્ર વાળુ પુસ્તક, તે ન હોય તો કોઈ અન્ય ધાર્મિક પુસ્તક અથવા નવકારવાળી અથવા ચરવળા જેવી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણો પોતાની સામે રાખીને અલ્પસમય માટે જે સ્થાપના કરવામાં આવે છે, તેને **ઈત્વરકથિત સ્થાપના કહેવામાં આવે છે. (પ્લાસ્ટીક, લોઢું આદિ જઘન્ય દ્રવ્યની સ્થાપના યોગ્ય ન કહેવાય.)**

(૨) **યાવત્કથિત સ્થાપનાઃ ગુરુપ્રતિમા કે અક્ષાદિની સ્થાપનાને યાવત્કથિત સ્થાપના કહેવાય છે.** અક્ષ, વરાટક, ચંદન પ્રમુખ કાષ્ટમાં આલેખાયેલા ચિત્રમાં **(૧) સદ્‌ભાવ** અને **(૨) અસદ્‌ભાવ** ગુરુભગવંતની સ્થાપના ચિરકાળ=લાંબાકાળ સુધી કરવામાં આવે છે. તેમાં દક્ષિણાવર્ત આદિ વિશિષ્ટ લક્ષણવાળા અક્ષ-વરાટક વિશેષ ફળદાયી કહેવાય છે. (૧) **સદ્‌ભાવ** = ગુરુભગવંતની પ્રતિમા-પ્રતિકૃતિ (ફોટો) ની આબેહૂબ સ્થાપના. **(૨) અસદ્‌ભાવ** = અક્ષ, વરાટક, પુસ્તક આદિમાં અતદાકાર (આકૃતિ રહિત) સ્થાપના.

- **અક્ષ** = ગોળ શંખાકૃતિ, (હાલ તે મોટેભાગે સ્થાપનાચાર્યજી તરીકે વાપરવામાં આવે છે.)
- **વરાટક** = ત્રણ લીટીવાળા કોડા, (તેની સ્થાપના હાલમાં લગભગ જોવામાં આવતી નથી.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સ્થાપનાજી સ્થાપવાની વિધિ

(૧) ઈત્વરકથિત સ્થાપના સ્થાપવાની વિધિ : સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણોને બાજોઠ ઉપર પધરાવીને (નાભિથી ઉપર અને નાકથી નીચે રહે તેમ) ગુરુભગવંતના ૩૬ ગુણોની સ્થાપના કરતા હોઈએ, તે રીતે તેની સન્મુખ જમણો હાથ અવળો (સર્પાકારે) સ્થાપના મુદ્રામાં રાખવો અને ડાબા હાથે મુહપત્તિ મુખ આગળ રાખીને મંગલ માટે શ્રી નવકારમંત્ર બોલીને શ્રી પંચિંદિયસૂત્ર બોલવું.

( સામાયિક - પ્રતિક્રમણ વગેરેની ક્રિયા સ્થાપનાચાર્યજી સામે કરતી વખતે વચ્ચે-વચ્ચે પવનના કારણે કે નાના બાળકના કારણે સ્થાપનાચાર્યજી હલી જાય અથવા કોઈ ભૂલથી હલાવી નાંખે, તો ફરીવાર ઉપરોક્ત શ્રી નવકારમંત્ર + શ્રી પંચિંદિયસૂત્ર વડે સ્થાપના કરવી. સ્થાપનાચાર્યજી હલી ગયા, તેની ગુરુભગવંત પાસે આલોચના લેવી.)

## સ્થાપનાજી ઉત્થાપવાની વિધિ

(૨) ઈત્વર કથિત સ્થાપના ઉત્થાપન વિધિ :- બધી ક્રિયા પૂર્ણ થયા બાદ જમણો હાથ સવળો રાખી ડાબા હાથે મુખ પાસે મુહપત્તિ રાખીને ઉત્થાપન મુદ્રામાં શ્રી નવકારમંત્ર ગણવો. આ ક્રિયા કર્યા પછી સ્થાપેલ વસ્તુને હલાવી શકાય.

## યાવત્કથિત સ્થાપનાચાર્યજીના પડિલેહણ ની વિધિ

ખમાસમણું (સત્તર સંડાસા પૂર્વક) દઈને ઈરિયાવહિયં પડિક્કમી ૧૩ બોલથી અક્ષનું પડિલેહણ કરવું.

### સ્થાપનાચાર્યજી પડિલેહણના ૧૩ બોલ



(૧) શુદ્ધસ્વરૂપના ધારક-ગુરુ (૨) જ્ઞાનમય (૩) દર્શનમય (૪) ચારિત્રમય (૫) શુદ્ધ-શ્રદ્ધામય (૬) શુદ્ધ-પ્રરૂપણામય (૭) શુદ્ધ-સ્પર્શનામય. (૮-૯-૧૦) પંચાચાર પાળે, પળાવે, અનુમોદે. (૧૧) મનગુપ્તિ (૧૨) વચનગુપ્તિ (૧૩) કાયગુપ્તિએ ગુપ્તા.



જૈન સાઈટ
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## પડિલેહણ કરવાનો ક્રમ

સવારના પડિલેહણમાં બે હાથ જોડીને વિનમ્ર ભાવ પ્રગટ કરીને સ્થાપનાચાર્યજીને ગ્રહણ કરીને સ્થાપનાચાર્યજીની જોળીને ૨૫ બોલથી પડિલેહવી. પછી જોળીથી ઠવણીની દાંડીને ૧૦ બોલથી પડિલેહણ કરી જોળીને ઠવણી પર મૂકવી. સ્થાપનાચાર્યજીને (મુહપત્તિ સહિત) પડિલેહણ કરેલ શુદ્ધ વસ્ત્ર (કંબલાદિ) પર મૂકવા. સ્થાપનાચાર્યજી ઉપર ઢાંકેલ પ્રથમ મુહપત્તિને ૨૫ બોલથી પડિલેહણ કરવી. તે મુહપત્તિને જમણા હાથે આંગળીઓના આંતરે પકડીને એક-એક અક્ષ ને (સ્થાપનાચાર્યજી) ૧૩-૧૩ બોલથી પડિલેહણ કરી શુદ્ધ વસ્ત્ર ઉપર ક્રમશ: ગોળાકારે સ્થાપન કરવા. પછી સ્થાપનાચાર્યજી મૂકવાની પાટલીને ૧૦ બોલથી પડિલેહણ કરવી. પડિલેહણ કરેલ પાટલી ઉપર અનુક્રમ પ્રમાણે અક્ષો (સ્થાપનાચાર્યજી) ને મૂકવા અને તેની ઉપર પડિલેહણ કરેલ પ્રથમ મુહપત્તિ ઢાંકવી. પછી ક્રમશ: બે મુહપત્તિ અને નીચે રહેલ ખુલ્લા બે રુમાલોને ૨૫-૨૫ બોલથી પડિલેહણ કરવું. પડિલેહણ થયેલ સર્વ મુહપત્તિ આદિને ક્રમશ: મૂકીને સ્થાપનાચાર્યજીને વ્યવસ્થિત મૂકવા અને જોળી બાંધીને ઠવણી ઉપર સ્થાપન કરવા. બપોરના પડિલેહણ વખતે જોળી-ઠવણી અને બે રુમાલ - ત્રણ મુહપત્તિનું પડિલેહણ કર્યા પછી સ્થાપનાચાર્યજી (અક્ષો) ની ક્રમશ: પડિલેહણા કર્યા પછી પાટલીનું પડિલેહણ કરવું. પછી પાટલી પર અક્ષો (સ્થાપનાચાર્યજી) ની સ્થાપના કરી મુહપત્તિથી ઢાંકી બાંધીને બે હાથે બહુમાન ભાવપૂર્વક ઠવણી પર મૂકવા.

(મુહપત્તિ-રુમાલ-જોળી = ૨૫ બોલથી, ઠવણી-પાટલી = ૧૦ બોલથી અને સ્થાપનાચાર્યજી (અક્ષો)નું = ૧૩ બોલીથી પડિલેહણ અક્ષનું કરવું.) (ઠવણી ઉત્તમદ્રવ્ય (સુખડ આદિ) ની હોવી જરૂરી છે)

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંત ઉભય ટંક સ્થાપનાચાર્યજીની પડિલેહણા કરે અને પૌષાર્થી શ્રાવક-શ્રાવિકા પણ ઉભય ટંક સ્થાપનાચાર્યજી ની પડિલેહણા કરે. પરંતુ પૌષધવ્રત સિવાયના શ્રાવક-શ્રાવિકાએ એક વખત સ્થાપનાચાર્યજીની પડિલેહણા કરવી. સ્થાપનાચાર્યજીની જરૂર ન હોય ત્યારે ચતુર્વિધ શ્રી સંઘે (સાધુ-સાધ્વીજી-શ્રાવક-શ્રાવિકા) તે સ્થાપનાચાર્યજી સંપૂર્ણપણે ઢંકાઈ જાય તેટલું વાસચૂર્ણ (વાસક્ષેપ) ઉપર-નીચે નાખીને સુયોગ્ય સાધનમાં મૂકી રાખવા.

સ્થાપનાચાર્યજી સાડા ત્રણ હાથ દૂર રાખવા, તેમને પૂંઠ ન પડે તેની કાળજી રાખવી, ક્રિયા કરતી વખતે સ્થાપનાચાર્ય ઉંબરાની અંદર હોય તો અંદર જઈને ક્રિયા કરવી. સ્થાપનાચાર્યજીનું બહુમાન જાળવવા માટે વિના કારણે વારંવાર એક સ્થાનેથી બીજા સ્થાને મૂકવા નહી. સ્થાપનાચાર્યજી સ્થાપતાં પહેલાં "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી સુધર્માસ્વામી સ્થાપનાજી સ્થાપું ?" આદેશ માંગવાની જરૂર નથી. કારણ કે સ્થાપનાચાર્યજી સ્થાપ્યા પહેલાં તેમની આગળ આદેશ કેવી રીતે મંગાય ?. ખુરશી આદિ પર કારણસર બેસનારે પણ સ્થાપનાચાર્યજી નાભિ ઉપર રહે, તેમ રાખવા.



www.jainelibrary.org For Private & Personal Use Only www.jainsite.com

# ખમાસમણ આપતી વખતે કરવા યોગ્ય સત્તર સંડાસા (પ્રમાર્જના)

૧



'ઈચ્છામિ ખમાસમણો '
બોલતી વખત ની મુદ્રા

૨



'વંદિઉં'બોલતી
વખત ની મુદ્રા

૩



ચરવળાની (છેડે રહેલ) ગરમ ઉણની
દશીથી પાછળના ભાગે ડાબી તરફ
થાપાથી પગની પાની સુધી પ્રમાર્જના કરવી.

૪



પાછળના ભાગે નજર કરતાં
મધ્ય સ્થાને થાપાથી નીચે
સુધી પ્રમાર્જના કરવી.

૫



પાછળના ભાગે જમણી
તરફ થાપાથી પાની
સુધી પ્રમાર્જના કરવી.

૬



આગળના ભાગે ડાબી તરફ
પગના મૂળીયાથી પગના પંજાના
છેડા સુધી પ્રમાર્જના કરવી.

૭



આગળના ભાગે મધ્યસ્થાને
ડુંટીથી નીચેથી બન્ને પગના
વચ્ચેની અંતિમ જગ્યા
સુધી પ્રમાર્જના કરવી.

૮



આગળના ભાગે જમણી
તરફ પગના મૂળીયાથી
પગના પંજાના છેડા
સુધી પ્રમાર્જના કરવી .

૯



ઢીંચણની સ્થાપના નીચે
કરવા માટે યોગ્ય અંતરે
ડાબેથી જમણે તેમ ત્રણ
વાર પ્રમાર્જના કરવી.

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ખમાસમણ આપતી વખતે કરવા યોગ્ય સત્તર સંડાસા (પ્રમાર્જના)

૧૦



ઢીંચણ સ્થાપનની જગ્યાએ પ્રમાર્જના કર્યા પછી (કોઈની પણ સહાયતા લીધા વગર) નીચે બેસવું.

૧૧



મુખના અડધા ભાગની ડાબી તરફ આઁખ-નાક-હોઠ-ગાળની પ્રમાર્જના કરતાં ખભાથી પંજા સુધી પ્રમાર્જના કરવી.

૧૨



ડાબા હાથની હથેળી સીધી પ્રમાર્જીને સહેજ હાથ ઉંચો કરી પાછળના ભાગે કોણી સુધી પ્રમાર્જના કરવી.

૧૩



ફોટા નં.-૧૧ અને ૧૨ની જેમ ડાબાના બદલે જમણે પ્રમાર્જના કરવી.

૧૪



ચરવળાને ખોળામાં મૂકીને મુહપત્તિથી મસ્તક સ્થાપવાની જગ્યાએ ડાબે થી જમણે, તેમ ત્રણ વાર ક્રમશઃ પ્રમાર્જના કરવી.

૧૫



બે હાથ- બે પગ અને માથું નીચે નમતી વખતે પાછળથી ઉંચા ન થવું જોઈએ.

૧૬



બે હાથ-બે પગ અને માથું = ૫ અંગ નીચે જમીન ને સ્પર્શે ત્યારે જ 'મત્થએણ વંદામિ' બોલવું.

૧૭



ઉભા થતી વેળાએ પહેલા પાછળ સહેજ નજર કરી ડાબેંથી જમણે, તેમ ત્રણવાર ક્રમશઃ પગના પંજા ને સ્થાપન કરવાની ભૂમિ પર પ્રમાર્જના કરવી.

૧૮



પાછળ પ્રમાર્જના કર્યા બાદ (કોઈનો પણ સહારો લીધા વગર) ઉભા થવું.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# ૩ 'શ્રી ખમાસમણ સૂત્ર'



'ખમાસમણ' આપતી વખતેની સ્પષ્ટ મુદ્રા.



'ખમાસમણ' આપતી વખતે પાછળ થી ઉંચા ન થવું જોઈએ, તે સ્પષ્ટ મુદ્રા.

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી ખમાસમણ સૂત્ર |
| ગૌણ નામ | : | પંચાંગ પ્રણિપાત સૂત્ર |
| પદ | : | ૨ |
| સંપદા | : | ૨ |
| ગુરુ અક્ષર | : | ૩ |
| લઘુ અક્ષર | : | ૨૫ |
| સર્વ અક્ષર | : | ૨૮ |

**વિષય :** (ખૂબ ટુંકાણમાં) પરમાત્મા તથા ગુરુભગવંતને વંદના.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદક્રમાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છામિ ખમાસમણો ॥૧॥ | ઇચ્-છા-મિ-ખમા-સમ-ણો ॥૧॥ | હું ઇચ્છુ છું કે હે ક્ષમાશ્રમણ !, ૧. |
| વંદિઉં જાવણિજ્જાએ | વન્-દિઉમ્ જાવ-ણિજ્-જાએ- | વંદન કરવાને માટે શરીરની |
| નિસીહિયાએ ॥૨॥ | નિ-સી-હિ-યાએ ॥૨॥ | શક્તિ સહિત પાપ વ્યાપારને તજીને. ૨. |
| મત્થએણ વંદામિ ॥૩॥ | મત્-થ-એણ વન્-દામિ ॥૩॥ | મસ્તક વડે વંદન કરું છું. ૩. |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ઇચ્છામિ ખમાસણો | ઇચ્છામિ ખમાસમણો |
| નિસીયાએ | નિસીહિયાએ |
| વંદિઉ (વંદેઉ) જાવણિજાએ | વંદિઉં જાવણિજ્જાએ |
| મથેણ વંદામિ | મત્થએણ વંદામિ |

**અર્થ :** હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપ વ્યાપારને તજીને વંદન કરવા માટે ઇચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું.૧-૩.

## સત્તર સંડાસા

૧. પાછળ કમરના ભાગથી નીચે પગની પાની સુધી ચરવળાથી ડાબે-વચ્ચે-જમણે અનુક્રમે પ્રમાર્જન કરવું. (૧ થી ૩)

૨. આગળ બન્ને પગ મૂળીયાથી નીચે પગની પાની સુધી ચરવળાથી ડાબે-વચ્ચે-જમણે અનુક્રમે પ્રમાર્જન કરવું.(૪ થી ૬)

૩. ઢીંચણ સ્થાપન કરવાની જગ્યાએ નીચે જમીન પર ચરવળાથી ત્રણ વાર પ્રમાર્જવું. (૭ થી ૯)

૪. મુહપત્તિની ડાબી બાજુ મુખથી ખભો-હાથ-કોણી-પંજો-પાછળનો હાથનો અડધોભાગ ત્યાં સુધી મુહપત્તિ દ્વારા પ્રમાર્જવું અને તે મુજબ જમણી બાજુ પણ પ્રમાર્જના કરવી. (૧૦-૧૧)

૫. મસ્તક જ્યાં સ્થાપન કરવું હોય તે ભૂમિ પર મુહપત્તિથી ત્રણ વાર પ્રમાર્જના કરવી. (૧૨ થી ૧૪)

૬. હાથને જોડીને, બંને કોણી પેટ પર સ્થાપીને ચરવળાને ખોળામાં મૂકીને, બંને હાથે જમીન પર પગની સાવ નજીક સ્થાપીને પાછળથી જરા પણ ઉંચા થયા વગર પ્રમાર્જન કરેલ ભૂમિ પર મસ્તકની સ્થાપના કરતાંની સાથે 'મત્થએણ વંદામિ' બોલવું.

૭. વંદન કરી લીધા પછી પાછા ઉભા થતી વખતે પગની પાછળ દૃષ્ટિ કર્યા બાદ ચરવળાથી ત્રણ વાર પ્રમાર્જના કરીને ઉભા થવું. (૧૫ થી ૧૭)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



જેનાથી સંસારનો લાભ થાય અર્થાત્ સંસારમાં પરિભ્રમણ વધે, તેને કષાય કહેવાય. તે ચાર પ્રકારે છે.

**૧. ક્રોધ ૨. માન ૩. માયા અને ૪. લોભ.**

જીવનના ઉંચા વિકાસને પામેલા ધર્માત્માને પણ ભયંકર પછડાટ આપતો હોય છે. આ ક્રોધ સૌથી ખતરનાક દોષ છે, તો તેનો પ્રતિપક્ષી ગુણ 'ક્ષમા' આત્મવિકાસને સાધનારો કહેવાય છે. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો અનેક ગુણોના ભંડાર હોય છે. તેઓમાં પ્રધાન ગુણ 'ક્ષમા' હોય છે. શ્રી અરિહંત ભગવંતાદિમાં આ ગુણ પૂર્ણ કક્ષાએ વિકસિત હોય છે. જ્યારે પૂ. સાધુભગવંતાદિ તે પૂર્ણ કક્ષા સુધી પહુંચવા પ્રયત્નશીલ હોય છે, માટે જ તેઓ સર્વેને 'ક્ષમાશ્રમણ'ના નામથી સંબોધિત કરીને વંદના કરવા આ 'ખમાસમણ' સૂત્ર ઉપયોગી કહેવાય છે.

## ક્ષમાશ્રમણને (ગુરુભગવંતને) વંદન કરવાના ત્રણ પ્રકારો શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યા છે.

**(૧) જઘન્ય ગુરુવંદન : (ફિટ્ટા વંદન)**

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો જ્યારે મળે ત્યારે પૂર્ણ અનુકૂળતા ન હોય ત્યારે બે હાથ જોડી મસ્તક નમાવીને 'મત્થ એણ વંદામિ' બોલવા દ્વારા વંદન કરાય, તેને ફિટ્ટા વંદન કહેવાય છે.

પૂ. ગુરુ ભગવંતો સામે મળે કે રસ્તામાં મળે કે અન્ય કોઈ સ્થળે મળે ત્યારે યથાયોગ્ય વિનય સાચવીને ફિટ્ટા વંદન કરવું જોઈએ. વાહન આદિમાં પસાર થવાનું થાય અને ઉભા રહેવુ કે થોભવું શક્ય ન હોય, તો પણ તે તે અવસ્થામાં પણ બુટ-ચંપલનો આદિનો ત્યાગ કરીને બહુમાન ભાવપૂર્વક ફિટ્ટા વંદન કરવું જોઈએ. તેમ ન કરવાથી ગુરુ ભગવંતનો અવિનય અને આશાતનાનો દોષ લાગે.

સાધુભગવંતો સાધુભગવંતોને અને સાધ્વીજી ભગવંતો સાધુ-સાધ્વીજી ભગવંતોને તેમજ શ્રાવક-શ્રાવિકા ગણ સાધુ-સાધ્વીજી ભગવંતોને 'મત્થએણ વંદામિ' દ્વાર ફિટ્ટા વંદન કરે. પરન્તુ રસ્તામાંથી પસાર થતી વેળાએ સાધ્વીજી ભગવંતો અને શ્રાવિકાગણ સાધુભગવંતોને ફિટ્ટા વંદન અવશ્ય કરવા છતાં સાધુ ભગવંતો શાસનની અપભ્રાજનાથી બચવા તે ફિટ્ટા વંદનનો કોઈ પ્રતિભાવ ન આપે. તે જ પ્રમાણે સાધ્વીજી ભગવંતો પણ શ્રાવક ગણના ફિટ્ટા વંદન નો કોઈ પ્રતિભાવ ન આપે.

(જ્યારે શ્રાવક-શ્રાવિકા અરસ-પરસ મળે ત્યારે (પરસ્પર સાધર્મિકને)'જય જિનેન્દ્ર' બોલવાના બદલે 'પ્રણામ' બોલે. એક બીજામાં રહેલા આત્મસ્વભાવ વિકાસી ગુણોને નજર સમક્ષ રાખીને બુટ-ચંપલનો ત્યાગ કરી મુખશુદ્ધિ સાથે બે હાથ જોડી મસ્તક નમાવીને 'પ્રણામ' બોલવું વધુ ઉચિત છે. પરંતુ જૈનેત્તર ભાઈ-બહેન જૈનધર્મીને મળે તો 'જય શ્રી કૃષ્ણ' કે 'જય સીયારામ'ના પ્રતિભાવના જવાબ રૂપે 'જય જિનેન્દ્ર' બહુમાનભાવ પૂર્વક બોલવું જોઈએ.)

**(૨) મધ્યમ-ગુરુ-વંદના : (થોભ-વંદના)**

પંચાંગ - પ્રણિપાત સ્વરૂપ શ્રી ખમાસમણ સૂત્ર, ઈચ્છાકાર સૂત્ર અને અબ્ભુટ્ઠિઓ સૂત્ર ના સહારે થોભીને કરાતું વંદન, તે થોભવંદન કહેવાય છે.

લઘુ સાધુભગવંત વડીલ સાધુભગવંતોને અને સાધ્વીજી ભગવંત વડીલ સાધ્વીજી ભગવંતો તથા સર્વ સાધુભગવંતોને તેમજ શ્રાવક ગણ સાધુ ભગવંતોને અને શ્રાવિકાગણ સાધુ-સાધ્વીજીભગવંતોને આ થોભ-વંદન કરે. પણ શ્રાવક ગણ સાધ્વીજી ભગવંતને ફક્ત જઘન્ય વંદન સ્વરૂપ ફિટ્ટા વંદન જ કરે.

**(૩) ઉત્કૃષ્ટ- વંદન : (દ્વાદશાવર્ત્ત-વંદન)**

પૂ. ગુરુ ભગવંતને બાર આવર્ત્ત છે જેમા એવા શ્રી વાંદણા સૂત્ર આદિ દ્વારા વંદન કરાય, તે દ્વાદશાવર્ત્ત નામનું ઉત્કૃષ્ટ ગુરુવંદન કહેવાય છે પૌષધમાં 'રાઈ-મુહપત્તિ' કરાય છે, તે પણ આ જ વંદન છે. આચાર્ય- ઉપાધ્યાય-પંન્યાસ પ્રવર-ગણિવર્ય અને પ્રવર્ત્તકની વિશિષ્ટ પદવી ધરાવનાર પૂજ્ય ગુરુભગવંતને આ વંદન કરાય છે. જ્યારે પદસ્થનો સર્વથા અભાવ હોય ત્યારે પૌષાર્થીઓ સ્થાપનાચાર્યજી સમક્ષ સાધુ-સાધ્વીજી ભગવંતની સાક્ષીએ પણ આ દ્વાદશાવર્ત્ત (રાઈ-મુહપત્તિ) વંદન કરતા હોય છે.

પ્રસ્તુત ત્રણ પ્રકારના ગુરુવંદનમાં મધ્યમ-ગુરુવંદન સ્વરૂપ થોભ વંદનમાં આ શ્રીખમાસમણ સૂત્રની આવશ્યકતા રહેલી છે. તેમજ શ્રી અરિહંત ભગવંતાદિ પંચપરમેષ્ઠિ, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપપદ આદિ વિશિષ્ટ આરાધનામાં પણ આ સૂત્ર અતિ-ઉપયોગી છે.

પરન્તુ કુળદેવતા ૨૪ તીર્થંકરોના યક્ષ-યક્ષણી, ૧૬ વિદ્યાદેવીઆ શાસન રક્ષક સમ્યદૃષ્ટિ દેવ-દેવીઓ કે પોતાના માત-પિતા આદિ વડીલ જનને ક્યારે પણ આ ખમાસમણ સૂત્ર દ્વારા વંદન ન જ કરાય.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૪ 'શ્રી ઈચ્છકાર સૂત્ર'



'ગુરુવંદન' કરતી વખતે બોલતી - સાંભળતી વખતેની મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી ઇચ્છકાર સૂત્ર |
| ગૌણ નામ | : સુગુરુ સુખશાતા પૃચ્છા સૂત્ર |
| પદ | : ૭ |
| સંપદા | : ૭ |
| ગુરુ અક્ષર | : ૪ |
| લઘુ અક્ષર | : ૪૮ |
| સર્વ અક્ષર | : ૫૨ |



**વિષય :** સદ્‌ગુરુને સંયમયાત્રાની સુખશાતા પુછવી.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છકાર! સુહરાઇ ?<br>(સુહદેવસિ ?)<br>સુખતપ ? શરીર નિરાબાધ ? | ઇચ્-છ-કાર! સુહ-રાઇ ?<br>(સુહ-દેવ-સિ?)<br>સુખ-તપ ? શરીર-નિરા-બાધ ? | હે ગુરુમહારાજ ! (આપની) ઈચ્છા હોય તો<br>(પૂછું) આપની સુખે રાત્રી (સુખે દિવસ)<br>સુખે તપશ્ચર્યામાં શરીર સંબંધી<br>રોગ રહિતપણામાં ? હે સ્વામિન્ ! |
| સુખ-સંજમ-જાત્રા<br>નિર્વહો છો જી ? | સુખ-સઞ્ (સન્)-જમ-જાત્-રા<br>નિર્-વહો છો જી? | સુખે સંયમયાત્રામાં પ્રવર્તો છો જી, |
| સ્વામી ? શાતા છે જી ? | સ્વામી ! શાતા છે જી ! | હે સ્વામિન્ ! આપને શાતા છે જી !<br>(ગુરુ કહે: દેવ ગુરુ પસાય) |
| ભાત-પાણીનો લાભ<br>દેજો જી ॥૧॥ | ભાત-પાણીનો લાભ દેજો-જી ॥૧॥ | ભાત-પાણીનો લાભ આપશો જી,<br>(ગુરુ કહે: વર્તમાન જોગ). ૧. |

**અર્થ:** હે ગુરુમહારાજ ! (આપની) ઈચ્છા હોય તો પૂછું... આપની રાત્રી સુખપૂર્વક પસાર પસાર થઈ ? દિવસ સુખપૂર્વક પસાર થયો ? સુખપૂર્વક તપશ્ચર્યા થઈ ? શરીર રોગરહિત અવસ્થામાં છો ને ? સુખશાતાપૂર્વક સંયમની યાત્રામાં પ્રવર્તો છો જી ? હે સ્વામી ! આપ શાતામાં છો જી ? મને ભાત-પાણીનો લાભ આપશોજી. ૧.

## સૂત્ર સંબંધિ વિવરણ

૧. પુરિમડ્ઢ ના પચ્ચક્ખાણ પહેલાં 'સુહરાઈ' અને પછી 'સુહદેવસિ' બોલવું, પણ બન્ને એક સાથે ન બોલવાં.

૨. સુહરાઇ / સુહદેવસિ..થી સ્વામી ! શાતા છે જી' સુધીનાં તમામ વાક્યો જુદા જુદા પ્રશ્નોને જણાવે છે. તેથી તે તમામ વાક્યો પ્રશ્ન પૂછતાં હોઇએ તે રીતે બોલવા. તે વાક્યો બોલતી વખતે મુખ ઉપર તે તે પ્રશ્નોના જવાબો જાણવાની ઇચ્છાના હાવભાવ પ્રગટ થવા જોઇએ.

**'જૈનશાસનમાં 'ગુરુ'ની સુંદર વ્યાખ્યા : જે સંસારને શોષે અને મોક્ષને પોષે, તે ગુરુ કહેવાય.'**

જૈનશાસનમાં ગુરુપદનું ગૌરવ કોઇ અનેરું છે. પરમાત્માએ બતાવેલા જૈનશાસનને આજે આપણા સુધી પહોંચાડનાર જો કોઇ હોય તો તે ગુરુભગવંત જ છે. અજ્ઞાન રુપ અંધકારનો નાશ કરનાર ગુરુ છે. વિષયના વિષનું વમન કરાવીને આરાધનાના અમૃતનું પાન કરાવનાર જો કોઇ હોય તો તે ગુરુ જ છે. જેઓ કંચન અને કામિનીના સર્વથા ત્યાગી હોય, પાંચ મહાવ્રતોનું સુંદર પાલન કરતા હોય, પરમાત્માના માર્ગે યથાશક્તિ ચાલતા હોય, પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કદીય ક્યારેય બોલતા ન હોય, મોક્ષ મેળવવાની જેમને તલપ હોય, સંસારીજનોના હૈયાનો તાપ શાન્ત કરી દે તેવી પ્રશાન્ત મુખમુદ્રાને ધારણ કરતા હોય, સંસારના સર્વ પદાર્થોમાં અનાસક્ત બનીને, આત્માના અદ્‌ભુત આનંદને માણવા સાથે જેઓ રસલ્હાણ કરતા હોય, તેવા ગુરુભગવંતના સંસર્ગ-પરિચયથી ભવોભવનાં પાપો ક્ષય પામી જાય. તેમના ચરણોમાં વંદના કરવાથી ભવોભવના કર્મબંધનો તુટીને ખલાસ થઇ જાય. તેમને કરવામાં આવતી વંદના ચંદનથી ય વધારે શીતલતા આપવા સમર્થ છે. ચંદન તો શરીરને કેટલાક સમય માટે ઠંડક આપે છે. પણ ગુરુભગવંતને કરવામાં આવતી વંદના, કષાયના ભાવોને શાંત કરીને, ભવોભવના સંતાપને શમાવી અદ્‌ભુત શીતળતા આપે છે. ભૂતકાળમાં ડોકીયું કરીશું તો જણાશે કે સામાન્ય રીતે જે જે લોકો મહાન બન્યા છે, તે બધાયને સૌ પહેલા તો ગુરુ જ મળ્યા હતા. ગુરુભગવંતના સત્સંગના પ્રભાવે તેઓ પતનની ખાઇમાંથી મહાનતાના એવરેસ્ટ શિખરોને સર કરી શક્યા હતા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



સવાલાખ જિનચૈત્યો અને સવા કરોડ જિનબિંબોનું સર્જન કરનાર સમ્રાટ સંપ્રતિ મહારાજાને આર્યસુહસ્તિસૂરિજી મળ્યા હતા. તો અઢાર દેશમાં અમારિ-અહિંસાનું પ્રવર્તન કરાવનાર ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજાને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી મળ્યા હતા. ક્રૂર અને ખૂંખાર મોગલ શહેનશાહ અકબરમાં જીવદયાના ભાવ પેદા કરનાર પણ જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજ જ હતા.

જિનશાસનમાં ગુરુની ઇચ્છા વિના કોઇપણ કાર્ય કરી શકાતું નથી. તેથી જ ગુરુમહારાજને શાતા પૂછતાં પહેલાં પણ તે અંગે તેમની ઇચ્છા જાણવી જરૂરી છે. માટે જ આ સૂત્રમાં સૌ પ્રથમ ઇચ્છકાર શબ્દ મૂકવામાં આવ્યો છે.

જો શાતા પૂછવા માટે પણ ગુરુજીની ઇચ્છા જાણવી જરૂરી હોય અને જો તેમની ઇચ્છા ન હોય તો શાતા પણ ન પૂછાય પછી ગુરુજીની ઇચ્છા વિના અન્ય કાર્ય તો ન જ કરાય,તે તો સુગમતાથી સમજી શકાય તેમ છે. ટૂંકમાં કહીએ તો ગુરુજીની ઇચ્છા જાણી તેને અનુરૂપ જ જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ. તેમની ઇચ્છાની વિરુદ્ધ સ્વપ્નમાં પણ ન થઇ જાય તેની સતત કાળજી રાખવી જોઇએ,માટે કહ્યું છે કે –

**ગુરુની ઇચ્છાનું પાલન અમૃતકુંભ સમાન છે, જ્યારે ગુરુનો એકેક નિસાસો વધસ્તંભ સમાન છે.**

જ્યારે આપણે 'સ્વામી ! શાતા છે જી ?' સવાલ પૂછીએ ત્યારે ગુરુભગવંત જવાબ આપે છે કે "દેવ-ગુરુ પસાય"

આ 'દેવ-ગુરુ પસાય'વાક્ય એ જૈન શાસનનું અદ્‌ભૂત વાક્ય છે. અનાદિકાળથી મજબૂત કરેલા અહંભાવ ને નાશ કરવા માટે આ વાક્ય અમોઘ શસ્ત્ર છે. કેમકે ગુરુભગવંતની શાતાનું રહસ્ય 'દેવ-ગુરુ'ની કૃપા જ છે પણ પોતાની હોશિયારી નહી.

જેમ દેવ-ગુરુ પસાય સુંદર વાક્ય છે. તેમ બીજાં પણ બે સુંદર વાક્યો સમજવા જેવાં છે. ૧. વર્તમાનજોગ અને ૨. કાળધર્મ

**૧. વર્તમાનજોગઃ-** પૂ. ગુરુ ભગવંતની શાતા પૂછ્યા બાદ ગોચરી – પાણી વહોરવા પધારવાની વિનંતી 'ભાત-પાણીનો લાભ દેજોજી' વાક્ય દ્વારા કરવાની હોય છે. (ભાત – પાણી = પૂ. ગુરુ ભગવંતને કલ્પ્ય ખાવા – પીવાની તમામ ચીજ – વસ્તુઓ) તે વિનંતી સાંભળીને પૂ. ગુરુભગવંત 'વર્તમાન જોગ' (= તે સમયે જેવી અનુકૂળતા) કહે પણ 'આજે' – 'અત્યારે' કે 'સાંજે' કે 'કાલે' આવીશ, તેવું ક્યારેય ન બોલે – કેમકે તે સમયે કાંઇક આકસ્મિક કાર્ય ઉપસ્થિત થાય અથવા આયુષ્ય સાથ ન આપે, તો આપેલ વચન વ્યર્થ (ખોટું) ઠરવાની શક્યતા રહે અને તેથી મૃષાવાદ વિરમણ મહાવ્રતમાં દોષ લાગે. તેથી બીજા મહાવ્રત એવા તેઓ 'વર્તમાન જોગ' શબ્દનો ઉપયોગ કરતા હોય છે.

**૨. કાળધર્મ :-** પૂ. ગુરુ ભગવંત જ્યારે આયુષ્યકર્મ પૂર્ણ થાય ત્યારે 'મરણ પામ્યા' કે 'મરી ગયા' તેમ ન બોલતાં 'કાળધર્મ', પામ્યા, તેમ બોલાય છે. કાળધર્મ=કાળનો ધર્મ છે. નવાને જૂનું કરવું. સડન, પડન, ગલન, વિધ્વંસ આદિ પણ કાળના જ ધર્મો છે. તેમ બાળ પણ-યુવાની-વૃદ્ધાવસ્થા આદિ પણ કાળના ધર્મો છે. આયુષ્ય પૂર્ણ થયું એટલે કે કાળે પોતાનો ધર્મ બજાવ્યો માટે કાળધર્મ શબ્દનો ઉપયોગ થાય છે.

## સુખશાતા પૃચ્છા સાથે સમજવા જેવી કેટલી અગત્યની વાત

- પૌષાર્થીભાઇ – બહેનોએ પણ અવશ્ય ભાત-પાણી બોલવું.
- ઇચ્છકાર સૂત્ર દ્વારા વંદના સૂર્યાસ્ત સુધી કરવી જોઇએ.
- સૂર્યાસ્ત પછી શ્રાવક-શ્રાવિકા કે સાધુ-સાધ્વીજી ભગવંત થોભ વંદન ન કરે.
- "સૂર્યાસ્તની આસપાસ વંદન કરતી વેળાએ શ્રાવક-શ્રાવિકાએ 'ભાત-પાણી' અવશ્ય બોલવું... કેમકે તે સમયે અથવા રાત્રિ સમયે શરીર અસ્વસ્થ થતાં અનિવાર્ય સંજોગોમાં અણાહારી ઔષધ કે ડૉક્ટર આદિના તપાસ ઉપચાર જરૂર પડે તો તે પણ 'ભાત-પાણી'ની પૃચ્છામાં આવી જાય છે.
- સાધુભગવંત સાધુભગવંતને અને સાધ્વીજીભગવંત સાધુ કે સાધ્વીજીને 'ભાત-પાણી'ન કહે.
- સૂર્યાસ્ત પછી ગુરુભગવંતને બે હાથ જોડીને 'ત્રિકાલ વંદના' કહેવાય.
- સાધુભગવંત અરસપરસ અને સાધ્વીજીભગવંત અરસપરસ 'ત્રિકાલ વંદના' નહિ પણ 'મત્થએણ વંદામિ' બોલે.
- સૂર્યાસ્ત પછી અમૂક સમય સુધી ગુરુવંદન કરવાનો વ્યવહાર જોવા મળે છે.

જૈન સાઈટ JAINSITE જનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પ્રતિક્રમણ વખતે ગુરુવંદન વેળાએ આ સૂત્ર બોલતી વખતની મુદ્રા. (હાથ ખુલ્લા રાખવા જરુરી છે.)

ઉપાશ્રયમાં ગુરુવંદન વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વેળાની સ્પષ્ટ મુદ્રા.

# ૫ 'શ્રી અબ્ભુટ્ઠિઓ સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી અબ્ભુટ્ઠિઓ સૂત્ર |
| ગૌણ નામ | : ગુરુખામણા સૂત્ર |
| ગુરુ અક્ષર | : ૧૫ |
| લઘુ અક્ષર | : ૧૧૧ |
| સર્વ અક્ષર | : ૧૨૬ |



**વિષય :** શ્રી ગુરુભગવંત પાસે અપરાધોની ક્ષમા માંગવી.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! | ઇચ્-છા-કારે-ણ સન્-દિ-સહ ભગ-વન્ ! | હે! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો હે ભગવન્! |
| અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર- | અબ્-ભુટ્-ઠિઓ-મિ અબ્-ભિન્-તર- | ઉપસ્થિત થયો છું દિવસની (રાત્રીના)અંદર |
| દેવસિઅં (રાઈઅં) ખામેઉં? | દેવ-સિઅમ્-(રા-ઈ-અમ્-) ખામે-ઉમ્ ? | થયેલા અપરાધને ખમાવવા માટે, |
| ઇચ્છં, ખામેમિ દેવસિઅં (રાઈઅં), | ઇચ્-છમ્, ખામે-મિ-દેવ-સિઅમ્- | આજ્ઞા પ્રમાણ છે, ખામું છું દિવસના |
| | (રા-ઈ-અમ્-), | (રાત્રીના) અપરાધને. |

**અર્થઃ-** હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો, દિવસના (રાત્રીના) અપરાધને ખમાવવા માટે ઉપસ્થિત થયો છું (ગુરુભગવંત 'ખામેહ' આજ્ઞા આપે એટલે)આજ્ઞા પ્રમાણ છે, દિવસના (રાત્રીના) અપરાધને ખમાવું છું.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| જંકિંચિ અપત્તિઅં, | જઙ્-કિઞ્(કિન્)-ચિ અ પત્-તિ-અમ્, | જે કોઇ અપ્રીતિ થાય તેવું, |
| પરપત્તિઅં, ભત્તે, પાણે, | પર-પત્-તિ-અમ્, ભત્-તે, પાણે, | વિશેષ અપ્રીતિ થાય તેવું, ભોજનને વિષે, પાણીને વિષે, |
| વિણએ, વેયાવચ્ચે, | વિણ-એ, વેયા-વચ્-ચે, | વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, |
| આલાવે, સંલાવે, | આલા-વે, સર્લ્ (સમ્) -લાવે, | એક વાર બોલવાના વિષે, વારંવાર બોલવાના વિષે, |
| ઉચ્ચાસણે, સમાસણે, | ઉચ્-ચા-સણે, સમા-સણે, | ઉંચે બેસવાથી, સમાન આસને બેસવાથી, |
| અંતર-ભાસાએ, | અન્-તર-ભાસા-એ, | વચ્ચે બોલવાથી, |
| ઉવરિ-ભાસાએ, | ઉવ-રિ-ભાસા-એ, | વધારીને બોલવાથી, |

**અર્થઃ-** જે કાંઇ ભોજનને વિષે, પાણીને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એક્વાર બોલવાથી, વારંવાર બોલવાથી, ગુરુથી ઉંચે આસને બેસવાથી, ગુરુની સમાન આસને બેસવાથી, ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવાથી, ગુરુએ કહેલી વાતને વધારીને કહેવાથી અપ્રીતિ ભાવ કે વિશેષ અપ્રીતિ ભાવ ઉપજાવ્યો હોય.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| જંકિંચિ મજ્ઝ વિણય-પરિહીણં- | જઙ્-કિન્-ચિ-મજ્-ઝ વિણ-ય-પરિ-હીણમ્- | જે કાંઇ મારાથી વિનયરહિતપણું, |
| સુહુમં વા બાયરં વા- | સુહુ-મમ્-વા-બાય-રમ્-વા- | નાનું અથવા મોટું કર્યું હોય, |
| તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, | તુબ્-ભે-જાણ-હ,અહમ્-ન-જાણા-મિ, | તમે જાણો છો, હું જાણતો નથી, |
| તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ | તસ્-સ મિચ્-છા-મિ-દુક્-ક-ડમ્ ॥ | તે મિથ્યા થાઓ મારું દુષ્કૃત(પાપ). |

### ઉપયોગના અભાવે થતા અશુદ્ધ સામે શુદ્ધ ઉચ્ચારણ

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| અબ્ભુઠિઓમિ અભ્યન્તરં | અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર |
| વિણિએ | વિણએ |
| સુહમં વા | સુહુમં વા |

**અર્થ :-** (એવી રીતે) જે કાંઇ પણ નાનું કે મોટું મારાથી વિનય રહિત થયું હોય, જે તમે જાણો છો, (પણ) હું જાણતો નથી, તે મારું દુષ્કૃત (અપરાધ) મિથ્યા થાઓ.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



આ સૂત્રની પ્રથમ ત્રણ લીટી ઊભા ઊભા, બે હાથ જોડી, મસ્તક નમાવીને બોલવી. તેમાં "ખામેઉં" બોલતી વેળાએ વિશેષ નમવું. બાકીનું "જંકિંચિ" થી આખું સૂત્ર હાથ ઠાવીને બોલવું. હાથ ઠાવવામાં જમણો હાથ ખુલ્લો જમીન પર કે ચરવાળા ઉપર સ્થાપવો. ડાબો હાથ મુખ પાસે રાખવો. બે ઢીંચણ જમીનને અડાલેલા અને મસ્તક નમાવેલું રાખવું. હથેળી ખુલ્લી રાખવી જરૂરી છે.

'મિચ્છા' 'મિ'"દુક્કડમ્'એ ત્રણ અલગ અલગ પદો છે, તે ખ્યાલમાં રહેવું જોઇએ.

**(૧) સદ્ગુરુ પાસે અનેક પ્રકારના અપરાધોની ક્ષમા ત્યારે જ ભાવવિભોર બનીને માંગી શકાય કે જયારે ગુરુભગવંત પ્રત્યે હૃદયમાં પુષ્કળ અહોભાવ હોય. આમ આ સૂત્ર ગુરુ પ્રત્યે ના સર્વોત્કૃષ્ટ અહોભાવને સૂચવે છે.**

(૨) એક પછી એક તમામ અપરાધોને યાદ કરીને, તેની ક્ષમા મંગાય છે. તે એમ જણાવે છે કે જીવે પાપનો ખટકો રાખવો જોઇએ. શુદ્ધિની તલપ રાખવી જોઇએ. એક પણ પાપ પ્રાયશ્ચિત કર્યા વિનાનું ન રહેવું જોઇએ. તે માટે હૃદયમાં સાચા અર્થનો પશ્ચાતાપ પણ હોવો જોઇએ.

આમ, જિનશાસનમાં સદ્ગુરુ **તથા પાપના પ્રાયશ્ચિતનું મહત્વ પુષ્કળ આંકવામાં આવ્યું છે, તે વાત આ સૂત્રથી સમજાય છે.**

ગુરુભગવંતના ચરણોની સેવામાં જે લીન છે, ગુરુભગવંતની આજ્ઞાનું પાલન વગેરે કરવા રુપ આરાધનામાં જે સદા તત્પર રહે છે, તે જ સાધુ કહેવાય છે. તે જ સાધુ ચારિત્રજીવનનો ભારેખમ બોજ ઉપાડવાને સમર્થ બને છે. બીજાનું તો અહીં ગજું જ નહી. શ્રાવક-શ્રાવિકાએ પણ ગુરુભગવંતને વંદન કરવાથી વિનય ગુણ પ્રાપ્ત થાય છે. ક્ષમા માગવી એ દીનતા નથી પણ જાગ્રત આત્માનો સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટેનો ઉત્તમ પ્રયત્ન છે અને તેનાથી ચિત્ત-પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે.

### ઉચ્ચાર વગેરે અંગેનાં સૂચનો

૧. અભ્યંતર શબ્દ નથી. પણ અબ્ભિતર શબ્દ છે. તે ધ્યાનમાં રાખવું.

૨. આ સૂત્રમાં બે જગ્યાએ રાઇઅં-દેવસિઅં શબ્દ આવે છે. તેમાં રાઈઅં-પુરિમટ્ટ પચ્ચક્ખાણ પહેલા અને 'દેવિસઅં' પુરિમટ્ટ પચ્ચક્ખાણ પછી બોલવાનો ઉપયોગ રાખવો. બન્ને સાથે ક્યારેય પણ નહિ.

૩. 'મજ્ઝ' પદમાં 'ઝ' નો ઉચ્ચાર ઝભલાના 'ઝ' ની જેમ કરવો.

૪. 'અબ્ભિતર દેવસિઅં ખામેઉં' કેટલા સમય દરમ્યાન થયેલા અપરાધોને ખમાવવા ઇચ્છીએ છીએ ? તે આ પદ દ્વારા જણાવાય છે.

(દિવસના, રાત્રિના, પંદર દિવસના, ચાર મહિનાના, કે એક વર્ષના અપરાધોને ખમાવવા માટે અનુક્રમે દેવસિઅં, રાઇઅં, પક્ખિઅં, ચોમાસિઅં કે સંવચ્છરિઅં બોલવામાં આવે છે.)

જૈન સાઈટ
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

## ગુરુવંદન વિધિ

સહુ પ્રથમ પૂ.ગુરુભગવંતને બે હાથ જોડી મસ્તક નમાવીને **'મત્થએણ વંદામિ'** બોલવું. પછી તેઓશ્રીની વંદન કરવા માટે **અનુજ્ઞા** (અનુમતિ) માંગવી. અનુમતિ મળતાં પ્રથમ **બે ખમાસમણાં** સત્તર સંડાસા પૂર્વક વિધિ સાથે આપવાં. પછી ઉભા થઇને બન્ને પગની વચ્ચે આગળના ભાગમાં પોતાના ચાર આંગળનું અંતર અને પાછળના ભાગમાં તેથી કાંઇક ઓછુ અંતર રાખીને, બન્ને હાથની આંગળીઓ એકબીજાની અંદર રાખીને, બન્ને હાથની કોણી ભેગી કરી પેટ ઉપર સ્થાપન કરીને **'ઇચ્છકાર!...'** સૂત્ર, પ્રશ્નો પૂછતા હોઇએ, તેવા હાવ-ભાવ સાથે બોલવા.

પૂ. સાધુ ભગવંતમાં કોઇ ગણિવર્ય કે પંન્યાસપ્રવર કે ઉપાધ્યાય કે આચાર્ય આદિ **પદસ્થ હોય તો** 'ઇચ્છકાર !' સૂત્ર બોલ્યા પછી વચ્ચે એક ખમાસમણું આપવું. પદસ્થ ન હોય તો 'ઇચ્છકાર!...' સૂત્ર પછી તુરંત ઉભા-ઉભા **'ઇચ્છા...સંદિસહ. ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિતર દેવસિઅં ખામેઉં ?'** પ્રશ્ન પૂછીને પૂ.ગુરુભગવંત **'ખામેહ'** કહે, પછી **'ઇચ્છં, ખામેમિ દેવસિઅં'** બોલી નીચેની ભૂમિની પ્રમાર્જના કરીને ઢીંચણ સ્થાપન કરી ચરવળા ઉપર ચિત્ર મુજબ જમણો હાથ ખુલ્લો રાખી ડાબો હાથ મુખ પાસે રાખીને **'જં કિંચિ... મિચ્છા મિ દુક્કડં...'** સુધી પૂર્ણ સૂત્ર બોલવું. **(કોઇ પણ શ્રાવક - શ્રાવિકાએ (દીર્ઘકાલીન મુમુક્ષુ હોય કે દીક્ષા લેવાની તૈયારીમાં હોય તો પણ)** ગુરુવંદન કરતી વેળાએ 'અબ્ભુટ્ઠિઓ' ખામતી વખતે **ગુરુભગવંતના ચરણ આદિનો સ્પર્શ ન જ કરી શકાય. કરે તો ગુરુભગવંતની આશાતના** નો દોષ લાગે) પછી ફરીવાર (સત્તર સંડાસા પૂર્વક) એક ખમાસમણું આપવું.

રોજ ઉપાશ્રયમાં બિરાજમાન પૂજ્ય ગુરુભગવંતને વંદન કરવું જોઇએ. જ્યારે તેઓશ્રી ન હોય ત્યારે તેઓશ્રીની પ્રતિકૃતિને અને કદાચ તે પણ ન હોય તો પુસ્તકને સ્થાપીને પણ અવશ્ય ગુરુવંદન કરવું જોઇએ. દિવસ દરમ્યાન ત્રણવાર વંદન કરવું જોઇએ. સૂર્યાસ્ત પછી જયણા પાલનની ઓછી સંભાવના હોવાના કારણે **ત્રણેયકાળના વંદન** કરવાની ભાવનાથી **'ત્રિકાળ વંદના'** બે હાથ જોડી મસ્તક નમાવીને કરવી જોઇએ.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## ગુરુવંદનનું ફળ

તરણતારણ પરમાત્માએ કહ્યું છે કે હે ગૌતમ! ગુરુવંદન કરવાથી જીવ નીચગોત્ર કર્મ ખપાવે છે, ઉચ્ચગોત્ર કર્મનો બંધ કરે છે અને અપ્રતિહત આજ્ઞાવાળું એટલે જેની આજ્ઞા કોઇ ઉલ્લંઘી ના શકે તેવા ફળવાળુ સૌભાગ્ય નામકર્મ પણ બાંધે છે. હે ગૌતમ! ગુરુવંદન કરવાથી જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મો ગાઢ બંધનથી બાંધ્યા હોય તે ઢીલા બંધનવાળા બને છે, દીર્ઘસ્થિતિવાળા હોય તે અલ્પ સ્થિતિવાળા, તીવ્રરસવાળા અને ઘણાં પ્રદેશવાળા બાંધ્યા હોય તે અલ્પરસવાળા અને અલ્પપ્રદેશવાળા બને છે અને તેથી જીવાત્મા અનાદિ-અનંત સંસારરૂપી જંગલમાં લાંબો કાળ પરિભ્રમણ કરતો નથી. અર્થાત્ જલ્દી પરમપદ = મોક્ષ સુખનો ભોક્તા બને છે.

## ગુરુવંદન ન કરવાથી થતાં નુકશાન

પૂ. ગુરુ ભગવંતને વંદન ન કરવાથી તીર્થંકર ભગવાનની આજ્ઞાનો અનાદર થાય છે. અવિધિપૂર્વક વંદન કરવાથી અહંકાર - અવિનય - અક્કડતા આદિ દોષો ઉત્પન્ન થાય છે. લોકમાં તિરસ્કાર થાય, નીચગોત્રકર્મનો બંધ થાય, આલોક અને પરલોકમાં અનેક આપત્તિઓ અને પરંપરાએ અનંત દુઃખોની ખાણ સમાન સંસારમાં પરિભ્રમણ કરવાનું થાય.

જૈન સાઈટ
JAINSITE

શ્રી ગુરુભગવંતને વંદન ક્યારે ન કરાય અને ક્યારે કરાય તેનું વર્ણન વિસ્તારથી શ્રી ગુરુવંદન ભાષ્યમાં વર્ણવાયું છે, તે આ પ્રમાણે:

**શ્રી ગુરુભગવંતને વંદન - ક્યારે ન થાય ?**

૧. ગુરુ જ્યારે ધર્મચિંતામાં હોય.
૨. ગુરુનું વંદન કરનાર ઉપર લક્ષ ન હોય અથવા ઊભા હોય.
૩. ગુરુ જ્યારે પ્રમાદમાં એટલે કે ક્રોધમાં કે નિદ્રામાં હોય.
૪. ગુરુની જ્યારે આહાર કરવાની અથવા ઠલ્લે જવાની તૈયારી હોય.

**શ્રી ગુરુભગવંતને વંદન - ક્યારે થાય ?**

જૈનમ્ જયતિ શાસનમ્

૧. ગુરુ જ્યારે શાંત બેઠા હોય.
૨. ગુરુ જ્યારે અપ્રમત્ત હોય.
૩. ગુરુ જ્યારે આસન ઉપર બેઠેલા હોય.
૪. "છંદેણં" કહેવા માટે ઉદ્યત હોય.

## ગુરુભગવંતને વંદન ક્યારે-ક્યારે કરવું જોઇએ

- સવાર-સાંજ પચ્ચક્ખાણ લેતી વખતે 'ગુરુવંદન' કરી 'ઇચ્છકારી ભગવન્! પસાય કરી પચ્ચક્ખાણ કરાવશોજી ! આદેશ માંગી પચ્ચક્ખાણ લેવું. પણ રસ્તે આવતાં-જતાં કે વંદન કર્યા વગર પચ્ચક્ખાણ લેવાય નહીં.'
- સામાયિક, પૌષધ લેતાં પહેલાં અને દેવસિઅ પ્રતિક્રમણ કરતાં પહેલાં ગુરુવંદન કરવું જોઇએ.
- પૂ. ગુરુભગવંત પાસે વ્યાખ્યાન - વાચના શ્રવણ કરતાં પહેલાં અને પછી તેમજ ગાથા લેતાં પહેલાં અને પછી ગુરુવંદન કરવું.
- વ્યાખ્યાન શ્રવણ - વાચના - ગાથા લેતાં પહેલાં ગુરુવંદન કર્યા પછી નીચે મુજબ આદેશ એક-એક ખમાસમણા સાથે માંગવા.
- ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! વાયણા સંદિસાહું ? ગુરુભગવંત કહે 'સંદિસાવેહ' પછી 'ઇચ્છં'.
- ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! વાયણા લેશું ? ગુરુભગવંત કહે 'લેજો' પછી 'ઇચ્છં' બોલવું.
- ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી વાયણા પ્રસાદ કરશોજી ! કહીને બે હાથ જોડી મસ્તક નમાવીને ઉભા રહેવું. વ્યાખ્યાન કે વાચનાનો અવસર હોય તો પૂ.ગુરુભગવંત માંગલિક સંભળાવે, તે એકાગ્રચિત્તે સાંભળવું.
- કોઇ ધાર્મિક વાંચનની અનુમતિ મેળવવા કે ગાથા લેવાની હોય ત્યારે માંગલિક શ્રવણની આવશ્યકતા નથી રહેતી.

ઉપાશ્રયે બિરાજમાન પૂ.ગુરુભગવંતને સંયમપર્યાયના ક્રમઅનુસાર મોટા-નાનાની મર્યાદા મુજબ અવશ્ય વંદન કરવું જોઇએ. કદાચ કોઇક અનિવાર્ય સંજોગના કારણે તે શક્ય ન હોય તો ફિટ્ટા વંદન = 'મત્થએણ વંદામિ' દરેક પૂ.ગુરુભગવંતને બહુમાન ભાવપૂર્વક કરવું જોઇએ. એક જગ્યાએ ઉભા રહીને સર્વ સાધુ ભગવંતોને એક જ વંદનથી વંદન ન કરાય. શુદ્ધ ઉચ્ચાર અને શુદ્ધવિધિ સાથે કરાયેલું ગુરુવંદન વિપુલ કર્મનિર્જરામાં સહાયક બનતું હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિવિધ આવશ્યક ક્રિયાની સાચી મુદ્રા - ૧

## ૧. ગુરુસ્થાપના મુદ્રા




## ૨. સામાયિક, પચ્ચક્ખાણ પારતા અને અવિધિ આશાતના કરતી વેળાની મુદ્રા :




જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ૪. 'વંદિઉં' 'વંદામિ' 'વંદે' 'નમંસામિ' બોલતી વખતની મુદ્રા




## ૩. ખમાસમણ વખતની મુદ્રા





બે હાથ, બે પગ, મસ્તક, એમ પાંચ અંગ ભૂમિને સ્પર્શે ત્યારે 'મત્થએણ વંદામિ' બોલવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ઇરિયાવહિયં સૂત્ર





जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





# ૯ 'શ્રી ઈરિયાવહિયં સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી ઇરિયાવહિયં (ઐર્યાપથિકી) સૂત્ર |
| ગૌણ નામ | : લઘુ પ્રતિક્રમણ સૂત્ર |
| પદ | : ૨૬ |
| સંપદા | : ૭ |
| ગુરુઅક્ષર | : ૧૪ |
| લઘુ અક્ષર | : ૧૩૬ |
| સર્વ અક્ષર | : ૧૫૦ |



**વિષય :** ગમનાગમન કરતાં થઈ ગયેલી જીવોની વિરાધનાની ક્ષમાપના.

દેવવંદન અને ચૈત્યવંદન કરતી વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વેળાની મુદ્રા.

પ્રતિક્રમણ અને આલોચના કરતી વખતે આ સૂત્ર બોલવા-સાંભળવાની સ્પષ્ટ મુદ્રા.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ? | ઇચ્-છા-કારે-ણ સન્-દિ-સહ ભગ-વન્! ઇરિ-યા-વહિ-યમ્ પડિક્-કમા-મિ ? | ઇચ્છા પૂર્વક આજ્ઞા આપો હે ભગવન્ ! ચાલવાના માર્ગમાં જે વિરાધનાનું પાપ લાગ્યુ હોય તેનાથી પાછો ફરું ? (શિષ્ય પ્રશ્ન કરે.)(ગુરુ ભગંવત કહે 'પડિક્કમેહ' (=પાછા ફરો) |
| ઇચ્છં, | ઇચ્-છમ્, | (શિષ્ય કહે) ગુરુભગવંતની આજ્ઞા ઈચ્છું છું. |
| | **૧. અભ્યુપગમસંપદા** | |
| ઇચ્છામિ પડિક્કમિઉં ॥૧॥ | ઇચ્-છા-મિ પડિક્-કમિ-ઉમ્ ॥૧॥ | હું ઇચ્છું છું પાછો ફરવા માટે. ૧. |
| | **૨. નિમિત્ત સંપદા** | |
| ઇરિયાવહિયાએ વિરાહણાએ ॥૨॥ | ઇરિ-યા-વહિ-યાએ વિરા-હણા-એ ॥૨॥ | માર્ગમાં ચાલતાં જે વિરાધના થઇ હોય. ૨. |

**અર્થ:-** હે ભગવાન ! આપ ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો કે હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયું હોય તેનાથી પાછો ફરું ? (ભગવંત કહે 'પાછા ફરો') (ત્યારે શિષ્ય કહે) હું આપની આજ્ઞા ઇચ્છું છું (પ્રમાણ ગણું છું) હું માર્ગમાં ચાલતા જે વિરાધનાનું પાપ થયેલ હોય, તેથી પાછો ફરવા ઇચ્છું છું.૧.૨.

| | | |
|---|---|---|
| | **૩. ઓઘ સંપદા** | |
| ગમણાગમણે ॥૩॥ | ગમ-ણા-ગમ-ણે ॥૩॥ | જતાં આવતાં. ૩. |
| | **૪. ઈતરહેતુ સંપદા** | |
| પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, | પાણક્-કમ-ણે, બીયક્-કમ-ણે, હરિ-યક્-કમ-ણે, | જીવો પગ નીચે આવવાથી, ધાન્ય બીજ પગ નીચે આવવાથી, લીલી વનસ્પતિ પગ નીચે આવવાથી, |
| ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા સંકમણે ॥૪॥ | ઓસા-ઉત્-તિઙ્-ગ-પણ-ગ-દગ-મટ્-ટી-મક્-કડા-સન્-તાણા સંઙ્-કમ-ણે ॥૪॥ | ઝાકળ, કીડીનાં નગરાં, પાંચ રંગની લીલી ફૂગ, સચિત્ત પાણી યુક્ત સચિત્ત માટી, કરોળીયાની જાળ, પગ નીચે આવવાથી. |

**અર્થ :-** જેમકે જતાં -આવતાં, (ગમનાગમન કરતાં) જીવો, ધાન્યના બીજો, લીલી વનસ્પતિ, ઝાકળ, કીડીનાં નગરાં, પાંચ રંગની લીલીફૂગ, સચિત્ત- પાણીયુકત સચિત્ત માટી, કરોળીયાની જાળ પગ નીચે આવવાથી. ૩.૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | ૫. સંગ્રહ સંપદા | |
|---|---|---|
| જે મે જીવા વિરાહિયા ॥૫॥ | જે મે જીવા વિરા-હિયા ॥૫॥ | જે જીવોની મેં વિરાધના કરી હોય. ૫. |
| | ૬. જીવ સંપદા | |
| એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥૬॥ | એગિન્-દિયા, બેઇન્-દિયા, તે-ઇન્-દિયા, ચઉ-રિન્-દિયા, પઞ્(પન્)-ચિન્-દિયા ॥૬॥ | એક ઇન્દ્રિયવાળા, બે ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા, પાંચ ઇન્દ્રિયવાળા. ૬. |

**અર્થ :-** એક ઇન્દ્રિયવાળા, બે ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા અને પાંચ ઇન્દ્રિયવાળા જે જીવોની મેં વિરાધના( નીચે જણાવ્યા મુજબ) કરી હોય. ૫.૬.

| | ૭. વિરાધના સંપદા | |
|---|---|---|
| અભિહયા, વત્તિયા, લેસિયા, | અભિ-હયા, વત્-તિયા, | લાતે માર્યા હોય, ધૂળ નીચે ઢાંક્યા હોય, જમીન સાથે ઘસ્યા હોય |
| સંઘાઇયા , સંઘટ્ટિયા, | સઙ્-ઘા-ઇયા , સઙ્-ઘટ્-ટિયા, | માંહેં માંહે શરીર એકઠા કર્યા હોય, થોડા સ્પર્શથી દુ:ખ ઉપજાવ્યું હોય |
| પરિયાવિયા, કિલામિયા, | પરિ-યા-વિયા, કિલા-મિયા, | પરિતાપ ઉપજાવ્યો હોય, મરેલા જેવા કર્યા હોય. |
| ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, | ઉદ્-દ-વિયા,ઠાણાઓ ઠાણમ્ સઙ્-કા-મિયા, | ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનેથી બીજાસ્થાને મૂક્યા હોય. |
| જીવિયાઓ વવરોવિયા, | જીવિ-યાઓ વવ-રો-વિયા, | જીવિતથી જુદા કર્યા હોય. |
| તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૭॥ | તસ્-સ મિચ્-છા મિ-દુક્-ક-ડમ્ ॥૭॥ | તે મિથ્યા થાઓ. મારુ દુષ્કૃત્ય(તેની હું માફી માંગુ છું) ૭. |

**અર્થ:-** લાતે માર્યા હોય, ધૂળે કરીને ઢાંક્યા હોય, જમીન સાથે ઘસ્યા હોય, માંહે માંહે અકઠા કર્યા હોય, થોડા સ્પર્શથી દુ:ખી કર્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, મરેલા જેવા કર્યા હોય, ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનેથી બીજા સ્થાને મૂક્યા હોય, જીવિતવ્યથી જુદા કર્યા હોય તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. એટલે એ પાપની માફી માંગુ છું. ૭.

### ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારોની સામે શુદ્ધ ઉચ્ચારો.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ઇચ્છા. સંદિ. ભગવાન્ | ઇચ્છા. સંદિ. ભગવન્ |
| ઇરિયાવિયાએ | ઇરિયાવહિયાએ |
| ઇચ્છામિ પડિકમિઉ | ઇચ્છામિ પડિક્કમિઉં |
| એકિંદિયા | એગિંદિયા |
| અભિયા | અભિહયા |
| સંઘાયા | સંઘાઇયા |
| મકડા | મક્કડા |
| ઉદ્દુવિયા | ઉદ્દવિયા |
| વતિયા | વત્તિયા |

### ઉચ્ચાર વગેરે અંગે સૂચનો

(જે સૂત્રમાં ગાથા ન હોય છતાં આંકડા આપ્યા હોય તે સંપદાના સમજવા.)

- 'ઇચ્છાકારેણ..... ઇરિયાવહિયં પડિક્કમામિ?' આ પદ બોલતાં પ્રશ્ન કરતા હોઇએ, તેવો ભાવ લાવવો જોઈએ.
- 'પડિક્કમિઉં'માં અન્તે રહેલાં '● ' (અનુસ્વાર)નો ઉચ્ચાર કરતાં બન્ને હોઠ ભેગા થવા જોઇએ.
- 'પડિક્કમામિ, પડિક્કમિઉં, પાણક્કમણે' વગેરે પદોમાં 'ક્ક' જોડાક્ષરનો ઉચ્ચાર શુદ્ધ કરવા પૂર્વના અક્ષર પર ભાર મૂકવો.
- 'પણગ' પછી થોડું અટકી 'દગ-મટ્ટી' ત્યારબાદ 'મક્કડા-સંતાણા' સાથે બોલીને 'સંકમણે' અલગથી બોલવું.
- તે જ પ્રમાણે 'ઠાણાઓ ઠાણં સંકામિયા', 'જીવિયાઓ વવરોવિયા' સાથે બોલવું પણ તસ્સ-મિચ્છા-મિ-દુક્કડમ્ અલગ બોલવું.

## શ્રી ઇરિયાવહિયં સૂત્રની મહત્તા અંગે

હૃદય પૂર્વકના પશ્ચાત્તાપના ભાવ સાથે શ્રી અઇમુત્તા મહામુનિએ આ ઇરિયાવહિયં સૂત્ર (લઘુ પ્રતિક્રમણ સૂત્ર) બોલતાં-બોલતાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરેલ. આપણે પણ આ સૂત્ર પશ્ચાત્તાપથી ભાવવિભોર બનીને-ગદ્‌ગદિત બનીને બોલવાનો ઉપયોગ રાખવો જોઇએ.

શ્રી લઘુપ્રતિક્રમણ = માત્ર ગમનાગમનની ક્રિયાનું પ્રતિક્રમણ કહેવાય છે. આ સૂત્રનો ઉપયોગ રસ્તે જતાં-આવતાં (ગમનાગમન કરતાં) કોઇપણ જીવોની વિરાધનાનું પાપ લાગેલ હોય ત્યારે પૂ.સાધુ-સાધ્વીજી ભગવંત અને પૌષાર્થી તેમજ શ્રાવક-શ્રાવિકા કરતાં હોય છે. ૧૦૦ ડગલાંની બહાર જવાનું હોય ત્યારે, કદાચ ૧૦૦ ડગલાંની અંદર પણ જીવની વિરાધના થઇ હોય ત્યારે, સામાયિક - પૌષધ - ચૈત્યવંદન - દેવવંદન - સ્વાધ્યાય -ધ્યાનાદિ કરતાં પૂર્વે અને એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં પ્રવેશ કરતાં પૂર્વે આ ઇરિયાવહિયં સૂત્ર સર્વજીવની ક્ષમાપના માટે કરવામાં આવે છે. સર્વ જીવોની ક્ષમાપના કર્યા વગર અંતરમાં મૈત્રીભાવ ઉદ્‌ભવતો નથી. તે મૈત્રીભાવ વગરની તમામ ક્રિયા વ્યર્થ કહેવાય છે. તેથી 'ક્ષમા' પ્રધાન જૈનધર્મમાં આ સૂત્ર ખૂબ મહત્ત્વનું કહેવાયું છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## આરાધના - વિરાધના અંગે સમજ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગની ઉપાસના કરવી અર્થાત્ સંયમમાર્ગનું વિધિ પ્રમાણે પાલન કરવું તેને આરાધના કહેવાય છે. આવી આરાધનાથી વિપરીત - વિકૃત - આચરણ અથવા ખામી કે ભૂલયુક્ત આચરણ અને પ્રાણીને દુઃખ ઉપજે, તેવું આચારણ કરવું, તેને વિરાધના કહેવામાં આવે છે.

## તે વિરાધનાથી બચવા માટે આ 'ઇરિયાવહિયં સૂત્ર' બોલવામાં આવે છે. વિરાધના ચાર પ્રકારે છે

| | | |
|---|---|---|
| (૧) અતિક્રમ | :- | આરાધના ભંગ માટે કોઇ પ્રેરણા કરે અને પોતે તેનો નિષેધ ન કરે. |
| (૨) વ્યતિક્રમ | :- | વિરાધના માટે તૈયારી કરે. |
| (૩) અતિચાર | :- | કાંઇક અંશે દોષનું સેવન કરે. |
| (૪) અનાચાર | :- | સંપૂર્ણતયા આરાધનાનો ભંગ કરે. |

## શ્રી ઇરિયાવહિયં સૂત્ર દ્વારા વિરાધનાની ક્ષમાપના અંગે સમજ

जैन साईट
JAINSITE .com
જૈનમ જયતિ શાસનમ

- એકેન્દ્રિય = ૨૨, બેઇન્દ્રિય = ૨, તેઇન્દ્રિય = ૨,
- ચઉરિન્દ્રિય = ૨ = ૨૮
- પંચેન્દ્રિયમાં નરક = ૧૪, દેવ = ૧૯૮, મનુષ્ય = ૩૦૩, તિર્યંચ = ૨૦ = કુલ = ૫૬૩
- ૫૬૩ ભેદના જીવોને ૧૦ (અભિહયા...થી વવરોવિયા સુધી) પ્રકારે વિરાધના = ૫,૬૩૦
- ૨= (રાગ દ્વેષ), મન-વચન-કાયા =૩, કરણ-કરાવણ-અનુમોદન = ૩
- ભૂતકાળ - વર્તમાનકાળ-ભવિષ્યકાળ =૩, આ બધી વિરાધનાઓની ૬ની સાક્ષીએ માફી માંગુ છું અરિહંત-સિદ્ધ-સાધુ-સમ્યગ્દષ્ટિદેવ-ગુરુ અને આત્મા = ૬
- ૫૬૩૦ x ૨ x ૩ x ૩ x ૩ x ૬ = ૧૮,૨૪, ૧૨૦ (આ સૂત્ર દ્વારા અઢાર લાખ, ચોવિશ હજાર એકસોને વીશ પ્રકારની ક્ષમાપના માંગવામાં આવે છે)

## શ્રી ઇરિયાવહિયં સૂત્રની ૭ સંપદા અને તસ્સઉત્તરી સૂત્રની ૮ મી સંપદા કહેવાય છે

| | | |
|---|---|---|
| (૧) **અભ્યુપગમસંપદા** | : | આલોચના = પ્રતિક્રમણ રૂપ પ્રાયચ્છિત્તનું અંગીકાર કરવાપણું હોવાથી બે પદની સંપદા "ઇચ્છાકારેણ... થી... પડિક્કમિઉં" ॥૧॥ |
| (૨) **નિમિત્ત સંપદા** | : | વિરાધના થવાનું નિમિત્ત અર્થાત્ કયાં પાપ કાર્યની આલોચના કરવાની ? 'ઇરિયાવહિયાએ વિરાહણાએ' ॥૨॥ |
| (૩) **ઓઘસંપદા** | : | વિરાધના થવાનું સામાન્ય કારણ અર્થાત્ માર્ગમાં ગમનાગમન કરતાં વિરાધના થઇ હોય 'ગમણાગમણે' ॥૩॥ |
| (૪) **ઇત્તરહેતુ સંપદા** | : | વિરાધના થવાનાં વિશેષ કારણો... 'પાણક્કમણે... સંકમણે' ॥૪॥ |
| (૫) **સંગ્રહ સંપદા** | : | જે જીવની વિરાધના કરી હોય એનો સમૂહ 'જે મે જીવા વિરાહિયા' ॥૫॥ |
| (૬) **જીવ સંપદા** | : | સંગ્રહમાં ભેગા કરેલા જીવોના પ્રકાર દર્શાવ્યા 'એગિંદિયા... પંચિંદિયા' ॥૬॥ |
| (૭) **વિરાધના સંપદા** | : | તમામ પ્રકારના જીવોની ૧૦ પ્રકારે વિરાધના 'અભિહયા... વવરોવિયા... દુક્કડં' ॥૭॥ |
| (૮) **પ્રતિક્રમણ સંપદા** | : | જે જે પાપો થયા છે, તે તે પાપોનું પ્રતિક્રમણ 'તસ્સઉત્તરી... કાઉસ્સગ્ગં' ॥૮॥ |

આમાં પ્રથમ પાંચ સંપદા એ શ્રી ઇરિયાવહિયં સૂત્રની મુખ્ય સંપદા કહેવાય છે. તેમજ જીવ સંપદા, વિરાધના સંપદા અને પ્રતિક્રમણ સંપદા એ ચૂલિકા સંપદા કહેવાય છે.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





# ૭ 'શ્રી તસ્સ ઉત્તરી સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી તસ્સ ઉત્તરી સૂત્ર |
| ગૌણ નામ | : ઉત્તરીકરણ સૂત્ર |
| પદ | : ૬ |
| સંપદા | : ૧ |
| ગુરુ અક્ષર | : ૧૦ |
| લઘુ અક્ષર | : ૩૯ |
| સર્વ અક્ષર | : ૪૯ |



**વિષયઃ** પાપોની વિશેષ શુદ્ધિ કરવા કાયોત્સર્ગ્ કરવાનો સંકલ્પ.

દેવવંદન અને ચૈત્યવંદન કરતી વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વેળાની મુદ્રા.

પ્રતિક્રમણ અને આલોચના કરતી વખતે આ સૂત્ર બોલવા-સાંભળવાની સ્પષ્ટ મુદ્રા.

### ૮. પ્રતિક્રમણ સંપદા

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારીઅર્થ |
|---|---|---|
| તસ્સ ઉત્તરી-કરણેણં, | તસ્-સ ઉત્-તરી-કર-ણે-ણમ્, | તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે ઉત્તરીકરણનો ઉપાય, |
| પાયચ્છિત્ત-કરણેણં, | પાયચ્-છિત્-ત કર-ણે-ણમ્, | પ્રાયશ્ચિત કરવા માટે ( ગુરુ પાસે આલોચન કરવા માટે) |
| **પ્રાયશ્ચિતકરણનો ઉપાય** | | |
| વિસોહી-કરણેણં, | વિસો-હી-કર-ણે-ણમ્, | આત્માની વિશુદ્ધિ કરવા માટે (અંતરમેલને ટાળવા માટે) |
| **વિશોધીકરણનો ઉપાય** | | |
| વિસલ્લી-કરણેણં, | વિસલ્-લી-કરણે-ણમ્, | આત્માને શલ્યથી રહિત કરવા માટે |
| **કાયોત્સર્ગનું પ્રયોજન** | | |
| પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥ | પાવા-ણમ્ કમ્-માણમ્,નિગ્-ઘા-યણટ્-ઠાએ, ઠામિ કાઉસ્-સગ્-ગમ્ ॥૧॥ | પાપ કર્મોનો ઘાત કરવા માટે. કરું છું કાઉસ્સગ્ગ. ૧. |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારોની સામે શુદ્ધ ઉચ્ચારો.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| પાયછિત્ કર્ણેણં | પાયચ્છિત્ત કરણેણં |
| નિગ્ઘાયણ ઠાએ | નિગ્ઘાયણટ્ઠાએ |
| કાઉસગં | કાઉસ્સગ્ગં |

**અર્થ :-** (જે વિરાધનાનું પાપ થયુ હોય) તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે, પ્રાયશ્ચિત્ત માટે આત્માની વિશુદ્ધિ કરવા માટે, આત્માને શલ્યરહિત કરવા માટે, અને પાપ કર્મોનો ઘાત કરવા માટે કાયોત્સર્ગ = કાયાનો ત્યાગ (કાયોત્સર્ગ = કેટલાં આગાર (અપવાદ-વિકલ્પ) રહે છે, તે શ્રી અન્નત્થસૂત્રમાં જણાવેલ છે) કરુ છું. ૧.

## શ્રી તસ્સઉત્તરી સૂત્રની મહત્તા અને ગૂઢ રહસ્ય અંગે સમજ

વિરાધનાના પાપથી લેપાયેલો આત્મા 'ઈરિયાવહિયંસૂત્ર'થી શુદ્ધ થાય છે. તેમ છતાં જેટલી અશુદ્ધિ રહી હોય, તેને વિશેષ શુદ્ધ કરવા માટે આ સૂત્રમાં ક્રમ અનુસાર પ્રક્રિયા બતાવેલ છે.

૧. પાપરૂપી શલ્યને સહુ પ્રથમ બહાર લાવવાનો પ્રયત્ન કરવા માટે (ઉત્તરીકરણ).


૨. આલોચના- નિંદા- ગર્હા વગેરે રૂપી પ્રાયશ્ચિત વડે શલ્યને ઉપર લાવવા માટે (પ્રાયશ્ચિત્તકરણ).

૩. બીજી વિકૃતિ પેદા ન કરે તે માટે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના વડે આત્માની વિશુદ્ધિ કરવા માટે (વિશોધીકરણ).

૪. નિંદેલાં-ગર્હેલાં-આલોચેલાં તે પાપોને આત્માથી સદા બહાર કાઢવા માટે અને તે પાપોના ઉપદ્રવથી મુક્ત થવા કાયોત્સર્ગ કરવા માટે (વિસલ્લીકરણ).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| | | |
|---|---|---|
| ચૈત્યવંદન અને દેવવંદન વખતે સૂત્ર બોલવાની આ મુદ્રા. | પ્રતિક્રમણ માં રત્નત્રયીની શુદ્ધિ માટે સૂત્ર બોલતી-સાંભળતી વખતની આ મુદ્રા. | 'અપ્પાણં વોસિરામિ' બોલતા સાથેની મુદ્રા |

# ૮ 'શ્રી અન્નત્થ સૂત્ર'

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી અન્નત્થસૂત્ર |
| ગૌણ નામ | : | આગાર સૂત્ર |
| પદ | : | ૨૮ |
| સંપદા | : | ૫ |
| ગુરુ અક્ષર | : | ૧૩ |
| લઘુ અક્ષર | : | ૧૨૭ |
| સર્વ અક્ષર | : | ૧૪૦ |



**વિષય :** કાયોત્સર્ગની પ્રતિજ્ઞા, આગાર (છૂટ, અપવાદ), સમયની-મર્યાદા તથા સ્વરૂપનું વર્ણન.

## ૧. એકવચનાન્ત આગાર સંપદા

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| અન્નત્થ ઊસસિએણં, | અન્-નત્-થ ઊસ-સિ-એ-ણમ્, | સિવાય કે ઊંચો શ્વાસ લેવા વડે, |
| નીસસિએણં, | નીસ-સિ-એ-ણમ્, | નીચો શ્વાસ મૂકવા વડે, |
| ખાસિએણં, છીએણં, | ખાસિ-એ-ણમ્, છીએ-ણમ્ , | ઉધરસ આવવાથી, છીંક આવવાથી, |
| જંભાઇએણં, ઉડ્ડુએણં, | જમ્-ભા-ઇએ-ણમ્-ઉડ્-ડુએ-ણમ્, | બગાસુ આવવાથી, ઓડકાર આવવાથી, |
| વાયનિસગ્ગેણં, | વાય-નિ-સગ્-ગે-ણમ્, | વાછૂટ થવાથી, |
| ભમલીએ પિત્તમુચ્છાએ ॥૧॥ | ભમ-લીએ પિત્-ત મુચ્-છાએ ॥૧॥ | ચક્કર આવવાથી, પિત્તના પ્રકોપ વડે ચક્કર આવવાથી. ૧. |

**અર્થ:-** (૧) ઉંચો શ્વાસ લેવા વડે (૨) નીચો શ્વાસ મૂકવા વડે (૩) ઉધરસ આવવાથી (૪) છીંક આવવાથી (૫) બગાસુ આવવાથી (૬) ઓડકાર આવવાથી (૭) વાછૂટ થવાથી (૮) ચક્કર આવવાથી (૯) પિત્તના પ્રકોપ વડે મૂર્છા આવવાથી. ૧.

## ૨. બહુવચનાન્ત આગાર સંપદા

| | | |
|---|---|---|
| સુહુમેહિં અંગ સંચાલેહિં, | સુહુ-મે-હિમ્-અઙ્-ગ-સઞ્ (સન્)-ચા-લેહિમ્, | સૂક્ષ્મ રીતે શરીરનો સંચાર થવાથી, |
| સુહુમેહિં ખેલ સંચાલેહિં, | સુહુ-મે-હિમ્-ખેલ-સઞ્ (સન્)-ચા-લેહિમ્, | સૂક્ષ્મ રીતે થૂંક-કફનો સંચાર થવાથી, |
| સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં ॥૨॥ | સુહુ-મે-હિમ્-દિટ્-ઠિ-સઞ્ (સન્)-ચા-લેહિમ્ ॥૨ | સૂક્ષ્મ રીતે દૃષ્ટિનો સંચારથી. ૨. |

**અર્થ :-** સૂક્ષ્મરીતે શરીરનો સંચાર, થૂક-કફનો સંચાર, દૃષ્ટિનો સંચાર થવાથી. ૨.

## ૩. આગંતુક આગાર સંપદા

| | | |
|---|---|---|
| એવમાઇ એહિં આગારેહિં, | એવ-માઇ-એ-હિમ્, આગા-રે-હિમ્, | એ વગેરે (બીજા પણ ચાર), આગારો સિવાય |
| અભગ્ગો અવિરાહિઓ, | અભગ્-ગો અવિ-રાહિ-ઓ, | ભાંગ્યા વગરનો (અખંડિત) વિરાધના વગરનો |
| હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥ | હુજ્-જ મે કાઉસ્-સગ્-ગો ॥૩॥ | હોજો મારો કાયોત્સર્ગ. ૩. |

**અર્થ :-** આ આગાર તથા બીજા ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો. ૩.

● બીજા ચાર આગાર : (૧) અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાને જવું પડે તથા વિજળીના પ્રકાશથી વસ્ત્રાદિ ઓઢવું પડે (૨) બિલાડી, ઉંદર વગેરે આડાં ઉતરતાં હોય અથવા પંચેન્દ્રિય જીવનું છેદન-ભેદન થતું હોય તો બીજે સ્થાને જવું પડે (૩) અકસ્માત્ ચોરની ધાડ આવી પડે અથવા રાજાદિકના ભયથી બીજે જવું પડે અને (૪) સિંહ વગેરે ઉપદ્રવ કરતા હોય અથવા સર્પાદિક દંશ કરે તેમ હોય અથવા ભીંત પડે તેવી હોય તો બીજે સ્થાને જવું પડે.

## ૪. ઉત્સર્ગ અવધિ સંપદા

| | | |
|---|---|---|
| જાવ અરિહંતાણં ભગવંતાણં, | જાવ અરિ-હન્-તાણમ્ ભગ-વન્-તાણમ્, | જ્યાં સુધી અરિહંત ભગવંતને |
| નમુક્કારેણં ન પારેમિ ॥૪॥ | નમુક્-કારે-ણમ્ ન પારે-મિ ॥૪॥ | નમસ્કાર વડે ન પારું. ૪. |

**અર્થ:-** જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું. (૪.)





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## ૫. સ્વરૂપ સંપદા

| | | |
|---|---|---|
| તાવ કાયં, ઠાણેણં મોણેણં, | તાવ કાયમ્, ઠાણે-ણમ્, મોણે-ણમ્, | ત્યાં સુધી કાયાને સ્થાન વડે, મૌન વડે |
| ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥ | ઝાણે-ણમ્ અપ્-પા-ણમ્-વોસિ-રામિ ॥૫॥ | ધ્યાન વડે, પોતાને વોસિરાવું છું (ત્યાગ કરું છું)૫. |

**અર્થઃ-** ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે ધ્યાન વડે આત્માને વોસિરાવું છું. ૫.

### ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારોની સામે શુદ્ધ ઉચ્ચારો



| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| અનત્થ | અન્નત્થ |
| ખાસસિએણં | ખાસિએણં |
| જંભાએણં | જંભાઇએણ |
| ભમ્મલીએ | ભમલીએ |
| સુહમેહિ | સુહુમેહિં |
| સંચાલેહી | સંચાલેહિં |
| એવમાઇ આગારેહિ | એવમાઇ એહિં આગારેહિં |
| માણેણં | મોણેણં |
| વોસરામિ | વોસિરામિ |



### ૧૯ દોષ છોડીને કાયોત્સર્ગ કરવો જોઈએ, તે આ પ્રમાણે

(૧) ઘોડાની પેઠે એક પગ ઉંચો, વાંકો રાખે, તે ઘોટકદોષ (૨) વેલડીની જેમ શરીરને ધ્રુણાવે, તે લતાદોષ (૩) થાંભલા પ્રમુખને ઓઠીંગણ દઇ રહે, તે સ્તંભાદિ દોષ.(૪) ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રહે, તે માલદોષ (૫) ગાડાની ઉંધની પેઠે અંગુઠા તથા પાની મેળવીને પગ રાખે, તે ઉદ્ધિદોષ (૬) નિગડ (બેડી) માં પગ નાખ્યાની પેઠે પગ પહોળા રાખે, તે નિગડદોષ (૭) નગ્ન ભીલડીની જેમ ગુહ્ય સ્થાને હાથ રાખે, તે શબરીદોષ (૮) ઘોડાના ચોકડાની જેમ રજોહરણ (ચરવળા)ની દશી આગળ રહે તેમ હાથ રાખે, તે ખલિણદોષ (૯) નવ પરણીત વધૂની જેમ માથું નીચું રાખે, તે વધૂદોષ. (૧૦) નાભિની ઉપર અને ઢીંચણની નીચે લાંબુ વસ્ત્ર રાખે, તે લંબોત્તરદોષ (૧૧) ડાંસ મચ્છરના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદન કરી સ્ત્રીની જેમ ઢાંકી રાખે, તે સ્તનદોષ (૧૨) શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે, તે સંયતિદોષ. (૧૩) આલાવો ગણવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણવાને અંગુલી તથા પાંપણના ચાળા કરે, તે ભમુહંગુલિદોષ. (૧૪) કાગડાની જેમ ડોળા ફેરવે, તે વાયસદોષ (૧૫) પહેરેલાં વસ્ત્ર પરસેવાથી મલીન થવાના ભયથી કોઠ ની જેમ ગોપવી રાખે, તે કપિત્થદોષ. (૧૬) યક્ષાવેશિતની જેમ માથું ધૂણાવે, તે શિરઃકંપ દોષ (૧૭) મૂંગાની જેમ હું હું કરે, તે મૂકદોષ (૧૮) આલાવો ગુણતાં મદિરા પીધેલની જેમ બડબડાટ કરે, તે મદિરાદોષ અને (૧૯) વાનરની જેમ આસપાસ જોયા કરે, ઓષ્ઠપુટ હલાવે, તે પ્રેક્ષ્યદોષ કહેવાય છે.

સાધુ ભગવંત અને શ્રાવકને આ ૧૯ દોષ કાર્યોત્સર્ગમાં સંભવે. સાધ્વીજી ભગવંતને સ્ત્રી જાતિ હોવાથી શરીરનું બંધારણ તેવા પ્રકારનું હોવાથી ૧૦મો-૧૧મો-૧૨મો દોષ સિવાય ૧૬ દોષ સંભવે. શ્રાવિકાને પણ તે જ કારણે ૯મો-૧૦મો-૧૧મો-૧૨મો દોષ સિવાય ૧૫ દોષ સંભવે. જે ત્યાગ કરવો જરૂરી છે.

**લમ્બોત્તર દોષ એટલે ધોતી નાભી થી ૪ આંગળ નીચે ન પહેરવી અને ઘુટણ થી ચાર આંગળ ઉપર ન રાખવી, તે.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શુદ્ધ કાયોત્સર્ગ તથા કાયોત્સર્ગ ના ૧૯ દોષ

પ્રેક્ષ્ય દોષ



નિગડ દોષ

બે પગ વચ્ચે અંતર, ચરવળો પકડવાની રીત અને હોઠનો ફફડાટ સાથે ચારેકોર દૃષ્ટિ કરે, તે અવિધિ કહેવાય.

વાયસ દોષ    શિરઃકમ્પદોષ



કાગડાની જેમ ડોળા ફેરવે, તે અવિધિ કહેવાય.

સંયતિદોષ



ખેસથી આખી છાતી સ્ત્રીની જેમ ઢાંકી રાખવી, તે અવિધિ કહેવાય.

વધૂદોષ



ઘોટક દોષ

નવી પરણેલી સ્ત્રીની જેમ મોઢું નીચે ઢાળીને રાખવું અને ઘોડાની જેમ પગ ઉંચા નીચા રાખવા, તે અવિધિ કહેવાય.



શુદ્ધ કાઉસ્સગ્ગની મુદ્રા



શુદ્ધ કાઉસ્સગ્ગની મુદ્રા

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

શબરી દોષ



નગ્ન ભીલડીની જેમ બન્ને હાથને ગુહ્ય- સ્થાને ઢાંકી રાખવા, તે અવિધિ કહેવાય.

ભ્રૂઅઙ્ગુલી દોષ    ખલિણ દોષ



આંગળીના વેઢામાં કાઉસ્સગ્ગની સંખ્યા ગણવી, અથવા નવકારવાળીથી ગણવા, તે અવિધિ કહેવાય.




બગાસું આવે ત્યારે કાઉસ્સગ્ગમાં મુહપત્તિનો ઉપયોગ મુખ આગળ ન રાખવો, એક હાથમાં એક સાથે મહુપત્તિ ચરવળો રાખવો, તે એક અવિધિ



બન્ને હાથ જોડીને પગનું માપસર અંતર રાખ્યા વગર કાયોત્સર્ગ કરવો, તે અવિધિ કહેવાય.



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com



લોગસ્સ ઉજ્જોઅગરે,



ધમ્મ-તિત્થયરે-



જિણે ।



અરિહંતે કિત્તઇસ્સં
ચઉવીસં પિ કેવલી ॥૧॥

# શ્રી લોગસ્સ સૂત્ર



ઉસભ- -મજિઅં ચ વંદે,



સુવિહિં ચ પુપ્ફદંતં,



કુંથું અરં ચ મલ્લિં,



સંભવ- મભિણંદણં ચ સુમઇં ચ ।




સીયલ- સિજ્જંસ- વાસુપુજ્જં ચ ।



વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।



પઉમપ્પહં સુપાસં,



વિમલ- મણંતં ચ જિણં,



વંદામિ રિટ્ઠનેમિં



જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥



ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥



પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥



એવં મએ અભિથુઆ, વિહુયરય-મલા પહીણજર-મરણા ।
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥૫॥

કિત્તિય-વંદિય-મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।
આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥૬॥



ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસ-યરા ।



સાગર-વરગંભીરા,



સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



દેવવંદન – ચૈત્યવંદન વખતે આ સૂત્ર બોલતી–સાંભળતી વખતેની મુદ્રા



પ્રતિક્રમણ માં રત્નત્રયીની શુદ્ધિ માટે આ સૂત્ર બોલતી–સાંભળતી વખત ની મુદ્રા.



કાયોત્સર્ગ ધ્યાને આ સૂત્રનું ચિંતન કરતી વખતેની મુદ્રા



# ૯ 'શ્રી લોગસ્સ સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી લોગસ્સ (નામસ્તવ) સૂત્ર |
| ગૌણ નામ | : ચતુર્વિંશતિસ્તવ (ચઉવીસત્થય) |
| પદ | : ૨૮ |
| સંપદા | : ૨૮ |
| ગુરુ અક્ષર | : ૨૭, |
| લઘુ અક્ષર | : ૨૨૯ |
| સર્વ અક્ષર | : ૨૫૬ |



**વિષય:** શ્રી ૨૪ ભગવંતોની નામપૂર્વક સ્તવના કરી મોક્ષપદની માંગણી કરવામાં આવી છે.

છંદનું નામ:સિલોગો; રાગ: "દર્શનં દેવદેવસ્ય"... (પ્રભુ સ્તુતિ)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| લોગસ્સ ઉજ્જોઅગરે, | લો-ગસ્-સ ઉજ્-જોઅ-ગરે, | (કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત કરનારા, |
| ધમ્મ-તિત્થયરે જિણે । | ધમ્-મ-તિત્-થ-યરે જિણે । | ધર્મતીર્થના કરનાર (રાગદ્વેષને) જીતનારા, |
| અરિહંતે કિત્તઇસ્સં, | અરિ-હન્-તે-કિત્-ત-ઇસ્-સમ્, | અરિહંત ભગવંતનું હું કીર્તન કરીશ- |
| ચઉવીસંપિ કેવલી ॥૧॥ | ચઉ-વી-સમ્-પિ કેવ-લી ॥૧॥ | ચોવીશે પણ કેવળજ્ઞાની. ૧. |

છંદનું નામ:ગાહા; રાગ:- "જિણજમ્મસમયે મેરુસિહરે"....(સ્નાત્રપૂજા)

| | | |
|---|---|---|
| ઉસભમજિઅં ચ વંદે, | ઉસ-ભ-મજિ-અમ્ ચ વન્-દે, | ઋષભદેવ તથા અજિતનાથને હું વંદુ છું, |
| સંભવમ-ભિણંદણં ચ | સમ્-ભવ-મભિ-ણન્-દણમ્ ચ | સંભવનાથને, અભિનંદન સ્વામીને તથા |
| સુમઇં ચ । | સુમ-ઇમ્-ચ । | સુમતિનાથને, |
| પઉમપ્પહં સુપાસં, | પઉ-મપ્-પહમ્-સુપા-સમ્, | પદ્મપ્રભસ્વામીને, સુપાર્શ્વનાથને, |
| જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥ | જિણમ્ ચ ચન્-દપ્-પહમ્ વન્-દે ॥૨॥ | અને રાગ દ્વેષને જિતનારા ચંદ્રપ્રભસ્વામીને વંદન કરું છું. ૨. |

**અર્થ :-** (કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. શ્રી ઋષભદેવને તથા શ્રી અજિતનાથને, શ્રી સંભવનાથને, શ્રી અભિનંદનસ્વામીને, શ્રી સુમતિનાથને, શ્રી પદ્મપ્રભસ્વામીને, શ્રી સુપાર્શ્વનાથને તથા રાગ-દ્વેષને જિતનારા શ્રી ચંદ્રપ્રભસ્વામીને હું વંદન કરું છું. ૧.૨.

| | | |
|---|---|---|
| સુવિહિં ચ પુપ્ફદંતં, | સુવિ-હિમ્ ચ પુપ્-ફ-દન્-તમ્, | સુવિધિનાથ એટલે પુષ્પદંતસ્વામીને, |
| સીઅલ સિજ્જંસ- | સીઅ-લ સિજ્-જન્-સ | શીતલનાથને, શ્રેયાંસનાથને, |
| વાસુપુજ્જં ચ । | વાસુ-પુજ્-જમ્ ચ । | વાસુપૂજ્યસ્વામીને, |
| વિમલમણંતં ચ જિણં, | વિમલ-મણન્-તમ્ ચ જિણમ્, | વિમલનાથને, અનંતનાથને (રાગદ્વેષના) જીતનારા |
| ધમ્મં સંતિં ચ વંદામિ॥૩॥ | ધમ્-મમ્ સન્-તિમ્ ચ વન્-દામિ ॥૩॥ | ધર્મનાથને તથા શાંતિનાથને વંદન કરું છું. ૩. |

**અર્થ :-** શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ)પુષ્પદંતસ્વામીને, શ્રી શીતલનાથને, શ્રી શ્રેયાંસનાથને, શ્રી વાસુપૂજ્યસ્વામીને,શ્રી વિમલનાથને, શ્રી અનંતનાથને, જિનેશ્વર શ્રી ધર્મનાથને તથા શ્રી શાંતિનાથને હું વંદન કરું છું. ૩.

| | | |
|---|---|---|
| કુંથું અરં ચ મલ્લિં, | કુન્-થુમ્ અરમ્ ચ મલ્-લિમ્ , | કુંથુનાથને, અરનાથને તથા મલ્લિનાથને |
| વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ । | વન્-દે મુણિ-સુવ્-વયમ્ નમિજિણમ્ ચા | વંદન કરું છું, મુનિસુવ્રતસ્વામીને તથા નમિજિનેશ્વરને, |
| વંદામિ રિટ્ઠનેમિં, | વન્-દામિ રિટ્-ઠ-નેમિમ્, | હું વંદન કરું છું અરિષ્ટનેમિનાથને, |
| પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥ | પાસમ્ તહ વદ્-ધ-માણમ્ ચ ॥૪॥ | પાર્શ્વનાથને તથા શ્રી વર્ધમાનસ્વામીને. ૪. |

**અર્થ :-** શ્રી કુંથુનાથને, શ્રી અરનાથને, શ્રી મલ્લિનાથને, શ્રી મુનિસુવ્રતસ્વામીને અને શ્રી નમિનાથને, શ્રી અરિષ્ટ-નેમિનાથને, શ્રી પાર્શ્વનાથને અને શ્રી વર્ધમાનસ્વામીને હું વંદન કરું છું. ૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
| --- | --- | --- |
| એવં મએ અભિથુઆ, | એવમ્-મએ અભિ-થુઆ, | એ પ્રકારે મારા વડે (નામપર્વક) સ્તવના - |
| વિહુય-રયમલા-પહીણ- | વિહુ-ય-રય-મલા પહી-ણ | કરાયેલ (કર્મરુપ) રજ તથા મળ દૂર કર્યા છે - |
| જર-મરણા । | જર-મરણા । | (જેમણે) જરા અને મરણ સર્વથા ક્ષીણ થઇ ગયા છે, |
| ચઉવીસં પિ જિણવરા, | ચઉ-વી-સમ્-પિ જિણ વરા, | ચોવીશે પણ જે સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ઠ છે |
| તિત્થયરા મે પસીયંતુ ॥૫॥ | તિત્-થ-યરા મે પસી-યન્-તુ ॥૫॥ | એવા તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ. ૫. |

**અર્થ :-** આ રીતે મારા વડે સ્તવના કરાયેલ, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા (અને) મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકર દેવો મારી ઉપર પ્રસન્ન થાઓ. ૫.

| | | |
| --- | --- | --- |
| કિત્તિય-વંદિય-મહિયા, | કિત્-તિય-વન્-દિય-મહિ-યા, | જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન કરાયેલા વંદન કરાયેલા અને પૂજન કરાયેલા છે, |
| જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા । | જે એ લોગસ્-સ્ ઉત્-તમા સિદ્-ધા । | જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે, |
| આરુગ્ગ-બોહિલાભં, | આરુગ્-ગ બોહિ-લાભમ્, | તેઓ (મને) આરોગ્ય રૂપ સમ્યગ્દર્શનનો લાભ |
| સમાહિવર-મુત્તમં દિંતુ ॥૬॥ | સમાહિ-વર-મુત્-ત-મમ્ દિન્-તુ ॥૬॥ | અને ઉત્તમ સમાધિનું વરદાન આપો. ૬. |

**અર્થ :-** જેઓ ઈન્દ્રાદિ દેવતાઓ વડે કીર્તન-વંદન-પૂજન કરાયેલા છે,જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થાય છે, તેઓ (મને) આરોગ્ય અને સમ્યગ્દર્શનનો લાભ અને ઉત્તમ સમાધિનું વરદાન આપો. ૬.

| | | |
| --- | --- | --- |
| ચંદેસુ નિમ્મલયરા, | ચન્-દેસુ નિમ્-મ-લય-રા, | ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મલ, |
| આઇચ્ચેસુ અહિયં પયાસયરા । | આઇચ્-ચેસુ અહિ-યમ્ પયા-સયરા । | સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, |
| સાગર વર-ગંભીરા, | સાગર-વર-ગમ્-ભીરા, | શ્રેષ્ઠ સાગર જેવા ગંભીર, |
| સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥ | સિદ્-ધા સિદ્-ધિમ્ મમ દિસન્-તુ ॥૭॥ | એવા સિદ્ધ પરમાત્માઓ મને મોક્ષ આપો. ૭. |

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**અર્થ :-** ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મલ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર સિદ્ધ પરમાત્મા મને મોક્ષ આપો. ૭.

(નોંધ :- શ્રી લોગસ્સ સૂત્રમાં 'ચઉવિસંપિ'ના સ્થાને 'ચઉવ્વીસં'નો મત હોવાથી ગુરુ અક્ષર ૨૮ના બદલે ૨૯ થાય છે.)

## સૂત્રની આવશ્યક્તા અંગે કાંઈક

સવારે અને સાંજ પ્રતિક્રમણમાં છએ આવશ્યકોનું આચરણ થાય છે. આ છ આવશ્યકોમાં બીજું આવશ્યક ચતુર્વિંશતિ સ્તવ છે, તેમાં ૨૪ ભગવાનની સ્તવના કરાય છે. તે માટે આ લોગસ્સ સૂત્રનો ઉપયોગ કરાય છે. રત્નત્રયીની શુદ્ધિ માટે અને વિવિધ આરાધના માટે તેમજ ક્ષુદ્રોપદ્રવ-કર્મક્ષય આદિ માટે શ્રી લોગસ્સ સૂત્રનો કાયોત્સર્ગમાં સ્મરણ કરાય છે.

## ઉપયોગ ના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારોની સામે શુદ્ધ ઉચ્ચારો

| અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- |
| કિતઇસં | કિત્તઇસ્સં |
| સંભવ-મ્ભિઅણંદણં ચ | સંભવ-મભિણંદણં ચ |
| પઉમપહં | પઉમપ્પહં |
| ચંદપહં | ચંદપ્પહં |
| કુંથુ | કુંથું |
| એવ મહે અભિત્થુઆ | એવં મએ અભિથુઆ |
| વિહુયરયમલ્લા | વિહુય-રયમલા |
| સિદ્ધા સિદ્ધિ મમ દિસતુ | સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ |

## ક્યાં કેટલા પ્રમાણમાં કાયોત્સર્ગ કરવો ?


- 'કુસુમિણ દુસુમિણ'નો કાયોત્સર્ગ ખરાબ દુષ્ટ-સ્વપ્ન અથવા સ્વપ્ન રહિત રાત્રિ પસાર કરેલ હોય તો 'ચાર લોગસ્સ, ચંદેસુ- નિમ્મલયરા' સુધી કરાય અને ચોથા વ્રત સંબંધિત સ્ખલના=કુત્સિતસ્વપ્ન આવેલ હોય તો 'ચાર લોગસ્સ, સાગર-વર-ગંભીરા' સુધી.
- ક્ષુદ્રોપદ્રવનો નાશ કરવા અને છીંકનો કાઉસ્સગ્ગ પણ 'સાગરવરગંભીરા' સુધી કરાય. લઘુ શાંતિ અને બૃહત્ શાંતિસ્તવ આદિ શાંતિકર્મમાં સંપૂર્ણ લોગસ્સનો કાયોત્સર્ગ કરાય. કોઇપણ પદની આરાધના કે કર્મક્ષય નિમિત્તનો કાયોત્સર્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કરાય.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# ૨૪ જિનનામ દેહસ્થ ચક્રસ્થાનોમાં ન્યાસની વિધિ




સ્વાધિષ્ઠાન ચક્ર ચક્રસ્થાન = પેડું
ષટ્દલ પદ્મ





શંખીની ધ્યાનફલ : અવિકારી સંત પુરુષ બને છે

મણિપૂર ચક્ર ચક્રસ્થાન = આંતર
દશદલ પદ્મ




ધ્યાનફલ : સરસ્વતીની પૂર્ણકૃપા થાય છે.

મૂલાધાર ચક્ર ચક્રસ્થાન
ચતુર્દલપદ્મ કમર હાડ




ધ્યાનફલ : વક્તાશ્રેષ્ઠ પુરુષ વિનોદી આનંદીત આરોગ્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

અનાહત ચક્ર ચક્રસ્થાન = હૃદય
દ્વાદશદલ પદ્મ




ધ્યાનફલ : વચન રચનામાં સમર્થ, યોગીશ્વર, જ્ઞાનવાન, ઈન્દ્રિય વિજેતા બનાય છે.





વિશુદ્ધાખ્યા ચક્ર ચક્રસ્થાન = કંઠ
ષોડશદલ પદ્મ





ધ્યાનફલ : ઉત્તમ વક્તા, કાવ્ય રચનામાં સમર્થ શાંતિ ચિત્ત આરોગ્યવાન બને છે

આજ્ઞાખ્ય ચક્ર ચક્રસ્થાન = નેત્ર
દ્વિદલ પદ્મ




ધ્યાનફલ : વાક્ય સિદ્ધિ

શૂન્ય ચક્ર ચક્રસ્થાન = મગજ
સહસ્રદલ પદ્મ



ધ્યાનફલ : આકાશગામી સમાધિ યુક્ત મહાતપસ્વી હોય છે.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





## ઉચ્ચાર વગેરે અંગે સૂચનો

- આ સૂત્રમાં '●' અનુસ્વાર (મીંડી) અનેક અક્ષરો સાથે કુલ ૫૦ વાર આવે છે, તેથી પૂર્ણ કાળજી સાથે ઉચ્ચાર કરવો.
- આ સૂત્રમાં 'ચ' ૧૧ વાર આવે છે. તેમાં ૧૦ વાર 'ચ'નો અર્થ 'અને' થાય છે અને ૧ વાર (સુવિહિં ચ પુપ્ફદંતં) નો અર્થ 'અથવા' થાય છે.
- શ્રી સુવિધિનાથ ભગવાનનું બીજુ નામ'પુષ્પદંત' આ સૂત્રમાં છે. બીજી-ત્રીજી-ચોથી ગાથામાં ૨૪ પ્રભુજીનો સમાવેશ કરાયો છે. તેમાં 'વંદે','વંદામિ' બોલતી વખતે મસ્તક વિશેષ નમાવવું.
- શ્રી આદેશ્વર દાદા, શ્રી પદ્મપ્રભુ અને શ્રી ચન્દ્રપ્રભુ ઉચ્ચાર અશુદ્ધ છે.
- શ્રી આદીશ્વરદાદા, શ્રી પદ્મપ્રભસ્વામી અને શ્રી ચન્દ્રપ્રભસ્વામી ઉચ્ચાર શુદ્ધ છે.
- 'સંભવ-મભિણંદણં ચ' નો ઉચ્ચાર કરતાં 'સંભવમભિણં દણં ચ' ન બોલવું.
- આ સૂત્રની બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં ૨૫ નામો દ્વારા ૨૪ ભગવાનનું સ્મરણ કરાય છે.

## શ્રી લોગસ્સ સૂત્રના સાડા- ત્રણ વલય અંગે સમજૂતી

શરીરના સાત ચક્રો ઉપર સાડા ત્રણ વલયમાં કુંડલિની નામની સૂક્ષ્મ સુષુપ્ત શક્તિને જાગૃત કરવા અને કાયોત્સર્ગનું ધાર્યું ફળ મેળવવા આ પ્રમાણે ધ્યાન કરવું જોઈએ.

મૂલાધાર આદિ સાત ચક્રોમાં સાડા ત્રણ વલયના સહારે ચોવીશ તીર્થંકર પરમાત્માનું સ્મરણ કરાય છે. તેમાં પહેલા ચિત્રમાં બતાવ્યા અનુસાર પહેલા વલય માં શ્રી ઋષભદેવ ભગવાન થી શ્રી સુપાર્શ્વનાથ ભગવાન સુધી (સાત ભગવાનનું) સ્મરણ કરીને અંતે 'જિણં' શબ્દ મૂક્યો છે. બીજા વલયમાં શ્રી ચંદ્રપ્રભસ્વામી થી શ્રી અનંતનાથ ભગવાન સુધી (સાત ભગવાનનું) સ્મરણ કરીને અંતે 'જિણ' શબ્દ મૂક્યો છે. ત્રીજા વલયમાં શ્રી ધર્મનાથ થી શ્રી નેમિનાથ ભગવાન સુધી, (સાત ભગવાનનું) સ્મરણ કરીને અંતે 'જિણ' શબ્દ મૂક્યો છે. ચોથા અડધા વલયમાં શ્રી અરિષ્ઠ નેમિનાથથી શ્રી વર્ધમાન સ્વામી ભગવાન સુધી, (ત્રણ ભગવાનનું) સ્મરણ કરાય છે. પ્રથમ ત્રણ વલયના અંતે 'જિણ' શબ્દ મૂકેલો હોવાથી અંતિમ (છેલ્લા) ત્રણ ભગવાનને ચોથા અડધા વલયમાં સ્મરણ કરાય છે.

## સાત ચક્રના નામ-સ્થાન અને વલયોમાં ૨૪ ભગવાનનું વિવરણ

| | નામ | સ્થાન | ૧લું વલય | ૨મું વલય | ૩મું વલય | ૪મું વલય |
|---|---|---|---|---|---|---|
| ૧. | મૂલાધાર ચક્ર | પાછળના ભાગે નીચે | ઉસભ | ચંદપ્પહં | ધમ્મં | રિટ્ઠનેમિં |
| ૨. | સ્વાધિષ્ઠાન ચક્ર | નાભિથી નીચે આગળ | મજિઅં | સુવિહિં | સંતિં | પાસં |
| ૩. | મણિપૂર ચક્ર | નાભિના સ્થાને | સંભવ- | સીયલ | કુંથું | વદ્ધમાણં |
| ૪. | અનાહત ચક્ર | હૃદયના સ્થાને | મભિણંદણં | સીજ્જંસ | અરં | |
| ૫. | વિશુદ્ધ ચક્ર | કંઠના સ્થાને | સુમઇં | વાસુપુજ્જં | મલ્લિં | |
| ૬. | આજ્ઞા ચક્ર | લલાટના સ્થાને | પઉમપ્પહં | વિમલ- | મુણિસુવ્વયં | |
| ૭. | સહસ્રાર ચક્ર | શિખાના સ્થાને | સુપાસં | મણંતં | નમિં | |


## સાડા ત્રણ વલયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની આરાધના

૧. **દર્શન** : ૧લું વલય પુરું થતાં સાતમા ભગવાન શ્રી સુપાર્શ્વનાથ પાસે આવ્યા. તેથી સમ્યગ્દર્શનગુણની પાસે આવ્યા. (સુપાસં = સારા ની પાસે)

૨. **જ્ઞાન** : ૨ જુ વલય પૂરું થતાં ચૌદમાં શ્રી અનંતનાથ ભગવાન આવ્યા. (અનંત અનંત = જ્ઞાન)

૩. **ચારિત્ર** : ૩જુ વલય પૂરું થતાં એકવીશમાં શ્રી નમિનાથ ભગવાન આવ્યા. (નમિ=નમ્રતા=સમ્યક્ ચારિત્ર)

૪. **તપ** : ૪ થું વલય અડધું પૂરું થતા ચોવીશમાં શ્રી મહાવીરસ્વામી ભગવાન આવ્યા. (મહાવીર = પૂર્ણ તપસ્વી =સમ્યક્તપ)





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૧૦ 'શ્રી કરેમિ ભંતે ! સૂત્ર'



'સામાયિક દંડક' સૂત્રના શ્રવણ (સાંભળતી) અને બોલતી વખત ની વિનમ્ર મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ : | શ્રી કરેમિ ભંતે ! સૂત્ર |
| ગૌણ નામ : | પચ્ચક્ખાણ સૂત્ર |
| ગુરુ અક્ષર : | ૭ |
| લઘુ અક્ષર : | ૬૯ |
| સર્વ અક્ષર : | ૭૬ |

**વિષયઃ** સાવદ્યપ્રવૃત્તિના ત્યાગ સ્વરૂપ પ્રાયઃ શાશ્વત સૂત્ર છે.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| કરેમિ ભંતે ! સામાઇઅં, | કરે-મિ-ભન્-તે ! સામા-ઇ-અમ્, | હું કરું છું હે ભગવંત ! સામાયિક |
| સાવજ્જં જોગં પચ્ચક્ખામિ; | સાવજ્-જમ્-જોગમ્ પચ્-ચક્-ખામિ; | સાવદ્ય (પાપવાળા)યોગનું પચ્ચક્ખાણ કરું છું. |
| જાવ નિયમં પજ્જુવાસામિ, | જાવ નિય-મમ્ પજ્-જુ-વાસા-મિ, | જ્યાં સુધી નિયમમાં રહેલો છું |
| દુવિહં તિવિહેણં, | દુવિ-હમ્ તિવિ-હે-ણમ્, | બે રીતે, ત્રણ પ્રકારે (એટલે) |
| મણેણં, વાયાએ, કાએણં, | મણે-ણમ્ વાયા-એ, કાએ-ણમ્, | મનથી, વચનથી, કાયાથી |
| ન કરેમિ, ન કારવેમિ, | ન કરે-મિ, ન કાર-વેમિ, | ન કરું, ન કરાવું. |
| તસ્સ ભંતે ! પડિક્કમામિ, | તસ્-સ ભન્-તે ! પડિક્-કમા-મિ, | તે સંબંધી હે ભગવંત ! |
| નિંદામિ ગરિહામિ, | નિન્-દામિ - ગરિ-હામિ, | (આત્મસાક્ષીએ) નિંદુ છું (ગુરુસાક્ષીએ) વિશેષ નિંદું (ગર્હા કરું) છું |
| અપ્પાણં વોસિરામિ. ॥૧॥ | અપ્-પા-ણમ્ વોસિ-રામિ. ॥૧॥ | અને એ પાપરૂપ આત્માનો(હું)ત્યાગ કરું છું.૧. |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| સાવજં | સાવજ્જં |
| નિયમ | નિયમં |
| તવિએણં | તિવિહેણં |
| પડિકમમિ | પડિક્કમામિ |

**અર્થ :-** હે ભગવંત ! હું સામાયિક કરું છું તેમાં પાપ વ્યાપારનું (સાવદ્ય યોગનું) પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરું છું. જ્યાં સુધી નિયમમાં રહેલો છું, ત્યાં સુધી બે રીતે, ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી (પાપવ્યાપારને) સાવદ્ય યોગને હું કરીશ નહિ અને કરાવીશ નહિ. હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા તે પાપોથી હું પાછો ફરું છું. તેની આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુભગવંતની સાક્ષીએ ગર્હા કરું છું. એ પાપરૂપ આત્માનો હું ત્યાગ કરું છું.

## આ સૂત્રના ગૂઢ રહસ્યો

- 'ભંતે !' બોલતી વખતે પ્રશ્ન પૂછતા હોઇએ, તેવો રણકાર નમ્રભાવે લાવવો.
- સામાયિકમાં 'જાવ નિયમં', પૌષધમાં 'જાવ પોષહં' અને વાચના - વ્યાખ્યાન શ્રવણ વખતે 'જાવ સુયં' (જ્યા સુધી વ્યાખ્યાન-વાચના ચાલે ત્યાં સુધી) બોલાય છે.
- પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો જીવનભરનું સામાયિક દીક્ષા ગ્રહણ કરતી વખતે લેતાં હોવાથી તેઓ 'જાવ નિયમં'ના બદલે 'જાવજ્જીવાએ' અને 'દુવિહં તિવિહેણ' ના બદલે તિવિહં તિવિહેણં અને 'ન કરેમિ ન કારવેમિ'ની સાથે 'કરંતંપિ અન્નં ન સમણુજાણામિ' બોલે છે.
- આરંભ - સમારંભનો ત્યાગ સામાયિક લેનાર ગૃહસ્થ કરતો હોવાથી 'સાધુ જેવો' પણ કહેવાય છે.
- શ્રી તીર્થંકર પરમાત્મા દીક્ષા ગ્રહણ કરે ત્યારે આ સૂત્ર 'ભંતે' સિવાય સાધુ યોગ્ય પચ્ચક્ખાણ કરતા હોવાથી અતિ મહિમાવંત કહેવાય છે. તેથી પ્રાયઃ શાશ્વત પણ કહેવાય છે.

## છ આવશ્યક નો ગર્ભિત અર્થ 'કરેમિભંતે'માં

(૧) 'હું સામાયિક કરું છું.' (= કરેમિ સામાઇઅં) શબ્દ દ્વારા સમતાભાવની પ્રાપ્તિ = સામાયિક - આવશ્યક.

(૨) 'હે ભગવંતો' = (કરેમિ ભંતે!) શબ્દ દ્વારા ચોવીશે ભગવન્તોની સ્તુતિ = ચઉવીસત્થો-આવશ્યક.

(૩) 'હે ભગવંતો ! હું તમને નમસ્કાર કરીને પાપો નહિ કરવાની પ્રતિજ્ઞા કરું છું.' = (તસ્સ ભંતે !) = વંદન - આવશ્યક.

(૪) 'હું પાપોની ક્ષમા માંગુ છું.' (=પડિક્કમામિ)= પ્રતિક્રમણ - આવશ્યક.

(૫) હું મારા આત્માને આવાં પાપોની ક્ષમા માટે કાયાને સ્થિર કરું છું (=અપ્પાણં વોસિરામિ) = કાઉસ્સગ્ગ - આવશ્યક.

(૬) 'હે પ્રભુ ! હું આ સામાયિકમાં પાપવાળા કામ નહિ કરવાની પ્રતિજ્ઞા કરું છું' (=સાવજ્જં જોગં પચ્ચક્ખામિ) =પચ્ચક્ખાણ-આવશ્યક.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૧૧ 'શ્રી સામાઈય-વયજુત્તો સૂત્ર'



સામાયિક પારતી વખતેની મુદ્રા

આદાન નામ : શ્રી સામાઇયવયજુત્તો સૂત્ર; ગૌણ નામ:સામાયિક પારવાનું સૂત્ર

| | |
|---|---|
| પદ | : ૮ |
| સંપદા | : ૮ |
| ગાથા | : ૨ |
| ગુરુ અક્ષર | : ૭ |
| લઘુ અક્ષર | : ૬૭ |
| સર્વ અક્ષર | : ૭૪ |



**વિષય :** વારંવાર સામાયિક કરવાથી થતા લાભ અને તેમાં લાગેલા દોષની ક્ષમા યાચના.

છંદનું નામ:ગાહા; રાગ: મચકુંદ ચંપમાલાઈ...(સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણ માં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| સામાઇય વયજુત્તો, | સામા-ઇય વય-જુત્-તો, | સામાયિક વ્રતથી યુક્ત |
| જાવ મણે હોઇ નિયમ-સંજુત્તો । | જાવ મણે હોઇ નિયમ-સઞ્ (સન્)-જુત્-તો । | જ્યાં સુધી મન હોય નિયમથી સંયુક્ત (ત્યાં સુધી) |
| છિન્નઇ અસુહં કમ્મં, | છિન્-નઇ અસુ-હમ્ કમ્-મમ્, | છેદે છે અશુભ કર્મને |
| સામાઇય જત્તિયા વારા ॥ ૧॥ | સામા-ઇઅ જત્-તિયા-વારા ॥૧॥ | સામાયિક જેટલી વાર કરે. ૧. |

**અર્થ :-** સામાયિક વ્રતથી યુક્ત જીવનું મન જ્યાં સુધી નિયમથી સંયુક્ત હોય ત્યાં સુધી જેટલી વાર સામાયિક કરે છે, તેટલી વાર અશુભ કર્મને છેદે છે. ૧.

| | | |
|---|---|---|
| સામાઇઅમ્મિ ઉ કએ, | સામા-ઇ-અમ્-મિ ઉ કએ, | સામાયિક વળી કરતી વખતે |
| સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા । | સમ-ણો ઇવ સાવ-ઓ હવઇ જમ્-હા । | સાધુ જેવો શ્રાવક થાય છે જે કારણ થી |
| એએણ કારણેણં, | એ-એ-ણ કાર-ણે-ણમ્, | એ કારણથી |
| બહુસો સામાઇઅં કુજ્જા ॥૨॥ | બહુ-સો સામા-ઇ-અમ્ કુજ્-જા ॥૨॥ | બહુવાર સામાયિક કરવું જોઇએ. ૨. |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| છિનઈ | છિન્નઈ |
| જતિયા | જત્તિયા |
| ઉકકએ ઉ | કએ |
| એએણ કારણેણ | એએણ કારણેણં |
| હું | હુ |
| વચન | વચનના |

**અર્થ:-** વળી સામાયિક કરતી વખતે જે કારણથી શ્રાવક સાધુ જેવો થાય છે એ કારણથી બહુવાર સામાયિક કરવું જોઇએ. ૨.

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિ ચ્છા મિ દુક્કડં. દશ- મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ દોષમાંહિ (માંહે) મારે જીવે જે કોઇ દોષ લાગ્યો હોય તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

## સામાયિકમાં ત્યાગ કરવાના ૩૨ દોષો

**મનના દશ દોષ :** (૧) વૈરી દેખી દ્વેષ કરે (૨) અવિવેક ચિંતવે (૩) અર્થ ન ચિંતવે (૪) મનમાં ઉદ્વેગ ધરે (૫) યશની વાંછા કરે (૬) વિનય ન કરે (૭) ભય ચિંતવે (૮) વ્યાપાર ચિંતવે (૯) ફળનો સંદેહ રાખે અને (૧૦) હાંસી કરે

**વચનના દશ દોષ :** (૧) કુવચન બોલે (૨) હુંકાર કરે (૩) પાપ આદેશ આપે (૪) લવારો કરે (૫) કલહ કરે (૬) આવો જાઓ કહે (૭) ગાળ બોલે (૮) બાળક રમાડે (૯) વિકથા કરે અને (૧૦) હાંસી કરે.

**કાયાના બાર દોષ :** (૧) આસન ચપળ હોય (૨) ચારે દિશાએ જુએ (૩) સાવદ્ય કામ કરે (૪) આળસ મરડે (૫) અવિનય બેસે (૬) ઓઠું લઇ બેસે (૭) મેલ ઊતારે (૮) ખરજ ખણે (૯) પગ ઉપર પગ ચઢાવે (૧૦) અંગ ઉઘાડું મૂકે (૧૧) અંગ ઢાંકે અને (૧૨) ઉંઘે( એ સર્વે મળી બત્રીશ દોષ સામાયિકમાં અયતનાથી લાગે છે, તે તજવા જોઈએ.)

## ઉચ્ચાર શુદ્ધિ અંગેનાં સૂચનો

૧. 'કરેમિ ભંતે !' સૂત્રમાં 'નિયમં' , આવે છે, આ સૂત્રમાં "નિયમ" આવે છે, તે ખ્યાલ રાખવું.

૨. 'હુ' નો અર્થ 'પોતે' નહિ, પણ 'ખરેખર' થાય છે, તેનો ઉપયોગ રાખવો.

## સૂત્ર રચના અંગે સમજૂતિ

પહેલી બે ગાથા પ્રાકૃત છે. છેલ્લી બે ગાથા ગુજરાતીમાં છે. શ્રી વર્ધમાનસૂરિકૃત 'આચાર-દિનકર', શ્રી મહિમાસાગરજી કૃત 'ષડાવશ્યક વિવરણ' વગેરે જે પાઠોના છેલ્લાં વાક્યોનું ગુજરાતીકરણ થયેલ છે. તે ૧૯મી સદીથી આ સૂત્ર ની પછી તે બોલવાની પરંપરા શરૂ થઈ હોય, તેમ જણાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સામાયિક પારવાની મુદ્રા

પ્રતિક્રમણ ઠાવતી વખતે,
પચ્ચક્ખાણ પારતી વખતે,
ક્રિયાના અંતે 'મિચ્છા મિ દુક્કડં'
માંગતી વખતે ચરવાળા/રજોહરણ પર
જમણા હાથે મુઠ્ઠિવાળીને અને ડાબા હાથને
મુખ આગળ રાખીને કરવા યોગ્ય ક્રિયાનું
સ્પષ્ટ ચિત્ર



## સામાયિકમાં કાયાના ૧૨ દોષ



વારંવાર વગર કારણે ઉભા થવું અને આસન ઉપાડવું.



ચારેબાજુ જોયા કરવું.



પગ ઉપર પગ ચઢાવી ને બેસવું.

जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્



ચરવળાની દાંડીથી ખંજવાળ દૂર કરવી.



હથેલીમાં માથુ રાખીને સૂઈ જવું.



આખા શરીરને વસ્ત્રથી ઢાંકી દેવું.



બન્ને પગોને બન્ને હાથોથી બાંધીને આલસ-પ્રમાદ કરવો.



શરીરના મેલ ને હાથથી ઘસીને કાઢવું કે પ્રયત્ન કરવો.



બાળકો સાથે રમવું કે ઝગડો કરવો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સામાયિકનાં ઉપકરણો

(૧) **પુરુષ માટે ધોતીયું - ખેસ :** ઓટ્યા - સિવ્યા વગરના અખંડ - સફેદ - સુતરાઉ અને સ્વચ્છ હોવાં જોઇએ. ખેસ બન્ને બાજુ છેડે દશીવાળો રાખવો.

**સ્ત્રીઓ માટે ત્રણ વસ્ત્ર :** મર્યાદા સચવાય અને મસ્તક ઢંકાય તેવા (આછા રંગનાં) સુતરાઉ - અખંડ - સ્વચ્છ વસ્ત્ર રાખવાં જોઇએ.

(૨) **કટાસણું :** દોઢ હાથ લાંબુ-પહોળુ, ગરમ-સ્વચ્છ-ઓટ્યા-સીવ્યા વગરનું અને જયણાનું પાલન બરાબર થાય માટે સફેદ જ વાપરવું.

(૩) **મુહપત્તિ :** ૧૬ આંગળ x ૧૬ આંગળ (૧ વેંત અને ૪ આંગળ) સમચોરસ, સુતરાઉ-સ્વચ્છ-એક કિનાર બંધ અને ઓટ્યા વગર-અક્ષર રહિત હોવી જોઇએ.

(૪) **ચરવળો :** પુરુષો માટે ગોળ દાંડીનો અને સ્ત્રીઓ માટે ચોરસ દાંડીનો હોવો જોઇએ. દશીઓ ગરમઉનની ઉપરથી વણેલી અને નીચેથી વણ્યા વગરની હોવી જોઇએ. દાંડી સુખડ સીસમ- સેવન આદિ કાષ્ટ (લાકડા)ની જ વપરાય. (દાંડી + દશીનું માપ = ૩૨ આંગળ અથવા ૨૪ આંગળ દાંડી + ૮ આંગળ દશી કે ૨૦ આંગળ દાંડી + ૧૨ આંગળ દશી)

(૫) **સાપડો અને પુસ્તક :** લાકડાનો સાપડો અને સ્વાધ્યાયમાં ઉપયોગી પુસ્તક રાખવું.

(૬) **મોરપીંછી :** પુસ્તકનાં પાનાં ફેરવતી વખતે તેને પૂંજવા માટે મોરપીંછી રાખવી.

(૭) **નવકારવાળી :** પૂ. ગુરુભગવંત પાસે મંત્રાવેલી સુતરાઉ-સ્વચ્છ નવકારવાળી લાકડાની ડબ્બીમાં રાખવી.

(૮) **સ્થાપનાચાર્યજી :** અક્ષના સ્થાપનાજી ન હોય તો કોઈપણ પુસ્તક વગેરેને નાભિની ઉપર અને નાકથી નીચે આવે, તેમ સાપડા આદિમાં પધરાવવાં જોઈએ.

(૯) **કંબલ :** ગરમ ઉનનીશાલ લઘુશંકા (પેશાબ) આદિના નિવારણ માટે સાથે રાખવી. મોટા પ્રતિક્રમણમાં ખાસ રાખવી.

## કર્મ બંધમાં સહાયક સામાયિક આદિનાં અધિકરણો

શાસ્ત્રમાં બતાવેલાં કર્મ નિર્જરામાં સહાયક ઉપકરણો વધારે કે ઓછાં અથવા અસ્થાને ઉપયોગ કરવાથી તે 'અધિકરણો' બનતાં હોય છે. તેમજ કર્મબંધમાં સહાયક પણ બનતાં હોય છે.

(૧)(a) **પુરુષો માટે ધોતીયું -** ખેસના બદલે (પાયજામો, ચડ્ડી, પાટલૂન આદિ સીવેલા વસ્ત્રો ન જ પહેરાય) : પોલીસ્ટર, ટેરીલીન, સીન્થેટીક, રેશમી તેમજ પ્રમાણથી અધિક કે ઓછા માપનાં, મેલાં, ઝાડો, પેશાબ કરેલાં અશુદ્ધ અને જૂનાં પૂજાનાં વસ્ત્ર પહેરવાં અને ધોતી પહેરતાં ગાંઠ બાંધવી તે અધિકરણ કહેવાય છે.

(b) **સ્ત્રીઓ માટે વેષ :** મર્યાદા ન સચવાય તેવાં અને ત્રણથી અધિક વસ્ત્ર રાખે તેમજ સુતરાઉ સિવાયના તથા ઝાડો-પેશાબ કરેલાં અશુદ્ધ રાખે તો તે અધિકરણ...

(લૂંગીની જેમ ધોતીયું ક્યારેય પણ ન જ પહેરાય) (નોંધ :- સામાયિક - પૌષધ કરતી વખતે પુરુષો સાધુ ભગવંત જેવા અને સ્ત્રીઓ સાધ્વીજી ભગવંત જેવી કહેવાય છે. તેથી પુરુષોએ કોઇપણ પ્રકારના અલંકાર જેમકે વીટી, દોરો, ઘડિયાળ, બ્રોસલેટ આદિ પહેરીને રખાય નહિ અને બહેનોએ સૌભાગ્ય ચિહ્ન સિવાય કાંઇપણ ન પહેરાય. વિજાણુ (ઇલેક્ટ્રીક) ઘડિયાળ આદિ કોઇ પણ સાધન પહેરાય-રખાય કે સ્પર્શ પણ કરાય નહિ.)

(૨) **કટાસણું :** કેશમીલોનની બનાવટના, હાથથી ગૂંથેલા, ઓટેલા-સીવેલા તેમજ રંગ-બેરંગી રાખે અને અનેક વચ્ચે એક શાલ રાખે કે સુતરાઉ રાખે તો અધિકરણ બને. (એક જ પડનું હોવું જરૂરી છે. છતાં શારીરિક પ્રતિકૂળતાના કારણે અધિક પાથરવું પડે તો પૂ. ગુરુભગવંતની અનુજ્ઞા મેળવે તો અધિકરણ ન બને)

(૩) **ચરવળો :** પુરુષ ચોરસદાંડીનો અને સ્ત્રી ગોળદાંડીનો રાખે, દાંડી પ્લાસ્ટીક, એલ્યુમીનીયમ, સ્ટીલ, ચાંદી કે સોનાની ઘુઘરી સાથે રાખે, બત્રીશ આંગળથી અધિક કે હીન રાખે, દશી ગરમઉનની ન રાખે કે આખી વણ્યા વગરની રાખે તો અધિકરણ બને. (ચરવળામાં ચાવી-નવકારવાળી કે ફૂમતાં ન રખાય તેમજ સ્વચ્છ રખાય.) ચરવળાની દાંડીથી ખંજવાળ દૂર કરવી, દશીથી મચ્છર-માખી ભગાડવાં, ખભા ઉપર મૂકીને અન્ય ક્રિયા કરવી તે પણ અધિકરણ કહેવાય છે.

(૪) **મુહપત્તિ :** સુતરાઉ સિવાયની પોલીસ્ટર, રેશમી રાખે, અક્ષરવાળી રાખે, ઓટેલી અને એક કિનાર બંધ ન હોય તેવી રાખે, ૧૬ આંગળથી વધારે કે ઓછી, મેલી રાખે અને ફાટેલી-કાણાવાળી રાખે, ઉંધી રાખે તો અધિકરણ બને.

(૫) **પુસ્તક-સાપડો :** પુસ્તકને કટાસણા ઉપર કે પગ ઉપર અથવા નીચે જમીન પર રાખે, સાપડો પ્લાસ્ટીક આદિ નિમ્નકક્ષાનો રાખે અથવા તુટેલો-ભાંગેલો રાખે અને છાપા-મેગેઝીન-પૂર્તિ આદિ વાંચન કરે તો અધિકરણ બને. (પુસ્તકને કટાસણું-ચરવળો-મુહપત્તિ કે નાભિથી નીચેનાં અંગ સ્પર્શવાં ન જોઇએ.)

(૬) **કાંબલી :** રેશમ કે કેશમીલોનની રાખે, રંગ-બેરંગી રાખે, પ્રમાણ કરતાં ઓછી કે વધારે લાંબી-પહોળી રાખે (મસ્તકથી લઇને બન્ને હાથ અને અડધુ શરીર ઢંકાવવું જોઇએ.) કાંબળીકાલમાં ઓઢ્યા પછી તુરંત વાળીને રાખે, અસ્વચ્છ રાખે, ખરડાયેલી, ફાટેલી-કાણાવાળી રાખે તો તે અધિકરણ બને.

(૭) **માતરીયું :** જુના પૂજાના વસ્ત્રો રાખે, સુતરાઉ સિવાય ના રાખે, ફાટેલાં-સાંધેલાં-સીવેલાં-ઓટેલાં અને કાણાવાળા રાખે, લૂંગી કે ટુવાલની જેમ પહેરે અથવા મેલા-ઘેલા રાખે તો તે અધિકરણ બને.

## સામાયિક લેવાની વિધિ

- શુદ્ધ - સ્વચ્છ - અખંડ અને સુતરાઉ વસ્ત્ર પહેરવા. (ધોતીયું પહેરતાં ગાંઠ ન મારવી)
- ચરવળાથી હળવા હાથે જમીનને પૂંજીને કટાસણું પાથરવું.
- નાભિથી ઉપર - નાસિકાથી નીચે રહે તેમ સ્થાપનાચાર્યજી પધરાવવા.
- સ્વાધ્યાયમાં ઉપયોગી પુસ્તક સુયોગ્ય સાપડા પર



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખવું. નવકારવાળી ડબ્બીમાં રાખવી.
- સમયનો ઉપયોગ રાખવા રેતીવાળી ઘડી અથવા ચાવીવાળી ઘડિયાળ યોગ્ય આંતરે રાખવી.
- બારી–બારણાને સાધના દરમ્યાન બંધ–ખોલ ન કરવા પડે, તેવી પરિસ્થિતિમાં રાખવા.

(૧) ઉભડક પગે બેસીને જમણા હાથની હથેળી સર્પાકારે પુસ્તક + સાપડા સ્વરૂપ સ્થાપનાચાર્યજી સામે અને ડાબાહાથની હથેળીમાં બંધ કિનાર વાળો ભાગ બહાર દેખાય તેમ મુહપત્તિ મોઢાથી ત્રણ આંગળ આગળ રાખીને **'શ્રી નમસ્કાર મહામંત્ર અને શ્રી પંચિંદિયસૂત્ર'** બોલવા દ્વારા સ્થાપના કરવી.
– સ્થાપનાચાર્યજીને સ્થાપ્યા પછી તે અંશ માત્ર પણ હલવા ન જોઇએ અને એક સ્થાનેથી બીજા સ્થાને અનિવાર્ય સંજોગ સિવાય લઇ ન જવાય .
– બે ઘડીના સામાયિકમાં કારણ વિના ઉઠ–બેસ, હલન–ચલન, ગમનાગમન આદિ ન કરાય અને વ્યાખ્યાન–વાંચના–ગાથા લેવા– દેવાંની ક્રિયા વખતે ગુરુવંદન કરાય પણ તે સિવાય ન કરાય.

(૨) 'ગુરુ સ્થાપના' કર્યા પછી સત્તર સંડાસા (પ્રમાર્જના) પૂર્વક **એક ખમાસમણું** આપવું.

(૩) પછી ઉભા થઇને **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ?** બોલી ગુરુભગવંતને પ્રશ્ન કરવો. ગુરુ ભગવંત કહે 'પડિક્કમેહ' ત્યારે કહેવું **'ઇચ્છં', ઇચ્છામિ... તસ્સ ઉત્તરી... અન્નત્થ સૂત્ર' 'અપ્પાણં વોસિરામિ'** બોલીને ૧૯ દોષ રહિત 'એક લોગસ્સ, ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાઉસ્સગ્ગ કરવો. (શ્રી લોગસ્સ સૂત્ર ન જ આવડે તો જ ચારવાર શ્રી નવકારમંત્રનો કાઉસ્સગ્ગ કરવો.)
– કાઉસ્સગ્ગ પૂર્ણ થાય ત્યારે હાથ ઉંચા કરતાં પહેલાં **'નમો અરિહંતાણં'** બોલીને પારવું જોઇએ.

(૪) પછી **શ્રી લોગસ્સ સૂત્ર** પૂર્ણ બોલીને ફરીવાર એક **ખમાસમણું આપવું**... પછી ઉભા થઇને....

(૫) **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તિ પડિલેહું ?'** કહેવું ત્યારે ગુરુભગવંત કહે 'પડિલેવેહ'... ત્યારે **'ઇચ્છં'** કહીને ૫૦ (પચાસ) બોલથી મુહપત્તિ-શરીરની પડિલેહણા કરવી. પછી એક ખમાસમણું આપી ઉભા થવું....

(૬) કહેવું કે **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !** સામાયિક **સંદિસાહું ?'** ગુરુભગવંત કહે 'સંદિસાવેહ' ત્યારે **'ઇચ્છં'** કહીને.

(૭) એક ખમાસમણું આપીને ઉભા થઇને કહેવું કે **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉં ?'** ગુરુભગવંત કહે 'ઠાવેહ' ત્યારે **'ઇચ્છં'** કહેવું.

(૮) પછી બે હાથ જોડીને એકવાર શ્રી નવકારમંત્ર બોલીને કહેવું કે **'ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી!'** ગુરુભગવંત **'કરેમિભંતે!'** ઉચ્ચરાવે અથવા પૂર્વે સામાયિક લીધેલ શ્રાવક "શ્રાવક–શ્રાવિકાને" અને શ્રાવિકા "શ્રાવિકાને" ઉચ્ચરાવે અથવા તેઓ પણ ન હોય ત્યારે લેનાર સાધક પોતે 'મુહપત્તિ'નો ઉપયોગ મુખ આગળ રાખીને **'કરેમિભંતે'** સૂત્ર બોલે.

(૯) પછી ખમાસમણું આપી ઉભા થઇને કહે કે **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ?'** ગુરુભગવંત કહે 'સંદિસાવેહ' ત્યારે **'ઇચ્છં'** કહીને એક **ખમાસમણું** આપી ઉભા થઇને કહેવું કે...

(૧૦) **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ?'** ગુરુભગવંત કહે 'ઠાવેહ' ત્યારે 'ઇચ્છં' કહી એક ખમાસમણું આપવું.

(૧૧) પછી **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ?'** ગુરુભગવંત કહે 'સંદિસાવેહ' ત્યારે **'ઇચ્છં'** કહી **એક ખમાસમણું** આપવું.

(૧૨) પછી **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ?'** કહેવું ત્યારે ગુરુ ભગવંત કહે 'કરેહ' ત્યારે **'ઇચ્છં'** કહેવું પછી...

(૧૩) પુરુષોએ ઉભા અથવા બેસીને અને સ્ત્રીઓએ ઉભા–ઉભા બે હાથ જોડીને **ત્રણવાર શ્રી નવકારમંત્રનું** સ્મરણ કરવું.

નોંધ : 'કરેમિ ભંતે!' સૂત્ર ઉચ્ચર્યા પછી બે ઘડી (૪૮ મિનિટ) સુધી સામાયિક કરવું. એક સાથે ત્રણ સામાયિક કરવાની પ્રથા પ્રચલિત છે. તેમાં છેલ્લો આદેશ 'સજ્ઝાય કરું ?' ના બદલે **'સજ્ઝાયમાં છું'** બીજી–ત્રીજી સામાયિક લેતી વખતે (સામાયિક પારવાની વિધિ કર્યા વગર) બોલવું. સળંગ ચોથી સામાયિક કરતાં પૂર્વે સામાયિક પારીને સામાયિક લેવાની વિધિ કરવી.

વ્યાખ્યાન–વાચના શ્રવણ વખતે વચ્ચે સામાયિક લેવા–પારવાની વિધિ કરવાથી જિનવાણીની આશાતના લાગે એટલે 'જાવ નિયમં' ના બદલે 'જાવ સુયં (સુઅં)' બોલીને શ્રવણ કરવું અને ઓછામાં ઓછી બે ઘડી (૪૮ મિનિટ) તેમાં બેસવું અને વધારે માટે કોઇ સમય મર્યાદા નથી. જિનવાણી પૂર્ણ થાય ત્યારે (શ્રુત સામાયિક) **'જાવસુયં'** સામાયિક પૂર્ણ થઇ સમજવી. ૪૮ મિનિટ પ્રમાણે સામાયિકની સંખ્યાની ગણત્રી કરી શકાય. પણ ૪૮ થી ઓછા સમયને પૂર્ણ કરવા બેસાય નહિ.

## સામાયિક પારવાની વિધિ

- સત્તર સંડાસા પૂર્વક એક ખમાસમણું આપવું. પછી ઉભા થઇને કહેવું કે...
- 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ?' ત્યારે ગુરુભગવંત કહે 'પડિક્કમેહ' પછી 'ઇચ્છં' બોલવું.
- શ્રી ઇરિયાવહિયં સૂત્ર – તસ્સઉત્તરી સૂત્ર – અન્નત્થ સૂત્ર ક્રમશઃ બોલવું.
- 'એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી' ન આવડે તો જ ચારવાર શ્રીનવકારમંત્રનો કાઉસ્સગ્ગ કરવો.
- પછી પ્રગટ શ્રી લોગસ્સ સૂત્ર પૂર્ણ બોલીને એક ખમાસમણું આવીને ઉભા થવું.
- બોલવું કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્' મુહપત્તિ પડિલેહ' ગુરુભગવંત કહે 'પડિલેવેહ' ત્યારે 'ઈચ્છં' બોલીને ૫૦ બોલથી મુહપત્તિ શરીરની પડલેહણા કરતી.
- પછી એક ખણાસમણું આપી ઉભા થઈ આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક પારુ ?' ગુરુભગવંત કહે 'પુણો વિ કાયવ્વં' (ફરીથી કરવા જેવું છે.)ત્યારે 'યથાશક્તિ' હશે તો જરૂર કરીશ)


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

- પછી એક ખમાસમણું આપી ઉભા થઇને કહેવું કે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યુ ?' ત્યારે ગુરુભગવંત કહે 'આયારો ન મોત્તવ્વો' (અર્થ : સામાયિક નો આચાર મૂકવા જેવો નથી) ત્યારે કહેવું તહત્તિ ! (અર્થ : આપનું વચન પ્રમાણ છે)
- પછી ઉભડક પગે નીચે બેસીને ચરવળા ઉપર જમણા હાથની હથેળીની (અંગૂઠો અંદર રહે, તેમ મુઠ્ઠિ વાળીને) મુઠ્ઠિ રાખીને તેમજ ડાબા હાથની હથેળીમાં (બંધ કિનારવાળો ભાગ બહાર દેખાય તેમ) મુહપત્તિ મોઢાથી ત્રણ આંગળ દૂર રાખીને 'શ્રી નવકાર મંત્ર અને શ્રી સામાઇચ વચ- જુત્તો સૂત્ર' બોલવું (શ્રાદ્ધવિધિ ગ્રન્થાનુસાર ઉભા-ઉભા હાથ જોડી શ્રી નવકારમંત્ર ગણીને પછી ઉભડકપગે બેસીને પારવાનું સૂત્ર બોલવાનું વિધાન છે.)
- પુસ્તક આદિની સ્થાપના કરેલ હોય તો તે સ્થાપનાચાર્યજી થી સવળો હાથ રાખીને એકવાર શ્રી નવકારમંત્ર બોલીને ઉત્થાપન મુદ્રામાં ઉત્થાપન કરવું પછી યોગ્ય સ્થાને સ્થાપનાચાર્યજી પધરાવવા.

## સામાયિક વ્રતનાં પાંચ અતિચાર

(૧) કાયાનું અયોગ્ય પ્રવર્તન (૨) વાણીનું અયોગ્ય ઉચ્ચારણ (૩) મનનું અયોગ્ય ચિંતવન (૪) અનાદર અને (૫)સ્મૃતિભ્રંશ (યોગશાસ્ત્ર પ્રકાશ : ચોથો)

## સામાયિક ક્યારે નિરર્થક બને ?

સામાયિક કરીને આર્ત્તધ્યાનને વશ થયેલો શ્રાવક જો ઘરકાર્યને ચિંતવે, તો તેનું સામાયિક નિરર્થક (અર્થ વગરનું) કહેવાય છે.
(પૂ. હરિભદ્રસૂરિજીકૃત - શ્રાવકધર્મ વિધિ પ્રકરણમ્)

## સામાયિકમાં અષ્ટપ્રવચનમાતાનું પાલન

૧. ઇર્યાસમિતિ, ૨. ભાષા સમિતિ, ૩. એષણા સમિતિ, ૪. આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ ૫. પારિષ્ઠાપનિકા સમિતિ, ૬.મન ગુપ્તિ, ૭. વચન ગુપ્તિ, ૮. કાયગુપ્તિ એ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ એ અષ્ટપ્રવચનમાતા શ્રાવક તણે ધર્મે સામાયિક-પોષહ લીધે રૂડી પેરે પાળી નહિ, જે કાંઇ ખંડના-વિરાધના હુઇ હોય, તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડંમ્ ॥

(આ અષ્ટપ્રવચન માતા સૂત્ર સામાયિક-પોષધમાં ૧૦૦ ડગલાની બહાર જવાનું થાય, કાજો પરઠવવાનું થાય, ત્રસકાયની વિરાધના થાય કે ઝાડો-પેશાબ કરી પરઠવીને પાછા આવતાં ઇરિયાવહિયં કરીને બોલવાનું હોય છે)

## સામાયિકમાં આવશ્યક મુદ્રાઓ

૧. **સ્થાપના મુદ્રા :** જમણા હાથની હથેળીને અવળી સર્પાકારે હૃદયની સમીપમાં અને ડાબા હાથની હથેળીમાં મુહપત્તિ (બંધ કિનારવાળો ભાગ બહાર દેખાય તેમ) ને મોઢા થી ત્રણ આંગળ દૂર રાખવાથી (ગુરુ) સ્થાપના મુદ્રા થાય છે.

૨. **ઉત્થાપન મુદ્રા :** જમણા હાથની હથેળીને સવળી અને ડાબા હાથની હથેળીમાં મુહપત્તિ રાખવાથી ઉત્થાપનમુદ્રા થાય છે.

૩. **યોગમુદ્રા :** જમણા હાથની તર્જની (પ્રથમા) આંગળી ઉપર રહે, તેમ બન્ને હાથની આંગળીઓ એકબીજાની અંદર રહે તેમ રાખી કમળના ડોડાની જેમ આકૃતિ બનાવી બેચ હાથની કોણીને પેટ ઉપર સ્થાપન કરવાથી 'યોગમુદ્રા' થાય છે. (ચૈત્યવંદન ભાષ્ય) (ઇરિયાવહિયં સૂત્ર આદિ સઘળા સૂત્રો આ મુદ્રામાં બોલવા જોઇએ. પ્રભુદર્શન સ્તુતિ આદિ પણ...)

૪. **જિનમુદ્રા :** ઉભા રહેતી વખતે બન્ને પગનાં પંજા વચ્ચેનું અંતર આગળથી પોતાના ચાર આંગળ અને પાછળ ચારથી ઓછુ અને ત્રણથી વધારે આંગળ રાખવાથી જિનમુદ્રા થાય છે. (કાઉસ્સગ્ગ વખતે આ મુદ્રા કરવી જોઇએ)

## સામાયિક મોક્ષનું પરમ અંગ છે

### (અ) સામાયિક શબ્દની વ્યાખ્યા

૧. **સામાયિક :** પાપ પ્રવૃત્તિનો ત્યાગ, નિષ્પાપ પ્રવૃત્તિનું આચરણ, આર્ત્ત-રોદ્રધ્યાનનો પરિત્યાગ, સર્વજીવો પ્રત્યે સમતા- સંયમ-શુભ ભાવના આદિ.. (વિશેષાવશ્યકભાષ્ય)

૨. **સામાયિક :** પાપ કાર્યથી મુક્ત અને દુર્ધ્યાનથી રહિત આત્માનો બે ઘડી (૪૮ મિનિટ) જેટલો સમભાવ, મોક્ષ સાધન પ્રત્યે સરખા સામર્થ્યવાળા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો લાભ, સર્વજીવો પ્રત્યે મૈત્રી ભાવ રુપી લાભ, નિંદા કે પ્રશંસા,માન કે અપમાન,સ્વજન કે પરજનમાં સમાનવૃત્તિનો લાભ, સઘળાય ત્રસ અને સ્થાવર જીવો ઉપર સમાન પરિણામનો લાભ અને આત્મસ્વભાવમાં સ્થિર થવામાં સહાયક એવું કેવલી ભગવંતો દ્વારા કહેવાયેલું આ સામાયિક છે. 'अप्पा सामाइयं अप्पा सामाइयस्स अट्ठो ।' આત્મા સામાયિક છે અને આત્મા સામાયિકનો અર્થ છે. (ધર્મસંગ્રહ ગ્રંથના આધારે)

## સામાયિકનું ફળ

નિશ્ચયને જાણનાર સાધુભગવંત સામાયિક રૂપી સળીવડે ભેગાં થયેલા કર્મ અને જીવ (આત્મા)ને જુદા કરે છે. સામાયિક રૂપી સૂર્યથી રાગાદિ અંધકારનો નાશ કરવાથી યોગીઓ પોતાના આત્મામાં જ પરમાત્માનું સ્વરૂપ જુએ છે. જે કોઇ પણ ભવ્યાત્મા મોક્ષમાં ગયા છે, જાય છે અને જશે, તે સઘળાય સામાયિકના જ પ્રભાવથી છે, તેમ જાણવું.

કોઇ એક વ્યક્તિ રોજ એક લાખ ખાંડી પ્રમાણ સુવર્ણ (સોના) નું દાન કરે અને કોઇ એક વ્યક્તિ બત્રીસ દોષ રહિત ત્રિકરણ શુદ્ધે એક સામાયિક કરે, તો પણ દાન આપનારો વ્યક્તિ સામાયિક કરનાર વ્યક્તિ ની તોલે આવી શકતો નથી. એક સામાયિક કરનારો બાણું કરોડ, ઓગણસાઇઠ લાખ, પચ્ચીશ હજાર, નવસો પચ્ચીશ અને ત્રણ અષ્ટમાંશ પલ્યોપમ(૯૨,૫૯,૨૫,૯૨૫ ૩/૮ પલ્યોપમ) જેટલું દેવલોકનું આયુષ્ય બાંધે છે. સામાયિક-પૌષધમાં રહેલાં જીવનો જે કાળ (સમય) પસાર થાય છે, તેને સફળ જાણવો. તે સિવાયનો સમય સંસારના પરિભ્રમણનું કારણ છે. (કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રચાર્યજીકૃત યોગશાસ્ત્ર પ્રકાશ ચોથો')


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મુહપત્તિ અને શરીર પડિલેહણના ૫૦ બોલની સચિત્ર સરળ સમજણ

૧



યથાજાત મુદ્રામાં બેસી બન્ને હાથ બે પગની વચ્ચે રાખી મુહપત્તિને ડાબા હાથમાં સ્થાપના કરવી.

૨



બંધ કિનારવાળો મુહપત્તિનો ભાગ જમણા હાથેપકડવો અને મુહપત્તિ ખોલવી.

૩



તે ખોલેલી મુહપત્તિને પકડીને દૃષ્ટિ પડિલેહણા કરવી. પછી મૂહપત્તિને ડાબા હાથેથી છોડી નીચેના ભાગને પકડવી, આ પ્રમાણે ત્રણ વાર કરતાં 'સૂત્ર અર્થ, તત્ત્વ કરી સદ્દહુ' બોલવું.

૪



મુહપત્તિને ડાબા હાથથી ખંખેરતા 'સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરું' બોલવું અને જમણા હાથથી ખંખેરતા 'કામ રાગ, સ્નેહ રાગ, દૃષ્ટિ રાગ પરિહરું' બોલવું

૫



પછી ડાબા હાથમાં મુહપત્તિ સ્થપાન કરીને મુહપત્તિના વચ્ચેના ભાગને પકડી મુહપત્તિને વાળવી.

૬



जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

બંધ કિનારવાળો મુહપત્તિનો ભાગ . વાળીને અંદર રહે, તેમ છેડેથી મુહપત્તિને જમણા હાથના અંગૂઠો અને ટચલી આંગળીથી પકડવી.

૭



તે પકડેલ મુહપત્તિને અનામિકાના સહારે પકડીને થોડી બહાર કાઢીને ચિત્ર મુજબ ટચલી-અનામિકા વચ્ચે રાખવી.

૮



તેજ મુજબ અનામિકા-મધ્યમા અને મધ્યમા-તર્જની વચ્ચે વાળીને ચિત્ર મુજબ ત્રણ વિભાગ કરવા.

૯



ડાબા હાથની આંગળીઓના છેડે સ્પર્શ કર્યા વગર મુહપત્તિ અધર રાખીને 'સુદેવ' મનમાં બોલવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મુહપત્તિ અને શરીર પડિલેહણના ૫૦ બોલની સચિત્ર સરળ સમજણ

૧૦



તે મુજબ હથેળીની વચ્ચે સ્પર્શ્યાવગર મુહપત્તિ રાખીને 'સુગુરુ' બોલવું.

૧૧



તે મુજબ હથેળીના છેડે સ્પર્શ્યા વગર મુહપત્તિ રાખી 'સુધર્મ' બોલવું.

૧૨



હથેળીના છેડે થી કોણી સુધી તરફ જતાં સ્પર્શ્યા વગર 'આહરું' બોલવું. (ફોટો નં. ... થી ... મુજબ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું અને મન ગુપ્તિ, વચન ગુપ્તિ, કાય ગુપ્તિ, આદરું' ક્રમ મુજબ બોલવું.)

૧૩



હાથના મધ્યભાગથી જાણે ખંખેરતા હોઇએ, તેવા ભાવસાથે મુહપત્તિને સ્પર્શીને 'કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું'બોલવું. (ફોટો નં. .. : મુજબ 'જ્ઞાન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું' અને મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું' ક્રમમુજબ બોલવું.)

૧૪



जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

હાથના ત્રણ વિભાગની કલ્પના કરી સવળે પડિલેહતાં 'હાસ્ય', વચ્ચે પડિલેહતા 'રતિ' અને અવળે પડિલેહતા 'અરતિ-પરિહરું' બોલવું.

૧૫



ચિત્ર નં. ૧૪ મુજબ મુહપત્તિ ડાબા હાથે તૈયાર કરી જમણા હાથના ત્રણ વિભાગ કલ્પીને ક્રમશઃ 'ભય, શોક, દુર્ગંછા પરિહરું' બોલવું.

૧૬



આંખો આદિ અંગોની પડિલેહણા માટે મુહપત્તિના છેડા ખુલ્લા અને કડક રહે, તેમ ચિત્ર મુજબ તૈયાર કરવા.

૧૭



તૈયાર થયેલ ખુલ્લા + કડક છેડાને છાતી તરફ વાળવા અને તે વખતે બન્ને હથેળી છાતી તરફ ખુલ્લી દેખાશે. (ફોટો નં. ૧૬-૧૭ મુજબ મુહપત્તિ તૈયાર કરવાનું મુખ્ય કારણ તે તે અંગોની મુહપત્તિદ્વારા ફક્ત સ્પર્શના નહી પણ પડિલેહણા કરવી તે છે.)

૧૮



તેવી મુહપત્તિથી બન્ને આંખોની વચ્ચેના ભાગની પડિલેહણા કરતા 'કૃષ્ણ લેશ્યા' બોલવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મુહપત્તિ અને શરીર પડિલેહણના
# ૫૦ બોલની સચિત્ર સરળ સમજણ

૧૯



તે મુજબ જમણી આંખે
પડિલેહણ કરતાં
'નીલ લેશ્યા' મનમાં બોલવું.

૨૦



તે મુજબ ડાબી આંખ
પડિલેહણ કરતાં
'કાપોત લેશ્યા પરિહરું'
મનમાં બોલવું.

૨૧



આઁખોની જેમમોઢાના ત્રણ
વભાગમાં વચ્ચે-જમણે-ડાબે ક્રમશઃ
'રસ ગારવ, ઋદ્ધિ ગારવ,સાતા
ગારવ પરિહરું' બોલવું.

૨૨



મોઢાની જેમ છાત્રીના ત્રણ વિભાગમાં
વચ્ચે-જમણે-ડાબે ક્રમશઃ
'માયા શલ્ય, નિયાણ શલ્ય,
મિથ્યાત્વ શલ્ય પરિહરું' બોલવું.

૨૩



ડાબા ખભાને ઉપરથી
નીચે પડિલેહતા 'ક્રોધ'
અને જમણા ખભે 'માન
પરિહરું' મનમાં બોલવું.

૨૪



કાંખમાં ઉપરથી નીચે
ડાબે પડિલેહતાં 'માયા'
અને જમણે પડિલેહતા
'લોભ પરિહરું' બોલવું.


જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૨૫



ડાબા પગની ડાબી બાજુ છેડેની દશીથી
પડિલેહતા 'પૃથ્વીકાય' વચ્ચે 'અપ્કાય'
અને જમણે 'તેઉકાયની જયણા કરૂં' બોલવું.

૨૬



જમણા પગની ડાબી બાજુ છેડેની દશીથી
પડિલેહતા'વાઉકાય, વચ્ચે 'વનસ્પતિકાય'
અને જમણે 'ત્રસકાયની રક્ષા કરું' બોલવું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## મુહપત્તિ પડિલેહણના ૨૫ બોલ અને શરીર પડિલેહણના ૨૫ બોલ કુલ ૫૦ બોલના વિવેચન અને વિધિ અંગેનું માર્ગદર્શન

વૃદ્ધસંપ્રદાય મુજબ આ 'બોલ' મનમાં બોલવાના હોય છે. અને તેનો અર્થ વિચારવાનો હોય છે. તેમાં 'ઉપાદેય' અને 'હેય' વસ્તુઓનો વિવેક અત્યંત ખૂબી પૂર્વક કરવામાં આવ્યો છે. દાખલા તરીકે પ્રવચન એ તીર્થ હોઇને પ્રથમ તેના અંગરુપ "સૂત્રની અને અર્થની તત્ત્વ વડે શ્રદ્ધા કરવાની છે" એટલે કે સૂત્ર અને અર્થ ઉભયને તત્ત્વરુપ-સત્યરુપ સ્વીકારીને તેમાં શ્રદ્ધા રાખવાની છે. અને તે શ્રદ્ધામાં અંતરાયરુપ સમ્યક્ત્વમોહનીય આદિ કર્મો હોવાથી તેને પરિહરવાની ભાવના કરવાની છે. મોહનીય કર્મમાં પણ રાગને ખાસ પરિહરવા જેવો છે. તેમાં પ્રથમ કામરાગને, પછી સ્નેહરાગને અને છેલ્લે દૃષ્ટિરાગને છોડવાનો છે. કારણ કે એ રાગ છૂટ્યા વિના સુદેવ, સુગુરુ અને સુધર્મને આદરવાનું બની શકતું નથી. અહીં સુદેવ, સુગુરુ, અને સુધર્મની મહત્તા વિચારી તેમને જ આદરવાની ભાવના કરવાની છે. તેથી કુદેવ, કુગુરુ અને કુધર્મને પરિહરવાનો દઢ સંકલ્પ કરવાનો છે. જો આટલું થાય તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર ને આરદવાનું છે. કે જેનું અપરનામ'સામાયિક' છે તેની સાધના યથાર્થ થઇ શકે છે.

આવી આરાધના કરવા માટે જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, અને ચારિત્ર વિરાધના ને પરિહરવાની જરૂર છે. ટૂંકમાં મનગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિ આદરવા યોગ્ય છે. એટલે ઉપાદેય છે અને મનદંડ, વચનદંડ, અને કાયદંડ પરિહરવા યોગ્ય છે એટલે હેય છે.

આ રીતે 'ઉપાદેય' અને 'હેય' અંગે ભાવ્યા પછી જે વસ્તુઓ ખાસ પરિહરવા જેવી છે તથા જેના અંગે યતના કરવાની ખાસ જરુર છે, તેનો વિચાર દેહની પડિલેહણા પ્રસંગે કરવાનો છે. તે આ રીતે :-

"હાસ્ય, રતિ, અરતિ, પરિહરું" વળી "ભય, શોક, જુગુપ્સા પરિહરું" એટલે જે હાસ્યાદિ ષટ્ક (છ) (ચારિત્રમોહનીય) કષાય થી ઉદ્ભવે છે. તેનો ત્યાગ કરવાથી મારું ચારિત્ર સર્વાંશે (સંપૂર્ણતયા) નિર્મળ થાય.

"કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા પરિહરું" કારણ એ ત્રણે લેશ્યાઓમાં અશુભઅધ્યવસાયોની પ્રધાનતા છે અને તેનું ફળ આધ્યાત્મિક પતન છે, માટે પરિહરું છું.

"રસગારવ, ઋદ્ધિગારવ અને સાતાગારવ પરિહરું"કારણ કે એનું ફલ પણ સાધનામાં વિક્ષેપ અને આધ્યાત્મિક પતન છે, માટે પરિહરું છું.

તેની સાથે "માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાત્વશલ્ય પરિહરું" કારણ કે તે ધર્મકરણીનાં અમૂલ્ય ફળનો નાશ કરનાર છે.

આ બધાનો ઉપસંહાર કરતાં હું એવી ભાવના રાખું છું કે "ક્રોધ અને માન તથા માયા અને લોભ પરિહરું" કે જે અનુક્રમે રાગ અને દ્વેષના સ્વરુપો છે. સામાયિકની સાધનાને સફલ બનાવનારી જે મૈત્રી ભાવના તેનો હું બને તેટલો અમલ કરીને "પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, તથા ત્રસકાય" એ છયે કાયના જીવોની યતના કરું. જો આટલું કરું તો આ મુહપત્તિ રૂપી સાધુતાનું જે પ્રતીક મેં હાથમાં લીધું છે, તે સફલ થયું ગણાશે.

## મુહપત્તિ પડિલેહણ કરતી વખતે મનમાં બોલવા-વિચારવા યોગ્ય ૨૫ બોલ

ગુરુવંદન કરનાર પ્રથમ સંડાસાપૂર્વક ખમાસમણ દઇ ગુરુની આજ્ઞા માંગી મુહપત્તિ પડિલેહણ ઉત્કટિક આસને (બન્ને પગના પંજાના આધારે ઉભડક બેસવું ) નીચે બેસી બે પગની વચ્ચે બે હાથ રાખીને કરવું જોઇએ. તેમાં મુહ્પત્તિના ૨૫ બોલ. (૧)દષ્ટિ પડિલેહણા + (૬) ઉર્ધ્વ પપ્ફોડા (પુરિમ) + (૯) અક્ખોડા + (૯.) પક્ખોડા =૨૫

(૧) (૧) દષ્ટિપડિલેહણા : મુહપત્તિનાં પડ ઉખેડી દષ્ટિ સન્મુખ તીરછી વિસ્તારીને દષ્ટિ સન્મુખ રહેલું પાસું દષ્ટિથી બરાબર તપાસવું. તેમાં જો કોઇ જીવ જંતુ દેખાય તો તેને જયણા પૂર્વક યોગ્ય સ્થાને મૂકવાં. પછી મનમાં બોલવું કે (નીચે મોટા અક્ષરો આપ્યા છે તે મનમાં બોલવાના છે તથા તેનો અર્થ વિચારવાનો છે.)

### ૧. સૂત્ર,

(આ વખતે મુહપત્તિની એક બાજુની પ્રતિલેખના થાય છે. એટલે કે તેની બાજુનું બરાબર નિરીક્ષણ કરવામાં આવે છે.)

(૨) ત્યારબાદ મુહપત્તિનો બે હાથે પકડેલો ઉપલો ભાગ ડાબા હાથ ઉપર (જમણા હાથ વડે) નાખીને બીજું પાસું એવી રીતે બદલી નાંખવું કે પ્રથમ ડાબા હાથમાં પકડેલો=દાબેલો ખૂણો જમણા હાથમાં આવે અને બીજું પાસું દૃષ્ટિ સન્મુખ થઇ જાય, ત્યારબાદ તે દૃષ્ટિ સન્મુખ થયેલા બીજા પાસાને પણ પહેલા પાસાની જેમ દૃષ્ટિ થી તપાસવું. એ પ્રમાણે મુહપત્તિનાં બે પાસાં દૃષ્ટિથી તપાસવાં તે 'દૃષ્ટિપડિલેહણા' જાણવી. તે વખતે મનમાં બોલવું કે.....

### અર્થ, તત્ત્વ કરી સદ્દહું.

સૂત્ર તથા અર્થ ઉભયને તત્ત્વરુપ એટલે સત્ય સ્વરુપ સમજું છું અને તેની પ્રતીતિ કરી, તેના પર શ્રદ્ધા કરું. છું. આ વખતે મુહપત્તિની બીજી બાજુની પ્રતિલેખના થાય છે. એટલે કે મુહપત્તિની બીજી બાજુનું બરાબર નિરીક્ષણ કરવામાં આવે છે.

### ૬. ઉર્ધ્વ-પપ્ફોડા (=પુરિમ) પડિલેહણ વિધિ

(૩) બીજા પાસાની દૃષ્ટિ પડિલેહણા કરીને તે ઉર્ધ્વ એટલે તીરછી વિસ્તારેલી એવી મુહપત્તિનો પ્રથમ ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો, તે પહેલા "ત્રણ ઉર્ધ્વ પપ્ફોડા (પુરિમ)" કહેવાય. મનમાં બોલવું કે......





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨. સમ્યક્ત્વ મોહનીય, ૩. મિશ્ર મોહનીય,**

**૪. મિથ્યાત્વ મોહનીય પરિહરું.**

(૪) ત્યારબાદ (દષ્ટિ પડિલેહણામાં કહ્યાં પ્રમાણે) મુહપત્તિનું બીજું પાસું બદલીને અને દષ્ટિથી તપાસીને જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે બીજા "ત્રણ ઊર્ધ્વપપ્ફોડા (પુરિમ) કહેવાય, તે વખતે મનમાં બોલવું કે....

**૫. કામરાગ, ૬. સ્નેહરાગ,**

**૭. દૃષ્ટિરાગ પરિહરું.**

(ત્રણે પ્રકારના રાગ ખંખેરી નાખવા જેવા છે. એટલે મુહપત્તિને અહીં ત્રણ વાર ખંખેરવામાં આવે છે.)

આ પ્રમાણે પહેલા ત્રણ અને બીજા ત્રણ એમ કુલ મળીને છ ઊર્ધ્વપપ્ફોડા (પુરિમ=પ્રસ્ફોટક) કહેવાય.

(૫) મુહપત્તિનો મધ્યભાગ ડાબા હાથ પર નાંખી, વચલી ઘડી પકડી બેવડી કરો.(અહીંથી મુહપત્તિને સંકેલવાનું શરૂ થાય છે.)

## (૯) અક્ખોડા અને

## (૯) પક્ખોડા પડિલેહણ વિધિ

(૯) અક્ખોડા પછી મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બરાબર બે પડની ઘડી વળી જાય. અને( તે બે પડવાળી થયેલી મુહપત્તિ) દૃષ્ટિ સન્મુખ આવી જાય. ત્યારબાદ તરત તેના ત્રણ વધૂટક કરીને જમણા હાથની ચાર અંગુલીઓના ત્રણ આંતરામાં ભરાવવા-દાબવા અને તેવી રીતે ત્રણ વધૂટક કરેલી મુહપત્તિને ડાબા હાથની હથેળી ઉપર હથેલીને ન અડે-ન સ્પર્શે તેવી રીતે પ્રથમ ત્રણવાર કાંડા સુધી લઇ જવી અને એ પ્રમાણે ત્રણ વખત વચ્ચે વચ્ચે આગળ કહેવાતા પક્ખોડા કરવા પૂર્વક ત્રણ ત્રણવાર અંદર લેવી તે ૯ અક્ખોડા અથવા ૯ આખોટક અથવા ૯ આસ્ફોટક કહેવાય. (તેમાં ગ્રહણ કરવાનું હોવાથી ખંખેરવાનું નથી.)

(૯) પક્ખોડા (પ્રમાર્જના) : ઉપર કહ્યા પ્રમાણે પહેલી વાર કાંડા તરફ ચઢતાં ત્રણ અક્ખોડા કરીને નીચે ઉતરતી વખતે હથેલીને મુહપત્તિ અડે = સ્પર્શે એવી રીતે(મુહપત્તિ વડે) ત્રણ ઘસરકા ડાબી હથેલીને કરવા તે પહેલી ૩ પ્રમાર્જના ત્યારબાદ (કાંડા તરફ ચડતા ૩ અક્ખોડા કરી) બીજી વાર ઉતરતાં ૩ પ્રમાર્જના અને એજ પ્રમાણે (વચ્ચે ૩ અક્ખોડા કરી) પુનઃ ત્રીજી વખત ૩ પ્રમાર્જના કરવી, તે ૯ પ્રમાર્જના અથવા ૯ પક્ખોડા અથવા ૯ પ્રસ્ફોટક કહેવાય.(ઉપર કહેલા ૬ પ્રસ્ફોટક તે આથી જુદા જાણવા, કારણ કે વિશેષતઃ એ ૬ ઊર્ધ્વ પપ્ફોડા અથવા ૬ પુરિમ કહેવાય છે, પરંતુ પ્રસિદ્ધિમાં ૯ પક્ખોડા ગણાય છે તે તો આ ૯ પ્રમાર્જનાનું નામ છે.)

એ ૯ પક્ખોડા અને ૯ પક્ખોડા તિગ તિગ અંતરિયા એટલે પરસ્પર ત્રણ ત્રણને આંતરે થાય છે, તે આ પ્રમાણે - પ્રથમ હથેલીએ ચઢતાં ૩ પક્ખોડા કરવા, ત્યારબાદ હથેલી ઉપરથી ઊતરતાં ૩ પક્ખોડા કરવા, ત્યારબાદ પુનઃ ૩ પક્ખોડા, પુનઃ ૩ પક્ખોડા, પુનઃ ૩ પક્ખોડા, પુનઃ ૩ પક્ખોડા, એ અનુક્રમે ૯ પક્ખોડા, અને ૯ પક્ખોડા પરસ્પર અંતરિત ગણાય છે. અથવા પક્ખોડાના આંતરે પક્ખોડા એમ પણ ગણાય છે.

**૮. સુદેવ ૯. સુગુરુ ૧૦. સુધર્મ આદરું.**

(૬) સુદેવ, સુગુરુ, સુધર્મ વિષેની શ્રદ્ધા આપણામાં દાખલ થાય તેવી ઇચ્છા છે. તેથી મુહપત્તિને આંગળીઓના અગ્રભાગથી અંદર તરફ લાવવાની ક્રિયા કરવામાં આવે છે. તેમાં પહેલા ટપ્પે મુહપત્તિ લગભગ આંગળીના અગ્રભાગે રાખવી અને તે વખતે 'સુદેવ' બોલવું પછી બીજી ટપ્પે મુહપત્તિને હથેલીના મધ્યભાગ સુધી લાવવી અને તે વખતે 'સુગુરુ' બોલવું અને ત્રીજા ટપ્પે મુહપત્તિને હાથના કાંડા સુધી લાવવી અને તે વખતે 'સુધર્મ' બોલવું તેથી આગળ કોણી સુધી પહોંચતાં 'આદરૂં' એટલા શબ્દો બોલવા મુહપત્તિ હાથને સ્પર્શવી ન જોઈએ.

(૭) હવે ઉપરની રીતથી ઉલટી રીતે મુહપત્તિને કાંડાથી આંગળીના ટેરવા સુધી ઘસીને લઇ જાઓ તે વખતે ઝાટકીને કાંઇ કાઢી નાંખતા હોઇએ, તેમ ઘસીને મુહપત્તિ લઈ જવી અને મનમાં બોલવું કે.

**૧૧. કુદેવ, ૧૨. કુગુરુ, ૧૩. કુધર્મ પરિહરું.**

(આ એક જાતની પ્રમાર્જન વિધિ થઈ. તેથી તેની ક્રિયા પણ તેવી જ રાખવામાં આવી છે.)

(૮) હવે મુહપત્તિ ત્રણ ટપ્પે આંગળીના અગ્રભાગેથી હથેલીથી કાંડા સુધી મુહપત્તિ સહેજ અદ્ધર રાખી અંદર લેવી અને બોલો કે.....

**૧૪. જ્ઞાન, ૧૫. દર્શન, ૧૬. ચારિત્ર આદરું.**

(આ ત્રણ વસ્તુઓ આપણી અંદર આવે તે માટે એનો વ્યાપક-ન્યાસ કરવામાં આવે છે.)

(૯) હવે ઉપરથી ઉલટી રીતે હથેલીના કાંડાથી હાથની આંગળી સુધી મુહપત્તિ ઘસીને લઇ જવી અને બોલવું કે .....

**૧૭. જ્ઞાન-વિરાધના, ૧૮. દર્શન-વિરાધના,**

**૧૯. ચારિત્ર-વિરાધના પરિહરું.**

(આ ત્રણ વસ્તુઓ બહાર કાઢવાની છે, માટે તેનું ઘસીને પ્રમાર્જન કરવામાં આવે છે.)

**૨૦. મનગુપ્તિ, ૨૧. વચનગુપ્તિ,**

**૨૨. કાયગુપ્તિ આદરું.**

(આ ત્રણ વસ્તુઓ આપણી અંદર આવે તે માટે એનો વ્યાપક ન્યાસ કરવામાં આવે છે.)

(૧૦) હવે મુહપત્તિને હથેલીના કાંડાથી હાથની આંગળી સુધી ઘસીને લઇ જવી અને બોલવું કે....

**૨૩. મનદંડ ૨૪. વચનદંડ,**

**૨૫. કાયદંડ પરિહરું.**

(આ ત્રણ વસ્તુઓ બહાર કાઢવાની છે, માટે તેનું પ્રમાર્જન કરવામાં આવે છે.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શરીર પડિલેહતી વખતે વિચારવાના ૨૫ બોલ

( આ બોલ વખતે અભ્યંતર પ્રમાર્જન કરવાનું હોવાથી બધી વખતે પ્રમાર્જનની ક્રિયા કરવામાં આવે છે.)

(૧) હવે આંગળામાં (આંતરાંમાં) ભરાવેલી મુહપત્તિથી ડાબાહાથની ઉપર બન્ને બાજુ અને નીચે એમ ત્રણ જગ્યાએ પ્રદક્ષિણાકારે પ્રમાર્જના કરતાં મનમાં બોલવું કે....

**૨૬. હાસ્ય, ૨૭. રતિ, ૨૮. અરતિ પરિહરું.**

(૨) એવી જ રીતે ડાબા હાથના આંગળામાં (આંતરામાં) ભરાવેલી મુહપત્તિથી જમણા હાથની ઉપર બન્ને બાજુ અને નીચે એમ ત્રણ જગ્યાએ પ્રદક્ષિણાકારે પ્રમાર્જના કરતાં મનમાં બોલવું કે.....

**૨૯ ભય, ૩૦. શોક, ૩૧. દુર્ગંચ્છા પરિહરું.**

(૩) પછી આંગલીઓમાંથી મુહપત્તિને કાઢીને, બેવડી જ રાખીને બન્ને હાથની આંગળીઓના આંતરામાં ગોઠવીને, મુહપત્તિનો નીચેનો ભાગ સીધો રહે તેમ રાખવો.

(જુઓ ચિત્ર નં. ૧૬ અને ૧૭) મુહપત્તિથી સુયોગ્ય પ્રમાર્જના થાય તેમ માથાના મધ્યભાગે (વચ્ચે) અને જમણી-ડાબી બે બાજુએ એમ ત્રણ જગ્યાએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે.

**૩૨. કૃષ્ણલેશ્યા, ૩૩. નીલલેશ્યા,**
**૩૪. કાપોતલેશ્યા પરિહરું.**

(૪) એવી જ રીતે મુહપત્તિથી મોઢાની વચ્ચે અને જમણી-ડાબી બે બાજુએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે....

**૩૫. રસગારવ, ૩૬. ઋદ્ધિગારવ,**
**૩૭. સાતાગારવ પરિહરું.**

(૫) એવી જ રીતે મુહપત્તિથી હૃદયની વચ્ચે અને જમણી-ડાબી બે બાજુએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે.

**૩૮. માયાશલ્ય, ૩૯. નિયાણશલ્ય,**
**૪૦. મિથ્યાત્વશલ્ય પરિહરું.**

(૬) એવી જ રીતે બન્ને હાથમાં મુહપત્તિ રાખીને ડાબા ખભા પરથી ફેરવીને વાંસાનો (પીઠનો ઉપલો ભાગ) ભાગ પ્રમાર્જતાં મનમાં બોલવું કે....

**૪૧. ક્રોધ-**

(૭) એવી જ રીતે મુહપત્તિથી જમણા ખભા પર થી ફેરવીને વાંસાનો (પીઠનો ઉપલો ભાગ) પ્રમાર્જતા મનમાં બોલવું કે....

**૪૨. માન પરિહરું.**

(૮) તે પછી એવી જ રીતે બન્ને હાથમાં મુહપત્તિ રાખીને ડાબાહાથની કક્ષા (કાંખ) ના સ્થાને ઉપરથી નીચે તરફ પ્રમાર્જના કરતાં મનમાં બોલવું કે....

**૪૩. માયા.**

(૯) ત્યારબાદ એવી જ રીતે મુહપત્તિથી જમણાહાથની કક્ષા(કાંખ)ના સ્થાને ઉપરથી નીચે તરફ પ્રમાર્જના કરતાં મનમાં બોલવું કે....

**૪૪. લોભ પરિહરું.**

(એ પ્રમાણે પીઠ + વાંસાની ૪ પ્રમાર્જના થઈ. એ ચાર પંડિલેહણાને ૨ખભા+૨ પીઠની પડિલેહણા ગણવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે.)

તે પછી ચરવળા (ઓઘા) થી ડાબા પગના મધ્યભાગે (વચ્ચે) અને ડાબા-જમણા ભાગે એમત્રણ જગ્યાએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે. (પૂ. સાધુ-સાધ્વીજી ભગવંત 'રક્ષાકરું' બોલે)

**૪૫. પૃથ્વીકાય, ૪૬. અપ્કાય,**
**૪૭. તેઉકાયની જયણા કરું. (રક્ષા કરું.)**

ત્યાર બાદ ચરવળા (ઓઘા) થી જમણા પગના મધ્યભાગે (વચ્ચે) અને ડાબા-જમણા ભાગે એમ ત્રણ જગ્યાએ પ્રમાર્જના કરતાં અનુક્રમે મનમાં બોલવું કે.

**૪૮. વાયુકાય, ૪૯. વનસ્પતિકાય,**
**૫૦. ત્રસકાયની રક્ષા કરું.**

(મુહપત્તિ + શરીર પડિલેહણ વિશેષ સુયોગ્ય અનુભવી પાસે શિખવા પ્રયત્ન કરવો.)

દ્વાદશાવર્ત્ત વંદનનાં ૨૫ આવશ્યક તેમજ ઉપલક્ષણથી મુહપત્તિ અને શરીરની ૨૫-૨૫ પડિલેહણા મન-વચન-કાયા સ્વરૂપ ત્રણેય કરણથી ઉપયોગવાળો થઇને અને ઓછા-વધતા અંશ વગર સંપૂર્ણ રીતે પ્રયત્નપૂર્વક જે જીવાત્મા આરાધના કરે છે, તે અધિક-અધિક કર્મ નિર્જરા સાધે છે અને ઉપયોગ વગર અવિધિથી હીન-અધિક આરાધના કરનાર મુનિભગવંત પણ વિરાધક કહેવાય છે.

## સ્ત્રીના શરીરની ૧૫ પડિલેહણા અંગે સમજણ

સ્ત્રીઓનું માથું, હૃદય અને ખભા વસ્ત્રથી હંમેશાં ઢંકાયેલા હોય છે. તેથી માથાના ત્રણ હૃદયના ત્રણ અને ખભાના (કાંખના પણ) ચાર એમ કુલ ૧૦ પડિલેહણા હોતી નથી. તેથી તેઓને ફક્ત બે હાથની, ત્રણ+ત્રણ = છ, મોંઢાની ૩ અને બન્ને પગની ત્રણ+ત્રણ = છ, એમકુલ ૧૫ પડિલેહણા હોય છે. તેમાં સાધ્વીજી ભગવંતને પ્રતિક્રમણ કરતી વખતે માથું ખુલ્લુ રાખવાનો વ્યવહાર હોવાથી માથાની ત્રણ પડિલેહાણા સાથે ૧૮ પડિલેહણા હોય છે.

મુહપત્તિ અને શરીરની પડિલેહણા સુયોગ્ય રીતે થાય પણ ફક્ત મુહપત્તિનો જ સ્પર્શ ન થાય, તેની કાળજી રાખીને ઉપયોગપૂર્વક ક્રિયા કરવી જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only @jainsite.com

# વિવિધ આવશ્યક ક્રિયાની સાચી મુદ્રા - ૨

## ૧. દેવ વંદન -ચૈત્યવંદની ક્રિયાની સાચી મુદ્રા




## ૨. પ્રતિક્રમણ -આલોચના વખતની યોગ મુદ્રા




## ૩. દેવ વંદન -ચૈત્યવંદની વખતે જિન મુદ્રા




## ૪. પ્રતિક્રમણ-આલોચના વખતે જિન મુદ્રા





જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com









































www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૧૨ 'શ્રી જગચિંતામણિ ચૈત્યવંદન સૂત્ર'



દેવવંદન, ચૈત્યવંદન તથા રાઇઅ પ્રતિક્રમણ વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વખતે ની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી જગચિંતામણિ સૂત્ર |
| ગૌણ નામ | : ચૈત્યવંદન સૂત્ર |
| ગાથા | : ૫ |
| ગુરુ અક્ષર | : ૩૩ |
| લઘુ અક્ષર | : ૨૮ |
| કુલ અક્ષર | : ૩૩૧ |



**વિષય :** શાશ્વત-અશાશ્વત જિનાલયો, જિન પ્રતિમાઓ તીર્થો, વિચરતા અરિહંતો તથા અરિહંતના ગુણોને વંદના.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! | ઇચ્-છા-કારે-ણ સન્-દિ-સહ ભગ-વન્! | હે ભગવંત ! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો. |
| ચૈત્યવંદન કરું ? ઇચ્છં, | ચૈત્-ય-વન્-દન કરું ? ઇચ્-છમ્. | કે હું ચૈત્યવંદન કરું ?(ભગવંત કહે)'કરેહ' (કરજો) ત્યારે કહેવું ('ઇચ્છં')આજ્ઞા પ્રમાણ છે. |

**અર્થ :-** હે ભગવંત ! ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો. હું ચૈત્યવંદન કરુ ? (ભગવંત કહે) કરેહ (કરજો) ત્યારે કહેવું આજ્ઞા પ્રમાણ છે.

**છંદનું નામઃ રોલા; રાગઃ "ભીમપલાશ" 'શ્રી ચિંતામણિપાસજી દાદા વાત સુણો એક મોરી રે"**

| | | |
|---|---|---|
| જગ ચિંતામણિ! જગ નાહ! | જગ-ચિન્-તા-મણિ ! જગ-નાહ ! | હે ભવ્યજીવોને માટે ચિંતામણિરત્ન સમાન, ભવ્યજીવોના નાથ |
| જગ ગુરુ! જગ રક્ખણ ! | જગ-ગુરુ ! જગ-રક્-ખણ ! | જગતના ગુરુ, છ જીવનિકાયના રક્ષક |
| જગ બંધવ! જગ સત્થવાહ ! | જગ-બન્-ધવ ! જગ-સૈત્-થ-વાહ ! | સકળજંતુના બંધુ, મોક્ષના અભિલાષી માટે સાર્થવાહ સમાન, |
| જગ ભાવ વિઅક્ખણ ! | જગ-ભાવ-વિ-અક્-ખણ ! | જગતમાં રહેલ છ દ્રવ્યને કહેવામાં વિચક્ષણ, |
| અટ્ઠાવય સંઠવિઅ-રુવ ! | અટ્-ઠા-વય-સણ્-ઠ-વિઅ-રુવ ! | અષ્ટાપદ પર્વત ઉપર જેઓનાં પ્રતિબિંબ(રુપ) સ્થાપન કરેલાં છે, |
| કમ્મટ્ઠ-વિણાસણ ! | કમ્-મટ્-ઠ-વિણા-સણ! | આઠેય કર્મોનો નાશ કરનાર એવા- |
| ચઉવીસંપિ જિણવર ! | ચઉ-વીસમ્-પિ જિણ-વર! | ચોવીશે પણ જિનેશ્વર ભગવંતો- |
| જયંતુ અપ્પડિહય-સાસણ ॥૧॥ | જયન્-તુ અપ્-પડિ-હય-સા-સણ! ॥૧॥ | જયવંતા વર્તો (કે) જેઓનું શાસન કોઇનાંથી પણ હણાય તેવું નથી. ૧. |

**અર્થ :-** ભવ્યજીવોને માટે ચિંતામણિ રત્ન સમાન, ભવ્યજીવોના નાથ, જગતના ગુરુ, છ જીવનિકાયના રક્ષક, સકળ જીવના (નિષ્કારણ) બંધુ, મોક્ષના અભિલાષી માટે સાર્થવાહ સમાન, જગતમાં રહેલાં ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યોને કહેવામાં વિચક્ષણ, અષ્ટાપદ પર્વત ઉપર જેઓનાં પ્રતિબિંબ (રુપ) સ્થાપન કરેલાં છે, આઠેય કર્મોનો નાશ કરનારા એવા ચોવીશે પણ જિનેશ્વર ભગવંતોનું કોઇનાંથી પણ ન હણાય તેવું શાસન જયવંતુ વર્તો. ૧.

**છન્દનું નામઃ- વસ્તુ; રાગ :- અવધિજ્ઞાને અવધિજ્ઞાને... (સ્નાત્ર પૂજા)**

| | | |
|---|---|---|
| કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, | કમ્-મ-ભૂમિ-હિમ્ કમ્-મ-ભૂમિ-હિમ્ | કર્મવાળી ભૂમિ, કર્મવાળી ભૂમિ |
| પઢમ-સંઘયણિ, | પઢ-મ-સઙ્-ઘ-(સન્)-યણિ | (વિષે) પહેલાં સંઘયણવાળા, |

**છન્દનું નામ-વસ્તુ ; રાગ :- મચકુંદ ચંપમાલઇ... (સ્નાત્રપૂજા)**

| | | |
|---|---|---|
| ઉક્કોસય સત્તરિસય- | ઉક્-કો-સય સત્-તરિ-સય- | ઉત્કૃષ્ટથી એકસો ને સિત્તેર |
| જિણવરાણ વિહરંત લબ્ભઇ, | જિણ-વરા-ણ વિહ-રન્-ત લબ્-ભઇ, | જિનેશ્વરો વિહરતાં મળે છે. |
| નવકોડિહિં કેવલિણ, | નવ-કોડિ-હિમ્ કેવ-લિણ, | નવ ક્રોડ કેવલ જ્ઞાની. |
| કોડિ સહસ્સ નવ સાહૂ ગમ્મઇ, | કોડિ-સહસ્-સ-નવ સાહૂ ગમ્-મઇ, | નવ હજાર કરોડ સાધુ જાણીએ |

**છન્દનું નામઃ- વસ્તુ; રાગ :- કુસુમાભરણ ઉતારીને.... (સ્નાત્ર પૂજા)**

| | | |
|---|---|---|
| સંપઇ જિણવર વીસ- | સમ્-પઇ જિણ-વર- વીસ- | વર્તમાનમાં(શ્રી સીમંધર સ્વામી આદિ)જિનેશ્વર વીશ |
| મુણિ બિહું કોડિહિં વરનાણ, | મુણિ બિહુમ્ કોડિ-હિમ્ વર-નાણ, | બે ક્રોડ કેવળજ્ઞાની મુનિઓ |
| સમણહ કોડિ સહસ્સદુઅ, | સમ-ણહ-કોડિ સહસ્-સ દુઅ, | બે હજાર કરોડ સાધુઓ |
| થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ ॥૨॥ | થુણિજ્-જઇ નિચ્-ચ વિહા-ણિ ॥૨॥ | તેમની સ્તવના કરીએ છીએ નિત્ય(હંમેશાં) સવારે. ૨. |

**અર્થ :-** અસિ, મષિ અને કૃષિ એ કર્મ જ્યાં છે, તેવી કર્મવાળી કર્મભૂમિને વિષે પહેલા સંઘયણવાળા ઉત્કૃષ્ટથી એકસોને સિત્તેર (૧૭૦) જિનેશ્વર ભગવંતો, નવ કરોડ કેવલજ્ઞાની અને નવહજાર કરોડ સાધુ ભગવંતો વિહરતા મળે છે. વર્તમાન સમયમાં શ્રી સીમંધરસ્વામી આદિ વીશ જિનેશ્વર- ભગવંતો, બે કરોડ કેવલજ્ઞાની અને બે હજાર કરોડ સાધુ ભગવંતો વિહરતા મળે છે, તેઓની હું હંમેશાં (નિત્ય) સવારે સ્તવના કરું છું. ૨.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જયઉ સામિય! જયઉ સામિય !
















# અવર વિદેહિં તિત્થયરા






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**છંદનું નામઃ વસ્તુઃ રાગ :- મચકુંદ ચંપમાલઈ... (સ્નાત્રપૂજા)**

| | | |
|---|---|---|
| જયઉ સામિઅ! જયઉ સામિઅ! | જય-ઉ સામિ-અ! જય-ઉ સામિ-અ! | જય પામો સ્વામી ! જય પામો ! સ્વામી ! |
| રિસહ ! સત્તુંજિ, | રિસ-હ ! સત્-તુન્-જિ, | ઋષભદેવ ! શત્રુંજય ઉપર, |
| ઉજ્જિંતિ પહુ નેમિજિણ ! | ઉજ્-જિન્-તિ પહુ-નેમિ-જિણ ! | ગિરનાર ઉપર પ્રભુ નેમિજિનેશ્વર, |
| જયઉ વીર ! સચ્ચઉરિ મંડણ ! | જય-ઉ વીર ! સચ્-ચ-ઉરિ-મણ્-ડણ! | જય પામો મહાવીરસ્વામી સાંચોર નગરને શોભાવનાર |
| ભરુઅચ્છહિં મુણિસુવ્વય ! | ભરૂ-અચ્-છહિમ્ મુણિ-સુવ્-વય! | ભરૂચમાં મુનિસુવ્રતસ્વામી, |
| મુહરિ પાસ! દુહ-દુરિઅ-ખંડણ! | મુહરિ-પાસ! દુહ-દુરિ-અ-ખણ્-ડણ! | મુહરી ગામમાં પાર્શ્વનાથ! દુઃખ અને પાપનો નાશ કરનારા, |
| અવરવિદેહિં તિત્થયરા, | અવ-ર-વિદે-હિમ્ તિત્-થ-યરા, | બીજા (પાંચ) મહાવિદેહને વિષે જે તીર્થંકરો |
| ચિહું દિસિ વિદિસિ જિં કે વિ, | ચિહુમ્-દિસિ વિ-દિસિ-જિઙ્(જિમ્)-કે વિ, | ચાર દિશાઓ અને વિદિશાઓમાં જે કોઇ પણ- |
| તીઆણા ગય સંપઈઅ, | તીઆ-ણા-ગય સમ્-પ-ઈ-અ, | ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં |
| વંદું જિણ સવ્વે વિ ॥૩॥ | વન્-દું જિણ સવ્-વે-વિ ॥૩॥ | (હું) વંદન કરૂ. જિનેશ્વર સર્વેને પણ. ૩. |

**અર્થઃ-** શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી ઋષભદેવભગવાન !, શ્રી ગિરનાર પર્વત ઉપર શ્રી નેમિનાથ પ્રભુ !, સાંચોરનગરને શોભાવનાર શ્રી મહાવીર સ્વામી ભગવાન ! દુઃખ અને પાપનો નાશ કરનારા ભરુચમાં બિરાજમાન શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન ! અને મુહરી (મથુરા નગરી) ગામના ભૂષણ શ્રી પાર્શ્વનાથસ્વામી ! જય પામો ! જય પામો !. બીજા પાંચ મહાવિદેહમાં રહેલાં તીર્થંકરો તથા ચાર દિશા અને વિદિશામાં ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં જે કોઈ પણ જિનેશ્વર હોય, તે સર્વેને પણ હું વંદન કરું છું. ૩.

**છંદનું નામઃ ગાહા. રાગઃ "જિણજમ્મસમયે મેરુસિહરે" (સ્નાત્રપૂજા)**

| | | |
|---|---|---|
| સત્તાણવઇ-સહસ્સા, | સત્-તાણ-વઇ સહસ્-સા, | સત્તાણું હજાર. |
| લક્ખા છપ્પન્ન અટ્ઠ કોડીઓ। | લક્-ખા છપ્-પન્-ન અટ્-ઠ-કોડીઓ। | લાખ છપ્પન , આઠ કરોડ, |
| બત્તીસ સય-બાસીઆઇં, | બત્-તીસ-સય-બાસી-આ-ઇમ્, | બત્રીશ સો બ્યાસી, |
| તિઅલોએ ચેઇએ વંદે ॥૪॥ | તિઅ-લોએ ચેઇ-એ વન્-દે ॥૪॥ | ત્રણ લોકને વિષે જે જિનમંદિર છે તેને વંદન કરું છું. ૪. |

**અર્થ :-** ત્રણે લોકમાં રહેલાં આઠ કરોડ, (છપ્પન લાખ + સત્તાણુ હજાર + બત્રીશ સો + બ્યાસી) સત્તાવન લાખ, બસોને બ્યાસી (૮,૫૭,૦૦,૨૮૨) જિનમંદિરોને હું વંદન કરૂ છું. ૪.

| | | |
|---|---|---|
| પનરસ-કોડિ-સયાઈં, | પન-રસ-કોડિ-સયા-ઇમ્ | પંદરસો કરોડ (પંદર અબજ). |
| કોડિ બાયાલ લક્ખ અડવન્ના। | કોડિ બાયા-લ લક્-ખ અડ-વન્-ના। | કરોડ બેંતાલીશ લાખ અઠ્ઠાવન. |
| છત્તીસ-સહસ્સ અસીઇં, | છત્-તીસ-સહસ્-સ-અસી-ઇમ્, | છત્રીશ હજાર એંસી. |
| સાસય બિંબાઇં પણમામિ ॥૫॥ | સાસ-ય-બિમ્-બા-ઇમ્ પણ-મામિ ॥૫॥ | શાશ્વત જિનબિંબોને પ્રણામકરું છું. ૫. |

**ઉપયોગ ના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારો તેની સામે શુદ્ધ ઉચ્ચારો**

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| અપડિહય | અપ્પડિહય |
| મુણિ બિહુ | મુણિ બિહું |
| બાસિયાઇ | બાસિયાઇં |
| અસિઇ | અસિઇં |
| ઉજિંજત | ઉજ્જિંજતિ |
| કમ્મભૂમિહિ | કમ્મભૂમિહિં |
| સયાઇ | સયાઇં |

**અર્થ :** તે જિનમંદિરોને વિષે રહેલા પંદર અબજ બેંતાળીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર અને એંશી (૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦) શાશ્વત બિંબોને પ્રણામ કરું છું. ૫.

શ્રી ગૌતમસ્વામી ગણધર અષ્ટાપદજી મહાતીર્થની યાત્રા કરવા પધાર્યા ત્યારે પ્રભુજી સન્મુખ આ સૂત્રની પહેલી બે ગાથાની રચના કરેલ. તે સિવાયની ત્રણ ગાથા પાછળથી જોડાયેલ છે. આ ચૈત્યવંદન સૂત્ર સિવાય અન્ય ગણધર રચિત્ર સૂત્રો પંચમગણધર શ્રી સુધર્મા સ્વામીજીએ રચેલાં જાણવાં.

## શ્રી અષ્ટપદ મહાતીર્થની રચના અંગે કાંઈક વાતો

એક-એક યોજનનાં આઠ પગથીયાં દ્વારા જે તીર્થનું નામ અષ્ટાપદજી પડેલ છે, તે ભરતક્ષેત્રમાં છે પણ, હાલ તે દેખાતો નથી. અહીં શ્રી ઋષભદેવ ભગવાન દશ હજાર સાધુઓ સાથે નિર્વાણ પામ્યા હતા. તે નિર્વાણ સ્થળની નજીક તેઓના પુત્ર શ્રી ભરતચક્રવર્તીએ વાર્ધકી રત્નને આદેશ કરીને સિંહ-નિષધા (= સિંહ આગળના પગ ઉભા રાખીને બેઠો હોય તેવી આકૃતિ) પ્રાસાદ ચતુર્મુખી (ચૌમુખી) બનાવેલ. તેમાં ચોવીશે પ્રભુજીની ઉંચાઇ-વર્ણ અનુસાર નાસિકા સહુની એક સરખી શ્રેણીમાં આવે તે પ્રમાણે રત્નમય પ્રતિમાઓ દક્ષિણ દિશામાં ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા ભગવાન, પશ્ચિમદિશામાં સાતમાં થી ચૌદમાં ભગવાન, ઉત્તરદિશામાં પંદરમાં થી ચોવીશમાં ભગવાન અને પૂર્વદિશામાં પહેલા બીજા ભગવાનની સ્થાપના કરેલ છે. તેમજ ૯૯ ભાઇઓ, બ્રાહ્મી-સુંદરી બ્હેનો અને મરુદેવીમાતાની સિદ્ધાવસ્થાની મૂર્તિ પધરાવેલ છે. તીર્થરક્ષાના આશયથી દંડરત્નથી પર્વત ખરબચડો કરીને એક-એક યોજન પ્રમાણ પગથીયાં કરીને ચંત્રમાનવની ગોઠવણ કરેલ.

વિશેષ રક્ષા માટે તત્પર થયેલા શ્રી સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો પર્વતની ચારેકોર ઉંડી ખાઇ ખોદી, નાગકુમાર દેવના રોષથી ભસ્મીભૂત થઇને દેવલોકે ગયા.

શ્રી ગૌતમસ્વામી ગણધર અષ્ટાપદજી દક્ષિણ તરફથી પધાર્યા હતા એટલે ચત્તારિ - અટ્ઠ-દસ-દોય (=૪, ૮,૧૦,૨) પાઠ પ્રચલિત છે.

શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના સમયમાં અયોધ્યા નગરીની બહાર મોટા વૃક્ષની ટોચ પરથી શ્રી અષ્ટાપદજી તીર્થની ધજા લહેરાતી દેખાતી હતી. સતી દમયંતી જ્યારે પૂર્વભવમાં 'વીરમતિ' હતાં, ત્યારે આ તીર્થની યાત્રા કરવા સાથે ચોવીશે પરમાત્માને રત્નનાં તિલક ચઢાવ્યાં હતાં, તેના જ પ્રભાવે સતીના ભવમાં ગાઢ અંધકારમાં પણ કપાળમાંથી તેજપૂંજ રેલાતો હતો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



દેવવંદન, ચૈત્યવંદન તથા પ્રતિક્રમણ વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વેળાની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

# ૧૩ 'શ્રી જંકિંચિ સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી જંકિંચિ સૂત્ર, |
| ગૌણ નામ | : તીર્થ વંદના |
| ગાથા | : ૧ |
| પદ | : ૪ |
| સંપદા | : ૪ |
| લઘુ અક્ષર | : ૩ |
| ગુરુ અક્ષર | : ૩ |
| કુલ અક્ષર | : ૩૨ |



**વિષયઃ**
સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા સર્વતીર્થો અને તેમાં રહેલી પ્રતિમાઓને વંદના.

છંદનું નામઃ ગાહા. રાગઃ "જિણજમ્મસમયે મેરુસિહરે" (સ્નાત્ર પુજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| જંકિંચિ નામ તિત્થં, | જઙ્-(જમ્)-કિમ્(કિન્)-ચિ નામ-તિત્-થમ્, | જે કોઇ નામ રુપ તીર્થો છે, |
| સગ્ગે પાયાલિ માણુસે લોએ । | સગ્-ગે પાયા-લિ માણુ-સે લોએ । | સ્વર્ગમાં, પાતાળમાં મનુષ્યલોકમાં- |
| જાઇં જિણ-બિંબાઇં, | જાઇમ્ જિણ-બિમ્-બાઇમ્, | જેટલાં જિનેશ્વરનાં બિંબો છે, |
| તાઇં સવ્વાઇં વંદામિ ॥૧॥ | તાઇમ્-સવ્-વાઇમ્ વન્-દામિ ॥૧॥ | તે સર્વેને વંદન કરું છું. ૧. |

જૈન સાઇટ
JAINSITE .com
જૈનમ જયતિ શાસનમ

**અર્થ :-** સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્યલોકમાં જે કોઈ નામ રુપ તીર્થો છે, (તેમાં) જેટલાં જિનેશ્વરનાં બિંબો છે તે સર્વેને હું વંદન કરું છું. ૧.

**ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારો તેની સામે શુદ્ધ ઉચ્ચારો**


| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| માણસે લોએ | માણુસે લોએ |
| જાઇ જિણબિંબાઇ | જાઇં જિણ બિંબાઇં |
| તાઇ સવ્વાઇ | તાઇં સવ્વાઇં |

## ત્રણ લોકમાં રહેલાં જિનબિંબો અંગે વિવરણ

**પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે ।**
**સ્વર્ગેડપિ યાનિ બિંબાનિ, તાનિ વંદે નિરન્તરમ્ ॥**

ઉર્ધ્વલોકમાં ૧,૫૨,૯૪,૪૪,૭૬૦, અધોલોકમાં ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ અને તીર્છાલોકમાં જંબુદ્વીપમાં ૬૩૫ ચૈત્યોમાં, ઘાતકીખંડમાં ૧૨૭૨ ચૈત્યોમાં, પુષ્કરાવર્ત્તદ્વીપમાં ૧૨૭૬ ચૈત્યોમાં, નંદીશ્વરદ્વીપમાં ૬૮ ચૈત્યોમાં, રુચકદ્વીપમાં ૪ ચૈત્યોમાં અને કુંડલ દ્વીપમાં ૪ ચૈત્યોમાં (કુલ = ૩૨૫૯ ચૈત્યોમાં) ૩,૯૧,૩૨૦ પ્રતિમાઓ છે. તે બધી મળીને ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ જિનપ્રતિમાઓ અને તે સિવાય અશાશ્વત ચૈત્યોમાં રહેલી જિનપ્રતિમાઓને નજર સમક્ષ લાવીને ભક્તિ ભાવના ઉમળકા સાથે ઉત્કૃષ્ટ બહુમાનભાવ ઉત્પન્ન કરી કૃતજ્ઞતા ભાવને પ્રગટ કરવા સાથે અનંતાનંત પાપ કર્મોનો નાશ કરવા માટે વારંવાર વંદના કરવી જોઇએ.

■ ૪૫ લાખ યોજન પ્રમાણ અઢી દ્વીપ - મનુષ્ય લોકનો નકશો ■






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શ્રી નમસ્કાર મહામંત્રનું રહસ્ય

- સમસ્ત વિશ્વમાં (પરમ) સર્વશ્રેષ્ઠ સ્થાનમાં બિરાજમાન, તેથી જ ઈચ્છિત એવા પંચ પરમેષ્ઠિને કરેલો એવો નમસ્કાર, સર્વ પાપોનો નાશ કરે છે.
- શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુભગવંતો સ્વરૂપ પરમ પાવન પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાથી સર્વ પ્રકારના પાપકર્મોનો નાશ થાય છે.
- શ્રી નમસ્કાર મહામંત્રમાં પૂજનીય પરમેષ્ઠિનાં નામોચ્ચારની પહેલા 'નમો' શબ્દ નો ઉલ્લેખ (નિર્દેશ) પહેલાં કરાયેલો છે.
- 'નમો' શબ્દ વિનય, નમ્રતા, નિરહંકાર ધોતક છે, આ ગુણો આવ્યા પછી પણ ભાવપૂર્વક કરેલ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે.
- તેથીજ જૈન ધર્મમાં વિનય ગુણને અતિ મહત્વનું સ્થાન અપાયેલું છે.
- શ્રી નમસ્કાર મહામંત્રના જાપથી નવનિધિઓ તથા આઠ સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે.
- આ મહામંત્ર સ્વયંથી સિદ્ધ થાય છે, તેથી તેને સિદ્ધ મંત્ર પણ કહે છે.
- આ મહામંત્ર આત્મસ્વરૂપની પ્રાપ્તિના કારણભૂત ક્રમશઃ સાધુ-ઉપાધ્યાય-આચાર્ય તેમજ સિદ્ધપદ આપવા માટે સમર્થ બને છે અને વિશિષ્ટ પુણ્યશાળી ભવ્યાત્માના અરિહંત પદ પણ પ્રાપ્ત થાય છે.
- આ મહામંત્રમાં આકાર સંપન્ન વ્યક્તિની નહી પરંતુ નિરાકાર ગુણોની સ્તવના છે.
- આ મહામંત્ર ચૌદપૂર્વનો સાર અને પંચમંગલ મહાશ્રુત સ્કન્ધના નામથી વિખ્યાત છે.
- આ મહામંત્ર અનાદિ-અનંત સ્વરૂપ શાશ્વત તથા ત્રિકાલ, ત્રિલોક સ્થાયી મંત્રો છે.
- આ મહામંત્રના નવલાખ જાપથી નરકગમનનું નિવારણ અને વિઘ્નો નાશ થાય છે.
- આ મહામંત્રના નવક્રોડ જાપથી પ્રાયઃ ૮ અથવા ૯ ભવમાં મુક્તિ પુરીમાં વાસ મળી જાય છે.
- આ મહામંત્ર ૧૦૦૮ વિદ્યા તેમજ દેવથી અધિષ્ઠિત કહ્યો છે.
- આ મહામંત્રના ૬૮ અક્ષરના ભાવપૂર્વક સ્મરણ ૬૮ તિર્થયાત્રાનું ફળ આપે છે.
- આ મહામંત્રના એક અક્ષરથી ૭, એક પદથી ૫૦ અને પૂર્ણ મંત્રથી ૫૦૦ સાગરોપમ ના નરકગતિનું અતિ:દુખદાયી પાપોનો નાશ થાય છે.
- આ મહામંત્રમાં રહેલ ફક્ત 'ન' અક્ષરના ઉચ્ચાર કરવામાં તે સફલ બને છે, જે સર્વકર્મોની સ્થિતિ ૧ કોડા કોડી સાગરોપમથી ન્યૂન બનાવે છે અર્થાત જે ગ્રન્થિ પ્રદેશ પર આવે છે તે આત્મા સમર્થ બને છે.
- દ્રવ્ય નમસ્કાર : બે હાથ જોડીને, મસ્તકને નમાવી શરીરને સંકુચિત કરવું.
- ભાવ નમસ્કાર : સંસાર વર્ધક વર્તન-વ્યવહાર-ઉચ્ચાર-વિચાર-જાતે જોડવા અને જિનાજ્ઞા અનુસાર જીવન બનાવવું, ભાવ નમસ્કાર ભક્ત ને ભગવાન બનાવે છે.
- રોજ ઓછામાં ઓછી એક આખી મહામંત્રની માળા અવશ્ય ગણવી જોઈએ.

## પ્રણામના અદ્ભુત લાભ તેમજ ગૂઢ રહસ્યાર્થ


- જ્યારે અરસ પરસ સાધર્મિક (સમાન ધર્મના પાલક) ભાઈઓ મળે ત્યારે "જય જિનેન્દ્ર" બોલવાને બદલે બે હાથ જોડીને "પ્રણામ" બોલવું જોઈએ.
- કોઈપણ ઉંમરવાળા અર્થાત નાના હોય કે મોટા હોય, તો પણ "પ્રણામ" બોલવું જોઈએ.
- "પ્રણામ" બોલવાથી સામેની વ્યક્તિને જ નમન થાય છે, એવું અતિસંક્ષિપ્ત અર્થ ન કરવો, સામેની વ્યક્તિમાં જૈન ધર્મની પ્રાપ્તિના માધ્યમથી પ્રાપ્ત થયેલા આત્મિક ગુણો (જેવા કે સમતા, ધીરતા, ઉદારતા, સરલતા, આદિ)ને પણ "પ્રણામ" થાય છે, એવો અર્થ કરવો જોઈએ.
- ગુણવાન સાધર્મિકને સાચાહ્દયથી "પ્રણામ" કરવાથી આપણાંમા પણ ગુણો પ્રગટ થાય છે.
- જેઓને "પ્રણામ" કરીએ છીએ તેઓની સાથે જ કલહ, ક્રોધ આદિ સ્વયંજ નાશ પામી જાય છે.
- "પ્રણામ" થી અહંકારનો ત્યાગ અને નમ્રતાનો સ્વીકાર થાય છે.
- "પ્રણામ" કરવાથી 'વિનય' નામના અભ્યંતર તપની આરાધના થાય છે.
- "પ્રણામ" કરવાથી બીજાના દોષો દેખવાનો ત્યાગ અને ગુણોના પ્રતિ અનુરાગ પેદા થાય છે.
- "પ્રણામ" સંસારવર્ધક મિથ્યાત્વનો ત્યાગ અને સંસારમોચક સમ્યકત્વ નો લાભ થાય છે.
- "પ્રણામ" કરવાથી એક-બીજા પ્રતિ કટુતા-શત્રુતાનો ત્યાગ થાય છે.
- "પ્રણામ" કરવાથી અક્કડતા તથા જડતાનો ત્યાગ આપોઆપ થાય છે.
- "પ્રણામ" થી અભિમાનનો ત્યાગ થવાથી પશુયોનિ સ્વરુપ દુર્ગતિના દ્વાર બન્ધ થઈ જાય છે.
- "પ્રણામ" કરવાથી લોકપ્રિય બનવાની સાથે પ્રસંશાપાત્ર પણ બનીએ છીએ.
- "પ્રણામ" થી અહંકારી પણ નમ્ર બની જાય છે અને આત્મહિતવચન ગ્રાહ્ય બને છે.
- "પ્રણામ" શબ્દ પ્રેમ, કરુણા, મૃદુતા, કોમલતા તથા ગુણાનુરાગ વાચક છે.
- "પ્રણામ" શબ્દના ઉચ્ચારથી અંતરમાં રહેલ ક્લિષ્ટ કર્મ પણ નાશ થાય છે.
- "પ્રણામ" શબ્દ વિનયગુણ ધોતક છે, બધી રિદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ વિનય થી થાય છે.
- "પ્રણામ" શબ્દ આઠે કર્મોને નાશ કરવામાં અમોઘ શાસ્ત્ર સમાન છે.
- "પ્રણામ" શબ્દ આધિ-વ્યાધિ-ઉપાધિ ને શાન્ત કરીને પરમ સમાધિ આપે છે.
- "પ્રણામ" બોલતી વખતે મુખ શુદ્ધ હોવુ, બુટ-ચંપલ અદિનો ત્યાગ તથા બંને હાથ જોડીને મસ્તકને વિનમ્રતાથી નમાવવું જરુરી છે.
- ભાવ અરિહંત પ્રભુ સમવસરણમાં સિંહાસન પર બેસતા પહેલા અવશ્ય 'નમો તિત્થસ્સ' બોલીને કૃતજ્ઞતા અભિવ્યક્ત કરે છે.
- જૈન ધર્મ સિવાયના અનુયાયીને 'જય જિનેન્દ્ર' ઉપરાંત સર્વ પ્રકારની શુદ્ધિની સાથે બહુમાનપૂર્વક પ્રભુજીને લક્ષ્યમાં રાખીને બોલવું જોઈએ.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# નમુત્થુણં




## 'ચિત્ર અંગે સરળ સમજૂતિ'

(૧) 'નમુડત્થુણં' આ શબ્દ દરેક વિશેષણો સાથે જોડવો અને 'નમસ્કાર થાઓ' તેવો ભાવ સમજવો; 'અરિહંતાણં'= આઠ પ્રાતિહાર્યના વૈભવ યુક્ત બાર પર્ષદા થી શોભતાં અરિહંત પ્રભુના ચરણે નમન. (૨) 'ભગવંતાણં' આઠ પ્રાતિહાર્ય સાથે કેવલજ્ઞાની એવા અરિહંત ભગવંતને વિહરતાં જોઈ ચરણે નમન. (3) 'આઈગરાણં' ગણધરભગવંતને ત્રિપદી આપવા દ્વારા શ્રુતપ્રવચનનો પ્રારંભ કરતાં જોઈ નમન કરવા. (૪) તિત્થયરાણં=ગણધર ભગવંતોને વાસચૂર્ણનો ક્ષેપ કરીને તીર્થની સ્થાપના કરનારને જોઈ નમન. (૫) 'સયં સંબુદ્ધાણ'- ગુરુવિના સ્વયં-જાતે પ્રતિબોધ પામેલા પ્રભુજી સર્વવિરતિ ઉચ્ચરે છે, તે જોઈ નમન. (૬) 'પુરિ સુત્તમાણં'= ખાણમાં પડેલા જાત્યરત્નની જેમ અનાદિ નિગોદથી આજ સુધી પ્રભુજીને ઉત્તમજોવા(ચરણે નમન) (૭) 'પુરિસ-સીહાણં'= પ્રભુજી ઉપસર્ગ-પરિષહને સહન કરવામાં સિંહ જેવા પરાક્રમી જોઈ નમન કરવા. (૮) 'પુરિસ-વર પુંડરિયાણં' કર્મરૂપી કીચડમાં ઉગેલા, ભોગરૂપી જળથી ઉછરેલા, છતાંએ બન્નેથી ઉંચે કમળની જેમનિર્લેપ રહેલા પ્રભુજીને જોઈ ચરણે નમન કરવા. (૯) 'પુરિસ વર ગંધહત્થીણં'= જેમગંધહસ્તી આવતાં ક્ષુદ્ર હાથીઓ ભાગી જાય, તેમપરમાત્મા જ્યાં વિહરે ત્યાં ૧૨૫ યોજન સુધી મારી-મરકી-મૂષક-રોગ દુર્ભાગ્ય આદિ ભાગી જાય છે. તે દેખી નમન. (૧૦) 'લોગુત્તમાણં' = ભવ્ય જીવોમાં ઉત્તમપ્રભુજીને જોઈને નમન. (૧૧) 'લોગ નાહાણં' = ચરમાવર્ત્તમાં રહેલા ભવ્ય જીવોને આત્મગુણોનો સંયોગ કરાવનાર અને આવેલ ગુણોનો રક્ષણ કરનાર એવા યોગ-ક્ષેમકરી પ્રભુજી સાચા નાથ છે, તે જોઈને નમન કરવા. (૧૨) 'લોગ-હિયાણં' = ભવ્યજીવો રૂપી લોકનું અનવરત આત્મહિત કરનાર પ્રભુજીને જોઈ નમન.. (૧3) 'લોગ-પઈવાણં' = ભવ્યજીવો રૂપી લોકના હૃદયમાં દીવો પ્રગટાવનાર પ્રભુજીને જોઈ નમન. (૧૪) 'લોગ પજ્જોઅગરાણં'=પ્રભુજી ગણધર ભગવંતોરૂપી લોકમાં વિશેષ જ્ઞાન પ્રકાશ કરનારા જોઈને નમન. (૧૫) 'અભયદયાણં'= સમસ્ત જીવરાશિને ૭ ભયોથી મુક્ત કરનારા પ્રભુજીને જોઈને નમન..(૧૬) 'ચક્ખુદયાણં' = ધર્મ પ્રત્યે આકર્ષણ કરનારી એવી દૃષ્ટિને આપનારા પ્રભુજીને જોઈને નમન...(૧૭) 'મગ્ગદયાણં'= ધર્મની માર્ગ દેખાડનાર અને અનુકૂળ સરળ ચિત્ત કરનારા પ્રભુજીને જોઈને નમન... (૧૮) 'સરણ દયાણં' = સરળ ચિત્તમાં તત્ત્વજિજ્ઞાસા ઉભી કરનારા અને રક્ષણ કરનારા પ્રભુજીને જોઈને નમ. (૧૯) 'બોહિદયાણં' = તત્ત્વનો સાચો બોધ કરાવનારા એવા પ્રભુજીને જોઈને નમન.. (૨૦) 'ધમ્મદયાણં'= ચારિત્ર ધર્મને દેનારા એવા પ્રભુજીને જોઈને નમન..(૨૧)'ધમ્મદેસયાણં'=ધર્મ દેશના આપવા દ્વારા ભવસંતાપને હરનારા એવા પ્રભુજીને જોઈને નમન.. (૨૨) 'ધમ્મનાયગાણં'= ધર્મનાયક એટલે પ્રભુ નટની જેમ ધર્મનેતા નહી, પણ સ્વયં ઉપસર્ગ-પરિસહો વચ્ચે તપ-સંપમ-ધ્યાનધર્મ ઉત્કૃષ્ટ આરાધી ધર્મનેતા બનેલા. (૨૩) 'ધમ્મસારહીણં'= વિષય કષાયથી અનાશક્ત એવા ભવ્ય જીવોને મોક્ષ તરફ પ્રયાણ કરાવનારા પ્રભુજીને જોઈને નમન..(૨૪) 'ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં'= દાન-શીલ-તપ ભાવથી ચાર ગતિનું નાશ કરનાર શ્રેષ્ઠ ચક્રવર્તી એવા પ્રભુજીને જોઈને નમન..


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૧૪ 'શ્રી નમુડત્થુણં સૂત્ર'



દેવવંદન, ચૈત્યવંદન તથા પ્રતિક્રમણ કરતી વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વેળાની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી નમુત્થુણં સૂત્ર |
| ગૌણ નામ | : શક્રસ્તવ સૂત્ર |
| ગાથા ૯+૧ | : ૧૦ |
| પદ | : ૩૩ |
| સંપદા | : ૯ |
| ગુરુ અક્ષર | : ૩૩ |
| લઘુ અક્ષર | : ૨૬૪ |
| સર્વ અક્ષર | : ૨૯૭ |



**વિષય:** શ્રી તીર્થંકર પરમાત્માની તેમના ગુણો દ્વારા સ્તવના.

### ૧. સ્તોતવ્ય સંપદા

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| નમુ ત્થુણં અરિહંતાણં-<br>ભગવંતાણં ॥૧॥ | નમુત્-થુ-ણમ્ અરિ-હન્-તા-ણમ્-<br>ભગ-વન્-તા-ણમ્ ॥૧॥ | નમસ્કાર થાઓ અરિહંત<br>ભગવંતોને. ૧. |

**અર્થ :-** અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. ૧.

### ૨. ઓઘહેતુ સંપદા

| | | |
|---|---|---|
| આઇગરાણં તિત્થયરાણં-<br>સયંસંબુદ્ધાણં ॥૨॥ | આઇ-ગરા-ણમ્ તિત્ થ-યરા-ણમ્,<br>સયન્-સમ્-બુદ્-ધા-ણમ્ ॥૨॥ | ધર્મની શરૂઆત કરનારને, તીર્થના સ્થાપનારને,<br>પોતાની મેળે બોધ પામનારને. ૨. |

**અર્થ :** ધર્મની આદિ શરુઆત કરનારને, તીર્થના સ્થાપનારને અને પોતાની મેળે બોધ પામનારને, અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. ૨.

જૈન સાઈટ
JAINSITE

### ૩. વિશેષ હેતુ સંપદા

| | | |
|---|---|---|
| પુરિસુત્તમાણં પુરિસસીહાણં-<br>પુરિસ વર પુંડરીઆણં-<br>પુરિસવરગંધહત્થીણં ॥૩॥ | પુરિ-સુત્-ત-મા-ણમ્ પુરિ-સ-સીહા-ણમ્-<br>પુરિ-સ-વર-પુણ્-ડરી-આણમ્-<br>પુરિ-સ-વર-ગન્-ધ-હત્-થી-ણમ્ ॥૩॥ | પુરુષોમાં ઉત્તમને, પુરુષોમાં સિંહ સમાનને,<br>પુરુષોમાં ઉત્તમપુંડરીક (કમળ) સમાનને<br>પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહાથી સમાનને. ૩. |

**અર્થ :** પુરુષોમાં ઉત્તમને, પુરુષોમાં સિંહ સમાનને, પુરુષોમાં ઉત્તમ પુંડરીક (કમળ) સમાનને, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહાથી સમાનને, ૩.

### ૪. સામાન્યોપયોગ સંપદા

| | | |
|---|---|---|
| લોગુત્તમાણં લોગ-નાહાણં-<br>લોગ-હિયાણં લોગ-પઇવાણં-<br>લોગ-પજ્જોઅ-ગરાણં ॥૪॥ | લોગુત્-ત-મા-ણમ્ લોગ-નાહા-ણમ્-<br>લોગ-હિયા-ણમ્ લોગ-પઇ-વા-ણમ્-<br>લોગ-પજ્-જો-અ-ગરા-ણમ્ ॥૪॥ | લોકને ઉત્તમને, લોકનાં નાથ ને,<br>લોકનું હિત કરનારને, લોકમાં દીપક સમાનને,<br>લોકમાં પ્રકાશ કરનારને. ૪. |

**અર્થ :** લોકમાં ઉત્તમને, લોકનાં નાથને, લોકનું હિત કરનારને, લોકમાં દીપક સમાનને, લોકમાં પ્રકાશ કરનારને. ૪.

### ૫. તદ્-હેતુ સંપદા

| | | |
|---|---|---|
| અભય-દયાણં-ચક્ખુ-દયાણં-<br>મગ્ગ-દયાણં સરણ-દયાણં<br>બોહિદયાણં ॥૫॥ | અભ-ય-દયા-ણમ્ ચક્-ખુ-દયા-ણમ્-<br>મગ્-ગ-દયા-ણમ્ સર-ણ-દયા-ણમ્-<br>બોહિ-દયા-ણમ્ ॥૫॥ | અભયદાન આપનારને, ચક્ષુ આપનારને,<br>માર્ગને આપનારને, શરણ આપનારને,<br>સમકિત આપનારને. ૫. |

**અર્થ :** અભયદાન આપનારને, શ્રુતજ્ઞાન રુપ ચક્ષુ (આંખ) આપનારને, મોક્ષમાર્ગ આપનારને, શરણ આપનારને, સમકિત આપનારને. ૫.

### ૬. વિશેષોપયોગ સંપદા

| | | |
|---|---|---|
| ધમ્મ-દયાણં ધમ્મ-દેસયાણં-<br>ધમ્મ-નાયગાણં ધમ્મ-સારહીણં<br>ધમ્મ-વરચાઉરંત-ચક્કવટ્ટીણં ॥૬॥ | ધમ્-મ-દયા-ણમ્ ધમ્-મ-દેસ-યાણમ્<br>ધમ્-મ-નાય-ગા-ણમ્ ધમ્-મ-સાર-હીણમ્<br>ધમ્-મ-વર-ચાઉ-રન્-ત<br>ચક્-ક-વટ્-ટીણમ્ ॥૬॥ | ધર્મને આપનારને, ધર્મનો ઉપદેશ આપનાર<br>ધર્મનાં નાયક ને, ધર્મનાં સારથીને,<br>ધર્મ(દાન-શીલ-તપ-ભાવરૂપ)નાં<br>શ્રેષ્ઠ ચાર અંતના ચક્રવર્તીને. ૬. |

**અર્થ :** ધર્મને આપનારને, ધર્મનો ઉપદેશ આપનારાને, ધર્મના નાયક, ધર્મના સારથીને, દાન-શીલ-તપ-ભાવ રુપ ધર્મમાં ચતુરંત શ્રેષ્ઠ ચક્રવર્તીને. ૬.



www.jainsite.com For Private & Personal Use Only www.jainsite.com







'અપ્પડિહયવરનાણ-દંસણ-ધરાણં'- શુક્લધ્યાનથી પ્રગટેલા કેવળજ્ઞાન અને કેવળદર્શનવાળા પ્રભુજીને ત્રણેય કાળ અને સમસ્ત વિશ્વને જોતા જોઈને નમન કરવા. વિયટ્ટ છઉમાણં - પ્રભુજીના ધ્યાનરુપી અગ્નિથી છદ્મસ્થ અવસ્થામાં કારણભૂત ચારઘાતિ કર્મ ને બાળતા એવા પ્રભુજીને જોઈને નમન કરવા. (૧) જિણાણં-જાવયાણં = ૧૦ માં ગુણઠાણોને અંતે રાગ-દ્વેષ વિજેતા વીતરાગ બનેલા જોવા અને એવા તેઓ અન્યોને પણ રાગ-દ્વેષ વિજેતા બનાવવા સમર્થ જોઈને નમન; (૨) તિન્નાણં-તારયાણં = ૧૨માં ગુણવઠાણાના અંતે બાકી ઘાતિકર્મ અજ્ઞાન-નિદ્રા-અંતરાયના મહાસાગરને તરી જતાં પ્રભુજીને ગોદોહિકા આસને જોવા અને એવા તેઓ અન્યોને પણ તારવામાં સમર્થ જોઈને નમન; (૩) બુદ્ધાણં-બોહ્યાણં = ૧૩મે ગુણઠાણે બુદ્ધ-સર્વજ્ઞ બની સમવસરણ પર બિરાજેલા જોવા અને એવા તેઓ અન્યોને પણ બુદ્ધ બનાવવા સમર્થ જોઈને નમન; (૪) મુત્તાણં-મોઅગાણં = ૧૪માં ગુણઠાણાના અંતે સર્વકર્મથી મુક્ત સિદ્ધશિલા પર રહ્યા જ્યોતિ સ્વરુપે જોવા અને એવા તેઓ અન્યોને પણ મુક્ત કરવા સમર્થ જોઈને નમન. સવ્વન્નૂણં સવ્વદરિસીણં - સર્વજ્ઞ અને સર્વદર્શી એવા અરિહંત ભગવંતોને જોઈને નમન..... સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવાબાહ-મપુનરાવિત્તિ-કલ્યાણ સ્વરૂપ, નિશ્ચલ, નિરોગી, અંતરહિત, અક્ષયસ્થિતિરૂપ કોઈપણ પ્રકારની બાધા રહિત (અવ્યાબાધ) અને જ્યાંથી ફરીથી પાછા ક્યારેય આવવાનું નથી એવા.... સિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં - સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા એવા... નમો જિણાણં જિઅ ભયાણં - રાગ-દ્વેષને જિતનારા અને સર્વભયોને જીતનારા શ્રી અરિહંત ભગવંતોને ભાવપૂર્વક નમસ્કાર થાઓ.'જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએકાલે। સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ॥' સાધના કરનાર સાધકે જમણી બાજૂ અષ્ટકર્મ મૂકત એવા ભૂતકાળમાં થયેલા અનંતા અરિહંત ભગવંતોની કલ્પના કરવી, ડાબી બાજૂ ભવિષ્યમાં અષ્ટકર્મ મુકત થનાર એવા અનંતા અરિહંતોની કલ્પના કરવી અને સન્મુખમાં વર્તમાન પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં તિહરતા શ્રી સીમંધર સ્વામિ આદિ વીશ વિહરમાન અરિહંત ભગવંતોની કલ્પના કરી ત્રણેય કાળના અરિહંત ભગવંતોને મન-વચન-કાયાથી ભાવપૂર્વક નમન કરવા....

### ૭. સ્વરુપ સંપદા

| | | |
|---|---|---|
| અપ્પડિહય-વરનાણ-<br>દંસણ-ધરાણં વિયટ્ટછઉમાણં ॥૭॥ | અપ્-પડિ-હય-વર-નાણ<br>દન્-સણ-ધરા-ણમ્-વિયટ્<br>-ટ-છઉ-માણમ્ ॥૭॥ | કોઇનાથી પણ ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન અને<br>શ્રેષ્ઠ દર્શનને ધારણ કરનાર, ચાલ્યુ ગયું છે,<br>છદ્મસ્થ પણું જેમનું.૭. |

**અર્થ :** કોઈનાં થી પણ ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન અને શ્રેષ્ઠ દર્શનને ધારણ કરનારને, ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું જેમનું. ૭.

### ૮. જિનસમફલ સંપદા

| | | |
|---|---|---|
| જિણાણં જાવયાણં,<br>તિન્નાણં તારયાણં,<br>બુદ્ધાણં બોહયાણં,<br>મુત્તાણં મોઅગાણં ॥૮॥ | જિણા-ણમ્ જાવ-યાણમ્,<br>તિન્-નાણમ્ તાર-યાણમ્,<br>બુદ્-ધા-ણમ્ બોહ-યાણમ્,<br>મુત્-તા-ણમ્- મોઅ-ગા-ણમ્ ॥૮॥ | રાગદ્વેષને જીતનાર, જીતાનારને,<br>તરનાર-તારનારને,<br>તત્ત્વના જાણનાર, જણાવનારને,<br>કર્મથી મુક્ત, મુકાવનારાને. ૮. |

**અર્થ:** રાગદ્વેષને જીતનાર, જીતાડનાર, તરનાર-તારનારને, તત્ત્વના જાણકાર-જણાવનારને, કર્મથી મુક્ત મુકાવનારને. ૮.


www.jainsite.com
For Private & Personal Use Only

## ૯. મોક્ષ સંપદા

| | | |
|---|---|---|
| સવ્વન્નૂણં સવ્વદરિસીણં- | સવ્-વન્-નૂ-ણમ્ સવ્-વ-દરિ-સી-ણમ્- | સર્વજ્ઞને, સર્વદર્શીને, |
| સિવ-મયલ-મરુઅ-મણંત- | સિવ-મય-લ-મરુ-અ-મણન્-ત- | કલ્યાણરૂપ-અચળ-રોગરહિત-અનંત, |
| મક્ખય-મવ્વાબાહ- | -મક્-ખય-મવ્-વા-બાહ- | અક્ષય, અવ્યાબાધ (અને) |
| મપુણરાવિત્તિ સિદ્ધિગઇનામધેયં- | મપુ-ણ-રાવિત્-તિ સિદ્-ધિ-ગઇ--નામ-ધેયમ્- | ફરીથી પાછા આવવાનું નથી એવા, સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલાને |
| ઠાણં સંપત્તાણં- | ઠાણમ્ સમ્-પત્-તાણમ્- | નમસ્કાર થાઓ, રાગદ્વેષને જીતનારને |
| નમો જિણાણં જિઅ-ભયાણં ॥૯॥ | નમો જિણા-ણમ્ જિઅ-ભયા-ણમ્ ॥૯॥ | જિનને (કે) જેઓ સર્વ પ્રકારના સર્વ ભયને જીતનાર છે તેને. ૯. |

**અર્થ : સર્વજ્ઞને, સર્વદર્શીને, કલ્યાણરૂપ, અચળ (સ્થિર) રોગ રહિત-અનંત (અંત વિનાનું)-અક્ષય (નાશ ન પામે તેવું) - અવ્યાબાધ (આધિ વ્યાધિ-ઉપાધિ રહિત) - ફરીથી પાછા આવવાનું નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા જેઓ રાગ-દ્વેષને જીતનારા એવા જિનને અને સર્વ પ્રકારના ભયને જીતનાર (શ્રી અરિહંત પરમાત્મા) ને નમસ્કાર થાઓ. ૯.**

## છંદનું નામઃ ગાહા. રાગઃ "જિણજમ્મસમયે" (સ્નાત્ર પૂજા)

| | | |
|---|---|---|
| જે અ અઇઆ સિદ્ધા, | જે અ અઇ-આ સિદ્-ધા, | જેઓ અને ભૂતકાળમાં સિદ્ધ થયા હોય છે, |
| જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે । | જે અ-ભવિસ્-સન્-તિ-ણા-ગએ કાલે । | જેઓ અને થશે ભવિષ્યકાળમાં, |
| સંપઇ અ વટ્ટમાણા, | સમ્-પઇ અ વટ્-ટ-માણા, | હમણાં અને (વર્તમાનકાળમાં) વર્તતા હોય, |
| સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥ | સવ્-વે તિવિ-હેણ વન્-દામિ ॥૧૦॥ | સર્વેને (હું) ત્રણ પ્રકાર વંદન કરું છું. ૧૦. |

**અર્થ : અને જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા હોય અને જેઓ ભવિષ્યકાળમાં સિદ્ધ થવાનાં છે અને જેઓ હમણાં વર્તમાનકાળમાં વિહરી રહ્યા છે, તે સર્વેને હું મન-વચન-કાયારુપ ત્રણ કરણથી વંદન કરું છું. ૧૦**

આ સૂત્રમાં 'વિઅટ્ટછઉમાણં'ને બદલે 'વિઅટ્ટચ્છઉમાણં' નો મત મળતો હોવાથી ગુરુ અક્ષર ૩૩ના બદલે ૩૪ પણ મનાય છે. ૯ ગાથા શાશ્વત છે અને ૧૦મી ગાથા પાછળથી ઉમેરવામાં આવેલ છે.

### નમુત્થુણં સૂત્રનાં ૩૩ પદોમાં ૯ સંપદાનાં નામોનાં કારણ અને અર્થનું વિવરણ

**(૧) સ્તોતવ્ય સંપદા :** સ્તુતિ-સ્તવના કરવા યોગ્ય એક અરિહંત પરમાત્મા જ છે. તેથી બે પદવાળી પહેલી સંપદા 'નમુત્થુણં થી ભગવંતાણં' સુધીની સ્તોતવ્ય સંપદા છે.

**(૨) ઓઘ હેતુ સંપદા :** અરિહંત પરમાત્માને જ નમસ્કાર કરવાનો ઓઘ પહેલી (સામાન્ય) હેતુને દર્શાવતી ત્રણ પદોવાળી 'આઇગરાણં થી સયં સંબુદ્ધાણં' સુધીની બીજી ઓઘહેતુ સંપદા છે.

**(૩) વિશેષહેતુ સંપદા :** અરિહંત પરમાત્માને જ નમસ્કાર કરવાના વિશેષ હેતુ (કારણ)ને દર્શાવતી ચાર પદવાળી 'પુરિસુત્તમાણં થી પુરિસવર ગન્ધહત્થીણં' સુધીની ત્રીજી વિશેષ હેતુ સંપદા છે.

**(૪) સામાન્ય-ઉપયોગ સંપદા :** અરિહંત પરમાત્મા સામાન્યપણે સર્વલોકને પરાર્થ અને પરમાર્થ કરવાથી ઉપકારી હોવાથી તેને દર્શાવતી પાંચ પદવાળી 'લોગુત્તમાણં થી લોગપજ્જોઅગરાણં' સુધીની ચોથી સામાન્ય ઉપયોગ સંપદા છે.

**(૫) તદ્-હેતુ સંપદા :** સામાન્ય ઉપયોગમાં એટલે સર્વ લોકના પરમાર્થ કરવામાં કારણભૂત પાંચ પદવાળી 'અભયદયાણં થી બોહિદયાણં' સુધીની પાંચમી તદ્-હેતુ સંપદા છે.

**(૬) વિશેષ - ઉપયોગ સંપદા :** જે વિશેષ ઉપયોગ પ્રયોજનરુપ અર્થ પાંચ પદવાળી 'ધમ્મદયાણં થી ધમ્મવર ચઉરંત-ચક્કવટ્ટીણં' સુધીની છઠ્ઠી વિશેષ ઉપયોગ સંપદા છે.

**(૭) સ્વરુપ સંપદા :** અરિહંત પરમાત્માના સ્વરુપને વર્ણવતી બે પદવાળી 'અપ્પડિહય...થી વિઅટ્ટ-છઉમાણં' સુધીની સાતમી સ્વરુપ સંપદા છે.

**(૮) જિનસમફલ સંપદા :** અરિહંત પરમાત્માનું પોતાનું જેવું સ્વરુપ છે, તેવું સ્વરુપ અન્ય જીવોને પણ આપે છે, તેને દર્શાવતી ચાર પદવાળી 'જિણાણં થી મોઅગાણં' સુધીની આઠમી જિનસમફલ સંપદા છે.

**(૯) મોક્ષ સંપદા :** અરિહંત પરમાત્મા અઘાતિકર્મનો નાશ કરી સિદ્ધ-અવસ્થાને પ્રાપ્ત કરે છે, તે થતાં સિદ્ધાવસ્થાને દર્શાવતી ત્રણ પદવાળી 'સવ્વન્નૂણં થી જિઅભયાણં' સુધીની નવમી મોક્ષ સંપદા છે.

### અશુદ્ધ ઉચ્ચારો તેની સામે શુદ્ધ ઉચ્ચારો

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| નમુથુણં | નમુ ત્થુ ણં |
| આયગરાણં | આઇગરાણં |
| ધમ્મદેસીયાણં | ધમ્મદેસયાણં |
| લોગપજ્જોગરાણં | લોગપજ્જોઅગરાણં |
| ચખુદયાણં, મગ્દયાણં | ચક્ખુદયાણં, મગ્ગ દયાણં |
| ધમ્દયાણં, | ધમ્મદયાણં, |
| અપડિહયવરનાણં | અપ્પડિહયવરનાણ |
| જિણાણં જાવયાણં | જિણાણં જાવયાણં |
| તિન્નાણં તારિયાણં | તિન્નાણં તારયાણં |
| બુદ્ધાણં બોહિયાણં | બુદ્ધાણં બોહયાણં |
| સવનૂણં | સવ્વન્નૂણં |
| મપુણરાવિતિ | મપુણરાવિત્તિ |
| જે અઇઆ સિદ્ધા | જે અ અઇઆ સિદ્ધા |
| ભવિસંતિ અણાગએ કાલે | ભવિસ્સંતિ ણાગએ કાલે |
| તિવેહણ | તિવિહેણ |

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૧૫ 'શ્રી જાવંતિ ચેઈઆઈ સૂત્ર'



અપવાદિક સન્મૂખ મુદ્રા.

કપાલ પ્રદેશને સ્પર્શ કર્યા ની સાઈડપોઝની મુદ્રા.

બે ઢિંચણ નીચે સ્થાપી ડાબો પગ સહેજ ઉભો કરીને બન્ને હાથને ખોબા પ્રમાણે રાખીને કપાલ પ્રદેશને અડીને રાખવાની મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી જાવંતિ ચેઇઆઇં સૂત્ર |
| ગૌણ નામ | : ચૈત્યવંદન સૂત્ર |
| પદ | : ૪ |
| સંપદા | : ૪ |
| ગાથા | : ૧ |
| ગુરુ અક્ષર | : ૩ |
| લઘુ અક્ષર | : ૩૨ |
| સર્વ અક્ષર | : ૩૫ |



**વિષય :** સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં રહેલા જિનચૈત્યોને વંદના.

છંદનું નામઃ ગાહા. રાગ : "જિણજમ્મસમયે" (સ્નાત્રપૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| જાવંતિ ચેઇઆઇં, | જાવન્-તિ ચેઇ આઇમ્, | જેટલી જિનપ્રતિમાઓ છે. |
| ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ । | ઉડ્-ઢે-અ-અહે-અ-તિરિ-અ-લોએ અ । | ઉર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્છાલોકમાં, |
| સવ્વાઇં તાઇં વંદે, | સવ્-વાઇમ્ તાઇમ્ વન્-દે, | સર્વેને તેને વંદન કરુ છું. |
| ઇહ સંતો તત્થ સંતાઇં ॥૧॥ | ઇહ સન્-તો તત્-થ સન્-તા-ઇમ્ ॥૧॥ | અહીં રહેલો ત્યાં રહેલીને. ૧. |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| જાવંત ચેઈયાઈ | જાવંતિ ચેઈયાઈ |
| સવ્વાઈ તાઈ | સવ્વાઈં તાઇં |
| ઈઅ સંતો તત્થ સંતાઈ | ઈહ સંતો તત્થ સંતાઈં |

**અર્થ :-** ઉર્ધ્વલોકમાં, અધોલોકમાં, અને તિર્છાલોકમાં જેટલી જિનપ્રતિમાઓ છે તેને અહીં રહેલો હું ત્યાં રહેલી સર્વે પ્રતિમાઓને વંદન કરું છું. ૧.

જૈન સાઈટ JAINSITE.com

# ૧૬ 'શ્રી જાવંત કે વિ સાહૂ સૂત્ર'



આ સૂત્ર બોલતી વખતની સન્મુખ ચિત્રની સ્પષ્ટ મુદ્રા.

સાઈડ પોઝમાં મુક્તા શુક્તિ મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી જાવંત કે વિ સાહૂ સૂત્ર |
| ગૌણ નામ | : મુનિવંદન સૂત્ર |
| પદ | : ૪ |
| સંપદા | : ૪ |
| ગુરુ અક્ષર | : ૩ |
| લઘુ અક્ષર | : ૩૭ |
| સર્વાક્ષર | : ૪૦ (૩૮) |



**વિષય :** ભરત-ઐરાવત-મહાવિદેહક્ષેત્રમાં રહેલાં સાધુ ભગવંતોને વંદના.

છંદનું નામઃગાહા. રાગઃ "મચકુન્દ ચંપમાલઈ" (સ્નાત્રપૂજા)

| | | |
|---|---|---|
| જાવંત કે વિ સાહૂ, | જા-વન્-ત કે વિ સાહૂ, | જેટલા કોઇપણ સાધુઓ. |
| ભરહે-રવય-મહાવિદેહે અ । | ભર-હે-રવ-ય-મહા-વિદે-હે-અ । | ભરતક્ષેત્રમાં,ઐરાવતક્ષેત્રમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં (છે) |
| સવ્વેસિં તેસિં પણઓ, | સવ્-વે-સિમ્ તેસિમ્ પણ-ઓ, | સર્વેને તેઓને નમેલો છું. |
| તિવિહેણ તિદંડ-વિરયાણં ॥૧॥ | તિવિ-હે-ણ તિ-દણ્-ડ વિર-યાણમ્ ॥૧॥ | ત્રિવિધે ત્રણ દંડથી વિરામ પામેલાને. ૧. |

**અર્થ :** ભરતક્ષેત્રમાં, ઐરાવતક્ષેત્રમાં અને મહાવિદેહક્ષેત્રમાં મનદંડ-વચનદંડ- કાયદંડ રૂપ ત્રણ દંડથી વિરામ પામેલાં જે કોઇપણ સાધુ ભગવંતો છે, તેઓ સર્વને હું મન-વચન-કાયાથી નમેલો છું. ૧.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| જાવંતિ કે વિ સાહૂ | જાવંત કે વિ સાહૂ |
| મહાવિદેહે | મહાવિદેહે અ |
| પણહો | પણઓ |
| તિદંડ વીરિયાણં | તિદંડ વિરયાણં |

- શ્રી વિતરાગ પરમાત્માને ઓળખનાર - સમજાવનાર અને સન્માર્ગ બતાવનાર સાધુભગવંતો છે. તેઓને આ 'જાવંત કે વિ સાહૂ' સૂત્ર દ્વારા વંદન કરાય છે. યોગ્ય બહુમાન-આદર-અહોભાવ દ્વારા હંમેશા તેઓની વંદના કરવાથી કર્મનિર્જરા થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૧૭ 'શ્રી નમોઽર્હત્ સૂત્ર'



'અર્હત્'



'સિદ્ધ'



'આચાર્ય'



'ઉપાધ્યાય'



'સર્વસાધુભ્યઃ'

આદાન નામ : શ્રી નમોઽર્હત્ સૂત્ર
ગૌણ નામ : પંચ પરમેષ્ઠિ નમસ્કાર
ગુરુ અક્ષર : ૭
લઘુ અક્ષર : ૮
સર્વ અક્ષર : ૧૫



વિષય :
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સ્વરુપ પંચપરમેષ્ઠિને નમસ્કાર.

| સૂત્ર | ઉચ્ચારણ | અર્થ |
|---|---|---|
| નમોઽર્હત્- | નમોર્-હત્ | નમસ્કાર હો અરિહંત ભગવંતને. |
| સિદ્ધા- | સિદ્-ધા | સિદ્ધભગવંતને. |
| -ચાર્યો- | ચાર્-યો | આચાર્ય ભગવંતને. |
| -પાધ્યાય- | પા-ધ્યા-ય | ઉપાધ્યાય ભગવંતને. |
| -સર્વ- | સર્-વ | સઘળાય. |
| સાધુભ્યઃ | સા-ધુ-ભ્યઃ | સાધુભગવંતને. |



**અર્થ :-** શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સઘળાય સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

**આ સૂત્ર અંગે વિશેષ સમજણ**

આ સૂત્ર પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલું હોવાથી સાધ્વીજીભગવંત અને શ્રાવિકાને બોલવાનો અધિકાર નથી. તેઓને આ સૂત્રની જ્યારે જરુર જણાય ત્યારે શ્રી નવકારમંત્ર બોલવાની પ્રથા પ્રચલિત છે. આ સૂત્ર વિવિધ રાગોમાં બોલાતું હોય છે. પણ તેમાં ગુરુ-લઘુ અક્ષર અને જોડાક્ષરની ઉચ્ચાર વિધિમાં બાધ ન પહોંચે, તે પ્રમાણે જ બોલવું જોઇએ. ગુરુ-આજ્ઞા વગર શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજીએ આ સૂત્ર પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલ હોવાથી તેમને સંઘ બહાર કરેલ, અને યોગ્ય પ્રાયશ્ચિત્ત કરી રાજાને પ્રતિબોધ કરવાથી શ્રીસંઘમાં તેમનો સન્માનપૂર્વક સ્વીકાર કરેલ.

JAINSITE .com

# ૧૮ 'શ્રી ઉવસગ્ગહરં સૂત્ર'



દેવવંદન, ચૈત્યવંદન તથા પ્રતિક્રમણ કરતી વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વેળાની મુદ્રા.

અપવાદિક મુદ્રા.

આદાન નામ : શ્રી ઉવસગ્ગહરં સૂત્ર
ગૌણ નામ : ઉપસર્ગહર સ્તોત્ર
પદ - ૨૦
સંપદા - ૨૦
ગાથા - ૫
ગુરુ અક્ષર - ૨૧
લઘુ અક્ષર-૧૬૪, સર્વ અક્ષર-૧૮૫



વિષયઃ
ધર્મમાર્ગમાં અંતરાયભૂત વિઘ્નોના નિવારણની પ્રાર્થના ગર્ભિત પાર્શ્વનાથ પ્રભુની સ્તવના.

છંદનું નામઃ ગાહા. રાગઃ "જિણજમ્મસમયે" (સ્નાત્રપૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઉવસગ્ગહરં પાસં, | ઉવસગ્-ગહરમ્-પાસમ્, | ઉપસર્ગને હરનાર, પાર્શ્વયક્ષ વાળા એવા... |
| પાસં વંદામિ કમ્મ-ઘણ-મુક્કમ્ । | પાસમ્-વન્-દામિ-કમ્-મ-ઘણ-મુક્-કમ્ । | પાર્શ્વનાથને વંદું છું, જેઓ કર્મના સમૂહથી મૂકાયેલોને, |
| વિસ-હર-વિસ-નિન્નાસં, | વિસ-હર-વિસ-નિન્-ના-સમ્, | (વિષને ધારણ કરનાર)સર્પના વિષને નાશ કરનારાને, |
| મંગલ-કલ્લાણ-આવાસં ॥૧॥ | મઙ્-ગલ-કલ્-લાણ-આ-વા-સમ્ ॥૧॥ | મંગળ અને કલ્યાણના ઘરરુપને ૧. |

**અર્થ :-** ઉપસર્ગને હરનારા, પાર્શ્વયક્ષવાળા, કર્મના સમૂહથી મુકાયેલા, વિષને ધારણ કરનારા એવા સર્પના વિષને નાશ કરનાર, મંગલ અને કલ્યાણના ઘરરૂપ એવા શ્રી પાર્શ્વનાથને હું વંદન કરું છું. ૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| | | |
|---|---|---|
| વિસહર ફુલિંગ મંતં, | વિસ-હર-ફુ-લિઙ્-ગ-મન્-તમ્, | વિષને હરનાર સ્ફુલિંગ મંત્રને, |
| કંઠે ધારેઇ જો સયા મણુઓ । | કણ્-ઠે ધારે-ઇ જો સયા મણુ-ઓ । | કંઠમાં ધારણ કરે છે જે કોઇ હંમેશા મનુષ્ય, |
| તસ્સ ગહ-રોગ મારી, | તસ્-સ ગહ-રોગ-મારી, | તેના ગ્રહ, રોગ, મરકી, |
| દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ॥૨॥ | દુટ્-ઠ જરા જન્-તિ ઉવ-સા-મમ્ ॥૨॥ | દુષ્ટ તાવ પામે છે શાંતિને. ૨. |

**અર્થ :** જે કોઇ મનુષ્ય વિષને હરનાર સ્ફુલિંગમંત્રને કંઠમાં સદા ધારણ કરે છે, તેના ગ્રહ, રોગ, મરકી અને દુષ્ટ તાવ શાંતિને પામે છે. ૨.

| | | |
|---|---|---|
| ચિટ્ઠઉ દૂરે મંતો, | ચિટ્-ઠઉ દૂરે મન્-તો, | દૂર રહો (સ્ફુલિંગ) મંત્ર |
| તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ । | તુજ્-ઝ પણા-મો વિ-બહુ-ફલો હોઇ । | તમને કરેલો પ્રણામ પણ ઘણા ફળવાળો થાય છે |
| નર તિરિએસુ વિ જીવા, | નર-તિરિ-એસુ વિ-જીવા, | મનુષ્ય (અને) તિર્યંચને વિષે પણ જીવો |
| પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥ | પાવન્-તિ ન દુક્-ખ-દો-ગચ્-ચમ્ ॥૩॥ | પામતાં નથી દુઃખ (અને) દુર્ભાગ્ય. ૩. |

**અર્થઃ-** તે (સ્ફુલિંગ) મંત્ર તો દૂર રહો, ફક્ત તમને કરેલા નમસ્કાર પણ ઘણા ફળને આપનાર થાય છે (અને) મનુષ્ય-તિર્યંચગતિમાં રહેલા જીવો પણ દુઃખ અને દુર્ભાગ્યને પામતા નથી. ૩.

| | | |
|---|---|---|
| તુહ સમ્મત્તે લદ્ધે, | તુહ સમ્-મત્-તે લદ્-ધે, | તમારું સમ્યગ્દર્શન પામે છતે. |
| ચિંતામણિ-કપ્પપાય વબ્ભહિએ । | ચિન્-તા-મણિ કપ્-પ-પાય-વબ્-ભ-હિએ । | ચિંતામણિરત્ન (અને) કલ્પવૃક્ષથી અધિક |
| પાવંતિ અવિગ્ઘેણં, | પાવન્-તિ-અવિગ્-ઘેણમ્, | પામે છે નિર્વિઘ્નપણે |
| જીવા અયરામરં ઠાણં ॥૪॥ | જીવા-અય-રા-મરમ્ ઠાણમ્ ॥૪॥ | જીવો અજરામર (મોક્ષ) સ્થાનને. ૪. |

**અર્થ :-** ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યગ્દર્શન જીવો પામે છતે (પામવાથી) નિર્વિઘ્નપણે અજરામર(અજર=ઘડપણ રહિત=મોક્ષપદ) ને પામે છે.૪.

| | | |
|---|---|---|
| ઇઅ સંથુઓ મહાયસ !, | ઇઅ સન્-થુઓ મહા-યસ ! | એ પ્રકારે સ્તવેલા હે મોટા યશવાળા ! |
| ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ । | ભત્-તિબ્-ભર નિબ્-ભ-રેણ-હિય-એણ । | ભક્તિના સમૂહથી પરિપૂર્ણ એવા હૃદયથી, |
| તા દેવ ! દિજ્જ બોહિં, | તા દેવ ! દિજ્-જ બો હિમ્, | તેથી હે દેવ ! આપો બોધિબીજને, |
| ભવે ભવે પાસ જિણચંદ! ॥૫॥ | ભવે ભવે પાસ-જિણ-ચન્-દ ! ॥૫॥ | ભવોભવમાં શ્રી પાર્શ્વ જિનચંદ્ર. ૫. |

**અર્થ :-** હે મોટા યશવાળા (પાર્શ્વનાથભગવાન) ! ભક્તિના સમૂહથી પરિપૂર્ણ એવા હૃદયથી મેં આ પ્રમાણે સ્તવના કરી છે, તેથી હે દેવ ! શ્રી પાર્શ્વનાથ જિનચંદ્ર ! મને જન્મોજન્મમાં બોધિબીજ (સમ્યગ્દર્શન) ને આપો. ૫

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| મંગલ કલ્યાણ આવાસં | મંગલ કલ્લાણ આવાસં |
| તુઅ સમત્તે લદ્ધે | તુહ સમ્મત્તે લદ્ધે |
| પાવંતિ અવિઘેણં | પાવંતિ અવિગ્ઘેણં |
| ઈહ સંથુઓ મહાયસ્સ | ઈઅ સંથુઓ મહાયસ |
| ભત્તિભર | ભત્તિબ્ભર |
| દિજ્જ બોહિ | દિજ્જ બોહિં |


### પ્રસ્તુત સૂત્રની રચના - રચયિતા અંગે કાંઇક દિગ્દર્શન

શ્રી સંઘ ઉપર વ્યંતરદેવ દ્વારા ઉપદ્રવ કરવામાં આવેલ ત્યારે તેના નિવારણ માટે લગભગ ૨૨૦૦ વર્ષ પહેલાં અંતિમ ચૌદપૂર્વધર શ્રી આર્ય ભદ્રબાહુસ્વામીજીએ આ સ્તોત્રની ૭ ગાથા પ્રમાણ રચના કરેલ. વિષમકાલમાં તે મંત્રાક્ષરોનો દુરુપયોગ થવાથી શાસનરક્ષક અધિષ્ઠાયક દેવની વિનંતીથી પાછળથી બે ગાથા સંહરી લેવામાં આવેલ. હાલ, પાંચ ગાથાનું આ સ્તોત્ર પૂર્વધરે રચેલ હોવાથી સૂત્ર પણ કહેવાય છે. આ પૂર્વધર ભગવંતે શ્રી કલ્પસૂત્રની પણ રચના પૂર્વમાંથી કરેલ છે. તેઓ આર્ય શ્રી સ્થુલભદ્ર સ્વામીજીના વિદ્યાગુરુ પણ હતા.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



બન્ને ઢિંચણ નીચે સ્થાપી ડાબો પગ સહેજ ઉંચો કરી કપાલ પ્રદેશ પર બન્ને હાથ ખોબા ભરીને રાખવા સાથે અડાડવાની મુદ્રા

સન્મુખ અપવાદિક મુદ્રા

'વારિજ્જઈ.. થી જયતિ શાસનમ્' સુધી યોગમુદ્રામાં

# ૧૯ શ્રી જય-વીયરાય સૂત્ર

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી જય વીયરાય સૂત્ર |
| ગૌણ નામ | : પ્રણિધાન (પ્રાર્થના) સૂત્ર |
| પદ | : ૨૦ |
| સંપદા | : ૨૦ |
| ગુરુઅક્ષર | : ૧૯ |
| લઘુઅક્ષર | : ૧૭૨ |
| સર્વાક્ષર | : ૧૯૧ |



**વિષય :** પરમાત્માની પાસે ભક્તિના ફળ રુપે ૧૩ પ્રકારની પ્રાર્થના-યાચના.

છંદનું નામઃ ગાહા; રાગ : 'જિણજમ્મસમયે મેરુસિહરે' (સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| જય વીયરાય ! જગગુરુ !<br>હોઉ મમં તુહ પભાવઓ ભયવં ! | જય વીય-રાય ! જગ-ગુરુ !,<br>હોઉ મ-મમ્, તુહ-પભા-વઓ ભય-વમ્ ! | જય પામો હે વિતરાગ !, હે જગતના ગુરુ !,<br>થાઓ મને તમારી (ભક્તિના) પ્રભાવથી હે ભગવંત ! |
| ભવ્વ નિવ્વેઓ મગ્ગા-<br>-ણુસારિઆ ઇટ્ઠ ફલ સિદ્ધિ ॥૧॥ | ભવ-નિવ્-વેઓ મગ્-ગા-<br>ણુ-સારિ-આ-ઈટ્-ઠ-ફલ-સિદ્-ધિ ॥૧॥ | સંસાર પરથી કંટાળો, માર્ગને<br>અનુસરવાની બુદ્ધિ, ઇચ્છિત ફળની સિદ્ધિ. ૧. |

**અર્થ :-** હે વિતરાગ ! હે જગતના ગુરુ ! (તમે) જય પામો. હે ભગવંત ! મને તમારી ભક્તિના પ્રભાવથી સંસાર પરથી કંટાળી (ભવ-નિર્વેદ), (તમારા) માર્ગને અનુસરવાની બુદ્ધિ (માર્ગાનુસારીપણું) (મને) ઇચ્છિત ફળની સિદ્ધિ. ૧.




(૧) 'જયવીયરાય !... પભાવઓ = ભયવં!" પ્રભુજી સન્મુખ પ્રણિધાન કરતાં મસ્તકે અંજલિ કરી ૧૩ વસ્તુની વિનમ્ર માંગણી કરવી.




(૨) 'ભવ-નિવ્વેઓ'... દેવ-મનુષ્યભવમાં સુખમય સંસાર પણ અસાર જ છે, તેવી ભાવના અંતરમાં પ્રગટે.




(૩) મગ્ગાનુસારિયા... માર્ગાનુસારીના ૩૫ ગુણો પોતાના અંતરમાં પ્રગટે અને મોક્ષમાર્ગને જ અનુસારવાની તત્ત્વ જિજ્ઞાસા પેદા થાય.




(૪) ઇટ્ઠફલસિદ્ધિ. નિર્મળ ચિત્તે પ્રભુજીના દર્શન-પૂજન કરવાની શક્તિ, રોગમાં સમાધિભાવ રહે, સુયોગ્ય આજીવિકા મળતી રહે અને યથાયોગ્ય અવસરે ધર્મમા બાધારૂપ ન બને, તેવી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતી રહે... ઈત્યાદિ ચિત્તની પ્રસન્નત્તારૂપ સમાધિ રહે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| લોગ-વિરુદ્ધ-ચ્ચાઓ,<br>ગુરુજણપૂઆ-પરત્થકરણં ચ ।<br>સુહ ગુરુ જોગો તવ્વયણ-<br>-સેવણા આભવમખંડા ॥૨॥ | લોગ-વિરુદ્-ધચ્-ચાઓ,<br>ગુરુ-જણ-પૂઆ-પરત્-થ-કર-ણમ્-ચ ।<br>સુહ-ગુરુ-જોગો તવ્-વ-યણ-,<br>સેવ-ણા-આભ-વ-મખણ્-ડા. ॥૨॥ | લોકવિરુદ્ધ નો ત્યાગ,<br>વડીલજનો પૂજા, પરોપકાર કરવા પણું અને<br>સદ્‌ગુરુનો યોગ, તેમના વચનની-<br>સેવા, સંસારમાં છું ત્યાં સુધી અખંડપણે ૨. |

**અર્થ :-** લોકમાં વિરોધ ઉત્પન્ન થાય એવા કાર્યનો ત્યાગ (લોકાપવાદ-ત્યાગ), વડીલજનોની પૂજા (આદર-સત્કાર-બહુમાન), પરોપકાર કરવાની તત્પરતા અને સદ્‌ગુરુભગવંતનો ભેટો (યોગ) તેમજ તે સદ્‌ગુરુભગવંતના વચનની સેવા આ સંસારમાં જ્યાં સુધી છું, ત્યાં સુધી મને અખંડપણે પ્રાપ્ત થાઓ. ૨.





**(૫) લોગ-વિરૂદ્ધચ્ચાઓ** : ધર્મીજનની હાંસી, મશ્કરી, નિંદા, ઈર્ષ્યા, બહુજનવિરુદ્ધનો સંગ, દેશના આચારનું ઉલ્લંઘન, બીજાને દુઃખી જોઈ આનંદ ઈત્યાદિ લોકમાં વિરુદ્ધ એવા આચરણનું ત્યાગ મને સદા હોજો.




**(૬) ગુરુજનપૂઆ** : પૂ. માત-પિતાજીની સેવા-શુશ્રૂષા, વિદ્યાદાતાર ગુરુનો યથોચિત બહુમાન, પૂ. વડીલોની આજ્ઞાનો સહર્ષ સ્વીકાર, નિંદા-કુથલી-મશ્કરીનો ત્યાગ મને સદા હોજો.





**(૭) પરત્થકરણં** = અન્યોને સહાયક બનવાની તીવ્ર ભાવના, અપેક્ષારહિત પરોપકાર કરવામાં આનંદ, રોગીષ્ઠ-બીમાર-પરાધીનની સેવા-શુશ્રૂષા, યથાયોગ્ય પાત્રને હિતકારી વાતોનો ઉપદેશ ઈત્યાદિ પરાર્થકરણની ભાવના મને સદા હોજો.




**(૮) સુહગુરુ જોગો**
પંચમહાવ્રતધારી, સંસાર શોષક-મોક્ષ પોષક દેશના દક્ષ એવા સદ્ ગુરુભગવંતનો સદા સમાગમ થાઓ.

**(૯) તવ્વયણસેવણા (સદ્‌ગુરુવચણ સેવણા)** એવા સદ્‌ગુરુભગવંતના મુખેથી નિકળતી જિનવાણીને એકાગ્રચિત્તે શ્રવણ કરવી અને તેઓના વચન અનુસાર દેવદર્શન-પૂજા, ગુરુજનપૂજા, જીવરક્ષાકાર્ય, સાધર્મિક ભક્તિ-વાત્સલ્ય, રથયાત્રા-જલયાત્રા આદિ શાસનપ્રભાવક કાર્યો, સામાયિક-પૌષધવ્રત સ્વીકાર, સંયમગ્રહણની તીવ્ર ઉત્કંઠતા, તત્ત્વ-ચિંતન, અનુપ્રેક્ષા, સ્વાધ્યાય, તપ, ત્યાગ આદિ કાર્યો કરવાની ભાવના મારા અંતરામાં સદા હોજો. (આ સઘળુ મને મોક્ષ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અખંડિત હોજો.)







**(૧૦) 'ભવે ભવે તુમ્હ ચલણાણં'** ભવોભવ પ્રભુજી તારી સેવા-પૂજા-દર્શનાનો અચૂકલાભ મળવા સાથે તારા વચન પ્રત્યે અવિચલ શ્રદ્ધા મને પ્રાપ્ત હો, તેવી પ્રભુજીને પ્રાર્થના.

| | | |
|---|---|---|
| વારિજ્જઇ જઇ વિ, નિયાણ-<br>બંધણં, વીયરાય ! તુહ સમએ ।<br>તહ વિ મમ હુજ્જ સેવા,<br>ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥ | વારિજ્-જઈ જઈ વિ, નિયા-ણ-<br>બન્-ધ-ણમ્, વીય-રાય !તુહ સમએ ।<br>તહ વિ મમ હુજ્-જ સેવા,<br>ભવે ભવે તુમ્-હ ચલ-ણા-ણમ્ ॥૩॥ | વારેલું છે જો કે, નિયાણાનું-<br>બાંધવું, હે વિતરાગ ! તમારા સિદ્ધાંતમાં,<br>તો પણ મને હોજો સેવા,<br>ભવોભવને વિષે તમારા ચરણની ૩. |

**અર્થ :-** હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમાં જો કે નિયાણું બાંધવાનું વારેલું (નિષેધેલું) છે, તો પણ મને જન્મોજન્મમાં તમારા ચરણોની સેવા પ્રાપ્ત હોજો. ૩.



www.jainsite.com For Private & Personal Use Only @jainsite.com

| | | |
|---|---|---|
| દુક્ખ-ખઓ કમ્મ-ખઓ, | દુક્ખ-ખઓ-કમ્-મ-ખઓ, | દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, |
| સમાહિમરણં ચ બોહિલાભો અ । | સમા-હિ મર-ણમ્ ચ બોહિ-લાભો અ । | સમાધિ-મરણ અને બોધિબીજનો લાભ અને |
| સંપજ્જઉ મહ એઅં, | સમ્-પજ્-જઉ મહ, એ-અમ્, | પ્રાપ્ત થાઓ મને એ, |
| તુહ નાહ ! પણામ કરણેણં ॥૪॥ | તુહ નાહ ! પણા -મ કર-ણે-ણમ્ ॥૪॥ | તમને હે નાથ ! પ્રણામકરવાથી ૪. |

**અર્થ :-** હે નાથ ! તમને નમસ્કાર કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ-મરણ અને બોધિબીજ (સમ્યગ્દર્શન) એ (ચાર) પ્રાપ્ત થાઓ. ૪.




**(૧૧) દુઃખ-ખઓ :** રોગનો નાશ, દુર્ભાગ્યનો નાશ, દીનતાનો ત્યાગ, માનસિક અસ્વસ્થતાનો નાશ, આધિ-વ્યાધિ-ઉપાધિનો ત્યાગ, વિષયોની લોલુપતાનો ત્યાગ, કષાયોની પરાધીનતાનો ત્યાગ... ઈત્યાદિ દુઃખનો ક્ષય થાઓ.




**(૧૨) કમ્મ-ખઓ :** અશાતા વેદનીયકર્મથી આવેલ માંદગી, લાભાન્તરાય કર્મથી લાભમાં વિઘ્ન, જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી અજ્ઞાનતા, જીવદયા ન પાળવાના કારણે આવેલ ચિંતા... ઈત્યાદિ કર્મનો ક્ષય થાઓ.




**(૧૩) સમાહિ-મરણં :** ગમે તેવી માંદગીમાં અને ગમે તેવા સંજોગોમાં અંતિમસમયે (અને જીવન પર્યંત) ચિત્તની પ્રસન્નતા સ્વરૂપ સમાધિ મરણની પ્રાપ્તિ હોજો.




**(૧૪) બોહિલાભો :** પ્રભુજીના આત્માને 'નયસાર'ના ભવમાં 'બોધિલાભ'ની પ્રાપ્તિ થાય છે. તેમ મને પણ હોજો અને તેના પ્રભાવે જિનવચન પ્રત્યે શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ આદિ સમ્યક્ત્વનો લાભ હોજો.

**(૧૫) સંપજ્જઉ મહ એઅં તુહ નાહ પણામ કરણેણં :**
ઉપર જણાવેલ ૧૩ વસ્તુની પ્રાપ્તિ હે નાથ ! મને તારા પ્રણામના પ્રભાવે સદા પ્રાપ્ત હોજો.

જૈન સાઈટ
JAINSITE

**છંદનું નામઃ અનુષ્ટુપ્. રાગ : દર્શનં દેવદેવસ્ય (પ્રભુ સ્તુતિ)**

| | | |
|---|---|---|
| સર્વ-મંગલ-માંગલ્યં, | સર્-વ-મઙ્-ગલ-માઙ્-ગલ્-યમ્, | સર્વ મંગલોમાં મંગલ, |
| સર્વ-કલ્યાણ-કારણમ્ । | સર્-વ-કલ્-યાણ કાર-ણમ્ । | સર્વકલ્યાણોનું કારણ । |
| પ્રધાનં સર્વ ધર્માણાં, | પ્રધા-નમ્ સર્-વ ધર્-મા-ણામ્, | પ્રધાન એવું સર્વધર્મોમાં, |
| જૈનં જયતિ શાસનમ્ ॥૫॥ | જૈ-નમ્-જ-ય-તિ-શા-સ-નમ્ ॥૫॥ | જૈન જય પામે છે શાસન ૫. |

**અર્થ :** સર્વ મંગલોમાં મંગલરુપ, સર્વ કલ્યાણોના કારણરુપ, સર્વધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈનશાસન જય પામે છે. ૫.

**(૧૬) સવ 'મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં પ્રધાનંસર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ :** શ્રી અરિહંત પરમાત્મા અને તેમનું શાસન અને પ્રથમગણધર તેમજ જિનબિંબ-જિનમંદિર-જિનાગમઅને ચતુર્વિધ શ્રી સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવીકા) તેમજ રત્ન ત્રયી (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) આ જગતમાં સર્વ મંગલોમાં મંગલ, સર્વકલ્યાણનું કારણ અને સર્વ ધર્મોમાં પ્રધાન છે, તેવું જૈનશાસન સદા જય પામો - વિજય પામો.




| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| જય વીરાય | જય વીયરાય |
| મગ્ગાઅણુસારિઆ | મગ્ગાણુસારિઆ |
| લોગવિરુદ્ધચાઓ | લોગવિરુદ્ધચ્ચાઓ |
| તવયણસેવણા | તવ્વયણસેવણા |
| વારિજઈ | વારિજ્જઈ |
| નિયાણબંધણ | નિયાણબંધણં |
| પ્રધાન સર્વધર્માણ | પ્રધાનં સર્વધર્માણાં |
| પ્રણામકર્ણેણં | પણામકરણેણ |
| સર્વ મંગલ્ય માંગલ્યં | સર્વ મંગલ માંગલ્યં |

**પ્રસ્તુત સૂત્ર અંગે કાંઇક વિશેષ સમજ**

આ સૂત્રની પહેલી બે ગાથા શ્રી ગણધર ભગવંતે રચેલી છે અને છેલ્લી ત્રણ ગાથા પાછળથી ઉમેરવામાં આવેલી છે. પ્રભુજીના પ્રભાવથી અર્થાત્ ભક્તિના પ્રભાવથી આઠ વસ્તુઓની માંગણી (પહેલી બે ગાથામાં) કરતી વખતે મુક્તાશુક્તિ મુદ્રા કરવી અને પ્રભુજીના પ્રણામથી ચાર વસ્તુઓની માંગણી (છેલ્લી ત્રણ ગાથામાં) કરતી વખતે યોગમુદ્રા કરવી જોઇએ.


www.jainelibrary.org For Private & Personal Use Only



દેવવંદન, ચૈત્યવંદન તથા પ્રતિક્રમણ કરતી વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વેળાની મુદ્રા.

# ૨૦ શ્રી અરિહંતચેઈઆણં સૂત્ર

| | | |
|---|---|---|
| આદાન નામ | : | અરિહંત ચેઈઆણં સૂત્ર |
| ગૌણ નામ | : | ચૈત્યસ્તવ સૂત્ર |
| પદ | : | ૧૫ |
| સંપદા | : | ૩ |
| ગુરુઅક્ષર | : | ૧૬ |
| લઘુઅક્ષર | : | ૭૩ |
| સર્વાક્ષર | : | ૮૯ |



વિષય : પ્રભુજીની વંદનાદિ કરવા માટે શ્રદ્ધાદિદ્વારા આલંબન લઈને કાયોત્સર્ગ કરવાનું વિધાન

JAINSITE.com
જૈન શાસન યતિ શાસનમ્

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| | **૧. અભ્યુગપગમ-સંપદા** | |
| અરિહંત ચેઇઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥ | અરિ-હન્-ત ચેઈ-યા-ણમ્, કરે-મિ, કાઉસ્-સગ્-ગમ્ ॥૧॥ | અરિહંતની પ્રતિમાને (વંદનાદિ), હું કરું છું. કાર્યોત્સર્ગ. ૧. |
| | **૨. નિમિત્ત સંપદા** | |
| વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, | વન્-દણ-વત્-તિ-યાએ, પૂઅ-ણ-વત્-તિ-યાએ, | વંદન કરવા માટે, પૂજા કરવા માટે, |
| સક્કારવત્તિયાએ,સમ્માણ વત્તિયાએ, | સક્-કાર-વત્-તિ-યાએ, સમ્-માણ-વત્-તિ-યાએ, | સત્કાર કરવા માટે, સન્માન કરવા માટે, |
| બોહિલાભવત્તિયાએ, નિરુવસગ્ગવત્તિયાએ ॥૨॥ | બોહિ-લાભ-વત્-તિ-યાએ, નિરુ-વ-સગ્-ગ-વત્-તિ-યાએ ॥૨॥ | સમ્યગ્દર્શન પામવા માટે, ઉપસર્ગરહિત સ્થાન પામવા માટે. ૨. |
| | **૩. હેતુ સંપદા** | |
| સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥ | સદ્-ધાએ, મેહા-એ, ધિઈ-એ, ધાર-ણાએ, અણુપ્-પેહા-એ, વડ્-ઢ-માણી-એ, ઠામિ-કાઉસ્-સગ્-ગમ્ ॥૩॥ | શ્રદ્ધા પૂર્વક, બુદ્ધિ પૂર્વક, ધીરજ પૂર્વક, ધારણા પૂર્વક, અનુપ્રેક્ષા પૂર્વક, વધતાં પરિણામે,(હું) કરું છું કાયોત્સર્ગ. ૩. |


**અર્થ :-** હું શ્રી અરિહંતભગવંતની પ્રતિમા (ચૈત્ય) ને વંદન કરવા, પૂજા કરવા, સત્કાર કરવા, સન્માન કરવા, સમ્યગ્દર્શન (બોધિબીજ) પામવા અને ઉપસર્ગ રહિત (મોક્ષ) સ્થાન પામવા માટે કાર્યોત્સર્ગ કરું છું. ૧.૨.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| પૂણ વતિયાએ | પૂઅણ વત્તિયાએ |

**અર્થ :-** વધતાં પરિણામસાથે વધતી શ્રદ્ધા - વધતી બુદ્ધિ - વધતી ધીરજ - વધતી ધારણા - વધતી અનુપ્રેક્ષા (વારંવાર તત્ત્વની વિચારણા) પૂર્વક હું કાર્યોત્સર્ગ કરું છું. ૩.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




jainsite.com
જૈનમ્ જયતિ શાસનમ

**(૧) અરિહંત ચેઈઆણં** = અષ્ટપ્રાતિહાર્ય યુક્ત શ્રી અરિહંત પરમાત્માના જિનાલયમાં જિનપ્રતિમાં ની કલ્પના કરી નમસ્કાર કરવા.

**(૨) વંદણ-વત્તિયાએ** = પ્રભુજી ના ગર્ભગૃહ (ગભારા) ની બહાર પ્રભુજીને જોતા જ અર્ધ અવનત થઈ વંદન કરતાં મહાનુભાવને નિહાળો.

**(૩) પૂઅણ-વત્તિયાએ** = પ્રભુજીને હાથના ખોબામા પંચવર્ણીય પુષ્પો લઈને પ્રભુજીને પુષ્પ પૂજા કરતાં શ્રદ્ધાળુને નિહાળો.

**(૪) સક્કાર-વત્તિયાએ** = પ્રભુજીને ભવ્ય અંગરચના (આંગી) કર્યા પછી સુવર્ણાદિ અંલકારો ચઢાવતાં મહાનુભાવને નિહાળો.

**(૫) સમ્માણ-વત્તિયાએ** = પ્રભુજીના ગભારાની બહાર ઉભા રહીને વિનમ્રભાવે ભાવવાહી સ્તુતિ બોલવા દ્વારા પ્રભુજીને સન્માનકરતાં મહાનુભાવને નિહાળો.

**(૬) બોહિલાભ-વત્તિયાએ** = પ્રભુજીના વચન પ્રત્યે અવિચલ શ્રદ્ધા સ્વરૂપ બોધિ (સમ્યક્ત્વ) નો લાભ પામતાં મહાનુભાવને નિહાળો.

**(૭) નિરુવસગ્ગ-વત્તિયાએ** = સર્વકર્મ મલ મુક્ત શ્રી સિદ્ધ ભગવંતોના સ્થાન રૂપ રુપસર્ગ રહિત એવું મોક્ષને પામવા તળસતા મહાનુભાવને નિહાળો.(કાર્યોત્સર્ગમાં સહાયક ૫ સાધનની વૃદ્ધિ માટે) ચિંતન સ્વરૂપ અનુપ્રેક્ષા સર્વકર્મ મળને ભસ્મીભૂત કરવા સમર્થ બને છે.

**(૧) સદ્ધાએ** = જલને સ્વચ્છ કરનાર મણિરત્ન ની જેમ, શ્રદ્ધા પણ ચિત્તની મલીનતાને દુર કરવામાં સહાયક બને છે.

**(૨) મેહાએ** = જેમ રોગીને ઔષધ પ્રત્યે પ્રેમ હોય, તેમ મેધા (બુદ્ધિ) પણ શાસ્ત્રગ્રહણ પ્રત્યે અત્યન્ત આહાર-સત્કાર-અને કૌશલ્ય સ્વરૂપ છે.

**૩) ધિઈએ** = હુંફ સ્વરૂપ છે. જેમ ચિંતામણિરત્ન ઇચ્છિત ને આપતા સમર્થ છે, તેમ જિનેશ્વર ભગવંત પ્રરૂપિત જિનધર્મ પણ ધૈર્ય- ધૃતિને આપવા સમર્થ છે.

**૪) ધારણાએ** = મોતીની માળામાં પરોવાયેલા મોતીની જેમ ચિંતન કરવા યોગ્ય પદાર્થોનું દઢ શ્રેણી બદ્ધ સંકલના પણ ધારણા થી શક્ય બને છે.

**૫) અણુપ્પેહાએ** = જેમ અગ્નિ લીલીવનસ્પતિને ક્ષણવારમાં ભસ્મીભૂત કરે છે, તેમ પરમસંવેગની દઢતાદિ દ્વારા તત્ત્વાર્થ ચિંતન સ્વરૂપ અનુપ્રેક્ષા સર્વકર્મ મળને ભસ્મીભૂત કરવા સમર્થ બને છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## શ્રી અરિહંતચેઇઆણં સૂત્રની ત્રણ સંપદા અને અન્નત્થસૂત્રની પાંચ સંપદા અંગે

૧. **અભ્યુપગમસંપદા :** એક ચૈત્ય (દેરાસર) માં રહેલી પ્રતિમાઓની આરાધના કરવા માટે કાયોત્સર્ગ કરવાનું સ્વીકારેલું હોવાથી આ બે પદવાળી **'અરિહંત ચેઇઆણં થી.... કાઉસ્સગ્ગં'** સુધીની અભ્યુપગમસંપદા છે.

૨. **નિમિત્ત સંપદા :** કાયોત્સર્ગ કરવાનું નિમિત્ત (પ્રયોજન) આ ૬ પદવાળી સંપદામાં **'વંદણ વત્તિયાએ થી..... નિરુવસગ્ગવત્તિયાએ'** સુધીમાં જણાવેલ હોવાથી નિમિત્ત સંપદા છે.

૩. **હેતુ સંપદા :** શ્રદ્ધાદિ વિના કરેલો કાયોત્સર્ગ ઇચ્છિતફળને આપવા સમર્થ બને નહિ, તેથી કાયોત્સર્ગના હેતુ ને આ ૭ પદવાળી **'સદ્ધાએ થી .... ઠામિકાઉસ્સગ્ગં'** સુધીની હેતુ સંપદા છે.

૪. **એકવચનાંત આગાર સંપદા :** કાયોત્સર્ગમાં અનિવાર્ય છૂટ (આગાર) એકવચનાંત વાળા ૯ પદોમાં **'અન્નત્થ થી... ભમલીએ પિત્તમુચ્છાએ'** સુધી બતાવેલ હોવાથી તે એકવચનાંત આગાર સંપદા છે.

૫. **બહુવચનાંત આગાર સંપદા :** કાયોત્સર્ગમાં અનિવાર્ય છૂટ (આગાર) બહુવચનાંત વાળા ત્રણ પદોમાં **'સુહુમેહિં.... થી... દિટ્ઠિ સંચાલેહિં'** સુધી બતાવેલ હોવાથી, તે બહુવચનાંત આગાર સંપદા છે.

૬. **આગંતુક આગાર સંપદા :** એકવચન અને બહુવચનના અંતમાં કહેલા આગાર સિવાય ઉપલક્ષણથી અન્ય મોટા ચાર આગાર ૬ પદવાળી **એવમાઇ એહિં.... થી.... કાઉસ્સગ્ગં** સુધી સંપદાને આગંતુક આગાર સંપદા કહેવાય છે.

૭. **ઉત્સર્ગ અવધિ સંપદા :** કાયાનો ઉત્સર્ગ (ત્યાગ) કેટલાં સમય માટે કરવાનો છે, તે અવધિ (મર્યાદા) ને જણાવનારી ૪ પદવાળી **'જાવ અરિહંતાણં.... થી.... ન પારેમિ'** સુધીની સંપદાને ઉત્સર્ગ અવધિ સંપદા કહેવાય છે.

૮. **સ્વરુપ સંપદા :** કાયોત્સર્ગ કેવી રીતે કરવો, તેનું સ્વરુપ બતાવતી ૬ પદવાળી સંપદાને **'તાવ કાયં.... થી... અપ્પાણં વોસિરામિ'** સુધીની સ્વરુપ સંપદા કહેવાય છે.

## આ સૂત્રમાં આવતા ક્રમ અંગેનું રહસ્ય

શ્રી અરિહંતભગવંતના ચૈત્ય (= પ્રતિમા અથવા જિનમંદિર) નું આલંબન લઇને કાયોત્સર્ગ કરાય છે. તેઓનું આલંબન (ટેકો-આધાર) લેવાથી મન સ્થિર થતું હોય છે. તેથી પહેલાં તેમના વંદનનું નિમિત્ત લઇને **વંદણ વત્તિયાએ** ચિત્તને એકાગ્ર કરવામાં આવે છે. પછી પૂજનનું નિમિત્ત લઇને **પૂઅણ વત્તિયાએ**, સત્કારનું નિમિત્ત લઈને સક્કાર વત્તિમાએ સન્માનનું નિમિત્ત લઇને **સમ્માણ વત્તિયાએ**, બોધિલાભનું નિમિત્ત લઇને **બોહિલાભ વત્તિયાએ** અને મોક્ષનું નિમિત્ત લઇને **નિરુવસગ્ગ વત્તિયાએ** દ્વારા ચિત્તને એકાગ્ર કરવામાં આવે છે. તેનાથી (વંદનાદિથી) જે લાભ મળે છે, તે મળે એવી ઇચ્છા રાખવામાં આવે છે.

તેમજ જો શ્રદ્ધા (આસ્થા) કેળવવામાં આવે, સમજણ (મેધા-બુદ્ધિ) ખીલવવામાં આવે, ધીરજ (વૃત્તિ, ચિત્તની સ્વસ્થતા) રાખવામાં આવે, ધારણા (પદાર્થના દૃઢ સંકલનરુપ) નો અભ્યાસ કરવામાં આવે અને અનુપ્રેક્ષા (વારંવાર તત્ત્વનું ચિંતન) નો ફરી-ફરીવાર આશ્રય લેવામાં આવે, તો ચિત્ત એક વિષયમાં એકાગ્ર થઇ શકે.

આવી ચિત્તની એકાગ્રતા સાથે કરેલો કાયોત્સર્ગ કર્મનિર્જરામાં અપૂર્વ સહાયક બનતો હોય છે.

આ સૂત્રને લઘુ ચૈત્યવંદન સૂત્ર પણ કહેવાય છે. અનેક જિનાલયોના દર્શન-વંદનનો અવસર એક સાથે આવે, ત્યારે દરેક સ્થળે ચૈત્યવંદન કરવું શક્ય ન હોય ત્યારે સત્તર સંડાસા (પ્રમાર્જના) સાથે ત્રણવાર ખમાસમણ આપ્યા પછી યોગમુદ્રામાં આ શ્રી અરિહંત ચેઇઆણં સૂત્ર બોલીને એક શ્રી નવકારમંત્રનો કાયોત્સર્ગ કરી સ્તુતિ=થોય બોલીને ફરીવાર એક ખમાસમણ દેવાથી લઘુ ચૈત્યવંદનનો લાભ મળતો હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





# શ્રી ચૈત્યવંદનની વિધિ

(આ શુદ્ધ ક્રિયા જિનપ્રતિમા કે તેમની સ્થાપના સમક્ષ કરવી)
આ ચૈત્યવંદનમાં ૧૪ અધિકાર બતાવવામાં આવ્યા છે.

**૧. ઐર્યાપથિકી ક્રિયા :** સત્તર સંડાસાપૂર્વક ખમાસમણ આપીને ગમનાગમનની ક્રિયાની વિરાધના કે ત્રસકાયની વિરાધનાની શુદ્ધિ માટે યોગમુદ્રામાં 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ?... તસ્સઉત્તરી... અન્નત્થ' સૂત્ર બોલીને એક લોગસ્સ (ચંદેસુ નિમ્મલયરા સુધી), ન આવડે તો જ ચાર વાર શ્રીનવકાર મંત્રનો જિનમુદ્રામાં કાયોત્સર્ગ કરવો. પછી 'નમો અરિહંતાણં' બોલવા સાથે કાયોત્સર્ગ પારીને યોગમુદ્રામાં શ્રીલોગસ્સ સૂત્ર સંપૂર્ણ બોલવું. (૧૦૦ ડગલાની અંદર અને તેમાં ગમનાગમન વખતે વિરાધના ન થયેલ હોય તો એક ચૈત્યવંદન પછી બીજું ચૈત્યવંદન ઇરિયાવહિયં વગર થાય.)

**૨. પ્રણિપાત :** યોગ મુદ્રામાં હાથ જોડીને સત્તર સંડાસાપૂર્વક ખમાસમણ (પંચાંગ પ્રણિપાતની ક્રિયા) ત્રણ વાર આપવાં.

**૩. ક્રિયાનો આદેશ માંગવો :** પછી ઉભા થઇ યોગમુદ્રામાં હાથ જોડીને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?' નો વિનમ્રભાવે ઉચ્ચાર કરી આદેશ માંગવો.

**૪. આદેશ સ્વીકાર :** 'ઇચ્છં' પદ બોલીને આદેશનો સ્વીકાર કરવો.

**૫. આસન :** પછી ઉભડકપગે બેસીને જમણો ઢીંચણ જમીનને સ્પર્શે તેમ અને ડાબો ઢીંચણ જમીનથી (૫-૬ આંગળ) સહેજ અદ્ધર રાખી યોગમુદ્રામાં હાથ જોડીને 'ચૈત્યવંદન' ના પ્રારંભમાં (છંદનું નામઃ માલિની ; રાગ 'અવનિતલગતાનાં કૃતિ....'

(સક્લાર્હત્ સ્તોત્ર)
સક્લ-કુશલ-વલ્લિ-પુષ્કરાવર્ત્ત-મેઘો.
દુરિત-તિમિર-ભાનુઃ, કલ્પવૃક્ષોપ-માનઃ ।
ભવ-જલ-નિધિ-પોતઃ, સર્વસંપત્તિ-હેતુઃ,
સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાન્તિનાથઃ ॥૧॥

('શ્રેયસે પાર્શ્વનાથઃ' આદિ આગળ બોલવું ઉચિત નથી) બોલીને પૂર્વાચાર્યે રચેલ ભાવવાહી સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી કે હિન્દીભાષામાં ચૈત્યવંદન બોલવું.

**૬. સકલતીર્થ-વંદના :** પછી જં કિંચિ સૂત્ર સુત્તનો પાઠ યોગમુદ્રામાં બોલવો.

**૭. અર્હદ્-વંદના :** પછી નમોઃત્થુણં સૂત્રનો પાઠ યોગમુદ્રામાં બોલવો.

**૮. સર્વ ચૈત્યવંદના :** પછી જાવંતિ ચેઇઆઇં સૂત્રનો પાઠ મુક્તાશુક્તિમુદ્રામાં બોલવો અને પછી પંચાંગ પ્રણિપાત સ્વરૂપ એક ખમાસમણ સત્તરસંડાસાપૂર્વક આપવું.

**૯. સર્વસાધુવંદના :** પછી જાવંત કે વિ સાહુ સૂત્રનો પાઠ મુક્તાશુક્તિમુદ્રામાં બોલવો.

**૧૦. અરિહંતાદિ સ્તવના :** પછી નમોઽર્હત્ સૂત્રનો પાઠ ફક્ત પુરુષોએ (બહેનોએ શ્રી નવકારમંત્ર) સ્તવનના મંગલાચરણ સ્વરુપે બોલવો.

**૧૧. સ્તવના :** પછી ઉવસગ્ગહરં સૂત્ર અથવા પ્રભુ ગુણ ગર્ભિત - અથવા સ્વદોષ ગર્ભિત પૂર્વાચાર્યે રચેલું શાસ્ત્રીય રાગનું ભાવવાહી સ્તવન મંદસ્વરે (અન્યોને ખલેલ ન પહોંચે તેમ) બોલવું.

**૧૨. પ્રણિધાન :** પછી જય વીયરાય સૂત્ર નો પાઠ પ્રથમબે ગાથા મુક્તાશુક્તિ મુદ્રામાં અને અંતિ મત્રણ ગાથા યોગમુદ્રામાં બોલવી. (બ્હેનોએ પૂર્ણ સૂત્ર યોગમુદ્રામાં બોલવું)

**૧૩. કાયોત્સર્ગ :** પછી જયણાપૂર્વક (ટેકો લીધા વગર) ઉભા થઇને યોગમુદ્રામાં અરિહંત-ચેઇઆણં સૂત્રનો પાઠ બોલી અન્નત્થ બોલીને જિનમુદ્રામાં એક શ્રી નવકારમંત્રનો કાયોત્સર્ગ કરવો. 'નમો અરિહંતાણં' બોલતાં કાર્યોત્સર્ગ પારીને 'નમોઽર્હત્ સૂત્ર' (ફક્ત પુરુષો) બોલી ભાવવાહી એક સ્તુતિ બોલવી. (સામૂહિક ચૈત્યવંદન કરનારે સ્તુતિ સાંભળ્યા પછી કાયોત્સર્ગ પારવી)

**૧૪. અંતિમપ્રણિપાત :** પછી સત્તર સંડાસા પૂર્વક એક 'ખમાસમણ' સ્વરૂપ પંચાંગ-પ્રણિપાત આપવું અને પચ્ચક્ખાણ લેવાનું હોય તો લેવું.

## મુક્તાશુક્તિ મુદ્રા

મુક્તા = મોતી ; શુક્તિ = છીપ. છીપમાં મોતી હોય ત્યારે જેવો આકાર દેખાતો હોય તેવી મુદ્રા કરવી. બન્ને હાથના (હથેળી) ના ટેરવાં એકબીજાને સ્પર્શે અને ખોબાની જેમ વચ્ચેનો ભાગ પોલાણવાળો હોય તેમજ કનિષ્ઠા (ટચલી)થી હાથના કાંડા સુધીનો ભાગ બંધ હોય તથા બન્ને કોણી ભેગી હોય ત્યારે હાથ કપાળને સ્પર્શે અથવા ન સ્પર્શે ત્યારે આ મુદ્રા કહેવાય છે. (જાવંતિ ચેઇઆઇં, જાવંત કે વિ સાહૂ અને 'જય વીયરાય !... આભવમખંડા સુધી' નાં સૂત્ર આ મુદ્રામાં બોલવાં)


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## શ્રી પચ્ચક્ખાણનાં સૂત્ર - અર્થ અને સમજૂતિ



પચ્ચક્ખાણ લેવાની મુદ્રા

### પચ્ચક્ખાણ લેનારને તે તે પચ્ચક્ખાણના સમયની મર્યાદા

| | |
|---|---|
| ૧. નવકાર-સહિઅં પચ્ચક્ખાણ | : સૂર્યોદય પછી ૪૮ મિનિટ (બે ઘડી) |
| ૨. પોરિસિ-પચ્ચક્ખાણ | : સૂર્યોદયથી દિવસના ચોથા ભાગ (એક પ્રહર) |
| ૩. સાઢ-પોરિસિ-પચ્ચક્ખાણ | : સૂર્યોદયથી દિવસનો છ આની ભાગ (દોઢ પ્રહર) |
| ૪. પુરિમડ્ઢ-પચ્ચક્ખાણ | : સૂર્યોદયથી દિવસના મધ્યભાગ (મધ્યાહ્ન) (બે પ્રહર) |
| ૫. અવડ્ઢ-પચ્ચક્ખાણ | : સૂર્યોદયથી દિવસનો પોણો ભાગ (ત્રણ પ્રહર) |

(દિવસ જેટલા કલાકનો હોય, તેને ચાર વડે ભાગવાથી એક પ્રહર થાય, જ્યારે ૧૨ કલાકનો દિવસ હોય ત્યારે ૪ વડે ભાગવાથી ૩ કલાકે એક પ્રહર થાય.)



પચ્ચક્ખાણ પારવાની મુદ્રા

### પચ્ચક્ખાણ લેનારના (જાણકાર-અજ્ઞાની) વિશુદ્ધ આદિ ભેદો

| | | |
|---|---|---|
| ૧. | વિશુદ્ધ | : પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ જાણે અને જાણકાર પાસે ગ્રહણ કરે. |
| ૨. | શુદ્ધ | : પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ જાણે અને અજ્ઞાની પાસે ગ્રહણ કરે. |
| ૩. | અર્ધશુદ્ધ | : પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ ન જાણે પણ જાણકાર પાસે ગ્રહણ કરે. |
| ૪. | અશુદ્ધ | : પચ્ચક્ખાણ સૂત્ર અને અર્થ ન જાણે અને અજ્ઞાની પાસે ગ્રહણ કરે. |

(પહેલો - બીજો ભાંગો સારો, ત્રીજો જાણકાર પાસે જ્ઞાન પ્રાપ્ત કરશે, તેવી આશાથી કાંઈક સારો પણ ચોથો ભાંગો તો સર્વથા અયોગ્ય જ કહેવાય)



जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## પચ્ચક્ખાણ લેવાનો સમય અને મહત્તા અંગે સમજણ

શ્રી અરિહંત પરમાત્માના ગુણોના સ્મરણ સ્વરુપે સવારે ઉઠતાંની સાથે ૧૨ વાર શ્રી નવકાર મંત્રનું સ્મરણ મનમાં કરવું. તે વખતે યથાશક્તિ પચ્ચક્ખાણની ધારણા આત્મસાક્ષીએ કરવી. રાઈઅ પ્રતિક્રમણમાં તપચિંતવણીના કાયોત્સર્ગ વેળાએ પણ ધારણા કરવી. પછી પ્રાતઃ કાળની વાસચૂર્ણ (ક્ષેપ) પૂજા કરવા જિનાલયે જવું. ત્યાં પ્રભુ સાક્ષીએ પણ ધારેલ પચ્ચક્ખાણ સૂત્ર દ્વારા ગ્રહણ કરવું. ત્યારબાદ ઉપાશ્રયે જઈને સદ્ગુરુભગવંતને વંદના કરીને તેઓશ્રીના મુખે એટલે ગુરુસાક્ષીએ પચ્ચક્ખાણ ગ્રહણ કરતી વખતે મનમાં તે સૂત્રોનો ઉચ્ચાર કરવો અને 'પચ્ચક્ખાઈ-વોસિરઈ' ની જગ્યાએ 'પચ્ચક્ખામિ-વોસિરામિ' અવશ્ય બોલવું. આ પ્રમાણે આત્મ-સાક્ષીએ, દેવસાક્ષીએ અને ગુરુસાક્ષીએ હમેંશા પચ્ચક્ખાણ કરવાનો આગ્રહ રાખવો.

નવકારશી થી સાઢપોરિસિ સુધીનાં પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં લઈ લેવાં અને પુરિમડ્ઢ-અવડ્ઢનાં પચ્ચક્ખાણ સૂર્યોદય પછી પણ લઈ શકાય. ચઉવિહાર-તિવિહાર અને પાણહારનાં પચ્ચક્ખાણ સૂર્યાસ્ત પહેલાં લઈ લેવાં અથવા ધારી લેવાં.

ઓછામાં ઓછું નવકારશી અને રાત્રિભોજન ત્યાગનું પચ્ચક્ખાણ તેમજ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ સદ્ગતિ ઈચ્છનારા દરેક ભાગ્યશાળીએ અવશ્ય કરવું જોઈએ. પંચમકાલમાં સંઘયણબળ ઓછું હોવાના કારણે અનિવાર્ય સંજોગોમાં લીધેલ પચ્ચક્ખાણ નો ભંગ ન થાય, તે માટેના આગાર (છૂટ) પચ્ચક્ખાણમાં બતાવવામાં આવેલા છે. પણ તેનો ઉપયોગ કરવાની છૂટ નથી. કદાચ દોષ સેવાઈ જાય તો તેનું પ્રાયશ્ચિત્ત (= આલોચના) ગુરુભગવંતને નિવેદન કરીને લેવું જોઈએ.

નમુક્કારસહિઅં (નવકારશી) આદિ સઘળાય દિવસ સંબંધિત પચ્ચક્ખાણો સાથે મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પણ અવશ્ય લેવામાં આવે છે. તેથી પચ્ચક્ખાણ પારતી વખતે અંગૂઠો અંદર રહે તેમ મુટ્ઠિવાળીને પચ્ચક્ખાણ પારવું જોઈએ. પચ્ચક્ખાણનો સમય થઈ ગયા પછી વિશેષ આરાધના નિમિત્તે અને કોઈક સંજોગોના કારણે કદાચ પચ્ચક્ખાણ પારવામાં ન આવે, તો પણ પચ્ચક્ખાણવાળા મહાનુભાવને 'મુટ્ઠિસહિઅં' નો લાભ અચૂક મળે છે. દા.ત. નવકારશી પચ્ચક્ખાણ કરનાર ભાગ્યશાળી પ્રભુભક્તિ કે જિનવાણી શ્રવણ કે વ્યવહારિક સંજોગોના કારણે તે સમયે કદાચ પચ્ચક્ખાણ ન પારે, તો પણ તેને નવકારશીનો સમય થઈ જવા છતાં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ નો લાભ મળે.




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમુક્કારસહિઅં થી તિવિહાર ઉપવાસ સુધીનાં પચ્ચક્ખાણ વિધિ મુજબ પારવાં જોઈએ. તેમાં 'શ્રી ઈરિયાવહિયં થી લોગસ્સસૂત્ર સુધી....' પછી ખમાસમણ આપીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?' ઈચ્છં કહી જગચિંતામણિ થી પૂર્ણ જયવીયરાય! સૂત્ર સુધી બોલી ચૈત્યવંદન કરવું. પછી ખમાસમણ દઈને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરું ?' ઈચ્છં, કહીને ગોદોહિકા આસને (ગાય દોહવાની મુદ્રા) બેસીને શ્રી નવકારમંત્ર અને 'શ્રી મન્નહ જિણાણં' (પૂ. સાધુ-સાધ્વીજીભ. માટે દશવૈકાલિકસૂત્રનું પ્રથમઅધ્યયન) બોલી ઉભા થઈ ખમાસમણ આપીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! મુહપત્તિ પડિલેહું ?' ઈચ્છં, કહી ૫૦ બોલથી મુહપત્તિ-શરીરની પડિલેહણા કરવી. પછી ફરીવાર ખમાસમણ આપીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' પચ્ચક્ખાણ પારું ? 'યથાશક્તિ' બોલી સત્તર સંડાસા પૂર્વક ખમાસમણ આપીને ઉભા થઈ ને યોગમુદ્રામાં 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પચ્ચક્ખાણ પાર્યું ?' 'તહત્તિ' કહીને ઉભડક પગે નીચે ઘુંટણના આધારે બેસીને ચરવળો/રજોહરણ/જમીન પર જમણા હાથની મુઠ્ઠિ વાળીને ડાબા હાથની હથેળીમાં મુહપત્તિ (બંધ કિનાર બહાર દેખાય તેમ) મુખની પાસે રાખીને શ્રી નવકારમંત્ર બોલીને પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર પચ્ચક્ખાણ લીધા પ્રમાણે બોલવું.

પૂજ્ય સાધુ-સાધ્વીજીભગવંતો અને પૌષધવ્રતધારી શ્રાવક-શ્રાવિકાગણ તેમજ શ્રી નવપદજીની ઓળી વિધિપૂર્વક આરાધન કરનાર આરાધકવર્ગ ઉપરોક્ત પચ્ચક્ખાણ પારવાની વિધિ કરતા હોય છે. તે સિવાય નિત્ય નવકારશી થી તિવિહાર ઉપવાસ આદિ તપ કરનાર આરાધક શ્રાવક-શ્રાવિકાગણમાં પચ્ચક્ખાણ પારવાની વિધિ કરવાની વિસરાઈ ગયેલ છે, તે યોગ્ય નથી. તે માટે યથાશક્ય પ્રયત્ન કરવો જોઈએ. કદાચ રોજે નવકારશીમાં અનુકૂળતા ન રહે તો તેથી વિશેષ તપ કરવાના અવસરે પૌષધમાં ન હોય તો પણ પચ્ચક્ખાણ પારવાની વિધિનો આગ્રહ જરુર રાખવો જોઈએ.

નવકારશીનું પચ્ચક્ખાણ કરનાર ભાગ્યશાળીએ દિવસ દરમ્યાન પૂર્ણ મુખશુદ્ધિ હોય ત્યારે યાદ રાખીને 'મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાણ' કરવું જોઈએ. તેમજ પહેલું બિયાસણું કરીને ઉઠતી વખતે અને તિવિહાર ઉપવાસમાં જ્યારે-જ્યારે પાણી વાપરવાનું (પીવાનું) થઈ ગયા પછી અચૂકપણે આ મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કરવું જોઈએ. હમેશાં ઓછામાં ઓછું નવકારશી અને ચઉવિહાર નું પચ્ચક્ખાણ કરવા સાથે મુખશુદ્ધિ હોય ત્યારે અચૂકપણે મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કરનાર મહાનુભાવને ૨૫ થી ૨૮ ઉપવાસ નો લાભ એક મહિને થતો હોય છે. તે લાભ ચૂકવા જેવો નથી.

આયંબિલ, એકાસણું અને બીજુ બિયાસણું કરીને ઉઠતી વખતે અચૂક પણે મહાનુભાવે તિવિહાર અને મુઠ્ઠિસહિઅં નું પચ્ચક્ખાણ કરવું જોઈએ. ફરીવાર જ્યારે પાણી પીવાની જરુર જણાય ત્યારે મુઠ્ઠિ વાળી શ્રી નવકારમંત્ર અને મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાણનું પારવાનું સૂત્ર બોલીને પાણી વાપરી શકાય. કદાચ કોઈક આરાધક ને મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પારતાં ન આવડે તો જલ્દી ગુરુભગવંત પાસે શિખી લેવું. તે ન થાય ત્યાં સુધી તિવિહારનું પચ્ચક્ખાણ તો અવશ્ય કરવું જોઈએ.

એકલઠાણ-ઠામચઉવિહાર આયંબિલ-એકાસણું કર્યા પછી અચૂકપણે ચઉવિહારનું પચ્ચક્ખાણ તે જ વખતે કરવું જોઈએ. સાંજે ગુરુસાક્ષીએ અને દેવસાક્ષીએ પણ ચઉવિહારનું જ પચ્ચક્ખાણ લેવું જોઈએ. એક સાથે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરેલ હોવાથી વિશિષ્ટ તપ (આયંબિલ-એકાસણ આદિ) હોવા છતાં 'પાણહાર' ના બદલે 'ચઉવિહાર' નું જ પચ્ચક્ખાણ લેવું.

છઠ્ઠ-અઠ્ઠમ કે તેથી વધારે ઉપવાસના પચ્ચક્ખાણ એક સાથે લીધા હોય તો તેના બીજા દિવસે પાણી પીતાં પહેલાં ફરીવાર પચ્ચક્ખાણ લેવાના સૂત્ર અનુસાર 'પાણહાર પોરિસિં....' નું પચ્ચક્ખાણ અવશ્ય લેવું જોઈએ. ચઉવિહાર ઉપવાસ નું પચ્ચક્ખાણ લીધેલ હોય તો તે દિવસે સાંજે ગુરુસાક્ષીએ અને દેવસાક્ષીએ ફરીવાર પચ્ચક્ખાણ નું સ્મરણ કરવું જોઈએ. એક સાથે ઘણા ઉપવાસનું પચ્ચક્ખાણ એક જ દિવસમાં લીધા પછી કે મનમાં ફક્ત ધારણા કરી લીધા પછી બીજા - ત્રીજા આદિ દિવસોમાં ફરીવાર પચ્ચક્ખાણ ન લેવાથી ઉપવાસ નો લાભ મળતો નથી. પાણી મોઢાંમાં નાખ્યા પછી સવારનું કોઈપણ પચ્ચક્ખાણ ન લેવાય.

હાલ, નવકારશી આદિ પચ્ચક્ખાણ માં કેટલીક અજ્ઞાનતા અને દેખાદેખીના કારણે પચ્ચક્ખાણ પારતી વખતે પાર્યા પછી તુરંત કોગળા કરવાની કે દાંતણ કરવાની કે થોડુંક પાણી પીવાની પ્રવૃત્તિ વિધિરૂપે ચાલુ થયેલ છે, તે ઉચિત નથી. પહેલા નંબરે તો પચ્ચક્ખાણ પારવાની વિધિ નો આગ્રહ રાખવો જરુરી છે. છતાં શક્ય ન હોય તો ત્રણવાર શ્રી નવકારમંત્ર મુઠ્ઠિવાળીને ગણવાથી પચ્ચક્ખાણ પારવાની પ્રથા પ્રચલિત છે.

સૂર્યોદય પછી બે ઘડી (૪૮ મિનિટ) થાય ત્યારે નવકારશી પચ્ચક્ખાણ આવે, તેમ સૂર્યાસ્ત પૂર્વે (પહેલાં) બે ઘડી (૪૮ મિનિટ) થાય ત્યારે ચારેય પ્રકારના આહારના ત્યાગ સ્વરૂપ ચઉવિહારનું પચ્ચક્ખાણ કરવાની પ્રથા જૈનશાસનમાં પ્રચલિત હતી અને અત્યારે પણ ચતુર્વિધ શ્રી સંઘમાં કેટલોક વર્ગ આ મુજબ સૂર્યાસ્ત પહેલાં બે ઘડીએ આહાર-પાણીનો ત્યાગ કરે છે, તે અનુકરણીય છે.

કદાચ તે (બે ઘડી પહેલા પચ્ચક્ખાણ કરવું) શક્ય ન બને, તો બારે માસ ચઉવિહાર નું પચ્ચક્ખાણ સૂર્યાસ્ત પહેલાં કરી લેવું જોઈએ. રાત્રિભોજન નરકનું પ્રથમ દ્વાર છે. રાત્રે આહાર-પાણી કાંઈ પણ લેવાય નહિ અને અપાય નહિ. છતાં ધર્મમાં નવો પ્રવેશ કરનાર મહાનુભાવને કાંઈક લાભ મળે, તે આશયથી તિવિહારનું પચ્ચક્ખાણ અપાય છે. તેમાં પાણી કેટલું અને કેટલી વાર અને કેટલા વાગ્યા સુધી પીવાય, તે અંગે ઘણા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુંઝવણ અનુભવતાં હોય છે. તરસ્યા રહેવાની શક્તિ ન જ રહે અને અસમાધિ થવાની શક્યતા રહે ત્યારે તિવિહારનું પચ્ચક્ખાણ કરનાર મહાનુભાવે લોટા-ગ્લાસ કે જગ ભરીને પાણી ઘટઘટાવી જવાના બદલે ઔષધ સ્વરુપે શક્ય તેટલું ઓછું અને ઓછીવાર અને વહેલાસર ગળું ભીનું થાય તેટલું દુ:ખતા હૃદયે પીવાય.

તિવિહાર પચ્ચક્ખાણ કરવા અસમર્થ છતાં તે તરફ આગળ વધવાની પૂર્ણ ભાવના ધરાવનાર મહાનુભાવ કોઈક અસાધ્ય રોગના કારણે ઔષધ લીધા વગર રાત્રે સમાધિ ટકે તેમ ન હોય અને ગુરુભગવંત પાસે તે અંગેની નિર્બળતા અને અસમાધિ થવાના કારણોનું નિવેદન કરીને સંમતિ લીધેલ હોય તેવા રાત્રિભોજનત્યાગની ભાવનાવાળા આરાધક ને સૂર્યાસ્ત પહેલાં દુવિહારનું પચ્ચક્ખાણ અપાય છે. તેમાં શક્ય હોય ત્યાં સુધી કાંઈપણ લેવાનું ટાળવા પ્રયત્ન કરે, છતાં લેવું જ પડે તેવા સંજોગો ઉપસ્થિત થાય તો સૂર્યાસ્ત પછી ઔષધ અને પાણી લઈ શકે.

સૂર્યાસ્ત પછી જમનારને ચઉવિહાર-તિવિહાર-દુવિહારનું પચ્ચક્ખાણ ન જ કરાય. તેઓ ગુરુભગવંત પાસે જાણીને 'ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણ' (જમ્યા પછી કાંઈપણ નહી ખાવાનો અભિગ્રહ) લઈ શકે. તેઓને રાત્રિભોજનનો દોષ લાગે જ, તેમાં કોઈ શંકા ન કરવી.

પૂજ્ય સાધુ-સાધ્વીજીભગવંતો દીક્ષાગ્રહણ કરે ત્યાંથી જીવે ત્યાં સુધી ગમે તેવા શારીરિક-માનસિક આદિ સંજોગો ઉપસ્થિત થાય તો પણ ક્યારેય ચારેય પ્રકારનો આહાર ન જ કરે. જીવન પર્યંત રાત્રિભોજનત્યાગનું છઠ્ઠુંવ્રત પાળે.

પૂ. ગુરુભગવંત પચ્ચક્ખાણ આપે ત્યારે એક કે બે વાર ખાવાની છૂટ આદિ ના પચ્ચક્ખાણ ન આપે પણ એકાસણા પચ્ચક્ખાણ માં એક ટાઈમ સિવાય અન્ય સમયના ભોજનનો ત્યાગ કરવાનાં પચ્ચક્ખાણ આપે. તે મુજબ સઘળાંય પચ્ચક્ખાણમાં સમજવું.

નવકારશીનું પચ્ચક્ખાણ કરનાર કોઈક સંજોગે 'પોરિસી' કે સાઢપોરિસિ સુધી કાંઈ પણ ખાધા-પીધા વગર રહે અને આગળનું પચ્ચક્ખાણ ન કરે તો તેને ફક્ત નવકારશી નો જ લાભ મળે. કદાચ સમય વધારે થઈ જતાં ખ્યાલ આવે અને આગળનું પચ્ચક્ખાણ કરે તો તે તે પચ્ચક્ખાણ નો લાભ મળે. પણ સૂર્યોદય પહેલાં લીધેલા પચ્ચક્ખાણ જેટલો લાભ ન મળે.

આયંબિલ-એકાસણું કે બિયાસણાનું પચ્ચક્ખાણ કરેલ હોય અને ઉપવાસ કરવાની ભાવના જાગે તો પાણી પીધેલ ન હોય અને ઉપવાસનું પચ્ચક્ખાણ કરે, તો જ ઉપવાસ નો લાભ મળે. તે જ પ્રમાણે એકાસણાનું પચ્ચક્ખાણ લીધા બાદ આયંબિલ કે લુખી નીવિ કરવાની ભાવના જાગે ત્યારે અને બિયાસણાનું પચ્ચક્ખાણ લીધા બાદ એકાસણું - આયંબિલ કે લુખીનીવિ કરવાની ભાવના જાગે તો કાંઈપણ ખાધા-પીધા વગર તે તે પચ્ચક્ખાણ લીધેલ હોય તો જ તે તે પચ્ચક્ખાણનો લાભ મળી શકે. કદાચ પ્રથમ બિયાસણું કર્યા પછી બીજું બિયાસણું કરવાની ભાવના ન હોય તો તિવિહારનું પચ્ચક્ખાણ કરી શકાય. અન્ય પચ્ચક્ખાણોમાં પાણી વપરાઈ (પીવાઈ) ગયેલ હોય અને તેથી વિશેષ તપ કરવાની ભાવના જાગે તો 'ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણ' કરી શકાય.

લીધેલ પચ્ચક્ખાણ કરતાં આગળનાં વિશેષ પચ્ચક્ખાણ કરી શકાય, પણ તેથી ઓછું પ્રાણાન્ત કષ્ટે પણ ન કરવા કાળજી રાખવી જોઈએ.

તિવિહાર કે ચઉવિહાર ઉપવાસનાં પચ્ચક્ખાણ એક થી વધારે એક સાથે (શક્તિ મુજબ) લેવાથી ઘણો વિશેષ લાભ મળતો હોય છે. એક સાથે ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ લેવાય છે.

જૈન ધર્મની પ્રાપ્તિના કારણે જીવનમાં ક્યારેય આચરવાની શક્યતા ન હોય, તેવા અનાચારોનું પચ્ચક્ખાણ કરવાથી તે તે પાપોથી બચી શકાય છે. જીવન દરમ્યાન ક્યારેય પણ તે તે પાપોનું સેવન ન કરવા છતાં પચ્ચક્ખાણ ન કરવાના કારણે તે તે પાપો ના વિપાકોની ભયંકરતા સહન કરવી પડતી હોય છે.

ત્યાગ કરવા યોગ્ય અનાચારો સાત વ્યસન = માંસ, મદિરા, જુગાર, પરસ્ત્રી (પરપુરુષ) સેવન, ચોરી, શિકાર અને વેશ્યાગમન, ચાર મહાવિગઈ = મધ (HONEY), મદિરા (દારૂ), માખણ (BUTTER) અને માંસ (MUTTON), તરવાનું (SWIMING), ઘોડે સવારી (HORSE RIDING), ઉડન ખટોલા, સર્કસ, પ્રાણી સંગ્રાહલય જોવા જવું (ZOO), પંચેન્દ્રિયજીવનો વધ, આઈસ્ક્રીમ, ઠંડુપીણું (COOL DRINKS), પરદેશ ગમન આદિ. અનાચારોમાંથી શક્ય તેટલી વસ્તુનો 'ધારણા અભિગ્રહ' પચ્ચક્ખાણ દેવ-ગુરુ-આત્મસાક્ષીએ કરવાથી તે તે પાપોથી બચી શકાય છે. શક્ય હોય તો શ્રાવક-શ્રાવિકાગણે સમ્યક્ત્વમૂળ ૧૨ વ્રત ગ્રહણ કરવાં જોઈએ.

દિવસ અને રાત સંબંધિત રોજીંદા ઉપભોગમાં આવતી વસ્તુઓ આદિનું પણ નવકારશી અને ચઉવિહાર પચ્ચક્ખાણ લેતી વખતે પરિમાણ કરીને 'દેશાવગાસિક' નું પચ્ચક્ખાણ કરવું જોઈએ. દેસાવગાસિક પચ્ચક્ખાણમાં ૧૪ નિયમની ધારણા કરવાથી તે સિવાયની જગતની તમામ વસ્તુઓના પાપથી બચી શકાય છે. સવારે ધારણા કરેલ ૧૪ નિયમોને સૂર્યાસ્ત આસપાસ સંકેલીને રાત્રી સંબંધિત નિયમો લેવાના હોય છે. રાત્રિના નિયમો સવારે સંકેલીને નવા લેવાના હોય છે. પણ તે સામાયિક કે પૌષધમાં ન સંકેલી કે ન ધારી શકાય.

દેવસિઅ અને રાઈઅ પ્રતિક્રમણ ની સાથે દિવસ દરમ્યાન આઠ સામાયિક કરવાથી દેસાવગાસિકવ્રત નું પાલન થતું હોય છે.

માનવભવમાં જ શક્ય સર્વ-સંગત્યાગ સ્વરુપ સર્વવિરતિધર્મને (સંયમને) પામવાના લક્ષ્ય સાથે શક્તિ ગોપવ્યા વગર યથાશક્ય વ્રત-નિયમ-પચ્ચક્ખાણ કરવાં જોઈએ.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પચ્ચક્ખાણ સૂત્ર

### ૧. : નવકારશી પચ્ચક્ખાણ સૂત્ર-અર્થ સાથે

ઉગ્ગએ સૂરે, નમુક્કાર સહિઅં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ) ॥

અર્થ : સૂર્યોદયથી બે ઘડી (૪૮ મિનિટ) સુધી નમસ્કાર સહિત-મુટ્ઠિસહિત નામનું પચ્ચક્ખાણ કરે છે (કરું છું) તેમાં ચારેય પ્રકાર ના આહારનો એટલે અશન (=ભૂખને શમાવવામાં સમર્થ ભાત આદિ દ્રવ્યો), પાન (=સાદુ પાણી), ખાદિમ(=શેકેલા ધાન્ય અને ફલ વિગેરે) અને સ્વાદિમ(=દવા પાણી સાથે) નો અનાભોગ (=ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ ચીજ મુખમાં નંખાય તે), સહસાત્કાર (=પોતાની મેળે ઓચિંતુ મુખમાં કાંઇ ચીજ પ્રવેશ કરે તે), મહત્તરાકાર (=મોટી કર્મનિર્જરા નું કારણ આવવું તે) અને સર્વ-સમાધિ-પ્રત્યાકાર (કોઈપણ રીતે સમાધિ ન જ રહેવી તે) આ ચાર આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું.)

### નવકારશી પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કીટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥

અર્થ : સૂર્યોદય પછી બે ઘડી (=૪૮ મિનિટ) સુધી નમસ્કાર સહિત-મુટ્ઠીસહિત પચ્ચક્ખાણ મેં ચારેય પ્રકારના આહારનો ત્યાગ કર્યો છે. આ પચ્ચક્ખાણ મેં સ્પર્શ્યું (=વિધિ વડે ઉચિત કાલે જે પચ્ચક્ખાણ લીધું હોય તે) છે, પાળ્યું (કરેલાં પચ્ચક્ખાણને વારંવાર સંભારવું તે) છે, શોભાવ્યું (=ગુરુને (વડીલજનને) આપીને બાકીનાથી ભોજન કરવું તે) છે, તીર્યું (=કાંઇક અધિક કાળ ધીરજ રાખીને પચ્ચક્ખાણ પારવું તે) છે, કીર્ત્યું (=ભોજનના સમયે પચ્ચક્ખાણ પુરું થયે સંભારવું તે) છે અને આરાધ્યું (=ઉપરોક્ત પ્રકારે આચરેલું પચ્ચક્ખાણ તે) છે, તેમાં જે આરાધાયું ન હોય તે મારું પાપ મિથ્યા થાઓ.(પચ્ચક્ખાણની છ શુદ્ધિ પણ કહેવાયેલી છે. (૧) શ્રદ્ધાવંત પાસે પચ્ચક્ખાણ કરવું તે શ્રદ્ધાશુદ્ધિ ; (૨) જાણ પણું મેળવવા ખપ કરવો તે જ્ઞાન-શુદ્ધિ ; (૩) ગુરુને વંદન કરવારુપ વિનય કરીને પચ્ચક્ખાણ લેવું તે વિનય શુદ્ધિ ; (૪) ગુરુ પચ્ચક્ખાણ આપે ત્યારે મંદસ્વરે મનમાં પચ્ચક્ખાણ બોલવું તે અનુભાષણ શુદ્ધિ ; (૫) સંકટમાં પણ લીધેલ પચ્ચક્ખાણ ને બરાબર પાળે તે અનુપાલન શુદ્ધિ અને (૬) આલોક-પરલોકના સુખની ઇચ્છા વિના (કેવળ કર્મક્ષય માટે) પાળે તે ભાવશુદ્ધિ કહેવાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### ૨. પોરિસિ અને સાઙ્ઢપોરિસિ પચ્ચક્ખાણનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે પોરિસિં, સાઙ્ઢ-પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્ન-કાલેણં, દિસા-મોહેણં, સાહુ-વયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ) ॥

અર્થ : સૂર્યોદય થી એક પ્રહર (= દિવસનો ચોથો ભાગ) સુધી પોરિસિ, દોઢ પ્રહર (= દિવસનો છ આની ભાગ) સુધી સાઙ્ઢપોરિસિ - મુટ્ઠિસહિત નામનું પચ્ચક્ખાણ કરે છે (કરું છું) તેમાં ચારેય પ્રકારના આહારનો એટલે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો અનાભોગ, સહસાત્કાર, પચ્છન્નકાલ (= મેઘ-વાદળ આદિથી ઢંકાયેલો કાલની ખબર ન પડવી), દિગ્મોહ (=દિશાનો ભ્રમ થવો), સાધુ-વચન (= 'બહુપડિપુન્ના પોરિસિ' એવો પાત્રા પડિલેહણ સમયે સાધુ ભગવંતનો વચન સાંભળવાથી પચ્ચક્ખાણ આવી ગયું છે, તેમ સમજી ગયા હોય), મહત્તરાકાર, અને સર્વ-સમાધિ-પ્રત્યાકાર આ છ આગાર (છૂટ) રાખી ત્યાગ કરે છે (કરું છું).

### ૩. પુરિમઙ્ઢ અને અવઙ્ઢ પચ્ચક્ખાણનું સૂત્ર અર્થ સાથે

સૂરે ઉગ્ગએ, પુરિમઙ્ઢં અવઙ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ) ॥

અર્થ : સૂર્યોદયથી મધ્યાહ્ન સમય એટલે બે પ્રહર સુધી (પુરિમઙ્ઢ) / અથવા અપરાર્ધ એટલે ત્રણ પ્રહાર સુધી (અવઙ્ઢ) મુટ્ઠિસહિત પચ્ચક્ખાણ કરે છે (કરું છું) તેમાં ચારેય પ્રકારના આહાર એટલે અશન, પાન, ખાદિમઅને સ્વાદિમનો અનાભોગ, સહસાત્કાર, પ્રચ્છન્નકાલ, દિગ્મોહ, સાધુ વચન, મહત્તરાકાર અને સર્વ સમાધિ-પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

### પોરિસિ-સાઙ્ઢપોરિસિ-પુરિમઙ્ઢ અને અવઙ્ઢ પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે પોરિસિં, સાઙ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઙ્ઢં, અવઙ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચોવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥

અર્થ : સૂર્યોદય પછી પોરિસિ, સાઢપોરિસિ, પુરિમઙ્ઢ, અવઙ્ઢ મુટ્ઠિસહિત (જે પચ્ચક્ખાણ કર્યુ હોય તે જ બોલવું) પચ્ચક્ખાણમાં મેં ચારેય પ્રકારના આહારનો ત્યાગ કર્યો છે. આ પચ્ચક્ખાણ મેં સ્પર્શ્યું, પાળ્યું, શોધ્યુ, તીર્યુ, કીર્ત્યુ અને આરાધ્યું છે, તેમાં જે આરાધાયુ ન હોય તે મારું પાપ મિથ્યા થાઓ અર્થાત્ નાશ પામો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૪. એકાસણું, બિયાસણું, એકલઠાણું, નીવિ અને આયંબિલનું પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નવકારસહિઅં, પોરિસિં, સાડ્ઢ-પોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં, આયંબિલં, નિવ્વિગઇઓ, વિગઇઓ પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થ-સંસટ્ઠેણં, ઉક્ખિત્ત-વિવેગેણં, પડુચ્ચ-મક્ખિએણં, પારિટ્ઠાવણિયા-ગારેણં, મહત્તરાગારેણં સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં,

એગાસણં, બિયાસણં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ), તિવિહંપિ, ચઉવિહંપિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, સાગારિયા-ગારેણં, આઉંટણ-પસારેણં, ગુરુ-અબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠા-વણિયાગારેણં, મહત્તરા-ગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઇ (વોસિરામિ)।।

**(બિયાસણ પચ્ચક્ખાણ લેનારે નવકારસહિઅં બોલવું; એકાસણું-એકલઠાણું-નીવિ અને આયંબિલ પચ્ચક્ખાણ કરનારે સાડ્ઢપોરિસિં અથવા તેથી વધારેનું પચ્ચક્ખાણ બોલવું; એકલઠામ-ઠામ ચઉવિહાર, એકાસણ કે નીવિ કે આયંબિલ કરનારે 'એગાસણં પચ્ચક્ખામિ ચઉવિહંપિ આહારં' બોલવું; ઠામ ચઉવિહાર સિવાયના પચ્ચક્ખાણવાળાએ 'એગાસણં બિયાસણં પચ્ચક્ખામિ તિવિહંપિ આહારં અસણં, ખાઇમં, સાઇમં' બોલવું ; લુખી નીવિ કે કડા વિગઇની નીવિ (ઉપધાન તપ) કરનારે 'નિવ્વિગઇઓ પચ્ચક્ખામિ' અને 'એગાસણં પચ્ચક્ખામિ' પાઠ બોલવો; સર્વથા વિગઇઓનો ત્યાગ કરનાર અથવા અમુક વિગઇ ((૧) ઘી, (૨) તેલ, (૩) ગોળ, (૪) દૂધ, (૫) દહી અને (૬) કડા વિગઇ, આ છ વિગઇ કહેવાય છે) નો ત્યાગ કરનારે 'વિગઇઓ પચ્ચક્ખામિ' નો પાઠ બોલવો, આયંબિલ કરનારે 'આયંબિલં પચ્ચક્ખામિ' અને 'એગાસણં પચ્ચક્ખામિ' પણ બોલવું અને ઉકાળેલું અચિત્ત પાણી વાપરનારે 'પાણસ્સ...' નો પાઠ જરુર બોલવો; આયંબિલ કરનારે 'પડુચ્ચ-મક્ખિએણં' આગાર ન બોલવું.)**

અર્થ : સૂર્યોદય થી બે ઘડી, એક પ્રહર, દોઢ પ્રહર, બે પ્રહર કે ત્રણ પ્રહર સુધી મુટ્ઠિસહિત પચ્ચક્ખાણ કરે છે (કરું છું.) તેમાં ચારેય પ્રકારના આહારનો એટલે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો અનાભોગ, સહસાત્કાર ,પચ્છન્નકાલ, દિગ્મોહ, સાધુવચન, મહત્તરાકાર અને સર્વ-સમાધિ-પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે. (કરું છું.) આયંબિલ / નીવિ / વિગઇનો ત્યાગ અનાભોગ, સહાસાત્કાર, લેપાલેપ (=ખરડાયેલી કડછી વિગેરેને લુંછીને વહોરાવેલો આહાર ગ્રહણ કરતાં મુનિને (આયંબિલ કે નીવિ નો) ભંગ ન થાય તે), ગૃહસ્થ-સંસૃષ્ટ (=શાક માંડાદિક ઘી - તેલથી સંસ્કારિત કર્યો હોય તો તે મુનિને (નીવિ આદિ)માં ભંગ ન થાય તે) ઉત્ક્ષિપ-વિવેક (=શાક રોટલી ઉપરથી પિંડ વિગઇને ગૃહસ્થે ઉપાડીને અલગ મૂકી હોય તો તે વહોરતાં મુનિને (નીવિ આદિનો) ભંગ ન થાય તે ), પ્રતીત્ય-મ્રક્ષિત (=કાંઇક ઘી આદિથી આંગળીઓ દ્વારા કણીક મસળી હોય તે વસ્તુ વાપરતાં મુનિને (નીવિ-વિગઇત્યાગનો) ભંગ ન થાય, પણ આયંબિલનો ભંગ થાય તે,) પારિષ્ઠાપનિકાકાર (=વિધિએ કરીને ગ્રહણ કરેલો આહાર પરઠવવા યોગ્ય હોય (તો ગુરુભગવંતની આજ્ઞાએ) તે વાપરવો તે), મહત્તરાકાર, સર્વ-સમાધિ-પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

એકાસણ/બિયાસણનું પચ્ચક્ખાણ કરે છે (કરું છું) તેના અનાભોગ, સહસાત્કાર, સાગારિકાકાર (=ગૃહસ્થાદિની નજર લાગવાથી મુનિને એકાસણાદિમાં ઉઠવું પડે તે), આકુંચન-પ્રસારણ(=હાથ-પગ વિગેરે અંગોને સંકોચવું તે), ગુરુ-અભ્યુત્થાન (=વડીલ ગુરુજી આવે ત્યારે તેમને વિનય સાચવવા એકાસણાદિમાં ઉભા થવું તે), પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર અને સર્વ-સમાધિ-પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું) અચિત્ત પાણીના છ આગાર લેપ (=ઓસામણ આદિ લેપકૃત (વાસણમાં લેપ રહે તે) પાણી તે), અલેપ (=કાંજી (છાશની આસનું પાણી તે) નું અલેપકૃત પાણી તે), અચ્છ (=ત્રણ ઉકાળાવાળું નિર્મળ ઉષ્ણ પાણી તે), બહુલેપ (=ચોખા-ફળ વિગેરેનું ધોવણ, તે બહુલેપકૃત પાણી હોય તે), સસિક્થ (= દાણા સહિત અથવા આટાના રજકણ સહિત પાણી તે) અને અસિક્થ (=લુગડાથી ગળેલ દાણા કે આટાના રજકણવાળું પાણી તે) પૂર્વક ત્યાગ કરે છે (કરું છું)

(વિશેષનોંધ : લેપાલેપ, ગૃહસ્થ-સંસૃષ્ટ, ઉત્ક્ષિપ્ત-વિવેક, પ્રતીત્ય-મ્રક્ષિત, પારિષ્ઠાપનિકાકાર, સાગારિકાકાર અને અચિત્ત પાણીના અચ્છ સિવાયના આગાર ૪૨ દોષ રહિત આહાર-પાણીની ગવેષણા (શોધ) કરનાર પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો ને જ લાગુ પડે છે. ગૃહસ્થ આ આગારનો ઉપયોગ કરે તો પચ્ચક્ખાણનો ભંગ થાય છે, તે વિવેક ખાસ રાખવો.)

## એકાસણું-બિયાસણું-એકલઠાણું-નીવિ અને આયંબિલ પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

ઉગ્ગએ સૂરે નમુક્કાર સહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર આયંબિલ, નીવિ, એકાસણ, બિયાસણ પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કીટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડમ્ ।।

અર્થ : સૂર્યોદય પછી બે ઘડી/એક પ્રહર/દોઢ પ્રહર/બે પ્રહર/ત્રણ પ્રહર મુટ્ઠિસહિત પચ્ચક્ખાણમાં મેં ચારેય પ્રકારના આહારનો ત્યાગ કર્યો છે. આયંબિલ / નીવિ / એકાસણ / બિયાસણ પાણી સિવાયના ત્રણ આહારના ત્યાગ સાથે કર્યુ છે. મારું આ પચ્ચક્ખાણ મેં સ્પર્શ્યું, પાળ્યું, શોધ્યું, તીર્યું, કીર્ત્યું અને આરાધ્યુ છે, તેમાં જે આરાધાયુ ન હોય તે મારું પાપ મિથ્યા થાઓ અર્થાત્ નાશ પામો.

(નોંધ: 'નમુક્કારસહિઅં'થી'અવડ્ઢ'સુધીનો પાઠ સળંગ ન બોલતાં જે પચ્ચક્ખાણ કર્યું હોય તે જ બોલવું. તેમજ આયંબિલ થી બિયાસણ સુધીમાં પણ એકાસણ-અથવા બિયાસણ બોલવું, પણ આયંબિલ કે નીવિ કરેલ હોય તો આયંબિલ કે નીવિ બોલવા સાથે એકાસણ અવશ્ય બોલવું. વાપર્યા પછી તિવિહાર/મુટ્ઠિસહિઅંનું પચ્ચક્ખાણ લેવું હિતકર છે.)


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૫. તિવિહાર-ઉપવાસ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

સૂરે ઉગ્ગએ (ચોથ-અબ્ભત્તટ્ઠં) અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) તિવિહંપિ આહારં અસણં,પાણં ખાઇમં, સાઇમં અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠ-વણિયાગારેણં મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં પાણહાર પોરિસિં, સાડ્ઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમટ્ઠં, અવટ્ઠં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણ, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ (વોસિરામિ) ॥

અર્થ : સૂર્યોદયથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધી ઉપવાસનું પચ્ચક્ખાણ (આગલા દિવસે અને પારણાના દિવસે એકાસણ કરનારને ચોથ-અબ્ભત્તટ્ઠ કરવું) કરે છે (કરું છું) તેમાં ત્રણ પ્રકારના આહારનો એટલે અસણ, ખાદિમઅને સ્વાદિમનો અનાભોગ, સહસાત્કાર, પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર અને સર્વ-સમાધિ-પ્રત્યાકાર પૂર્વક કરે છે (કરું છું). તેમાં પાણીનો આહાર એક પ્રહર (પોરિસિ) /દોઢ પ્રહર (સાઢ પોરિસિ)/ બે પ્રહર(પુરિમટ્ઠ)/ ત્રણપ્રહર (અવટ્ઠ) મુટ્ઠિસહિત પચ્ચક્ખાણનો અનાભોગ, સહસાત્કાર, પ્રચ્છન્નકાલ, દિગ્મોહ, સાધુવચન, મહત્તરાકાર અને સર્વસમાધિ પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છુ). પાણીના (આગારો) લેપ, અલેપ, અચ્છ, બહુલેપ, સસિક્થ અને અસિક્થ પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

## ૬. ચઉવિહાર-ઉપવાસ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

સૂરે ઉગ્ગએ (ચોથ-અબ્ભત્તટ્ઠં) અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ(પચ્ચક્ખામિ) ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

અર્થ : સૂર્યોદયથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધી ઉપવાસનું પચ્ચક્ખાણ (ઉપવાસના આગલા દિવસે એકાસણ/આયંબિલ અને ઉપવાસના પારણાના દિવસે પણ એકાસણ / આયંબિલ કરનારે ચોથ-અબ્ભત્તટ્ઠ કહેવું) કરે છે (કરું છું.) તેમાં ચારેય પ્રકારના આહાર એટલે અશન, પાણ, ખાદિમઅને સ્વાદિમનો અનાભોગ, સહસાત્કાર, પારિષ્ઠા પનિકાકાર, મહત્તરાકાર અને સર્વસમાધિ પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

(ચઉવિહાર-ઉપવાસ પારવાનું હોતું નથી. સાંજે પ્રતિક્રમણ-દેવદર્શન વેળાએ સ્મરણ માટે પચ્ચક્ખાણ ફરીવાર લેવાની વિધિ પ્રચલિત છે. કદાચ ભૂલાઇ જવાય તો દોષ લાગતો નથી.)

JAINSITE

## ૭. છટ્ઠ-અટ્ઠમ-આદિ તિવિહાર ઉપવાસ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

સૂરે ઉગ્ગએ છટ્ઠભત્તં (બે ઉપવાસ) / અટ્ઠમભત્તં (ત્રણ ઉપવાસ) / દસમભત્તં(ચાર ઉપવાસ) / દ્વાદશભત્તં (પાંચ ઉપવાસ) / ચતુર્દશભત્તં (છ ઉપવાસ) / ષોડશ ભત્તં ( સાત ઉપવાસ ) / અષ્ટાદશ ભત્તં ( આઠ ઉપવાસ ) / પચ્ચક્ખાઈ(પચ્ચક્ખામિ) તિવિહંપિ આહારં અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં, પારિટ્ઠા-વણિયાગારેણં મહત્તરા-ગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં, પાણહાર પોરિસિં, સાઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમટ્ઠં, અવટ્ઠં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્ન -કાલેણં, દિસામોહેણ, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિ-વત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ) ॥

અર્થ : સૂર્યોદયથી માંડીને ત્રીજા દિવસના સૂર્યોદય સુધી બે ઉપવાસ / ચોથા દિવસના સુર્યોદય સૂધી ત્રણ ઉપવાસ / પાંચમા દિવસના સૂર્યોદય સુધી ચાર ઉપવાસ / છઠ્ઠા દિવસના સૂર્યોદય સુધી પાંચ ઉપવાસ / સાતમા દિવસના સૂર્યોદય સુધી છ ઉપવાસ / આઠમા દિવસના સૂર્યોદય સુધી સાત ઉપવાસ / નવમા દિવસના સૂર્યોદય સુધી આઠ ઉપવાસ (એક-એક દિવસ વધારતાં ૧૬ ઉપવાસ સુધી એક સાથે પચ્ચક્ખાણ લઈ શકાય) નું પચ્ચક્ખાણ કરે છે (કરું છું.) તેમાં ત્રણ પ્રકારના આહાર એટલે અશન, ખાદિમઅને સ્વાદિમનો અનાભોગ, સહસાત્કાર, પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર અને સર્વ-સમાધિ-પ્રત્યાકાર પૂર્વક કરે છે (કરું છું), તેમાં પાણીનો આહાર એક પ્રહર / દોઢ પ્રહર / બે પ્રહર / ત્રણ પ્રહર મુટ્ઠિસહિત પ્રત્યાખ્યાનનો અનાભોગ, સહસાત્કાર, પ્રચ્છન્નકાલ, દિગ્મોહ, સાધુવચન, મહત્તરાકાર અને સવ 'સમાધિ પ્રત્યાકારપૂર્વક ત્યાગ કરે છે (કરું છું). અચિત્ત પાણીના (આગારો) લેપ, અલેપ, અચ્છ, બહુલેપ, સસિક્થ અને અસિક્થ પૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ : એક સાથે એક થી વધારે ઉપવાસનું પચ્ચક્ખાણ લીધા પછી બીજાદિવસે પાણી પીતાં પહેલાં 'પાણહાર પોરિસિં થી વોસિરામિ' સુધીનું પચ્ચક્ખાણ અવશ્ય લેવું જોઈએ. આ પચ્ચક્ખાણ પારવાનો સૂત્ર એક ઉપવાસમાં જણાવ્યા મુજબ જાણવું. તેમાં અબ્ભત્તટ્ઠંના બદલે જેટલા ઉપવાસ કર્યા હોય તે તે બોલવું જરુરી છે.)

## ૮. દેશાવગાસિક પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દેસાવગાસિયં ઉવભોગં, પરિભોગં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ) ॥

અર્થ : દેશથી સંક્ષિપ્ત કરેલી ઉપભોગ અને પરિભોગની વસ્તુઓનું પ્રત્યાખ્યાન કરે છે (કરું છું). તેનો અનાભોગ,


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સહસાત્કાર, મહત્તરાકાર અને સર્વસમાધિ-પ્રત્યાકાર પૂર્વક કરે છે (કરું છું).

(નોંધ : સચિત્તદવ્વવિગઈ.....વગેરે ૧૪ નિયમોની ધારણા કરનારે સવાર-સાંજ આ પચ્ચક્ખાણ લેવું.)

### ૯. ધારણા-અભિગ્રહ પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

ધારણા અભિગ્રહં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણા-ભોગેણં, સહસા-ગારેણં, મહત્તરા-ગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ) ॥

અર્થ : અમુક સમયની મર્યાદા માટે ધારેલ અભિગ્રહનું પચ્ચક્ખાણ (પ્રત્યાખ્યાન) કરે છે (કરું છું). તેનો અનાભોગ, સહસાત્કાર, મહત્તરાકાર અને સર્વસમાધિ પ્રત્યાકારપૂર્વક ત્યાગ કરે છે (કરું છું).

(નોંધ : વિગઈ ત્યાગ, દ્રવ્ય સંક્ષેપ, અનાચારોનો ત્યાગ, કર્મવશ રાત્રે ખાધા પછી ખાવાનો ત્યાગ આદિની ધારણા કરી પચ્ચક્ખાણ લેવા માટે આ સૂત્ર ખૂબ જ ઉપયોગી અને જરુરી છે.)

### ૧૦. મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

અર્થ : મુટ્ઠિસહિત પ્રત્યાખ્યાન કરે છે (કરું છું.) તેનો અનાભોગ, સહસાત્કાર, મહત્તરાકાર અને સર્વસમાધિ પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.) નોંધ : દિવસ દરમ્યાન જ્યારે પણ મુખ શુદ્ધ હોય ત્યારે આ પચ્ચક્ખાણ કરવું હિતાવહ છે.

### મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર અર્થ સાથે

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટીઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥

અર્થ : મુટ્ઠિસહિત પ્રત્યાખ્યાન મેં સ્પર્શ્યું, પાળ્યું, શોધ્યું, તીર્યું, કીર્ત્યું અને આરાધ્યુ છે. તેમાં જે ન આરાધાયું હોય તે મારુ પાપ મિથ્યા થાઓ અર્થાત્ નાશ પામો.

(નોંધ : મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પારવા આ સૂત્ર કંઠસ્થ કરવું ખૂબ જ જરુરી છે.)

## સાંજનાં પચ્ચક્ખાણ

### ૧૧ પાણહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

પાણહાર દિવસ-ચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ) ॥

અર્થ : દિવસના શેષ-ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પાણી નામના આહારનું પ્રત્યાખ્યાન કરે છે (કરું છું.) તેનો અનાભોગ, સહસાત્કાર, મહત્તરાકાર અને સર્વસમાધિ પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

(નોંધ : આયંબિલ-એકાસણ-નીવિકે બીજા બિયાસણા વાળાએ સૂર્યાસ્ત પહેલાં તિવિહારનું પચ્ચક્ખાણ કરનાર ભાગ્યશાળીએ આ પાણહાર-પચ્ચક્ખાણ કરવું)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### ૧૨ ચઉવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ-ચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ) ॥

અર્થ : દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પચ્ચક્ખાણ કરે છે (કરું છું.) તેમાં ચારેય પ્રકારના આહાર એટલે અશન, પાણ, ખાદિમ અને સ્વાદિમનો અના ભોગ, સહસાત્કાર, મહત્તરાકાર, સર્વ સમાધિ પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

(નોંધ : ઠામચઉવિહાર આયંબિલ - નીવિ - એકાસણ અને બીજા બીયાસણાવાળાએ અને સૂર્યાસ્ત આસપાસ ચાર આહાર છોડનારે આ પ્રત્યાખ્યાન કરવું.)

### ૧૩ તિવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ ચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) તિવિહંપિ આહારં અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણા-ભોગેણં, સહસા-ગારેણં, મહત્તરા-ગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

અર્થ : દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ-પર્યંત પચ્ચક્ખાણ કરે છે (કરું છું.) તેમાં ત્રણ પ્રકારના આહાર એટલે અશન, ખાદિમ અને સ્વાદિમનો અનાભોગ, સહસાત્કાર, મહત્તરાકાર, સર્વ સમાધિ પ્રત્યાકાર પૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

(નોંધ : આયંબિલ-નીવિ-એકાસણું અને બીજું બીયાસણું કરીને ઉઠતી વખતે અને છુટાવાળાએ રાત્રિ દરમ્યાન પાણી પીવાની છૂટ રાખનારે આ પચ્ચક્ખાણ અવશ્ય કરવું જોઈએ.)

### ૧૪ દુવિહાર પચ્ચક્ખાણ સૂત્ર અર્થ સાથે

દિવસ-ચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) દુવિહં પિ આહારં અસણં, ખાઈમં, અન્નત્થણા-ભોગેણં, સહસા-ગારેણં મહત્તરા-ગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ) ॥

અર્થ : દિવસના શેષ ભાગથી સંપૂર્ણ રાત્રિ પર્યંત પ્રત્યાખ્યાન કરે છે (કરું છું.) તેમાં બે પ્રકારના આહાર એટલે અશન અને ખાદિમનો અનાભોગ, સહસાત્કાર, મહત્તરાકાર, સર્વસમાધિ-પ્રત્યાકારપૂર્વક ત્યાગ કરે છે (કરું છું.)

(નોંધ : પૂ.ગુરુ ભગવંતની આજ્ઞા મેળવ્યા પછી રાત્રે સમાધિ ટકે અને ચોવિહાર સુધી પહુંચવાની શક્તિ પ્રાપ્ત થાય તે માટે આ પચ્ચક્ખાણ ઔષધ-પાણી લેનારે લેવું)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જિન દર્શન વિધિ

- સુયોગ્ય વસ્ત્ર પહેરીને જિનાલયે ફક્ત દર્શન કરવા જનાર ભાગ્યશાળીઓએ વિધિ અનુસાર ક્રમસર દ્રવ્ય-ભાવ પૂજા કરવી જોઈએ.
- બર્મુડા – હાફપેન્ટ – સ્લીવલેસ – નાઈટી – મેક્સી આદિ ઉદ્ભટ વસ્ત્રો પહેરીને જિનાલયે ન જવાય.
- સ્કુલબેગ – ઓફીસબેગ – કોસ્મેટીક – પર્સ – મોજા – દવા – ખાવા – પીવાની વસ્તુ લઈને દેરાસરે ન જવાય.
- શક્ય હોય તો મોબાઈલનો ત્યાગ કરવો, નહિતર મોબાઈલ ઓફ કરીને દેરાસરે જવું.
- જોગીંગ દ્વારા પસીનાથી રેબઝેબ થયેલા વસ્ત્રે ન જવાય.
- અશુદ્ધ મુખે કે મેલા કપડા પહેરીને ન જવાય.
- પ્રભુજીની ભક્તિ માટે યથાયોગ્ય વસ્તુ સાથે લઈને જવાય પણ ખાલી હાથે ન જવાય.
- ઘરથી જિનાલય દર્શન કરીને પરત ઘરે જ આવવાનું હોય તો પગરખા પહેરવા ટાળવા.

## દ્રવ્ય-ભાવ પૂજા 'દર્શન' કરતી વેળાએ

- દૂરથી જિનાલયની ધજા ફરકતી દેખાય કે કોઈપણ ભાગ દેખાય ત્યારે તે સન્મુખ દૃષ્ટિ રાખીને **'નમો- જિણાણં'** બે હાથ જોડીને બોલવું.
- પગ + મુખ શુદ્ધિ પૂર્વક પ્રવેશ કરવો.
- જિનાલયના પરિસરમાં પ્રવેશ કરતા સાંસારિક સંબંધોના ત્યાગ સ્વરૂપ **'પહેલી નિસ્સીહિ'** બોલવી. પછી ઘંટનાદ કરવો, (નિસ્સીહિ = નિષેધ) કેશર તિલક કરવું.
- દેરાસરમાં પ્રભુજીના મુખદર્શન થતાં અડધા નમીને **'નમો જિણાણં'** બે હાથ જોડીને બોલવું.
- ગભારા સન્મુખ ઉભા રહી પ્રભુજીને અનિમેષ નયને નિહાળવા.
- પ્રભુજીની જમણી તરફથી જયણાપાલન પૂર્વક 'કાલ અનાદિ અનંતથી...' દુહા બોલવા પૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપવી.
- મૂળનાયક સન્મુખ આવતા **'નમો જિણાણં'** બોલવું.
- દેરાસર સંબંધિત ચિંતાના ત્યાગ સ્વરૂપ **'બીજી નિસ્સીહિ'** બોલવી.
- બહેનોએ–ભાઈઓએ ક્રમશઃ ડાબી–જમણી તરફ સાઈડમાં ઉભા રહીને એકી સંખ્યામાં ભાવવાહી સ્તુતિઓ અન્યોને અંતરાય ન પડે, તેમ બોલવી.
- સ્વદ્રવ્યથી અગ્રપૂજા કરવાની ભાવનાવાળાએ સાથે લાવેલ ધૂપ–દીપક ને પ્રગટાવવું.
- સ્વદ્રવ્યથી કરવાની ભાવના છતાં સંજોગવશ સાથે સામગ્રી ન લાવ્યા હોય તેવા મહાનુભાવોએ ભંડારમાં યથાશક્તિ નાણું મુકીને ધૂપ આદિ પૂજા કરવી.
- ભાઈઓએ અને બહેનોએ પ્રભુજીની ડાબી તરફ યોગ્ય આંતરે ઉભી રહીને ધૂપદાની/ધૂપસળી સ્થીર રાખીને પૂજાના દૂહા બોલવા સાથે ધૂપ–પૂજા કરવી.
- ભાઈઓએ પ્રભુજીની જમણી તરફ અને બહેનોએ પ્રભુજીની ડાબી તરફ યોગ્ય આંતરે ઉભી રહીને ફાણસ યુક્ત દીપકને પ્રદક્ષિણા–આકારે નાકથી નીચે–નાભિથી ઉપર રાખીને ત્રણવાર ફેરવવા દ્વારા પૂજાના દુહા બોલવા સાથે દીપક પૂજા કરવી.
- ભાઈઓએ જમણી અને બહેનોએ ડાબી તરફ ઉભા રહીને દર્પણ(અરીસો)ને હૃદયની ડાબી તરફ રાખી તેમાં પ્રભુજીના મુખદર્શન થતાં સેવકભાવે પંખો ઢાળવો. (તે દર્પણમાં પોતાનો મુખ ન જ જોવાય.)
- ભાઈઓએ જમણી અને બહેનોએ ડાબી તરફ ઉભા રહીને ચામર નૃત્ય કરવું.
- આરતી–મંગલદીવો અને શાંતિ–કળશ દેરાસરમાં ચાલતાં હોય તો તેમાં યથાશક્તિ હાજરી આપવી.
- મધ્યાહ્નકાળની પૂજાની જેમ અનુક્રમે અક્ષત–નૈવેદ્ય–ફળપૂજા દુહા બોલવા સાથે કરવી.
- હાથરૂમાલ કે ખેસના છેડાથી ત્રણવાર ભૂમિપ્રમાર્જના કરી દ્રવ્ય પૂજાના ત્યાગ સ્વરૂપ **'ત્રીજી નિસ્સીહિ'** બોલવી.
- ઈરિયાવહિયં કરીને ચૈત્યવંદન કરી પચ્ચક્ખાણ કરવું. પછી ખમાસમણ આપીને 'અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં' મુદ્રિવાળીને અવશ્ય બોલવું.
- દેરાસરથી નિકળતા પ્રભુજીને પૂંઠ ન દેખાય તેમ આગળ–પાછળ દૃષ્ટિ કરીને ઘંટ પાસે આવવું.
- ડાબા હાથને હૃદયના મધ્યસ્થાનમાં રાખી જમણા હાથે ત્રણવાર ઘંટનાદ કરવો.
- દેરાસરની બહાર ઓટલા પર બેસીને પ્રભુજીની ભક્તિને વાગોળવું અને પ્રભુજીના વિરહથી હૃદયને અપરંપાર વેદનાવાળા અનુભવી નિર્ગમન કરવું.
- ઉપાશ્રયમાં પૂજ્ય ગુરૂભગવંત પાસે પચ્ચક્ખાણ કરવું. (સવારથી બપોર સુધી દર્શન કરનાર મહાનુભાવોએ ઉપર મુજબ વિધિનો ક્રમ જાળવવો. સાંજે કે સૂર્યાસ્ત પછી દર્શન કરવા જનારે ત્રણ પ્રદક્ષિણા અને ઘંટનાદ અને દર્પણ–પંખો–અક્ષત–નૈવેદ્ય–ફળ–પૂજા સિવાયની સઘળીયે વિધિ કરવી.)


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# ત્રિકાળ પૂજા વિધિ

**(૧) પ્રાતઃકાળની પૂજા :** રાત્રિ સંબંધિત પાપોનું નાશ કરે. સ્વચ્છ સુતરાઉ વસ્ત્ર (સામાયિક-પૌષધ-પ્રતિક્રમણ સિવાયના)ધારણ કરવા. બે હાથ, બે પગ અને મુખ સ્વરુપ પાંચ અંગની નિર્મળ જલથી શુદ્ધિ કરવી. એક સ્વચ્છ થાળીમાં ધૂપીયું+ધૂપસળી, ફાણસ યુક્ત દીપક, અખંડ અક્ષત (ચોખા), રસવંતુ નૈવેદ્ય, ઋતુ પ્રમાણે ઉત્તમ ફળ, વાસચૂર્ણ(ક્ષેપ)રાખવા ચાંદી-પીતળની ડબ્બી અને એક ચાંદીની વાટકી સાથે લેવી.

જિનાલયે પહુંચતા પગ શુદ્ધિ કરી પ્રવેશ કરતા **'પહેલી-નિસ્સીહિ'** બોલવી. પ્રભુજીના મુખદર્શન થતાં **'નમો-જિણાણં'** અડધા કમરેથી નમીને બોલવું. પ્રભુજીનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી હૃદયમાં સ્થાપન કરી ત્રણ પ્રદક્ષિણા આપવી. મૂળનાયક પ્રભુજી સન્મુખ આવતા ભાવવાહી (એકી સંખ્યામાં) સ્તુતિઓ બોલવી.

પ્રભુજીના દર્શન ન થાય તેવા સ્થળે જઈ વાસચૂર્ણ (ક્ષેપ) વાટકીમાં લઈ આઠ-પડવાળો મુખકોશ બાંધવો. પોતાના વસ્ત્રના સ્પર્શથી અશુદ્ધ થયેલી બન્ને હથેળી સ્વચ્છ પાણીથી શુદ્ધ કરી ગભારા પાસે આવવું. બન્ને હાથમાં ફક્ત વાસચૂર્ણની વાટકી અને થાળી લઈને ગભારામાં પ્રવેશ કરતાં **'બીજી નિસ્સીહિ'** બોલવી.

પ્રભુજીના પબાસન થી દૂર અને યથાયોગ્ય આંતરે રહી અંગુઠો + અનામિકા( = પૂજાની આંગળી)ની ચપટીમાં વાસચૂર્ણ લઈ પ્રભુજીને સ્પર્શ કર્યા વગર (પૂજાના વસ્ત્ર હોય તો પણ) અધ્ધરથી બહુમાન ભાવપૂર્વક નવ અંગે ખૂબ શાંતિથી પૂજા કરવી. વાસચૂર્ણ પૂજા કરતા પહેલા કે પછી પ્રભુજીના અંગે ચઢેલ વાસચૂર્ણ (ક્ષેપ) પોતાના હાથે લઈને મસ્તકે નાખવાથી પ્રભુજીની ઘોર આશાતના લાગે.

વાસચૂર્ણ - પૂજા કરી પ્રભુજીને પૂંઠ ન પડે, તેમ ગભારાની બહાર આવીને પુરૂષોએ + બહેનોએ પ્રભુજીની ડાભી તરફ ઉભા રહી ધૂપ પૂજા ધૂપસળી સ્થીર રાખીને કરવી. પછી પુરૂષોએ જમણી અને બહેનોએ ડાબી તરફ ઉભા રહીને દીપક પૂજા કરવી.

પાટલા પર અક્ષત-નૈવેદ્ય-ફુલ પૂજા (તે વિસ્તારપૂર્વક મધ્યાહ્નકાલની પૂજા વિધિમાં જણાવેલ છે) કરવી. ત્રણવાર ભૂમિ પ્રમાર્જના કરી **'ત્રીજી-નિસ્સીહિ'** બોલવી પછી ઈરિયાવહિયં કરીને ચૈત્યવંદન કરીને પચ્ચક્ખાણ લેવું.

જિનાલયથી ઉપાશ્રયે જઈને પૂજ્ય ગુરૂભગવંતોને ગુરવંદન કરી પચ્ચક્ખાણ ગ્રહણ કરવું. ગોચરી-પાણી વહોરવા પધારવા વિનંતિ કરી ગુરૂભગવંતને પૂંઠ ન પડે, તેમ ઉપાશ્રયથી નિર્ગમન કરવું.

(રાઈ-પ્રતિક્રમણ કરતાં પહેલા દેરાસરે ન જવાય. દેરાસરે જઈને આવ્યા પછી રાઈ-પ્રતિક્રમણ ન થાય. પ્રાતઃકાળની પૂજાનો સમય અરૂણોદયથી ૧૨-૦૦ કલાક સુધી)

**(૨) મધ્યાહ્નકાળની પૂજા :** આ ભવના પાપનો નાશ કરે. જિનપૂજા વિધિમાં વિગતવાર વર્ણન સાથે બતાવેલ અષ્ટપ્રકારી પૂજા જાણવી. આ પૂજા મધ્યાહ્નકાળના ભોજન પહેલા પુરિમડ્ઢ પચ્ચક્ખાણની આસપાસ કરવાનું વિધાન છે.

**(3) સાયંકાળની પૂજા :** ૭ ભવના પાપનો નાશ કરે.

સાંજ વાળુ પતાવીને અથવા પાણી ચૂકવીને સ્વચ્છ વસ્ત્ર પહેરવા. એક ચાંદી/પીતળની થાળીમાં ધૂપીયું + ધૂપસળી અને ફાણસ સાથે દીપક લઈને જિનાલયે જવું. **'નિસ્સીહિ'** બોલી પ્રવેશ કરવો. પ્રભુજીના મુખદર્શન થતાં **'નમો જિણાણં'** અર્ધ અવનત થઈ બોલવું. સૂર્યાસ્ત પછી પ્રદક્ષિણા આપવાનું વિધાન નથી. પ્રભુસમક્ષ સ્તુતિઓ બોલવી. **'બીજી-નિસ્સીહિ'** બોલીને પ્રાતઃકાળની પૂજાની જેમ જ ધૂપ પૂજા અને દીપક પૂજા કરવી.

ત્રણવાર ભૂમિપ્રમાર્જના કરી **'ત્રીજી નિસ્સીહિ'** બોલવી. પછી ઈરિયાવહિયં સાથે ચૈત્યવંદન કરીને પચ્ચક્ખાણ લેવું. ઉપાશ્રયે જઈ પૂજ્ય ગુરૂભગવંતોની નિશ્રામાં 'દેવસિઅ-પ્રતિક્રમણ' કરવું. (દેવસિઅ-પ્રતિક્રમણ પહેલા આ પૂજા કરાય. પછી ન કરાય.)



www.jainsite.com For Private & Personal Use Only www.jainsite.com



# જિનપૂજા વિધિ

### જિનપૂજા વિધિ ક્રમાનુસારી
### મધ્યાહ્નકાળ - પૂજા

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

- સ્વાર્થમય સંસારથી છૂટવા નિ:સ્વાર્થ પ્રભુજીના શરણે પહુંચવા મનને ભાવિત કરવું.
- સ્નાન મંત્ર બોલવા પૂર્વક યોગ્ય દિશા સન્મુખ બેસી જયણા પૂર્વક સ્નાન કરવું.
- વસ્ત્રમંત્ર ના ઉચ્ચાર પૂર્વક ધૂપથીવાસિત અતિ સ્વચ્છ વસ્ત્ર, સ્વચ્છ ગરમશાલ પર ઉભા રહી ધારણ કરવાં.
- દ્રવ્યશુદ્ધિમંત્રથી પવિત્રિત ન્યાય સંપન્ન વૈભવથી પ્રાપ્ત અષ્ટ પ્રકારી પૂજાની સામગ્રી નાભિથી ઉપર રહે, તેમ ગ્રહણ કરવી.
- દૂરથી જિનાલયનાં શિખર-ધજા કે અન્ય કોઇ ભાગનાં દર્શન થતાં મસ્તક નમાવી **'નમો જિણાણં'** બોલવું.
- ઈર્યા સમિતિના પાલન પૂર્વક પ્રભુના ગુણોથી ભાવિત હ્રદય સાથે મૌનપૂર્વક જિનાલય તરફ જવું.
- દેરાસરના મુખ્ય પ્રવેશદ્વારે પ્રવેશ કરતાં **પહેલી નિસ્સીહિ** ત્રણ વાર બોલવી.
- મૂળનાયક ભગવાનનાં દર્શન કરી **'નમો જિણાણં'** કહીને સુખડ ઘરમાં આવવું.
- ઓરસીયા-સુખડ-વાટકીઓને ધૂપ થી સુવાસિત કરવા.
- અષ્ટ-પડ-મુખકોશ બાંધ્યા પછી જ કેશર-ચંદન ઘસવા ઓરસીયા નો સ્પર્શ કરવો.
- કેશર-અંબર-કસ્તુરી-ચંદન મિશ્રિત એક વાટકી અને કપૂર-ચંદન ની એક વાટકી ઘસવી.
- તિલક કરવા નાનકડી વાટકી કે સ્વચ્છ હથેલીમાં કેશર મિશ્રિત ચંદન લઈને મસ્તકાદિમાં તિલક કરવું.
- પૂજા માટે ઉપયોગી સઘળીયે સામગ્રી હાથમાં લઈને મૂળનાયક પ્રભુજી સમક્ષ જઈ **'નમો જિણાણં'** બોલવું.
- મૂળનાયક પ્રભુજીની જમણી તરફથી જયણાપૂર્વક સામગ્રી સાથે રાખીને ત્રણ પ્રદક્ષિણા આપવી.
- પ્રભુજી સન્મુખ અર્ધ-અવનત થઈ યોગ-મુદ્રામાં ભાવવાહી સ્તુતિઓ મંદસ્વરે બોલવી.
- પૂજાની સામગ્રી-બન્ને હથેળી અને મુખકોશ વસ્ત્રને ધૂપથી સુવાસિત કરવાં.
- પ્રભુજી ન દેખાય તેવા સ્થાને પૂર્ણ અષ્ટપડ મુખકોશ બાંધી સ્વચ્છ જલથી બન્ને હાથ ધોવા.
- શરીર-વસ્ત્ર કે અન્ય કોઇનો સ્પર્શ ન થાય, તેમ કાળજીપૂર્વક પૂજાની સામગ્રી સાથે ગભારા પાસે આવવું.
- ગભારામાં જમણા પગે પ્રવેશતાં અડધા નમીને **બીજી નિસ્સીહિ** ત્રણ વાર બોલવી.
- મૃદુ-કોમળ હાથે પ્રભુજી પર રહેલાં વાસી પુષ્પ, હાર, મુગટ, કુંડલ, બાજુબંધ, ચાંદીનું ખોખુ આદિ ઉતારવાં.
- છતાં રહી ગયેલ નિર્માલ્યને દૂર કરવા કોમળ હાથે મોરપીંછી ફેરવવી.
- પબાસણમાં એકત્રિત થયેલ નિર્માલ્યને દૂર કરવા સ્વચ્છ-પૂંજણીનો ઉપયોગ કરવો.
- ગભારાના ભૂમિતલને સાફ કરવા લોખંડના તારવગરની સાવરણી (ઝાડું) નો ઉપયોગ જયણાપૂર્વક કરવો.
- શુદ્ધ-પાણીની કુંડીમાંથી કળશ ભરીને ચંદનાદિ ભીનું કરવું, પછી ભીના પોતાથી કેશર દૂર કરવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

- વિશેષ શુદ્ધિ માટે અને વાસીચંદન દૂર કરવા માટે ખૂબ કોમળતાથી જરુર જણાય તો વાળા-કુંચી નો ઉપયોગ કરવો.
- ગભારાની બહાર જઈ જયણા પૂર્વક અસ્વચ્છ થયેલ બન્ને હાથ ને સ્વચ્છ કરી ધૂપથી સુવાસિત કરવા.
- પંચામૃતને સુવાસિત કરી કળશમાં ભરીને મૌન પૂર્વક મસ્તકથી પક્ષાલ કરવો.
- શુદ્ધ પાણીને પણ સુવાસિત કરી કળશમાં ભરીને મૌનપૂર્વક મસ્તકથી પક્ષાલ કરવો.
- અંગ-લૂંછણાં કરનાર મહાનુભાવે શુદ્ધપાણી થી પક્ષાલ કરતી વખતે પ્રભુજીને સર્વાંગે કોમળતાથી સ્પર્શ કરવો.
- શરીર-વસ્ત્ર-પબાસણ-નખ-પસીનો આદિના સ્પર્શ વગર અંગલૂંછણાં કોમળતાથી કરવાં.
- કપૂર-ચંદન મિશ્રિત વાટકીમાંથી પાંચેય આંગળીયે પ્રભુજીના અંગોમાં ચંદનપૂજા મૌનપૂર્વક કરવી.
- સુયોગ્ય-સ્વચ્છ વસ્ત્રથી પ્રભુજીના સર્વાંગને ખૂબ કોમળતાથી વિલેપનપૂજા કર્યા પછી લૂંછવા.
- મૌનપૂર્વક મનમાં દુહા ભાવતાં કેશર-અંબર-કસ્તુરી મિશ્રિત ચંદનથી પ્રભુજીને નવ- અંગે પૂજા કરવી.
- શુદ્ધ-અખંડ-સુવાસિત પુષ્પો-પુષ્પમાળા મૌનપૂર્વક મનમાં મંત્રોચ્ચાર કરી પુષ્પપૂજા કરવી.
- દશાંગ આદિ ઉત્તમદ્રવ્યો દ્વારા ભાઈઓ-બહેનોએ ગભારાની બહાર ડાબી તરફ મંત્રોચ્ચારપૂર્વક ધૂપ- પૂજા કરવી.
- શુદ્ધ ઘી અને સુતરાઉ રૂ દ્વારા ભાઈઓએ જમણે અને બહેનોએ ડાબે ઉભા રહી મંત્ર-દુહા સાથે દીપક પૂજા કરવી.
- નૃત્ય સાથે ચામર પૂજા, શુભભાવે દર્પણપૂજા, દર્પણમાં પ્રભુજીનાં દર્શન થતાં પંખો વિંઝવો.
- શુદ્ધ-અખંડ અક્ષત દ્વારા અષ્ટમંગલ / નંદાવર્ત / સ્વસ્તિકનું આલેખન મંત્ર-દુહા બોલવા સાથે કરવું.
- દર્શન-જ્ઞાન-ચારિત્રની ઢગલી અને ઉપર સિદ્ધશિલાનું આલેખન અક્ષત (ચોખા) થી કરવું.
- રસવંતી મીઠાઈઓનો થાળ મંત્ર-દુહા બોલવા સાથે સ્વસ્તિક ઉપર નૈવેદ્ય ચઢાવવો.
- ઉત્તમફળો (ઋતુપ્રમાણેના) નો થાળ દુહા-મંત્ર પૂર્વક સિદ્ધશિલા ઉપર ફળ ચઢાવવું.
- અંગપૂજા અને અગ્રપૂજાના સમાપન સ્વરુપ **ત્રીજી નિસ્સીહિ** ત્રણવાર બોલવી. ભાવપૂજામાં પ્રવેશ કરવો.
- એક ખમાસમણ આપી ઈરિયાવહિયં...થી લોગસ્સ સુધી કરી ત્રણ ખમાસમણાં આપવાં.
- યોગમુદ્રામાં ભાવવાહી ચૈત્યવંદન કરતાં પ્રભુજીની ત્રણ અવસ્થાનું ભાવન કરવું.
- શાસ્ત્રીય રાગો મુજબ પ્રભુગુણગાન-સ્વદોષગર્ભિત વાતો સ્તવન દ્વારા પ્રગટ કરવી. ચૈત્યવંદન પછી પચ્ચક્ખાણ કરવું.
- પાછળ-ધીમા પગે પ્રભુજીને પોતાની પૂંઠ ન દેખાય તેમ બહાર નિકળતાં ઘંટનાદ કરવો.
- દહેરાસરના ઓટલે પ્રભુજીની ભક્તિના આનંદને મમળાવવું.
- પ્રભુજીની ભક્તિનો આનંદ અને પ્રભુજીના વિરહનો વિષાદ સાથે રાખી જયણાપૂર્વક ઘર તરફ પ્રયાણ કરવું.
- પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો અને પૌષધાર્થી ભાઈઓ-બહેનોએ જ નિકળતાં 'આવસ્સહિ' બોલવું.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## દેરાસરમાં લઈ જવાની સામગ્રી

❖ સોના-ચાંદી-પીતળ કે સુખડની ડબ્બી ❖ સુવર્ણ-રજત કે પીત્તળની થાળી ❖ ત્રણ કળશ ઉપરથી ઢાંકેલા, વૃષભાકારે એક કળશ ❖ શુદ્ધ સુખડ ❖ શુદ્ધ કેસર-કપૂર (બરાસ)-અંબર-કસ્તુરી ❖ ગાયનું દૂધ ❖ કુવાનું અથવા વરસાદનું નિર્મળ પાણી ❖ પંચામૃત ન્હવણ માટે 'ગાયનું ઘી-દૂધ-દહી, સાકર-પાણી' ❖ સુગંધિત ફુલની છાબડી ❖ સોના-ચાંદીના વરખ-બાદલુ ❖ શુદ્ધ રેશમના પાકા રંગના દોરા/લચ્છી ❖ સુવાસિત ધૂપ ❖ ગાયનું ઘી અને સુતરાઉ રૂ ની તાજી દીવેટનો દીવો ફાણસ સાથે ❖ બે સુંદર ચામર ❖ આરીસો ❖ પંખો ❖ અખંડ ચોખા ❖ રસવંતુ નૈવેદ્ય ❖ ઋતુ પ્રમાણેનાં સુયોગ્ય ઉત્તમફળ ❖ ત્રણ અંગલૂછણાં ❖ એક પાટલૂંછણું ❖ પ્રભુજીને પધરાવવા સુયોગ્ય થાળી ❖ સોના-ચાંદીના સિક્કા અથવા રુપીયા ❖ સુરમ્ય ઘંટ ❖ ગંભીરસ્વર યુક્ત શંખ ❖ પીતળ-ચાંદીની ડબ્બીમાં ઘી-દુધ-પાણી (પગ ધોવા માટે પીત્તળના લોટામાં પાણી) તે સિવાય પરમાત્માની ભક્તિમાં ઉપયોગી પ્લાસ્ટીક-લોઢું-એલ્યુમીનીયમ સિવાયની સામગ્રીમાં લઈ જવી. **પ્રભુભક્તિનાં સાધનોનો ઉપયોગ પોતાના માટે કરવાથી દેવદ્રવ્યના ભક્ષણનો મહાન દોષ લાગે છે. શક્ય હોય તો બટવાનો ત્યાગ કરવો.**

## અધમકક્ષાની વસ્તુ
## પ્રભુજી સમક્ષ ન લઈ જવાય

બિસ્કીટ, પીપરમીંટ, ચોકલેટ, અભક્ષ્ય મીઠાઈ, જાંબુ, બોર જેવા અભક્ષ્ય ફળો, સુગંધ વગરના અથવા ખંડિત ફુલો, પાન મસાલા, વ્યસન ઉત્તેજક-વસ્તુ, દવા-ઔષધ-ટીપા-પૂજામાં ઉપયોગી ન હોય તેવી ખાવા-પીવાની કે શરીરને સજાવવાની (Cosmatic Items) સામગ્રી કે અન્ય તુચ્છ સામગ્રી દેરાસરમાં ન લઈ જવાય. ફુક્કા લઈ જવાથી અવિનયનો દોષ લાગે. ભૂલથી દેરાસર લઈ ગયા હોય, તો તે વસ્તુને પોતાના ઉપયોગમાં લેતાં પહેલા પૂ. ગુરુ ભગવંતની પાસે આલોચના લેવી જોઈએ. **દેરાસરમાં પ્રભુજીની સેવા-પૂજા-દર્શન કરવા જતી વખતે પાંચ પ્રકારનો અભિગમ (વિનય) સાચવવો જોઈએ અને દશત્રિકનું પાલન કરવું જોઈએ.**



info@jainsite.com



## પાંચ પ્રકારનો અભિગમ (વિનય)

૧. **સચિત્ત ત્યાગ** : પ્રભુભક્તિમાં ઉપયોગમાં ન આવે, તેવી ખાવા-પીવા આદિ સચિત્ત વસ્તુઓનો ત્યાગ.
૨. **અચિત્ત અત્યાગ** : નિર્જીવવસ્ત્ર-અલંકાર આદિ અને પ્રભુ ભક્તિમાં ઉપયોગી વસ્તુઓનો ત્યાગ ન કરવો.
૩. **ઉત્તરાસન** : બન્ને છેડા સહિતનું એક પડવાળો સુયોગ્ય-સ્વચ્છ ખેસ ધારણ કરવો.
૪. **અંજલિ** : પ્રભુજીના મુખના દર્શન થતાં બે હાથ મસ્તકે જોડીને અંજલિ કરવી.
૫. **એકાગ્રતા** : મનની એકાગ્રતા જાળવવી (મન એકાગ્ર હોય ત્યારે વચન-કાયા એકાગ્ર થઈ જ જાય).

## દશ-ત્રિક = (દશ પ્રકારે ત્રણ-ત્રણ વસ્તુઓનું પાલન)



૧. **નિસીહિ ત્રિક :** **પહેલીનિસીહિ** : દેરાસરનાં મુખ્ય દરવાજામાં પ્રવેશ વખતે સંસાર ના ત્યાગસ્વરુપ.
**બીજી નિસીહિ** : ગભારામાં પ્રવેશ કરતી વખતે જિનાલય સંબંધિત ચિંતાના ત્યાગસ્વરુપ.
**ત્રીજી નિસીહિ** : ચૈત્યવંદન શરુ કરતાં પૂર્વે અંગ-અગ્રપૂજા સ્વરુપ દ્રવ્યપૂજાના ત્યાગસ્વરુપ.

૨. **પ્રદક્ષિણા ત્રિક :** પ્રભુજીનાં દર્શન પૂજન કરતાં પહેલાં સંપૂર્ણ જિનાલયને / મૂળનાયકપ્રભુજીને / ત્રિગડામાં પધરાવેલા પ્રભુજીને સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ માટે **'કાળ અનાદિ અનંત થી...'** દુહા બોલવા પૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપવી તે



૩. **પ્રણામત્રિક :**
**(૧) અંજલિ બદ્ધ પ્રણામ** : જિનાલયનાં શિખરનાં દર્શન થતાં બન્ને હાથ જોડી કપાળે લગાડવા તે.
**(૨) અર્ધઅવનત પ્રણામ** : ગભારા પાસે પહુચતાં બે હાથ જોડી કપાળે લગાડીને અડધા નમી જવું તે.
**(૩) પંચાંગ-પ્રણિપાત પ્રણામ** : ખમાસમણ આપતી વખતે પાંચેય અંગોને વિધિમુજબ નમાવવા તે.

૪. **પૂજા ત્રિક :**
**(૧) અંગ પૂજા** : પ્રભુજીને સ્પર્શીને થતી પક્ષાલ-ચંદન-કેસર-પુષ્પ પૂજા તે.
**(૨) અગ્ર પૂજા** : પ્રભુજીની આગળ રહીને થતી ધૂપ-દીપ-ચામર-દર્પણ-પંખો-અક્ષત-નૈવેદ્ય-ફળ-પૂજા.
**(૩) ભાવ પૂજા** : પ્રભુજીની સ્તવના સ્વરુપ ચૈત્યવંદન કરવું તે.



• **નોંધ :** અન્ય રીતિએ પણ પૂજા ત્રિક થાય છે.
**(૧) પાંચ પ્રકારી પૂજા** : ચંદન, પુષ્પ, ધૂપ, દીપ અને અક્ષત પૂજા.
**(૨) અષ્ટ પ્રકારી પૂજા** : ન્હવણ-ચંદન-પુષ્પ-ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય અને ફળ પૂજા.
**(૩) સર્વ પ્રકારી પૂજા** : ઉત્તમદ્રવ્ય દ્વારા પ્રભુજીની વિશિષ્ટ ભક્તિ કરવી તે.

૫. **અવસ્થા ત્રિક :**
**(૧) પિંડસ્થ-અવસ્થા** : પ્રભુજીને સમક્તિ પ્રાપ્તિ થી લઈને અંતિમભવે યુવરાજપદ સુધી અવસ્થાનું ભાવન કરવું.
**(૨) પદસ્થ-અવસ્થા** : પ્રભુજીના અંતિમભવમાં રાજ્યાવસ્થાથી કેવલી અવસ્થાનું ભાવન કરવું.
**(૩) રુપાતિત અવસ્થા** : પ્રભુજીને અષ્ટકર્મનાશ દ્વારા પ્રાપ્ત થયેલ સિદ્ધાવસ્થાનું ભાવન કરવું.

• **નોંધ :** પક્ષાલ આદિ દ્રવ્ય પૂજા-ભાવ પૂજા કરતા અવસ્થાનું ભાવન કરવું.
**(૧) જન્મ-અવસ્થા** : પક્ષાલ.
**(૨) રાજ્ય-અવસ્થા** : ચંદન-પુષ્પ-અલંકાર-આંગી.
(૩) **શ્રમણ-અવસ્થા** : કેશ રહિત મસ્તક-મુખ જોઈને ભાવવી અને આઠ પ્રાતિહાર્ય દ્વારા પ્રભુજીની **કેવલી અવસ્થા** ભાવવી અને પ્રભુજીને પર્યંકાસને-કાઉસ્સગ્ગમુદ્રામાં જોતાં **સિદ્ધાવસ્થા-ભાવવી.**

JAINSITE.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. **ત્રણ દિશા નિરીક્ષણ ત્યાગ સ્વરુપ દિશીત્યાગ ત્રિક :** પ્રભુજીની સન્મુખ સિવાય પોતાની પાછળ, જમણી અને ડાબી તરફની ત્રણે દિશાને જોવાનું ત્યાગ કરવું તે.

૭. **પ્રમાર્જના ત્રિક :** પ્રભુજીની ભાવપૂજા સ્વરુપ ચૈત્યવંદન શરુ કરતાં પહેલાં ભૂમિનું ત્રણ વખત પ્રમાર્જન કરવું તે.

૮. **આલંબન-ત્રિક :**
- **(૧) સૂત્ર(વર્ણ) આલંબન** : અક્ષરો પદ-સંપદા વ્યવસ્થિત બોલવાં તે.
- **(૨) અર્થ-આલંબન** : સૂત્રોના અર્થ હૃદયમાં વિચારવા તે.
- **(૩) પ્રતિમા-આલંબન** : જિન પ્રતિમા અથવા ભાવ અરિહંતના સ્વરુપનું આલંબન કરવું.

૯. **મુદ્રા ત્રિક :**
- **(૧) યોગમુદ્રા** : અંદરો અંદર આંગળીઓ જોડવી તે.
- **(૨) જિનમુદ્રા** : કાયોત્સર્ગની આકૃતિ તે.
- **(૩) મુક્તાશુક્તિ મુદ્રા** : મોતીની છીપના જેવી આકૃતિ કરવી તે.

૧૦. **પ્રણિધાન-ત્રિક :**
- **(૧) ચૈત્યવંદન-પ્રણિધાન** : **'જાવંતિ ચેઈઆઇં'** સૂત્રદ્વારા ચૈત્યોની સ્તવના કરવી તે.
- **(૨) મુનિવંદન-પ્રણિધાન** : **'જાવંત કે વિ સાહૂ'** સૂત્ર દ્વારા મુનિભગવંતો ને વંદના કરવી તે.
- **(૩) પ્રભુ પ્રાર્થના - પ્રણિધાન** : **'જય વીયરાય'** સૂત્ર દ્વારા પ્રભુજીને પ્રાર્થના કરવી તે.

● નોંધ : **મનની સ્થિરતા**, **વચનની સ્થિરતા** અને **કાયાની સ્થિરતા** સ્વરુપ **ત્રણ પ્રણિધાન** પણ કહેવાય છે.



સ્નાન વિધિ

## સ્નાન કરવાની વિધિ

જૈન સાઈટ JAINSITE .com જનમ જયતિ શાસનમ

સુગંધિત તેલ અને આમળા પ્રમુખ ચૂર્ણ આદિને ભેગું કરીને વિધિપૂર્વક તૈલમર્દન (માલીસ) આદિ પ્રક્રિયા કરીને સ્વસ્થ બનવું. પછી પૂર્વદિશા સન્મુખ બેસીને પોતાની નીચે પીત્તળ આદિની કથરોટ (થાળો) રાખીને બન્ને હથેળીને ખોબાની જેમ રાખી સ્નાન મંત્ર બોલવો કે **'ૐ અમલે વિમલે સર્વતીર્થજલે પાઁ પાઁ વાઁ વાઁ અશુચિઃ શુચીર્ભવામિ સ્વાહા...'** ખોબામાં સર્વતીર્થોનું પાણી છે, એવો વિચાર કરી લલાટથી માંડી પગના તળીયા સુધી સ્નાન કરું છું, એવો વિચાર કરવો. આ ક્રિયા ફક્ત એક જ વાર કરવી. પછી થોડા - સ્વચ્છ-સુગંધિત દ્રવ્યોથી મિશ્રિત નિર્મળ સચિત જલથી સ્નાન કરવું. સ્નાનમાં વપરાયેલ પાણી ગટર આદિમાં ન જવું જોઈએ. સ્નાન કર્યા પછી અતિસ્વચ્છ ટુવાલથી શરીર લૂંછવું. (મૂળ વિધિ અનુસાર સ્નાન પછી શરીર લૂંછવાની વિધિ નથી, ફક્ત પાણી નિતારવાનું હોય છે).

## પૂજાનાં કપડાં પહેરતી વખતે રાખવા યોગ્ય સાવધાની

- દશાંગાદિ ધૂપથી સુવાસિત શુદ્ધ રેશમનાં પૂજાના વસ્ત્રો સ્વચ્છ ગરમશાલ ઉપર ઉભા રહીને પહેરવાં જોઈએ.
- ધોતીયું પહેરતી વખતે ગાંઠ ન મારવી જોઈએ. સુયોગ્ય ભાગ્યશાળી પાસે શિખી લેવું.
- ધોતીયામાં આગળ-પાછળ પાટલી વ્યવસ્થિત કરવી અને અધોઅંગ (કમરની નીચેનો ભાગ) પૂર્ણ ઢંકાય તેમ પહેરવું.
- ધોતીયા ઉપર સુવર્ણ - ચાંદી કે પીત્તળ-ત્રાબાંનો નકશી કામવાળો કંદોરો અવશ્ય પહેરવો.
- ખેસના બન્ને છેડામાં પ્રમાર્જનામાં ઉપયોગી રેશમી દોરાની દશીઓ જરુર રાખવી.
- ખેસ પહેરતી વખતે જમણો ખભો ખુલ્લો રાખવો પણ બહેનોની જેમ બન્ને ખભા ન ઢાંકવા.
- ખેસ લંબાઈ- પહોળાઈમાં સુયોગ્ય મોટો અને અષ્ટપડ મુખકોશ બંધાય, તેવો રાખવો.
- વૈભવ અનુસાર દશેય આંગળીઓ મુદ્રિકા (વીંટી)થી અલંકૃત કરવી. તેમાં અનામિકા તો કરવી જ.
- વીરવલય-બાજુબંધ-નવશેર સોનાનો હાર, મુગટ આદિ અલંકારો પહેરવાં.
- સ્ત્રીઓએ પણ સોળે શણગારે સજીને રુમાલ સહિત ચાર વસ્ત્ર પહેરીને પ્રભુ પાસે આવવું.
- સ્ત્રીઓએ સુયોગ્ય આર્ય મર્યાદાને શોભે, તેવા વસ્ત્રો પહેરવાં. મસ્તક હંમેશાં ઢાંકેલું રાખવું.
- સ્ત્રીઓએ પૂજાનો રુમાલ નાનો રાખવાના બદલે સ્કાર્ફ જેવડો મોટો ચોરસ રૂમાલ રાખવો.
- પુરુષોએ પૂજામાં સિલાઈ વગરનાં-અખંડ-અતિસ્વચ્છ - નિર્મળ બે જ વસ્ત્ર વાપરવાં.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ગાંઠ માર્યા વગર
ધોતીયું આમ પહેરાય



કંદોરો બાંધવો
જરૂરી

- પૂજાનાં વસ્ત્ર થી નાક, પસીનો, મેલ આદિ અશુચિ સાફ કરવાનું કામ ન કરાય.
- પૂજાનાં વસ્ત્રો ફક્ત પૂજા માટે વપરાય, સામાયિક આદિ માટે ન વપરાય.
- પૂજાનાં વસ્ત્રો રોજે રોજ સ્વચ્છ નિર્મળ પાણીથી ધોવા જોઈએ. ધોયા વગર બીજા દિવસે ન પહેરાય.
- પૂજાના વસ્ત્રોમાં કાંઈ પણ ખવાય કે પીવાય નહિ અને અશુચિકર્મ લઘુનીતિ આદિ પણ ન કરાય. થઈ જાય તો પૂજામાં ન પહેરાય.



આગળ તરફ આ
પ્રમાણે પહેરવા



પાછળ તરફ આ
પ્રમાણે પહેરવા

- પૂજાનાં વસ્ત્ર પોતાનાં જ વાપરવાનો આગ્રહ રાખવો. સંસ્થાનાં વાપરવાં પડે તો ઉપયોગ કરી યોગ્ય સ્થાને મૂકવાં.
- પુરુષો માટે લેંગો-ઝભ્ભો, ગંજી,-શાલ-સ્વેટર પેન્ટ-શર્ટ, ટીશર્ટ આદિ કપડા પૂજામાં ન ચાલે.
- શિયાળા કે ઠંડીના દિવસોમાં સીવેલાં વસ્ત્ર પહેરવાને બદલે પૂજા માટેની અલગ ગરમસાલ રાખવી. તે ગભારામાં જતાં પહેલા કાઢી નાખવી.
- ઘરેથી સ્નાન કરી ચાલુ ધોયેલાં વસ્ત્ર પહેરી દહેરાસરે આવી ફરીવાર સ્નાન કર્યા વગર પૂજાનાં કપડા પહેરી પૂજા કરવાથી આશાતના લાગે.
- પૂજા કરવા જતી વખતે ઘડિયાળ-ચાવી-ટોકન આદિ કાંઈ પણ સાથે ન રખાય.
- કર્મવશના કારણે મોબાઈલ આદિ દર્શન કરવા જતાં રાખવો જ પડે, તો સ્વીચ ઓફ કરવાનું ભૂલવું નહિ.
- પૂજાનાં વસ્ત્ર અનેક લાભોનું કારણ હોવાથી શુદ્ધ ૧૦૦% શીલ્ક (રેશમ)નાં જ વાપરવાં. પૂજાનાં વસ્ત્ર પહેરતાં પહેલા 'ૐ હ્રીં આઁ ક્રૌં નમઃ' આ મંત્ર બોલી વસ્ત્રો પર હાથ ફેરવવો. પછી વિધિ મુજબ પહેરવા.

JAINSITE
જનમ્ જયતિ શાસનમ્

- પોતાના ઘરેથી લાવેલા લોટાના પાણીથી ખુલ્લી જગ્યાએ પગ ધોવા.
- સંસ્થામાં રાખેલ પાણીથી પગ ધોતાં પહેલા 'જમીન જીવજંતુ રહિત છે કે નહિ...' તેની ચોક્કસાઈ કરવી. ગાળેલું પાણી જ વાપરવું. વાસણ ઢાંકેલું રાખવું.
- પગ ધોતી વખતે એક-બીજા પગના પંજાને પરસ-પરસ ક્યારેય ન કરવા, તેમ કરવાથી પોતાનો અપયશ ફેલાય.
- ધોવાયેલ પાણી ગટર- નીલ-નિગોદ આદિમાં ન જાય, તેની પૂર્ણ કાળજી રાખવી.



જયણાપૂર્વક જિનાલય
તરફ ગમન



જયણાપૂર્વક પગ
શુદ્ધીકરણ

- થોડાક જ પાણીનો ખૂબ સાવધાની પૂર્વક ઉપયોગ કરવો.
- જયણાપૂર્વક કરાયેલી સઘળીયે ક્રિયા કર્મ-નિર્જરામાં સહાયક બનતી હોય છે.
- પોતાના વૈભવ અને મોભા અનુસાર આડંબર પૂર્વક ઋદ્ધિ સાથે સુયોગ્ય નયનરમ્ય પૂજાની સામગ્રી લઈને જ દહેરાસરે જવું.
- દર્શન કરવા જનારે પણ સુયોગ્ય સામગ્રી સાથે રાખવી.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દેરાસરમાં પ્રવેશતી વખતે વિધિ



નમ્રતા સાથે જિનાલયમાં પ્રવેશ


- પૂજાની સામગ્રી સાથે પ્રભુજીની દૃષ્ટિ પડતાં જ માથુનમાવી બે હાથ જોડીને **'નમો જિણાણં'** નો ઉચ્ચાર મંદસ્વરે કરવો.
- વિદ્યાર્થીએ દફતર, ઓફિસ જનારે પાકીટ - સૂટકેશ-થેલો અને અન્ય કોઈ પણ દર્શનાર્થીએ ખાવા-પીવા-શણગાર આદિની સામગ્રીનો દેરાસર બહાર ત્યાગ કરીને પ્રવેશ કરવો.

## પહેલી નિસીહિ બોલતી વખતે વિધિ



'પહેલી નિસીહિ' રંગમંડપમાં પ્રવેશ કરતી વખતે

- દેરાસરના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર **નિસીહિ** ત્રણવાર બોલી પ્રવેશ કરવો.
- **'પહેલી - નિસીહિ'** બોલવાથી સંસારની તમામ વસ્તુઓનો મન-વચન-કાયાથી ત્યાગ થતો હોય છે.
- દેરાસર સંબંધિત કોઈ પણ સૂચન અને જાતે સફાઈ કામ આદિ કરવાની છૂટ હોય છે.
- અધિકૃત વ્યક્તિ સૂચન કરે, તે યોગ્ય કહેવાય. આરાધકવર્ગ ખૂબ કોમળતા - મીઠાશ સાથે સૂચન કરી શકે.
- દેરાસરની શુદ્ધિ-રક્ષણ-પોષણ-પાલનનું કાર્ય જાતે કરવાથી અનંતગણો ફળ મળે છે.
- એકવાર ઘંટનાદ પ્રવેશ કરતા કરવો.




જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

### પ્રદક્ષિણાના દુહા

કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણનો નહિ પાર;
તે ભવ ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર. ૧
ભમતીમાં ભમતા થકાં, ભવ ભાવઠ દૂર પલાય;
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય. ૨
જન્મ-મરણાદિ સવિ ભય ટળે, સીઝે જો દર્શન કાજ;
રત્નત્રયી પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ. ૩
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમસુખ હેત;
જ્ઞાન વિના ગજ જીવડા, ન લહે તત્ત્વ સંકેત. ૪
ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ;
ચારિત્ર નિર્યુક્તિએ કહ્યુ, વંદો તે ગુણ ગેહ. ૫
દર્શન - જ્ઞાન - ચારિત્ર એ, રત્નત્રયી શિવદ્વાર;
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુ:ખ ભંજનહાર. ૬

- પ્રદક્ષિણા બાદ ભાવવાહી સ્તુતિઓ મંદસ્વરે બોલવી.

## પ્રદક્ષિણા આપતી વખતે રાખવા યોગ્ય કાળજી



જયણા પૂર્વક પ્રદક્ષિણાત્રિક

- મૂળનાયક પ્રભુજીની જમણી બાજુથી (આપનારની ડાબી બાજુથી) ઈર્યાસમિતિના પાલન પૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપવી.
- શક્ય હોય તો દહેરાસરના પૂર્ણપરિસરને અથવા મૂળનાયક પ્રભુજીને અથવા ત્રિગડામાં બિરાજમાન પ્રભુજીને પ્રદક્ષિણા આપવી.
- શત્રુંજય તીર્થના દુહા બોલવાના બદલે 'કાલ અનાદિ અનંતથી...' દુહાઓ ત્રણ પ્રદક્ષિણામાં બોલવા.

- દુહા મંદસ્વરે ગંભીર અવાજે એકલયમાં 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર'ની પ્રાપ્તિ માટે બોલવા.
- પ્રદક્ષિણા આપતી વખતે કપડાં સરખાં કરવાં, આડુ-અવળુ જોવું, ઈત્યાદિ કરવાથી આશાતના લાગે.
- પૂજાની સામગ્રી સાથે રાખીને ખૂબ કાળજી પૂર્વક જયણાનું પાલન કરવા સાથે પ્રદક્ષિણા આપવી.
- પ્રદક્ષિણા ન આપવી અથવા એકજ આપવી અથવા અધુરી આપવી અથવા પૂજા કર્યા પછી આપવી, તે અવિધિ કહેવાય.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



આઠ પડવાળો
મુખકોશ આમ
તૈયાર કરાય

મુખ-કોશ
આવી રીતે
બંધાય

## અષ્ટપડમુખકોશ બાંધવાની વિધિ

- પ્રભુજીની દૃષ્ટિ ન પડે, તેવી જગ્યાએ ઉભા રહીને પૂર્ણતયા આઠ પડ થાય, તેમ મુખકોશ બાંધવો, પછી પાણીથી હાથ શુદ્ધ કરવા.
- પુરુષોએ ખેસથી જ મુખકોશ બાંધવો અને બહેનોએ પણ પૂર્ણ લંબાઈ-પહોળાઈ સાથે ચોરસ સ્કાર્ફના રુમાલથી અષ્ટપડ મુખકોશ બાંધવો.
- મુખકોશના આઠ પડથી બન્ને નાસિકા (નાક) અને બન્ને હોઠ સંપૂર્ણપણે ઢંકાઈ જાય, તેમ જ બાંધવો.
- મુખકોશ વ્યવસ્થિત બાંધ્યા પછી વારંવાર મુખકોશ નો સ્પર્શ, ઉંચો-નીચો કરવો, તે આશાતના છે.
- ખેસ અથવા રુમાલ ફક્ત એક હાથે મોઢા ઉપર ઢાંકીને કેસરપૂજા કે પુષ્પપૂજા કે પ્રભુજીનો સ્પર્શ કરવાથી આશાતના લાગે.
- મુખકોશ બાંધીને જ ચંદન ઘસાય, પૂજા કરાય, આંગી કરાય અને પ્રભુજીના ખોખા-મુગટ આદિ પર પણ આંગી કરી શકાય.
- મુખકોશ બાંધ્યા પછી મૌન ધારણ કરવું જોઈએ. દુહા આદિ પણ મન માં ભાવવા જોઈએ. ઉચ્ચાર ન કરાય.

## 'ભાવવાહી સ્તુતિઓ'

- દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,
  દર્શનં સ્વર્ગ-સોપાનં, દર્શનં મોક્ષ-સાધનમ્. ૧.
- જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
  પણ એક શ્રદ્ધા દિલ મહિ, કે નાથ સમ કો છે નહિ;
  જેના સહારે ક્રોડો તરીયા, મુક્તિ મુજ નિશ્ચય સહી,
  એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૨.
- સંસાર ઘોર અપાર છે, તેમાં ડૂબેલાં ભવ્યને,
  હે તારનારા નાથ ! શું ભૂલી ગયા નિજ ભક્ત ને;
  મારે શરણ છે આપનું, નવિ ચાહતો હું અન્યને,
  તો પણ પ્રભુ મને તારવામાં, ઢીલ કરો શા કારણે? ૩.
- જે દ્રષ્ટિ પ્રભુ દરિશણ કરે, તે દ્રષ્ટિને પણ ધન્ય છે,
  જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
  પીવે મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે,
  તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે. ૪.
- સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો'ક ક્ષણે,
  હે જગતબંધુ ! ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિ પણે;
  જનમ્યો પ્રભુ તે કારણે, દુ:ખ પાત્ર આ સંસારમાં,
  આ ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્ય આચારમાં. ૫.

જૈન સાઈટ
JAINSITE.com
જયતુ જૈનમ્ જયતિ શાસનમ્

## ચંદન ઘસતી વખતે રાખવા યોગ્ય કાળજી



- કપુર-કેશર-અંબર-કસ્તુરી આદિ ઘસવા યોગ્ય દ્રવ્ય કોરા હાથે સ્વચ્છ-વાટકીમાં કાઢી લેવા. સુખડ પણ પાણીથી સ્વચ્છ કરવો.
- મુખકોશ બાંધ્યા પછી ઓરસીયા નો સ્પર્શ કરવો. શુદ્ધ જલ એક સ્વચ્છ વાટકીમાં ગ્રહણ કરવું.
- ઓરસીયો સ્વચ્છ થાય પછી કપૂર (બરાસ) + પાણી મિશ્રિત કરીને સુખડ ઓરસીયા પર ઘસવું અને ઘસાયેલું ચંદન એક વાટકીમાં લઈ લેવું..
- પછી કેશર આદિ +પાણી મિશ્રણ કરીને સુખડ ઘસવું અને તૈયાર થયેલ કેશર ને સ્વચ્છ હથેળીના સહારે વાટકીમાં લેવું.
- કેશર-ચંદન વાટકીમાં લેતી વખતે અને ઘસતી વખતે શરીરનો પસીનો - નખ અડવાં ન જોઈએ અને પોતાના તિલક માટે અલગ વાટકીમાં કેશર ઘસેલું ગ્રહણ કરવું.
- કેશર આદિ ઘસતી વખતે અને ઓરસીયાની આસપાસ રહેતી વખતે સંપૂર્ણ મૌન ધારણ કરવું.
- પ્રભુજીની ભક્તિ સિવાય શારીરિક રોગ-ઉપશાન્તિ કે સાંસારિક કાર્ય માટે ચંદનાદિ ઘસવાથી દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે.



ચંદન-કેશર ઘસતાં આમ કરવું


www.jainsite.com



## તિલક કરવાની વિધિ

- પુરુષોએ દીવાની જ્યોત અને બહેનો એ ● ગોળ આકારે તિલક કરવો.
- પ્રભુજીની દૃષ્ટિ ન પડે તેવા સ્થળે પદ્માસને/ઉભા રહીને બે ભ્રમરના મધ્યસ્થાનમાં તિલક કરવું.
- પુરુષોએ બે કાન, ગળા પર, હૃદય પર અને નાભિ પર પણ તિલક કરવું, પરન્તુ બહેનો એ કંઠ સુધી.
- તિલક કરતાં પૂર્વે 'ૐ આઁ હ્રીઁ ક્લીઁ અર્હતે નમઃ' મંત્ર સાતવાર બોલી કેશરને મંત્રિત કરવું.
- 'હું ભગવાનની આજ્ઞા શિરોધારણ કરું છું'. આવી ભાવના રાખવા પૂર્વક કપાળે 'આજ્ઞા-ચક્ર' ના સ્થાને તિલક કરવું.

કપાળ-
કાન-
ગળા-
હૃદય-
નાભિ પર
તિલક



## અભિષેક માટે કળશ તૈયારીની વિધિ

- ગાયનું દૂધ =૫૦% નિર્મળ પાણી =૨૫ %, દહી ૧૦%, સાકર=૧૦%, અને ગાયનું ઘી =૫%=૧૦૦% પંચામૃત.
- પક્ષાલ માટે પંચામૃત મુખકોશ બાંધીને જાતે મૌનપૂર્વક તૈયાર કરવું.
- કુવો-વાવડી-વરસાદનું પાણી ગાળીને સ્વચ્છ વાપરવું. પણ નળનું કે ગાળ્યા વગરનું પાણી ન વાપરવું.
- ફક્ત દૂધનો જ પક્ષાલ કરવાનો હોય ત્યારે દૂધમાં એક ચમચી જ પાણી ઉમેરી તૈયાર કરાય.
- પંચામૃત કે શેરડીના રસ (અખાત્રીજ)નો પક્ષાલ કર્યા પછી ચીકાશ સંપૂર્ણતયા સાફ થાય, તેમ કરવું.
- પક્ષાલ માટે તૈયાર કરેલ કળશ, વાટકા આદિ ઢાંકીને જ રાખવાનો આગ્રહ રાખવો.
- પક્ષાલમાં થૂંક-પરસેવો-શ્લેષ્મ આદિ ન પડે, તેની ખાસ કાળજી રાખવી.



શુદ્ધ જલ અભિષેક માટે આમ ગ્રહણ કરાય



અભિષેક માટે પંચામૃત તૈયાર આમ કરાયે



जैन साईट JAINSITE .com जयतु जयति शासनम्

## ગભરામાં પ્રવેશ સમયની વિધિ

- ગભારામાં પ્રવેશ કરતાં પૂર્વે દેરાસર સંબંધિત કાર્યના ત્યાગ સ્વરુપ **બીજી નિસીહિ** ત્રણ વાર અવશ્ય બોલવી.
- અંગપૂજામાં ઉપયોગી સામગ્રી જ સાથે રાખવી. બટવો-ડબ્બી-બગલ થેલો -થેલી આદિ ન લઈ જવાય.
- ગભારામાં પ્રવેશ કરતાં રાગ-દ્વેષ રુપી સિંહના મોઢા ઉપર જમણો પગ ચાંપીને પ્રવેશ કરવો.
- અતિસ્વચ્છ થયેલ હાથ અને પૂજાની સામગ્રીને જ્યાં - ત્યાં સ્પર્શ ન કરાવવો જોઈએ.
- અંગપૂજાના ધ્યેયથી જ ગભારામાં પ્રવેશ કરવો ત્યારે મૌન ધારણ કરી દુહા પણ મનમાં જ ચિંતવવા.
- મુખકોશ બાંધીને જ પ્રવેશ કરવો.



ગભારામાં પ્રવેશતી વેળાએ



www.jainsite.com For Private & Personal Use Only

# પ્રભુજી પરનું નિર્માલ્ય ઉતારવાની અને પક્ષાલ કરવાની વિધિ

- સ્વચ્છ થાળ પ્રભુજી આગળ રાખીને ખૂબ કોમળતા પૂર્વક ધીરતા રાખીને જીવ-જંતુની જયણા પૂર્વક ફૂલ આદિ નિર્માલ્ય ઉતારવાં.
- વાસી ફૂલવાળી થાળીને સુયોગ્ય સ્થાને મૂકીને ખોખુ-મુગટ-કુંડલ આદિ એક પછી એક ઉતારવાં.
- ખોખા-મુંગટ-કુંડલ-પાંખડા આદિ જમીન ઉપર ન મુકતાં સુયોગ્ય પિત્તળના થાળમાં બહુમાન પૂર્વક મૂકવા.
- સુકોમળ મોરપીંછથી પ્રભુજીના અંગોમાં શેષ બાકી રહેલા નિર્માલ્યને ખૂબ ધીરતા પૂર્વક ઉતારવું.
- પબાસનમાં એકત્રિત થયેલ નિર્માલ્યને પ્રભુજીના સ્પર્શ વગર પૂંજણીથી એકત્રિત કરવું.
- વાસી ચંદન-કેશર ને કાઢવા અને સોના-ચાંદીના વરખ - બાદલાને કાઢવા પાણી વાટકામાં લેવું.
- તેમાં હથેળીને પાણીથી ભીની કરી ધીમેથી કેશર આદિ ઉતારીને વાટકામાં સંગ્રહ કરવો.
- સ્વચ્છ સુતરાઉ એક અંગલૂછણાંને સ્વચ્છ પાણીના વાટકામાં પલાડીને તે વસ્ત્રથી શેષ રહેલ ચંદન દૂર કરવું. પછી પક્ષાલ કરી નિર્માલ્ય કાઢવું.


મોરપિંછથી વાસી શુદ્ધ આમ કરાય


પૂંજણીથી ફક્ત પબાસણ


વાસી કેશરને આમ દૂર કરાય


પક્ષાલ 'પંચામૃત' આદિનું મસ્તકે થી કરાય


પક્ષાપ પછી શુદ્ધીકરણ


૨૭ ડંકા આમ વગાડાય

- પક્ષાલ વખતે શક્ય હોય તો રંગમંડપમાં રહેલ ભાવિકોએ ઘંટનાદ-શંખનાદ-નગારા આદિ વાજીંત્રો લયમાં વગાડે.
- પંચામૃત કે દૂધનો અભિષેક ચાલતો હોય ત્યારે પાણીનો ન કરવો. તે જ મુજબ પાણીના અભિષેક વખતે જાણવું.
- અભિષેક કરતી વખતે પોતાના વસ્ત્ર કે શરીરનો કોઇ પણ ભાગ કે કળશ, નખ આદિ કર્કશ વસ્તુ પ્રભુજીને ન સ્પર્શે, તેની કાળજી રાખવી.
- પક્ષાલ માટે અન્ય ભાવિકોને જોર-જોરથી બૂમ પાડી બોલાવવા, તે પ્રભુજીની આશાતના કહેવાય.
- પ્રભુજીની સુંદર આંગી રચાયેલ હોય અને તેથી વિશેષ સારી આંગી કરવાની પોતાની ક્ષમતા હોય તો સવારે પક્ષાલ કરેલ પ્રભુજીને બહુમાન ભાવપૂર્વક પધરાવીને ફરીવાર પક્ષાલ કરી શકાય. નહિતર ન કરાય.
- પક્ષાલ થઈ ગયેલ હોય અથવા અંગલૂછણાં ચાલતા હોય કે થઈ ગયેલા હોય અથવા કેશર પૂજા આદિ પણ ચાલું થઈ ગયેલ હોય અથવા પોતે ચૈત્યવંદનાદિ ભાવપૂજા કરતા હોય ત્યારે ભગવાનને અંગૂઠે પણ પક્ષાલ ન જ કરાય.

- છતાં પ્રભુજીના અંગ-ઉપાંગમાં કેશર આદિ રહી જાય તો ખૂબ કોમળતાથી વાળાકૂંચીનો ઉપયોગ કરવો.
- અષ્ટપડ મુખકોશ બાંધી બન્ને હાથમાં કળશ પકડીને પ્રભુજીના મસ્તકથી પંચામૃત-દુધ આદિનો પક્ષાલ કરવો.
- પક્ષાલ કરતી વખતે સંપૂર્ણ મૌન ધારણ કરવું અને પોતાનો દેહ (આત્મા) નિર્મળ થઈ રહ્યો છે, તેવી ભાવના ભાવવી.
- વૃષભાકાર કળશથી પ્રભુજીનો પક્ષાલ કરી શકાય.
- પક્ષાલ કરતી વખતે પબાસણમાં એકત્રિત થયેલ 'નમણ'ને સ્પર્શ પણ ન કરાય.
- પક્ષાલ કે પૂજા કરતાં મુખકોશ કે વસ્ત્ર કે શરીરના કોઇ પણ ભાગને સ્પર્શ ન જ કરાય.
- કળશ નીચે ન પડવો જોઇએ, પડી જાય તો ઉપયોગ ન થાય. ન્હવણ જલ ઉપર પગ ન આવે, તેમ કરવું.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्


www.jainsite.com For Private & Personal Use Only

- ન્હવણ જલને પ્રભુપૂજામાં ઉપયોગી બાગ બગીચામાં ન પરઠવાય. ન્હવણજલના સંયોગથી ઉત્પન્ન થયેલ ફુલ-ડમરો આદિ 'નિર્માલ્ય દેવદ્રવ્ય' કહેવાય. તેનો ફરીવાર ઉપયોગ કરતાં પહેલાં યોગ્ય વળતર દેવદ્રવ્યમાં ભરવું.
- ન્હવણજલ પરઠવવા માટે ૮ ફુટ ઊંડી અને ૩-૪ ફુટ લંબચોરસ કુંડી ઢાંકણ સાથે બનાવવી.
- પંચામૃત કે દૂધનો અભિષેક ગભારામાં કે પ્રભુજીની નજીક થાય ત્યારે દૂર રહેલ ભાગ્યશાળી બોલે કે (પુરૂષો નમોઽર્હત્ બોલે)

મેરૂશિખર ન્હવરાવે હો સુરપતિ !,
મેરું શિખર ન્હવરાવે...
જન્મકાળ જિનવરજી કો જાણી,
પંચ રૂપ કરી આવે.. હો સુરપતિ !...
રત્ન પ્રમુખ અડજાતિના કળશા,
ઔષધિ ચૂરણ મિલાવે.. હો સુરપતિ !...
ખીરસમુદ્ર તીર્થોદક આણી,
સ્નાત્ર કરી ગુણગાવે.. હો સુરપતિ...
એણિ પરે જિન પડિમા કો ન્હવણ કરી,
બોધિ-બીજ માનુ વાવે.. હો સુરપતિ !...
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી,
જિન-ઉત્તમપદ પાવે.. હો સુરપતિ...

- (પક્ષાલ કરનાર પોતે જ સુરપતિ બનીને જન્માભિષેક કરતો હોય, ત્યારે પોતે પોતાના માટે સુરપતિ આવ્યા, તેમ ન કહેતાં પોતાના કર્મમળ દૂર થઈ રહ્યા છે, તેમ ભાવે. અન્યો 'સુરપતિ' કહી સંબોધી શકે.
- નિર્મળજલથી અભિષેક કરનાર ભાગ્યશાળી મનમાં ભાવે અને યોગ્ય આંતરે ઉભા રહેલા ભાગ્યશાળી બોલે કે .... (પુરૂષો નમોઽર્હત્ બોલે)

"જ્ઞાન કળશ ભરી આતમા,
સમતા રસ ભરપૂર ।
શ્રી જિનવરને નવરાવતાં,
કર્મ થાયે ચકચૂર ॥૧॥
જલપૂજા જૂગતે કરો,
મેલ અનાદિ વિનાશ ।
જલ પૂજા ફળ મુજ હોજો,
માગું એમ પ્રભુ પાસ ॥૨॥"
"ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય
જન્મ-જરા-મૃત્યુ નિવારણાય શ્રીમતે
જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા"
(૨૭ ડંકા વગાડવા)

## અંગલૂંછણાં કરતી વેળાએ રાખવા યોગ્ય કાળજી

- અંગલૂંછણાં દશાંગ આદિ સુગંધિત ધૂપ થી ધૂપવાં અને સાથે પોતાના બન્ને હાથ પણ ધૂપવાં.
- પ્રભુજીનો સાક્ષાત્ અત્યારે જ જન્મ થયો છે, તેવા ભાવ સાથે ખૂબ જ કોમળતાથી અંગલૂછણાં કરવા.
- પહેલું અંગલૂંછણું સહેજ જાડું, બીજું તેથી થોડું પાતલું (પાકી મલમલનું) અને ત્રીજું સહુથી બારીક (કાચી- મલમલનું) રાખવું.
- અંગલૂંછણાં શુદ્ધ સુતરાઉ, મુલાયમ, સ્વચ્છ, ડાઘા વગર-કાણાં વગરનાં રાખવાં.
- અંગલૂંછણાં કરતી વખતે પોતાના હાથને વસ્ત્ર-શરીર-મુખકોશ-નખ આદિ કોઈનો પણ સ્પર્શ ન કરાય, થાય તો હાથ પાણીથી સ્વચ્છ કરવા.
- ખૂબજ કાળજી રાખવા છતાં અંગલૂછણાં પોતાના શરીર-વસ્ત્ર-પબાસન-ભૂમિતલને સ્પર્શી જાય, તો તે અંગલૂંછણાંનો ઉપયોગ પ્રભુજી માટે ક્યારેય ન કરવો.
- અંગલૂંછણાં નો સ્પર્શ પાટલૂંછણાં-જમીનલૂંછણાં સાથે થઈ જાય તો તે અંગલૂંછણાંનો ઉપયોગ ન જ કરાય. તે જ પ્રમાણે પબાસન કોરું કરવામાં ઉપયોગી પાટલૂંછણાંનો સ્પર્શ ભોયતળીયે લૂંછવામાં ઉપયોગી ભૂમિલૂંછણાં સાથે થઈ જાય, તો તેનો પાટલૂંછણાં તરીકે ઉપયોગ ન કરાય.
- અંગલૂંછણાંમાં પહેલો કરતી વખતે પ્રભુજી પર રહેલ વિશેષ પાણીને ઉપર-ઉપરથી કોરું કરવું અને બીજું કરતી વખતે સંપૂર્ણ શરીર ને કોરું કર્યા પછી અંગ-ઉપાંગ - પાછળ - હથેળી નીચે - ખભા નીચે આદિ જગ્યાએ ખાસ અંગલૂંછણાંની જ લટ બનાવીને આર-પાર કાઢીને વિવેક પૂર્વક કોરું કરવું.
- તે લટથી કોરું થવું શક્ય ન હોય, ત્યારે જ સુયોગ્ય-સ્વચ્છ-ધૂપાવેલી સોના-ચાંદી-તાંબા-પીતળ કે સુખડની કૂંચી (શળી) થી હળવાશ સાથે કોરું કરવું.
- ત્રીજુ કરતી વખતે સંપૂર્ણ કોરા થયેલ પ્રભુજીનો હળવાશ થી સર્વાંગે સ્પર્શ કરીને વિશેષ કોરું કરવું.
- અષ્ટ પ્રાતિહાર્ય સહિત પરમાત્માને અંગલૂંછણાં કરતી વખતે પ્રભુજી ને કર્યા પછી અષ્ટ પ્રાતિહાર્ય આદિ પરિકર (દેવ-દેવી-યક્ષ યક્ષિણી-પ્રાસાદદેવી આદિ) ને પણ કરી શકાય.

પ્રભુજીના પરિકરને પબાસનને પાટલૂંછણાથી



નીચે જમીનને જમીન લુંછણાથીલૂંછવું

અંગલૂંછણાંને સુવાસિત કરવા

પહેલું અંગલૂંછણું આમ કરાય.



બીજા અંગલૂંછણામાં અંગ-ઉપાંગને કરાય



સળીના સહારે અંગલૂંછણાંનો ઉપયોગ

ત્રીજા અંગલૂંછણામાં આમ કરાય




જૈન સાહિત્ય
JAINSITE.com
જનમ જયતિ શાસનમ્



For Private & Personal Use Only
info@jainsite.com

- પરિકર વગરના સિદ્ધાવસ્થા ના પ્રભુજી હોય અને મૂળનાયક પ્રભુજીના અધિષ્ઠાયક દેવ-દેવી અને પ્રાસાદદેવીની અલગ સ્થાપના કરેલ હોય, તો તેઓને પ્રભુજીમાં ઉપયોગી સિવાયનાં અંગલૂંછણાં કરવાં.
- અંગલૂંછણાંનો પ્રારંભ કરતાં પહેલાં અગલૂંછણાં મૂકવા ઉપયોગી એક થાળ સાથે રાખવો અને તેમાં અંગલૂંછણાં રાખવાં. પબાસન-દરવાજા-ખીટી-પાઈપ આદિ માં અંગલૂંછણાં કર્યા પહેલાં કે પછી ન રખાય.
- અંગલૂંછણાં કરતી વખતે એક હાથનો પ્રભુજીને કે દીવાલ કે પરિકર કે અન્ય કોઈને પણ ટેકો ન દેવાય.
- પક્ષાલ કર્યા પછી અંગલૂંછણા કરતાં પહેલાં પંચધાતુના પ્રભુજી કે સિદ્ધચક્રજી આદિ યંત્રોમાંથી પાણી નિતરવા આડા- અવળા-ઉંધા-ઉંચા-નીચા એકબીજા ઉપર ન રખાય. તે મહાન ઘોર આશાતના કહેવાય.
- અંગલૂછણાં કરતી વખતે સ્તુતિ-સ્તોત્રપાઠ કે એકબીજાને ઈશારો આદિ કરવાથી આશાતના લાગે.
- અંગલૂંછણાંનું કાર્ય પૂર્ણ થતા ની સાથે જ સંપૂર્ણ સ્વચ્છ અને અંગલૂંછણાં સૂકવવા માટે જ અનામત રખાયેલી દોરી પર કોઈના પણ મસ્તક આદિ શરીર સ્પર્શે નહિ, તેમ તુરંત સુકવી દેવાં.
- પાટલૂંછણાં કરવાવાળાને અંગલૂંછણાનો સ્પર્શ ન થવો જોઈએ. પાટલૂંછણાં કરતી વેળાએ પ્રભુજીની પાછળ કે આગળ કે આજુ-બાજુમાં ફેરવતી વેળાએ પ્રભુજી કે પરિકર આદિનો સ્પર્શ ન જ થવો જોઈએ. થાય તો મહાન આશાતના લાગે.
- અંગલૂછણાં - પાટલૂંછણાં - જમીનલૂછણાંની દોરી અલગ-અલગ (અનામત) રાખવી જોઈએ.
- અંગલૂંછણાં ધોતી વખતે સુયોગ્ય કથરોટ (થાળ)માં અન્ય વસ્ત્રો ન સ્પર્શે,તેની કાળજી રાખવી.
- પાટલૂંછણાં ધોતી વખતે પણ તે જ મુજબ કાળજી રાખવી. જમીન લૂછણા યોગ્ય રીત અલગ જ ધોવાં.
- શક્ય હોય તો પ્રભુજીની ભક્તિમાં ઉપયોગી વસ્ત્ર-વાસણ આદિના ધોવણનું પાણી ગટર-ખાળમાં ન જાય, તેની કાળજી રાખવી.
- અંગલૂંછણાં સુકાઈ ગયા પછી બન્ને હાથ સ્વચ્છ કરી મૌન ધારણ કરી ફક્ત બે હથેળીના સ્પર્શથી વાળવા.
- પાટલૂંછણાં પણ તે જ મુજબ કરવા અને જમીન-લૂંછણા પણ યથાયોગ્ય રીતે રાખવા.
- અંગલૂંછણાં ને સાચવવા અલગ સ્વચ્છ સુતરાઉ થેલી રાખવી. પાટલૂંછણાં તેનાથી અલગ સાચવીને રાખવાં.
- જમીનલૂંછણાંનો સ્પર્શ અન્ય કોઈ પણ વસ્ત્ર કે ઉપકરણને ન થાય, તેની કાળજી સાથે વાળીને રાખવા.
- અંગલૂછણાં આદિ થઈ ગયા પછી સુગંધિત ધૂપ ને (પ્રભુ સમક્ષ) શુદ્ધિ માટે લઈ જઈને સુવાસિત કરવા.

## પ્રભુજીને વિલેપન કરવાની વિધિ



પ્રભુજીને સર્વાંગે વિલેપન આ રીતે કરાય

- દેશી કપૂર અને ચંદન મિશ્રિત સુગંધિત વિલેપન ને સુયોગ્ય થાળીમાં ધૂપાવીને ગભારામાં લઈ આવવું.
- જમણા હાથની પાંચેય આંગળીઓથી નખ ન લાગે, તેમ પ્રભુજીના સર્વ-અંગે વિલેપન કરવું.
  (વિલેપન પહેલાં બન્ને હાથ સંપૂર્ણ સ્વચ્છ કરવા જરૂરી જાણવા)
- વિલેપન પૂજામાં નવ-અંગ સાથે કોઈ સંબંધ નથી. સમસ્ત અંગને વિલેપન કરવાનું હોય છે.
- વિલેપન કરનાર ભાગ્યશાળી મનમાં દુહો ભાવે અને ગભારાની બહાર રહેલા ભાવિકો બોલે કે... (પુરૂષો 'નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વ સાધુભ્ય:' બોલે)
  'શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ । આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ..॥૧॥'
  "ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ચંદનં યજામહે સ્વાહા" (૨૭ ડંકા વગાડવા)
  અર્થ : જે પ્રભુજીમાં શીતલ ગુણ રહેલો છે અને જેઓનું મુખ પણ શીતલ રંગથી ભરપૂર છે, એવા શ્રી અરિહંત પરમાત્માના અંગની પોતાના આત્માની શીતલતા માટે ચંદન-કપૂર આદિ શીતળ દ્રવ્યોથી પૂજા કરો.
- વિલેપન (ચંદન) પૂજા પૂર્ણ થયા પછી અંગલૂંછણાં સિવાયના અતિસ્વચ્છ વસ્ત્રથી પ્રભુજીના સર્વ-અંગે વિલેપન હળવાશ થી દૂર કરવો.
- વિલેપન કર્યા પછી તુરંત જ કોઈ ભાગ્યાશાળીને સોના-ચાંદીના વરખ થી ભવ્ય આંગી કરવાની ભાવના હોય તો વિલેપન દૂર કરવાની જરૂર નથી.
- વિલેપન ઉતારવાના વસ્ત્રનો ઉપયોગ કર્યા પછી તુરંત જ સુયોગ્ય સ્થાને સૂકવવા કાળજી રાખવી.
- વિલેપન વસ્ત્રને સ્વચ્છ પાણીથી ધોયા પછી અંગલૂંછણાં સાથે ધોઈ, સૂકવી અને મૂકી શકાય.
- વિલેપન વસ્ત્રને સ્વચ્છ પાણીથી ધોયા પછી અંગલૂછણાં સાથે ધોઈ, સૂકવી અને મૂકી શકાય.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અંગ-રચના (આંગી) ની વિધિ

• ચાંદી આદિના ખોખા, મુગટ, પાંખડા આદિમાં આઁગી મુખકોશ બાંધીને જ કરાય. • સોનું, ચાંદી, હીરા, માણેક , મોતી આદિ ઉત્તમ દ્રવ્યોથી આંગી થઈ શકે. • સોના-ચાંદી કે પીત્તળના ટીકાથી પણ આંગી થઇ શકે. ક્રોમ કે હળકા ધાતુના ટીકા ન ચાલે. • શુદ્ધ સુખડનો પાવડર અને ઉત્તમ સામગ્રી સાથે શુદ્ધ રેશમના દોરાથી થઈ શકે. • સોના-ચાંદીના શુદ્ધ વરખ અને બાદલાથી પણ થઈ શકે. વરખને ડબાવવા માટેનું 'રૂ' (કપાસ) શુદ્ધ અને સ્વચ્છ હોવું જોઈએ. તે 'રૂ' કેશરવાળુ થાય કે ભીનું થાય કે નીચે પડી જાય કે પોતાના અંગને સ્પર્શે તો ત્યાગ કરવો.• રૂ (Cotton), મખમલ (Welwet), વુલન દોરા (Thread), સુતરાઉ દોરા આદિ જઘન્ય કક્ષાની વસ્તુથી કે ખાદ્ય ખોરાકની સામગ્રીથી પણ ન કરવી જોઈએ. • સુગંધવગરના ફુલ, ફુલની કળીઓ કે પાંદડા, કેશરવાળા ફુલો કે પૂર્ણ અવિકસિત ફુલોથી કે ફુલોની પાછળ વરખની પાછળના કાગળ ભેરવીને પણ આંગી ન થઈ શકે. • બીજા દિવસે આંગી ઉતારતાં નિર્માલ્ય 'દેવ દ્રવ્ય' ની ઉપજ થાય, તેવી આંગી કરવી જોઈએ. • કોઈએ નહિ પહેરેલા નવા સોના-ચાંદીના દાગીના પ્રભુજીને ચઢાવી શકાય. તે દાગીના પહેલેથી પાછા લેવાની સંકલ્પના કરી હોય તો પરત લઈને પોતાના ઉપયોગમાં લઈ શકાય. • પૂજાની થાળી ઉંધી કરીને પ્રભુજીને ન પધરાવાય. પ્રભુજીને પાછળ કે આગળ નીચે નમાવીને બાદલું આદિ ન છાંટી શકાય. • સંપૂર્ણ સ્વચ્છ થાળીમાં કે સ્વચ્છ વસ્ત્ર પર પ્રભુજીને પધરાવીને આંગી કરી શકાય.

## પ્રભુજીની કેશરપૂજા વેળાએ રાખવા યોગ્ય સાવધાની

- હૃદય સાથે સીધો સંબંધ ધરાવનાર અને નામકર્મ ને દૂર કરવા સમર્થ અનામિકા આંગળીથી જ પ્રભુજીની કેશર પૂજા કરાય. નખનો સ્પર્શ ત્યજવો.
- અંબર-કસ્તુરી-કેશર મિશ્રિત ચંદનની વાટકી સહેજ મોટા મોંઢાવાળી રાખવી. અતિપ્રવાહી કે અતિઘટ સ્વરૂપના બદલે મધ્યમકક્ષાનું પેસ્ટ જેવું એકાકાર (પાણી છૂટે નહિ તેવું ) કેશર હોવું જોઈએ.
- પ્રભુજીના નવ-અંગે પૂજા કરતી વખતે જમણા-ડાબા અંગોમાં (પગ-ઘુંટણ-કાંડા-ખભા) આંગળી એક વાર કેશરમાં બોળીને બન્ને સ્થળે પૂજા થઈ શકે.પણ જમણે પૂજા કર્યા પછી આંગળીમાં કેશર ન વધે, તો ડાબે પૂજા કરતા પહેલાં કેશરમાં આંગળી બોળી શકાય. દરેક અંગે પોતાનું કેશર લાગવું જરૂરી છે.
- બન્ને પગના અંગૂઠે એક જ વાર કેશર પૂજા થઈ શકે. વારંવાર કે અન્ય આંગળીમાં પૂજા ન કરાય.
- પૂજા કરતી વેળાએ સંપૂર્ણ મૌન ધારણ કરવું અને કોઈની પણ સાથે ઈશારાથી પણ જરૂરી વાત ન કરવી.
- પ્રભુજી પંચધાતુ ના હોય કે સાવ નાના હોય કે શ્રી સિદ્ધચક્રજી નો ગટ્ટો હોય, તેની પૂજા કરતાં, તેઓ સહેજ પણ હલવા ન જોઈએ.
- વધારે ભગવાનની ટુંક સમયમાં પુજા કરવાના લોભના બદલે વિધિ સાથે થોડા ભગવાનની પૂજા કરવામાં વિશેષ લાભ હોય છે. કેશર લાલચોડ ન કરવું જોઈએ.
- ખૂબ જ ધીરતા - ગંભીરતા - સ્થિરતા - હળવાશ સાથે કોમળતાથી પ્રભુજીની પૂજા કરવી જોઈએ.
- કોઈ ભાવિકે પ્રભુજીને ભવ્યઆંગી કરેલ હોય કે કરતાં હોય તો કેશર પૂજાનો આગ્રહ ન રાખવો. તેની અનુમોદના કરવી.
- દેરાસરમાં મૂળનાયકજીને પૂજાની વાર હોય અને અન્ય પ્રભુજી ની પૂજા કરવી હોય તો થોડું કેશર અલગ વાટકીમાં રાખીને પૂજા કરવી.
- કેશરપૂજા કરતાં પહેલાં જો પરમાત્માને કેશર ના રેલા ઉતરેલા હોય તો સુસ્વચ્છ વસ્ત્ર થી લૂંછીને પછી પૂજા કરવી. નહિતર લૂંછવાની જરૂર નથી.
- પૂજાના ક્રમમાં મૂળનાયકજી, અન્ય પરમાત્મા,શ્રી સિદ્ધચક્રજી યંત્ર-ગટ્ટો, શ્રી વીશસ્થાનક યંત્ર-ગટ્ટો, પ્રવચનમુદ્રામાં ગણધર ભગવંતો અને અંતે શાસનના અધિષ્ઠાયક સમ્યગ્દ્રષ્ટિ દેવ-દેવીઓને કપાળે અંગૂઠેથી તિલક કરાય.
- પ્રભુજીની પૂજા કર્યા પછી સિદ્ધચક્રજી ને અને સિદ્ધચક્રજીને કર્યા પછી પ્રભુજીને કરી શકાય.
- પ્રવચન મુદ્રાવાળા ગણધર ભગવંતતોને પૂજા કર્યા પછી તે જ કેશરથી પ્રભુજી કે સિદ્ધાવસ્થાવાળા ગણધર ભગવંતો કે સિદ્ધચક્રજીને પૂજા ન જ કરાય.
- શાસન દેવ-દેવીને અંગૂઠેથી મસ્તક ઉપર તિલક-કર્યા પછી તે કેશરથી કોઈને પણ પૂજા ન જ કરાય.
- શાસન રક્ષક દેવ-દેવીને, 'ધર્મ શ્રદ્ધામાં સહાયક બને અને ગમે તેવા વિઘ્નમાં પણ શ્રદ્ધા અડગ બની રહે' તેવા આશયથી પૂજા કરાય. તે સિવાય અન્ય આશય થી નહિ.
- પ્રવચનમુદ્રા કે ગુરુ અવસ્થામાં રહેલ ચરમભવી શ્રી ગણધર ભગવંતોને પ્રભુજી સમક્ષ ગુરુવંદન કરાય.
- પ્રભુજીના નવ-અંગે ક્રમથી પૂજા કરતાં પહેલાં તે તે અંગ ના દુહા મનમાં ભાવીને પછી તે તે અંગે પૂજા કરવી.



પ્રભુજીના અંગૂઠે પૂજા આમ કરાય



ગુરુ ગૌતમસ્વામીજીને આમ પૂજા કરાય

JAINSITE જૈન સાઈટ જનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) બે અંગૂઠે પૂજા :-
જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત ।
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત ॥૧॥

(૨) બે ઢીંચણે પૂજાઃ-
જાનુબલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ ।
ખડા-ખડા કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥૨॥

(૩) બે કાંડે પૂજાઃ-
લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન ।
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ॥૩॥

(૪) બે ખભે પૂજનઃ-
માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત ।
ભૂજા બલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત ॥૪॥

(૫) શિરશિખાએ (મસ્તકે) પૂજાઃ-
સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત ।
વસીયા તિણે કારણ ભવી, શિરશિખા પૂજંત ॥૫॥

(૬) કપાળે પૂજાઃ-
તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવનજન સેવંત ।
ત્રિભુવન તિલકસમા પ્રભુ, ભાલતિલક જયવંત ॥૬॥

(૭) કંઠે પૂજાઃ-
સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુળ ।
મધુર ધ્વનિ સુરનર સુણે, તેણે ગળે તિલક અમૂલ ॥૭॥

(૮) હૃદય (છાતી) પૂજાઃ-
હૃદય કમલ ઉપશમ બલે, બાળ્યા રાગ ને રોષ ।
હિમદહે વન ખંડને, હૃદય તિલક સંતોષ ॥૮॥



સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીને અંગૂઠેથી કપાળે આમ પૂજા કરાય

(૯) નાભિએ પૂજાઃ-.
રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ ।
નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ ॥૯॥

(૧૦) બે હાથ જોડીને ભાવવા યોગ્ય નવ-અંગ પૂજાનો ઉપસંહારઃ
ઉપદેશક નવતત્ત્વના, તેણે નવ-અંગ જિણંદ ।
પૂજો બહુવિધ રાગશું, કહે શુભવીર મુણિંદ ॥૧૦॥

(અધિષ્ઠાયક દેવ-દેવીઓને અક્ષત (ચોખા) ચઢાવવાનું કે દૃષ્ટિ પડે તેમ સુખડી આદિ પણ વહેંચાય કે મુકાય નહિ.) ઋષભ ચરણ અંગૂઠડે.. દુહામાં પાર્શ્વ ચરણ કે અન્ય કોઈ પણ ભગવાનનું નામ બોલીને પૂજા ન કરાય.

## પુષ્પપૂજાની વિધિ

- સુગંધી, અખંડ, જીવજંતુ રહિત, ધૂળ આદિ મલિનતા વગરના અને તાજા ફૂલો પ્રભુજીને ચઢાવવા.
- મૂળ વિધિ પ્રમાણે સહજ ભાવે સુયોગ્ય સ્વચ્છ વસ્ત્રમાં (જમીન થી અધ્ધર) પડેલાં તાજા પુષ્પો ચઢાવવા.
- પુષ્પો ચૂંટીને જ લેવા પડે તો ખૂબ કોમળતાથી આંગળીઓ પર સોના-ચાંદી-પીત્તળના કવર ચઢાવીને ચૂંટવા જોઈએ.
- મલ મલિન શરીર અને દુર્ગંધભર્યા હાથે ચૂંટીને લીધેલા પુષ્પો શક્ય હોય ત્યાં સુધી ટાળવાં.



પ્રભુજીને પુષ્પપૂજાની કુસુમાંજલિ આમ ધરાય

- સ્નાનાદિથી સ્વચ્છ થયેલ શરીરવાળાએ પગરખાં (ચંપલ આદિ) પહેર્યા વગર ફૂલો એકત્રિત કરવાં.
- ફૂલો મેળવ્યા પછી ગળેલા સ્વચ્છ પાણીની આછી છાંટ મારીને ઉપરની ધૂળ ખંખેરવી. (જયણાપૂર્વક)
- ફૂલો સુયોગ્ય સ્વચ્છ-સોના-ચાંદી કે પીત્તળની છાબડીમાં ખુલ્લાં રાખવાં. વાંસ નેતરની છાબડીમાં ન રાખવા.
- સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી મૌન રાખીને સુંદર ભાવનાથી ભાવિત હૃદય સાથે દોરાની ગૂંથણીથી સુયોગ્ય મનોહર ફૂલોની માળા બનાવવી. સોય-દોરાથી ગૂંથેલી (પરોવેલી, વિંધેલી) માળા અયોગ્ય અને હિંસાકારક કહેવાય.
- ફૂલમાળા ગૂંથતી વખતે સુતરાઉ દોરો કે ફૂલો પોતાના શરીર-વસ્ત્ર કે અન્ય કોઈને પણ સ્પર્શવાં ન જોઈએ, સ્પર્શે તો તે પુષ્પો ત્યાગ કરવા.
- પ્રભુજીને ચઢાવેલાં પુષ્પો ફરીવાર ચઢાવવાં નહિ. દિવસ દરમ્યાન ચઢાવેલાં પુષ્પો એક સાથે ભેગાં કરીને આંગી ચઢાવતી વખતે ફરીવાર તે ચઢાવેલા ઢગલાંમાંથી ચૂંટીને પ્રભુજીના અંગ ઉપર ન ચઢાવાય. પ્રભુજીની શોભા માટે પ્રભુજીને ન સ્પર્શે તેમ આગળ (શોભા માટે) ગોઠવી શકાય.
- પ્રભુજીનું મુખકમળ ઢંકાઈ જાય અથવા ભાવિકોને નવ-અંગે પૂજા કરવામાં અંતરાયભૂત બને, તેમ ફૂલો


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચઢાવાય નહિ. કદાચ તે પ્રમાણે અયોગ્ય સ્થાને ચઢાવેલાં હોય તો કાઢીને ફરીવાર તે વખતે ચઢાવી શકાય. પણ ફરીવાર ચઢાવવા માટે સંગ્રહ ન કરાય.

- ફૂલો પોતાના શરીર-વસ્ત્ર કે પબાસન કે ભૂમિતલ કે અયોગ્ય સ્થાને સ્પર્શી ગયા હોય કે પડી ગયાં હોય તો તે પ્રભુજીને ચઢાવવાથી મહાન આશાતના લાગે.
- ફૂલો ક્યારે પણ પ્લાસ્ટિકની કોથળીમાં કે છાપામાં કે રદ્દી કાગળમાં કે અન્ય અયોગ્ય સાધનમાં કે ડબ્બીની અંદર બંધ ન લવાય કે તે ન ચઢાવાય.
- ફૂલનાં પાંદડાં કે કેશર-ચંદન મિશ્રિત ચોખા પુષ્પપૂજા કે કુસુમાંજલિ માટે ન ચાલે. (અપવાદ સિવાય)
- ફૂલ મળવાની શક્યતા ઓછી હોય ત્યારે સોના – રુપાના ફુલથી પુષ્પપૂજા આદિ થઇ શકે.
- પ્રભુજીને પુષ્પ એકાદ-બે ચઢાવવાના બદલે બે હાથના ખોબામાં પુષ્પો લઇને ચઢાવવાં જોઇએ. (કુસુમ = પુષ્પ; અંજલિ = ખોબો = કુસુમાંજલિ)
- મનમાં ભાવવા યોગ્ય અને પ્રભુજીથી યોગ્ય આંતરે ઉભા રહેલ ભાવિકોએ બોલવા યોગ્ય દુહા- (પુરૂષો 'નમોઽર્હત્..'. બોલે)

'સુરભિ અખંડ કુસુમગ્રહી, પૂજો ગત સંતાપ ।
સુમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમક્તિ છાપ ।।૧।।

'ૐ હ્રીંશ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા' (૨૭ ડંકા વગાડવા)

અર્થ : જેમના સંતાપ માત્ર નાશ પામ્યા છે, એવા પ્રભુજીને તમે સુંગધિત-અંખડ પુષ્પોથી પૂજા કરો. પ્રભુજીના સ્પર્શથી ફુલનો જીવ ભવ્યપણાની છાપ મેળવે છે, તેમ તમો પણ સમક્તિની છાપ મેળવો.

- અહી ગભારાની અંદર પ્રભુની સાવ નજદીકમાં ઉતારવા યોગ્ય નિર્માલ્યથી લઇને પુષ્પ પૂજા સુધીની પૂજાને 'અંગપૂજા' કહેવાય છે. તેમાં સર્વથા મૌનનું પાલન અને દુહા આદિ મનમાં જ ભાવવા.
- પ્રભુજીથી ઓછામાં ઓછા સાડા ત્રણ હાથ દૂર (અવગ્રહમાં) રહીને કરવા યોગ્ય 'અગ્રપૂજા' છે.
- સ્વદ્રવ્ય થી અષ્ટ -પ્રકારી પૂજા કરનાર ભાગ્યશાળીઓએ પણ સાડા ત્રણ હાથ દૂર રહીને જ અગ્રપૂજા કરવી.

## ધૂપ-પૂજા ની વિધિ

- માલતી-કેશર-ચંપો આદિ ઉત્તમજાતિની સુગંધથી મિશ્રિત દશાંગધૂપ પ્રભુજી સમક્ષ કરવો.
- ધૂપ સુગંધ રહિત-ધૂમાડાથી આંખ બળે તેવો કે ઉધરસ ઉપડે તેવું કે સળી સાથેનો ન વાપરવો.
- દહેરાસરમાં ધૂપદાની માં ધૂપસળી ચાલું હોય તો બીજી ન પ્રગટાવવી. સ્વદ્રવ્યવાળા પ્રગટાવી શકે.
- સ્વદ્રવ્યથી ધૂપપૂજા કરનારે ધૂપસળીના નાના-નાના ટુકડા કરી પ્રગટાવવાના બદલે યથાશક્તિ સુયોગ્ય મોટી પ્રગટાવવી.
- ધૂપ પ્રભુજીની (નજદીક) નજીક ન લઈ જવાય. થાળીમાં ધૂપ-દીપ આદિ રાખીને પ્રભુજીની અંગપૂજા (પક્ષાલ, કેશર, પુષ્પપૂજા) ન કરાય.
- ધૂપ પ્રગટાવતી વખતે તેનો અગ્રભાગ ઘી માં ન બોળવો અને ધૂપસળીમાં રહેલ અગ્નિજવાળા ને ફૂંકથી ન હોલવાય.
- ધૂપપૂજા કરતી વખતે દીપક તે જ થાળીમાં સાથે ન રખાય. તે જ મુજબ દીપકપૂજા વખતે પણ સમજવું.
- ધૂપપૂજા પુરુષોએ અને બહેનોએ પ્રભુજીની ડાબી બાજુ ઉભા રહીને કરવી.
- ધૂપસળી પ્રગટાવ્યા બાદ ધૂપને પ્રદક્ષિણાની જેમ ગોળાકારે ફેરાવવાના બદલે પોતાના હ્રદયની નજીક સ્થિર રાખી ધુમ્રસેરને ઉર્ધ્વગતિ તરફ જતા જોવી.
- ધૂપસળી હાથમાં રાખવાના બદલે યોગ્ય રીતે ધૂપદાનીમાં રાખવી.



પ્રભુજીની ડાબી તરફ ધૂપદાની (સળી) સ્થીર રાખીને ધૂપપૂજા આમ કરાય

- ધૂપપૂજા કરતી વખતે સુમધુર સ્વરે લયબદ્ધ રીતે બોલવા યોગ્ય દુહો: (પુરૂષો નમોઽર્હત્... બોલે)

અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મન માન્યા મોહનજી;
અમે ધૂપ ઘટા અનુસરીએ રે, ઓ મન માન્યા મોહનજી;
પ્રભુ નહિ કોઈ તમારી તોલે રે, ઓ મન માન્યા મોહનજી;
પ્રભુ અંતે છે શરણ તમારું રે, ઓ મન માન્યા મોહનજી;

- "ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ ।
મિચ્છત્ત દુર્ગન્ધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ ।।૧।।
- "ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા" (૨૭ ડંકા વગાડવા)

અર્થ : પ્રભુજીની ડાબી આંખ તરફ ધૂપને રાખી, તે ધૂપમાંથી નિકળતી ધૂમાડાની ઘટાની જેમ આપણે સહુ ધ્યાનની ઘટા પ્રગટાવીએ કે જેથી તે ધ્યાનઘટાના પ્રભાવે મિથ્થાત્વ રુપી દુર્ગંધ નાશ પામે અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય.

(ધૂપપૂજા કરતી વખતે નવકાર-સ્તુતિ-સ્તોત્ર આદિ કાંઇ પણ ન બોલાય)

- ધૂપપૂજા પછી ધૂપદાની પ્રભુજીથી સુયોગ્ય આંતરે રાખવી.

jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દીપક પૂજા ની વિધિ

- ગાયનું શુદ્ધ ઘી અને સુતરાઉ (કોટન) રૂ થી તૈયાર કરેલ દીવડી સુયોગ્ય ફાણસમાં રાખવી.
- અશુદ્ધ વસ્ત્ર-હાથ ના સહારે તૈયાર થયેલ દીવેટ અને બોયાનો ઉપયોગ શક્ય હોય ત્યાં સુધી ટાળવો.
- બારે માસ દેરાસરમાં કે સ્વદ્રવ્યથી પૂજા કરનાર ભાવિકોએ દિપકને ચારે બાજુ અને ઉપર-નીચેથી બંધ ફાણસમાં (જયણા પાલન માટે) રાખવો.
- 'જયણા પ્રધાન જૈનધર્મ છે', તેથી પૂજામાં પણ અયોગ્ય વિરાધનાથી બચીને ભક્તિ કરવી.
- ગભારામાં દીવા ઢાંકેલા અને ગાયના ઘી ના રાખવા.
- દહેરાસરનાં રંગમંડપ-નૃત્યમંડપ આદિમાં ઘીના અથવા દીવેલના દીવાઓ સુયોગ્ય હાંડીમાં ઢંકાયેલા રાખવા.
- કાચના ગ્લાસમાં સુયોગ્ય સ્વચ્છ ગળેલું પાણી અને દેશી રંગ સાથે ઘી / દીવેલ ના દીવા યોગ્ય સ્થાને ઢાંકેલા રાખવા.
- કાંચના ગ્લાસ, હાંડી, ફાણસ-અથવા ઢાંકણ આદિ (ઘી આદિના ચીકાશના કારણે) સુયોગ્ય સમયે વારંવાર સાફ કરવા સાવધાની રાખવી.
- ઘી/દીવેલ આદિના છાંટા દહેરાસરમાં ક્યાંય પણ ન પાડવા.
- અખંડ દીપકને અધિકૃત વ્યક્તિ સિવાય ના એ સ્પર્શ ન કરવો.
- ગભારાની બહાર અને સ્વદ્રવ્યથી પૂજા કરનારે પ્રભુજીથી યોગ્ય આંતરે દીપક રાખી દીપક પૂજા કરવી.
- દીપક પૂજા પુરુષોએ પ્રભુજીની જમણીબાજુ અને બહેનોએ ડાબી બાજુ ઉભા રહીને કરવી.
- એક જ દીવેટનો દીપક હાથમાં રાખીને ઘંટ વગાડીને ક્યારેય પણ આરતી કે મંગલદીવો ન બોલાય.
- દીપક પૂજા કરતી વખતે પ્રદક્ષિણાકારે નાક થી નીચે અને નાભિથી ઉપર દીપક રાખીને દુહા બોલવા.
- દીપક પૂજા વખતે સાથે ઘંટ વગાડવાનો વિધાન નથી. અન્ય સ્તુતિ-સ્તોત્ર આદિ પણ ન બોલાય.
- અગ્રપૂજા વખતે મુખકોશની જરૂર નથી.
- આરતી-મંગલ દીવો કરનારે માથે સાફો/ટોપી અને ખભે ખેસ પ્રભુજીનો વિનય સાચવવા જરૂર રાખવું.
- મૂળનાયક પ્રભુજી સન્મુખ આરતી-મંગલદીવો ઉતાર્યા પછી ઘંટનાદ ચાલુ રખાવીને જિનાલયમાં બિરાજમાન અન્ય પ્રભુજી સમક્ષ પણ ઉતારવો. મુક્તી વખતે જાળી -વાળું ઢાંકણ ઢાંકવું.



પ્રભુજીને ફાણસ યુક્ત દીપક-પૂજા



આરતી મંગળદીવો આમ ઉતારાય

- દીપક પૂજા કરનાર ભાઈઓ સાથે ફક્ત હાથ લગાડીને બહેનો જમણી તરફ દીપક પૂજા ન કરાય, તેવી રીતે પુરુષોએ પણ ન કરાય.
- દીપક પૂજા વેળાએ બોલવા યોગ્ય દુહો (પુરૂષો 'નમોઽર્હત્..' બોલે)

દુહો :- દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક।
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક ॥૧॥

'ૐ હ્રીં શ્રી પરમ - પુરુષાય, પરમેશ્વરાય, જન્મ - જરા - મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય દીપં યજામહે સ્વાહા' (૨૭ ડંકા વગાડવા) અર્થ: સુયોગ્ય વિવેકપૂર્વક પ્રભુજીની આગળ દ્રવ્ય દીપક પ્રગટાવવાથી દુઃખ માત્ર નાશ પામે છે અને તેના પ્રભાવે લોક-અલોક જેમાં પ્રકાશિત થાય છે એવા ભાવ દીપકસ્વરુપ કેવલ જ્ઞાન પ્રગટ થાય છે.

JAINSITE .com

## આરતી

જય જય આરતી, આદિ જિણંદા;
નાભિરાયા મરૂદેવી કો નંદા... ૧
પહેલી આરતી, પૂજા કીજે; નરભવ પામીને લાહો લીજે।
દૂસરી આરતી દીનદયાળા, ધૂળે વા મંડપમાં જગઉજુવાળા ॥
તીસરી આરતી ત્રિભુવનદેવા,
સુરનર કિન્નર કરે તોરી સેવા;
ચોથી આરતી, ચઉગતિચૂરે, મનવાંછિતફળ શિવ સુખ પૂરે ॥
પંચમી આરતી પુણ્યઉપાયા, મૂળચંદ્રે ઋષભ ગુણ ગાયા ॥

## મંગળ-દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ, બહુ ચિરંજીવો,
સોહામણો ગણ, પર્વ દિવાળે,
અંબર ખેલે, અમરા બાળે,
દીપાલ ભણે, તેણે એક નિહાળે,
આરતી ઉતારી, રાજા કુમારપાળે,
અમ ઘેર મંગલિક, તુમ ઘેર મંગલિક,
મંગલિક ચતુર્વિધ, સંઘને હોજો...


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com







દર્પણમાં પ્રભુજીના દર્શન થતા પંખો આમ ઢાળવો

## દર્પણ દર્શન તથા પંખો વિંઝવાની વિધિ

- એલ્યુમીનીયમ, તુચ્છ કાગળનું પૂઠું અને લોઢાના સ્ક્રુ-નટ અને પ્લાસ્ટિકથી મઢેલુ દર્પણ ન રાખવો.
- સોના-ચાંદી કે પીતળનું નકશીકામ વાળો દર્પણ રાખવું.
- પ્રભુજીના મુખદર્શન માટે ઉપયોગી આરીસાથી ક્યારે પણ પોતાનું મુખ જોવાય જ નહિ. જોવાઈ જાય તો તે દર્પણનો પ્રભુ ભક્તિમાં ઉપયોગ ન કરવો.
- શક્ય હોય તો દહેરાસરમાં અને સ્વદ્રવ્યવાળાઓએ દર્પણ ઉપર સુયોગ્ય કવર ઢાંકી ને રાખવું.
- દર્પણને પોતાના હૃદયની નજીક પાછળનો ભાગ રાખીને આગળના ભાગ થી પ્રભુજીનાં દર્શન કરવાં.
- પોતાના હૃદયકમલમાં પ્રભુજીનો વાસ છે અને પ્રભુજીની રહેમ નજર સેવક ઝંખે છે, તેવા આશયથી પ્રભુને દર્પણમાં હૃદય પાસે જોવા અને તુરંત સેવક બનીને પંખો ઢાળવો (ફેરવવો.)
- તે વખતે બોલવા યોગ્ય ભાવવાહી સ્તુતિ.
  પ્રભુ દર્શન કરવા ભણી, દર્પણ પૂજા વિશાલ।
  આત્મદર્શનથી જુએ, દર્શન હોય તત્કાલ ॥૧॥
- દર્પણ અને પંખા નો ઉપયોગ કર્યા પછી દર્પણ ને ઉંધો અને પંખાને સુયોગ્ય સ્થાને લટકાવવો.

## ચામર પૂજા ની વિધિ

- પહેલાં બન્ને હાથમાં એક-એક ચામર રાખીને ચામર સાથે અડધા નમીને 'નમો જિણાણં' કહેવું.
- સ્વદ્રવ્યના ચામર સાવ નાનકડા કે વાળ વળેલાં અને મેલા ન રાખવા. મોટા ચામર વિશેષ ભાવ જગાવે.
- અન્ય આરાધકોને ખલેલ ન પહુંચે, તેમ યોગ્ય સ્થાને યોગ્ય અંતરે ઉભા રહીને ચામર ઢાળવાં.
- ચામર ઢાળતી વખતે પગને નચાવતાં અને આખા શરીરને સુયોગ્ય વળાંક (મરોડ) આપતાં પ્રભુજીના સેવક બનવાના તળસાટ સાથે તાલબદ્ધ રીતે સુયોગ્ય રીતે વસ્ત્રને સાચવીને નૃત્ય કરવું.
- ચામર નૃત્ય વખતે ઢોલ - નગારાં - તબલાં - શંખ-વાંસળી આદિ વાજીંત્રો પણ વગાડી શકાય.
- ચામર નૃત્ય કરતી વખતે નાગ-મદારી નૃત્ય ન કરાય.
- ચામર નૃત્ય કરવામાં સંકોચ ન રખાય. બે ચામર ન મળે તો એક ચામર અને એક હાથથી નૃત્ય કરવું.
- બહેનોએ ફક્ત બહેનોની જ ઉપસ્થિતિ હોય તો યથાયોગ્ય રાગવિનાશક ચામર નૃત્ય કરવું, પણ પુરુષોની હાજરીમાં બન્ને હાથે અથવા એક હાથે ચામર લઈને પગોનો મર્યાદિત થણગણાટ કરીને સામાન્ય નૃત્ય કરવું.
- ચામર નૃત્ય વેળાએ મધુર સ્વરે બોલવા યોગ્ય સ્તોત્ર :-
  કુન્દા-વદાત-ચલ-ચામર-ચારુ-શોભં,
  વિભ્રાજતે તવ વપુઃ કલધૌત-કાન્તમ્ ।
  ઉદ્યચ્છ શાઙ્ક-શુચિ-નિર્ઝર-વારિ-ધાર,
  મુચ્ચૈ-સ્તટં સુર-ગિરે-રિવ-શાત કૌમ્ભમ્ ॥૩૦॥
  અર્થ : હે પ્રભુજી ! ઉદય પામતા ચંદ્ર જેવા નિર્મળ, ઝરણાના પાણીની ધારાઓથી શોભિત, મેરુ પર્વતના ઉંચા સુવર્ણમય શિખરની જેમ, મોગરાના પુષ્પ જેવા ઉજ્જવળ વિંઝાતા ચામરોથી શોભાવાળું આપનું સુવર્ણ-કાંતિમય-શરીર શોભી રહ્યું છે. (૩૦)

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અક્ષત પૂજા કરવાની વિધિ

- ઉત્તમપ્રકારના સ્વચ્છ-શુદ્ધ અને બન્ને બાજુએ ધાર વાળા, અખંડ ચોખા વાપરવા.



પ્રભુસમક્ષ ઉચ્છરંગભાવે ચામર-નૃત્ય આમ કરાય





અક્ષત-પૂજા આમ કરાય

- શક્ય હોય તો સુવર્ણ કે રજતના ચોખા બનાવવા.
- તેલ-રંગ-કેશર આદિથી મિશ્રિત ચોખા ન વાપરવા. પૂજન આદિમાં પણ વર્ણ પ્રમાણેનાં ધાન્ય વાપરવાં.
- અખંડ ચોખાને સુસ્વચ્છ થાળીમાં રાખી બન્ને ઢીચણ જમીન પર સ્થાપીને પ્રભુજી સમક્ષ દૃષ્ટિ રાખીને મધુર સ્વરે દુહો બોલવો... (પુરૂષો નમોડર્હત્...... બોલે)

'શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાળ ।
પુરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાળ..॥૧॥


ૐ હ્રીં શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય અક્ષતાન્ યજામહે સ્વાહા..(૨૭ ડંકા વગાડવા)

અર્થ: શુદ્ધ અને અખંડ એવા અક્ષત (ચોખા) લઈને પ્રભુજી પાસે વિશાલ એવો નંદાવર્ત કરો અને સર્વ જંજાળને ત્યજીને પ્રભુજી સન્મુખ શુભ ભાવના ભાવો.

- દુહો-મંત્ર બોલ્યા પછી અક્ષતને જમણા હાથની હથેળીમાં રાખીને હથેળીના નીચેના ભાગથી અનુક્રમે મધ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની ત્રણ ઢગલીએ અને ઉપર તરફ સિદ્ધશિલા માટે એક ઢગલી અને અન્તે નીચે નંદાવર્ત કે સ્વસ્તિક માટે એક ઢગલી ચોખાની કરવી.
- સહુ પ્રથમ મધ્ય (વચ્ચે)ની ત્રણ ઢગલીને વ્યવસ્થિત કરતાં નીચે મુજબ દુહા મધુર સ્વરે બોલવું. 'દર્શન જ્ઞાન ચારિત્રના આરાધન થી સાર...'
- પછી ઉપરની ઢગલીમાં અષ્ટમીના ચંદ્ર જેવી ની રચના કરતાં મધ્ય ભાગમાં ઝાડો ભાગ અને જમણી તરફ, ડાબી તરફ પતળો ભાગ કરતાં-કરતાં બન્ને ખૂણે માખીની પાંખ જેટલો પાતળો ભાગ કરવો. તેની ઉપર અડે નહિ તેમ તે સિદ્ધશિલાની સમકક્ષમાં એક નાની પતલી લીટી કરવી.


સિદ્ધશિલાની રચના કરતાં મધ્ય ભાગમાં ઝાડો ભાગ અને જમણી તરફ, ડાબી તરફ પતળો ભાગ કરતાં-કરતાં બન્ને ખૂણે માખીની પાંખ જેટલો પાતળો ભાગ કરવો. તેની ઉપર અડે નહિ તેમ તે સિદ્ધશિલાની સમકક્ષમાં એક નાની પતલી લીટી કરવી.

સિદ્ધ ભગવંતોનો વાસ



સિદ્ધશિલા

આ રચના કરતી વખતે મધુર સ્વરે બોલવું -
'સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ સ્વીકાર...'



**શ્રી પાર્શ્વપંચકલ્યાણક પૂજાની ઢાળ :**

બે બાજુ ચામર ઢાલે,
એક આગળ વજ ઉલાળે ।
જઈ મેરુ ધરી ઉત્સંગે,
ઇંદ્ર ચોસઠ મળિયા રંગે ॥
પ્રભુ પાર્શ્વજીનું મુખડું જોવા,
ભવોભવના પાતિક ધોવા...

- દહેરાસરના અથવા પ્રભુજીની ભક્તિ માટે લાવેલા ચામરોથી પૂજ્ય ગુરુ ભગવંત સમક્ષ નૃત્ય ન કરાય અને ઢળાય પણ નહિ. સ્નાત્ર મહોત્સવમાં રાજ-રાણી કે ઈન્દ્ર-ઈન્દ્રાણી ને પણ ન ઢળાય. કદાચ ઢાળવાની કે નૃત્ય કરવાની જરૂર જણાય તો દેવદ્રવ્યમાં યથાયોગ્ય નકરો આપ્યા પછી જ ઉપયોગ કરી શકાય.




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



• સાવ નીચે રહેલ ઢગલીના ચોખાને અનામિકા (પુજાની આંગળી)થી ચોરસ આકારે ફેલાવવા, પણ ઢગલીમાં વચ્ચે ગોળાકાર કરી બંગડી જેવું ક્યારે પણ ન બનાવવું. કેમકે તેમ કરવાથી ભવભ્રમણ વધે.
• શક્ય હોય તો નંદાવર્ત રોજ કરવું , કેમકે તે અતિલાભદાયી અને મહામંગલકારી કહેવાય છે.
• ચારેય દિશામાં એક-એક લીટી કરીને સાથીયાનો આકાર આપવો. તેમાં પહેલો પાંખડો જમણી તરફ ઉપરનો મનુષ્ય-ગતિનો કરવો. બીજો ડાબી તરફ ઉપરનો દેવગતિનો કરવો. ત્રીજો ડાબી તરફ નીચે તિર્યંચગતિનો કરવો. ચોથો જમણી તરફ નીચે નરક-ગતિનો કરવો જોઈએ.
• ફક્ત સ્વસ્તિક જ બનાવવાની ભાવનાવાળા મહાનુભાવે સાથીયાની ચારેય દિશાનાં પાંખડાં ને કોઈ પણ જાતનો વળાંક ન આપવો. 卐 આ પ્રમાણે કરવું અયોગ્ય છે. 卐 આ પ્રમાણે કરવું યોગ્ય છે.
• સાથીયા કે નંદાવર્તની રચના વેળા દુહા બોલવા :

"અક્ષત પૂજા કરતાં થકાં, સફલ કરું અવતાર ;
ફલ માગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર."
સાંસરિક ફળ માંગીને, રડવડયો બહુ સંસાર ;
અષ્ટકર્મ નિવારવા, માગું મોક્ષ-ફળ સાર.
ચિહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ-મરણ જંજાળ,
પંચમીગતિ વિણ જીવને, સુખ નહિ તિહું કાળ."




• નોંધ : સાથીયો દર્શન જ્ઞાન-ચારિત્રની ત્રણ ઢગલીની ઉપર ગમે તેટલી સંખ્યામાં કરવાની હોય તો પણ ન કરાય. વિશેષ વિધિ માટે સાથીયા કરનારે નિત્ય ક્રમ મુજબ એક સાથીયો અવશ્ય વધારે કરવો.
• અષ્ટમંગલ :
૧.સ્વસ્તિક, ૨.દર્પણ, ૩.કુંભ, ૪.ભદ્રાસન, ૫.શ્રીવત્સ, ૬.નંદાવર્ત, ૭.વર્ધમાન અને ૮.મીનયુગલ
• મૂળ વિધિ અનુસાર પ્રભુજી સમક્ષ અષ્ટમંગલ રોજે આલેખવા જોઈએ. તે શક્ય ન હોય તો આ અક્ષત પૂજા વખતે અષ્ટમંગલની પાટલી પ્રભુજી સમક્ષ રાખીને અષ્ટમંગલ આલેખ્યાનો સંતોષ માનવો. પાટલીની કેશર-ચંદન પૂજા ન થાય.
• અક્ષતપૂજા કરતાં અન્ય ક્રિયા કે અન્યત્ર દષ્ટિ ન કરાય.
• અનિવાર્ય સંજોગો સિવાય દેરાસરમાં કટાસણામાં કે તે વગર પળાંઠી વાળીને બેસવું, તે આશાતના છે.

## નૈવેદ્ય પૂજા કરવાની વિધિ


રસવંતા નૈવેદ્યની થાળ આમ ઢોંકાય

• શુદ્ધ દ્રવ્યોથી બનાવેલી અતિરસવંતી (જોતાં મોઢામાં પાણી છૂટે તેવી) મીઠાઈ વગેરેથી નૈવેદ્ય પૂજા કરાય.
• ઘરમાં કોઈપણ મીઠાઈ બનાવવાની થાય તો સહુ પ્રથમ તે પ્રભુજી સમક્ષ ચઢતા પરિણામે ચઢાવવી, પણ ઘરમાં ખાઈને ધરાઈ ગયેલ હોય કે દિવસો વ્યતિત થઈ ગયા હોય તેવી મીઠાઈ પ્રભુજીને ન ચઢાવવી.
• બજારની અભક્ષ્ય મીઠાઈ - પીપરમીન્ટ - ચોકલેટ - સાકરના ક્યુબસ્ - લોલીપોપ - આદિ ન ચઢાવાય.
• રસવંતી મીઠાઈ શક્ય ન હોય તો ખડી સાકર-પતાસાં આદિ ભક્ષ્ય મીઠી વસ્તુ લઈ જઈ શકાય.
• નૈવેદ્ય એકાદ-બે રાખવાના બદલે થાળ કે થાળી ભરાઈ જાય, તેટલાં શક્તિ પ્રમાણે રાખવા.
• સુયોગ્ય નૈવેદ્યની ઉપર સોના-ચાંદીના વરખ લગાડાય.
• નૈવેદથી ચોખા-પાટલા-બાજોઠ આદિ ચીકણા ન થાય, તે માટે થાળીમાં મૂકવા.
• આર-પાર જોઈ શકાય તેવા સાધન દ્વારા નૈવેદને ઢાંકવાથી માખી આદિથી બચાવી શકાય.
• શ્રી વીશસ્થાનક તપ, વર્ધમાન તપ, ઓળી આદિ દરમ્યાન ક્રિયામાં જણાવ્યા મુજબના દરેક સાથીયા પર ઓછામાં ઓછું એક નૈવેદ્ય ફળ જરૂર મૂકવું જોઈએ.
• રસવંતા નૈવેદ્યને થાળીમાં રાખી દુહો બોલવો....
(પુરૂષો 'નમોઽર્હત્...' બોલે.)

ન કરી નૈવદ્ય પૂજના, ન ધરી ગુરુની શીખ ।
લેશે પરભવ અશાતા, ઘર ઘર માંગશે ભીખ ॥
"અણહારી પદ મેં કર્યાં, વિગ્ગહ-ગઈ અનંત;
દૂર કરી તે દીજીએ, અણહારી શિવસંત.॥"

ૐ હ્રીં શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યાનિ (એક હોય તો નૈવેદ્યં) યજામહે સ્વાહા ॥ (૨૭ ડંકા વગાડવા)

અર્થ : હે પ્રભુ ! એક ભવથી બીજા ભવે જતાં વચ્ચે બે-ત્રણ-ચાર સમય માટે વિગ્રહ ગતિમાં મેં અનંતીવાર આહારના ત્યાગ સ્વરૂપ અણાહારીપણું કર્યું છે. પણ તેથી મારી કાંઈ કાર્ય સિદ્ધિ (મોક્ષપદ પ્રાપ્તિ) થઈ નથી. તેથી આ નૈવેદ્યદ્વારા આપની પૂજા કરવા દ્વારા યાચું છું કે તેવા ક્ષણિક-નાશવંત અણાહારીપણાને દૂર કરીને મને અક્ષય-શાશ્વત એવા અણાહારીપદ સ્વરૂપ મોક્ષ સુખને આપો.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## ફળ પૂજાની વિધિ

- ઉત્તમ તથા ઋતુ પ્રમાણે શ્રેષ્ઠ ફળો ચઢાવવાં. શ્રીફળ ઉત્તમ કહેવાય. નહિતર બદામ ચાલે.
- નિમ્ન કક્ષાનાં, સડી-ગયેલાં, ગળી-ગયેલાં, છિદ્રવાળાં કે બોર-જાંબુ આદિ ફળો ન ચઢાવાય.
- સુયોગ્ય ફળોને ગાયના ઘીનું વિલેપન કરીને સોના-ચાંદીના વરખ લગાડીને સુશોભિત કરી શકાય.
- એકાદ કેળાના બદલે આખી લૂમ ચઢાવવી.
- શત્રુંજય તીર્થ માં જય તળેટી પાસે વહેંચનાર પાસેથી ફળ ન ખરીદવા.
- ફળ સિદ્ધશિલાની ઉપરની લીટી પર શ્રી સિદ્ધ ભગવતોનો વાસ છે, ત્યાં સિદ્ધભગવંતોને ચઢાવવું.
- ફળ પૂજા વેળા બોલવા યોગ્ય દુહો :


(પુરૂષો' નમોઽર્હત્... 'બોલે)

"ઈન્દ્રાદિક પૂજા ભણી,
ફલ લાવે ધરી રાગ ।
પુરૂષોત્તમ પૂજી કરી,
માગે શિવ ફળ ત્યાગ.. ॥૧॥

ૐ હ્રીં શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુ નિવારણ શ્રીમતે જિનેન્દ્રાય ફલાનિ (એક હોય

તો 'ફલં') યજામહે સ્વાહા... (૨૭ ડંકા વગાડવા)

અર્થ : પ્રભુ ઉપરના ભક્તિરાગથી ઈન્દ્રાદિ દેવો પ્રભુજીની ફળપૂજા કરવા માટે અનેક પ્રકારના ઉત્તમ-ફળોથી પૂજા કરીને મોક્ષની પ્રાપ્તિરુપ ફળને પામવામાં સહાયભૂત એવા ત્યાગધર્મની અર્થાત્ ચારિત્રધર્મની યાચના કરે છે અર્થાત્ મોક્ષફળનું દાન માગે છે.



ઉત્તમ ફળોનો થાળ આમ ઢોંકાય

## અક્ષત-નૈવેધ-ફળ પૂજા પછી રાખવા યોગ્ય સાવધાની

- પ્રભુજી સમક્ષ ચઢાવેલ અક્ષત (ચોખા)-નૈવેધ (મીઠાઈ આદિ)-ફળો અને રોકડ નાણું, તે નિર્માલ્ય દેવદ્રવ્ય કહેવાય.
- નિર્માલ્ય દેવદ્રવ્યની સઘળી સામગ્રીઓ દ્વારા ઉપાર્જિત થયેલ નાણું દેવદ્રવ્યના ભંડારમાં પૂરાવું જોઈએ.
- તેવી વ્યવસ્થા શ્રી સંઘ કે પેઢી કરવા સમર્થ ન હોય તો નિર્માલ્ય દેવદ્રવ્યની યથાયોગ્ય ઉપજની રકમ પોતાના હાથે દેવદ્રવ્યના ભંડારમાં પૂર્યા બાદ ચૈત્યવંદન આદિ ભાવપૂજાનો પ્રારંભ કરવો.
- ઘરની દરેક વ્યક્તિમાં પણ આવા પ્રકારના સંસ્કાર નાખવા પ્રયત્ન કરવો.
- પોતે ચઢાવેલ સામગ્રીનું યથાયોગ્ય રોકડ નાણું દેવદ્રવ્યના ભંડારમાં પૂરવાથી તે તે આરાધકો દર્શનાચારના અતિચાર સ્વરૂપ દેવદ્રવ્યની ઉપેક્ષાના મહાન દોષથી બચી શકે છે.
- દહેરાસરની કોઈપણ સામગ્રી ઉપયોગમાં લેતાં પહેલાં સ્વદ્રવ્યથી કરવાની ભાવનાવાળાએ ભંડારમાં કાંઈક યોગ્ય નાણું પુરવું જોઈએ.
- દહેરાસરમાં ચઢેલ સામગ્રીનો ઉપયોગ પૂજારી, ઉપાશ્રય-આયંબિલશાળાનો માણસ, ચોકીદાર, સાફ-સફાઈ કરનાર મજદુર (કર્મચારી), પેઢીના કર્મચારી આદિ કરતાં હોય તો તેઓને પોતાનું કોઈપણ કાર્ય ચીંધવુ કે સોંપવું નહી.
- દહેરાસરમાં પૂજારી રાખવો જ પડે, તેમ હોય તો શ્રાવકગણની બદલીમાં તેઓ (પુજારી) કામ કરતા હોવાથી તેઓને સર્વ સાધારણ (સાતક્ષેત્ર) ખાતામાંથી જ પગાર આપવો. દેવદ્રવ્યમાંથી ન આપવો.
- શ્રી સંઘના ઉદારદિલવાળા ભાગ્યશાળીઓએ મહિનાની શરૂઆત પહેલાં નિર્માલ્ય દેવદ્રવ્ય ખાતે યથાયોગ્ય રકમ શ્રી સંઘ તરફથી નિર્માલ્ય દેવદ્રવ્યની ઉપેક્ષાના દોષથી શ્રી સંઘને બચાવવા દેવદ્રવ્યમાં ભરી શકાય.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## ચૈત્યવંદન પહેલા સમજવા યોગ્ય વાતો



ત્રણવાર ભૂમિ પ્રમાર્જના આમ કરાય

- ભાઈઓએ પોતાના ખેસના છેડે રહેલ દશીથી અને બહેનોએ પોતાની સુયોગ્ય રેશમી સાડીના છેડેથી **ત્રણવાર ભૂમિનું પ્રમાર્જન** કરવું જોઈએ.
- ચૈત્યવંદન શરુ કરતા પહેલા દ્રવ્યપૂજાના ત્યાગ સ્વરૂપ **ત્રીજી નિસીહિ** ત્રણ વાર બોલવી.
- આ નિસીહિ બોલ્યા પછી પાટલા પર કરેલ અક્ષતાદિ દ્રવ્યપૂજા સાથે સંબંધ રહેતો નથી. તેથી તે પાટલાને સાચવવું કે રક્ષણ કરવું કે આંગળીઓથી સરખું કર્યા કરવું ઈત્યાદિ કરવાથી નિસીહિનો ભંગ થાય.
- 'ઈરિયાવહિયં' ની શરૂઆત કર્યા પછી પચ્ચક્ખાણ ન લેવાય કે ન દેવાય અને વચ્ચેથી ઉભા થઈને પક્ષાલ આદિ દ્રવ્ય પૂજા કરવા પણ ન જવાય. ચૈત્યવંદન પૂર્ણ થયા પછી પ્રભુજીને સ્પર્શ કરવા ગભારા આદિમાં પણ ન જવાય. કદાચ ચૈત્યવંદન કર્યા પછી પક્ષાલ આદિ દ્રવ્ય પૂજા કરવાની ખૂબ જ ભાવના હોય તો ફરિવાર તે પક્ષાલ આદિ કરેલ પ્રભુજીને અનુક્રમ પ્રમાણે અંગ-અગ્ર-ભાવ પૂજા કરવી જરુરી જાણવી.
- ચૈત્યવંદન શરુ કરતાં પહેલાં અવશ્ય યોગમુદ્રામાં 'ઈરિયાવહિયં' કરવી જોઈએ.
- દેરાસરમાં એક ચૈત્યવંદન કર્યા પછી સળંગ ત્યાં જ પરિસરમાં બીજુ ચૈત્યવંદન કે દેવવંદન કરવાની ભાવના હોય અને દહેરાસરમાં આવ-જાવ કરતાં પાણી-ફૂલ આદિની વિરાધના ન થયેલ હોય તો ફરીવાર 'ઈરિયાવહિયં' કરવાની જરૂર રહેતી નથી. વિરાધના થયેલ હોય કે ૧૦૦ ડગલાંથી ઉપર જવાનું થયેલ હોય તો અવશ્ય 'ઈરિયાવહિયં' કરવી જોઈએ.

મનને સ્થિર કરીને ચૈત્યવંદનનાં સૂત્ર તથા અર્થ ઉપર વિશેષ ધ્યાન આપવું અને ચિંતન કરવું.

## ચૈત્યવંદન વિધિ

- સહુ પ્રથમ એક ખમાસમણ સત્તર સંડાસા પૂર્વક દેવું.

**• ખમાસમણ સૂત્ર •**

ઈચ્છામિ ખમાસમણો ! ॥૧॥ વંદિઉં જાવણિજ્જાએ નિસિહિઆએ ॥૨॥ મત્થએણ વંદામિ ॥૩॥

- 'ઈચ્છામિ ખમાસમણો વંદિઉં' બોલતા અડધા અંગને નમાવવું.
- ફરી સીધા થઈને 'જાવણિજ્જાએ નિસીહિઆએ' બોલીને બન્ને પગ અને ઢીંચણ સ્થાપવાની ભૂમિનું પ્રમાર્જન કરીને નીચે ઉભડક પગે બેસવું અને પછી બન્ને હાથનું પ્રમાર્જન તથા મસ્તક મૂકવાની જગ્યાનું પ્રર્માજન કરવું.



પંચાંગ-પ્રણિપાત આમ અપાય

- પછી બે પગ-બે હાથ અને મસ્તક સ્વરુપ પાંચ અંગનો સ્પર્શ જમીન પર થતાંજ 'મત્થએણ વંદામિ' બોલવું. તે વખતે પાછળથી ઉંચા ન થવાય, તેની કાળજી રાખવી. શક્ય હોય તો દેરાસરમાં બિરાજમાન દરેક પ્રભુજીને ત્રણ-ત્રણ ખમાસમણાં આપવાં.
- ત્યાર બાદ ઈરિયાવહિયં પડિક્કમવી...

**• ઈરિયાવહિયં સૂત્ર •**

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ॥૧॥ ઈરિયાવહિયાએ, વિરાહણાએ ॥૨॥ ગમણાગમણે ॥૩॥ પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા-ઉત્તિંગ પણગ દગ, મટ્ટી - મક્કડા - સંતાણા, સંકમણે ॥૪॥ જે મે જીવા વિરાહિયા ॥૫॥ એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥૬॥ અભિહયા વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૭॥



ઇરિયાવહિયં આમ કરાય

**• તસ્સ ઉત્તરી કરણેણં સૂત્ર •**

તસ્સ ઉત્તરી - કરણેણં, પાયચ્છિત્ત - કરણેણં, વિસોહી - કરણેણં, વિસલ્લી - કરણેણં, પાવાણં- કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**• અન્નત્થ સૂત્ર •**

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં-જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુચ્છાએ ॥૧॥ સુહુમેહિં અંગ - સંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ - સંચાલેહિં ॥૨॥ એવમાઈ એહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥ જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ॥૪॥ તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥૫॥

('જિનમુદ્રા'માં એક લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી 'નમો અરિહંતાણં' કહી કાઉસ્સગ્ગ પારી લોગસ્સ બોલવો.)



**ચૈત્યવંદન આમ કરાય**

**• લોગસ્સ (નામસ્તવ) સૂત્ર •**

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે । અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસં પિ કેવલી ॥૧॥ ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈં ચ । પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ । વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ । વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા । ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મેં પસીયંતુ ॥૫॥ કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા । આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥૬॥ ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા । સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

• પછી ખમાસમણ ત્રણવાર દેવા.

**• ખમાસમણ સૂત્ર •**

ઈચ્છામિ ખમાસમણો ! ॥૧॥ વંદિઉં જાવણિજ્જાએ નિસિહિઆએ ॥૨॥ મત્થએણ વંદામિ ॥૩॥

**• ચૈત્યવંદનના પ્રારંભમાં બોલવા યોગ્ય સ્તોત્રઃ-**

સકલ - કુશલ - વલ્લી, પુષ્કરાવર્ત - મેઘો;
દુરિત - તિમિર - ભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ ।
ભવજલ - નિધિ - પોતઃ, સર્વ - સંપત્તિ હેતુઃ,
સ ભવતુ સતતં વઃ;શ્રેયસે શાન્તિનાથઃ ॥
(શ્રેયસે પાર્શ્વનાથઃ આદિ બોલવું ઉચિત નથી.)

**• સામાન્ય જિન ચૈત્યવંદન •**

તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુમ ગુણગણને બોલવા, રસના મુજ હરખે. ॥૧॥
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે ॥૨॥
એમ જાણીને સાહિબાએ, નેક નજર મોહે જોય;
'જ્ઞાનવિમલ' પ્રભુ નજરથી, તે શું જે નવિ હોય ॥૩॥

(જે ભગવાન હોય તેમનું, અથવા જે ભગવાનનું પાંચમાથી કોઈપણ કલ્યાણક હોય તેમનું અથવા સુદ-૧ થી દિનવૃદ્ધિ પ્રમાણે તે તે સંખ્યામાં આવતા ભગવાનનું (વદ-૧ માં ૧૫+૧=૧૬માં ભગવાન, વદ ૯,૧૦,૧૧ ના ૨૩માં ભગવાન અને વદ-૧૨ થી અમાસ સુધી ૨૪ માં ભગવાનનું ચૈત્યવંદન બોલવું જોઈએ. સામાન્ય જિન ચૈત્યવંદન કોઈપણ ભગવાન સન્મુખ બોલી શકાય.)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**• જંકિંચિ •**

જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસ્સે લોએ, જાઈં જિણ-બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ ॥૧॥



**મુક્તાસુક્તિ મુદ્રા**

**• નમુત્થુણં સૂત્ર •**

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥ આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં ॥૨॥ પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવર-ગંધહત્થીણં ॥૩॥ લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅ-ગરાણં ॥૪॥ અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં શરણદયાણં, બોહિદયાણં. ॥૫॥ ધમ્મદયાણં ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉ-રંતચક્કવટ્ટીણં. ॥૬॥

અપ્પડિહયવરનાણ-દંસણધરાણં વિઅટ્ટછઉમાણં. ॥૭॥ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥૮॥ સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણ-રાવિતિ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં. ॥૯॥ જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

**• જાવંતિ ચેઈઆઈં •**

(લલાટે હાથનો ખોબો કરી મુક્તાસુક્તિ મુદ્રામાં
આ સૂત્ર બોલવું)

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ । સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં ॥૧॥ (એક ખમાસમણ સત્તર સંડાસા પૂર્વક દેવું.)

**• જાવંત કેવિ સાહૂ •**

(મુક્તાસુક્તિ મુદ્રામાં આ સૂત્ર બોલવું)

જાવંત કેવિ સાહૂ,
ભરહેરવય-મહાવિદેહે અ ।
સવ્વેસિં તેસિં પણઓ,
તિવિહેણ તિદંડ વિરયાણં ॥૧॥

**• પંચ પરમેષ્ઠિ નમસ્કાર •**

(આ સૂત્ર ફક્ત પુરૂષો જ બોલે)

નમોર્હત્-સિદ્ધાચાર્યો-પાધ્યાય-સર્વ સાધુભ્યઃ ॥

**• સામાન્ય જિન સ્તવન •**

ચરણ કી શરણ ગ્રહું...
જિન તેરે... ચરણ કી શરણ ગ્રહું...
હૃદયકમલમેં ધ્યાન ધરત હું,
શિર તુજ આણ વહું.. જિન તેરે..॥૧॥
તુમ સમ ખોળ્યો દેવ ખલક મેં,
પેખ્યો નાહિ કબહું.. જિન તેરે.. ॥૨॥
તેરે ગુણો કી જપું જપમાલા,
અહર્નિશ પાપ દહું.. જિન તેરે.. ॥૩॥
મેરે મનકી તુમ સબ જાણો,
કયાં મુખ બહોત કહું.. જિન તેરે.. ॥૪॥
કહે 'જસવિજય' કરો ત્યું સાહિબ,
જયું ભવદુઃખ ન લહું.. જિન તેરે.. ॥૫॥

(ચૈત્યવંદનમાં આપેલ સૂચના મુજબ સ્તવનમાં સમજવું)

- શાસ્ત્રીય શુદ્ધ રાગમાં પૂર્વાચાર્યો દ્વારા રચાયેલા અથવા પોતાના સ્વરચિત સ્તવનો એકી સંખ્યામાં મંદસ્વરે અન્યોને ખલેલ ન પહુંચે, તેમ સુમધુર કંઠે ભાવવિભોર થઈને ગાવવા.
- દહેરાસરમાં પ્રભુજી સમક્ષ પર્યુષણ આદિ પર્વોનાં સ્તવનો (દા.ત. સુણજો સાજન સંત.. અષ્ટમી તિથિ સેવો રે...)અને તીર્થના મહિમાને (દા.ત. વિમલાચલ નીતુ...) જ વર્ણવતાં સ્તવનો ન ગાવા.
- પ્રભુગુણવૈભવનું વર્ણન જેમાં હોય અને પોતાના દોષોનો સ્વીકાર જેમાં હોય, તેવા અર્થ સાથેનાં સ્તવનો પ્રભુજી સમક્ષ ગાવા જોઈએ. ફિલ્મોની તર્જમાં સ્તવન ગાવા યોગ્ય નથી.



અરિહંત ચેઈયાણં આમ કરાય

- દેરાસરમાં પૂજન કે પૂજા કે મંડળ કે સંધ્યાભક્તિ આદિ કાર્યક્રમોમાં ઉપદેશ આપતાં ગીતો (દા.ત. એક પંખી આવીને ઉડી ગયું.. મા-બાપનો ઉપકાર.. શોક ગીત...) ક્યારેય પણ કોઈપણ સંજોગોમાં ન ગવાય.

**• જયવીયરાય સૂત્ર**

**(મુક્તાશુક્તિ મુદ્રામાં) •**

જયવીયરાય ! જય ગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં । ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઈટ્ઠફલસિદ્ધિ ॥૧॥ લોગ વિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ, સુહગુરુજોગો તવ્વયણ સેવણા આભવમખંડા ॥૨॥

(હવે આ સૂત્ર યોગમુદ્રામાં બોલવું.)

વારિજ્જઈ જઈ વિ, નિયાણબંધણં વીયરાય ! તુહ સમએ, તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥ દુક્ખક્ખઓ કમ્મક્ખઓ,સમાહિમરણં ચ બોહિલાભો અ, સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ કરણેણં ॥૪॥ સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ ।
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

(પછી ઉભા થઈને 'અરિહંત-ચેઇઆણં સૂત્ર બોલવું')

અરિહંત-ચેઈઆણં કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥ વંદણ-વત્તિયાએ, પૂઅણ-વત્તિયાએ, સક્કાર-વત્તિયાએ, સમ્માણ-વત્તિયાએ, બોહિલાભ -વત્તિયાએ, નિરુવસગ્ગ-વત્તિયાએ ॥૨॥ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

**• અન્નત્થ સૂત્ર •**

અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં ખાસિએણં છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ ॥૧॥ સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં-ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં ॥૨॥ એવમાઈ-એહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥૪॥ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥

(જિન મુદ્રામાં એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. 'નમો અરિહંતાણં' બોલીને એક થોય બોલવી)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કાઉસ્સગ્ગ કરવાની વિધિ

• કાઉસ્સગ્ગ ૧૯ દોષ રહિત અને શરીરને એકદમ સ્થિર રાખી, દૃષ્ટિ પ્રભુ સમક્ષ અથવા નાકની દાંડી તરફ રાખી, હોઠ સહજતાથી એક-બીજાને સ્પર્શે તેમ બંધ રાખી, જીભ વચ્ચે અથવા તાળવે સ્થિર રાખી, બન્ને દાંતની પંક્તિ (શ્રેણી) એક-બીજાને ન સ્પર્શે, તેમ રાખીને, કાઉસ્સગ્ગ કરવો વિશેષ ફળદાયી છે.

• ઉચ્ચાર કે ગણગણાટ કે આંગળીના વેઢામાં સંખ્યા ન ગણાય.

**• શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિ (=થોય) •**

(પુરુષો પહેલા 'નમોર્હત્ બોલે.')

શંખેશ્વર પાર્શ્વજી પૂજીએ, નરભવનો લ્હાવો લીજીએ ।
મન-વાંછિત પૂરણ સુરતરુ, જય વામા સુત અલવેસરૂં ॥૧॥

(અહી પણ ચૈત્યવંદન સ્તવનમાં કરેલ સૂચન મુજબ તે તે ભગવાનની થોય બોલવી.)

પછી એક ખમાસમણ દેવું. "ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ"

ઉભા થઈ યોગમુદ્રામાં યથાશક્તિ પચ્ચક્ખાણ લેવું.



જિનમુદ્રામાં કાઉસ્સગ્ગ આમ કરાય

## પ્રભાતનાં પચ્ચક્ખાણો

નવકારશી :- ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ-વત્તિયા-ગારેણં, વોસિરઈ (વોસિરામિ.)

### પોરિસિ-સાઢપોરિસિ-પુરિમડ્ઢ-અવડ્ઢ

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, અવડ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ), ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિ- વત્તિયા-ગારેણં, વોસિરઈ (વોસિરામિ).

### આયંબિલ-નિવિ-એકાસણું-બિયાસણું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, અવડ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં, નિવ્વિગઈઓ-વિગઈઓ પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, એગાસણં, બિયાસણં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ, તિવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગરિયાગારેણં, આઉંટ્ટણ-પસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ).

### ચઉવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

### તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), તિવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં પાણહાર, પોરિસિં, સાઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, અવડ્ઢં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ).

### ધારણા અભિગ્રહ

ધારણા અભિગ્ગહં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અરિહંતસક્ખિયં, સિદ્ધસક્ખિયં સાહુસક્ખિયં, દેવસક્ખિયં, અપ્પસક્ખિયં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

### દેશાવગાસિક

દેસાવગાસિયં, ઉવભોગં, પરિભોગં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

### મુટ્ઠિસહિઅં

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

(૧૪ નિયમ ધારનાર અને આઠ સામાયિક સાથે બે પ્રતિક્રમણ કરનારે 'દેવસાવગાસિક', કોઈપણ પ્રતિજ્ઞા કે ધારણા કરનાર 'ધારણા અભિગ્રહ' અને મુખશુદ્ધિ હોય ત્યારે



www.jainsite.com For Private & Personal Use Only

ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવાની ભાવનાવાળાએ 'મુટ્ઠિસહિઅં' પચ્ચક્ખાણ લેવું.)

### સાંજનાં પચ્ચક્ખાણો

#### પાણહાર

પાણહાર દિવસચરિમં, પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ(વોસિરામિ).

#### ચઉવિહાર–તિવિહાર–દુવિહાર

દિવસચરિમં પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ, તિવિંહપિ, દુવિંહપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

(પચ્ચક્ખાણ કરનારે 'પચ્ચક્ખામિ,વોસિરામિ' અવશ્ય બોલવું)

પછી તુરંત એક ખમાસમણ આપીને નીચે ઢીંચણના આધારે ઉભડગ પગે બેસીને મુટ્ઠિવાળીને **'જિન ભક્તિ કરતાં જે કાંઈ અવિધિ આશાતના હુઈ હોય' તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં'** બોલવું.

• ત્યાર બાદ પ્રભુજીની ભક્તિથી ઉત્પન્ન થયેલ આનંદને વ્યક્ત કરવા એકી સંખ્યામાં સ્તુતિઓ બોલવી. (દા.ત. આવ્યો શરણે તમારા, ભવોભવ તુમ ચરણોની સેવા., જિને–ભક્તિર્જિને ભક્તિ., અદ્ય મે સફલં જન્મ.., પાતાલે યાનિ બિંબાનિ... અન્યથા શરણં નાસ્તિ... અન્તે ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ અને સર્વ મંગલ માંગલ્યં' બોલવું)







પ્રભુજીને આમ વધાવાય

## પ્રભુજીને વધાવવાની વિધિ

- ચૈત્યવંદન સ્વરુપ ભાવપૂજાની સમાપ્તિ થયા પછી સોના–રુપા–હીરા–માણેક–મોતીથી પ્રભુજીને બન્ને હાથે વધાવાય.
- અથવા ચાંદીના સુવર્ણ રંગના ઢાળ ચઢાવેલા કમળ જેવા આકારના ફૂલો અને સાચા મોતી તેમજ અંખડ ચોખાથી પણ વધાવી શકાય.
- સાથીયા આદિના ચોખાને લઈને ન વધાવાય.
- વધાવવાની સામગ્રી હાથમાં રાખીને બોલવા યોગ્ય દુહા :–
- શ્રી પાર્શ્વ પંચ કલ્યાણક પૂજાનું ગીતઃ

" ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે ॥
કલ્યાણ ઉત્સવ કિયો, ચઢતે પરિણામે,
શતવર્ષાયુ જીવીને, અક્ષય સુખ સ્વામી ॥
તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી,
સાચી ભક્તે સાહેબા, રીઝો એક વેળા ॥
શ્રી શુભવીર હુવે સદા, મનવાંછિત મેળા "



- વધાવતાં–વધાવતાં બોલવું.

તીરથ પદ ધ્યાવો ગુણ ગાવો, પંચરંગી રયણ મિલાવો રે ॥
થાળ ભરી ભરી મોતીડે વધાવો, ગુણ અનંત દિલ લાવો રે ॥
ભલું થયું ને અમે પ્રભુગુણ ગાયા, રસના નો રસ પીધો રે ॥
રાવણ રાયે નાટક કીધો, અષ્ટાપદ ગિરિ ઉપર રે ॥
થૈયા થૈયા નાટક કરતાં, તીર્થંકર પદ લીધું રે ॥

- ચૈત્યવંદન પૂર્ણ થયે પાટલા ઉપર મૂકેલ સામગ્રી અને પાટલો સુયોગ્ય જગ્યાએ જાતે મૂકવાં.

## દેરાસરની બહાર નીકળતી વખતે વિધિ

- પ્રભુજી સન્મુખ દૃષ્ટિ રાખીને હૃદયમાં પ્રભુનો વાસ કરતાં–કરતાં પ્રભુજીને આપણી પીઠ ન દેખાય, તે મુજબ આગળ–પાછળ અને બન્ને બાજુ બરાબર કાળજી રાખીને પૂજાની સામગ્રી સાથે પાછાં પગે ચાલતાં–ચાલતાં પ્રવેશદ્વાર પાસે રહેલા મનોહર ઘંટ પાસે આવવું.
- પ્રભુજીની ભક્તિ કરવાથી ઉત્પન્ન થયેલ અંદરના અનહદ આનંદ અને શાંતિના અનુભવને પ્રગટ કરવા અન્ય આરાધકોને ખલેલ ન પહોંચે, તેમ ત્રણવાર ઘંટનાદ કરવો.
- ઘંટનાદ પછી પલકારા વિના અનિમેષ નયને પ્રભુની નિસ્પૃહ કરુણાદષ્ટિનું અમીપાન કરતાં–કરતાં અતિશય દુઃખતા હૃદયે પ્રભુનું સાન્નિધ્ય છોડીને પાપથી ભરેલા સંસારમાં પાછા જવું પડે છે, તેમ ખેદ રાખીને પાછાં પગે પ્રવેશદ્વાર તરફ આવવું.
- મૌન–ધારણ, જયણા–પાલન, દુઃખાર્ત્ત–હૃદય આદિ સહજતાથી અનુભવતાં આરાધકના નયનો અશ્રુપૂર્ણ પણ થવા સંભવ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




## ન્હવણ (નમણ) જલ લગાડવાની વિધિ



પ્રભુજીથી પાછા વળતાં આમ નિકળાય

- દહેરાસરમાં પ્રવેશદ્વાર પાસે પ્રભુની કોઈપણ દિશામાંથી દૃષ્ટિ ન પડે, તેવી જગ્યાએ સુયોગ્ય સ્વચ્છ વાટકામાં ઢાંકણ સાથે ન્હવણ (નમણ) જલ રાખવું.
- પોતાના શરીરને ન્હવણનો સ્પર્શ કરવાનો હોવાથી, તે વખતે પ્રભુજીની દૃષ્ટિ પડે, તો અનાદર થાય.
- સાધન નાનુ હોય તો નીચે એક થાળી રાખવી.
- ન્હવણજલને અનામિકા (પૂજા કરવાની આંગળી)થી સ્પર્શ કરીને અનુક્રમે એક-એક અંગે છાંટા ન પડે, તેમ લગાડવું. પ્રભુજીના અંગને સ્પર્શીને પરમપવિત્ર બનેલ નમણ જમીન પર ન પડે તેમ સાચવવું.



પાંચ અંગે ન્હવણ જલ આમ લગાડાય

- ન્હવણજલ જમણી અને ડાબી **આંખે સ્પર્શ કરતાં** ભાવના ભાવવી કે "મારી આંખોમાં રહેલ દોષદૃષ્ટિ અને કામવિકારો આના પ્રભાવે દૂર થાઓ." પછી બન્ને **કાનોમાં** જમણે-ડાબે **સ્પર્શ કરતાં** ભાવના ભાવવી કે "મારામાં રહેલ પરદોષશ્રવણ અને સ્વગુણશ્રવણની ખામી દૂર થઈને મને જિનવાણી શ્રવણની રુચિ ઉત્પન્ન થાઓ." અને પછી **કંઠના સ્થાને સ્પર્શ કરતાં** ભાવના ભાવવી કે "મને સ્વાદ પર વિજય મળે અને પરનિંદા-સ્વપ્રશંસા દોષ નિર્મૂળ થવા સાથે ગુણીજનના ગુણો ગાવા સદા તત્પરતા મળે." પછી **હૃદયમાં સ્પર્શ કરતાં** ભાવના ભાવવી કે "મારા હૃદયમાં સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ ઉત્પન્ન થવા સાથે પ્રભુજી તારો અને તારી આજ્ઞાનો સદૈવ વાસ બની રહે" અને અંતે **નાભિકમળ પર સ્પર્શ કરતાં** ભાવના ભાવવી કે.. 'મારાં કર્મમલ મુક્ત આઠરુચકપ્રદેશની જેમ મારા સર્વ-આત્મ-પ્રદેશો સર્વથા સર્વ કર્મમલ મુક્ત થાઓ.'
- આવી ભાવના કેશર તિલક પોતાના અંગે કરતા પણ ભાવવી જોઈએ.
- ન્હવણ જલ નાભિની નીચેના અંગમાં ન લગાડાય.

JAINSITE.com

## ઓટલા ઉપર બેસવાની વિધિ

- પ્રભુજીને કે દહેરાસરને પીઠ ન પડે તે રીતે બેસવું.
- રસ્તો કે પગથિયાં છોડીને એક બાજુ મૌન ધારણ કરી બેસવું.
- આંખો બંધ કરી મનમાં વાર ત્રણ શ્રી નવકાર મંત્ર ગણી હૃદયમાં પ્રભુજીનાં દર્શન કરવાં.
- મારુ દુર્ભાગ્ય છે કે પ્રભુજીને છોડીને ઘરે જવું પડે છે તેવો ભાવ રાખી ઊભા થવું.

**ઇતિ શ્રી જિન પૂજા-દર્શન વિધિ સમાપ્ત**





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૧ 'શ્રી કલ્લાણ કંદં સૂત્ર'



'દેવવંદન-ચૈત્યવંદનમાં કાયોત્સર્ગ પારીને બોલતીવખતની મુદ્રા'



કાયોત્સર્ગમાં સાંભળતી વખતની મુદ્રા.

| | |
|---|---|
| આદાનનામ | : શ્રી કલ્લાણ કંદં સૂત્ર |
| ગૌણનામ | : શ્રી પંચજિન સ્તુતિ સૂત્ર |
| પદ | : ૧૬ |
| સંપદા | : ૧૬ |
| ગુરુ-અક્ષર | : ૨૩ |
| લઘુ-અક્ષર | : ૧૫૩ |
| સર્વ અક્ષર | : ૧૭૬ |



**વિષય :** શ્રી પાંચજિનવરની, સર્વતીર્થંકરોની, શ્રુતજ્ઞાનની અને શ્રુતદેવીની સ્તુતિ.

**છંદનું નામઃ ઇન્દ્રવજ્રા. ★ રાગઃ "ભોગી યદાલોકનતોડપિ યોગી" (શ્રીપાર્શ્વપંચકલ્યાણક પૂજા શ્લોક)**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| કલ્લાણકંદં પઢમં જિણિંદં, | કલ્-લાણ્-કન્-દમ્ પઢ-મમ્ જિણિન્-દમ્, | કલ્યાણના મૂળ પ્રથમજિનેન્દ્રને, (ઋષભદેવ)ને |
| સંતિં તઓ નેમિજિણં મુણીંદં । | સન્-તિમ્-તઓ નેમિ-જિણમ્ મુણીન્-દમ્ । | શાંતિનાથને તથા મુનિઓના ઈન્દ્ર નેમિજિનને, |
| પાસં પયાસં સુગુણિક્કઠાણં, | પાસમ્ પયા-સમ્ સુ-ગુણિક્-ક ઠા-ણમ્, | શ્રી પાર્શ્વનાથને ત્રણ ભુવનમાં પ્રકાશ કરનાર (અને) સારા ગુણોના એક સ્થાનરુપ |
| ભત્તીઇ વંદે સિરિ વદ્ધમાણં ॥૧॥ | ભત્-તીઇ વન્-દે સિરિ-વદ્-ધ-માણમ્ ॥૧॥ | શ્રી વર્ધમાનસ્વામીને હું ભક્તિભાવ પૂર્વક વાંદું છું.૧. |

**અર્થ :-** કલ્યાણના મૂળ સમાન શ્રી ઋષભદેવ ભગવાને, મુનિઓના ઈન્દ્ર સમાન શ્રી શાંતિનાથને તથા શ્રી નેમિનાથ જિનને, ત્રણ ભુવનમાં પ્રકાશ કરનાર શ્રી પાર્શ્વનાથને અને સારા ગુણોના એક સ્થાનરુપ શ્રી વર્દ્ધમાન સ્વામીને હું ભક્તિભાવપૂર્વક વાંદું છું. ૧.

**છંદનું નામઃઉપજાતિ. ★ રાગ "ભોગી યદાલોકનતોડપિ યોગી" (શ્રી પંચકલ્યાણકપૂજા શ્લોક)**

| | | |
|---|---|---|
| અપાર સંસાર સમુદ્દપારં, | અપા-ર-સન્-સાર-સમુદ્-દ-પારમ્, | છેડા વિનાના સંસારરૂપ સમુદ્રના પારને |
| પત્તા સિવં દિંતુ સુઇક્ક-સારં । | પત્-તા સિવમ્-દિન્-તુ સુઇક્-ક સા-રમ્ । | પામેલા એવા (જિનેન્દ્ર) ઉત્તમ અને અપૂર્વસાર રુપ મોક્ષ આપો, |
| સવ્વે જિણિંદા સુરવિંદ-વંદા, | સવ્-વે-જિણિન્-દા-સુર-વિન્-દ-વન્-દા, | તે બધા જિનેન્દ્ર દેવતાઓના સમૂહથી વંદાયેલા છે, |
| કલ્લાણ-વલ્લીણ-વિસાલ-કંદા ॥૨॥ | કલ્-લાણ-વલ્-લીણ વિસા-લ-કન્-દા ॥૨॥ | કલ્યાણરુપી વેલડીના વિશાળ મૂળ સમાન એવા.૨. |

જૈન સાઈટ
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

**અર્થઃ-** છેડા વિનાના સંસારરૂપ સમુદ્રને પાર પામેલા, દેવતાઓના સમૂહથી વંદાયેલા તેમજ કલ્યાણરુપ વેલડીઓના મોટા મૂળ સમાન સર્વ જિનેન્દ્રો (મને) ઉત્તમ અને અપૂર્વ સારરુપ મોક્ષ આપો. ૨.

| | | |
|---|---|---|
| નિવ્વાણ-મગ્ગે વરજાણ કપ્પં, | નિવ્-વાણ-મગ્-ગે વર જાણ-કપ્-પમ્, | મોક્ષમાર્ગમાં ઉત્તમ વાહન સમા, |
| પણાસિયાસેસ-કુવાઇદપ્પં । | પણા-સિયા-સેસ-કુવા-ઇ-દપ્-પમ્ । | બધા કુવાદિઓના ગર્વનો નાશ કરનાર, |
| મયં જિણાણં સરણં બુહાણં, | મયમ્-જિણા-ણમ્ સર-ણમ્ બુહા-ણમ્, | જિનેશ્વરોનો સિદ્ધાંત પંડિતોને શરણ રુપ છે, |
| નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ॥૩॥ | નમા-મિ-નિચ્-ચમ્ તિ-જ-ગ-પ્-પ-હા-ણમ્ ॥૩॥ | ત્રણ જગતમાં પ્રધાન (એવા તે મત) ને હું હમેશા નમસ્કાર કરું છું. ૩. |

**અર્થઃ-** મોક્ષમાર્ગમાં (પ્રયાણ કરનાર ને) ઉત્તમ વાહન સમાન, બધા કુવાદિઓના અહંકારનો નાશ કરનાર, પંડિતોને શરણરુપ અને ત્રણ જગતમાં શ્રેષ્ઠ એવા શ્રી જિનેશ્વરદેવોના સિદ્ધાંતને હું હંમેશા નમસ્કાર કરું છું. ૩.

| | | |
|---|---|---|
| કુંદિંદુ ગોક્ખીર તુસારવન્ના, | કુન્-દિન્-દુ-ગોક્-ખીર-તુ-સાર વન્-ના, | ૧.મચકુંદ (મોગરા)નું ફુલ, ૨. ચંદ્ર, ૩.ગાયનું દૂધ અને૪. બરફ જેવા રંગવાળી, |
| સરોજહત્થા કમલે નિસન્ના । | સરો-જ હત્-થા કમ-લે નિસન્-ના । | જેના હાથને વિશે કમળ છે, (અને) કમળ ઉપર બેઠેલી છે એવી, |
| વાઇ(એ)સિરી પુત્થય-વગ્ગ-હત્થા, | વાઇ(એ)-સિરી-પુત્-થય-વગ્-ગ-હત્-થા, | (વાળી) જેના બીજા હાથમાં પુસ્તકોનો સમૂહ છે એવી સરસ્વતી દેવી- |
| સુહાય સા અમ્હ સયા પસત્થા ॥૪॥ | સુહા-ય સા અમ્-હ સયા-પસત્-થા ॥૪॥ | ઉત્તમ એવી તે દેવી હમેંશા અમારા સુખને માટે થાઓ. ૪. |

**અર્થ :-** મચકુંદ (મોગરા)નું ફુલ, ચંદ્ર, ગાયનું દૂધ અને બરફ જેવા રંગવાળી, (એક) હાથમાં કમળ (અને બીજા) હાથમાં પુસ્તકોનો સમૂહ છે જેણીને એવી કમળ ઉપર બેસેલી, અને સદા કલ્યાણને કરનારી એવી ઉત્તમ સરસ્વતી દેવી અમારા સુખને માટે થાઓ. ૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારો તેની સામે શુદ્ધ ઉચ્ચારો**

| અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- |
| કલ્યાણકંદં | કલ્લાણકંદં |
| પઢમજિણંદં | પઢમં જિણિંદં |
| સુગણિકઠાણં | સુગુણિક્કઠાણં |
| ભત્તીય વંદે | ભત્તીઈ વંદે |
| અપ્પારસંસાર | અપારસંસાર |
| સમુદ્રપારં | સમુદ્દપારં |
| સવ્વે જિણંદા | સવ્વે જિણિંદા |

નોંધ : પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગંવતોને વિહાર દરમ્યાન રોજ ઉપાશ્રય પરિવર્તન થાય ત્યારે અને એક સ્થાનેથી બીજે સ્થાને સંથારો કરવાની જગ્યા બદલે ત્યારે અને ચતુર્વિધ શ્રી સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) પક્ખી-ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણના આગલા દિવસે દેવસિઅ પ્રતિક્રમણ માંગલિક સ્વરુપે કરે ત્યારે અને ચતુર્વિધ શ્રી સંઘ સવારે રાઈઅ પ્રતિક્રમણ કરે ત્યારે આ 'શ્રી કલ્લાણકંદં સૂત્ર'નો અવશ્ય ઉપયોગ ચાર થોયના જોડા સ્વરુપે કરતા હોય છે.

છેલ્લા કેટલાક સમયથી આ સ્તુતિ વિવિધ રાગોમાં બોલવાની અને તેમાંય વળી ફિલ્મી રાગોમાં બોલવાની કુપ્રથા ચાલુ થયેલ છે, તે ઈચ્છિત અને શોભાસ્પદ નથી. છન્દ અનુસારે તે તે અક્ષરોમાં સુયોગ્ય વિરામ લઈને શાસ્ત્રીય રાગ અનુસાર વધારે લંબાવ્યા વગર બોલવું હિતકર છે.




શ્રી ઋષભદેવ પ્રભુ દર્શન જ્ઞાન-ચારિત્ર ક્ષમાદિ કલ્યાણલતાઓના કંદ જેવા છે. (પ્રભુમાંથી જ બધાં કલ્યાણ ઉઠે છે.) એમની નીચે શ્રી શાન્તિનાથ ભગવાન તથા શ્રી નેમિનાથ ભગવાન છે. બાજુમાં જ્ઞાનપ્રકાશ રૂપ શ્રી પાર્શ્વનાથ છે.(જે અજ્ઞાનતિમિરને હટાવે છે.) એમની નીચે સદગુણોના અર્કરુપ અને પ્રાતિહાર્યના વૈભવયુક્ત શ્રી મહાવીરસ્વામી છે. ૧.





સામે અનંતા જિનેશ્વરદેવો સમવસરણમાં બિરાજમાન છે, અને એમની આત્મજ્યોત ભવસમુદ્ર પાર કરી મોક્ષે પહોંચી રહી છે, એ બે બાજુ દેવોથી વંદાય છે, અને એમના (ચિંતનાદિ દ્વારા) પ્રભાવથી આપણામાં કલ્યાણ વેલડીઓ ઉગી વિસ્તરી રહી છે. એવો પ્રભુને હાથ જોડી પ્રાર્થવાનું કે 'શિવંદિતુ સુઈક્કસાર' અમને શાસ્ત્રોના સારભૂત અને સમગ્ર પવિત્ર-નિર્મળ વસ્તુઓમાં પ્રધાન એવા મોક્ષને દો. ૨.

જૈન સાઈટ JAINSITE જયતિ શાસનમ્




જિનાગમએ મોક્ષમાર્ગ = જ્ઞાન દર્શન-ચારિત્રે વિહરવા માટે જહાજરૂપ છે. બુદ્ધજનોએ પોતાનું જીવનનાવ એની સાથે ગાંઠીને એનું શરણ લીધું છે. આ જિનમત જહાજે મિથ્યાવાદીઓના મદને તોડવાથી એ બિચારા એની સામે ન જોતાં નિસ્તેજ થઈ કદાગ્રહમાં ડુબી રહ્યા છે. આવા વિશ્વ શ્રેષ્ઠ જિનમતને હું સદા નમું છું. ૩.




સામે સફેદ વર્ણવાળી સરસ્વતી દેવી કમળ પર બેઠી છે, એના એક હાથમાં કમળ અને બીજા હાથમાં પુસ્તક સમુહ છે, એને આપણે પ્રાર્થીએ છીએ કે અમારા સુખ માટે થાઓ. ૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૨ 'શ્રી સંસારદાવા સૂત્ર'



આઠમના દિવસે પ્રતિક્રમણમાં કાયોત્સર્ગ પારીને આ સૂત્ર બોલતી વેળાની મુદ્રા.




આઠમના દિવસે પ્રતિક્રમણ માં કાયોત્સર્ગમાં રહીને આ સૂત્ર સાંભળતી વેળા ની મુદ્રા.



પક્ખિ-ચૌમાસી-સંવત્સરી પ્રતિક્રમણ વખતે સજ્ઝાયમાં આસૂત્ર બોલતી-સાંભળતી વખતની મુદ્રા.

આદાન નામ : શ્રી સંસાર દાવાનલ સ્તુતિ
ગૌણ નામ : શ્રી મહાવીર સ્વામી સ્તુતિ
પદ : ૧૬
સંપદા : ૧૬
ગાથા : ૪
સર્વ અક્ષર : ૨૫૩



**વિષય :** આસન્ન ઉપકારી શ્રી મહાવીર સ્વામી, સર્વ તીર્થંકર ભગવંતોની, આગમ-સિદ્ધાંતની અને શ્રુતદેવીની સ્તુતિ.

**છંદનું નામઃ ઈન્દ્ર-વજ્રા; • રાગ "ભોગી યદાલોકનતોઽપિ યોગી" (શ્રી પાર્શ્વપંચકલ્યાણકપૂજા શ્લોક)**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| સંસાર-દાવા-નલ-દાહ-નીરં, | સન્-સાર-દાવા-નલ-દાહ-નીરમ્, | સંસારરુપ દાવાનળના તાપને ઓલવવામાં પાણી સમાન |
| સંમોહ-ધૂલી-હરણે સમીરં । | સમ્-મોહ-ધૂલી-હર-ણે-સમી-રમ્ । | મોહ(અજ્ઞાન)રૂપી ધૂળને દૂર કરવામાં પવન સમાન |
| માયા-રસા-દારણ-સાર-સીરં, | માયા-રસા-દાર-ણ-સાર-સીરમ્, | કપટરૂપી પૃથ્વીને ખોદવામાં તીક્ષ્ણ હળ સમાન, |
| નમામિ વીરં ગિરિ-સાર-ધીરં ॥૧॥ | નમામિ-વીરમ્ ગિરિ-સાર-ધીરમ્ ॥૧॥ | (અને) મેરુપર્વત સમ ધીરજવાન (એવા) શ્રી મહાવીર પ્રભુને (હું) નમસ્કાર કરું છું. ૧. |

**અર્થ :** સંસારરુપ દાવાનલના તાપને ઓલવવા માટે પાણી સમાન, મોહ એટલે અજ્ઞાનરુપી ધૂળને દૂર કરવામાં પવન સમાન, માયા એટલે કપટરૂપી પૃથ્વીને ખોદવામાં તીક્ષ્ણ હળ સમાન, અને મેરુપર્વત જેવા ધૈર્યવાન શ્રી મહાવીર પ્રભુને હું નમસ્કાર કરું છું. ૧.

**છંદનું નામઃ વસન્તતિલકા. • રાગ-ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા- (નવસ્મરણસ્તોત્ર)**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ભાવા-વનામ-સુર-દાનવ-માન-વેન, | ભાવા-વનામ-સુર-દાનવ-માન-વેન, | ભાવપૂર્વક નમસ્કાર કરનારા દેવો-દાનવો અને મનુષ્યોના જે સ્વામી |
| ચૂલા-વિલોલ-કમલા-વલિ-માલિ-તાનિ । | ચૂલા-વિલો-લ-કમ-લા-વલિ-માલિ-તાનિ । | તેના મુગટ ઉપર રહેલી ચપળ કમળની શ્રેણિઓથી પૂજાએલા એવા, |
| સંપૂરિતા-ભિનત-લોક-સમી-હિતાનિ, | સમ્-પૂરિ-તા-ભિન-ત-લોક-સમી-હિતાનિ, | (વળી) સારી રીતે પૂર્ણ કર્યા છે નમસ્કાર કરનાર લોકોના મનોવાંછિત જેમણે એવા- |
| કામં નમામિ જિનરાજ-પદાનિ તાનિ ॥૨॥ | કામમ્-નમામિ જિન-રાજ-પદા--નિ તાનિ ॥૨॥ | તે જિનેશ્વરોના ચરણોને હું ખૂબ નમસ્કાર કરું છું. ૨. |

**અર્થ :-** ભાવપૂર્વક નમસ્કાર કરનારા દેવો, દાનવો અને મનુષ્યોના સ્વામીઓના મુગટમાં રહેલ ચપળ કમળની શ્રેણિઓથી પૂજાયેલ, વળી સારી રીતે પૂર્ણ કર્યા છે નમસ્કાર કરનારા લોકોના મનોવાંછિત જેઓએ, એવા શ્રી જિનેશ્વર દેવોના ચરણોમાં હું ખૂબ નમસ્કાર કરું છું. ૨.

**છંદનું નામઃમન્દાક્રાન્તા. • રાગઃ "રે રે પંખી પર પથરો ફેંકતા ફેંકી દીધો" (લોકગીત)**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| બોધા-ગાધં સુપદ-પદવી-નીર-પૂરા-ભિરામં, | બોધા-ગાધમ્ સુપદ-પદ-વી-નીર-પૂર-ભિ-રામમ્, | (૧) જ્ઞાનથી ગંભીર, (૨) સારા પદોની રચનારૂપ પાણીના સમૂહ વડે મનોહર |
| જીવા-હિંસા-વિર-લ-લ-હરી-સઙ્ગ-માગાહ-દેહં । | જીવા-હિન્-સા-વિર-લ-લ-હ-રી-સઙ્-ગ-મા-ગા-હ-દે-હમ્ । | (૩) જીવની અહિંસારૂપ આંતરારહિત તરંગોના મળવાથી અગાધ શરીરવાળા, |
| ચૂલા-વેલં ગુરુ-ગમ-મણિ--સંકુલં-દૂર-પારં, | ચૂલા-વેલમ્ ગુરુ-ગમ-મણિ-સઙ્-કુલમ્-દૂર-પારમ્, | (૪) (સિદ્ધાંતોની) ચુલિકારૂપ વેલવાળા (૫) મોટા-સરખા પાઠ રુપી રત્નોથી ભરેલો (૬) જેનો કિનારો ઘણો દૂર છે એવા, |
| સારં-વીરા-ગમ-જલ-નિધિં-સાદરં સાધુ સેવે ॥૩॥ | સારમ્-વીરા-ગમ-જલ-નિ-ધિમ્-સાદ-રમ્ સાધુ-સેવે ॥૩॥ | (૭) (અને) ઉત્તમ શ્રી વીર ભગવંતના આગમરૂપી સમુદ્રને હું આદર સહિત સારી રીતે સેવુંછું. ૩. |

**અર્થ :-** જ્ઞાનથી ગંભીર, સારા પદોની રચનારૂપી પાણીના સમુહથી મનોહર, જીવોનીદયારૂપી આંતરા રહિત તરંગોના મળવાથી અગાધ શરીરવાળા, સિદ્ધાંતોની ચુલિકારૂપ વેલોવાળા, મોટા-સરખા પાઠોરૂપી રત્નોથી ભરેલા, જેનો કાંઠો પાર પામી શકાય તેવો નથી એવા ઉત્તમશ્રી વીરભગવંતના આગમરૂપ સમુદ્રની હું આદરપૂર્વક સારી રીતે સેવા કરું છું. ૩.

જૈન સાઈટ JAINSITE .com જૈનં જયતિ શાસનં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**છંદનું નામઃ સ્રગધરા. • રાગઃ અર્હત્વક્ત્ર-પ્રસૂતં-ગણધર-રચિતં... (સ્નાતસ્યા સ્તુતિ)**

| | | |
|---|---|---|
| આ-મૂ-લા-લોલ-ધૂલી-બહુલ- | આ-મૂ-લા-લો-લ-ધૂલી-બહુલ- | મૂળ સુધી કાંઈક ડોલતું, પરાગની ઘણી |
| પરિમલા-લીઢ-લોલા-લિ-માલા, | પરિ-મલા-લીઢ-લોલા-લિ-માલા, | સુગંધમાં આશક્ત થયેલા ચપળ ભમરાઓની શ્રેણીઓના |
| ઝંકા-રા-રાવ-સારા-મલ-દલ- | ઝઙ્-કા-રા-રાવ-સારા-મલ-દલ- | ગુંજારવના શબ્દથી ઉત્તમ એવું નિર્મળ પાંદડાવાળું |
| કમલા-ગાર-ભૂમિ-નિવાસે। | કમલા-ગાર-ભૂમિ-નિવાસે। | એવું જે કમળ, તે રુપ ઘરની ભૂમિમાં રહેનારી એવી, |
| છાયા-સંભાર-સારે-વર- | છાયા-સમ્-ભાર-સારે! વર- | કાંતિના સમુહથી સુશોભિત એવી, |
| કમલ-કરે! | કમલ-કરે!- | હાથને વિષે ઉત્તમ કમળ છે એવી, |
| તાર-હારા-ભિ-રામે!, | તાર-હારા-ભિરામે!, | દેદીપ્યમાન-હારથી મનોહર એવી, |
| વાણી-સં-દોહ-દેહે!- | વાણી-સન્-દોહ-દેહે!- | દ્વાદશાંગીરુપ વાણીના સમૂહરૂપી શરીરવાળી એવી, |
| ભવ-વિર-હ વરં-દેહિ-મે- | ભવ-વિરહ-વરમ્-દેહિ મે- | હે શ્રુતદેવી ! મને સંસારના વિરહનું ઉત્તમ |
| દેવિ! સારં ॥૪॥ | દેવિ ! સા રમ્ ॥૪॥ | મોક્ષરૂપી વરદાન આપો. ૪. |

**અર્થઃ- મૂળ સુધી કાંઈક ડોલતા, પરાગની ઘણી સુગંધમાં આશક્ત થયેલ ચપળ ભમરાઓની શ્રેણિઓના ગુંજારવથી શ્રેષ્ઠ, નિર્મળ પાંદડાવાળા કમળરૂપી ઘરની ભૂમિમાં રહેનારી, કાંતિના સમુહથી સુશોભિત, હાથને વિષે ઉત્તમ કમળવાળી, દેદીપ્યમાન હારથી મનોહર, (દ્વાદશાંગીરૂપ) વાણીના સમૂહરૂપી શરીરવાળી હે શ્રુતદેવી ! મને ઉત્તમ મોક્ષરુપી વરદાન આપો. ૪.**

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| નમ્મામિ વીરં | નમામિ વીરં |
| લિઠ્ઠુ લોલા લિમાલા | લીઢ લોલા લિમાલા |
| સુરપદ પદવી | સુપદ પદવી |

## આ સ્તુતિના સંદર્ભમાં રચયિતા અંગે કાંઈક જાણીએ

જૈનધર્મના પ્રગાઢ દ્વેષી એવા મિથ્યાભિમાની હરિભદ્ર પુરોહિત જ્ઞાનના ગર્વથી પોતાની સાથે ચાર વસ્તુ લઈને જ ગમનાગમન કરતા હતા. 'જંબુવૃક્ષની ડાળી'-જંબુદ્વીપમાં મારા જેવો કોઈ જ્ઞાની નથી તેમ સાબીત કરવા રાખતાં, 'સીડી' -કદાચ કોઈક પ્રતિવાદી ડરીને આકાશ માર્ગે ચાલ્યો જાય, તો ઉતારવા માટે ઉપયોગ કરવા રાખતા, 'કોદાળી'- કોઈક પ્રતિવાદી ડરીને જમીનમાં ઘુસી જાય તો કાઢવા માટે ઉપયોગ કરવા રાખતા અને પેટ પર લોખંડનો પટ્ટો બાંધવા દ્વારા મારામાં અગાધ જ્ઞાન છે, તે ક્યાંય ફુટીને બહાર ન નિકળી જાય માટે પહેરતા.

આવો ગર્વ છતાં એક અભિગ્રહ હતો કે 'જે હું સાંભળું તે મને ન સમજાય, તો જે સમજાવે, તે મારા ગુરુ' આના પ્રભાવે તેઓ જૈનધર્મને પામ્યા એટલું જ નહિ પણ સર્વસંગનો ત્યાગ કરી સંયમી બની અનુક્રમે તેઓ જૈનશાસનની ધુરાને સંભાળનાર પ્રકાંડ વિદ્વાન પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પણ બન્યા. પોતાના સંસારી ભાણેજો એવા શિષ્યરત્નો પૂ. મુનિરાજશ્રી હંસવિજયજી અને પૂ. મુનિરાજશ્રી પરમહંસ વિજયજી બૌદ્ધો દ્વારા મરાયા. તે વખતે બૌદ્ધોને વાદમાં હરાવીને ૧૪૪૪ બૌદ્ધ સાધુઓને જીવતા ગરમતેલની કડાઈમાં તળાવવા તૈયાર થયા.

ત્યારે જૈનધર્મની પ્રાપ્તિમાં સહાયભૂત માતૃહૃદયા સાધ્વીજી ભગવંત શ્રી યાકિની મહત્તરાના એક વૈરભાવના વિપાક દર્શન શ્લોકને વાંચીને શાન્ત થયા અને પોતાના ગુરુભગવંત પાસે દુષ્કૃતની નિંદા કરવા સાથે પ્રાયશ્ચિંત માંગેલ. પૂજ્ય ગુરુભગવંતે પ્રગાઢ જ્ઞાની એવા પોતાના શિષ્યને પ્રાયશ્ચિંત સ્વરૂપે ૧૪૪૪ ગ્રંથોની રચનાની પ્રતિજ્ઞા આપેલ. દિવસ-રાત જોયા વિના નૂતન જૈનશાસ્ત્રોની રચના કરવામાં મશગુલ બની ગયા. અંતિમસમયે ૧૪૪૦ ગ્રંથની રચના કરતાં-કરતાં આ 'સંસારદાવાનલ સ્તુતિ' એક ગાથા બરાબર એક ગ્રંથ મુજબ ત્રણ ગાથાની રચના કરી ૧૪૪૪મા ગ્રંથની રચના સ્વરૂપ છેલ્લી ગાથાની એક લીટીની રચના કરી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ત્યારે શાસન દેવની સહાયથી શ્રી સંઘે 'ઝંકારા...' થી ત્રણ પદ (લીટી)ની રચના કરેલ. તેથી છેલ્લી ત્રણ લીટી શ્રી સંઘ સાથે બોલવાની પ્રથા છે.

'યાકિની મહત્તરા સુનૂ' ના નામે પ્રખ્યાત પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાની આ સ્તુતિમાં એકપણ જોડાક્ષર નથી અને સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું મિશ્રણ પણ છે. તેમજ તેઓ શ્રીમદ્‌ની રચનાના અંતે પોતાનું નામ લખવાના બદલે તેઓ 'વિરહ' શબ્દ લખતા. ભગવાનથી ૧૭૦૦-૧૮૦૦ કે તેઓ પોતે આથી ૧૭૦૦-૧૮૦૦ વર્ષ પહેલાં થયા ? તેઓ શ્રીમદ્ ને સદા માટે કઠતુ હતું.

• આ 'સંસાર દાવા સ્તુતિ' ચતુર્વિધ શ્રી સંઘમાં આઠમના દિવસે સ્તુતિ સ્વરૂપે બોલાય છે. પક્ખી-ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં સજ્ઝાય સ્વરૂપે બોલાય છે. તેમજ દેવસિઅ-રાઈઅ પ્રતિક્રમણમાં પૂ. સાધ્વીજી ભગવંતો અને બ્હેનો પહેલી ત્રણ ગાથા 'નમોઽસ્તુ વર્ધમાનાય' અને 'વિશાલ-લોચન' ના બદલે (સામૂહિક સ્વરૂપે) બોલતાં હોય છે.


શ્રી પ્રશ્નોત્તર ચિંતામણિમાં શ્રી વીરવિજયજી મહારાજાએ એમ જણાવ્યું છે કે છેલ્લાં ત્રણ પદોમાં (છેલ્લી ગાથાની છેલ્લી ત્રણ લીટી) રહેલ મંત્ર શક્તિથી ક્ષુદ્ર-ઉપદ્રવ ઉપશાંત થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only




પરમાત્માની કરૂણાદષ્ટિ રૂપી પાણીથી વિષય-કષાયરૂપી દાવાનલથી મસ્ત ભવ્યાત્માને દાહશમન, પરમાત્માની દેશના રૂપી પવનથી મોહરૂપી ધૂળનું હરણ, પરમાત્માની વાત્સલ્યદષ્ટિથી માયા રૂપી પૃથ્વીને 'ખોદવા માટે તીક્ષ્ણહળ સમાન અને ઘોર-પરિષહ-ઉપસર્ગમાં પણ મેરૂપર્વતની જેમ નિશ્ચલ એવા શ્રી વીરપ્રભુ ને હું નમસ્કાર કરું છું. ૧.




મુકુટ બદ્ધ દેવ-દેવેન્દ્ર-નરેન્દ્રના સમુહથી અને દેવી-ઈન્દ્રાણી-મહારાણીના સમૂહથી ચરણે નમન કરાયેલા પરમાત્માને મારા અત્યંત નમસ્કાર હો. ૨.






સાગર જેવા ગંભીર અર્થો મને અહિંસા રૂપી તરંગોથી ગાઢ તેમજ પાર ન પમાય તેવા અને ચૂલિકા-પાઠ આદિથી ભરેલા અને જિનાગમને અમો આદરપૂર્વક સેવીએ છીએ. ૩.




કમળધરે કમળાસને જિનવચનમય એવી સરસ્વતી દેવી ને પ્રાર્થના કરવાની કે અમને ભવ-વિરહ = મોક્ષનું વરદાન આપો. ૪.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



દેવવંદન, ચૈત્યવંદન કરતી વેળાએ બોલતી સાંભળતી વેળાની મુદ્રા.



પ્રતિક્રમણમાં રત્નત્રયીની શુદ્ધિ માટે બોલતી - સાંભળતી વેળાની મુદ્રા.

# ૨૩ 'શ્રી પુક્ખર-વર-દીવડ્ઢે સૂત્ર'

આદાન નામ : શ્રી પુક્ખરવરદીવડ્ઢે સૂત્ર
ગૌણ નામ : શ્રી શ્રુતસ્તવ સૂત્ર
પદ : ૧૬
સંપદા : ૧૬
ગાથા : ૪
ગુરુ અક્ષર : ૩૪
લઘુ અક્ષર : ૧૮૨
સર્વ અક્ષર : ૨૧૬



**વિષય :** અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર શ્રુતજ્ઞાનરૂપ આગમની સ્તુતિ.

**છંદનું નામઃ આર્યા (ગાહા) • રાગઃ જિણજમ્મસમયે મેરુસિહરે (સ્નાત્રપૂજા)**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુ સારી અર્થ |
|---|---|---|
| પુક્ખર-વર-દીવડ્ઢે, | પુક્-ખર-વરદ્-દી-વડ્-ઢે, | પુષ્કર નામના સુંદર અડધા દ્વીપમાં, |
| ધાયઇ-સંડે અ જંબૂ-દીવે અ । | ધાય-ઇ-સણ્-ડે અ જમ્-બૂ-દીવે અ । | ધાતકી ખંડના અને જંબૂદ્વીપમાં (રહેલા) |
| ભરહેરવય-વિદેહે, | ભર-હે-રવ-ય વિદે-હે, | (પાંચ) ભરત, (પાંચ)ઐરાવત અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રમાં |
| ધમ્માઇગરે નમંસામિ ॥૧॥ | ધમ્-માઇ-ગરે ન-મમ્-સામિ ॥૧॥ | (શ્રુત) ધર્મની શરુઆત કરનાર (તીર્થંકરો ને હું નમસ્કાર કરૂં છું. ૧. |

**અર્થ :-** પુષ્કર નામના સુંદર અડધાદ્વીપમાં, ધાતકીખંડ ને જંબૂદ્વીપમાં (આવેલ) (પાંચ) ભરત, (પાંચ) ઐરાવત અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રમાં (શ્રીશ્રુત) ધર્મની શરૂઆત કરનારા (તીર્થંકરભગવંતો) ને હું નમસ્કાર કરું છું. ૧.

| | | |
|---|---|---|
| તમ-તિમિર-પડલ-વિદ્ધંં-સણસ્સ, | તમ-તિમિ-ર પડ-લ-વિદ્-ધમ્ સણસ્-સ, | અજ્ઞાનસ્વરૂપ અંધકારના સમૂહને નાશ કરનાર |
| સુર-ગણ-નરિંદ-મહિ-અસ્સ । | સુર-ગણ નરિન્-દ-મહિ-અસ્-સ । | દેવતાઓના સમૂહ અને ચક્રવર્તી રાજાઓ દ્વારા પૂજાયેલા |
| સીમા-ધરસ્સ વંદે, | સીમા-ધરસ્-સ વન્-દે, | મર્યાદામાં રાખનારને હું વંદન કરું છું. |
| પપ્ફો-ડિય-મોહ-જાલસ્સ ॥૨॥ | પપ્-ફો ડિ-ય-મોહ-જા-લસ્-સ ॥૨॥ | મોહની જાળને તોડી નાખનાર. ૨. |

**અર્થ :-** અજ્ઞાનસ્વરૂપ અંધકારના સમૂહને નાશ કરનાર, દેવતાઓના સમૂહ અને ચક્રવર્તી (રાજા)ઓથી પૂજાયેલ, (આત્માને) મર્યાદામાં રાખનાર, અને મોહરૂપી જાળને તોડી નાખનાર એવા (શ્રી સિદ્ધાંત)ને હું વંદન કરું છું. ૨.

**છંદનું નામઃ વસંતતિલકા ★ રાગ : ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા (નવસ્મરણ સ્તોત્ર)**

| | | |
|---|---|---|
| જાઈ-જરા-મરણ-સોગ-પણા-સણસ્સ, | જાઈ-જરા-મરણ-સોગ-પણા-સણસ્-સ, | જન્મ-ઘડપણ-મૃત્યુ ને શોકનો નાશ કરનાર, |
| કલ્લાણ-પુક્ખલ-વિસાલ-સુહા-વહસ્સ । | કલ્-લાણ-પુક્-ખલ-વિસા-લ-સુહા-વહસ્-સ । | કલ્યાણ અને સંપૂર્ણ વિશાળ (મોક્ષના) સુખને આપનાર. |
| કો-દેવ-દાણવ-નરિંદ-ગણ-ચ્ચિઅસ્સ, | કો-દેવ-દાણ-વ નરિન્-દ-ગણચ્-ચિઅસ્-સ, | દેવતા, દાનવ અને રાજાના સમૂહથી પૂજાએલ એવા, |
| ધમ્મસ્સ-સાર-મુવલબ્ભ-કરે પમાયં ॥૩॥ | ધમ્-મસ્-સ-સાર-મુવ-લબ્-ભ-કરે પમા-યમ્ ॥૩॥ | શ્રુતધર્મના તત્ત્વને પામીને કોણ પ્રમાદ કરે ? (અર્થાત્ કોઈપણ પ્રમાદ ન કરે) ૩. |

**અર્થ :-** જન્મ, ઘડપણ, મૃત્યુ અને શોકનો નાશ કરનાર, કલ્યાણકારી (અને) સંપૂર્ણ વિશાળ (મોક્ષ) સુખને આપનાર, દેવ-દાનવ અને રાજાના સમૂહથી પૂજાયેલ, (એવા) (શ્રી શ્રુત) ધર્મના રહસ્યને પામીને કોણ પ્રમાદ કરે ? (અર્થાત્ કોઈ પણ પ્રમાદ ન કરે) ૩.

જૈન સાઇટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**છંદનું નામ: શાર્દૂલ-વિક્રીડિત; રાગ ★ સ્નાતસ્યા-પ્રતિમસ્ય-મેરુ-શિખરે.. (વીરપ્રભુ-સ્તુતિ)**

| | | |
|---|---|---|
| સિદ્ધે ભો! પયઓ<br>ણમો જિણમએ-<br>નંદી સયા સંજમે,<br>દેવં-નાગ-સુવન્ન-કિન્નર-ગણ- | સિદ્-ધે-ભો-પય-ઓ-<br>ણમો જિણ-મએ-<br>નન્-દી સયા સઞ્ (સન્)-જમે,<br>દેવન્-નાગ-સુવન્-ન-કિન્-નર-ગણ- | હે (જ્ઞાનવંત લોકો) ! સિદ્ધ એવા<br>જિનમતને આદરસાથે નમસ્કાર થાઓ,<br>(જે હોતે છતે) ચારિત્ર ધર્મને વિષે હંમેશાં સમૃદ્ધ છે.<br>વૈમાનિક, ભવનપતિ, જ્યોતિષી અને<br>વ્યંતર દેવના સમૂહથી- |
| સ્સબ્ભૂઅ-ભાવચ્ચિએ ।<br>લોગો-જત્થ-પઇટ્ઠિઓ-<br>જગમિણં તેલુક્ક-મચ્ચાસુરં, | સ્સબ્-ભૂઅ-ભાવચ્-ચિએ ।<br>લોગો-જત્-થ-પઇટ્-ઠિઓ-<br>જગ-મિણમ્ તેલુક્-ક-મચ્-ચા-સુરમ્, | સત્ય ભાવે કરીને પૂજાએલું એવુ,<br>જ્ઞાન જે (શ્રુતધર્મ)માં રહેલું છે,<br>મનુષ્યો અને અસુરોવાળા ત્રણ લોક રુપ<br>આ જગત્ (જ્ઞેયરુપે) જેમાં પ્રતિષ્ઠ્યું છે, |
| ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ-<br>ધમ્મુત્તરં વડ્ઢઉ ॥૪॥<br>સુઅસ્સ ભગવઓ<br>કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિયાએ.. | ધમ્-મો વડ્-ઢઉ-સાસઓ-વિજ-ય-ઓ<br>ધમ્-મુત્-તરમ્ વડ્-ઢઉ ॥૪॥<br>સુઅસ્-સ ભગ-વઓ<br>કરે-મિ-કાઉસ્-સગ્-ગમ્ વન્-દણ-<br>વત્-તિ-યાએ..... | એવો શ્રુતધર્મ શાશ્વત વૃદ્ધિ પામો, વિજયવંત<br>થાઓ તેમજ ચારિત્રધર્મ બાદ પણ તે વૃદ્ધિ પામો. ૪.<br>તે પૂજયશ્રી શ્રુતધર્મને (વંદનાદિ માટે)<br>હું કાયોત્સર્ગ કરું છું. |

**અર્થ :-** હે (જ્ઞાનવંત લોકો) ! પ્રખ્યાત (સિદ્ધ) એવા શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાન્તને આદર સાથે નમસ્કાર થાઓ. (જે હોતે છતે) ચારિત્રધર્મમાં હંમેશાં સમૃદ્ધિ છે, (જે) વૈમાનિક, ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરદેવના સમૂહથી (હૃદયના) સત્યભાવથી પૂજાયેલા છે. જે (શ્રુતધર્મ)માં (ત્રણેય લોકનું) જ્ઞાન અને મનુષ્યો તથા અસુરોવાળા ત્રણ લોકરૂપ આ જગત (જ્ઞેય (જાણવા યોગ્ય) રૂપે ) રહેલું છે. (તે) શ્રુત ધર્મ શાશ્વત વૃદ્ધિ પામો, વિજય પામો ૪. પૂજ્ય શ્રુતધર્મને (વંદનાદિ માટે) હું કાયોત્સર્ગ કરું છું. ૪.

**આ સૂત્રના રહસ્ય અંગે કાંઈક સમજૂતિ**

સિદ્ધાંતથી જ પરમાત્મા તથા તેઓએ કહેલ ભાવો જાણી શકાય છે. આ શ્રુતધર્મ ભરત વગેરે ૧૫ ક્ષેત્રમાં જ હોય છે, તેથી પ્રથમગાથામાં એ પંદર ક્ષેત્રમાં શ્રુતધર્મનું પ્રતિપાદન કરનાર શ્રી તીર્થંકરદેવોની સ્તુતિ કરવામાં આવી છે. બીજી ગાથામાં શ્રુતધર્મની સ્તુતિ, ત્રીજી ગાથામાં આવા શ્રુતધર્મને પામી પ્રમાદ કરવા જેવો નથી અને ચોથી ગાથામાં ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થયા પછી જ તે શ્રુતધર્મ વિશેષ વૃદ્ધિ પામે, તેમ જણાવેલ છે.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| સિદ્ધે ભો ! પયણો અણમો | સિદ્ધે ભો ! પયઓ ણમો |
| કિન્નર ગણ સબ્ભૂઅ | કિન્નર ગણ સ્સબ્ભૂઅ |

નોંધ : આ સૂત્રમાં મતાંતરે 'દેવંનાગ' ના બદલે 'દેવન્નાગ' નો મત હોવાથી ગુરુ અક્ષર ૩૪ ના બદલે ૩૫ પણ થાય છે.




પુષ્કરવરનું અડધુદ્વીપ, ધાતકીખંડ અને જંબૂદ્વીપમાં ધર્મની આદિ કરનાર એવા અરિહંત પ્રભુને ભાવપૂર્વક નમસ્કાર. ૧.





અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર, સુર-સુરેન્દ્રના સમૂહ અને ચક્રવર્તી રાજાઓથી પૂજાયેલા, મોહરૂપી અગ્નિજવાલાને શાંત કરનાર અને મર્યાદામાં રાખનાર એવા શ્રુતધર્મને વંદન કરું છું. ૨.

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





જન્મ, ઘડપણ, મરણ, રોગ, શોક, આદિને નાશ કરનાર, સર્વ વિરતિ-રાજ વૈભવ-દેવ લોક અને અંતે મુક્તિનગર પહુંચાડવા સમર્થ એવા સર્વકલ્યાણ કર, દેવ-દાનવથી પૂજાયેલા એવા શ્રુતધર્મને પામીને કોણ પ્રમાદ કરે ? ૩.



















સર્વ અરિહંત ભગવંતો દ્વારા અર્થથી દેશના એકસરખી ચૌદરાજલોક વ્યાપ્ત અને પાંચજ્ઞાન યુક્ત હોય છે. તેવા શ્રુતને પામીને મહામુનિ સૂર્ય આતાપના, શિલા પર સંથારો, ઘોર ઉપસર્ગ સહન, સ્ત્રી પરિસહમાં નિર્લેપતા, ષટ્કાયજીવોની રક્ષા અને જંગલી પ્રાણી પ્રત્યે કરુણા રાખનાર હોય છે, તેથી તે સંયમધર્મ દેવ-દાનવ-નાગેન્દ્ર-કિન્નરો દ્વારા નમાયેલો હોવાથી મને સદા સંયમમાં આનંદ આપનાર બનો.૪.


For Private & Personal Use Only
info@jainsite.com

# ૨૪ 'શ્રી સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર'



દેવવંદન , ચૈત્યવંદન વખતે બોલતી- સાંભળતી વખતેની મુદ્રા



પ્રતિક્રમણમાં રત્નત્રયીની શુદ્ધિ માટે બોલતી-સાંભળતી વખતની મુદ્રા

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર |
| ગૌણનામ | : | સિદ્ધસ્તવ સૂત્ર |
| પદ | : | ૨૦ |
| સંપદા | : | ૨૦ |
| ગાથા | : | ૫ |
| ગુરુ અક્ષર | : | ૨૫ |
| લઘુ અક્ષર | : | ૧૫૧ |
| સર્વ અક્ષર | : | ૧૭૬ |



**વિષય :** સર્વ સિદ્ધભગવંતોને, શ્રી વીરવિભુને, શ્રી અરિષ્ટનેમિના કલ્યાણક વર્ણન સાથે, અષ્ટાપદજી પ્રભુને સાચા નમસ્કારનું વર્ણન.

**છંદનું નામઃ ગાહા; રાગઃ "જિણજમ્મસમયે મેરુસિહરે" (સ્નાત્રપૂજા)**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| સિદ્ધાણં બુદ્ધાણં, | સિદ્-ધા-ણમ્ બુદ્-ધા-ણમ્, | બંધાયેલ કર્મનો નાશ કરેલ, પોતાના મેળે બોધ પામેલ, |
| પાર-ગયાણં પરંપર ગયાણં। | પાર-ગયા-ણમ્, પરમ્-પર-ગયા-ણમ્। | સંસાર સમુદ્રથી પાર પામેલા તથા અનુક્રમે મોક્ષે પહોંચેલા- |
| લોઅગ્ગ-મુવગયાણં, | લોઅગ્-ગ-મુવ-ગયા-ણમ્, | લોકના અગ્રભાગ ઉપર પહોંચેલા (એવા) |
| નમો સયા સવ્વ સિદ્ધાણં ॥૧॥ | નમો સયા સવ્-વ-સિદ્-ધા-ણમ્ ॥૧॥ | સર્વસિદ્ધોને હમેંશા નમસ્કાર હો...૧. |

**અર્થ :-** જેઓએ બંધાયેલ કર્મનો નાશ કર્યો છે એવા, પોતાની મેળે બોધ પામેલા, સંસાર સમુદ્રનો પાર પામેલા, ગુણસ્થાનકના ક્રમે (અનુક્રમે) મોક્ષે પહોંચલા (અને) લોકના અગ્રભાગે પહોંચેલા, એવા સર્વે સિદ્ધોને હું નમસ્કાર કરું છું. ૧.

| | | |
|---|---|---|
| જો દેવાણ વિ દેવો, | જો દેવા-ણ વિ દેવો, | જે દેવોના પણ દેવ છે, |
| જં દેવા પંજલી નમંસંતિ। | જમ્-દેવાપઞ્(પન્)-જલી-નમમ્-સન્-તિ | જેઓને દેવતાઓ વિનયપૂર્વક હાથ જોડી-નમસ્કાર કરે છે, |
| તં દેવ દેવ મહિઅં, | તમ્ દેવ-દેવ-મહિ-અમ્, | તે દેવના પણ દેવ (ઈન્દ્ર) થી પૂજાએલા- |
| સિરસા વંદે મહાવીરં ॥૨॥ | સિર-સા વન્-દે મહા-વીરમ્ ॥૨॥ | મહાવીર પ્રભુને મસ્તકથી વાંદું છું. ૨. |

**અર્થ :-** જે દેવોના પણ દેવ છે અને જેઓને દેવતાઓ વિનયપૂર્વક હાથ જોડી નમસ્કાર કરે છે, તે ઈન્દ્રોથી પૂજાયેલ (એવા) શ્રી મહાવીરસ્વામીને હું મસ્તક થી વાંદું છું. ૨.

| | | |
|---|---|---|
| ઇક્કોવિ નમુક્કારો, | ઇક્-કો વિ નમુક્-કારો, | એક પણ નમસ્કાર. |
| જિણવર વસહસ્સ-વદ્ધમાણસ્સ। | જિણ-વર વસ-હસ્-સ વદ્-ધ-માણસ્-સ। | જિનવરોમાં વૃષભ સમાન શ્રી વર્ધમાન સ્વામીને કરેલ |
| સંસારસાગરાઓ, | સન્-સાર-સાગ-રાઓ, | સંસારરુપ સમુદ્રથી |
| તારેઇ નરં વ નારિં વા ॥૩॥ | તારે-ઇ નરમ્ વ નારિમ્-વા ॥૩॥ | તારે છે પુરુષને કે સ્ત્રીને. ૩. |

**અર્થ :-** જિનવરમાં શ્રેષ્ઠ એવા વર્ધમાનસ્વામીને(કરેલો) એક પણ નમસ્કાર પુરુષને કે સ્ત્રીને સંસારસમુદ્રથી તારે છે. ૩.

| | | |
|---|---|---|
| ઉજ્જિંત-સેલ-સિહરે, | ઉજ્-જિન્-ત-સેલ-સિહરે, | ગિરનાર પર્વતના શિખર ઉપર. |
| દિક્ખા-નાણં નિસીહિઆ જસ્સ। | દિક્-ખા નાણમ્ નિસી-હિઆ જસ્-સ। | જેઓના દીક્ષા, કેવળજ્ઞાન, મોક્ષ કલ્યાણક જેના થયા છે. |
| તં ધમ્મ-ચક્કવટ્ટિં, | તમ્-ધમ્-મ ચક્-ક-વટ્-ટિમ્, | તે ધર્મના ચક્રવર્તી એવા. |
| અરિટ્ઠનેમિં નમંસામિ ॥૪॥ | અરિટ્-ઠ-નેમિમ્ નમમ્-સામિ ॥૪॥ | શ્રી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું. ૪. |

**અર્થ :-** ગિરનાર પર્વતના શિખર ઉપર જે (ભગવંત)ના દીક્ષા કલ્યાણક, કેવલજ્ઞાન કલ્યાણક અને મોક્ષ (નિર્વાણ) કલ્યાણક થયા છે, તે ધર્મચક્રવર્તી શ્રી અરિષ્ટનેમિભગવાનને હું નમસ્કાર કરુ છું. ૪.

| | | |
|---|---|---|
| ચત્તારિ અટ્ઠ દસ દોય, | ચત્-તારિ અટ્-ઠ દસ દોય, | ચાર, આઠ, દશ (અને) બે |
| વંદિયા જિણવરા ચઉવ્વીસં। | વન્-દિ-યા જિણ-વરા ચઉવ્-વી-સમ્। | એ ચોવીશે જિનવરો વંદાયેલા છે. |
| પરમટ્ઠ નિટ્ઠિ અટ્ઠા, | પર-મટ્-ઠ-નિટ્-ઠિ-અટ્-ઠા, | પરમાર્થથી સિદ્ધ થયા છે સર્વ કાર્યો જેઓના |
| સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૫॥ | સિદ્-ધા-સિદ્-ધિમ્ મમ-દિ-સન્-તુ ॥૫॥ | એવા હે સિદ્ધો મને મોક્ષ આપો. ૫. |

**અર્થ :-** બાર, આઠ, દશ (અને) બે, એમ વંદના કરાયેલા, પરમાર્થથી સિદ્ધ થયા છે કાર્યો જેઓના એ(એવા) સિદ્ધ થયેલા ચોવીશે તીર્થંકરો મને સિદ્ધિ પદ આપો. ૫.

જૈન સાઇટ
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### નમસ્કાર ત્રણ પ્રકારે થાય

૧. ઈચ્છાયોગ નમસ્કાર : શુદ્ધ નમસ્કાર જાણે પણ આચરી ન શકે છતાં આચરવાની ઈચ્છા પૂર્ણ હોય તે. આથી પુણ્ય બંધ કરાવે.

૨. શાસ્ત્રયોગ નમસ્કાર : શુદ્ધ નમસ્કાર જાણે અને આચરણ પણ કરે પણ વિશેષ શુદ્ધતા ન હોય તે આથી કર્મનિર્જરા કરાવે.

૩. સામર્થ્યયોગ નમસ્કાર : શુદ્ધ નમસ્કાર જાણે આચરે અને પોતાની દરેક કરણી પણ શાસ્ત્ર બની જાય તે આથી અન્તર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્તિ થાય. (આવા જ નમસ્કારનો ઉલ્લેખ ઉપરોક્ત સૂત્રમાં કરાયેલ છે.)

(સંદર્ભ : પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિજી કૃત યોગદષ્ટિ સમુચ્ચય)

જિજ્ઞાસા : અતીત, અનાગત, વર્તમાન ચોવીશીના કેટલા કલ્યાણકો ગિરનાર પર્વત ઉપર થયા ?

તૃપ્તિ : વર્તમાન ચોવીશીના ૩ કલ્યાણક (નેમિનાથ દીક્ષા, કેવલ, મોક્ષ) - ૩, અનાગત ચોવીશીના ૨૨ ભગવાનના નિર્વાણકલ્યાણક-૨૨, અનાગત ચોવીશીના છેલ્લા ૨ ભગવાન છેલ્લા ૩-૩ કલ્યાણક-૬, અતીત ચોવીશીના છેલ્લા ૮ ભગવાનના છેલ્લા ૩-૩ કલ્યાણક- ૨૪ = ૫૫

### ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારો તેની સામે શુદ્ધ ઉચ્ચારો

| અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- |
| લોઅગ મુવગયાણં | લોઅગ્ગ મુવગયાણં |
| નરં વ નારિ વા | નરં વ નારિં વા |
| તમધમ્મચક્ક વટ્ટીણં | તં ધમ્મચક્ક |




સિદ્ધાણં = બાંધેલા આ કર્મોને શુક્લધ્યાન દ્વારા ભસ્મીભૂત કરતા; બુદ્ધાણં = ચાર ઘાતિ કર્મના ક્ષયથી કેવલજ્ઞાન-દર્શનને પામેલ, પારગયાણં = સંસાર સાગર પાર કરીગયેલા; પરંપરગયાણં = ગુણસ્થાનકના ક્રમમુજબ અષ્ટકર્મનું દહન કરનારા; લોઅગ્ગમુવગયાણં = લોકના અગ્રભાગને એટલે સિદ્ધાવસ્થાને પામેલાને હું નમસ્કાર કરું છું.૧.




સામર્થ્યયોગ દ્વારા કરાયેલો એક પણ પ્રભુજીને નમસ્કાર, તે નર હોય કે નારી તેને ભવપાર કરવા સમર્થ બને છે. ૩.



ચાર-આઠ-દશ અને બે ની સંખ્યામાં ચારેય દિશામાં શ્રીઅષ્ટાપદ તીર્થમાં બિરાજમાન ચોવીસે પરમાત્માને હું વંદન કરું છું. તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિપદને આપો. ૬.




જેઓ દેવોના પણ દેવ છે, જે દેવોની શ્રેણીથી પૂજાયેલ છે, તે તે દેવાધિદેવ એવી શ્રી વીરપ્રભુને મસ્તકવડે હું નમસ્કાર કરું છું. ૪.




ગિરનારપર્વત પર દીક્ષા-કેવલજ્ઞાન અને નિર્વાણ પામેલા અને ધર્મમાં ચક્રવર્તીસમાન એવા શ્રી નેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું. ૫.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ચૈત્યવંદન, દેવવંદન કરતી વખતે બોલતી-સાંભળતી વખતની મુદ્રા



પ્રતિક્રમણમાં રત્નત્રયીની શુદ્ધિ માટે બોલતી-સાંભળતી વખતની મુદ્રા



# ૨૫ 'શ્રી વેયાવચ્ચ-ગરાણં સૂત્ર'

આદાન નામ :શ્રી વેયાવચ્ચ-ગરાણં સૂત્ર
ગૌણ નામ :શ્રી સમ્યગ્દૃષ્ટિદેવની સ્તુતિ
ગાથા :૧
લઘુ અક્ષર :૧૮
ગુરુ અક્ષર :૪
કુલ અક્ષર :૨૨



**વિષય :**
**શાસનરક્ષક સમ્યગ્દૃષ્ટિ દેવોના સ્મરણ દ્વારા ધર્મમાં સ્થિરતાની માંગણી.**

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| વેયાવચ્ચગરાણં સંતિગરાણં | વેયા-વચ્-ચ-ગરા-ણમ્ સન્-તિ-ગરા-ણમ્ | (શ્રી જૈનશાસન) વૈયાવચ્ચનાં કરનાર (તથા) શાંતિનાં કરનાર |
| સમ્મ-દિટ્ઠિ-સમાહિ-ગરાણં, | સમ્-મ-દિટ્-ઠિ-સમા-હિ-ગરા-ણમ્, | સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિ કરનારને (આશ્રયીને) |
| કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥ અન્નત્થ | કરે-મિ કાઉસ્-સગ્-ગમ્ ॥૧॥ અન્-નત્-થ | કરું છું કાયોત્સર્ગ. ૧. |

**અર્થ :-** વૈયાવચ્ચનાં કરનાર, શાંતિનાં કરનાર (અને) સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિ કરનાર દેવોને (આશ્રયીને) હું કાર્યોત્સર્ગ કરું છું. ૧.

## પ્રભુજીની વિશિષ્ટ ભાવપૂજામાં ઉપયોગી દેવવંદનની વિધિ

- એક ખમાસમણ આપવું પછી યોગમુદ્રામાં 'ઈરિયાવહિયં' લોગસ્સ પૂર્ણ સુધી કરવું.
- પછી એક ખમાસમણ આપી આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છં' બોલવું'
- પછી 'સકલ કુશલવલ્લી' બોલી 'તુજ મુરતિને નિરખવા...' આદિ ભાવવાહી એક ચૈત્યવંદન બોલવું.
- પછી 'જંકિંચિ નામ-તિત્થં' બોલી નમુત્થુણં સૂત્ર બોલી મુક્તાશુક્તિ મુદ્રામાં જયવીયરાય સૂત્ર આભવમખંડા સુધી બોલવું.
- પછી એક ખમાસમણ આપી ફરીવાર આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ગુરુભગવંત., કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છં' બોલવું.
- પછી તરત ભાવવાહી એક ચૈત્યવંદન બોલી 'જંકિંચિ' સૂત્ર બોલી નમુત્થુણં સૂત્ર બોલી ઉભા થઈ યોગમુદ્રામાં અરિહંત ચેઈઆણં સૂત્ર બોલી અન્નત્થ' 'બોલીને એકવાર શ્રી નવકાર મંત્રનો કાઉસ્સગ્ગ જિનમુદ્રામાં કરી 'નમો અરિહંતાણં' બોલવા દ્વારા પારીને પુરુષોએ 'નમોઽર્હત્' સૂત્ર બોલી ચાર થોયના જોડામાંથી પહેલી થોય બોલવી. પછી લોગસ્સ સૂત્ર બોલી 'સવ્વલોએ-અરિહંત ચેઈઆણં અને અન્નત્થ સૂત્ર બોલી એકવાર શ્રી નવકારમંત્રનો કાઉસ્સગ્ગ કરી પારીને બીજી થોય બોલવી.'
- પછી 'શ્રી પુક્ખરવર દીવડ્ઢે સૂત્ર', વંદણવત્તિયાએ-અન્નત્થ સૂત્ર બોલી એકવાર શ્રી નવકારમંત્રનો કાઉસ્સગ્ગ કરી પારીને ત્રીજી થોય બોલવી. પછી 'સિદ્ધાણં બુદ્ધાણં' વેયાવચ્ચ-ગરાણં-અન્નત્થ સૂત્ર અનુક્રમે બોલી એકવાર-શ્રીનવકાર-મંત્રનો કાઉસ્સગ્ગ કરી પારીને પુરુષોએ 'નમોઽર્હત્ સૂત્ર' અને બ્હેનોએ એકવાર શ્રી નવકારમહામંત્ર બોલીને ચોથી થોય બોલવી.
- પછી નીચે બેસીને ચૈત્યવંદન મુદ્રામાં નમુત્થુણં સૂત્ર બોલી પાછા ઉભા થઈ યોગ મુદ્રામાં પહેલા ચાર થોયના જોડાની જેમ જ અરિહંત-ચેઈઆણં થી સિદ્ધાણં-બુદ્ધાણં આદિ સૂત્ર સુધી ચાર થોય અનુક્રમે બોલીને નીચે ચૈત્યવંદન મુદ્રામાં બેસવું.
- પછી 'નમુત્થુણં' બોલી 'જાવંતિ ચેઈઆઇં' મુક્તાશુક્તિ મુદ્રામાં બોલી ઉભા થઈ સત્તરસંડાસા (પ્રમાર્જના) પૂર્વક એક ખમાસમણ આપવું.
- પછી મુક્તાશુક્તિ મુદ્રામાં 'જાવંત કે વિ સાહુ' સૂત્ર બોલી પુરુષો હોય તો 'નમોઽર્હત્ સૂત્ર' બોલે અને બ્હેનો હોય તો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકવાર શ્રીનવકારમંત્ર હાથ જોડી બોલીને ભાવવાહી એકી સંખ્યામાં સુમધુર સ્વરે અન્યોને અંતરાય ન થાય તેમ સ્તવન બોલવું.

- પછી મુક્તાશુક્તિ મુદ્રામાં 'જયવીય-રાય સૂત્ર' 'આભવમખંડા' સુધી બોલવું અને પછી એક ખમાસમણ આપી આદેશ માંગવો કે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ?' ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઇચ્છં' બોલવું.
- પછી ગુજરાતી-સંસ્કૃત-કે પ્રાકૃત ભાષામાં ભાવવાહી ચૈત્યવંદન બોલીને 'જંકિંચિ નામ-તિત્થં' સૂત્ર બોલી 'નમુત્થુણં સૂત્ર' બોલવું. પછી મુક્તા શુક્તિ મુદ્રામાં જયવીયરાય સૂત્ર આભવમખંડા સુધી અને વારિજ્જઈ થી યોગમુદ્રામાં પૂર્ણ સૂત્ર બોલવું.
- પછી અંતે એક ખમાસમણ આપી ઉભડગ પગે નીચે બેસી જમણા હાથની મુઠ્ઠિવાળી કટાસણું-જમીન ચરવાળો રજોહરણ (ઓઘો) પર સ્થાપન કરી 'દેવવંદનની વિધિ કરતા જે કાંઇ અવિધિ હુઈ હોય, તે સવિ હુ મન - વચન - કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં' બોલવું.

નોંધ : ચાર થોયના જોડાનો ઉપયોગ શ્રી કલ્લાણકંદં સૂત્ર અને સંસાર દાવાનલ સૂત્રની એક-એક ગાથા સ્વરૂપે અનુક્રમે કરી શકાય. તે સિવાય ગુજરાતીમાં ચાર થોયના જોડા નીચે બતાવવામાં આવ્યા છે ત્રણ વાર ચૈત્યવંદન બોલતી વખતે પૂર્વે બતાવેલ ચૈત્યવંદન વિધિમાંથી 'સકલ-કુશલ-વલ્લી' અને 'તુજ મુરતી ને નિરખવા' નો ઉપયોગ કરી શકાય. તે સિવાય બે ચૈત્યવંદન નીચે બતાવવામાં આવ્યાં છે.

### શ્રી દેવવંદનમાં ઉપયોગી ચૈત્યવંદન - ૧

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી,
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમીગતિ પામી ॥૧॥
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લઇએ,
પ્રભુ નામે ભવોભવ તણાં, પાતિક સવિ દહિએ ॥૨॥
ૐ હ્રીઁ વર્ણ જોડી કરી, જપીએ પાર્શ્વ નામ,
વિષ અમૃત થઈ પરિણમે, લહિએ અવિચલ ધામ ॥૩॥

### શ્રી દેવવંદનમાં ઉપયોગી ચૈત્યવંદન - ૨

પરમેશ્વર પરમાત્મા, પાવન પરમીટ્ઠ,
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દીટ્ઠ ॥૧॥
અચલ-અકલ-અવિકાર સાર, કરુણારસ સિંધુ,
જગતજન આધાર એક, નિષ્કારણ બંધુ ॥૨॥
ગુણ અનંત પ્રભુ તાહરાએ, કિમહી કહ્યા ન જાય,
રામપ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય ॥૩॥

### શ્રી દેવવંદનમાં ઉપયોગી ચાર થોય નો જોડા - ૧

શંખેશ્વર પાર્શ્વજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ ।
મન વાંછિત પૂરણ સુરતરુ, જય વામા સુત અલવેસરૂં ॥૧॥
દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણ નીલા ।
દોય નીલા દોય શ્યામલ કહ્યાં, સોલે જિન કંચન વર્ણ લહ્યાં ॥૨॥
આગમ તે જિનવર ભાખીઓ, ગણધર તે હિયડે રાખીયો ।
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવ સુખ સાખીયો ॥૩॥
ધરણેન્દ્રરાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણાં ગુણ ગાવતી ।
સહુ સંઘના સંકટ ચૂરતી, નયવિમલનાં વાંછિત પૂરતી ॥૪॥

### શ્રી દેવવંદનમાં ઉપયોગી ચાર થોય નો જોડા - ૨

પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત;
પ્રભુ બેઠા સોહે, સમવરણ ભગવંત ।
ત્રણ છત્ર બિરાજે ચામર ઢાળે ઈંદ્ર;
જિનના ગુણ ગાવે, સુર નર નારીના વૃંદ ॥૧॥
બાર પર્ષદા બેસે, ઈન્દ્ર ઈન્દ્રાણી રાય,
નવ કમળ રચે સુર, તિહાં ઠવતાં પ્રભુ પાય ।
દેવદુંદુભિ વાજે કુસુમ વૃષ્ટિ બહુ હુંત;
એવા જિન ચોવીસે, પૂજો એકણ ચિત્ત ॥૨॥
જિન જોજણ ભૂમિ, વાણીનો વિસ્તાર;
પ્રભુ અર્થ પ્રકાશે રચના ગણધર સાર ।
સો આગમ સૂણતાં, છેદી જે ગતિ ચાર;
જિનવચન વખાણી, લીજે ભવનો પાર ॥૩॥
જક્ષ ગૌમુખ ગિરૂઓ,જિનની ભક્તિ કરેવ,
તિહાં દેવી ચક્કેશ્વરી વિઘ્ન ક્રોડી હરેવ ।
શ્રી તપગચ્છનાયક, વિજય સેનસૂરિરાય,
તસ્સ કેરો શ્રાવક, ઋષભદાસ ગુણ ગાય ॥૪॥

- પ્રભુજીની ભાવ પૂજા કરતી વખતે શક્ય હોય તો ચૈત્યવંદન ના બદલે દેવવંદન કરવાનો આગ્રહ રાખવો, વિશેષ લાભદાયી કહેવાય. કોઇપણ વિશિષ્ટતપની આરાધનામાં ભાગ્યશાળીએ ત્રણેય સમય દેવવંદન કરવાં જોઇએ. સવારનું રાઈઅ પ્રતિક્રમણ કરતાં પહેલા અને સાંજે દેવસિઅ-પક્ખી આદિ પ્રતિક્રમણ કર્યા પછી દેવવંદન પણ ન કરાય.
- પ્રભુજીની દ્રવ્યપૂજા અને ભાવપૂજા સિવાય વિશિષ્ટ આરાધનાનાં કાઉસ્સગ્ગ - પ્રદક્ષિણા ખમાસમણ-સાથીયા-ચૈત્યવંદન આદિ કરી શકાય. પણ શક્ય હોય ત્યાં સુધી નવકારવાળી ગણવા પળાંઠી વાળીને પ્રભુજી સમક્ષ ન બેસવા કાળજી રાખવી. આપણું શરીર અશુચિ (અપવિત્ર)નો ભંડાર હોવાથી વિશેષ કોઈ અગત્ય કારણ સિવાય પૂજાના કપડામાં કે સ્વચ્છ કપડામાં પ્રભુજી સમક્ષ વધારે પડતો સમય ન રહેવા કાળજી રાખવી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com info@jainsite.com



'ખમાસમણ' આપીને ઉભા થવું.



ઉભા થઈ યોગમુદ્રામાં બોલતી-સાંભળતી વખતની મુદ્રા

# ૨૬ 'શ્રી ભગવાનાદિ વંદન સૂત્ર'

આદાન નામ : શ્રી ભગવાનાદિ વંદન સૂત્ર
ગૌણ નામ : પંચ પરમેષ્ઠિ નમસ્કાર
વિષય : પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર
લઘુ અક્ષર : ૧૬
ગુરુ અક્ષર : ૩
કુલ અક્ષર : ૧૯

**વિષય :** સર્વશ્રેષ્ઠ એવા પાંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવપૂર્ણ હૃદયથી નમસ્કાર.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં. | ભગ-વાન્-હમ્, આ-ચાર્-ય-હમ્, ઉપા-ધ્યા-ય-હમ્, સર્-વ-સાધુ-હમ્. | ભગવંતને, આચાર્યને, ઉપાધ્યાયને, સર્વ સાધુઓને નમું છું. |

**અર્થ :-** (અરિહંત અને સિદ્ધ સ્વરૂપ) ભગવંતોને, આચાર્યોને, ઉપાધ્યાયોને (અને) સર્વ સાધુઓને વંદન કરું છું.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ભગવાનં આચાર્યં ઉપાધ્યાયં સર્વસાધુભ્ય કે સર્વસાધુભ્યં | ભગવાન્હં આચાર્યહં ઉપાધ્યાયહં સર્વસાધુહં |

નોંધ : દેવસિઅ અને રાઈઅ પ્રતિક્રમણ વખતે બબ્બેવાર આવતું આ સૂત્ર એક-એક ખમાસમણ ના આંતરે બોલાતું હોય છે. તે વખતે બહુલતયા બેઠા-બેઠા શરીરને ખૂબ સામાન્ય વળાંક આપીને બોલાતું હોય છે, તે હિતકર નથી. આપણા પરમોપકારી પંચપરમેષ્ઠિ ભગવંતોને ખૂબ ભાવપૂર્વક સત્તર સંડાસા (પ્રમાર્જના) સાથે ખમાસમણ આપવા દ્વારા વાંદવા જોઈએ.

- સાંજના પ્રતિક્રમણમાં પહેલીવાર આવતાં આ સૂત્ર પછી 'ઈચ્છાકારી સમસ્ત શ્રાવકને વાંદું' બોલવાની પ્રથા પ્રચલિત છે.





પ્રતિક્રમણ ઠાવતી વખતે આ સૂત્ર બોલવા-સાંભળવાની મુદ્રા.

# ૨૭ 'દેવસિઅ પડિક્કમણે ઠાઉં સૂત્ર'

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આદાન નામ : શ્રી સવ્વસ્સ વિ દેવસિઅ સૂત્ર
ગૌણ નામ : સંક્ષિપ્ત પ્રતિક્રમણ સ્થાપના સૂત્ર
લઘુ અક્ષર : ૧૮
ગુરુ અક્ષર : ૮
કુલ અક્ષર : ૨૬

**વિષય :** અતિશય ઉપયોગી ખૂબ જ ઓછા શબ્દોમાં અગાધ પાપોની આલોચના.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ (રાઈઅ) પડિક્કમણે ઠાઉં? ઇચ્છં, | ઇચ્-છા-કારે-ણ સન્-દિ-સહ ભગ-વન્! દેવ-સિઅ-(રાઈઅ) -પડિક્-કમણે ઠાઉમ્ ? ઇચ્-છમ્, | ઇચ્છા પૂર્વક આજ્ઞા આપો કે ભગવન્ ! દિવસ સંબંધી (રાત્રી સંબંધી)પાપોથી પાછો ફરું ? (ગુરુ કહે 'પડિક્કમેહ') (પાપથી ભલે પાછા ફરો) (ત્યારે શિષ્ય કહે) 'ઈચ્છં' તમારી આજ્ઞા પ્રમાણ છે. |
| સવ્વસ્સ વિ, દેવસિઅ (રાઈઅ), દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ | સવ્-વસ્-સ વિ, દેવ-સિઅ (રા-ઈઅ) દુચ્-ચિન્-તિઅ, દુબ્-ભા-સિઅ, દુચ્-ચિટ્-ઠિઅ | સર્વ પણ દિવસ સંબંધી (રાત્રી સંબંધી) દુષ્ટ ચિંતવન, દુષ્ટ ભાષણ દુષ્ટ ચેષ્ટારૂપ પ્રવૃત્તિ કરવાનું |
| મિચ્છા મિ દુક્કડં ॥૧॥ | મિચ્-છા મિ દુક્-ક-ડમ્ ॥૧॥ | મારું પાપ મિથ્યા થાઓ. ૧. |

**અર્થ :-** ઈચ્છાપૂર્વક હે ભગવન્ ! આપ આજ્ઞા આપો કે હું દિવસ સંબંધી (રાત્રી સંબંધી) પાપોથી પાછો ફરું ? (ગુરુભગવંત કહે પાપ થી ભલે પાછા ફરો) ત્યારે શિષ્ય કહે) મને આપની આજ્ઞા પ્રમાણ છે. (તે મુજબ) મારા સઘળાંય પણ દિવસ સંબંધી (રાત્રિ સંબંધી) દુષ્ટ (ખરાબ) ચિન્તવન, દુષ્ટ (ખરાબ) ભાષણ (બોલવાનું) અને દુષ્ટ (ખરાબ) ચેષ્ટારૂપ પ્રવૃત્તિ સંબંધી મારું પાપ મિથ્યા થાઓ અર્થાત્ મારું પાપ નાશ પામો. ૧.

દેવસિઅ પ્રતિક્રમણ વખતે 'દેવસિઅ' બોલવું અને રાઈઅ પ્રતિક્રમણ વખતે 'રાઈઅ' બોલવું. ★ સર્વ દોષનું મૂળ કારણ મન, વચન અને કાયા છે, તેથી એ ત્રણના દુષ્ટ વ્યાપારથી લાગેલા દોષનું આ સૂત્રમાં ખૂબ જ ટૂંકાણમાં મિથ્યા દુષ્કૃત કરવામાં આવેલ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




जैन साईट
JAINSITE.com






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com







પ્રતિક્રમણ વખતે આ સૂત્ર બોલતી - સાંભળતી વખતની મુદ્રા.

# ૨૮ 'શ્રી ઈચ્છામિ ઠામિ સૂત્ર'

આદાન નામ : શ્રી ઇચ્છામિ ઠામિ સૂત્ર
ગૌણ નામ : અતિચાર આલોયના સૂત્ર
ગુરુ અક્ષર : ૨૯
લઘુ અક્ષર : ૧૩૮
સર્વ અક્ષર : ૧૬૭



વિષય : શ્રાવકના ૧૨ વ્રતો સંબંધિ લાગેલા અતિચારની ક્ષમા યાચના.

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં | ઇચ્-છામિ ઠામિ કાઉસ્-સગ્-ગમ્ | હું કાયોત્સર્ગમાં રહેવાને ઇચ્છું છું. |
| જો મે, દેવસિઓ (રાઇઓ) | જો મે દેવ-સિઓ (રા-ઇઓ)- | જે મેં દિવસ સંબંધી (રાત્રી સંબંધી) અતિચાર |
| અઇઆરો કઓ | અઇ-આરો-કઓ | કર્યા હોય. |
| કાઇઓ, વાઇઓ, માણસિઓ, | કાઇ-ઓ, વાઇ-ઓ, માણ-સિઓ, | (૧) શરીર સંબંધી (૨) વચન સંબંધી (અને) (૩) કાયા સંબંધી, |

અર્થઃ હું કાયોત્સર્ગમાં રહેવાને ઈચ્છુ છું. જે મેં દિવસ સંબંધી (રાત્રી સંબંધી) મનથી, વચનથી અને કાયાથી (અતિચાર કર્યા હોય.)

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો | ઉસ્-સુત્-તો, ઉમ્-મગ્-ગો | (૪) શાસ્ત્ર વિરુદ્ધ (૫) માર્ગ વિરુદ્ધ, |
| અકપ્પો, અકરણિજ્જો, | અ-કપ્-પો, અ-કર-ણિજ્-જો, | (૬) આચાર વિરુદ્ધ, (૭) નહિ કરવા યોગ્ય કરવા રૂપ, |
| દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, | દુજ્-ઝાઓ, દુવ્-વિ-ચિન્-તિઓ, | (૮) આર્ત્ત-રૌદ્રધ્યાનસ્વરૂપ દુર્ધ્યાન રૂપ, (૯) અશુભ ચિંતવન કરવા રૂપ, |
| અણાયારો, અણિચ્છિઅવ્વો, | અણા-યારો, અણિચ્-છિ-અવ્-વો, | (૧૦) વ્રતાદિનો તદ્દન ભંગ કરવા રૂપ અનાચારથી, (૧૧) નહિ ઈચ્છા યોગ્ય (તેમજ), |
| અસાવગપાઉગ્ગો, | અસા-વગ-પાઉગ્-ગો, | (૧૨) શ્રાવકને જે ઉચિત ન હોય તેવું અયોગ્ય કરવાથી, |

**અર્થ :-** શાસ્ત્ર વિરુદ્ધ, સન્માર્ગ વિરુદ્ધ, આચાર વિરુદ્ધ (હોય), ન કરવા યોગ્ય (હોય), આર્ત્ત-રૌદ્રધ્યાન સ્વરૂપ દુર્ધ્યાનરૂપ, અશુભ ચિંતવનરૂપ, વ્રતાદિના તદ્દન ભંગ કરવા સ્વરૂપ અનાચારરૂપ, (જે) ઈચ્છવા યોગ્ય ન હોય (અને) શ્રાવકને ઉચિત ન હોય તેવું અયોગ્ય કરવાથી (તેવો અતિચાર લાગવાથી)

## આ અતિચાર શેમાં લાગ્યો હોય ?

| | | |
|---|---|---|
| નાણે, દંસણે, | નાણે, દન્-સ-ણે, | જ્ઞાનને વિષે, દર્શન ને વિષે, |
| ચરિત્તાચરિત્તે, | ચરિત્-તા-ચરિત્-તે, | દેશવિરતિ (રૂપ શ્રાવકધર્મ)ને વિષે, |
| સુએ, સામાઇએ, | સુએ, સામા-ઇએ, | શ્રુત સિદ્ધાંતને વિષે, સામાયિકને વિષે (અને) |
| તિણ્હં ગુત્તીણં, | તિણ્-હમ્ ગુત્-તી-ણમ્, | ત્રણ ગુપ્તિને વિષે, |
| ચઉણ્હં કસાયાણં, | ચઉણ્-હમ્ કસા-યાણમ્, | ચાર કષાય (ના ત્યાગ) સંબંધી, |

**અર્થ :-** જ્ઞાન ને વિષે, દર્શન ને વિષે, દેશવિરતિ (રૂપ શ્રાવકધર્મ) ને વિષે, સિદ્ધાંતને વિષે, સામાયિક ને વિષે અને ત્રણ ગુપ્તિ સંબંધી, ચાર કષાય (ના ત્યાગ) સંબંધી...



www.jainsite.com For Private & Personal Use Only @jainsite.com



## આ અતિચાર વળી ક્યાં વ્રતો સંબંધી લાગ્યા હોય ?

| | | |
|---|---|---|
| પંચણ્હ-મણુવ્વયાણં, | પઞ્(પન્)-ચણ્-હ-મ-ણુવ્-વયા-ણમ્, | પાંચ અણુવ્રતને વિષે, |
| તિણ્હં ગુણવ્વયાણં, | તિણ્-હમ્ ગુણવ્-વયા-ણમ્, | ત્રણ ગુણવ્રતને વિષે, |
| ચઉણ્હં સિક્ખાવયાણં, | ચઉણ્-હમ્ સિક્-ખા-વયા-ણમ્, | ચાર શિક્ષાવ્રતને વિષે, |
| બારસ વિહસ્સ સાવગધમ્મસ્સ, | બારસ-વિહસ્-સ-સાવ-ગ-ધમ્-મસ્-સ, | (એ) બાર પ્રકારના શ્રાવકધર્મને વિષે, |

## લાગેલા અતિચારની ભાવ-પૂર્વક ક્ષમા યાચના

| | | |
|---|---|---|
| જં ખંડિઅં જં વિરાહિઅં, | જમ્-ખણ્-ડિ-અમ્ જમ્ વિરા-હિ-અમ્, | જે (દેશ થકી) ભાંગ્યુ હોય (અને) જે (સર્વ થકી) વિરાધ્યું હોય, |
| તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ | તસ્-સ મિચ્-છા મિ દુક્-ક-ડમ્ ॥ | તે મારાં પાપ મિથ્યા થાઓ (નિષ્ફળ થાઓ). |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ઉસુત્તો ઉમગ્ગો | ઉસ્સુત્તો ઉમ્મગ્ગો |
| દુવિચિંતિઓ | દુવ્વિચિંતિઓ |
| તિણ્હ | તિણ્હં |
| મિચ્છામિદુક્કડમ્ | મિચ્છા મિ દુક્કડં |

**અર્થઃ-(તેમજ) પાંચ અણુવ્રત સંબંધી, ત્રણ ગુણવ્રત સંબંધી (અને) ચાર શિક્ષાવ્રત સંબંધી, (એ) બાર પ્રકારના શ્રાવક ધર્મ સંબંધી જે દેશ થકી ભાંગવા સ્વરૂપ ખંડિત કર્યુ હોય અને જે સર્વ થકી વિરાધના કરવા સ્વરૂપ વિરાધ્યું હોય, તે મારાં પાપ મિથ્યા થાઓ (નિષ્ફળ થાઓ) (દેશ = કાંઈક અંશે; સર્વ = સર્વથા)**

## શ્રાવકનાં બાર વ્રત

### પાંચ અણુવ્રત

(૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત = મોટી હિંસાથી અટકવું (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત = મોટું જુઠું બોલવાથી અટકવું, (૩) સ્થૂલ-અદત્તાદાન વિરમણવ્રત = નહિ આપેલાને લેવાથી અટકવું, (૪) સ્વદારાસંતોષ-પરસ્ત્રીગમન વિરમણવ્રત = પોતાની પત્નીમાં સંતોષ કેળવીને પરસ્ત્રીને સેવવાથી અટકવું અને (૫) સ્થૂલ પરિગ્રહ પરિમાણ વિરમણવ્રત = મોટા પરિગ્રહથી અટકવું.

### ત્રણ ગુણવ્રત

(૬) દિગ્પરિમાણવ્રત : દિશામાં ગમનાગમનનું પરિમાણ નક્કી કરવું, (૭) ભોગોપભોગ પરિમાણ વ્રત = ભોગ અને ઉપભોગનું પરિમાણ નક્કી કરવુ અને (૮) અનર્થદંડ વિરમણ વ્રત : નકામાં પાપથી અટકવું

### ચાર શિક્ષાવ્રત :

(૯) સામાયિક વ્રત : સામાયિક કરવાની સંખ્યાનું પરિમાણ કરવું.

(૧૦) દેશાવગાસિક વ્રત : ઉપવાસ અથવા ઓછામાં ઓછું એકાસણ કરીને રાઇઅ-દેવસિઅ પ્રતિક્રમણની સામાયિક સિવાય આઠ સામાયિક કરવાં તે.

(૧૧) પૌષધોપવાસ વ્રત : ઉપવાસ કરી ૮ પ્રહરનો અહોરાત્ર પૌષધ કરવો.

(૧૨) અતિથિ-સંવિભાગ વ્રત : અહોરાત્ર (આઠ પ્રહર) પૌષધવ્રતમાં ચઉવિહાર ઉપવાસ કરી બીજા દિવસે પૌષધ પારીને ઠામ ચઉવિહાર એકાસણાનું પચ્ચક્ખાણ કરી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતને પોતાના ગૃહાંગણે પધરાવીને સુપાત્ર દાન કરવું. પૂજ્ય મહાત્મા જે વસ્તુ વહોરે તે જ વસ્તુ દ્વારા એકાસણું કરીને ચઉવિહારનું પચ્ચક્ખાણ તે જ વખતે લઈ લેવું તે.

પૂજ્ય મહાત્માને અતિથિ સંવિભાગવ્રત છે, તેમ કહી સઘળી વસ્તુઓ વહોરાવવાનો આગ્રહ ન રાખવો.

પૂ. મહાત્માઓનો સર્વથા અભાવ હોય તો વ્રતધારી શ્રાવક - શ્રાવિકાને આમંત્રણ આપી જમાડી શકાય

- માનવભવ પામ્યા પછી શ્રાવકધર્મનો સ્વીકાર કરી ૧૨ વ્રત અથવા તેથી અલ્પ સંખ્યામાં પણ વ્રત ગ્રહણ કરીને વ્રતધારી બનવું જોઈએ. શાસ્ત્રીય વચન અનુસારે વ્રતધારી ને જ શ્રાવક કહેવાય, તે સિવાયના ભાગ્યશાળીઓને ફક્ત જૈન જ કહેવાય. પૂ.મહાત્માઓ આજીવન માટે પાંચ મહાવ્રતોને ધારણ કરનારા હોય છે.
- આ 'ઇચ્છામિ ઠામિ' સૂત્ર દેવસિઅ કે રાઇઅ કે પક્ખી કે ચૌમાસી કે સંવત્સરી પ્રતિક્રમણ વખતે પંચ મહાવ્રતધારી પૂજ્ય ગુરુભગવંતની નિશ્રા દરમ્યાન આવે, ત્યારે દરેક શ્રાવક - શ્રાવિકાગણે શ્રાવક - ધર્મ (જીવન)ને ઉદ્દેશીને રચાયેલ ઉપરોક્ત આ સૂત્ર અવશ્ય મનમાં બોલવું જોઈએ. કેમકે પૂજ્ય ગુરુભગવંતો સાધુધર્મને લાગતું સૂત્ર બોલતા હોય છે.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





પ્રતિક્રમણમાં પંચાચારની શદ્ધિ માટે કાયોત્સર્ગમાં ચિંતન કરવાની મુદ્રા

# ૨૯ 'શ્રી નાણમ્મિ દંસણમ્મિ સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી નાણમ્મિ સૂત્ર, |
| ગૌણ નામ | : શ્રી પંચાચારની ગાથા |
| પદ | : ૩૨ |
| સંપદા | : ૩૨ |
| ગાથા | : ૮ |
| લઘુ અક્ષર | : ૨૫૭ |
| ગુરુ અક્ષર | : ૩૩ |
| કુલ અક્ષર | : ૨૯૦ |

**વિષય :** પાંચ આચારોનાં પ્રભેદ સાથે વર્ણન અને અતિચારોનું સ્મરણ કરી ગર્ભિત રીતે મિથ્યા દુષ્કૃતની યાચના.

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| નાણમ્મિ દંસણમ્મિ અ,<br>ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ ।<br>આયરણં આયારો,<br>ઇઅ એસો પંચહા ભણિઓ ॥૧॥ | નાણમ્-મિ દન્-સણમ્-મિ અ,<br>ચર-ણમ્-મિ તવમ્-મિ-તહ ય વીરિ-યમ્-મિ ।<br>આય-રણમ્ આયારો,<br>ઇઅ એસો પઞ્(પન્)-ચહા ભણિ-ઓ ॥૧॥ | (૧) જ્ઞાનને વિષે, (૨) દર્શનને વિષે,<br>(૩) ચારિત્રને વિષે, (૪) તપને વિષે તથા<br>(૫) વીર્યને વિષે આચરણ, તે કહેવાય,<br>આ પ્રમાણે (વિષયભેદે) આ આચાર<br>પાંચ પ્રકારે કહ્યો છે. ૧. |

**અર્થ :-** જ્ઞાન ને વિષે, દર્શન ને વિષે, ચારિત્રને વિષે, તપને વિષે તેમજ વીર્ય ને વિષે (જે) આચરણ (તે) આચાર, (જ્ઞાનાદિ ભેદથી) આ (આચાર) આ પ્રમાણે પાંચ પ્રકારે કહેલ છે. ૧.

| | | |
|---|---|---|
| કાલે વિણએ બહુમાણે,<br>ઉવહાણે તહ અનિણ્હવણે ।<br>વંજણ-અત્થ-તદુભએ,<br><br>અટ્ઠ વિહો નાણ-માયારો ॥૨॥ | કાલે વિણએ બહુ-માણે,<br>ઉવ-હાણે તહ અ-નિણ્-હ વ-ણે ।<br>વઞ્(વન્)-જણ-અત્-થ-તદુ-ભએ,<br><br>અટ્-ઠ-વિહો નાણ-માયા-રો ॥૨॥ | કાળે ભણવું, વિનય કરવો, બહુમાન રાખવો,<br>ઉપધાનાદિ વિશિષ્ટ તપ કરવો તથા ભણાવનારને છૂપાવવા<br>શુદ્ધ ઉચ્ચાર સાથે સૂત્ર અને અર્થ ભણવાં તથા સૂત્રાર્થ<br>બન્ને શુદ્ધ ભણવા,<br>એમ આઠ પ્રકારે જ્ઞાનનો આચાર છે. ૨. |

**અર્થ :** (૧) જે કાળે જે ભણવાની આજ્ઞા હોય, તે ભણવું એ કાળ આચાર, (૨) જ્ઞાન-જ્ઞાનીનો વિનય સાચવવો તે વિનય આચાર, (૩) જ્ઞાની તથા જ્ઞાન ઉપર અંતરનો પ્રેમ કરવો તે બહુમાન આચાર, (૪) સૂત્રો ભણવા માટે તપ વિશેષ કરવો તે ઉપધાન આચાર, (૫) ભણાવનાર ગુરૂને ન ઓળવવા તે અનિન્હવ આચાર, (૬) સૂત્રો શુદ્ધ ભણવાં તે વ્યંજન આચાર, (૭) અર્થ શુદ્ધ ભણવા તે અર્થ આચાર અને (૮) સૂત્ર અને અર્થ બન્ને શુદ્ધ ભણવા તે તદુભય આચાર, આ આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે. ૨.

| | | |
|---|---|---|
| નિસ્સંકિઅ નિક્કંખિઅ,<br>નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ ।<br>ઉવવૂહ થિરિકરણે,<br>વચ્છલ્લ-પ્પભાવણે અટ્ઠ ॥૩॥ | નિસ્-સઙ્-કિઅ નિક્-કઙ્-ખિઅ,<br>નિવ્-વિતિ-ગિચ્-છા અમૂ-ઢ દિટ્-ઠી અ ।<br>ઉવ-વૂહ થિરિ-કર-ણે,<br>વચ્-છલ્-લપ્-પભા-વણે અટ્-ઠ ॥૩॥ | શંકા ન કરવી, બીજા મતની ઈચ્છા ન કરવી,<br>દુર્ગંછા ન કરવી, સત્ય માર્ગથી ડામાડોળ ન થવું.<br>સમક્તિધારીની પ્રશંસા, અન્યોને ધર્મમાં સ્થિર કરવા,<br>સાધર્મિકોનું હિત ચિંતવવું, શાસન પ્રભાવના<br>કરવી, (આ)આઠ. ૩. |

**અર્થ :-** (૧) વીતરાગના વચનમાં શંકા ન કરવી, તે નિઃશંક્તિા, (૨) જિનમત વિના બીજા મતની ઈચ્છા ન કરવી, તે નિષ્કાંક્ષિતા (૩) પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના મલ-મલીન વસ્ત્ર કે દેહ દેખીને દુર્ગંછા ન કરવી તે અથવા ધર્મના ફળમાં સંદેહ ન લાવવો તે નિર્વિચિકિત્સા (૪) વળી મિથ્યાત્વીઓના ઠાઠમાઠ દેખી સત્યમાર્ગમાં ડામાડોળ ન થવું તે અમૂઢદૃષ્ટિતા, (૫) સમક્તિધારીના થોડા ગુણના પણ વખાણ કરવા, તે ઉપબૃંહણા (૬) ધર્મ નહિ પામેલાને અને ધર્મથી પડતાં જીવોને સ્થિર કરવા તે સ્થિરીકરણ, (૭) સાધર્મિક ભાઈનું અનેક પ્રકારે હિત ચિંતવવું તે વાત્સલ્ય (અને) (૮) બીજા લોકો પણ જૈનધર્મની અનુમોદના કરે તેવાં કાર્યો કરવાં તે પ્રભાવના, એ આઠ ભેદ દર્શનાચારના જાણવા યોગ્ય છે. ૩.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| પણિહાણ જોગજુત્તો,<br>પંચહિં સમિઇહિં તીહિં ગુત્તીહિં ।<br>એસ ચરિત્તાયારો,<br>અટ્ઠવિહો હોઇ નાયવ્વો ॥૪॥ | પણિ-હાણ-જોગ જુત્-તો,<br>પઞ્(પન્)-ચહિમ્-સમિ-ઇહિમ્ તીહિમ્ ગુત્-તીહિં ।<br>એસ-ચરિત્-તા-યારો,<br>અટ્-ઠ વિ-હો હોઇ નાયવ્-વો ॥૪॥ | એકાગ્રતા સ્વરૂપ પ્રણિધાન યોગથી સહિત<br>પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી<br>આ ચારિત્રાચાર-<br>આઠ પ્રકારે જાણવા યોગ્ય છે. ૪. |

**અર્થ :-** પાંચ સમિતિ (ઈર્યા, ભાષા, એષણા, આદાન ભંડમત્ત -નિક્ખેવણા અને પારિષ્ઠાપનિકા-સમિતિ) અને ત્રણ ગુપ્તિ (મનગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ ) થી મન-વચન-કાયાની એકાગ્રતા સ્વરૂપ પ્રણિધાનયોગથી યુક્ત આ ચારિત્રાચાર આઠ પ્રકારે જાણવા યોગ્ય છે. ૪.

| | | |
|---|---|---|
| બારસ-વિહમ્મિ વિ તવે,<br>સબ્ભિંતર-બાહિરે કુસલ-દિટ્ઠે ।<br>અગિલાઇ અણાજીવી,<br>નાયવ્વો સો તવાયારો ॥૫॥ | બાર-સ-વિહમ્-મિ વિ ત-વે,<br>સબ્-ભિન્-તર-બાહિ-રે કુસલ-દિટ્-ઠે ।<br>અગિ-લાઇ અણા-જીવી,<br>નાયવ્-વો સો તવા-યારો ॥૫॥ | બાર પ્રકારનાં તપનાં વિષયમાં<br>અભ્યંતર (અને) બાહ્ય સહિત અરિહંતોએ પ્રરૂપેલા<br>ખેદરહિત (તથા) આજીવિકાની ઈચ્છા વિના આચરણા<br>તે તપાચાર જાણવો. ૫. |

**અર્થ :-** શ્રી તીર્થંકર ભગવંતે પ્રરૂપેલ (ઉપદેશેલ) (છ પ્રકારના) અભ્યંતરતપ સહિત (છ પ્રકારના) બાહ્યતપ રૂપ બાર પ્રકારના તપના વિષયમાં ખેદ રહિત (તેમજ) હું તપ કરું તો આજીવિકા ચાલે એમ આજીવિકાની ઈચ્છા વગર (જે આચરણ), તે તપાચાર કહેવાય છે. ૫.

| | | |
|---|---|---|
| અણસણ-મૂણો-અરિઆ,<br>વિત્તિ-સંખેવણં-રસચ્ચાઓ ।<br>કાય-કિલેસો સંલી-ણયા,<br>બજ્ઝો તવ હોઇ ॥૬॥ | અણ-સણ-મૂણો-અરિ-આ,<br>વિત્-તિ સઙ્-ખેવ-ણમ્ રસચ્-ચાઓ ।<br>કાય-કિલે-સો સલઁ (સમ્)-લી-ણયા,<br>બજ્-ઝો તવો હોઇ ॥૬॥ | ૧. ઉપવાસ આદિ તપ એટલે અણસણ,<br>૨. પરિમાણથી ઓછું લેવું તે ઉણોદરી,<br>૩. સંતોષ રાખવો તે વૃત્તિસંક્ષેપ, ૪. ઘી-દૂધ આદિ વિગઈનો ત્યાગ તે રસ-ત્યાગ,<br>૫. કાયાને દમવી તે કાય-કલેશ (અને)<br>૬. વિષય-વાસના રોકવી તે સંલીનતા.<br>(એ) બાહ્યતપના (છ) પ્રકાર છે. ૬. |

**અર્થ :-** (૧) બીયાસણું, એકાસણું, આયંબિલ, ઉપવાસ વગેરે તપ તે અણસણ તપ, (૨) નિયત ભોજન પરિમાણથી ઓછું લેવું તે ઉણોદરી તપ, (૩) જરૂરીયાત ઓછી રાખવી, સંતોષ રાખવો તે વૃત્તિસંક્ષેપ તપ, (૪) ઘી, દૂધ, દહી આદિ વિગઇનો ત્યાગ કરવો તે રસત્યાગ તપ ( ૫) કાયાને દમવી તે કાયક્લેશ તપ અને (૬) વિષય-વાસના રોકવી અથવા અંગોપાંગ સંકોચવાં તે સંલીનતા તપ (આ છ પ્રકારે) બાહ્યતપ છે. ૬.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| પાયચ્છિત્તં વિણઓ,<br>વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ ।<br>ઝાણં ઉસ્સગ્ગો વિ અ,<br>અબ્ભિંતરઓ તવો હોઇ ॥૭॥ | પા-યચ્-છિત્-તમ્ વિણઓ,<br>વેયા-વચ્-ચમ્ તહેવ સજ્-ઝાઓ ।<br>ઝાણમ્ ઉસ્-સગ્-ગો વિ અ,<br>અબ્-ભિન્-તરઓ તવો હોઇ ॥૭॥ | ૧. પ્રાયશ્ચિત, ૨. વિનય,<br>૩. વૈયાવચ્ચ, ૪. સ્વાધ્યાય,<br>૫. ધ્યાન, ૬. કાયોત્સર્ગ,<br>અભ્યંતર તપ (છ પ્રકારે) છે. ૭. |

**અર્થ :-** ૧. લાગેલા દોષની ગુરુ પાસે આલોચના કરી તેની શુદ્ધિ માટે તપ કરવો તે પ્રાયશ્ચિત તપ, ૨. દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક આદિ તરફ નમ્રતા-ભક્તિભાવ ધરાવવો તે વિનયતપ, ૩. અરિહંત-આચાર્ય-સાધુ-સાધ્વી વગેરેની સેવા-ભક્તિ કરવી તે વૈયાવચ્ચ તપ ૪. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા રૂપ પાંચ પ્રકારનો અભ્યાસ કરવો તે સ્વાધ્યાય તપ, ૫. આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ અને શુક્લ ધ્યાન કરવું (પ્રવર્તવું) તે ધ્યાનતપ અને ૬. કર્મના ક્ષય માટે કાઉસ્સગ્ગ કરવો તે કાયોત્સર્ગ તપ (આ છ પ્રકારે) અભ્યંતર તપ હોય છે. ૭.

| | | |
|---|---|---|
| અણિગૂહિઅ બલ-વીરઓ,<br>પરક્કમઇ જો જહુત્તમાઉત્તો ।<br>જુંજઇ અ જહાથામં,<br>નાયવ્વો વીરિઆયારો ॥૮॥ | અણિ-ગૂહિ-અ-બલ-વીર-ઓ,<br>પરક્-ક- મ-ઇ જો જહુત્-ત-મા-ઉત્-તો ।<br>જુઞ્(જુન્)-જઇ અ જહા-થા-મમ્,<br>નાયવ્-વો વી-રિ-આ-યારો ॥૮॥ | પોતાના બલ તથા વીર્યને છૂપાવ્યાં વિના,<br>શાસ્ત્રાજ્ઞા મુજબ સાવધાન થઈને ઉધમકરે,<br>અને શક્તિને પ્રમાણે ધર્મકાર્ય કરે,<br>તેનું આચરણ તે વીર્યાચાર જાણવો. ૮. |

**અર્થ :** (પોતાનું) બળ અને વીર્ય ને છૂપાવ્યા વિના શાસ્ત્રાજ્ઞા મુજબ (પૂર્વોક્ત જ્ઞાનાચાર આદિ આચારોમાં) સાવધાન થઈ ને ઉધમ કરે અને શક્તિ મુજબ પ્રવૃત્તિ કરે (તેનો આચાર તે) વીર્યાચાર જાણવો. (મન-વચન-કાયાની સંપૂર્ણ શક્તિ થી શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ = વીર્યાચાર) છે. ૮.

★ આ રીતે જ્ઞાનાચાર-૮, દર્શનાચાર-૮, ચારિત્રાચાર-૮, તપાચાર-૧૨ અને વીર્યાચાર-૩, કુલ - ૩૯ ભેદો છે.

નોંધ : મોટેભાગે વર્ષોથી પ્રતિક્રમણ કરનાર મહાનુભાવો અતિચારની આઠ ગાથા સ્વરુપ આ 'શ્રી નાણમ્મિ સૂત્ર' ના બદલે આઠવાર શ્રી નવકાર મંત્રનો કાઉસ્સગ્ગ કરતા હોય છે, તે ઉચિત નથી. શક્ય હોય તો વ્હેલાસર આઠ ગાથા ગુરુભગવંત પાસે શુદ્ધ-ઉચ્ચારપૂર્વક શિખી લેવી જોઇએ.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વાંદણામાં ૨૫ આવશ્યક સાચવવાની મુદ્રા

૧



'ઇચ્છામિ ખમાસમણો'
બોલતી-સાંભળતી
વેળાની મુદ્રા

૨



'વંદિઉં' બોલતા-
સાંભળતાં સહેજ વધારે
નીચે નમવું.

૩



'નિસીહિ' બોલતી વખતે ગુરુના અવગ્રહમાં
પ્રવેશ કરવા જમીન/કટાસણા પર ડાબેથી
જમણે તેમ ત્રણ-વાર ક્રમશઃ પ્રર્માજના કરવી.

૪



ગુરુના અવગ્રહમાં
પ્રવેશ કરતી
વેળાની મુદ્રા

૫



પ્રવેશ કરી નીચે બેસતા પહેલા
ખમાસમણની જેમ પગની આગળ-
પાછળ ત્રણ-ત્રણ પ્રમાર્જના કરવી.

૬



પ્રમાર્જના કરીને બેસતી
વખતે કોઇનો પણ સહારો
લીધા વગર બેસવું.

૭



યથાજાત મુદ્રામાં બેઠા પછી
ખમાસમણની જેમ મુખ અને
બન્ને હાથની પ્રમાર્જના (મુહપત્તિથી)
કરી મુહપત્તિને ચરવળા પર સ્થાપન
કરવાની જગ્યાએ ડાબેથી જમણે
ક્રમશઃ ત્રણવાર પ્રમાર્જના કરવી.

૮



ગુરુચરણ પાદુકાની સંકલ્પના પૂર્વક
મુહપત્તિને ચરવળા પર સ્થાપન કરવી.
તે વખતે મુહપત્તિની બંધ કિનારનો ભાગ
ડાબી તરફ નીચે રહે, તેમ રાખવો જોઇએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વાંદણામાં ૨૫ આવશ્યક સાચવવાની મુદ્રા

૯



‘અ’, ‘કા’, ‘કા’ અને ‘જ’, ‘જ’, ‘જ્જં’, બોલતી વખતે બન્ને હાથની દશેય આંગળીઓ નખ ન સ્પર્શે તેમ, ચરવળા પર સ્થાપેલી મુહપત્તિને સ્પર્શવી જોઈએ.

૧૦



નીચે થી ઉપર તરફ હથેળીઓ જતી વખતે વચ્ચે ક્યાંય છૂટી ન પડવી જોઈએ.

૧૧



‘તા’‘વ’ અને ‘ચ’ બોલતી વખતે મુહપત્તિને (ગુરુચરણ પાદુકા) પૂંઠ ન પડે તેમ મધ્યસ્થાને હથેળીને ભેગી રાખવી.

૧૨



‘હો’, ‘યં’, ‘ય’ અને ‘ભે’,‘ણિ’,‘ભે’ બોલતી વખતે બન્ને હાથની દશેય આંગળીઓના નખ ન સ્પર્શે તેમ, કપાલ પ્રદેશ પર સ્પર્શવી.

૧૩



‘સંફાસં’ અને ‘ખામેમિ’ બોલતા શીર્ષનમન કરતી વખતે બન્ને હાથની ખુલ્લી (ખોબા જેવી) હથેળી હળવેથી ચરવળા/મુહપત્તિ પર સ્પર્શ કરીને મસ્તક હથેળીમાં મૂકવો.

૧૪



મસ્તક હથેળીમાં સ્પર્શે ત્યારે પાછળથી સહેજ પણ ઉંચા ન થવું જોઈએ. (ત્રસ જીવોની વિરાધનાથી બચવા)

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

૧૫



‘આવસ્સિયાએ’ બોલતી વખતે પહેલાં પાછળ દૃષ્ટિ પડિલેહણા કરી પછી ત્રણવાર ડાબેથી જમણે ક્રમશઃ પ્રમાર્જના કરવી.

૧૬



પહેલા વાંદણામાં અને બીજા વાંદણાના અંતમાં ગુરુના અવગ્રહની બહાર નિકળતી વેળાની મુદ્રા

૧૭



અવગ્રહની બહાર નિકળતાની સાથે યોગમુદ્રાની જેમ બન્ને પગ વચ્ચે અંતર રાખવું. બીજા વાંદણામાં તેવો નિયમ નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૩૦ 'શ્રી સુગુરુ વાંદણા સૂત્ર'



વાંદણા આપતી
વેળાની મુદ્રા



દશેય આંગળીનો
કપાળે સ્પર્શ

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી સુગુરુ વાંદણા સૂત્ર |
| ગૌણ નામ | : | દ્વાદશાવર્ત વંદન સૂત્ર |
| પદ | : | ૫૮ |
| ગુરુ અક્ષર | : | ૨૫ |
| લઘુ અક્ષર | : | ૨૦૧ |
| સર્વ અક્ષર | : | ૨૨૬ |

**વિષય :**
૨૫ આવશ્યકો સાથે ૩૨ દોષ રહિત વિનય ભાવ યુક્ત દ્વાદશાવર્ત્ત વંદનનું વર્ણન.

જૈન સાઇટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| | **૧. ઈચ્છા-નિવેદન સ્થાન** | |
| ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં-<br>જાવણિજ્જાએ નિસીહિઆએ ॥૧॥ | ઇચ્-છા-મિ-ખમા-સમણો-વન્-દિ-ઉમ્<br>જાવ-ણિજ્-જાએ-નિસી-હિ-આએ ॥૧॥ | હે ક્ષમાપ્રધાન સાધુજી ! હું વાંદવાને ઇચ્છું છું.<br>શક્તિ સહિત, પાપ વ્યાપારનો ત્યાગ કરીને. ૧. |

**અર્થ:-** (શિષ્ય કહે) હે ક્ષમા પ્રધાન સાધુજી ! (હું) પાપ વ્યાપારનો ત્યાગ કરી શક્તિ સહિત વંદન કરવાને ઇચ્છું છું. ૧.

| | | |
|---|---|---|
| | **૨. અનુજ્ઞા-સ્થાન** | |
| અણુજાણહ, મે મિઉગ્ગહં- | અણુ-જાણ-હ, મે મિ- ઉગ્-ગ-હમ્- | મિત અવગ્રહમાં મને પ્રવેશ કરવાની<br>આજ્ઞા આપશોજી. |
| નિસીહિ ॥૨॥ | નિ-સી-હિ ॥૨॥ | ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. ૨. |

**અર્થ:-** (ગુરુ કહે - છંદેણ= ઈચ્છાપૂર્વક = (સ્વખુશી થી કરો) (ત્યારે શિષ્ય કહે-) મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ)માં પ્રવેશ કરવાની રજા આપશોજી. (ગુરુ કહે - અણુજાણામિ(હું આજ્ઞા આપું છું.) (શિષ્ય કહે-) ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર નિષેધીને. ૨.

| | | |
|---|---|---|
| અહો, કાયં,<br>કાય-સંફાસં-<br>ખમણિજ્જો ભે! કિલામો, | અ-હો, કા-યમ્-<br>કા-ય સમ્-ફા-સમ્-<br>ખમ-ણિજ્-જો-ભે ! કિ-લામો, | આપના શરીર (રૂપ ચરણ)ને<br>મારા મસ્તકરૂપી શરીરથી અડવાથી<br>હે ભગવંત ! (મારાથી) આપને કોઈ<br>ગ્લાનિ થઈ હોય (તે) ક્ષમાયોગ્ય છે. |
| | **૩. શરીર સુખશાતા-પૃચ્છા સ્થાન** | |
| અપ્પ-કિલંતાણં !-<br>બહુસુભેણ ભે ! દિવસો (રાઈઓ)-<br>વઈક્કંતો ॥૩॥ | અપ્-પ કિ-લન્ તા-ણમ્<br>બહુ-સુ-ભેણ-ભે ! દિ-વસો(રા-ઈઓ)<br>વ-ઈક્-કન્-તો ॥૩॥ | થોડા થાક વાળા આપને<br>હે ભગવંત! ઘણા શુભ ભાવથી આપનો<br>દિવસ (રાત્રી) વીત્યો છે ? ૩. |

**અર્થ :-** આપના શરીર (રૂપ ચરણ) ને (મારા મસ્તક રૂપ) શરીરથી સ્પર્શથી આપને (કંઈ) કિલામણા (થાય તે) ક્ષમા યોગ્ય છે અર્થાત્ ક્ષમા આપવા જેવી છે. થોડા થાકવાળા આપને હે ભગવંત ! ઘણા શુભ ભાવથી દિવસ (રાત્રી) પસાર થયો છે ને ? (ગુરુ કહે-તહત્તિ = તે પ્રકારે જ છે.) ૩.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



### ૪-સંયમ-યાત્રા-પૃચ્છા સ્થાન

| | | |
|---|---|---|
| જ-ત્તા ભે ! ॥૪॥ | જત્-તા-ભે ! ॥૪॥ | આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ? ૪. |

### ૫. યાપના-પૃચ્છા સ્થાન

| | | |
|---|---|---|
| જ-વ-ણિજ્જં ચ ભે ! ॥૫॥ | જવ-ણિજ્-જઝ્(જન્) ચ ભે ! ॥૫॥ | આપનું શરીર ઈન્દ્રિયો અને મનથી પીડા પામતું નથી ને ? ૫. |

### ૬. અપરાધ-ક્ષમાપના સ્થાન

| | | |
|---|---|---|
| ખામેમિ ખમાસમણો !<br>દેવસિઅં (રાઈઅં) વઇક્કમ્મં ॥૬॥ | ખામે-મિ-ખમા-સમ-ણો !<br>દેવ-સિઅં-(રાઈ-અં)-વઇક્-કમ્-મમ્ ॥૬॥ | હે ક્ષમાશ્રમણ! (મારો) દિવસ (કે રાત્રી) સંબંધી જે કોઈ અપરાધ થયો હોય તેને હું ખમાવું છું. ૬. |

**અર્થ :-** (શિષ્ય કહે) આપની સંયમયાત્રા બરાબર ચાલે છે ને ? (ગુરુ કહે - 'તુબ્ભં પિ વટ્ટએ'= તમારી સંયમયાત્રા પણ બરાબર ચાલે છે ને ?) ૪. (શિષ્ય કહે-) આપનું શરીર ઈન્દ્રિયો અને મનથી પીડા પામતું નથી ને ? (ગુરુ કહે 'એવં'= એમ જ છે. ) ૫. (શિષ્ય કહે)-હે ક્ષમાશ્રમણ ! મારો દિવસ સંબંધી (રાત્રી સંબંધી) (જે કંઈ) અપરાધ થયો હોય, તેની હું ક્ષમા માંગું છું. (ગુરુ કહે 'અહમપિ ખામેમિ તુમં'-હું પણ તને ખમાવું છું.) ૬.

| | | |
|---|---|---|
| આવસ્સિઆએ, પડિક્કમામિ- | આ-વસ્-સિ-આએ, પડિક્-ક-મામિ- | આવશ્યક ક્રિયા માટે (હું પાછો ફરું છું.) અને લાગેલ દોષથી પાછો હટું છું. |
| ખમાસમણાણં-<br>દેવસિઆએ, (રાઈઆએ)<br>આસાયણાએ, તિત્તીસન્નયરાએ, | ખમા-સમ-ણા-ણમ્-<br>દેવ-સિઆએ (રાઈ-આએ)<br>આ-સા-ય-ણાએ-<br>તિત્-તી-સન્-ન-યરા-એ, | આપ ક્ષમાશ્રમણ સંબંધી દિવસમાં (કે રાત્રી) સમયમાં થયેલી<br>તેત્રીશ આશાતનાઓમાંથી કોઈ પણ આશાતના દ્વારા... |

**અર્થ :-** આવશ્યક ક્રિયામાટે (હું અવગ્રહની બહાર જાઉં છું.) આપ ક્ષમાશ્રમણ સંબંધી દિવસમાં (કે રાત્રીમાં) થયેલી તેત્રીશમાંથી (કોઈપણ) આશાતના દ્વારા (લાગેલ દોષનું) પ્રતિક્રમણ કરું છું....

જૈન સાઈટ
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| જં કિંચિ મિચ્છાએ- | જઙ્-કિઞ્(કિન્)-ચિ મિચ્-છાએ, | જે કાંઇ મિથ્યાભાવથી |
| મણ-દુક્કડાએ, વય-દુક્કડાએ, | મણ-દુક્-ક-ડાએ, વય-દુક્-ક-ડાએ, | મન સંબંધી, વચન સંબંધી (અને) |
| કાય દુક્કડાએ, | કાય-દુક્-ક-ડાએ, | કાયા સંબંધી પાપરૂપ આશાતનાથી |
| કોહાએ, માણાએ, | કો-હા-એ, મા-ણા-એ, | ક્રોધથી, માનથી, |
| માયાએ, લોભાએ, | મા-યા-એ, લો-ભા-એ, | માયાથી (અને) લોભથી થયેલી આશાતનાથી- |

**અર્થ :-** (હે ક્ષમાશ્રમણ ! ) જે કંઈ મિથ્યાત્વથી, મન સંબંધી દુષ્કૃત્ય, વચન સંબંધી દુષ્કૃત્ય અને શરીર સંબંધી દુષ્કૃત્ય રૂપ આશાતનાથી, ક્રોધથી-માનથી, માયાથી અને લોભથી થયેલ આશાતનાથી...

| | | |
|---|---|---|
| સવ્વ-કાલિઆએ, | સવ્-વ-કાલિ-આએ, | સર્વકાળ-સંબંધી, (અને) |
| સવ્વ-મિચ્છો-વયારાએ, | સવ્-વ-મિચ્-છો-વયા-રાએ, | સર્વ-મિથ્યા-ઉપચાર સંબંધી |
| સવ્વ-ધમ્માઇક્કમણાએ, | સવ્-વ-ધમ્-મા-ઇક્-કમ-ણાએ, | સર્વધર્મ-ઓળંગવા રૂપ આશાતનાથી |
| આસાયણાએ, | આસા-યણા-એ, | |
| જો મે અઇઆરો કઓ, | જો મે અઇ-યારો કઓ, | જે મેં અતિચાર (દોષ) કર્યો હોય |
| તસ્સ ખમાસમણો પડિક્કમામિ- | તસ્-સ ખમા-સમ-ણો-પડિક્-કમા-મિ- | તેને હે ક્ષમાશ્રમણ! હું પડિક્કમું છું. |
| નિંદામિ, ગરિહામિ- | નિન્-દામિ ગરિ-હા-મિ- | આત્મસાક્ષીએ નિંદુ છું (અને) ગુરુ સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદુ) કરું છું. |
| અપ્પાણં વોસિરામિ॥ ॥૭॥ | અપ્-પાણમ્- વો-સિ-રામિ ॥૭॥ | પાપરૂપ મારા આત્માનો ત્યાગ કરું છું. ૭. |

**અર્થ :-** સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (= કૂડ-કપટરૂપ) સંબંધી, સર્વ (અષ્ટ-પ્રવચન માતારુપ) ધર્મને ઓળંગવારૂપ આશાતના થી મેં જે (કોઈ) અતિચાર કર્યો હોય, હે ક્ષમાશ્રમણ ! તે સંબંધી પાપોથી હું પાછો હટું છું, આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરું છું અને એવા પાપરૂપ મારા આત્માનો હું ત્યાગ કરું છું. ૭.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## 'આવસ્સિઆએ' શબ્દ અંગે થોડી વિશેષ સમજ

★ આ સૂત્રનો ઉપયોગ ગુરુવાંદણાંમાં બે વાર થતો હોય છે. તેમાં પહેલા 'વાંદણાં'માં 'નિસીહિ' કહીને પ્રવેશ કર્યા પછી 'આવસ્સિઆએ' કહીને ગુરુ ભગવંતના અવગ્રહની બહાર નિકળવાનું હોય છે. ફરીવાર બીજા વાંદણાંમાં અવગ્રહમાં પ્રવેશ કરવા સહમતિ લીધા પછી ફરી ત્રીજીવાર ગુરુવાંદણા કરવાના ન હોવાથી ત્યાં 'આવસ્સિઆએ' બોલવાની જરૂર રહેતી નથી. વાંદણા સૂત્ર પૂર્ણ થાય ત્યારે અવગ્રહની બહાર સામાન્યતઃ નીકળાતું હોય છે.

★ તેથી જ પહેલાં વાંદણાંમાં 'આવસ્સિઆએ' બોલવું પણ બીજા વાંદણાંમાં 'આવસ્સિઆએ' ન બોલવું.

★ આ વાંદણાં સૂત્ર શ્રી ગણધરભગંવતો રચિત પ્રાકૃત ભાષામાં છે.

★ જે આવશ્યક સાચવવા માટે શ્રી વાંદણા સૂત્રનું ખાસ પદ હોય, તે આવશ્યક બે વાર ગણવું.

દા.ત. ૩ આવર્ત્ત- અહો કાયં કાય, ૩ આવર્ત્ત-જત્તા ભે જવણિ જજ્જં ચ ભે ! આ બન્ને વાંદણાંમાં આવતાં હોવાથી તે આવશ્યક સાચવવા માટે ઉપયોગી હોવાથી બે વાર તેની ગણત્રી કરાય છે.

★ જે આવશ્યક સાચવવા માટે શ્રી વાંદણાં સૂત્રનું ખાસ પદ ન હોય, તે આવશ્યક બંને વાંદણાંમાં આવતું હોતા છતાં એક જ વાર ગણવું.

દા.ત. (૧) યથાજાત મુદ્રા અને (૩) ગુપ્તિનું પાલન.

## આ સૂત્રમાં આવતાં ત્રણ-ત્રણ આવર્ત્ત વખતે સાચવવા યોગ્ય વિધિ

'અ' – પૂ. મહાત્માઓ રજોહરણ ઉપર અને શ્રાવક-શ્રાવિકાગણ ચરવળા પર સ્થાપેલી મુહપત્તિ પર દશેય આંગળીનો સ્પર્શ કરે.

'હો' – ચતુર્વિધ શ્રી સંઘ દશેય આંગળીના ટેરવા કપાલપ્રદેશને સ્પર્શે તેવી મુદ્રા કરે.

'કા' – પૂ. મહાત્માઓ રજોહરણ ઉપર અને શ્રાવક-શ્રાવિકાગણ ચરવળા પર સ્થાપેલી મુહપત્તિ પર દશેય આંગળીનો સ્પર્શ કરે.

'યં' – ચતુર્વિધ શ્રી સંઘ દશેય આંગળીના ટેરવા કપાલપ્રદેશને સ્પર્શે તેવી મુદ્રા કરે.

'કા' – પૂ.મહાત્માઓ રજોહરણ ઉપર અને શ્રાવક-શ્રાવિકાગણ ચરવળા પર સ્થાપેલી મુહપત્તિ પર દશેય આંગળીનો સ્પર્શ કરે.

'ય' – ચતુર્વિધ શ્રી સંઘ દશેય આંગળીના ટેરવા કપાલપ્રદેશને સ્પર્શે તેવી મુદ્રા કરે.

'જ'– પૂ. મહાત્માઓ રજોહરણ ઉપર અને શ્રાવક-શ્રાવિકાગણ ચરવળા પર સ્થાપેલી મુહપત્તિ પર દશેય આંગળીનો સ્પર્શ કરે.

ત્તા.– સ્વરિત સ્વરે બોલતી વખતે ચરણસ્પર્શ (રજોહરણ / મુહપત્તિ) થી ઉઠાવી લીધેલ ઉંધા હાથને (રજોહરણ) ઓઘા કે મુહપત્તિથી લલાટ (કપાલ પ્રદેશ) ની વચ્ચે પૂંઠ ન પડે, તેમ ચત્તા કરવામાં આવે.

'ભે' – ચતુર્વિધ શ્રી સંઘ દશેય આંગળીના ટેરવા કપાલપ્રદેશને સ્પર્શે તેવી મુદ્રા કરે.

'જ' – પૂ. મહાત્માઓ રજોહરણ ઉપર અને શ્રાવક-શ્રાવિકાગણ ચરવળા પર સ્થાપેલી મુહપત્તિ પર દશેય આંગળીનો સ્પર્શ કરે.

'વ' – સ્વરિત સ્વરે બોલતી વખતે ચરણસ્પર્શ (રજોહરણ /મુહપત્તિ) થી ઉઠાવી લીધેલ ઉંધા હાથને (રજોહરણ) ઓઘા કે મુહપત્તિથી લલાટ (કપાલ પ્રદેશ) ની વચ્ચે પૂંઠ ન પડે, તેમ ચત્તા કરવામાં આવે.

'ણિ' – ચતુર્વિધ શ્રી સંઘ દશેય આંગળીના ટેરવા કપાલપ્રદેશને સ્પર્શે તેવી મુદ્રા કરે.

'જજ્જં'– પૂ. મહાત્માઓ રજોહરણ ઉપર અને શ્રાવક-શ્રાવિકાગણ ચરવળા પર સ્થાપેલી મુહપત્તિ પર દશેય આંગળીનો સ્પર્શ કરે.

'ચ' – સ્વરિત સ્વરે બોલતી વખતે ચરણસ્પર્શ (રજોહરણ /મુહપત્તિ) થી ઉઠાવી લીધેલ ઉંધા હાથને (રજોહરણ) ઓઘા કે મુહપત્તિથી લલાટ (કપાલ પ્રદેશ) ની વચ્ચે પૂંઠ ન પડે, તેમ ચત્તા કરવામાં આવે.

ભે' – 'ચતુર્વિધ શ્રી સંઘ દશેય આંગળીના ટેરવા કપાલપ્રદેશને સ્પર્શે તેવી મુદ્રા કરે.

• ગુરુ ભગવંત થી દૂર રહેતાં હોવાથી વાંદણાંમાં શ્રાવક-શ્રાવિકાગણ ચરવળા ઉપર મુહપત્તિમાં ગુરુચરણની સ્થાપના કરે જ્યારે પૂ. મહાત્માઓ ગુરુભગવંતની ખૂબ નજીક વસતા હોવાથી વાંદણામાં તેઓ ઓઘા ઉપર ગુરુચરણની સ્થાપના કરે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વાંદણાં સૂત્રમાં આવતાં ૨૫ આવશ્યક અંગે સમજ

૨ = અવનત, ૨ = પ્રવેશ, ૧ = યથાજાતમુદ્રા, ૧૨ = આવર્ત, ૪ = શીર્ષનમન અને ૧. નિષ્ક્રમણ અને ત્રણ ગુપ્તિનું પાલન = ૨ + ૨ + ૧ + ૧૨ + ૪ + ૧ + ૩ = ૨૫ આવશ્યક થાય છે.

## પ્રસ્તુત સૂત્રમાં કઈ રીતે સંભવે ?

| ઈચ્છામિ ખમાસમણો થી | | પહેલાં વાંદણાંમાં + | બીજા વાંદણાંમાં | |
|---|---|---|---|---|
| નિસીહિઆએ | ૨ | ૧લું અવનત, | ૨જુ અવનત | ('વંદિઉં' બોલતી વખતે નમવું તે) |
| નિસીહિ | ૨ | ૧લો પ્રવેશ, | ૨જો પ્રવેશ | (ગુરુભગવંતના મિત અવગ્રહમાં પ્રવેશ કરવો તે) |
| વાંદણા લેવાની મુદ્રા | ૧ | ૧ યથાજાત મુદ્રા | | (માઁના ગર્ભમાં બાળક રહે તેમ બેસીને વાંદણાં આપવા તે) |
| અહો કાયં કાય | ૬ | ૩ આવર્ત્ત | ૩ આવર્ત્ત | (નીચે-ઉપર દશેય આંગળીઓનો સ્પર્શ કરવો તે) |
| સંફાસં | ૨ | ૧લું શીર્ષ નમન | ૨જું શીર્ષનમન | (આ બોલતાં બન્ને હથેળીને નીચે સ્થાપીને પાછળથી ઉંચા થયા વગર મસ્તકનો ત્યાં સ્પર્શ કરવો તે) |
| જત્તા ભે, જવણિ, જ્જં ચ ભે ! | ૬ | ૩ આવર્ત્ત | ૩ આવર્ત્ત | (નીચે ઉપર દશેય આંગળીઓનાં નખ ન લાગે, તેમ સ્પર્શ) |
| ખામેમિ ખમાસમણો | ૨ | ૩જું શીર્ષ નમન | ૪થું શીર્ષનમન | (ઉપર લખેલ શીર્ષનમન અનુસાર કરવું તે) |
| આવસ્સિઆએ | ૧ | ૧ નિષ્ક્રમણ | | (પહેલાં વાંદણાંમાં મિત અવગ્રહની બહાર નિકળતી વખતે કરાતી ક્રિયા તે) |
| મનમાં અર્થનું ચિંતવન | ૧ | ૧ મન ગુપ્તિનુપાલન | | |
| સ્પષ્ટ શુદ્ધ ઉચ્ચારણ | ૧ | ૧ વચન ગુપ્તિનું પાલન | | |
| કાયાથી ૨૫ આવશ્યકો આપવાં | ૧ | ૧ કાય ગુપ્તિનું પાલન | | |

**કુલ-૨૫ આવશ્યક - (અવશ્ય સાચવવા યોગ્ય)નું પાલન વાંદણા સૂત્ર દ્વારા થાય છે.**

जैन साइट JAINSITE .com

## અવગ્રહ અંગે સરળ સમજ

પૂ.ગુરુભગવંત અને આપણી વચ્ચે જે અંતર રખાય, તે અવગ્રહ કહેવાય. ગુરુ ભગવંતની આજ્ઞા વગર તેઓના અવગ્રહમાં પ્રવેશ કરવો, તે એક પ્રકારનો અવિનય કહેવાય છે. વાંદણામાં આજ્ઞા માગીને બે વાર પ્રવેશ કરાય છે.

અવગ્રહ બે પ્રકારે હોય છે. (૧) સ્વપક્ષ-અવગ્રહ- સાધુ થી સાધુનો, સાધુથી શ્રાવકનો, (સાડા ત્રણ હાથનો) સાધ્વીજીથી સાધ્વીજીનો, સાધ્વીજી થી શ્રાવિકાનો. (૨) પરપક્ષ-અવગ્રહ : સાધુથી સાધ્વીજી અને શ્રાવિકાનો (૧૩ હાથનો), સાધ્વીજી થી સાધુ અને શ્રાવકનો (૧૩ હાથનો) કટાસણા ના પાછલાં છેડે ઉભા હોઇએ, તે વખતે ગુરુવાંદણાંમાં અવગ્રહ ની બહાર કહેવાય અને 'નિસીહિ' કીધા પછી કટાસણાંના આગળ છેડા પાસે આવવાથી અવગ્રહમાં પ્રવેશ કર્યો, તેમ કહેવાય.

અવગ્રહમાં પ્રવેશ કર્યા પછી યથાજાત મુદ્રામાં બેસવું, મુહપત્તિ/રજોહરણ ઉપર ગુરુચરણની સ્થાપના કરવી.

## દ્વાદશાવર્ત્ત વંદન ક્યારે કઈ રીતે કરવું.

પહેલા વાંદણાંમાં છ આવર્ત્ત અને બીજા વાંદણાંમાં છ આવર્ત્ત, એમ કુલ મળીને ૧૨ આવર્ત ને દ્વાદશાવર્ત વંદન કહેવાય છે. તે વંદન પદવીધારી પદસ્થ ગુરુભગવંતને હંમેશાં એકવાર કરવું જોઈએ. પૌષધવ્રતમાં 'રાઈઅ-મુહપત્તિ'ની ક્રિયા કરવામાં આવે છે, તેને દ્વાદશાવર્ત્ત વંદન કહેવાય છે. પૌષધવ્રતમાં મુનિભગવંતની ઉપરના પદવીધારી ગુરુભગવંત સમક્ષ સ્થાપનાચાર્યજી (અક્ષાદિ) વગર પણ આ ક્રિયા કરી શકાય, પણ પદવીધારી ન હોય તો તે ગુરુભગવંતની આગળ સ્થાપનાચાર્યજી (અક્ષાદિ) રાખીને રાઈઅ-મુહપત્તિ (દ્વાદશાવર્ત) ક્રિયા કરી શકાય. પૌષધમાં આ ક્રિયા અવશ્ય કરવી જોઈએ. તે (પૌષધ) સિવાયનાએ પણ પદવીધારી ગુરુભગવંતને ચરવળા-મુહપત્તિનો ઉપયોગ રાખવા સાથે શ્રાવક-શ્રાવિકાગણે અનુજ્ઞા મેળવીને દ્વાદશાવર્ત્ત વંદન કરવું જોઈએ. દરરોજ કરવું કદાચ શક્ય ન હોય તો ૧૫ દિવસે પક્ખી પ્રતિક્રમણ પછી અથવા ચાર મહિને ચૌમાસી પ્રતિક્રમણ પછી અથવા અંતે એકવર્ષે સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી આ દ્વાદશાવર્ત્ત વંદન અવશ્ય કરવું જોઈએ.

જો દ્વાદશાવર્ત્ત વંદન મન-વચન-કાયાની એકાગ્રતા સાથે પ્રણિધાન પૂર્વક ૨૫ આવશ્યકનું બરાબર પાલન કરવા સાથે કરવામાં આવે તો મોક્ષનું ફળ આપવા સમર્થ બને છે અને સંપૂર્ણ ઉપયોગ રાખવા છતાં કાંઈક કચાશ રહી જાય તો છેવટે વૈમાનિક દેવલોકનું આયુષ્ય જરૂર બંધાય છે. પરંતુ ખ્યાલ હોવા છતાં ઉપયોગ ન રાખીએ તો ચારિત્રાચારનો દોષ લાગે અને શક્તિનો પૂર્ણ સદુપયોગ ન કરવાથી વીર્યાચારનો દોષ પણ લાગે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગુરુવંદનથી થતાં લાભો

શ્રી હરિભદ્ર સૂરિજીએ શ્રી લલિત વિસ્તરા – ચૈત્યસ્તવની વૃત્તિમાં 'ધર્મ પ્રતિમૂલ – ભૂતા વંદના' શબ્દ દ્વારા વંદના ને ધર્મનું મૂળ કહ્યું છે. કારણ કે ગુરુવંદનાથી ધર્મ – ચિંતનાદિરૂપ અંકુરાઓ ફૂટે છે. ધર્મશ્રવણ, ધર્મ – આચરણ રૂપ શાખા – પ્રશાખાઓનો વિસ્તાર થાય છે અને અંતે સ્વર્ગના તથા મોક્ષના સુખોની પ્રાપ્તિ રૂપ ફૂલ તથા ફળ પ્રગટે છે.

## સુગુરુ વંદનથી થતાં ૬ ગુણોની પ્રાપ્તિરૂપ લાભો

(૧) વિનય (૨) અહંકાર ભંગ (૩) ગુરુજનની પૂજા (૪) જિનાજ્ઞાનું પાલન, (૫) શ્રુતધર્મની આરાધના અને (૬) સિદ્ધિ પદની પ્રાપ્તિ થાય છે.

## સુગુરુને વંદન ન કરવાથી લાગતાં ૬ દોષોની પ્રાપ્તિરૂપનું નુકશાન

(૧) અવિનય (૨) અભિમાન (૩) નિંદા (૪) નીચગોત્રકર્મનું બંધ (૫) અજ્ઞાન અને (૬) સંસારની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

## છ આવશ્યકમાં વાંદણાં (ગુરુવંદન) નો સમાવેશ શા કારણે ?

આત્મ-વિશુદ્ધિ માટે આ યોજાયેલી છ આવશ્યકની લોકોત્તર ક્રિયામાં (સમતાની પ્રાપ્તિ માટે કર્યો છે નિર્ધાર જેને એવો કર્મોથી છૂટવાની ઈચ્છાવાળો) મુમુક્ષુ સામાયિક આવશ્યકની સુંદર સાધના કરતો હોય છે. ત્યારે સમત્વની અનુભૂતિ કરતાંની સાથે આ માર્ગનો ઉપદેશ આપનાર શ્રી અરિહંત ભગવંતો અને માર્ગનું પૂર્ણ પાલન કરવા દ્વારા સર્વકમલથી મુક્ત થયેલાં શ્રી સિદ્ધભગવંતોને ભાવપૂર્વક વંદન કરવા દ્વારા ચતુર્વિંશતિસ્તવ (ચઉવિસત્થો) આવશ્યકની ઉપાસનાથી દર્શનાચારની શુદ્ધિ કરે છે. તથા સુગુરુભગવંતની સંયમયાત્રા વગેરે ના પ્રશ્નો પૂછી પોતાનાથી જાણતાં કે અજાણતાં મન-વચન-કાયાથી થયેલ આશાતનાની ક્ષમા માગવા દ્વારા જ્ઞાનાચારની વિશુદ્ધિ કરે છે. આ રીતે દર્શનાચાર અને જ્ઞાનાચારથી વિશુદ્ધિ થયેલો મુમુક્ષુ પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ આવશ્યકનો સાચો અધિકારી બને છે. જે દ્વારા તે ક્રમશઃ ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની સિદ્ધિ કરીને પોતાનું ઈચ્છિત સાધવામાં સફળ થાય છે.

આ રીતે વાંદણાં (વંદન) આવશ્યક એ આધ્યાત્મિક અનુષ્ઠાનની સંપૂર્ણ સફળતા માટે પૂર્વસેવારૂપ છે અને તેથી તે હંમેશાં આવશ્યક (અવશ્ય કરવા યોગ્ય) છે.

- આ દ્વાદશાવર્ત વંદન કોણે, ક્યારે કઈ રીતે કરાય ઈત્યાદિનું વિસ્તૃત વર્ણન 'શ્રી ગુરુવંદનભાષ્ય'માંથી જાણી લેવા પ્રયત્ન કરવો. છતાં 'શ્રી પંચિંદિયસૂત્ર' આદિમાં તે અંગે કાંઈક આંશિક વર્ણન કરવામાં આવેલ છે, તે જોઈ લેવું.
- સુગુરુ ભગવંતની મિતાક્ષરી સુંદર વ્યાખ્યા. : "જેઓ સંસાર ને શોષે અને મોક્ષને પોષે, તે સુગુરુ કહેવાય."
- આ વાંદણાં સૂત્રમાં દરેક પ્રતિક્રમણ વખતે કરવા યોગ્ય ફેરફાર અંગે સમજૂતિ :

૧. દેવસિઅ પ્રતિક્રમણમાં 'દિવસો વઈક્કંતો' અને 'દેવસિઅં વઈક્કમ્મં' અને 'દેવસિઆએ આસાયણાએ' બોલવું.
૨. રાઈ પ્રતિક્રમણમાં 'રાઈઓ વઈક્કંતો' અને 'રાઈઅં વઈક્કમ્મં' અને 'રાઈઆએ આસાયણાએ' બોલવું.
૩. પક્ખી પ્રતિક્રમણમાં 'પક્ખો વઈક્કંતો' અને 'પક્ખિઅં વઈક્કમ્મં' અને 'પક્ખિઆએ આસાયણાએ' બોલવું.
૪. ચૌમાસી પ્રતિક્રમણમાં 'ચઉમાસી વઈક્કંતા'' અને 'ચઉમાસિઅં વઈક્કમ્મં' અને 'ચઉમાસિઆએ આસાયણાએ' બોલવું.
૫. સંવત્સરી પ્રતિક્રમણમાં 'સંવચ્છરો વઈક્કંતો' અને 'સંવચ્છરિઅં વઈક્કમ્મં' અને 'સંવચ્છરિઆએ આસાયણાએ' બોલવું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સુગુરુ ભગવંતને દ્વાદશાવર્ત્ત વંદન કરતા ૩૨ દોષ અવશ્ય ત્યજવા જોઈએ.

(૧) આદર રહિત વાંદે, તે અનાહુત દોષ : (૨) અક્કડતા રાખીને વાંદે, તે સ્તબ્ધ દોષ; (૩) ભાડુતીની જેમ વાંદણા દઈને તરત નાસી જાય, તે અપવિદ્ધ દોષ; (૪) એક વંદનથી ભેગા (થયેલા સર્વે) સાધુઓને વાંદે તે પરિપિંડિત દોષ; (૫) તીડની જેમ કુદકા મારતો અથવા ઢોલની જેમ ઉપડીને વાંદે, તે ટોલગતિ દોષ; (૬) રજોહરણ/ચરવળાને અંકુશની જેમ ગ્રહણ કરીને વાંદે, તે અંકુશ દોષ; (૭) કાચબાની પેઠે રીંગતો શરીરને ચલાયમાન કરતો વાંદે, તે કચ્છભરિંગિત દોષ; (૮) માછલાની જેમ ઉછળતો વાંદે, તે મત્યોદ્ધર્ત દોષ; (૯) મનમાં આચાર્યાદિના દોષ ચિંતવીને વાંદે, તે મનઃપ્રદુષ્ટ દોષ; (૧૦) હાથ ને બે પગની વચ્ચે રાખવાના બદલે બહાર રાખીને વાંદે, તે વેદિકા-બદ્ધ દોષ; (૧૧) વિદ્યામંત્ર વિગેરેની લાલચથી વાંદે, તે ભજંત દોષ,; (૧૨) સંઘ બહાર મૂકાઈ જવાના ભયથી વાંદે, તે ભયદોષ; (૧૩) સામાચારીમાં પોતે કુશળ છે, તેવા અહંકારથી વાંદે, તે ગૌરવદોષ; (૧૪) મિત્રપણાના કારણથી (બહુમાનના અભાવથી) વાંદે, તે મિત્ર દોષ; (૧૫) વંદન કરવાથી મને વસ્ત્રાદિ સારા મળશે, તેવા આશયથી વાંદે, તે કારણ દોષ; (૧૬) ચોરની પેઠે છુપાતો વાંદે, તે સ્તૈન્ય દોષ; (૧૭) ગુરુવંદનના અવસર વગર પોતાની જ અનુકૂળ જોઈને વાંદે, તે પ્રત્યનીક દોષ; (૧૮) પોતે અથવા ગુરુભગવંત ક્રોધવાળા હોય ત્યારે વાંદે, તે રુષ્ટ દોષ; (૧૯) આંગળીથી તર્જના કરતો વાંદે, તે તર્જિત દોષ; (૨૦) વિશ્વાસ ઉપજાવવા માટે કપટથી વાંદે, તે શઠ દોષ; (૨૧) હેલના-અવજ્ઞા કરતો વાંદે,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



તે હીલિત દોષ; (૨૨) વાંદણાની વચ્ચે વિકથાઓ કરતો વાંદે, તે વિપરિંકુચિત દોષ; (૨૩) કોઈ દેખે તો વાંદે અને ન દેખે તો ન વાંદે, તે દૃષ્ટાદૃષ્ટ દોષ; (૨૪) પશુના શીંગડાની જેમ લલાટના બે પડખે વાંદે, તે શૃંગદોષ; (૨૫) રાજાના કરની જેમ વેઠથી વાંદે તે કર દોષ; (૨૬) તેમનાથી ક્યારે મુકાશું? વિચારી વાંદે તે, તન્મોચન દોષ; (૨૭) રજોહરણ (શ્રાવક-શ્રાવિકાગણે ચરવાળા ઉપર સ્થાપેલ મુહપત્તિ સમજવી) અને મસ્તકે હાથ અડાડી કે ન અડાડીને વાંદે, તે આશ્લિષ્ટાનાશ્લિષ્ટ દોષ; (૨૮) ઓછા અક્ષરો બોલીને વાંદે, તે ઊણ દોષ; (૨૯) મોટા સાદે 'મત્થએણ વંદામિ' કહે, તે ઉત્તરચૂલિકાદોષ; (૩૦) મૂંગાની પેઠે મનમાં બોલીને વાંદે, તે મૂક દોષ; (૩૧) બધુ વંદન મોટા સાદે બોલે, તે ઢડ્ઢર દોષ અને (૩૨) રજોહરણ (ચરવાળા) ને ઉંબાડીયાની જેમ ભમાડીને વાંદે, તે ચુડલિક દોષ કહેવાય છે.

ઉપરોક્ત બત્રીશદોષ રહિત પચ્ચીશ આવશ્યક સહિત દ્વાદશાવર્ત્ત વંદન કરવાથી આત્મા સર્વકર્મ મુક્ત બની મુક્તિપદને પામે છે.

## ગુરુભગવંત પ્રત્યે ૩૩ આશાતના ત્યજવી જોઈએ

(૧) ગુરુભગવંતની આગળ જવું. (૨) ગુરુભગવંત ની આગળ ઉભા રહેવું. (૩) ગુરુભગવંતની આગળ બેસવું. (૪) ગુરુભગવતની પડખે (ડાબે-જમણે)જવું. (૫) ગુરુભગવંતની પડખે (જમણે-ડાબે) ઉભા રહેવું. (૬) ગુરુભગવંતની પડખે બેસવું. (૭) ગુરુભગવંતની સાવ નજીક આગળ ચાલવું. (૮) ગુરુભગવંત ની સાવ નજીક ઉભા રહેવું. ગુરુભગવંતની સાવ નજીક બેસવું. (૧ થી ૯ આશાતનામાં ગુરુભગવંત ની આજ્ઞાથી તેમ કરવાનું થાય તો આશય શુદ્ધ હોવાથી દોષ સંભવતો નથી.) (૧૦) ગુરુભગવંતની પહેલાં હાથ-પગ ધોઈ લેવા. (૧૧) બહાર જઈને આવ્યા પછી ગુરુભગવંતની પહેલા 'ઈરિયાવહિયં' આલોવે. (૧૨) રાત્રે સંથારો કરતાં પહેલાં કે પછી ગુરુભગવંત સાદ આપે, ત્યારે જાગતા હોવા છતાં જવાબ ન આપવું. (૧૩) ગૃહસ્થને ગુરુભગવંત પાસે જાય તે પહેલાં પોતાની પાસે બોલાવે. (૧૪) ગોચરી બીજા સાધુભગવંત પાસે આલોવીને પછી ગુરુભગવંત પાસે, આલોવે (૧૫) ગોચરી બીજા સાધુભગવંત ને દેખાડે. (૧૬) ગુરુભગવંત પહેલા અન્ય સાધુભગવંતને ગોચરી વાપરવા માટે નિમંત્રણ (આમંત્રણ) આપવું. (૧૭) ગુરુભગવંત પધારે તે પહેલા આજ્ઞા વગર બીજા સાધુભગવંત ને ખવડાવે. (૧૮) ગુરભગવંત પધારે પહેલાં ગોચરીમાં આવેલ સારી વસ્તુઓ પોતે આજ્ઞા વગર વાપરી (ખાઈ) લે. (૧૯) દિવસે ગુરુભગવંત એ બોલાવ્યા છતાં (સાંભળવા છતાં) ઉત્તર ન આપે. (૨૦) ગુરુભગવંત બોલાવે ત્યારે કઠોર વચન કહે. (૨૧) ગુરુભગવંત સાદ કરે ત્યારે પોતાના આસને બેઠાં-બેઠાં જવાબ આપવું. (૨૨) ગુરુભગવંત બોલાવે ત્યારે 'શું કહો છો ?' વું જ કર. ઈત્યાદિ તોછડાઈ પૂર્વક વચન કહે. (૨૩) ગુરુભગવંત બોલાવે અથવા વાર્તાલાપ કરતા હોય ત્યારે સામો જવાબ આપે અર્થાત્ તર્જના કરે. (૨૪) વ્યાખ્યાનશ્રવણ કરતી વખતે સારા મનવાળો ન થાય. (૨૫) ગુરુભગવંત કે વડીલ સાધુભગવંત કોઈ કામ ચીંધે તો વિનયરહિત ભાષણ કરે. (૨૬) 'એ અર્થ તમને યાદ આવતો નથી. એ કથા હું તમને સારી રીતે સમજાવીશ' એમ કહી ગુરુભગવંત અન્યોને સમજાવતાં હોય ત્યારે કથાનો છેદ કરે. (૨૭) 'ગોચરી વેળા થઈ છે...' એમ કહીને ગુરુભગવંત પાસે બેઠેલ પર્ષદા (સભા)નો ભંગ કરે, (૨૮) ગુરુભગવંત ના વ્યાખ્યા પછી પર્ષદા (સભા) ઉઠી ને હોય ત્યારે ગુરુ-આજ્ઞા વગર પોતાની વિશેષ હોશિયારી-બતાવવા ગુરુભગવંતના વિષયને વિશેષ વિસ્તારીને સમજાવે. (૨૯) અથવા ચાલતી સભામાં શ્રોતાજન ને આવર્જીત કરવાં 'હું તમને પછી ખૂબ સારી રીતે ગળે ઉત્તરી જાય, તેમ સમજાવીશ.' તેમ કહે, (૩૦) ગુરુભગવંત ના સંથારા-આસન-કપડા આદિને પગ લગાડે. (૩૧) ગુરુભગવંત ના વસ્ત્રાદિને ગુરુ આજ્ઞા વગર ઉપયોગ કરે (બેસે-ઉભા રહે-આળોટે કે અજુગતું વર્તન કરે). (૩૨) ગુરુભગવંત કરતા ઉંચા આસને બેસે અને (૩૩) ગુરુભગવંત જેવા વસ્ત્રાદિનો ઉપયોગ કરે અથવા ગુરુભગવંતના વસ્ત્રાદિ જેટલા કિંમતી અથવા તેથી વિશેષમાં મોંઘા વસ્ત્રાદિનો ઉપયોગ કરે.



ઉપરોક્ત પૂ. ગુરુભગંવત પ્રત્યેની ૩૩ આશાતના નો ત્યાગ કરી યથાયોગ્ય વિનય-બહુમાન-આદર ભાવ રાખીને જ વર્તવા ખાસ ઉપયોગ રાખવો જોઈએ.






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પ્રતિક્રમણ વખતે બોલતી -સાંભળતી વેળાની મુદ્રા



આ પ્રમાણે આગળ પ્રમાર્જના કરવી, તે અવિધિ છે.



# ૩૧ 'શ્રી દેવસિઅં આલોઉં સૂત્ર'

આદાન નામ : શ્રી દેવસિઅં આલોઉં
ગૌણ નામ : અતિચાર
આલોચના સૂત્ર

**વિષય:**
વ્રતોમાં લાગેલ અતિચારની આલોચના સાથે ક્ષમા યાચના.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છાકારેણ સંદિસહ-<br>ભગવન્ ! | ઇચ્-છા-કારે-ણ સન્-દિ-સહ<br>ભગ-વન્! | હે ભગવંત ! આપ ઈચ્છા પૂર્વક આજ્ઞા આપી કે |
| દેવસિઅં (રાઇઅં) આલોઉં? | દેવ-સિઅમ્-(રા-ઈઅમ્-)<br>આ-લો-ઉમ્ ? | (હું) દિવસ (કે રાત્રી) સંબંધી પાપોની આલોચના<br>કરું ?(ગુરુ-કહે = આલોવેહ=આલોચના કરો ત્યારે ) |
| ઇચ્છં, આલોએમિ | ઇચ્-છમ્, આલો-એમિ | (શિષ્ય-કહે)(ઈચ્છં)આપની આપની આજ્ઞા પ્રમાણ છે.<br>હું આલોચના કરું છું. |
| જો મે દેવસિઓ (રાઈઓ).... | જો-મે-દેવ-સિ-ઓ (રા-ઈઓ-)... | જે (કંઈ) મેં દિવસ (કે રાત્રી) સંબંધી)... |

**અર્થ :- હે ભગવંત ! આપ (મને) ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો કે (હું) દિવસ (કે રાત્રી) સંબંધી પાપોની આલોચના કરું ? (ત્યારે ગુરુભગવંત કહે. આલોવેહ - આલોચના ભલે કરો) ત્યારે (શિષ્ય-કહે) મને આપની આજ્ઞા પ્રમાણે છે. જે (કંઈ) દિવસ (કે રાત્રી) સંબંધી વ્રતોમાં અતિચાર રૂપ પાપ લાગ્યા હોય તેની હું આલોચના કરું છું.**


★ નોંધ : આ સૂત્રનો અનુસંધાન ૨૮માં સૂત્ર 'શ્રી ઈચ્છામિ ઠામિ' સાથે 'દેવસિઓ' (રાઈઓ) અઈયારો કઓ કાઈઓ...થી સૂત્ર પૂર્ણ થાય ત્યાં સુધી લેવાનો હોય છે. તેમાં પ્રતિક્રમણ અનુસાર 'દેવસિઓ' શબ્દમાં ફેરફાર કરવો જોઈએ. જેમકે દેવસિ પ્રતિક્રમણમાં 'દેવસિઓ' રાઈઅ પ્રતિક્રમણમાં 'રાઈઓ,'પક્ખી પ્રતિક્રમણમાં 'પક્ખીઓ', ચૌમાસી પ્રતિક્રમણમાં 'ચઉમાસિઓ' અને સંવત્સરી પ્રતિક્રમણમાં 'સંવચ્છરિઓ' બોલવું જોઈએ.

★ આ સૂત્રની શરુઆત થતાં ઘણા ભાવિકો આગળ ચરવળા/રજોહરણ થી પ્રમાર્જના કરતા હોય છે. તેમાં બીજા વાંદણા પછી આવતા આ સૂત્રને લક્ષ્યમાં રાખીને યોગમુદ્રા અનુસાર બન્ને પગના પંજાને રાખવા પ્રમાર્જના કરી શકાય. અવગ્રહની અંદર જ રહીને આ સૂત્ર, દેવસિક આદિ અતિચાર અને વંદિત્તુસૂત્ર આદિ પૂર્ણ બોલીને પછી અવગ્રહની બહાર જવાનું વિધાન છે, તે ધ્યાનમાં રાખવું જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





# ૩૨ 'શ્રી સાત લાખ સૂત્ર'

પ્રતિક્રમણ વખતે મુહપત્તિના ઉપયોગ પૂર્વક બોલતી - સાંભળતી વેળાની મુદ્રા

આદાન નામ : શ્રી સાત લાખ સૂત્ર
ગૌણ નામ : જીવરાશિ - આલોચના સૂત્ર

**વિષય:**
સમસ્ત જીવરાશિ પ્રતિ થયેલા હિંસાદોષ સ્વરૂપ પ્રથમ પાપસ્થાનકની વિસ્તારથી આલોચના.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક |
|---|---|
| સાત લાખ પૃથ્વીકાય, | સાત લાખ પૃથ્-વી-કાય, |
| સાત લાખ અપ્કાય, | સાત લાખ અપ્-કાય, |
| સાત લાખ તેઉકાય, | સાત લાખ તેઉ-કાય, |
| સાત લાખ વાઉકાય, | સાત લાખ વાઉ-કાય, |
| દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, | દશ લાખ પ્ર-ત્-યે-ક - વનસ્-પતિ-કાય, |
| ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, | ચૌદ લાખ સાધા-રણ- વનસ્-પતિ-કાય, |
| બે લાખ બેઇંદ્રિય, | બે લાખ બે ઇન્-દ્રિય, |
| બે લાખ તેઇંદ્રિય, | બે લાખ તે ઇન્-દ્રિય, |
| બે લાખ ચઉરિંદ્રિય, | બે લાખ ચઉ-રિન્-દ્રિય, |
| ચાર લાખ દેવતા, | ચાર લાખ દેવ-તા |
| ચાર લાખ નારકી, | ચાર લાખ નાર-કી, |
| ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, | ચાર લાખ તિર્-યઞ્ (યન્) -ચ પઞ્ (પન્)-ચેન્-દ્રિય, |
| ચૌદ લાખ મનુષ્ય | ચૌદ લાખ મનુ-ષ્ય. |

એવંકારે ચોરાશી લાખ જીવા યોનિ માંહે મહારે જીવે જે કોઇ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય, તે સવિ હુ મન-વચન-કાયાએ કરી, મિચ્છા મિ દુક્કડં ॥

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| બે લાખ બેઇન્દ્રિ | બે લાખ બેઇન્દ્રિય |
| તિર્યંચ પંચિન્દ્રિ | તિર્યંચ પંચેન્દ્રિય |

**અર્થ :** સાત લાખ પ્રકારના (પૃથ્વીરૂપ-જીવ) પૃથ્વીકાય ના જીવો (માટી, ઢેફું, પથ્થર વગેરે), સાત લાખ પ્રકારના (પાણીરૂપ-જીવ) અપ્કાયના જીવો- (પાણી, ઝાકળ, બરફ, ધુમ્મસ વગેરે), સાત લાખ પ્રકારના (અગ્નિરૂપ-જીવ) અગ્નિકાયના જીવો (- લાઈટ, બલ્બ, બેટરી, મશાલ વગેરે), સાત લાખ પ્રકારના (પવનરૂપ-જીવ) વાયુકાય જીવો (-હવા, વાયરો, પવન વગેરે), દશ લાખ પ્રકારના એક શરીરમાં એક જીવ રૂપ પ્રત્યેક વનસ્પતિકાયના જીવો (- ફળ, ફૂલ, બી, પાંદડુ, છાલ વગેરે), ચૌદ લાખ પ્રકારના (એક શરીરમાં-અનંત જીવો રૂપ) સાધારણ વનસ્પતિ -કાયના જીવો (=કંદમૂળ, નીલ, નિગોદ વગેરે), બે લાખ પ્રકારના (ફક્ત સ્પર્શ અને રસનો અનુભવ કરી શકે, તેવા જીવરૂપ) બેઈન્દ્રિય જીવો (= શંખ, કોડી, અળસીયા વેગેર), બે લાખ પ્રકારના (ફક્ત સ્પર્શ, રસ અને ગંધનું સંવેદન કરવા સમર્થ એવા જીવરૂપ) તેઈન્દ્રિય જીવો (=કીડી, મંકોડા, છાણના કીડા, ધનેરા, કંથુઆ, ઈયળ વગેરે), બે લાખ પ્રકારના (ફક્ત સ્પર્શ, રસ, ગંધ અને રૂપનું જ સંવેદન કરવા સમર્થ એવા જીવરૂપ) ચઉરિન્દ્રિય જીવો, (- વીંછી, ભમરો, તીડ, માખી, ડાંસ, મચ્છર વગેરે), ચાર લાખ પ્રકારના દેવતાઓ (= વૈમાનિક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવતાઓ), ચાર લાખ પ્રકારના નારકીઓ, ચાર લાખ પ્રકારના (સ્પર્શ, રસ, ગંધ રૂપ અને શબ્દરૂપ પાંચેય -ઈન્દ્રિયનું સંવેદન કરવા સમર્થ પશુઓ રૂપ) તિર્યંચ પંચેન્દ્રિય જીવો (સર્પ, પંખી, માછલી, હાથી, ઘોડા, કુતરા વગેરે), ચૌદ લાખ પ્રકારના મનુષ્યો એ પ્રમાણે ૭ + ૭ + ૭ + ૭ + ૧૦ + ૧૪ + ૨ + ૨ + ૨ + ૪ + ૪ + ૪ + ૧૪ = ૮૪ લાખ પ્રકારની જીવોની યોનિ (ઉત્પત્તિ સ્થાન ) હોય છે.

તેમાંથી મારા જીવે (થી) જે કોઈ જીવને હણ્યો હોય, બીજા પાસે હણાવ્યો હોય અને હણનારની અનુમોદના (પ્રશંસા-તારીફ) કરી હોય, તે સર્વ પ્રકારના (કરણ-કરાવણ-અનુમોદનરૂપ) ખરેખર મન, વચન અને કાયાથી પાપ કર્યું હોય તો તે પાપ મારું મિથ્યા થાઓ (નિષ્ફળ થાઓ).

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





# ૩૩ 'શ્રી અઢાર પાપસ્થાનક સૂત્ર'



પ્રતિક્રમણ વખતે
મુહપત્તિના
ઉપયોગ પૂર્વક
બોલતી-સાંભળતી
વેળાની મુદ્રા

આદાન નામ : શ્રી પહેલે પ્રાણાતિપાત સૂત્ર
ગૌણનામ : અઢાર
પાપસ્થાનક
સૂત્ર

**વિષય :**
**સઘળાંય પાપસ્થાનકોની ગુરુસમક્ષ નિવેદના કરી મિથ્થા દુષ્કૃત કહેવું.**

**મૂળસૂત્ર**

પહેલે પ્રાણાતિપાત,બીજે મૃષાવાદ,
ત્રીજે અદત્તાદાન,ચોથે મૈથુન,
પાંચમે પરિગ્રહ, છઠ્ઠે ક્રોધ,
સાતમે માન, આઠમે માયા,
નવમે લોભ, દશમે રાગ,
અગ્યારમે દ્વેષ, બારમે કલહ,
તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય,
પંદરમે રતિ-અરતિ,સોલમે પર-પરિવાદ,
સત્તરમે માયા મૃષાવાદ,
અઢારમે મિથ્યાત્વશલ્ય
એ અઢાર-પાપસ્થાનકમાંહે
માહરે જીવે, જે કોઇ પાપ સેવ્યું હોય,
સેવરાવ્યુ હોય, સેવતાં પ્રત્યે-
અનુમોધ્યુ હોય,
તે સવિ હુ મન વચન કાયાએ કરી-
મિચ્છા મિ દુક્કડં.

**ઉચ્ચારણમાં સહાયક**

પહેલે પ્રાણા-તિ-પાત, બીજે મૃષા-વાદ,
ત્રીજે અદત્-તા-દાન, ચોથે મૈ-થુન,
પાંચ-મે પરિ-ગ્રહ, છટ્-ઠે કો (ક્-રો)-ધ,
સાત-મે માન, આઠ-મે માયા,
નવ-મે લોભ, દશમે રાગ,
અગ્-યાર-મે દ્વેષ(દ્વે-ષ), બાર-મે કલ-હ,
તેર-મે અભ્-યા-ખ્યા-ન,ચૌદ-મે પૈ-શુન્-ય,
પન્-દરમે રતિ-અરતિ, સોલ-મે પર-પરિ-વાદ,
સત્-તરમે માયા-મૃષા-વાદ,
અઢારમે મિથ્-યાત્-વ શલ્-ય
એ અઢાર-પાપ-સ્થા-નક-માંહે
માહરે-જીવે, જે કોઇ પાપ સેવ્યું હોય,
સેવ-રાવ્યું હોય, સેવતાં પ્રત્યે-
અનુ-મોધ્યુ (-દ્યુ) હોય,
તે સવિ હુ મન વચન-કાયાએ કરી-
મિચ્છા મિ દુક્-ક-ડમ્.



**અર્થ :-** જીવ હિંસા કરવી, તે પ્રાણાતિપાત; અસત્ય વચન બોલવું, તે મૃષાવાદ; ચોરી કરવી, તે અદત્તાદાન; કામ-વિષય સેવન, તે મૈથુન; ધન્ય-ધાન્ય આદિની મમતા; તે પરિગ્રહ; ગુસ્સો કરવો, તે ક્રોધ; અહંકાર કરવો, તે માન; કપટ-પ્રંપચ કરવું, તે માયા; સંગ્રહવૃત્તિ- અસંતોષ, તે. લોભ; (પ્રીતિ)મોહ રાખવો, તે રાગ; અરૂચિ (તિરસ્કાર) રાખવી, તે દ્વેષ; કજીયો કરવો, તે કલહ; ખોટુ આળ દેવું, તે અભ્યાખ્યાન; ચાડી ખાવી, તે પૈશુન્ય; સુખ આવે ત્યારે હર્ષ કરવો, તે રતિ; દુખ આવે ત્યારે શોક કરવો, તે અરતિ; પારકી નિંદા કરવી, તે પરપરિવાદ; કપટ પૂર્વક જુઠ્ઠું બોલવું, તે માયા-મૃષાવાદ અને દેવ-ગુરુ અને ધર્મ ઉપર અશ્રદ્ધારૂપ ડખલ, તે મિથ્યાત્વ-શલ્ય કહેવાય છે.

**અર્થ :**આ અઢાર પાપસ્થાનકમાંથી મારા જીવે (થી) જે કોઈ પાપ સેવ્યુ હોય, બીજા પાસે સેવરાવ્યુ હોય અને સેવનારની પ્રશંસા (અનુમોદના-તારીફ) કરી હોય, તે સર્વ પ્રકારના - (=કરણ-કરાવણ-અનુમોદનરૂપ) પાપ ખરેખર મનથી, વચનથી કે કાયાથી આચર્યા તે સર્વ મારા પાપ મિથ્યા થાઓ. (નિષ્ફળ થાઓ.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



એક-એક પાપસ્થાનક પ્રવૃત્તિ, યોગ, કરણ અને કષાય થી ગુણવાથી ૧૯૪૪ થાય છે.

૩ પ્રકારની પ્રવૃત્તિઃ-

૧. સંરંભ = પાપ પ્રવત્તિના આચરણની ઈચ્છા થવી તે

૨. સમારંભ = જે ઈચ્છા થઈ તેને પૂર્ણ કરવાની તૈયારી કરવી તે)

૩. આરંભ = પ્રવૃત્તિની શરૂઆત કરવી તે)

૩ પ્રકારનો યોગ = મન, વચન અને કાયા,

૩ પ્રકારના કરણ = કરણ-કરાવણ અને અનુમોદન

૪ પ્રકારનો કષાય = ક્રોધ, માન, માયા અને લોભ,

આ પ્રમાણે = 3 x 3 x 3 x ૪ = ૧૦૮ થાય.

૧૮ પાપ સ્થાનક ૧૦૮ થી ગુણવાથી ૧૯૪૪ની સંખ્યા પ્રાપ્ત થાય છે.

નોંધ : ● છેલ્લા ઘણા વર્ષોથી આ સૂત્ર બોલતી વખતે બોલનાર ભાગ્યશાળી '૧૪ લાખ મનુષ્ય' સુધી પહોંચે ત્યારે ઉપસ્થિત સર્વે આરાધકો આગળનું વાક્ય એક સાથે બોલતાં હોય છે, જે યોગ્ય નથી. કેમકે એક સાથે બોલનારાઓમાં શબ્દ-ઉચ્ચારની રીત અલગ-અલગ હોવાથી બહુ સ્પષ્ટ શબ્દો સંભળાવાની શક્યતા ઓછી રહેતી હોય અને આ સૂત્ર ને કંઠસ્થ નહિ કરનાર આરાધકોને તે અસ્પષ્ટ શબ્દ ઉચ્ચારના કારણે એટલું ધારવાનું અધુરુ રહી જવાની શક્યતા રહે. તેથી આદેશ લેનાર ભાગ્યશાળીએ જ પૂર્ણ સૂત્ર બોલવાનો આગ્રહ રાખવો અને છેલ્લે 'મિચ્છા મિ દુક્કડં' સાથે સહુ કોઈએ બોલવા ઉપયોગ રાખવો. આ મુજબ અઢાર પાપ સ્થાનકમાં, સામાયિક પારવાના સૂત્રમાં, અતિચાર બોલાય ત્યારે દરેક અતિચારની સમાપ્તિ વેળાએ અને પૌષધવ્રત પારતી વખતે આ કાળજી રાખવી હિતકર જણાય છે.

● સાત લાખ, અઢાર પાપસ્થાનક, સામાઈય-વય-જુત્તો, અતિચાર (ગુજરાતીમાં), સાગરચંદો કામો (--પૌષધ પારવાનો સૂત્ર) માં અન્તે 'મને- વચને-કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં' બોલવું, તે અતિશય અશુદ્ધ પાઠ છે. પણ તેમાં નિયમા 'મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં' બોલવું, તે અણિશુદ્ધ પાઠ છે, તેનો ખ્યાલ રાખવો.

● સર્વ જીવોને આશ્રયી ઉત્પન્ન થવાના સ્થાનો અસંખ્ય છે, પરંતુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને આકૃતિથી જે ઉત્પત્તિ સ્થાનો સમાન હોય છે, તેટલાનું એક સ્થાન ગણાય છે. એથી કુલ ઉત્પત્તિસ્થાનો ૮૪ લાખ છે. દાત. પૃથ્વીકાય ના મૂળ ભેદ= ૩૫૦ x ૫ વર્ણ (= લાલ, પીળો, લીલો, કાળો અને સફેદ) x ૨ રંગ (- સુગંધ અને દુર્ગંધ) x ૫ રસ (-તીખો, કડવો, ખાટો, મધુર અને ખારો (= કષાય) x ૮ સ્પર્શ (= સ્નિગ્ધ, રુક્ષ, ઉષ્ણ, શીત, કર્કશ, લીસો, કઠણ અને નરમ) x ૫ આકૃતિ= સંસ્થાન (= વૃત્ત, પરિમંડલ, ચોરસ, લંબચોરસ અને ત્રિકોણ)= ૭,૦૦,૦૦૦ (સાત લાખ) થાય છે. તે મુજબ દરેક જીવોના મૂળભેદ સાથે ૨૦૦૦ (૫ x ૨ x ૫ x ૮ x ૫) ને ગુણવાથી તે તે સંખ્યાની પ્રાપ્તિ થાય છે, જે નીચે મુજબ જાણશો.

★ ૮૪,૦૦,૦૦૦ યોનિઓ ★

| | | | દરેક જીવોનો ગુણસ્થાનક ક્રમ |
|---|---|---|---|
| પૃથ્વીકાય જીવોના મૂળ ભેદ | ૩૫૦ x ૨,૦૦૦= | ૭,૦૦,૦૦૦ | |
| અપ્કાય જીવોના મૂળ ભેદ | ૩૫૦ x ૨,૦૦૦= | ૭,૦૦,૦૦૦ | |
| તેઉકાય જીવોના મૂળ ભેદ | ૩૫૦ x ૨,૦૦૦= | ૭,૦૦,૦૦૦ | ૨ ગુણસ્થાનક સુધી |
| વાઉકાય જીવોના મૂળ ભેદ | ૩૫૦ x ૨,૦૦૦= | ૭,૦૦,૦૦૦ | |
| પ્રત્યેક વનસ્પતિકાય જીવોના મૂળ ભેદો | ૫૦૦ x ૨,૦૦૦= | ૧૦,૦૦,૦૦૦ | |
| સાધારણ વનસ્પતિકાય જીવોના મૂળ ભેદો | ૭૦૦ x ૨,૦૦૦= | ૧૪,૦૦,૦૦૦ | |
| બેઈન્દ્રિય જીવોના મૂળ ભેદો | ૧૦૦ x ૨,૦૦૦= | ૨,૦૦,૦૦૦ | ૨ ગુણસ્થાનક સુધી |
| તેઇન્દ્રિય જીવોના મૂળ ભેદો | ૧૦૦ x ૨,૦૦૦= | ૨,૦૦,૦૦૦ | |
| ચઉરિન્દ્રિય જીવોના મૂળ ભેદો | ૧૦૦ x ૨,૦૦૦= | ૨,૦૦,૦૦૦ | |
| દેવતાના જીવોના મૂળ ભેદો | ૨૦૦ x ૨,૦૦૦= | ૪,૦૦,૦૦૦ | ૪ ગુણસ્થાનક સુધી |
| નારકીના જીવોના મૂળ ભેદો | ૨૦૦ x ૨,૦૦૦= | ૪,૦૦,૦૦૦ | |
| તિર્યંચ પંચેન્દ્રિય જીવોના મૂળ ભેદો | ૨૦૦ x ૨,૦૦૦= | ૪,૦૦,૦૦૦ | - ૫ ગુણસ્થાનક સુધી |
| મનુષ્ય જીવોના મૂળ ભેદો | ૭૦૦ x ૨,૦૦૦= | ૧૪,૦૦,૦૦૦ | - ૧૪ ગુણસ્થાનક સુધી |
| જીવના મૂળ ભેદો અંગેનો પાઠ(પ્રાપ્ય) લભ્ય નથી | કુલ | ૮૪,૦૦,૦૦૦ | જીવયોનિ |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૩૪ 'શ્રી સવ્વસ્સ વિ સૂત્ર'



વિનમ્રતાપૂર્વક ગુરૂભગવંતોને નિવેદન કરતી મુદ્રા

આદાન નામ : શ્રી સવ્વસ્સ વિ સૂત્ર
ગૌણ નામ : પાપ આલોચના સૂત્ર



વિષય : પાપ આલોચવા ગુરૂભગવંતને નિવેદન.

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| સવ્વસ્સ વિ દેવસિઅ, | સવ્-વસ્-સ-વિ-દેવ-સિ-અ | સર્વેપણ દિવસ/રાત્રિ |
| (રાઈઅ) | (રા-ઈ-અ) | સંબંધિત... |
| દુચ્ચિંતિઅ, દુબ્ભાસિયઅ, | દુચ્-ચિન્-તિઅ-દુબ્-ભા-સિઅ, | દુષ્ટ ચિંતવન, દુષ્ટ ભાષણ |
| દુચ્ચિટ્ઠિઅ, | દુચ્-ચિટ્-ઠિઅ, | દુષ્ટ ચેષ્ટા સંબંધિ |
| ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! | ઈચ્-છા-કારેણ-સન્-દિસહ-ભગ-વન્ ! | હે ગુરૂભગવંત ! હું ઈચ્છું છું કે આપ પાપથી પાછા હટવા અનુમતિ આપો... |
| (પડિક્કમેહ)ઈચ્છં, | (પડિક્-કમેહ)-ઈચ્-છમ્, | (ગુરૂભગવંત કહે ભલે પાપથી પાછા ફરો) ત્યારે શિષ્ય કહે, આપની આજ્ઞા પ્રમાણ છે, |
| તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ | તસ્-સ-મિચ્-છા-મિ-દુક્-ક-ડમ્ ॥ | તે મારા આચરેલા પાપ મિથ્યા થાઓ ।. |

**અર્થ :** હે ક્ષમાશ્રમણ ! આપ સ્વેચ્છાએ મને અનુમતિ આપો કે હું સર્વેપણ દિવસ/રાત્રી સંબંધિત આર્ત-રૌદ્ર ધ્યાન સ્વરૂપ દુષ્ટ ચિંતવનથી, અસત્ય-કઠોર વચન સ્વરૂપ દુષ્ટ ભાષણથી અને ન કરવા યોગ્ય ક્રિયા સ્વરૂપ દુષ્ટ ચેષ્ટા સ્વરૂપ પાપથી પાછો ફરૂં ? (ગુરુભગવંત કહે-ભલે ! પાપથી પાછા ફરો)(ત્યારે શિષ્ય કહે -)આપની આજ્ઞા પ્રમાણ છે. હું તે સઘળાય દુષ્કૃત્યથી પાછો ફરું છું અને મારા દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

## પ્રસ્તુત સૂત્ર અંગે વિશેષ સમજુતી

- આ સૂત્ર ઉભા રહીને યોગમુદ્રામાં બોલવું જોઈએ.
- પૂ.ગુરુભગવંત 'પડિક્કમેહ'બોલે ત્યારે સહુ આરાધકોએ 'ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં' એક સાથે અવશ્ય બોલવું જોઈએ.
- આ સૂત્ર પક્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં અતિચાર પૂર્ણ થયા પછી બોલાય છે.
- તે બોલ્યા પછી શિષ્ય ગુરુભગવંતને પ્રશ્ન પૂછતા હોય છે કે "ઈચ્છકારી ભગવન ! પસાય કરી પક્ખી / ચૌમાસી / સંવત્સરી તપ પ્રસાદ કરશોજી" ત્યારે ગુરુભગવંત ઉત્તર આપતા કહે છે, 'પક્ખીણં લેખે ચોથ-અબ્ભત્તટ્ઠેણં=એક ઉપવાસ, બે આયંબિલ, ત્રણ નીવિ, ચાર એકાસણા, આઠ બિયાસણા અથવા બે હજાર સ્વાધ્યાય કરી લેખા શુદ્ધિ કરી પહુંચાડશો.'

  'ચૌમાસી લેખે છટ્ઠ-અબ્ભત્તટ્ઠેણં-બે ઉપવાસ,ચાર આયંબિલ, છ નીવિ, આઠ એકાસણા, સોલ બિયાસણા અથવા ચાર હજાર સ્વાધ્યાય કરી લેખા શુદ્ધિ કરી પહુંચાડશો.'

  'સંવત્સરી લેખે અટ્ઠમ-અબ્ભત્તટ્ઠેણં-ત્રણ ઉપવાસ, છ આયંબિલ, નવ નીવિ, બાર એકાસણા, ચોવીસ બિયાસણા અથવા છ હજાર સ્વાધ્યાય કરી લેખા શુદ્ધિ કરી પહુંચાડશો.'
- પૂ.ગુરુભગવંતના જવાબ મુજબ તપ પૂર્ણ કર્યો હોય તો 'તહત્તિ'બોલવું, તપ ચાલુ કર્યો હોય અને પૂર્ણ કરવાની ભાવના હોય તો 'પઈટ્ઠિઓ'(=આપની આજ્ઞા અનુસાર તપમાં પ્રસ્થાપિત થયો છું.)અને તપ કર્યો ન હોય અને કરવો પણ ન હોય તો 'મૌન'રહેવું જોઈએ.
- પાક્ષિક, ચૌમાસી અને સંવત્સરીના પ્રાયચ્છિત સ્વરુપ તપ કરવાથી જિનાજ્ઞા પાલનનો લાભ થાય છે અને તે મુજબ તપ ન કરવાથી જિનાજ્ઞાનો અનાદર થાય છે.
- લેખા શુદ્ધિ = ગુરૂભગવંતની આજ્ઞા અનુસાર કરેલા તપને લખીને ગુરૂભગવંતને બતાવવું જોઈએ અથવા મૌખિક નિવેદન કરવું જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિવિધ આવશ્યક ક્રિયાની સાચી મુદ્રા - ૩

## ૧. ચૈત્યવંદન સમયની મુદ્રા




## ૨. મુક્તા શુક્તિમુદ્રા




जैन साईट
JAINSITE.com

## ૩. વાંદણા સમયની મુદ્રા




## ૪. વંદિત્તુ સૂત્ર બોલતી વખતની મુદ્રા





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પ્રતિક્રમણ વખતે બોલતી-સાંભળતી વેળાની મુદ્રા



પગના પંજા પર શરીરની સંતુલના જાળવી એકાગ્રતાથી સુત્ર બોલવું



અપવાદિક મુદ્રા

# ૩૫ 'શ્રી વંદિત્તુ સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી વંદિત્તુ સૂત્ર |
| ગૌણ નામ | : શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર |
| પદ | : ૨૦૦ |
| સંપદા | : ૨૦૦ |

**વિષયઃ** આચાર તથા વ્રતોમાં લાગેલ અતિચારની નિંદા-ગર્હા અને આત્માને પવિત્ર કરે તેવી ભાવનાઓ છે.

## છંદનું નામઃ ગાહા. રાગઃ 'શાન્તિં શાન્તિ નિશાન્તં'... (લઘુ શાન્તિ સ્તવ)

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| વંદિત્તુ સવ્વ સિદ્ધે, | વન્-દિત્-તુ સવ્-વ-સિદ્-ધે, | વાંદીને સર્વજ્ઞ એવા અરિહંતો અને સિદ્ધ ભગવંતોને, |
| ધમ્માયરિએ અ સવ્વ સાહૂ અ । | ધમ્-મા ય-રિએ અ સવ્-વ-સાહૂ-અ । | ધર્માચાર્યોને ઉપાધ્યાયોને અને સર્વસાધુઓને ! |
| ઇચ્છામિ પડિક્કમિઉં, | ઇચ્-છા-મિ પડિક્-કમિ-ઉમ્, | (હું) ઈચ્છું છું, (પાપોથી) પાછા ફરવા માટે, |
| સાવગ ધમ્માઇ-આરસ્સ ॥૧॥ | સાવ-ગ ધમ્-મા-ઇ-આ-રસ્-સ ॥૧॥ | શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચારથી. ૧. |

**અર્થઃ- સર્વજ્ઞ એવા શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધભગવંત, શ્રી ધર્માચાર્ય, શ્રી ઉપાધ્યાયભગવંત અને સર્વસાધુ-ભગવંતને વંદન કરીને (હું) શ્રાવકધર્મમાં લાગેલા અતિચારો (રૂપ પાપ)થી પાછો હટવા (ફરવા) ઈચ્છું છું. ૧.**




પ્રતિક્રમણના હાર્દરુપ આ સૂત્રના પ્રારંભમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર દ્વારા મંગલ કરવામાં આવે છે. પાંચે પરમેષ્ઠીને પોતાની વિશિષ્ટ મુદ્રામાં જોઈ ભાવથી મસ્તક ઝુકાવી શુદ્ધ આલોચના કરી શકવાનું સામર્થ્ય મળે, તેવી પ્રાર્થના કરવી.૧.




દેવ-ગુરુકૃપાથી મળેલ જ્ઞાન - દર્શન-ચારિત્રના યોગે અને ભાવમાં આવેલ મલિનતાને દૂર કરી નિર્મલતાને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ. તે માટે પશ્ચાદભૂમાં અંધારામાંથી અજવાળા તરફ ગતિ બતાવી છે. ૨.

## સર્વ વ્રતો તથા આચારોમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| જો મે વયાઇ-આરો, | જો મે વયા-ઇયા-રો, | જે મને વ્રતોમાં અતિચાર, જ્ઞાનને વિષે, |
| નાણે તહ દંસણે ચરિત્તે અ । | નાણે તહ દન્-સણે ચરિત્-તે અ । | દર્શનને વિષે તથા ચારિત્રને વિષે અને 'અ' શબ્દથી તપને વિષે અને વીર્ય ને વિષે |
| સુહુમો અ બાયરો વા, | સુહુ-મો અ બાય-રો વા, | જાણવામાં ન આવે, તે સૂક્ષ્મ અને પ્રગટ જાણી શકાય, તે બાદર (અતિચાર લાગ્યો હોય) |
| તં નિંદે તં ચ ગરિહામિ ॥૨॥ | તમ્-નિન્-દે તમ્ ચ ગરિ-હામિ ॥૨॥ | તેને હું નિંદુ છું અને ગુરુની સમક્ષ ગર્હા કરું છું. ૨. |

**અર્થ :- વ્રતોમાં, જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર સંબંધી આચારમાં (તપાચાર, વીર્યાચાર અને સંલેખનામાં) જાણવામાં ન આવે તેવા સૂક્ષ્મ પ્રકારના અને જાણી શકાય, તેવા બાદર પ્રકારના અતિચાર જે (કંઈ) મને લાગ્યો હોય, તેની હું આત્મ સાક્ષીએ નિંદા કરું છું અને ગુરુની સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદું) કરું છું. ૨.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિગ્રહ તથા આરંભનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| દુવિહે પરિગ્ગહમ્મિ, | દુવિ-હે પરિગ્-ગહમ્-મિ, | બે પ્રકારના પરિગ્રહ છે. (અને) |
| સાવજ્જે બહુવિહે અ આરંભે । | સા-વજ્-જે બહુ-વિહે-અ-આ-રમ્-ભે । | પાપવાળા અનેક પ્રકારના આરંભો |
| કારાવણે અ કરણે, | કા-રા-વણે અ કર-ણે, | કરવાથી, કરાવવાથી અને અનુમોદવાથી |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૩॥ | પડિક્-કમે-દેસિ-અમ્-સવ્-વમ્ ॥૩॥ | પાછો ફરૂં છું, દિવસ સંબંધી સર્વ અતિચારથી. ૩. |

**અર્થ :-** બે પ્રકારના પરિગ્રહને વિષે એટલે (૧) સાવદ્ય= પાપવાળો પરિગ્રહ અને (૨) અનેક પ્રકારના આરંભ સ્વરૂપ પરિગ્રહ, આ બન્નેને પોતે જાતે કરવાથી અને બીજા પાસે કરાવવાથી અને બીજા કરનારાઓને અનુમોદવાથી હું તે દિવસ સંબંધી સર્વ અતિચારોથી પાછો ફરું છું. ૩.

## સમ્યગ્જ્ઞાનનાં અતિચાર ગર્ભિત ઈન્દ્રિય-ક્ષાય-અપ્રશસ્ત ભાવનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| જં બદ્ધ-મિંદિ-એહિં, | જમ્-બદ્-ધ-મિન્-દિ-એ-હિમ્, | જે ઈન્દ્રિયોથી પાપ બાધ્યું હોય, |
| ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં । | ચઉ-હિમ્-કસા-એહિમ્-અપ્-પ-સત્-થેહિમ્ । | ચાર ક્ષાયો, અશુભભાવથી |
| રાગેણ વ દોસેણ વ, | રાગે-ણ-વ-દોસે-ણ-વ, | રાગથી અથવા દ્વેષથી |
| તં નિંદે તં ચ ગરિહામિ॥૪॥ | તમ્-નિન્-દે-તમ્-ચ-ગરિ-હામિ ॥૪॥ | તેને હું નિંદુ છું અને ગુરુ સાક્ષી ગર્હું છું. ૪ |

**અર્થ :-** અપ્રશસ્ત (અશુભ) ભાવથી પ્રવર્ત્તેલ પાંચ ઇન્દ્રિયો, ચાર ક્ષાયો (ક્રોધ માન, માયા અને લોભ), રાગ અથવા દ્વેષથી જે (કર્મ) બાંધ્યું હોય, તેની હું નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. ૪.

## સમ્યગ્દર્શનનાં અતિચારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| આગમણે નિગ્ગમણે, | આગ-મણે નિગ્-ગમ-ણે, | આવવામાં (તથા) જવામાં |
| ઠાણે ચંકમણે અણાભોગે । | ઠાણે ચઙ્-કમ-ણે અણા-ભોગે । | સ્થાને રહેવામાં તથા શૂન્ય ચિત્તથી ફરવામાં, |
| અભિઓગે અ નિઓગે, | અભિ-ઓગે અ નિઓ-ગે, | આગ્રહના કારણે અને પરાધીનતાના કારણે |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૫॥ | પડિક્-કમે દેસિ-અમ્ સવ્-વમ્ ॥૫॥ | દિવસના સંબંધી સર્વ અતિચારથી હું પાછો ફરું છું. ૫. |

**અર્થ :-** શૂન્ય ચિત્તથી, રાજાદિકના આગ્રહથી અને નોકરી વગેરેની પરાધીનતાથી મિથ્યાદષ્ટિઓના સ્થાન આદિમાં આવવામાં, નીકળવામાં, ઉભા રહેવામાં તેમજ ફરવામાં દિવસ સંબંધી લાગેલા સર્વ અતિચારો નું પ્રતિક્રમણ કરું છું. ૫.

જૈન સાહિત્ય JAINSITE .com



પરિગ્રહ તથા આરંભના પ્રતિકોથી પાછા ફરતા આત્માને જોવા.૩.




અનુપયોગ અને બેપરવાહીથી જીવયુક્ત કે જીવરહિત ભૂમિપર સકારણ કે નિષ્કારણ આવવું, જવું, ઉભા રહેવું તથા હરવું-ફરવુ. ઘર તથા પાછળ ઉધાનના માણસો જુઓ. અભિયોગમાં રાજાના આદેશને નતમસ્તકે સ્વીકાર કરતો સેવક છે તથા નિયોગમાં રામચંદ્રજીના આદેશથી સીતાજીને જંગલમાં મૂકવા જતા પોતાની ફરજને બંધાયેલા કૃતાંતવદન સેનાપતિ દેખાય છે.૫.

## સમ્યક્ત્વ વ્રતનાં પાંચ અતિચારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| સંકા કંખ વિગિચ્છા, | સઙ્-કા કઙ્-ખ-વિ-ગિચ્-છા, | શંકા, અન્યમતની ઈચ્છા, ફળમાં સંદેહ, |
| પસંસ તહ સંથવો કુલિંગીસુ । | પસન્-સ તહ-સન્-થવો કુલિઙ્-ગીસુ । | મિથ્યાત્વીના પ્રશંસા તથા પરિચય |
| સમ્મત્તસ્સ-ઇઆરે , | સમ્-મત્-તસ્-સ-ઇ-આ-રે, | સમ્યક્ત્વના અતિચારમાંથી |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૬॥ | પડિક્-કમે દેસિ-અમ્ સવ્-વમ્ ॥૬॥ | પાછો ફરૂં છું દિવસ સંબંધી સર્વ. ૬. |

**અર્થ :-** (૧) શ્રી વિતરાગના વચનમાં ખોટી શંકા- કરવી. (૨) અન્યમતની ઈચ્છા કરવી, (૩) સાધુ-સાધ્વીજી ભગવંતના મલ-મલીન શરીર-વસ્ત્ર દુર્ગંછા કરવી અથવા ધર્મના ફળમાં સંદેહ કરવો, (૪) મિથ્યાત્વીની પ્રશંસા (વખાણ) કરવી તથા (૫) જુદા-જુદા વેષ ધારણ કરી ધર્મના બહાને લોકોને ઠગનારા પાખંડીઓનો પરિચય કરવો, આ પાંચ પ્રકારના સમ્યક્ત્વવ્રતના અતિચાર છે, હું દિવસ સંબંધી તે સર્વ અતિચારથી પાછો ફરું છું. ૬.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




આલોક વિષયમાં દેવ-ગુરુના વચન પર અને પરલોક વિષયમાં મોક્ષ, દેવલોક અને નરક જેવો સ્થાનો પ્રત્યે શંકા હોય... અન્ય ધર્મના સ્થાનોની ચમત્કારિક વાતો સાંભળી મન આકર્ષાય તે કાંક્ષા, જેમાં પ્રખ્યાત હિંદુ દેવસ્થાન તથા ચર્ચ દેખાડ્યા છે. સાધુના મલિન વસ્ત્ર-ગાત્ર જોઈ મોઢું મચકોડતો યુવાન. તથા અન્ય દર્શનીઓની યજ્ઞ યાગાદિ ક્રિયા જોઈ તેનાથી પ્રભાવિત થતા અને તેના તરફ ખેંચાતા જીવો.૬.




## છકાયના જીવોનાં સમારંભના અતિચારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| છક્કાય-સમારંભે, | છક્-કાય-સમા-રમ્-ભે, | છકાયના જીવોના આરંભને વિષે, |
| પયણે અ પયાવણે અ જે દોસા । | પયણે અ પયા-વણે અ જે દોસા । | પોતે રાંધતાં, રંધાવતાં જે કાંઈ દોષ લાગ્યો હોય, |
| અત્તટ્ઠા ય પરટ્ઠા, | અત્-તટ્-ઠા ય પરટ્-ઠા, | પોતાને માટે અને બીજાને માટે, |
| ઉભયટ્ઠા ચેવ તં નિંદે ॥૭॥ | ઉભ-યટ્-ઠા ચેવ તમ્ નિન્-દે ॥૭॥ | ઉભયને માટે, તેને નિંદું છું. ૭. |

**અર્થ :-** પોતાને માટે, બીજાને માટે (અને) (તે) બન્નેને માટે (જાતે) રાંધતાં, (બીજા પાસે) રંધાવતાં (અને રાંધનારની અનુમોદના કરતા) છ જીવ નિકાય(= પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય સ્વરૂપ એકેન્દ્રિય અને બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય સ્વરૂપ ત્રસકાયના જીવો = ૬ જીવ નિકાય) ના સમારંભ (=પ્રાણીના વધનો સંકલ્પ, તે સંરભ, તેને પરિતાપ ઉપજાવવો, તે સમારંભ અને પ્રાણીનો વધ કરવો, તે આરંભ કહેવાય છે)માં મારાથી જે કાંઈ દોષ લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. ૭.

## સામાન્યથી શ્રાવકનાં બાર વ્રતોના અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| પંચણ્હ-મણુવ્વયાણં, | પઞ્ (પન્)-ચણ્-હ-મણુવ્-વયા-ણમ્, | પાંચ અણુવ્રતને વિષે, |
| ગુણવ્વયાણં ચ તિણ્હમઇયારે । | ગુણવ્-વયા-ણમ્ ચ તિણ્-હ-મઇ-યારે । | ત્રણ ગુણવ્રતોમાં જે અતિચાર લાગ્યા હોય |
| સિક્ખાણં ચ ચઉણ્હં , | સિક્-ખા-ણમ્ ચ ચઉણ્-હમ્, | તથા ચાર શિક્ષાવ્રતોને વિષે, |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૮॥ | પડિક્-કમે દેસિ-અમ્ સવ્-વમ્ ॥૮॥ | દિવસ સંબંધી સર્વ (અતિચારો)ને હું પડિક્કમું છું. ૮. |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્


**અર્થ :-** પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો (અને) ચાર શિક્ષાવ્રતો સંબંધી અતિચારોથી દિવસ સંબંધી લાગેલા સર્વ (અતિચારો)નું હું પ્રતિક્રમણ કરું છું ૮.




ભોજન સમારંભના દૃશ્ય દ્વારા રસોઈ કરવી, કરાવવી તથા છ કાયની જીવહિંસા બતાવી છે.૭.

પૂર્વના કાળમાં ઢોર એ સંપત્તિ ગણાતા તેથી ઢોરને અનુસરીને ચિત્રો બતાવ્યા છે. આજના કાળમાં શેરીમાં રખડતા કૂતારા - બિલાડા, ઘરના નોકર - ચાકર આદિ સાથે થતા વ્યવહાર પણ આમાં ગણી લેવા. પાંચમાં ચિત્રમાં પાણી-ઘાસ ખાતા ઘોડામાંથી કેટલાક મોઢા ચામડાથી બાંધેલા દેખાડ્યા છે, ૧૦.










## પહેલા અણુવ્રતનાં અતિચારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| પઢમે અણુવ્વયંમિ, | પઢ-મે અણુવ્-વયમ્-મિ, | પહેલા અણુવ્રતને વિષે, |
| થૂલગ-પાણાઇ-વાય-વિરઇઓ । | થૂલ-ગ-પાણાઇ-વાય-વિર-ઇઓ । | પ્રાણાતિપાતથી સ્થૂલવિરતિથી |
| આયરિય-મપ્પસત્થે, | આય-રિય-મપ્-પ સત્-થે, | માઠા ભાવથી આચર્યું હોય |
| ઇત્થ પ-માયપ્પ-સંગેણં ॥૯॥ | ઈત્-થ પ મા-યપ્-પ-સઙ્-ગે-ણમ્ ॥૯॥ | અહીં પ્રમાદના પ્રસંગથી. ૯. |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| વહ-બંધ-છવિચ્છેએ,<br>અઈભારે-ભત્ત-પાણ-વુચ્છેએ । | વહ-બન્-ધ-છવિચ્-છેએ,<br>અઈ-ભારે ભત્-ત પાણ-વુચ્-છેએ । | વધ કરવો, દરોડાથી બાંધવા, અવયવો છેદવાં,<br>અતિભાર ભરવો(તથા) ખોરાક પાણીનો<br>અંતરાય કરવો |
| પઢમ-વયસ્સ-ઈઆરે,<br>પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૦॥ | પઢમ-વયસ્-સ-ઈ-આરે,<br>પડિક્-કમે દેસિ-અમ્ સવ્-વમ્ ॥૧૦॥ | પહેલા (અણુ)વ્રતના અતિચારમાં<br>દિવસ સંબંધી સર્વ અતિચારોને હું પડિક્કમું છું. ૧૦. |

**અર્થ :-** (ગાથા) ૯ અને ૧૦)= પહેલા અણુવ્રતમાં પ્રાણોના વિનાશથી સ્થૂલ વિરતિને આશ્રયીને આચરણ થાય છે, તેમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્ત ભાવથી (૧) (જીવનો) વધ, (૨) બંધન; (૩) અવયવ છેદન, (૪) અતિભાર (આરોપણ) અને (૫) અન્ન-જળ અટકાવવારૂપ પહેલા(અણુ)વ્રતના અતિચારો છે, (તેમાં) દિવસ સંબંધી (લાગેલ) સર્વ (અતિચારો)નું હું પ્રતિક્રમણ કરું છું. ૯-૧૦.

## બીજા અણુવ્રતનાં અતિચારોનું પ્રતિક્રમ


| | | |
|---|---|---|
| બીએ અણુવ્વયંમિ,<br>પરિથૂલગ-અલિઅ-વયણ-વિરઇઓ । | બીએ અણુવ્-વયમ્-મિ<br>પરિ-થૂલ-ગ-અલિ-અ-<br>વયણ-વિર-ઇઓ । | બીજા અણુવ્રતને વિષે,<br>અતિશય મોટા જુઠ્ઠા વચનથી વિરતિ<br>આશ્રયી |
| આયરિય-મપ્પસત્થે,<br>ઇત્થ-પ-માયપ્પ-સંગેણં ॥૧૧॥ | આય-રિય-મપ્-પ-સત્-થે,<br>ઇત્-થ પમા-યપ્-પ-સઙ્-ગે-ણમ્ ॥૧૧॥ | માઠા ભાવથી આચાર્યું હોય<br>અહીં પ્રમાદના પ્રસંગથી. ૧૧. |
| સહસ્સા-રહસ્સ-દારે, | સહ-સા-રહસ્-સ-દારે, | (૧) વગર વિચાર્યે ખોટીઆળ મૂકવી<br>(૨) ખાનગી વાત બહાર પાડવી<br>(૩) પોતાની સ્ત્રીની ગુપ્ત વાત બીજાને કહેવી. |
| મોસુવએસે અ કૂડ-લેહે અ । | મોસુ-વએ-સે અ કૂડ-લેહે અ । | (૪) જુટ્ઠો ઉપદેશ આપવો; અને<br>(૫)જુટ્ઠા લેખ અથવા દસ્તાવેજ લખવા, |
| બીય વયસ્સ-ઇઆરે,<br>પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૨॥ | બીઅ-વયસ્-સ-ઇઆરે,<br>પડિક્-કમે દેસિ-અમ્ સવ્-વમ્ ॥૧૨॥ | બીજા (અણુ) વ્રતના અતિચારમાં<br>દિવસ સંબંધી સર્વ (અતિચારો)ને હું<br>પડિક્કમું છું. ૧૨. |

**અર્થ :-** બીજા અણુવ્રતમાં સ્થૂલ (અતિશય મોટા) રીતે અસત્ય વચનથી વિરતિને આશ્રયીને આચરણ (થાય છે.) એમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્ત ભાવથી (૧) વગર વિચાર્યે કોઈના ઉપર ખોટી (જુટ્ઠું) આળ મૂકવી; (૨) ખાનગી વાત બહાર પાડવી; (૩) પોતાની સ્ત્રી સંબંધી ગુપ્તવાત બીજાને કહી દેવી, (૪) ખોટો (જુટ્ઠો) ઉપદેશ આપવો અને (૫) જુટ્ઠા લેખ અથવા દસ્તાવેજ લખવા રૂપ બીજા વ્રતના અતિચારો છે. (તેમાં) દિવસ સંબંધી સર્વ (અતિચારો)નું હું પ્રતિક્રમણ કરું છું. ૧૧-૧૨.

















લગ્ન લાયક સ્ત્રી, જમીન તથા ગાય મોટા જૂઠના ત્રણે કારણ બતાવ્યા છે. ન્યાસાપહારમાં ધનવાન વ્યક્તિ સાથે સારી રીતે વ્યવસ્થા કરી નબળાની થાપણ ઓળવી જતો શેઠ દેખાડયો છે. મોસુવએસે માં ગામના ચોરા પર બેસી પટલાઈ કરી જૂઠી સલાહ આપતો માણસ છે. ૧૧-૧૨.






www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ત્રીજા અણુવ્રતનાં અતિયારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| તઇએ અણુવ્વયંમિ,<br>થૂલગ-પર-દવ્વ-હરણ-વિરઇઓ । | તઇ-એ અણુવ્-વયમ્-મિ,<br>થૂલ-ગ-પર-દવ્-વ-હર-ણ-વિર-ઇઓ । | ત્રીજા અણુવ્રતને વિષે.<br>પારકા ધનની ચોરી કરવાથી સ્થૂલ રીતે વિરતિ આશ્રયી. |
| આયરિય-મપ્પ-સત્થે,<br>ઈત્થ-પ-માપપ્પ-સંગેણં ॥૧૩॥<br>તેના-હડપ્પ-ઓગે,<br>તપ્પડિરૂવે વિરદ્ધ ગમણે અ ।<br>કૂડ-તુલ કૂડ-માણે,<br>પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૪॥ | આય-રિય-મપ્-પ-સત્-થે,<br>ઈત્-થ-પ-મા-યપ્-પ-સઙ્-ગે-ણમ્ ॥૧૩॥<br>તેના-હડપ્-પ-ઓગે,<br>તપ્-પડિ-રૂવે-વિ-રૂદ્-ધ-ગમણે અ ।<br>કૂડ-તુલ-કૂડ-માણે,<br>પડિક્-કમે દેસિ-અમ્ સવ્-વમ્ ॥૧૪॥ | માઠા ભાવથી આચર્યું હોય અહી પ્રમાદના પ્રસંગથી. ૧૩.<br>ચોરે ચોરેલી વસ્તુ, ચોરને ઉત્તેજન, ખોટુ-સાચું કરવું, દાણચોરી, (અને) ખોટા તોલ-માપ રાખવા,<br>તે દિવસ સંબંધી સર્વ અતિયારથી હું પાછો ફરૂં છું. ૧૪. |

**અર્થ :-** ત્રીજા અણુવ્રતના સ્થૂળ રીતે બીજાના દ્રવ્યના હરણથી વિરતિને આશ્રયીને આચરણ થયું હોય, તેમાં પ્રમાદના વશથી અપ્રશસ્ત ભાવથી (૧) ચોરે ચોરેલી વસ્તુ લીધી હોય, (૨) ચોરને ચોરી કરવા પ્રેરણા કરી હોય, (૩) મૂળ વસ્તુના બદલે ભળતી વસ્તુ આપી હોય, (૪) દાણચોરી વિગેરે રાજવિરૂદ્ધ આચરણ કર્યુ હોય અને (૫) ખોટા તોલ અને ખોટા માપથી વ્યાપાર કર્યો હોય, તે પાંચ પ્રકારના ત્રીજા અણુવ્રતનાં અતિયારમાં દિવસ સંબંધી સર્વે ને હું પડિક્કમું છું. ૧૩-૧૪.




ચોરીનો માલ (સસ્તામાં મળતો હોવાથી) લેનાર વેપારી, તેને પ્રરેણા આપનાર બતાવ્યા છે. આજના કાળમાં ચોરબજાર કે ગુજરીનો માલ લાવનારે સાવધાન બનવું જોઈએ.૧૩-૧૪.

વેશ્યાના ઘરે જતો કામી પુરુષ, વિવાહ કરણ, કામચેષ્ટા આદિ દ્વારા તમામ અતિચાર જાણી લેવા.૧૫-૧૬.




## ચોથા અણુવ્રતનાં અતિયારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| ચઉત્થે-અણુવ્વયંમિ,<br>નિચ્ચં પર-દાર-ગમણ વિરઈઓ । | ચઉત્-થે અણુવ્-વયમ્-મિ,<br>નિચ્-ચમ્-પર-દાર-ગમણ-વિર-ઇઓ । | ચોથા અણુવ્રતને વિષે...<br>સદા પારકી સ્ત્રી સાથે ગમન કરવાથી વિરતિને આશ્રયીને |
| આયરિય-મપ્પ-સત્થે,<br>ઇત્થ-પ-માયપ્પ-સંગેણં ॥૧૫॥<br>અપરિગ્ગહિયા ઇત્તર,<br>અણંગ-વિવાહ-તિવ્વ-અણુરાગે । | આય-રિઅ-મપ્-પસત્-થે,<br>ઇત્-થ પમા-યપ્-પ-સઙ્-ગે-ણમ્ ॥૧૫॥<br>અપ-રિગ્-ગહિયા-ઇત્-તર,<br>અણઙ્-ગ વિવાહ-તિવ્-વ-અણુરાગે । | માઠા-ભાવથી કાંઈ આચર્યું હોય<br>અહિં પ્રમાદના પ્રસંગથી. ૧૫.<br>કુંવારી કે વિધવા સાથે ગમન, બીજાની રાખેલી સાથે ગમન કરવું.<br>પારકી સ્ત્રીને વિકારદષ્ટિથી જોવું કે સૃષ્ટિવિરૂદ્ધ કર્મ, પારકા વિવાહ કરવાં, કામભોગની તીવ્ર અભિલાષા |
| ચઉત્થ વયસ્સ-ઇઆરે,<br>પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૬॥ | ચઉત્-થ વયસ્-સ-ઇ-આ-રે,<br>પડિક્-કમે દેસિ-અમ્ સવ્-વમ્ ॥૧૬॥ | ચોથા (અણુ) વ્રતનાં અતિયારમાં<br>દિવસ સંબંધી સર્વ અતિયારને પડિક્કમું છું. ૧૬. |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ :-** ચોથા અણુવ્રતમાં સદા (હંમેશાં) પારકી સ્ત્રી અથવા પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સાથે ગમન કરવાની વિરતિને આશ્રયીને આચરણ કર્યું હોય. આમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્ત ભાવથી (૧) અપરિગૃહીતાગમન = કોઈએ પણ જે સ્ત્રીને ગ્રહણ નથી કરી એવી કુંવારી કન્યા અથવા વિધવા સ્ત્રી આદિ સાથે મૈથુન સેવન કરવું તે, (૨) ઈત્વર-પરિગૃહીતાગમનઃ- અમુક દિવસ સુધી બીજાએ રાખેલી વેશ્યા પ્રમુખ સાથે મૈથુનસેવન કરવું તે, (સ્વદારા સંતોષના નિયમવાળાને આ બન્ને અતિચારો અનાચાર તરીકે સમજવા) (૩) અનંગ ક્રીડા :- પારકી સ્ત્રીઓના અંગોપાંગ વિકારદૃષ્ટિથી જોવા તથા સૃષ્ટિ વિરુદ્ધ કામચેષ્ટા કરવી તે, (૪) પરવિવાહકરણ :- પોતાના પુત્રાદિ સિવાય પારકા વિવાહ પ્રમુખ કરવા તે અને (૫) કામભોગ-તીવ્ર-અભિલાષા= કામ-ભોગની તીવ્ર અભિલાષા કરવી તે (રૂપ) ચોથા (અણુ)વ્રતના અતિચારો છે. (તેમાં) દિવસ સંબંધી લાગેલા સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. ૧૫-૧૬.

## પાંચમાં અણુવ્રતનાં અતિચારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| ઇત્તો અણુવ્વએ પંચમંમિ, | ઇત્-તો અણુવ્-વએ પઞ્(પન્)-ચ-મમ્-મિ, | એ પછી પાંચમા અણુવ્રતને વિષે |
| આયરિય-મપ્પ-સત્થંમિ। | આય-રિઅ-મપ્-પસત્-થમ્-મિ। | માઠા ભાવથી આચર્યું હોય, |
| પરિમાણ-પરિચ્છેએ, | પરિ-માણ-પરિચ્-છે-એ, | પ્રમાણનો ભંગ થવાથી |
| ઇત્થ-પ-માયપ્પ-સંગેણં ॥૧૭॥ | ઇત્-થ પમા-યપ્-પ-સઙ્-ગે-ણમ્ ॥૧૭॥ | અહીં પ્રમાદના પ્રસંગથી. ૧૭. |
| ધણ-ધન્ન-ખિત્ત-વત્થૂ, | ધણ-ધન્-ન-ખિત્-ત-વત્-થૂ, | ૧. ધન-ધાન્ય, ૨. ખેતર-ઘર વગેરે |
| રુપ્પ-સુવન્ને અ-કુવિઅ- | રૂપ્-પ-સુવન્-ને અ કુવિ-અ- | ૩. રુપુ-સોનુ, ૪. તાંબુ-કાંસુ પ્રમુખ હલકી |
| પરિમાણે। | પરિ-માણે। | ધાતુઓના પ્રમાણ વિષે... અને |
| દુપએ ચઉપ્પયંમિય, | દુપ-એ ચઉપ્-પ-યમ્-મિય, | ૫. દાસ-દાસી, ગાય-ભેંસ-ઘોડા પ્રમુખ જાનવરો |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૮॥ | પડિક્-કમે દેસિઅમ્ સવ્-વમ્ ॥૧૮॥ | દિવસ સંબંધી સર્વ (અતિચારો)ને હું પડિક્કમું છું. ૧૮. |

**અર્થ :-** એ પછી પાંચમા અણુવ્રતમાં ધન-ધાન્યાદિના પરિગ્રહ પરિમાણ વિરતિ આશ્રયી આચરણ (થાય છે.) એમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્ત ભાવથી (પરિગ્રહના) પ્રમાણનો ભંગ થવાથી (૧) ધન-ધાન્ય, (૨) ખેતર-ઘર વગેરે (૩) રૂપુ-સોનુ (૪) તાંબુ-કાંસુ પ્રમુખ હલકી ધાતુઓના પ્રમાણ અને રાચરચીલું અને (૫) બે પગા (નોકર-ચાકરવગેરે) અને ચોપગા (ગાય-ભેંસ-ઘોડા વગેરે)ના પરિમાણમાં (જે અતિચાર) ચોથા (અણુ)વ્રત સંબંધી દિવસ દરમ્યાન લાગ્યા હોય, તે સર્વ (અતિચારો) નું હું પ્રતિક્રમણ કરું છું. ૧૭-૧૮.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્













ઉર્ધ્વગમન માટે એરોપ્લેન, અધોગમન માટે સબમરીન કે ડાઈવર્સ વિ. તથા તિર્છ્છુંગમન માટે ગાડી-મોટર આદિ બતાવ્યા છે.૧૯.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## છટ્ઠાવ્રત (=પહેલા ગુણવ્રત)નાં પાંચ અતિચારનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| ગમણસ્સ ઉડ્ઢ પરિમાણે, | ગમ-ણસ્-સ ઉ પરિ-માણે, | જવાના પરિમાણને વિષે, |
| દિસાસુ ઉડ્ઢં અહે અ | દિસા-સુ ઉડ્-ઢમ્ અહે અ- | ૧. ઉંચે, ૨.નીચે અને |
| તિરિઅં ચ । | -તિરિ-અમ્-ચ । | ૩.તિર્છી-દિશાઓમાં નિયમ ઉપરાંત જવાથી, |
| વુડ્ઢિ સઇ અંતરદ્ધા, | વુડ્-ઢિ સઇ-અન્-ત-રદ્-ધા, | ૪. એક દિશા ઘટાડી બીજી દિશામાં વધારો કરવાથી અને ૫. માર્ગમાં યાદિ જતી રહેવાથી |
| પઢમંમિ ગુણવ્વએ નિંદે ॥૧૯॥ | પઢ-મમ્-મિ-ગુણવ્-વએ નિન્-દે ॥૧૯॥ | પહેલા ગુણવ્રતને વિષે લાગેલા અતિચારને હું નિંદું છું. ૧૯. |

**અર્થ :-** ૧.ઉપરની ૨. નીચેની અને ૩. તિર્છી દિશામાં (જવાના પરિમાણથી) અધિક જવાથી, (એક દિશામાંથી બીજી દિશામાં), ૪. વધારવાથી અને ૫. (વધારે જતાં) ભૂલી જવાથી પહેલા ગુણવ્રત (દિક્પરિમાણવ્રત)માં (લાગેલા અતિચારોની) હું નિંદા કરું છું. ૧૯.

## સાતમા વ્રત (બીજા ગુણવ્રત) નાં ૨૦ અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| મજ્જંમિ અ મંસંમિઅ, | મજ્-જમ્-મિઅ મન્-સમ્-મિઅ, | મદિરા, માંસ અને બીજા નહિ ખાવા યોગ્ય અભક્ષ્ય પદાર્થોના |
| પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લે અ । | પુપ્ફે અ ફલે અ ગન્-ધ-મલ્-લે અ । | ફૂલ, ફળ અને સુગંધી પદાર્થ તથા ફૂલની માળાના |
| ઉવભોગ-પરિભોગે, | ઉવ-ભોગ-પરિ-ભોગે, | ઉપભોગ અને પરિભોગથી, |
| બીયંમિ ગુણવ્વએ નિંદે ॥૨૦॥ | બીયમ્-મિ-ગુણવ્-વએ નિન્-દે ॥૨૦॥ | બીજા ગુણ વ્રતને વિષે લાગેલા અતિચારને હું નિંદુ છું. ૨૦ |

**અર્થ :-** મદિરા, માંસ (અને બીજા પણ અભક્ષ્ય પદાર્થો), પુષ્પ, ફળ, સુગંધી પદાર્થો અને ફૂલની માળાના ઉપભોગ (=એકવાર ઉપયોગમાં આવે તે. જેમકે ખોરાક, પાણી ફૂલ, ફળ વગેરે) અને પરિભોગ (= વારંવાર ઉપયોગમાં આવે તે. જેમકે ઘર, પુસ્તક વસ્ત્ર, ઝવેરાત વગેરે) થી બીજા ભોગોપભોગ પરિમાણ રૂપ ગુણવ્રતમાં (લાગેલ અતિચારોની) હું નિંદા કરું છું. ૨૦.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| સચિત્તે પડિબદ્ધે, | સચ્-ચિત્-તે પડિ-બદ્-ધે, | ૧. સચિત્તવસ્તુનો ત્યાગ છતાં વાપરવી અથવા નિયમ ઉપરાંત વાપરવી; ૨. સચિત્ત સાથે વળગલી વસ્તુ વાપરવી; |
| અપોલ-દુપ્પોલિઅં ચ આહારે । | અપો-લ દુપ્-પોલિ-અમ્ ચ આહારે । | ૩. તદ્દન કાચી વસ્તુ વાપરવી; ૪. અડધી કાચી-પાકી વસ્તુ વાપરવી અને |
| તુચ્છો-સહિ-ભક્ખણયા, | તુચ્-છો-સહિ-ભક્-ખ-ણયા, | ૫. તુચ્છ પદાર્થોનું ભક્ષણ કરવું. |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૧॥ | પડિક્-કમે દેસિ અમ્ સવ્-વમ્ ॥૨૧॥ | દિવસ સંબંધી સર્વ (અતિચારો)ને હું પડિક્કમું છું. ૨૧. |

**અર્થઃ-** ૧. સચિત્ત-આહાર = સચિત્ત વસ્તુનો ત્યાગ હોવા છતાં વાપરવી અથવા નિયમ ઉપરાંત વાપરવી તે; ૨. સચિત્ત સંબદ્ધ = સચિત્ત સાથે વળગેલી વસ્તુ વાપરવી, જેમકે ગોટલી સહિત કેરી વગેરે; ૩. અપક્વ-આહાર = તદ્દન અપક્વ = કાચી વસ્તુ વાપરવી, જેમકે તરતનો દળેલો લોટ તથા ચાળ્યા વગરનો વગેરે. ૪. દુષ્પક્વ-આહાર= અડધી કાચી-પાકી વસ્તુ વાપરવી, જેમકે. ઓળો, પુંખ, થોડો શેકેલો મકાઈનો ડોડો વગેરે; ૫.તુચ્છૌષધિ ભક્ષણ = તુચ્છ પદાર્થો (જેમાં ખાવાનું ઓછું અને બહાર ફેંકવાનું વધારે હોય તે)નું ભક્ષણ કરવું તે, જેમકે બોર, સીતાફળ વગેરે (આ પાંચ અતિચારમાંથી) દિવસ સંબંધી (લાગેલા) સર્વ (અતિચારો)નું હું પ્રતિક્રમણ કરૂં છું. ૨૧.




૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય, ચાર મહાવિગઈ, રાત્રિભોજન આદિમાંથી કેટલાક અભક્ષ્ય દ્રવ્યો તથા અતિભોગસક્તિના પ્રતિરૂપે પુષ્પ-ફળ દેખાડાયા છે. ૨૦-૨૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ઇંગાલી-વણ-સાડી,<br>ભાડી-ફોડી સુવજ્જએ કમ્મં । | ઇઙ્-ગાલી-વણ-સાડી,<br>ભાડી-ફોડી-સુ-વજ્-જએ<br>કમ્-મમ; | (૧) અંગારકર્મ, (૨) વનકર્મ, (૩) શકટ કર્મ,<br>(૪) ભાટક કર્મ (૫) સ્ફોટક કર્મ (એ પાંચ<br>કર્મદાન (શ્રાવકે અત્યન્ત પણે છોડી દેવાં)<br>નિશ્ચે પાંચ વ્યાપાર પણ છોડી દેવા (૧) દાંતનો |
| વાણિજ્જં ચેવ દંત,<br>લક્ખ-રસ-કેસ-વિસ-વિસયં ॥૨૨॥ | વાણિજ્-જમ્ ચેવ દન્-ત,<br>લક્-ખ-રસ-કેસ-વિસ<br>-વિસ-યમ્ ॥૨૨॥ | (૨) લાખનો (૩) રસનો (૪) કેશનો અને (૫) વિષનો<br>(ઝેરનો) વ્યાપાર તથા તલવાર, છરી આદિ<br>શસ્ત્રોનો વ્યાપાર. ૨૨. |

**અર્થ :-** (૧) કુંભાર, ભાડભુંજા- ચુનારા વગેરેનાં અગ્નિ સંબંધી કામ, તે અંગાર કર્મ માળી (૨) ખેડૂત, કઠિયારા વગેરેનું વનસ્પતિને ઉગાડવાં તથા છેદાવવાં તથા વેચવાથી કે તેમાં સહયોગથી થતાં કામ, તે વન કર્મ; (૩) સુથાર, લુહાર, ઓટો મોબાઈલ્સ,સ્પેર પાર્ટસ,વગેરેના વાહન બનાવવાં તથા વેચાણથી કે તેમાં સહયોગથી થતાં કામ, તે શકટ કર્મ (૪) ; વણઝારા, રાવળ વગેરેનું ઘોડા, ઉંટ, બળદ વગેરેને ભાડે આપવાનું અથવા સાયકલ-સ્કુટર, બસ, ટ્રેન આદિ ભાડેથી આપવાનું કામ, તે ભાટકકર્મ (૫); ઓડ-કોન્ટ્રાક્ટર વગેરેનું કૂવા-વાવ, તળાવ,વગેરે ખોદવા- ખોદાવવાથી થતાં કામ તે સ્ફોટક કર્મ; એ પાંચેય કર્મ શ્રાવકે અત્યન્તપણે છોડી દેવાં જોઈએ. (વળી) (૧) દંતવાણિજ્ય= હાથીદાંત વગેરે દાંતનો વ્યાપાર; (૨) લક્ખ-વાણિજ્ય=લાખ, કુસુંબો, હરતાળ વગેરેનો વ્યાપાર, (૩) રસ-વાણિજ્ય= ઘી, તેલ વગેરેનો વ્યાપાર, (૪) કેસ વાણિજ્ય= મોર, પોપટ, ગાય, ઘોડા, ઘેટા વેગેરેના વાળનો વ્યાપાર અને (૫) વિસવિસયં-વાણિજ્ય= 'વિસ'- અફીણ, સોમલ વિગેરે ઝેરી પદાર્થો અને જંતુનાશક દવાઓ પ્રવાહી-પાવડર કે ગોળી આકારમાં વ્યાપાર અને 'વિસયં'- તલવાર, છરી, ધનુષ્ય, ગન, બંદુક, મશીનગન, ભાલા વગેરે શસ્ત્રોનો વ્યાપાર, (આ પ્રમાણે) પાંચેય પ્રકારના વ્યાપારને પણ શ્રાવકે અત્યન્ત વર્જવા જોઈએ. ૨૨.




મહાહિંસક, મહાઆરંભ-સમારંભના કારક પંદર કર્માદાનના ધંધામાંથી કેટલાકની રૂપરેખા... અંગારકર્મ = ઇંટનો નિંભાડો તથા સ્ટીલ ફેક્ટરીની ભટ્ટી, વનકર્મ=ઝાડ (વૃક્ષો) કાપવાનો કોન્ટ્રેક્ટ, શક્ટકર્મ=મોટર મેન્યુફેક્ચરીંગ, ભાટકર્મ=ટ્રાન્પોર્ટેશનની ટ્રકો, સ્ફોટક કર્મ=બોગદુ બનાવવા ખોદે, તથા સુરંગ ફોડે, દંતવાણિજ્ય=હાથીદાતનો ઢગલો, લક્ખવાણિજ્ય=સાબુની દુકાન, રસવાણિજ્ય=દારુની બોટલોનો વેપાર, કેશવાણિજ્ય=કેશ તથા કેશયુક્ત જીવોનું વેચાણ. અહી રૂંવાટીવાળા પશુઓનું વેચાણ બતાવ્યુ છે. વિષવાણિજ્ય=બેગોન સ્પ્રે, ટિક - ૨૦ આદિ તથા તલવાર બંદુક આદિ શસ્ત્રોનો વેપાર. યંત્રપીલન કર્મ=શેરડી સંચો, નિર્લાંછન કર્મ: ગાયને ડામદેવા. દવાગ્નિદાન=જંગલની આગ. સર દ્રહ તડાગ શોષકમ=કૂવા, તળાવનું પાણી મોટરથી ખંચાય છે. અસતીપોષક=હલકા કામ કરવાના મનુષ્યોને વેચતો દલાલ.૨૨.


www.jainelibrary.org For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| એવં ખુ જંત-પિલ્લણ, | એવમ્ ખુ જન્-ત પિલ્-લણ, | એ પ્રમાણે નિશ્ચયથી(૧) યંત્રપીલણકર્મ, |
| કમ્મં નિલ્લંછણં | કમ્-મમ્ નિલ્-લઝ્(લન્)-છણમ્ | (૨) નિર્લાંછનકર્મ, |
| ચ દવદાણં । | ચ-દવ-દાણમ્ । | (૩) દવદાનકર્મ, |
| સર-દહ-તલાય-સોસં, | સર-દહ-તલાય-સો-સમ્, | (૪) સરોવર-ઝરા-તલાવ વગેરે સુકાવવાનું શોષણ કર્મ અને |
| અસઇ પોસં ચ વજ્જિજ્જા ॥૨૩॥ | અસઇ-પોસમ્ ચ વજ્-જિજ્-જા ।॥૩॥ | (૫) અસતિ-પોષણ કર્મ વર્જવું જોઈએ. ૨૩. |

**અર્થ :-** એ જ પ્રમાણે (૧) યંત્ર પીલન કર્મ=ઘંટી, ચરખા, ઘાણી-મીલ વગેરે ચલાવવાથી લાગતું કર્મ (૨) નિર્લાંછનકર્મ=તે ઉંટ, બળદ વગેરેના નાક-કાન વીંધવાથી લાગતું કર્મ (૩) દવ-દાન કર્મ=જંગલ, ઘર વગેરેમાં આગ લગાડવાથી લાગતું કર્મ : (૪) શોષણ કર્મ=સરોવર-ઝરા તથા તળાવ વગેરેનું પાણી સુકાવી નાખવાથી લાગતું કર્મ અને (૫) અસતિ પોષણ કર્મ=કુતરા-બિલાડા વગેરે હિંસક પ્રાણીઓનું અને દુરાચારી માણસો (વ્યભિચારી સ્ત્રી આદિ)નું પોષણ કરવાથી લાગતુ કર્મ, આ પાંચેય પ્રકારનું કર્મ શ્રાવકે વર્જવું જોઈએ.૨૩. ★ (આ રીતે સાતમા વ્રત (બીજા ભોગોપભોગ પરિમાણ ગુણવ્રત) ના મૂળ સચિત્ત-આહાર આદિ ૫ અતિચાર અને ૧૫ કર્માદાનના ૧૫ મળીને ૨૦ અતિચાર થાય છે.)

## આઠમા વ્રત (ત્રીજો ગુણવ્રત)નાં અતિચારોની આલોચના

| | | |
|---|---|---|
| સત્થગ્ગિ-મુસલ-જંતગ, | સત્-થગ્-ગિ-મુસ-લ-જન્-તગ, | શસ્ત્ર, અગ્નિ, સાંબેલું, અને યંત્ર વગેરે, |
| તણ-કટ્ઠે-મંત-મૂલ-ભેસજ્જે । | તણ-કટ્-ઠે-મન્-ત-મૂલ-ભેસજ્-જે । | વળી ઘાસ, કાષ્ટ, મંત્ર, જડીબુટ્ટી તથા ઔષધ વગેરે |
| દિન્ને દવાવિએ વા, | દિન્-ને દવા-વિએ-વા, | પોતે આપવાથી તથા બીજા પાસે અપાવવાથી |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૪॥ | પડિક્-કમે દેસિ અમ્ સવ્-વમ્ ॥૨૪॥ | દિવસ સંબંધી સર્વ (અતિચારો)ને પડિક્કમું છું ૨૪. |

**અર્થ :-** શસ્ત્ર, અગ્નિ, સાંબેલું અને યંત્ર વગેરે તેમજ ઘાસ, કાષ્ટ, મંત્ર, જડીબુટ્ટી અને ઔષધ (પ્રયોજન વિના બીજાને) આપતાં અથવા બીજા પાસે અપાવતાં (અને આપનારની અનુમોદના કરવાથી) આઠમા વ્રત (ત્રીજા અનર્થદંડ વિરમણ ગુણવ્રત)માં લાગેલા દિવસ સંબંધી (સર્વ અતિચારો)નું હું પ્રતિક્રમણ કરું છું. ૨૪.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## હવે પ્રમાદાચરણ કહે છે

| | | |
|---|---|---|
| ણ્હાણુ-વ્વટ્ટણ-વન્નગ, | ણ્હા-ણુવ્-વટ્-ટણ-વન્-નગ, | ૧.(જયણા વિના) ન્હાવું, ૨.મેલ ઉતારવો, પીઠી વગેરે ચોળવાં તથા ૩.રંગ કરવો, |
| વિલેવણે સદ્-રૂપ- રસ-ગંધે । | વિલે-વણે સદ્-દ-રુવ- રસ-ગન્-ધે । | ૪.વિલેપન કરવું તથા ૫. શબ્દો સાંભળવાં, ૬.રૂપ નિરખવાં, ૭.સ્વાદ કરવો, ૮.સુગંધી પદાર્થો સુંઘવાં, |
| વત્થાસણ-આભરણે, | વત્-થા-સણ-આભ-રણે, | ૯ વસ્તુ આસન અને ઘરેણામાં આશક્તિ, |
| પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૫॥ | પડિક્-કમે દેસિ-અમ્-સવ્-વમ્ ॥૨૫॥ | દિવસ સંબંધી સર્વ (અતિચારો)ને પડિક્કમું છું. ૨૫. |

**અર્થ :-** જયણા વિના (અળગણ પાણીથી) (૧) ન્હાવું (૨) પીઠી વગેરે ચોળી, મેલ ઉતારવો. (૩) અબીલ, ગુલાબ વગેરેથી રંગ કરવો. (૪) કેશર-ચંદનથી વિલેપન કરવું. (૫) વાજીંત્રના શબ્દો સાંભળવાં. (૬) રૂપ નિરખવાં (૭) અનેક રસનો સ્વાદ કરવો. (૮) અનેક જાતના સુગંધી પદાર્થો સુંઘવા (૯) વસ્ત્ર, આસન અને ઘરેણામાં આશક્તિ કરવાથી તથા આરંભ કરવાથી દિવસ સંબંધી લાગેલા સર્વ (અતિચારો)નું પડિક્કમું છું. ૨૫.

## આઠમા વ્રતનાં (ત્રીજા ગુણવ્રતનાં) પાંચ અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| કંદપ્પે કુક્કુઇએ, | કન્-દપ્-પે કુક્-કુ-ઇએ, | ૧. વિકાર વધે તેવી વાતો કરવી. ૨. કામ ઉત્પન્ન કરનારી કુચેષ્ટા કરવી. |
| મોહરિ-અહિગરણ-ભોગ- અઇરિત્તે । | મોહ-રિ અહિ-ગર-ણ-ભોગ- અઇ-રિત્-તે । | ૩. હાસ્યાદિક દ્વારા જેમ તેમ બોલવું, ૪. ખપ કરતાં વધારે શસ્ત્રો મેળવવા અને ૫. ઉપભોગ-પરિભોગમાં ખપ કરતાં વધારે વસ્તુ રાખવી. |
| દંડમ્મિ અણટ્ઠાએ, | દણ્-ડમ્-મિ અણટ્-ઠાએ, | અનર્થદંડ વિરમણવ્રત નામના |
| તઇઅંમિ ગુણવ્વએ નિંદે ॥૨૬॥ | તઇ-અમ્-મિ ગુણવ્-વએ નિન્-દે ॥૨૬॥ | ત્રીજા ગુણવ્રતને વિષે જે દોષ લાગ્યો હોય, તેને હું નિંદું છું. ૨૬. |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ :-** ૧. કંદર્પ= વિકાર વધે તેવી વાતો કરવી. ૨. કૌકુચ્ય = કામ ઉત્પન્ન કરનારી કુચેષ્ટા કરવી. ૩. મૌખર્ય = મુખથી હાસ્યાદિક દ્વારા જેમ તેમ બોલવું, ૪. સંયુક્તાધિકરણ = પોતાના ખપ (જરૂર) કરતાં વધારે શસ્ત્રો મેળવવાં ૫. ઉપભોગ-પરિભોગાતિરિક્તતા = ઉપભોગ તથા પરિભોગમાં વપરાતી ચીજો ખપ (જરૂર) કરતાં વધારે રાખવી, આ પાંચ પ્રકારના ત્રીજા અનર્થદંડ વિરમણવ્રત ને વિષે જણાવ્યાં છે. તેમાં મને જે દોષ લાગ્યો હોય, તેને હું નિંદુ છું. ૨૬.




અનર્થદંડ વિરમણ વ્રતમાં હિંસ્રપ્રદાન તથા પ્રમાદાચરણના પ્રકારો બતાવ્યા છે તથા અતિચારોમાં પ્રેમિકાને પુષ્પ આપી કામચેષ્ટા કરતો માણસ કંદર્પમાં બતાવ્યો છે તથા અન્યને હસાવવા વિચિત્ર ચેષ્ટા કરતા તથા લોક આકર્ષણ માટે કરાતી નિરર્થક ચેષ્ટાઓ હોવાથી અનર્થદંડમાં લીધેલ છે. અધિકરણમાં પાપ પ્રવૃત્તિ માટે તૈયાર હાલતમાં રાખી મૂકેલી ઘંટી –સાંબેલું બતાવ્યા છે. પશુઓનું મહોરું પહેરેલા માણસો કૌત્કુચ્યમાં બતાવ્યા છે. વર્તમાનકાળના અત્યંત વ્યાપક બની ગયેલા તથા લોક માનસમાં પાપ પ્રવૃત્તિરુપ નહીં લાગતા અનર્થદંડના પ્રકારો બતાવ્યા છે જેમાં કોમ્પ્યુટર સંલગ્ન ગેમ–ચેટિંગ સર્ફિંગ આદિ. ગૃહોપયોગી સાધનો, પ્રસાધનના સાધનો, સ્વિમિંગપુલ, રેસકોર્સ (ઘોડાદોડ) આદિ સટ્ટાના પ્રકારો, ફ્રીજ, ટી.વી, પત્તાનીજોડ, હાઉસીગેમ, ટેપ રેકોર્ડર, થિયેટર, હોટલ, સર્કસ, ટુરિસ્ટ સ્પોટ (પ્રવાસના સ્થળો), ઘરનું અદ્યતન ફર્નિચર, ક્રિકેટ આદિ રમતમાં અત્યંત રુચિપૂર્વક પ્રવૃત્તિ આદિ બતાવ્યા છે.૨૪–૨૫–૨૬.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નવમા વ્રત (પહેલા શિક્ષાવ્રત) નાં પાંચ અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| તિવિહે દુપ્પણિહાણે,<br>અણવટ્ઠાણે તહા સઇ વિહૂણે । | તિવિ-હે દુપ્-પણિ-હાણે,<br>અણ-વટ્-ઠાણે તહા સઇ-વિહૂ-ણે । | ત્રણ પ્રકારનાં દુષ્પ્રણિધાનને સેવવાં.<br>(૧) મન દુષ્પ્રણિધાન (૨) વચન દુષ્પ્રણિધાન<br>(૩) કાય દુષ્પ્રણિધાન (૪) અવિનયપણે સામાયિક<br>કરવું તથા (૫) યાદ ન રહેવાથી સામાયિક વ્રતને ભૂલી જવું |
| સામાઇઅ વિતહ-કએ,<br>પઢમે સિક્ખાવએ નિંદે ॥૨૭॥ | સામા-ઇઅ વિતહ-કએ,<br>પઢ-મે સિક્-ખા-વએ નિન્-દે ॥૨૭॥ | એ રીતે સામાયિક ખોટી રીતે કર્યું હોય (તે)<br>પહેલા શિક્ષાવ્રતને વિષે લાગેલા અતિચારને હું નિંદું છું. ૨૭ |


**અર્થ :-** ૧. મનનું દુષ્ટ પ્રણિધાન ૨. વચનનું દુષ્ટ પ્રણિધાન ૩. કાયાનું દુષ્ટ પ્રણિધાન (વ્યાપાર) ૪. અવિનય પણે (બે ઘડી કરતાં વહેલું) સામાયિક કરવું ૫. યાદ ન રહેવાથી સામાયિક વ્રતને ભૂલી જવું સ્વરૂપ સ્મૃતિભ્રંશ; આ રીતે સામાયિક ખોટી રીતે કર્યુ હોય તો તે પહેલાં સામાયિક શિક્ષાવ્રતને વિષે લાગેલા પાંચ અતિચારોમાંથી જે કોઇ દોષ લાગ્યો હોય તેની હું આત્મસાક્ષીએ નિંદા કરું છું. ૨૭.

## દશમા વ્રત (બીજા શિક્ષાવ્રત)નાં પાંચ અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| આણવણે પેસવણે, | આણ-વણે પેસ-વણે, | ૧. બહારથી વસ્તુ લાવવાથી<br>૨. બહાર વસ્તુ મોકલવાથી, |
| સદ્દે રૂવે અ પુગ્ગલક્ખેવે । | સદ્-દે રૂવે અ પુગ્-ગ-લક્-ખેવે । | ૩. શબ્દ બોલવાથી, ૪. રૂપ દેખાડવાથી અને<br>૫. કાંકરો વગેરે નાખવાથી (તે) |
| દેસાવગા-સિઅંમિ,<br>બીએ સિક્ખાવએ નિંદે ॥૨૮॥ | દેસા-વગા-સિ-અમ્-મિ,<br>બીએ સિક્-ખા-વએ નિન્-દે ॥૨૮॥ | દેશાવગાસિક નામના<br>બીજા શિક્ષાવ્રતને વિષે લાગેલ અતિચાર ને હું નિંદુ છું. ૨૮ |

**અર્થ :-** (૧) આનયન પ્રયોગ = નિયમ બહારની ભૂમિમાંથી વસ્તુ મંગાવવી (૨) પ્રેષ્ય-પ્રયોગ = હદ બહાર વસ્તુ મોકલવી. (૩) શબ્દાનુપાત = ખોંખારો આદિ પ્રમુખ કરી બોલાવવાથી (૪) રૂપાનુપાત = રૂપ દેખાડવાથી અને (૫) પુદ્ગલ પ્રક્ષેપ = કાંકરો આદિ નાંખી પોતાપણું જણાવવાથી. આ પ્રમાણે બીજા દેશાવગાસિક ગુણવ્રત ના પાંચ અતિચારોમાંથી મને કોઈ દોષ લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. ૨૮.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્







વસ્ત્ર લાવતો, પુસ્તક લઈ જતો, કોઈને બોલાવતો, કાંકરો ફેંકતો આદિ ક્રિયાશીલ સામાયિક વસ્ત્રધારી દેશાવગાસિક વ્રતધારી શ્રાવક બતાવ્યો છે.૨૮.

## અગીઆરમા વ્રત (ત્રીજા શિક્ષાવ્રત)નાં પાંચ અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| સંથારુચ્ચાર-વિહિ-<br>પમાય-તહ-ચેવ-ભોયણા-ભોએ ।<br>પોસહ-વિહિ-વિવરીએ ,<br>તઇએ સિક્ખાવએ નિંદે ॥૨૯॥ | સન્-થા-રુચ્-ચાર-વિહિ-<br>પમા-ય તહ ચેવ ભોય-ણા-ભોએ ।<br>પોસ-હ-વિહિ-વિવરીએ,<br>તઇ-એ-સિક્-ખા-વએ નિન્-દે ॥૨૯॥ | સંથારા, લઘુનીતિ અને વડીનીતિ સંબંધી વિધિમાં<br>પ્રમાદ કરવાથી તેમજ ભોજનની ચિંતા કરવાથી<br>પોષધવિધિ વિપરીત કરવાથી (તે)<br>ત્રીજા શિક્ષાવ્રતને વિષે લાગેલા અતિચારને<br>હું નિંદું છું. ૨૯. |

**અર્થ :-** સંથારા, સંબંધી વિધિમાં (૧) પડિલેહણ-પ્રમાર્જન ન કરવારૂપ, (૨) પડિલેહણ-પ્રમાર્જન જેમ-તેમ કરવારૂપ પ્રમાદ કરવાથી તેમજ લઘુનીતિ (પેશાબ) અને વડીનીતિ (ઝાડો) સંબંધી વિધિમાં (પરઠવવાની ભૂમિને) (૩) પડિલેહણ-પ્રમાર્જન ન કરવારૂપ તેમજ (૪) પડિલેહણ-પ્રમાર્જન જેમ-તેમ કરવારૂપ પ્રમાદ કરવાથી અને (૫) ભોજનની ચિંતા કરવાથી, આ રીતે પૌષધ વિધિ વિપરીત કરવાથી ત્રીજા (પૌષધોપવાસ) શિક્ષાવ્રતમાં લાગેલા અતિચારોની હું નિંદા કરું છું. ૨૯.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com










પૌષધવ્રતમાં અવિધિપૂર્વક કરાતી ક્રિયાઓના પ્રતિકરૂપે સંથારો પાથરવો, કાજો લેવો તથા માત્રુ પરઠવવું આ ક્રિયાઓ બતાવી છે.૨૯.

## બારમા વ્રત (ચોથા શિક્ષાવ્રત)ના પાંચ અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| સચ્ચિત્તે નિક્ખિવણે, | સચ્-ચિત્-તે નિક્-ખિ-વણે, | ૧. સાધુને દેવાયોગ્ય ભોજન ઉપર સચિત્ત વસ્તુ મૂકવાથી, |
| પિહિણે વવએસ મચ્છરે ચેવ । | પિહિ-ણે વવ-એસ મચ્-છરે ચેવ । | ૨. દેવા યોગ્ય વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકવાથી ૩. ફેરફાર બોલવાથી ૪. ઈર્ષ્યાભાવે દાન દેવાથી અને |
| કાલાઇક્કમ-દાણે, | કાલા-ઇક્-કમ-દાણે, | ૫. મુનિને ગોચરીનો વખત વીતી ગયે તેડવા જવાથી. |
| ચઉત્થે સિક્ખાવએ નિંદે ॥૩૦॥ | ચઉત્-થે સિક્-ખા-વએ નિન્-દે ॥૩૦॥ | ચોથા શિક્ષાવ્રતને વિષે લાગેલા અતિચારને હું નિંદું છું ૩૦ |


**અર્થ :-** ૧. સાધુને દેવા યોગ્ય ભોજન ઉપર સચિત્ત વસ્તુ મૂકવાથી, ૨. દેવા યોગ્ય વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકવાથી, ૩. ફેરફાર બોલવાથી (=દેવાની બુદ્ધિએ પારકી વસ્તુ પોતાની કહેવાથી અને નહિ દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુ પારકી કહેવાથી) ૪. ક્રોધ, ઈર્ષ્યા અને ગર્વ કરીને નિશ્ચે દાન આપવાથી અને ૫. મુનિને ગોચરીનો વખત વીતી ગયે તેડવા જવાથી. ચોથા 'અતિથિ-સંવિભાગ' નામના શિક્ષાવ્રતમાં લાગેલા અતિચારોને હું નિંદું છું. ૩૦.


| | | |
|---|---|---|
| સુહિએસુ અ દુહિએસુ અ, | સુહિ-એસુ અ દુહિ-એસુ અ, | સુવિહિતોને વિષે, દુઃખીને વિષે, |
| જામે અસ્સંજએસુ અણુકંપા । | જા મે અસ-સઞ્(સન્)-જ-એસુ-અણુ-કમ્-પા । | ગુરુનિશ્રાએ વિચરનારા સુસાધુને વિષે અનુકંપા (દયા) થઈ હોય, |
| રાગેણ વ દોસેણ વ, | રાગે-ણ વ દોસે-ણ વ, | રાગથી અથવા દ્વેષથી, |
| તં નિંદે તં ચ ગરિહામિ॥૩૧॥ | તમ્ નિન્-દે તમ્ ચ ગરિ-હામિ ॥૩૧॥ | તેને હું નિંદું છું અને ગહું છું. ૩૧. |

**અર્થ :-** જ્ઞાનાદિમાં હિત છે જેનું, એવા સુવિહિતોને વિષે; વ્યાધિથી પીડાયેલા, તપ વડે દુર્બળ અને તુચ્છ ઉપાધિવાળા દુઃખીને વિષે, તેમજ ગુરુ નિશ્રાએ વિચરનારા સુસાધુને વિષે અથવા વસ્ત્રાદિકથી સુખી, રોગાદિકથી દુઃખી, એવા અસંયતી-પાસત્થા (= છ જીવ નિકાયનો વધ કરનાર) જીવો ઉપર રાગથી અથવા દ્વેષથી જે (અન્ન આદિ આપવા રૂપ) અનુકંપા (દયા) થઈ હોય, તેને હું નિંદું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરૂં છું. ૩૧.

| | | |
|---|---|---|
| સાહૂસુ સંવિભાગો, | સાહૂ-સુ સર્વ-વિભા-ગો, | સાધુઓને વિષે વહોરાવવું |
| ન કઓ તવ-ચરણ-કરણ-જુત્તેસુ । | ન કઓ તવ-ચરણ-કરણ-જુત્-તેસુ । | તે ન કર્યું હોય, તપથી ચરણસિત્તરી અને કરણ-સિત્તરીથી યુક્ત એવા |
| સંતે ફાસુઅ દાણે, | સન્-તે ફાસુ-અ દાણે, | નિર્દોષ આહારાદિ હોવા છતાં, |
| તં નિંદે તં ચ ગરિહામિ॥૩૨॥ | તમ્ નિન્-દે તમ્-ચ ગરિ-હામિ ॥૩૨॥ | તેને હું નિંદું છું અને ગર્હું છું. ૩૨. |

**અર્થ :-** નિર્દોષ આહાર વગેરે હોવા છતાં તપ, ચરણ સિત્તરી અને કરણ સિત્તરીથી યુક્ત એવા સાધુઓ વિષે દાન કર્યું ન હોય, તેની હું નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરૂં છું. ૩૨.






પાંચ પ્રકારની આશંસા : ઈહલોકની આશંસામાં રાજ્ય સુખાદિની આશંસા દેખાય, એમ અનુક્રમે દેવસુખ, જીવિત સુખ, આપઘાત તથા કામભોગની પ્રાપ્તિની આશંસા દેખવી.૩૩.



www.jainsite.com For Private & Personal Use Only

## સંલેષણાનાં પાંચ અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| ઇહલોએ પર-લોએ, | ઇહ-લોએ પર-લોએ, | (૧) આ લોક સંબંધી, (૨) પર-લોક સંબંધી, |
| જીવિઅ મરણે અ આસંસ-પઓગે। | જીવિ-અ-મરણે અ | (૩) જીવિત સંબંધી, (૪) મરણ-સંબંધી અને |
| | આ-સન્-સ-પઓ-ગે। | (૫) કામ-ભોગ સંબંધી આશંસા કરવાથી, |
| પંચવિહો અઇઆરો, | પઞ્(પન્)-ચ-વિહો અઇ-આરો, | પાંચ પ્રકારના અતિચારો |
| મા મજ્ઝ હુજ્જ મરણંતે ॥૩૩॥ | મા મજ્-ઝ હુજ્-જ મર ણન્-તે ॥૩૩॥ | મને મરણાંત સુધી ન હોજો. ૩૩. |

**અર્થ :-** (૧) આલોક (ધર્મના પ્રભાવથી આલોકમાં સુખી થવાની ઈચ્છા કરવી) સંબંધી, (૨) પર-લોક (ધર્મના પ્રભાવથી પરલોકમાં દેવ-દેવેન્દ્ર વગેરે સુખ મળે એવી ઈચ્છા કરવા) સંબંધી, (૩) જીવિત (અનશન આદિ તપને લીધે સન્માન દેખી જીવવાની ઈચ્છા કરવા) સંબંધી, (૪) મરણ (અનશન વ્રતના દુઃખથી ગભરાઈ મરણની ઈચ્છા કરવા) સંબંધી અને (૫) કામ-ભોગની વાંચ્છા (આશંસા) કરવી, એ સંલેષણાના પાંચ પ્રકારના અતિચાર (માંથી એક પણ) મને મરણાંત સુધી ન હોજો. ૩૩.

## સર્વવ્રતનાં અતિચારોનું પ્રતિક્રમણ

| | | |
|---|---|---|
| કાએણ કાઇઅસ્સ, | કાએ-ણ કાઇ-અસ્-સ, | ૧. અશુભકાયાથી લાગેલાને શુભ કાયયોગથી |
| પડિક્કમે વાઇઅસ્સ વાયાએ। | પડિક્-કમે વાઇ-અસ્-સ વાયા-એ। | ૨. અશુભ વચનથી લાગેલાને શુભવચન |
| | | યોગથી પડિક્કમું છું. |
| મણસા માણસિઅસ્સ, | મણસા-માણ-સિ-અસ્-સ, | ૩. અશુભ મનથી લાગેલાને શુભ મનયોગથી |
| સવ્વસ્સ વયાઇ-આરસ્સ ॥૩૪॥ | સવ્-વસ્-સ વયા-ઇઆ-રસ્-સ ॥૩૪॥ | એ સર્વવ્રતના અતિચાર ને. ૩૪. |

**અર્થ :-** (૧) અશુભ કાયાથી લાગેલા અતિચારને શુભ કાયયોગથી (૨) અશુભવચનથી લાગેલા અતિચારને શુભ-વચનયોગથી અને (૩) અશુભમનથી લાગેલા અતિચાર ને શુભ-મનયોગથી, એમ સર્વવ્રતનાં અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. ૩૪.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

| | | |
|---|---|---|
| વંદણ-વય-સિક્ખા-ગારવેસુ, | વન્-દણ-વય-સિક્-ખા-ગાર-વેસુ, | વંદન, વ્રત, શિક્ષા, ગારવને વિષે, |
| સન્ના-કસાય-દંડેસુ। | સન્-ના કસા-ય દણ-ડેસુ। | સંજ્ઞા, કષાય તથા દંડને વિષે, |
| ગુત્તીસુ અ સમિઇસુ અ, | ગુત્-તીસુ અ સમિ-ઇ-સુ અ, | ગુપ્તિ અને સમિતિને વિષે, |
| જો અઇઆરો અ તં નિંદે ॥૩૫॥ | જો અઇ-આરો અ તમ્ નિન્-દે ॥૩૫॥ | જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું. ૩૫. |

**અર્થ :-** (૧) વંદન (બે પ્રકારનાં દેવવંદન, ગુરુવંદન), (૨) વ્રત (-બાર પ્રકારનાં (૫) અણુવ્રત (૩) ગુણવ્રત અને (૪) શિક્ષાવ્રત) (૩) શિક્ષા (બે પ્રકારની ગ્રહણ શિક્ષા-સૂત્ર અને અર્થનો અભ્યાસ કરવો તે અને આસેવન શિક્ષા= કર્તવ્યોનું પાલન કરવું તે ) (૪) ગારવ (ત્રણ પ્રકારના (૧) રસગારવ= ઘી, દૂધ, દહી આદિ રસવાળા પદાર્થો મળતાં અભિમાન કરવું અને ન મળે તો તેની (લાલસા) ઈચ્છા કરવી તે, (૨) ઋદ્ધિગારવ=ધન વગેરે મળતાં અભિમાન અને ન મળે તો તેની ઈચ્છા કરવી તે અને (૩) શાતાગારવ=સુખ, આરોગ્ય વગેરે મળતાં અભિમાન અને ન મળે તો તેની ઈચ્છા કરવી તે), (૫) સંજ્ઞા (સંક્ષેપથી ચાર પ્રકારે છે. (૧) આહાર સંજ્ઞા (૨) ભય સંજ્ઞા (૩) મૈથુન સંજ્ઞા અને (૪) પરિગ્રહ સંજ્ઞા, વળી દશ, પંદર અને સોળ પ્રકારો પણ કહેલાં છે.) (૬) કષાય (=જેનાથી સંસાર વધે તે કષાય ચાર પ્રકારે છે. ૧. ક્રોધ ૨.માન ૩. માયા અને ૪. લોભ) (૭) દંડ (જે અશુભયોગથી આત્મા ધર્મ ભ્રષ્ટ થાય, તે દંડ પણ ત્રણ પ્રકારે છે. (૧) મનદંડ (૨) વચનદંડ અને (૩) કાયદંડ), (૮) ગુપ્તિ (- જે શુભયોગથી આત્મા ધર્મોત્થાન પામે, તે ગુપ્તિત્રણ પ્રકારે છે. (૧) મન-ગુપ્તિ (૨) વચન-ગુપ્તિ અને (૩) કાય-ગુપ્તિ ) અને (૯) સમિતિ (જેના પાલનથી સારી ગતિ નિશ્ચિત થાય છે, તે સમિતિ પાંચ પ્રકારે છે. (૧) ઈર્યાસમિતિ (૨) ભાષા-સમિતિ (૩) એષણા સમિતિ (૪) આદાન-ભંડમત્ત-નિક્ષેપણા સમિતિ અને (૫) પારિષ્ઠાપનિકા સમિતિ) આ વિષે કરવા યોગ્ય ન કરવાથી અને ન કરવા યોગ્ય કરવાથી જે અતિચાર લાગ્યો હોય, તેની હું નિંદા કરું છું. ૩૫.

## સમ્યક્ત્વી જીવને અલ્પબંધનું કારણ

| | | |
|---|---|---|
| સમ્મદિટ્ઠી જીવો- | સમ્-મ દિટ્-ઠી જીવો- | સમ્યગ્દષ્ટિ જીવ- |
| જઇ વિ હુ પાવં સમાયરે કિંચિ। | જઇ-વિ હુ પાવમ્-સમા-યરે કિન્-ચિ। | જો કે કંઈ પાપ કરે છે, |
| અપ્પો સિ હોઇ બંધો, | અપ્-પો સિ હોઇ બન્-ધો, | તો પણ તેને કર્મનો બંધ થોડો થતો હોય છે- |
| જેણ ન નિદ્ધંધસં કુણઇ ॥૩૬॥ | જેણ ન નિદ્-ધન્-ધસમ્ કુણઇ ॥૩૬॥ | કારણ કે તે નિર્દયપણે પાપ કરતો નથી. ૩૬. |

**અર્થ :-** **સમ્યગ્દૃષ્ટિ (સમ્યક્ત્વી) જીવ જો કે કંઈ પાપ કરે, તો પણ તેને કર્મનો બંધ ઓછો (અલ્પ) થાય છે, કારણ કે (તે) નિર્દય પણે (ક્યારેય) પાપ કરતો નથી. ૩૬.**



www.jainsite.com For Private & Personal Use Only

| | | |
|---|---|---|
| તં પિ હુ સપડિક્કમણં, | તમ્-પિ હુ સ-પડિક્-કમ-ણમ્, | (શ્રાવક) તે (અલ્પકર્મબંધ) ને પણ નિશ્ચયે પ્રતિક્રમણ કરવાથી, |
| સપ્પરિઆવં સઉત્તરગુણં ચ | સપ્-પરિ-આવમ્ સ ઉત્-તર-ગુણમ્ ચ । | પશ્ચાતાપ કરવાથી અને ગુરૂએ આપેલા પ્રાયશ્ચિત કરવાથી, |
| ખિપ્પં ઉવસામેઇ, વાહિવ્વ સુ સિક્ખિઓ વિજ્જો ॥૩૭॥ | ખિપ્-પમ્ ઉવ-સામે-ઇ, વા-હિવ્-વં સુ-સિક્-ખિઓ વિજ્-જો ॥૩૭॥ | જલ્દીથી શાંત કરે છે, જેમ સારો શીખેલો વૈદ્ય વ્યાધિ (રોગને) શાંત કરે છે તેમ. ૩૭. |

**અર્થ :-** વળી તે અલ્પકર્મબંધ વાળો સમ્યગ્દૃષ્ટિ શ્રાવક તે (અલ્પકર્મ બંધ) ને સારો શીખેલો વૈદ્ય જેમ વ્યાધિને, તેમ પ્રતિક્રમણ નિયમિત કરવાથી, કરેલા પાપનું ઘોર પશ્ચાતાપ કરવાથી અને ગુરૂભગવંતે આપેલા પાપના પ્રાયશ્ચિતને શુદ્ધ ઉપયોગ સાથે કરવાથી જલ્દીથી શાંત -દુર કરે છે. ૩૭

## શ્રાવક કઈ રીતે કર્મનો નાશ કરે

| | | |
|---|---|---|
| જહા વિસં કુટ્ઠગયં, મંત-મૂલ-વિસારયા । | જહા વિસમ્ કુટ્-ઠ-ગ-યમ્, મન્-ત મૂલ-વિસા-રયા । | જેમ શરીરમાં વ્યાપેલા (સર્પ વગેરેના) ઝેરને મંત્ર અને જડીબુટ્ટીના જાણનારા |
| વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઇ નિવ્વિસં ॥૩૮॥ | વિજ્-જા હણન્-તિ મન્-તે-હિમ્, તો તમ્ હવ-ઇ નિવ્-વિ-સમ્ ॥૩૮॥ | વૈદ્યો મંત્રાદિથી ઉતારી નાખે છે અને તેથી તે શરીર ઝેર રહિત થાય છે. ૩૮. |
| એવં અટ્ઠવિહં કમ્મં, રાગ-દોસ-સમજ્જિઅં । | એવમ્-અટ્-ઠ-વિહમ્-કમ્-મમ્, રાગ-દોસ-સમજ્-જિઅમ્ । | એવી રીતે આઠ પ્રકારના કર્મોને રાગ અને દ્વેષથી બાંધેલા, |
| આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઇ સુસાવઓ ॥૩૯॥ | આલો-અન્-તો અ નિન્-દન્-તો, ખિપ્-પમ્ હણ-ઇ સુ સાવ-ઓ ॥૩૯॥ | ગુરુપાસે આલોવતો અને આત્મસાક્ષીએ નિંદતો સારો શ્રાવક જલ્દીથી હણે છે. ૩૯. |

**અર્થ :-** મંત્ર અને જડીબુટ્ટીના જાણકાર વૈદ્યો જેમ શરીરમાં વ્યાપેલા ઝેરનો મંત્રો (અને જડીબુટ્ટીઓ) થી નાશ કરે છે, તેથી તે ઝેર વગરનું થાય છે, તેમ ગુરુની પાસે આલોચના કરતો અને આત્મસાક્ષીએ નિંદા કરતો સુશ્રાવક રાગ-દ્વેષથી બાંધેલ આઠ પ્રકારના કર્મનો જલ્દી નાશ કરે છે. ૩૮-૩૯.

जैन साईट
JAINSITE.com




## આલોચના કરનાર પાપરૂપી ભારથી રહિત (હળવો) થાય છે.

| | | |
|---|---|---|
| કયપાવો વિ મણુસ્સો, આલોઇઅ નિંદિઅ ગુરુસગાસે । | કય-પાવો વિ મણુસ્-સો, આલો-ઇઅ નિન્-દિઅ ગુરુ-સગાસે । | પાપનો કરનાર એવો પણ મનુષ્ય ગુરુભગવંતની પાસે પોતાના પાપને આલોચીને તથા આત્માની સાક્ષીએ નિંદીને |
| હોઇ અઇરેગ લહુઓ, ઓહરિઅ-ભરુવ્વ ભારવહો ॥૪૦॥ | હોઇ અઇ-રેગ-લહુ-ઓ, ઓહ-રિઅ-ભરુવ્-વ ભાર-વહો ॥૪૦॥ | પાપના બોજથી હળવો થઈ જાય છે. જેમ ભાર ઉપાડનાર (મજુર)ભાર ઉતારીને હળવો થાય છે તેમ. ૪૦. |

**અર્થ :-** જેમ ભાર ઉપાડનાર (મજુર આદિ) ભાર ઉતારીને હળવો થાય છે, તેમ પાપ કરનારો મનુષ્ય પણ ગુરુભગવંતની પાસે પાપ આલોચીને અને આત્મસાક્ષીએ નિંદા કરીને અત્યંત હલકો (હળવો) થાય છે. ૪૦.

## પ્રતિક્રમણ આવશ્યકનું ફળ

| | | |
|---|---|---|
| આવસ્સ-એણ એએણ, સાવઓ જઇ વિ બહુરઓ હોઇ । | આવસ્-સ-એણ એ-એણ, સાવ-ઓ જઇ વિ બહુ-રઓ હોઇ । | આ આવશ્યક ક્રિયાથી શ્રાવક કદાચ ઘણા પાપવાળો હોય તો પણ |
| દુક્ખાણ મંત કિરિઅં, કાહી અચિરેણ કાલેણ ॥૪૧॥ | દુક્-ખાણ-મન્-ત-કિરિ-અમ્, કાહી અચિ-રેણ કાલે-ણ ॥ ૪૧॥ | પાપરૂપ દુ:ખનો નાશ થોડા કાળમાં જ કરશે. ૪૧. |

**અર્થ :-** શ્રાવક કદાચ ઘણા પાપ વાળો હોય (તો પણ) આ (પ્રતિક્રમણ) આવશ્યકથી થોડા જ સમયમાં દુ:ખો નાશ કરશે. ૪૧.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## (વિસ્મૃત થયેલ અતિચાર)

| | | |
|---|---|---|
| આલોઅણા બહુવિહા, | આલો-અણા બહુ-વિહા, | આલોચના ઘણા પ્રકારની છે, પરન્તુ |
| ન ય સંભરિઆ પડિક્કમણ કાલે । | ન ય સમ્-ભ રિઆ પડિક્-કમ્-ણ કાલે । | પ્રતિક્રમણ વખતે યાદ ન આવી હોય તેવી |
| મૂલગુણ-ઉત્તરગુણે, | મૂલ-ગુણ-ઉત્-તર-ગુણે, | મૂળગુણ અને ઉત્તરગુણને વિષે |
| તં નિંદે તં ચ ગરિહામિ ॥૪૨॥ | તમ્-નિન્-દે તમ્-ચ ગરિ-હામિ ॥૪૨॥ | તેને હું નિંદું છું અને ગર્હું છું. ૪૨. |

**અર્થ :-** (પ્રતિક્રમણ) આવશ્યક સમયે મૂળ ગુણ અને ઉત્તર ગુણને વિષે (જે) અનેક પ્રકારની આલોચના યાદ ન આવી હોય, તેની હું આત્મ સાક્ષીએ નિંદા કરું છું ને ગુરુસાક્ષીએ ગર્હા (વિશેષ નિંદા) કરૂં છું. ૪૨.

| | | |
|---|---|---|
| તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ- | તસ્-સ-ધમ્-મસ્-સ કેવ-લિ-પન્-નત્-તસ્-સ, | તે કેવળી ભગવંતે કહેલા શ્રાવક ધર્મની |
| અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ- | અબ્-ભુટ્-ઠિઓ મિ-આરા-હણા-એ | આરાધના માટે હું ઉઠયો છું અને |
| વિરઓ મિ વિરાહણાએ- | વિર-ઓમિ-વિરા-હણા-એ | તેની વિરાધનાથી અટકયો છું. |
| તિવિહેણ પડિક્કંતો- | તિવિ-હેણ પડિક્-કન્-તો | મન-વચન-કાયાએ ત્રણ પ્રકારથી પડિક્કમતો |
| વંદામિ જિણે ચઉવ્વીસં ॥૪૩॥ | વન્-દામિ જિણે ચઉવ્-વી-સમ્ ॥૪૩॥ | ચોવીશે જિનેશ્વરોને હું વાંદું છું. ૪૩. |

**અર્થ :-** તે કેવળી ભગવંતને ઉપદેશેલ ધર્મની આરાધના માટે હું ઉભો (તત્પર) થાઉં છું, (તેની) વિરાધનાથી અટક્યો છું અને ચોવીશ જિનેશ્વરોને વંદન કરું છું. ૪૩. **('અબ્ભુટ્ઠિઓમિ' બોલતાં ઉભા થઈને યોગમુદ્રામાં શેષ સૂત્ર બોલવું.)**

## સર્વ - ચૈત્યવંદના

| | | |
|---|---|---|
| જાવંતિ ચેઇઆઇં, | જા-વન્-તિ ચેઇ-આ-ઇમ્, | જેટલી જિન પ્રતિમાઓ છે. |
| ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ । | ઉડ્-ઢે-અ અહે-અ તિરિ-અ-લોએ અ । | ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકને વિષે, |
| સવ્વાઇં તાઇં વંદે, | સવ્-વા-ઇમ્ તાઇમ્ વન્-દે, | સર્વને હું વંદન કરું છું. |
| ઇહ સંતો તત્થ સંતાઇં ॥૪૪॥ | ઇહ સન્-તો તત્-થ સન્-તા-ઇમ્ ॥૪૪॥ | અહી રહેલા (એવો હું) ત્યારે રહેલી (જિન-પ્રતિમાઓ)ને. ૪૪. |

**અર્થ :-** ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકને વિષે જેટલી જિન પ્રતિમાઓ છે, તેને અહી રહેલો એવો હું ભાવપૂર્વક વંદન કરૂં છું. ૪૪.

## સર્વ-સાધુવંદના

| | | |
|---|---|---|
| જાવંત કે વિ સાહૂ, | જા-વન્-ત કે વિ સાહૂ, | જેટલા કોઇપણ સાધુઓ, |
| ભરહેરવય-મહાવિદેહે અ । | ભર-હે-રવ-ય-મહા-વિદે-હે અ । | ભરત-ઐરાવત-મહાવિદેહ ક્ષેત્રને વિષે, |
| સવ્વેસિં તેસિં પણઓ, | સવ્-વે-સિમ્ તેસિમ્ પણ-ઓ, | સર્વને તેને નમ્યો, |
| તિવિહેણ તિદંડ વિરયાણં ॥૪૫॥ | તિવિ-હેણ તિ-દણ્-ડ વિર-યા-ણમ્ ॥૪૫॥ | ત્રિવિધે ત્રણ દંડથી વિરામપામેલા.૪૫. |

**અર્થ :-** (પાંચ) ભરત ક્ષેત્ર, (પાંચ) ઐરાવત ક્ષેત્ર અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રને વિષે જે કોઈ સાધુભગવંતો મન, વચન, કાયાથી, મનદંડ, વચનદંડ કાયદંડથી વિરામ પામેલા છે, તેઓ સર્વને હું નમ્યો છું. ૪૫.

## શ્રાવક કઈ રીતે દિવસો પસાર કરવાની ભાવના રાખે ?

| | | |
|---|---|---|
| ચિર-સંચિય-પાવ-પણાસણીઇ, | ચિર-સઞ્ (સન્)-ચિય-પાવ-પણા-સણીઇ, | ઘણા કાળથી એકઠાં કરેલાં પાપોનો નાશ કરનારી, |
| ભવ-સય-સહસ્સ-મહણીએ । | ભવ-સય-સહસ્-સ-મહ-ણીએ । | સો-હજાર-(લાખ) ભવને હણનારી, |
| ચઉવીસ-જિણ-વિણિગ્ગય-કહાઇ, | ચઉ-વીસ જિણ-વિણિગ્-ગય-કહાઇ, | ચોવીશે તીર્થંકરોના મુખથી નિકળેલી એવી ધર્મકથામાં, |
| વોલંતુ મે દિઅહા ॥૪૬॥ | વોલન્-તુ મે દિ-અહા ॥૪૬॥ | મારા દિવસો પસાર થાઓ. ૪૬. |

**અર્થ :-** લાંબા કાળથી એકઠાં કરાયેલ પાપોનો નાશ કરનારી, લાખો (અનંતા) ભવોનો નાશ કરનારી એવી ચોવીશે તીર્થંકરભગવંતોના શ્રીમુખેથી નિકળેલી એવી ધર્મકથામાં મારા દિવસો પસાર થાઓ. ૪૬.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## મંગલ ભાવના :

| | | |
|---|---|---|
| મમ મંગલ-મરિહંતા,<br>સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ ।<br><br>સમ્મદિટ્ઠિ-દેવા,<br>દિંતુ સમાહિં ચ બોહિં ચ ॥૪૭॥ | મમ મઙ્-ગલ-મરિ-હન્-તા,<br>સિદ્-ધા સાહૂ સુઅમ્ ચ ધમ્-મો અ ।<br><br>સમ્-મ-દિટ્-ઠિ દેવા,<br>દિન્-તુ સમા-હિમ્ ચ બો-હિમ્ ચ ॥૪૭॥ | મારે મંગળરૂપ છે, (૧) અરિહંત ભગવંત,<br>(૨) સિદ્ધ ભગવંત, (૩) સાધુ ભગવંત,<br>(૪) શ્રુતધર્મ તથા (૫) ચારિત્રધર્મ,<br>સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ,<br>(મને) સમાધિ અને સમક્તિ આપો. ૪૭. |

**અર્થ :-** (૧) અરિહંત ભગવંત (૨) સિદ્ધ ભગવંત (૩) સાધુ ભગવંત (૪) શ્રુત (જ્ઞાન) ધર્મ અને (૫) ચારિત્રધર્મ :આ પાંચેય મને મંગલ ભૂત હો. (વળી) સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ (મને) સમાધિ અને સમકિત આપો. ૪૭.

## પ્રતિક્રમણ કરવાનાં કારણો

| | | |
|---|---|---|
| પડિસિદ્ધાણં કરણે,<br>કિચ્ચાણ-મકરણે પડિક્કમણં ।<br><br>અસદ્દહણે અ તહા,<br>વિવરીઅ-પરુવણાએ અ ॥૪૮॥ | પડિ-સિદ્-ધાણમ્ કરણે,<br>કિચ્-ચાણ-મ-કર-ણે પડિક્-કમ-ણમ્ ।<br><br>અસદ્-દ હણે અ તહા,<br>વિવ-રીઅ-પરુ-વણા-એ અ ॥૪૮॥ | (૧) ના પાડેલ કામ કર્યું હોય<br>(૨) કરવા યોગ્ય શુભ કામ ન કર્યું હોય, તે માટે પ્રતિક્રમણ કરવું જોઇએ.<br>(૩) જિનવચનમાં અવિશ્વાસ કર્યો હોય તથા<br>(૪) શાસ્ત્રથી વિરુદ્ધ પ્રરૂપણા કરી હોય. ૪૮. |

**અર્થ :-** (૧) શાસ્ત્રમાં ના પાડેલ કામકર્યુ હોય, (૨) શાસ્ત્રમાં કહેલ કરવા યોગ્ય શુભ કામન કર્યું હોય, (૩) જિનેશ્વર પરમાત્માના વચનમાં વિશ્વાસ ન કર્યો હોય અને (૪) શાસ્ત્રથી વિરુદ્ધ પ્રરૂપણા કરી હોય, આ ચાર કારણોથી ઉપજેલા પાપથી ફરવા પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. ૪૮.













## સર્વ જીવોની સાથે ક્ષમાપના

| | | |
|---|---|---|
| ખામેમિ સવ્વ જીવે,<br>સવ્વે જીવા ખમંતુ મે ।<br>મિત્તી મે સવ્વ-ભૂએસુ,<br>વેરં મજ્ઝ ન કેણઇ ॥ ૪૯॥ | ખામે-મિ સવ્-વ-જીવે,<br>સવ્-વે જીવા ખમન્-તુ મે ।<br>મિત્-તી મે સવ્-વ-ભૂએ-સુ,<br>વેરમ્-મજ્-ઝ ન કેણઇ ॥૪૯॥ | હું બધા જીવોને ખમાવું છું,<br>બધા જીવો મને ક્ષમા આપો,<br>બધા જીવો ઉપર મારે મૈત્રી ભાવ છે,<br>કોઇ જીવ સાથે મારે વૈર નથી. ૪૯. |

**અર્થ :-** હું બધા જીવોને ખમાવું છું, બધા જીવો મને ક્ષમા આપો, મારે બધા જીવો ઉપર મૈત્રી ભાવ છે, કોઈ જીવ સાથે મારે વૈર નથી. ૪૯.

## પ્રતિક્રમણનો ઉપસંહાર અને અંતિમ મંગલ

| | | |
|---|---|---|
| એવમહં આલોઇઅ,<br>નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં ।<br><br>તિવિહેણ પડિક્કંતો,<br>વંદામિ જિણે ચઉવ્વીસં ॥૫૦॥ | એવ-મહમ્-આલો-ઇઅ,<br>નિન્-દિઅ-ગર-હિઅ-દુગઞ્-<br>(ગન્)-છિઅમ્-સમ્-મમ્ ।<br>તિવિ-હેણ પડિક્-કન્-તો,<br>વન્-દામિ જિણે ચઉવ્-વીસમ્ ॥૫૦॥ | આ પ્રમાણે પાપની આલોચના કરી,<br>નિંદા કરી, ગર્હણા કરી અને દુર્ગંછા<br>કરી સમ્યક્ પ્રકારે<br>મન-વચન-કાયાથી (ત્રણ પ્રકારે) પ્રતિક્રમણ કરતો<br>ચોવીશે જિનેશ્વરને હું વંદન કરૂં છું. ૫૦. |

**અર્થ :-** આ પ્રમાણે (પાપોની) આલોચના કરી, નિંદા કરી, ગર્હા કરી (અને) સારી રીતે દુર્ગંછા કરીને મન-વચન-કાયા રૂપ ત્રિવિધે પાછો ફરતો (પ્રતિક્રમણ કરતો ) ચોવીશે જિનેશ્વરને હું વંદન કરૂં છું. ૫૦.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારો તેની સામે શુદ્ધ ઉચ્ચારો

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| વંદિતુ સવ સિદ્ધે | વંદિત્તુ સવ્વ સિદ્ધે |
| ઈચ્છામિ પડિકમિઉ | ઈચ્છામિ પડિક્કમિઉં |
| સાવગ ધમાઈ યારસ્સ | સાવગ ધમ્માઈ યારસ્સ |
| સુહમો અ બાયરો વા | સુહુમો અ બાયરો વા |
| ત નિંદે તં ચ ગરિહામિ | તં નિંદે તં ચ ગરિહામિ |
| પડિકમે દેવસિઅં સવ્વં | પડિક્કમે દેસિઅં સવ્વં |
| અપ્સત્થેહિ | અપ્પસત્થેહિં |
| આગમણે નિગમણે | આગમણે નિગ્ગમણે |
| છકાયસમારંભ | છક્કાય સમારંભે |
| પંચણમણુવયાણં ગુણવયાણં | પંચણ્હ-મણુવ્વયાણં ગુણવયાણં |
| થૂલગ પણાઈવાય વિરૈયો | થૂલગ પાણાઈવાય વિરઈઓ |
| પઢમવયસિઆરે | પઢમ વયસ્સ-ઈઆરે |
| બીએણુવયમિ | બીએ અણુવ્વયમ્મિ |
| આયરિય મપસત્થે | આયરિય મપ્પસત્થે |
| ઈત્થ પમાયપસંગેણ | ઇત્થ પમાયપ્પસંગેણ |
| અપરિગણિઆ ઈતર | અપરિગ્ગહિઆ ઈત્તર |
| દુપએ ચઉપયમ્મિ | દુપએ ચઉપ્પયમ્મિ |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ઉવભોગે પરિભોગે | ઉવભોગ-પરિભોગે |
| ભાડી ફોડી સુવજેએ કમ્મં | ભાડી ફોડી સુવજ્જએ કમ્મં |
| વાણિજ્જં ચેવ દંતં | વાણિજ્જં ચેવ દંત |
| એવું ખુ જંતાપિલ્લણ | એવં ખુ જંત-પિલ્લણ |
| નિલંછણં | નિલ્લંછણં |
| અસય પોસં ચ વજિજ્જા | અસઈ પોસં ચ વજ્જિજ્જા |
| તણકંઠે | તણ-કટ્ઠે |
| કંદપ્પે કુકુઈએ | કંદપ્પે કુક્કુઈએ |
| અહિગરણ ભોગઈરિત્તે | અહિગરણ ભોગ અઇરિત્તે |
| સચિત્તે નિખવણે | સચિત્તે નિક્ખિવણે |
| વાયસ્સ વાયાએ | વાઈઅસ્સ વાયાએ |
| ન ય સંભારિઆ | ન ય સંભરિઆ |
| પાવ પણાસણીયા | પાવ પણાસણીઈ |
| વિણિગય કહાઈ | વિણિગ્ગય કહાઈ |
| વિરિઓમિ વિરાહણાએ | વિરઓમિ વિરાહણાએ |
| ખામેમિ સવ્વ જીવા | ખામેમિ સવ્વ જીવે |
| દુગંછિઅં સમં | દુગંછિઅં સવ્વં |

જૈન સાઈટ
JAINSITE.com



પ્રતિક્રમણ વખતે બોલવાની મુદ્રા અને 'ભગવઓ અંજલિં' બોલતી વખતે મસ્તકે હાથ સ્પર્શ કરવો.

## ૩૬ 'શ્રી આયરિય ઉવજ્ઝાએ સૂત્ર'

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી આયરિઅ ઉવજ્ઝાએ સૂત્ર |
| ગૌણ નામ | : | સર્વ જીવરાશિ ખામણસૂત્ર |
| પદ | : | ૧૨ |
| સંપદા | : | ૧૨ |
| ગાથા | : | ૩ |



**વિષય :**
આવશ્યક ક્રિયામાં સર્વ જીવરાશિ અને પૂજ્યોને ખમાવવા સાથે ક્ષમા આપવાની વિશિષ્ટ ક્રિયાનો સમાવેશ.

### છંદનું નામઃ ગાહા. ★ રાગ : "જિણજમ્મસમયે મેરુસિહરે".... (સ્નાત્રપૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| આયરિય-ઉવજ્ઝાએ, | આય-રિય-ઉવજ્-ઝાએ, | આચાર્ય, (અને) ઉપાધ્યાય, |
| સીસે સાહમ્મિએ કુલ-ગણે અ। | સીસે સાહમ્-મિએ કુલ-ગણે અ। | તેમના શિષ્યો, સાધર્મિક, અને કુલ અને ગણને વિષે |
| જે મે કેઇ કસાયા, | જે મે કેઇ કસાયા, | મારા જીવે કોઈ પણ પ્રકારના કષાય કર્યાં હોય, |
| સવ્વે તિવિહેણ ખામેમિ ॥૧॥ | સવ્-વે તિવિ-હેણ ખામે-મિ ॥૧॥ | તે સર્વેને ત્રિવિધે (ત્રણ પ્રકારે) ખમાવું છું. ૧. |

**અર્થ :-** આચાર્યભગવંતો, ઉપાધ્યાયભગવંતો, તેઓના શિષ્યો, સાધર્મિકો, એક આચાર્યનો પરિવાર, તે કુલ અને ઘણા આચાર્યનો પરિવાર, તે ગણ પ્રત્યે મારા જીવે કોઈપણ પ્રકારનો કષાય કર્યો હોય તે સર્વની હું મન-વચન-કાયાથી માફી (ક્ષમા) માંગું છું. ૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| | | |
|---|---|---|
| સવ્વસ્સ સમણ સંઘસ્સ,<br>ભગવઓ અંજલિં કરિઅ સીસે । | સવ્-વસ્-સ સમણ-સઙ્-ઘસ્-સ,<br>ભગવ-ઓ-અન્-જલિમ્-કરિ-અ સી-સે । | સર્વ શ્રમણસંઘ રૂપ<br>ભગવંતના કરેલા અપરાધ પ્રત્યે<br>મસ્તક ઉપર બે હાથ જોડી |
| સવ્વં ખમાવઇત્તા,<br>ખમામિ સવ્વસ્સ અહયં પિ ॥૨॥ | સવ્-વમ-ખમા-વ-ઇત્-તા,<br>ખમા-મિ સવ્-વસ્-સ અહ-યમ્ પિ ॥૨॥ | સર્વના અપરાધને ખમાવીને,<br>તે સર્વના કરેલા અપરાધને હું પણ ખમાવું છું. ૨. |

**અર્થ :-** મસ્તક ઉપર બે હાથ જોડીને પૂજ્ય શ્રી સર્વ શ્રમણસંઘના (કરેલા) સર્વ (અપરાધ)ને ખમાવીને હું પણ સર્વના (અપરાધને) ક્ષમા કરૂં છું. ૨.

| | | |
|---|---|---|
| સવ્વસ્સ જીવરાસિસ્સ, | સવ્-વસ્-સ જીવરા-સિસ્-સ, | સર્વ જીવોના સમૂહના (મેં કરેલા સર્વ અપરાધ પ્રત્યે) |
| ભાવઓ ધમ્મ-નિહિઅ-નિઅ-ચિત્તો । | ભાવ-ઓ ધમ્-મ-નિહિ-અ-નિઅ-ચિત્-તો । | ભાવથી ધર્મને વિષે પોતાનું ચિત્ત સ્થાપ્યું છે જેણે એવો હું |
| સવ્વં ખમાવઇત્તા,<br>ખમામિ સવ્વસ્સ અહયં પિ ॥૩॥ | સવ્-વમ્ ખમા-વઇત્-તા,<br>ખમા-મિ-સવ્-વસ્-સ અહ-યમ્ પિ ॥૩॥ | સર્વ અપરાધને ખમાવીને<br>હું પણ સર્વના અપરાધને ક્ષમા કરું છું. ૩. |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ભગવો અંજલિ | ભગવઓ અંજલિં |

**અર્થ :-** ભાવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે એવો હું સર્વ જીવોના સમૂહના સંબંધમાં કરેલા (અપરાધ) પ્રત્યે સર્વને ખમાવીને હું પણ સર્વેને ખમું છું. ૩.

जैन साईट JAINSITE.com

# ૩૭ 'શ્રુત દેવતાની સ્તુતિ'



પ્રતિક્રમણ વેળાએ કાયોત્સર્ગમાં સાંભળવાની મુદ્રા



પ્રતિક્રમણ વખતે યોગમુદ્રામાં બોલવાની મુદ્રા

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી સુઅદેવયા સ્તુતિ |
| ગૌણ નામ | : શ્રુતદેવતાની સ્તુતિ |
| ગાથા | : ૧ |
| પદ | : ૪ |
| સંપદા | : ૪ |
| ગુરુ અક્ષર | : ૨ |
| લઘુ અક્ષર | : ૩૫ |
| સર્વ અક્ષર | : ૩૭ |



**વિષય :** શ્રુતજ્ઞાન તરફ આદર રાખનારાઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવવા માટે શ્રીસંઘ ભલામણ કરે છે.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| સુઅ દેવયાએ કરેમિ-<br>કાઉસ્સગ્ગં, અન્નત્થ..... | સુઅ-દેવ-યાએ કરે-મિ-<br>કાઉસ્-સગ્-ગમ્, અન્-નત્-થ..... | શ્રુતદેવતાને (સ્મરણ કરવા) માટે,<br>કરું છું કાયોત્સર્ગ. |

## છંદનું નામ:ગાહા. રાગ: 'જિણજન્મસમયે મેરુસિહરે...'(સ્નાત્રપૂજા)

| | | |
|---|---|---|
| સુઅદેવયા ભગવઇ,<br>નાણા-વરણીય-કમ્મ-સંઘાયં । | સુઅ-દેવ-યા ભગ-વઇ,<br>નાણા-વર-ણીય-કમ્-મ સઙ્-ઘા-યમ્ । | ભગવતી, (સરસ્વતી) શ્રુતદેવતા<br>જ્ઞાનાવરણીય કર્મના સમૂહને; |
| તેસિં ખવેઉ સયયં,<br>જેસિં સુઅસાયરે ભત્તી ॥૧॥ | તેસિમ્-ખવેઉ સય-યમ્,<br>જેસિમ્-સુઅ-સાય-રે ભત્-તી ॥૧॥ | તેઓનો હંમેશાં ક્ષય કરો,<br>જે પુરુષોની શ્રુત સાગરને વિષે ભક્તિ છે તે. ૧. |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ :-** શ્રુતદેવતાને આરાધના માટે હું કાયોત્સર્ગ કરું છું. જેઓને શ્રુતજ્ઞાનરૂપ સમુદ્ર ઉપર ભક્તિ છે, તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહનો પૂજ્ય શ્રુતદેવતા (= સર્વજ્ઞ ભગવંતથી પ્રરૂપાયેલા. આગમ-સિદ્ધાંતો વગેરે શ્રુતજ્ઞાનની અધિષ્ઠાયક દેવીને શ્રુતદેવતા = સરસ્વતી કહેવાય છે) ક્ષય કરો (૧)

★ નોંધ : આ સૂત્રની શરૂઆતમાં 'કરેમિ કાઉસ્સગ્ગ' પછી અન્નત્થ સૂત્ર બોલી એકવાર શ્રી નવકાર મંત્રનો જિનમુદ્રામાં કાયોત્સર્ગ કરી અને પારીને 'સુઅદેવયા...' ગાથા બોલવી. અહી આ સૂત્રમાં, ક્ષેત્રદેવતાની સ્તુતિમાં, કમલદલની સ્તુતિમાં, ભવન દેવતાની સ્તુતિમાં, ક્ષેત્રદેવતાની સ્તુતિમાં 'અન્નત્થ સૂત્ર' બોલતાં પહેલા 'વંદણ વત્તિયાએ...' સૂત્ર બોલવાની જરૂર નથી. કેમકે શાસન રક્ષક સમ્યગ્દષ્ટિ દેવનું સ્મરણ કરી પ્રાર્થના થાય પણ અવિરતિવાળા હોવાથી વંદન-નમન ન થાય. તે જ મુજબ 'કુસુમિણ દુસુમિણનો, દેવસિઅ-પાયચ્છિત્તનો, કર્મક્ષયનો, દુ:ખક્ષય કર્મક્ષયનો અને ક્ષુદ્રોપદ્રવ ઉડ્ડવણાર્થનો કાઉસ્સગ્ગ કરતાં પૂર્વે 'વંદણ વત્તિયાએ...' સૂત્ર બોલવાની જરૂર નથી. કોઈપણ વિશિષ્ટ તપની આરાધના માટે, ચૈત્યવંદન-દેવવંદન આદિ માટે કાયોત્સર્ગ કરતાં પહેલા અવશ્ય 'વંદણ-વત્તિયાએ....' સૂત્ર બોલવું જોઈએ.

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્



પ્રતિક્રમણ વખતે કાયોત્સર્ગમાં સાંભળવાની મુદ્રા.



પ્રતિક્રમણ વખતે યોગમુદ્રામાં બોલવાની મુદ્રા.

## ૩૮ 'શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ'

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી ખિત્તદેવયા સ્તુતિ; |
| ગૌણ નામ | : | શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ |
| ગાથા | : | ૧ |
| પદ | : | ૪ |
| સંપદા | : | ૪ |
| ગુરુ અક્ષર | : | ૩ |
| લઘુ અક્ષર | : | ૩૩ |
| સર્વ અક્ષર | : | ૩૬ |

**વિષય :** તે તે ક્ષેત્રના સમ્યગ્દૃષ્ટિ દેવોને મુનિ ભગવંતોની સાધના નિર્વિઘ્નપણે થાય માટે પ્રાર્થના કરવી.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ખિત્તદેવયાએ કરેમિ-<br>-કાઉસ્સગ્ગં, અન્નત્થ..... | ખિત્-ત દેવ-યાએ કરે-મિ-<br>કાઉસ્-સગ્-ગમ્, અન્-નત્-થ..... | ક્ષેત્રદેવતાને (સ્મરણ કરવા) માટે<br>કરું છું કાયોત્સર્ગ |

### છંદનું નામ:ગાહા. રાગ-જિણજમ્મસમયે (સ્નાત્રપૂજા)

| | | |
|---|---|---|
| જિસે ખિત્તે સાહૂ,<br>દંસણ નાણેહિં ચરણ સહિએહિં ।<br>સાહંતિ મુક્ખ-મગ્ગં,<br>સા દેવી હરઉ દુરિઆઇં ॥૧॥ | જિસે ખિત્-તે સાહૂ,<br>દન્-સણ-નાણે-હિમ્ ચરણ-સહિ-એહિમ્ ।<br>સાહન્-તિ મુક્-ખ-મગ્-ગમ્,<br>સા દેવી હર-ઉ દુરિ-આ-ઇમ્ ॥૧॥ | જેના ક્ષેત્રને વિષે સાધુ-મુનિરાજો<br>દર્શન-જ્ઞાન-ચારિત્રથી સહિત-<br>મોક્ષ માર્ગને સાધે છે,<br>તે દેવી પાપોનો નાશ કરો. ૧. |

**અર્થ :-** શ્રી ક્ષેત્રદેવતાની આરાધના (સ્મરણ) નિમિત્તે હું કાયોત્સર્ગ કરૂં છું. જેના ક્ષેત્રમાં સાધુ-મુનિરાજો ચારિત્ર સહિત દર્શન અને જ્ઞાનથી મોક્ષમાર્ગ -ની સાધના કરે છે, તે (ક્ષેત્રની અધિષ્ઠાયક) દેવી પાપોનો નાશ કરો. ૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૩૯ 'શ્રી કમલ-દલ સ્તુતિ'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી કમલદલ સ્તુતિ |
| ગૌણ નામ | : શ્રી શ્રુતદેવતાની સ્તુતિ |
| ગાથા | : ૧ |
| પદ | : ૪ |
| સંપદા | : ૪ |
| ગુરુ અક્ષર | : ૪ |
| લઘુ અક્ષર | : ૪૦ |
| સર્વ અક્ષર | : ૪૪ |



**વિષય :** શ્રુતદેવી (સરસ્વતિ)ના મનોહર વર્ણન સાથે સિદ્ધિની યાચના.

### છંદનું નામઃગાહા; રાગઃ 'જિણ જમ્મસમયે મેરુસિહરે'... (સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| કમલ-દલ-વિપુલ-નયના, કમલ મુખી કમલ ગર્ભ-સમ-ગૌરી। | કમલ-દલ- વિપુલ-નયના, ક-મલ-મુખી-કમલ-ગર્-ભ-સમ-ગૌરી। | કમળની પાંખડી જેવા વિશાળ નેત્રવાળી, કમલના જેવા મુખવાળી, કમળના ગર્ભ સરખા ગૌર વર્ણવાળી... |
| કમલે સ્થિતા ભગવતી, દદાતુ શ્રુતદેવતા સિદ્ધિમ્ ॥૧॥ | કમલે-સ્થિતા ભગ-વતી, દ-દાતુ શ્રુત-દેવતા સિદ્-ધિમ્ ॥૧॥ | તથા કમળને વિષે રહેલી ભગવતી સરસ્વતી દેવી અમને સિદ્ધિ આપો. ૧. |

**અર્થ :-** કમળના પાંખડી જેવા વિશાળ નેત્ર વાળી, કમળ જેવા મુખવાળી, કમળના ગર્ભ સમાન ગૌર વર્ણવાળી, (તેમજ) કમળને વિષે રહેલા ભગવતી શ્રુતદેવી (સરસ્વતી) (અમને) સિદ્ધિ આપો. ૧.

● (દેવસિઅ પ્રતિક્રમણમાં સ્ત્રીઓ 'સુઅદેવયા ભગવઈ' ના સ્થાને આ સ્તુતિ બોલે છે.)

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



ફક્ત પુરષો માટે પ્રતિક્રમણ વખતે બોલતી વેળાની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

# ૪૦ 'શ્રી નમોઽસ્તુ વર્દ્ધમાનાય સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી નમોઽસ્તુ વર્દ્ધમાનાય સૂત્ર |
| ગૌણ નામ | : શ્રી સાયંકાલીન વીરસ્તુતિ |
| ગાથા | : ૩ |
| પદ | : ૧૨ |
| સંપદા | : ૧૨ |
| ગુરુ અક્ષર | : ૩૦ |
| લઘુ અક્ષર | : ૯૫ |
| સર્વ અક્ષર | : ૧૨૫ |

★ (આ સૂત્ર પૂર્વમાંથી ઉદ્ધૃત થયેલ હોવાથી સ્ત્રીઓ આ સૂત્રના બદલે 'સંસારદાવાનલ'ની પ્રથમ ત્રણ ગાથા બોલે)

**વિષય :** સાંજના પ્રતિક્રમણ સમયે છ આવશ્યકની પૂર્ણાહુતિનો હર્ષ વ્યક્ત કરવા ગુણગણગર્ભિત વીર વિભુની સ્તુતિ.

### સામાયિક, ચઉવીસત્થો(લોગસ્સ), વાંદણાં, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ઇચ્છામો અણુસટ્ઠિં, | ઇચ્-છામો અણુ-સટ્-ઠિમ્, | અમે ગુરુ આજ્ઞાને ઇચ્છીએ છીએ, |
| નમો ખમાસમણાણં; | નમો ખમા-સમ-ણા-ણમ્ ; | નમસ્કાર થાઓ ક્ષમાશ્રમણોને. |
| નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય- -સર્વ સાધુભ્યઃ ॥ | નમોર્-હત્-સિદ્-ધા-ચાર્- યો પાધ્યાય- સર્-વ-સાધુ-ભ્યઃ ॥ | અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુભગવતોને નમસ્કાર થાઓ. |

**અર્થ :-** અમે ગુરુની આજ્ઞાને ઇચ્છીએ છીએ, ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ. (પરમમંગળ સ્વરૂપે) શ્રી અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, આચાર્ય -ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો અને સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




## છંદનું નામઃ અનુષ્ટુપ્; રાગ=દર્શનં દેવદેવસ્ય (પ્રભુ સ્તુતિ)

નમોઽસ્તુ વર્દ્ધમાનાય,
સ્પર્દ્ધમાનાય કર્મણા ।
તજ્જયા-વાપ્ત-મોક્ષાય,
પરોક્ષાય કુતીર્થિનામ્ ॥૧॥


નમો-સ્તુ વર્-ધ-માના-ય,
સ્પર્-દ્ધ-માના-ય કર્-મણા ।
તજ્-જયા-વાપ્-ત-મોક્-ષાય,
પરોક્-ષાય કુતીર્-થિનામ્ ॥૧॥

શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર થાઓ,
૧. કર્મની સાથે સ્પર્ધા કરનાર,
૨. તે (કર્મ)ને જીતીને મોક્ષ પામેલા, વળી
૩. મિથ્યાત્વીઓની દૃષ્ટિથી દૂર એવા. ૧.

**અર્થ :-** કર્મની સાથે સ્પર્ધા કરનાર અને તે કર્મને જીતીને મોક્ષને પામેલા અને મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિથી દૂર એવા શ્રી વર્ધમાન (મહાવીર) સ્વામીને નમસ્કાર થાઓ. ૧.




'નમોઽસ્તુ વર્દ્ધમાનાય' બોલતાં, અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત શ્રી પ્રભુને જોઈ શિર નમાવી વંદન કરવું 'સ્પર્દ્ધમાનાય કર્મણા' બોલતાં, પ્રભુને કર્મ સાથે લડતા અર્થાત્ કર્મના ઉપદ્રવ (દા.ત. દુષ્ટ દેવથી મસ્તકે ઠોકાતું કાળચક્ર, સિંહ વાઘના આક્રમણ-સર્પદંશ, પગ વચ્ચે અગ્નિ આદિ) વખતે અણનમ ચિત્તસમાધિથી ઉભેલા જોવાના. 'તજ્જયાવાપ્ત મોક્ષાય' બોલતાં એ ઉપદ્રવોમાં અદ્ભુત ઉપશમ-સમતા રાખી કર્મધ્વંસ કરી મોક્ષ પ્રાપ્ત કરતા જોવાના. 'પરોક્ષાય..' બોલતાં, મિથ્યાદર્શનીઓ પ્રભુથી મોં ફેરવી લેતા, પ્રભુને જોઈ નહિ શકતા હોય એવા પ્રભુ જોવાના. ૧.





જૈન સાઈટ
JAINSITE.com

## છંદનું નામઃ ઔપચ્છન્દસિક. રાગઃ વંદેમાતરમ્-સુજલામ્-સુફલામ્" (દેશ-ગીત)

યેષાં વિકચાર-વિંદ-રાજ્યા,
જ્યાયઃ ક્રમ-કમલાવલિં દધત્યા ।
સદશૈરિતિ સંગતં પ્રશસ્યં,
કથિતં સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥


યેષામ્-વિકચાર-વિન્-દ-રાજ્-યા,
જ્યા-યઃ -ક્રમ-કમલા-વલિમ્
-દધત્-યા ।
સદ્-દૃશૈ-રિતિ સઙ્-ગતમ્
-પ્ર-શ-સ્-યમ્,
કથિ-તમ્ સન્-તુ શિવાય-
તે જિ-નેન્-દ્રાઃ ॥૨॥

ખીલેલા કમળોની શ્રેણીથી જે તીર્થંકરોના
વખાણવા લાયક ચરણરૂપ કમળની શ્રેણી
તેને ધારણ કરે છે, તેથી
સરખાની સાથે સરખાનું મળવું, એ ઘણું
વખાણવા લાયક -
કહેલું છે, તેવા જિનેશ્વરો મોક્ષને માટે
થાઓ. ૨.




'યેષાં વિકચાર..' બોલતાં આપણી સામે અનંતા તીર્થંકર દેવ છે, એમના ચરણ કમળ આગળ કમળોની પંક્તિ છે, એની અપેક્ષાએ પ્રભુ ચરણ કમળ પંક્તિ અધિક સુંદર છે, છતાં કમળ તરીકે બંને સમાન હોઈ કમળપંક્તિ બોલે છે કે 'સમાનની સાથેનો અમારો યોગ પ્રશંસનીય છે.' આવા પ્રભુ શિવ-મોક્ષ કલ્યાણ માગવાનું. ૨.

**અર્થ :-** જે (જિનેશ્વરો)ની વખાણવા લાયક ચરણકમળની શ્રેણીને ધારણ કરતી, એવી વિકસ્વર કમળોની શ્રેણીનું સરખાની સાથે મળવું, તે વખાણવા લાયક કહેલું છે. તે જિનેશ્વરો મોક્ષને માટે થાઓ. ૨.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## છંદનું નામઃ વંશસ્થ. રાગઃ 'કલ્લાણ કંદં, પઢમં જિણિંદં' (પંચજિન સ્તુતિ સુત્ર)


| | | |
|---|---|---|
| કષાય-તાપા-ર્દિત-જંતુ-નિર્વૃતિં, | કષાય-તાપાર્-દિ-ત-જન્-તુ નિર્-વૃતિમ્, | કષાય રૂપ તાપથી પીડાયેલા એવા પ્રાણીને શાંતિ- |
| કરોતિ યો જૈન-મુંખાંબુદોદ્ગતઃ । | કરો-તિ યો જૈન-મુખામ્-બુદોદ્-ગતઃ । | કરે છે. જે જિનેશ્વરના મુખરૂપી-મેઘમાંથી નીકળેલો |
| સ શુક્ર-માસોદ્-ભવ-વૃષ્ટિ-સન્નિભો, | સ શુક્ર-માસોદ્-ભવ વૃષ્-ટિ સન્-નિભો, | અને જેઠ માસમાં ઉત્પન્ન થયેલ વરસાદ જેવો- |
| દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્ ॥૩॥ | દધાતુ તુષ્-ટિમ્ મયિ વિસ્-તરો ગિરામ્ ॥૩॥ | (સિદ્ધાંતરૂપ) વાણીનો વિસ્તાર મારા વિષે સંતોષ કરો. ૩. |




'કષાયતાપા...' બોલતાં, પ્રભુ દેશના દે છે, તે મુખ વાદળ, અને એમાંથી નીકળતી વાણી જાણે વૃષ્ટિ, એ શ્રોતા પર પડી એમના કષાય-તાપને શાંત કરી દે છે. જેઠનો વરસાદ ભૂમિને કેવી ઠંડીગાર કરી દે ? ૩.

**અર્થ :-** જે જિનેશ્વરોના મુખરૂપી મેઘથી નિકળેલો વાણીનો વિસ્તાર કષાયરૂપ તાપથી પીડાયેલા પ્રાણીઓને શાંત કરે છે (વળી) જે જેઠ માસમાં ઉત્પન્ન થયેલ વરસાદ જેવો છે, તે (સિદ્ધાંતરૂપ) વાણીનો વિસ્તાર મારા વિષે સંતોષ કરો. ૩.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| જ્યાય કમકમલાવલિં | જ્યાયઃ ક્રમકમલાવલિં |
| સદ્રશૈરિતિ | સદ્દશૈરિતિ |
| જન્તુ નિવૃતિ | જન્તુ નિર્વૃતિં |
| વ્રષ્ટિ સન્નિભો | વૃષ્ટિ સન્નિભો |




વિશાલ લોચન... બોલતા ભગવાનનું મુખ કમળ જોવું, જેમાં બે નેત્ર પાંદડા સમાન અને દાંતમાં ઉછળતા કિરણ પરાગ જેવા જોવાના.૧.




યેષાભિષેક... બોલતા પૂર્વ પૂર્વ કાળની અનંત મેરુ - અવસ્થા પર અનંત પ્રભુને ઈન્દ્ર જન્માભિષેક કરતા જોવાના, અને એ એના અનહદ આનંદમાં સ્વર્ગ સુખને તૃણથી પણ તુચ્છ માનતા જોવાના. ૨.




કલંક નિર્મુક્ત... બોલતા, દુનિયાનો ચંદ્ર તો કલંકિત અને પૂર્ણતા છોડી નાનો થનારો, તથા રાહુના મોંમાં ગળાતો ને અસ્ત પામતો છે, ત્યારે જિનેશ્વર ભાષિત આગમોરૂપી ચંદ્ર નિષ્કલંક છે, કદી પૂર્ણતાને છોડતો નથી, તથા કુતર્કરૂપી રાહુના ડોકાને ગળી જઈ સાફ કરનારો અને સદા ઉદય જ પામનારો છે, તેમજ સુબુદ્ધ (વિશુદ્ધ બુદ્ધિના ધણી) દેવ-માનવોથી વંદાયેલ છે. ૩.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૪૧ 'શ્રી વિશાલ-લોચન-દલં સૂત્ર'



ફક્ત પુરુષો માટે પ્રતિક્રમણ વખતે બોલતી વેળાની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી વિશાલ-લોચન-દલં સૂત્ર |
| ગૌણ નામ | : પ્રભાત કાળની વીરસ્તુતિ |
| ગાથા | : ૩ |
| પદ | : ૧૨ |
| સંપદા | : ૧૨ |
| ગુરુ અક્ષર | : ૨૩ |
| લઘુ અક્ષર | : ૧૦૧ |
| સર્વ અક્ષર | : ૧૨૪ |

આ સ્તુતિને પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલ હોવાથી સ્ત્રીઓ આ સ્થાને 'સંસાર દાવાનલ'ની પ્રથમ ત્રણ ગાથા બોલે

**વિષય :** આ પ્રભાતિક સ્તુતિ (છ આવશ્યક પછી)માં ગુણગણ-ગર્ભિત સ્તવના સાથે પ્રાર્થના છે.

## છંદનું નામ:અનુષ્ટુપ્ • રાગ: દર્શનં દેવદેવસ્ય....(પ્રભુ સ્તુતિ)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| વિશાલ-લોચન-દલં, | વિશાલ-લોચન-દલમ્, | વિશાળ નેત્રરૂપી પત્ર છે જેમાં એવું, |
| પ્રોદ્યદ્-દંતાંશુ-કેસરમ્ । | પ્રોદ્-યદ્-દન્-તાન્-શુ-કેસ-રમ્ । | પ્રકાશમાન દાંતના કિરણરૂપી કેસર છે-(સુગંધના કણિયા) છે એવું, |
| પ્રાત-વીર-જિનેન્દ્રસ્ય, | પ્રાતર્-વીર-જિનેન્-દ્ર-સ્ય, | પ્રભાત સમયે શ્રી વીર જિનેશ્વરનું |
| મુખ-પદ્મં પુનાતુ વઃ ॥૧॥ | મુખ-પદ્-મમ્ પુનાતુ વઃ ॥૧॥ | મુખરૂપી કમળ તમને પવિત્ર કરો. ૧. |

**અર્થ :-** વિશાળ નેત્રરૂપી કમળ છે જેમાં એવું, પ્રકાશમાન દાંતના કિરણરૂપી કેસરાઓવાળું એવું શ્રી વીર વિભુનું મુખકમળ પ્રભાત સમયે તમને પવિત્ર કરો. ૧.

જૈન સાઈટ JAINSITE

## છંદનું નામ: ઔપચ્છન્દસિક • રાગ- "વંદે માતરમ્ સુજલામ્ સુફલામ્"....(દેશગીત)

| | | |
|---|---|---|
| યેષા-મભિષેક કર્મ કૃત્વા, | યેષા-મભિ-ષેક-કર્-મ કૃત્-વા, | જે જિનેશ્વરોનું સ્નાન કર્મ કરીને, |
| મત્તા હર્ષ-ભરાત્ સુખં સુરેન્દ્રાઃ । | મત્-તા હર્-ષ-ભરાત્-સુખમ્ સુરેન્-દ્રાઃ । | હર્ષના સમૂહથી ઉન્મત થયેલા એવા દેવેન્દ્રો |
| તૃણમપિ ગણયન્તિ નૈવ નાકં, | તૃણ-મપિ ગણ-યન્-તિ નૈ-વ નાકમ્, | સ્વર્ગના સુખને તણખલા તુલ્ય પણ ગણતા નથી |
| પ્રાતઃ સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥ | પ્રાતઃ સન્-તુ શિવાય તે જિનેન્-દ્રાઃ ॥૨॥ | તે જિનેન્દ્રો પ્રભાત સમયે અમને મોક્ષને માટે થાઓ. ૨. |

**અર્થ :-** જે (જિનેશ્વરો)ના અભિષેક (સ્નાન કર્મ) કાર્યને કરીને, હર્ષના સમૂહથી ઉન્મત્ત થયેલા એવા દેવેન્દ્રો, દેવલોક સંબંધી સુખને તૃણ (ઘાસ) સમાન પણ ગણતા નથી, તે જિનેન્દ્રો પ્રભાત સમયે મોક્ષ માટે થાઓ. ૨.

## છંદનું નામ: વંશસ્થ • રાગ: કલ્લાણકંદં પઢમં જિણિંદં...(પંચજિન સ્તુતિ)

| | | |
|---|---|---|
| કલંક નિર્મુક્ત-મમુક્ત-પૂર્ણતં, | ક-લઙ્-ક-નિર્-મુક્-ત મ-મુક્-ત-પૂર્-ણ-તમ્, | (૧)કલંકથી રહિત અને (૨) જેની પૂર્ણતા મુંકાણી થતી એવું એટલે કે સંપૂર્ણ- |
| કુતર્ક રાહુ-ગ્રસનં સદોદયમ્ । | કુતર્-ક રાહુ-ગ્રસ-નમ્ સદો-દયમ્ । | (૩)કુતર્કવાદી રૂપ રાહુને ભક્ષણ કરનાર અને (૪) સદા ઉદય પામેલા- |
| અપૂર્વચંદ્ર જિનચંદ્ર-ભાષિતં, | અ-પૂર્-વ ચન્-દ્રમ્ જિન-ચન્-દ્ર-ભાષિ-તમ્, | (૫)અપૂર્વ ચંદ્રરૂપ જિનચંદ્રના આગમને |
| દિનાગમે નૌમિ બુદ્ધૈ-ર્નમસ્કૃતમ્ ॥૩॥ | દિના-ગમે-નૌમિ-બુધૈર્--નમસ્-કૃતમ્ ॥૩॥ | વળી (૬) પંડિતોથી નમસ્કાર કરાયેલા, -એવા જિનેશ્વરોએ કહેલા આગમને હું પ્રભાત સમયે નમસ્કાર કરું છું. ૩. |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| પ્રોદ્યત્ દંતાંશુ | પ્રોદ્યદ્-દંતાંશુ |
| ત્રણમપિ | તૃણમપિ |
| અપૂર્વચન્દ્ર | અપૂર્વચન્દ્રં |
| બુધૈ નમસ્કૃતમ્ | બુધૈ ર્નમસ્કૃતમ્ |

**અર્થ :-** (૧) કલંકથી રહિત, (૨) જેની પૂર્ણતા મુંકાણી નથી એવું (એટલે કે સંપૂર્ણ), (૩) કુતર્કવાદી (અન્ય દર્શની) રૂપ રાહુને ભક્ષણ કરનાર, (૪) હંમેશા ઉદય પામેલ, (૫) અપૂર્વ ચંદ્ર સમાન અને (૬) પંડીતોથી નમસ્કાર કરાયેલ એવા શ્રી જિનેશ્વર ભગવંતોના આગમને હું પ્રભાત સમયે નમસ્કાર કરું છું. ૩.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૪૨ 'શ્રી વરકનક સૂત્ર'



પ્રતિક્રમણ વખતે બોલવાની મુદ્રા



અપવાદિક મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી વરકનક સૂત્ર |
| ગૌણ નામ | : એકસો સિત્તેર જિનસ્તુતિ |
| ગાથા | : ૧ |
| પદ | : ૪ |
| સંપદા | : ૪ |
| ગુરુ અક્ષર | : ૪ |
| લઘુ અક્ષર | : ૪૦ |
| સર્વ અક્ષર | : ૪૪ |

**વિષય :** ઉત્કૃષ્ટ કાળે વિહરતાં ૧૭૦ જિનેશ્વરો વર્ણ અનુસાર સ્તવેલા છે.

### છંદનું નામ: ગાહા; રાગ: જિણજન્મસમયે મેરુસિહરે.... (સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| વર-કનક-શંખ-વિદ્રુમ- | વર-કનક-શઙ્-ખ વિદ્-રુમ, | ઉત્તમસુર્વણ, શંખ, પરવાળા, |
| મરકત-ઘન-સન્નિભં-વિગત-મોહમ્ । | મર-કત-ઘન-સન્-નિભમ્-વિગત-મોહમ્ । | નીલમ, મેઘ જેવા રંગવાળા, મોહરહિત- |
| સપ્તતિ-શતં જિનાનાં, | સપ્-તતિ-શતમ્ જિના-નામ્, | એક્સોને સિત્તેર તીર્થંકરોને |
| સર્વામર-પૂજિતં વંદે ॥૧॥ | સર્-વા-મર-પૂજિ-તમ્ વન્-દે ॥૧॥ | સર્વ દેવતાઓથી પૂજાયેલાને હું વંદન કરું છું.૧ |

**અર્થ :-** ઉત્તમ સુવર્ણ, શંખ, પરવાળા, નીલમ, અને મેઘ જેવા (વર્ણવાળા) મોહ રહિત , સર્વ દેવતાઓથી પૂજાયેલ એકસો ને સિત્તેર તીર્થંકર ભગવંતોને (આ અવસર્પિણીમાં બીજા શ્રી અજીતનાથ ભગવાનના સમયમાં ૧૭૦ જિનેશ્વર દેવો વિહરતા હતા) હું વંદન કરૂં છું. ૧. (સાયંકાલીન પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂર્ણ થયા પછી 'ભગવાન્હં' આદિ પંચ પરમેષ્ઠિને વંદન કરતા પહેલાં આ સૂત્ર સામુહિક બોલાય છે)

जैन साईट
JAINSITE .com

## ૪૩ 'શ્રી ભવનદેવતાની સ્તુતિ'



| | |
|---|---|
| આદાન નામ | : શ્રી જ્ઞાનાદિ ગુણ સૂત્ર |
| ગૌણ નામ | : ભવનદેવતા સ્તુતિ |
| ગાથા | : ૧ |
| પદ | : ૪ |
| સંપદા | : ૪ |
| ગુરુ અક્ષર | : ૨(૪) |
| લઘુ અક્ષર | : ૩૫(૪૭) |
| સર્વ અક્ષર | : ૩૭(૫૧) |

**વિષય :** સ્વાધ્યાય-સંયમરત એવા મુનિ મહારાજાને ભવનદેવી કલ્યાણ કરે, તેવી પ્રાર્થના કરેલ છે.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ભવણદેવયાએ કરેમિ | ભ-વણ-દેવ-યાએ કરે-મિ | ભવનદેવીની આરાધવા માટે |
| કાઉસ્સગ્ગંમ્, અન્નત્થ..... | કાઉસ્-સગ્-ગમ્-અન્-નત્-થ..... | હું કાઉસ્સગ્ગ કરૂં છું. |

### છંદનું નામ: ગાહા; રાગ: જિણજન્મસમયે મેરુસિહરે.... (સ્નાત્ર પૂજા)

| | | |
|---|---|---|
| જ્ઞાનાદિ-ગુણ-યુતાનાં, | જ્ઞાના-દિ-ગુણ-યુતા-નામ્, | જ્ઞાનાદિગુણોથી યુક્ત (અને) |
| નિત્યં સ્વાધ્યાય-સંયમ-રતાનામ્ । | નિત્-યમ્ સ્વા-ધ્યા-ય-સંયમ-રતા-નામ્, | હંમેશાં સ્વાધ્યાય અને સંયમમાં મગ્ન, |
| વિદધાતુ ભવન દેવી, | વિ-દધા-તુ ભવ-ન-દેવી, | ભવનદેવી કરો.. |
| શિવં સદા સર્વ-સાધૂનામ્ ॥૧॥ | શિવમ્ સદા સર્-વ-સાધૂ-નામ્ ॥૧॥ | (એવા) સર્વ સાધુઓનું સદા કલ્યાણ. ૧. |

**અર્થ :-** ભવનદેવતાની આરાધના (સ્મરણ) માટે કાયોત્સર્ગ કરું છું. જ્ઞાનાદિ ગુણોથી યુકત અને હંમેશાં વાચનાદિ પંચવિધ સ્વાધ્યાયમાં મગ્ન અને સંયમમાં સદા આશક્ત =(મશગુલ) એવા સર્વ સાધુભગવંતોને ભવનદેવી સદા કલ્યાણને માટે થાઓ. ૧.

★ આ સ્તુતિ પક્ખી-ચૌમાસી-સંવત્સરી પ્રતિક્રમણ વખતે દેવસિઅ પ્રતિક્રમણમાં 'સુઅદેવયા ભગવઈ'ના સ્થાને બોલાય છે અને પૂ. મહાત્માઓ એક સ્થાનેથી બીજા સ્થાને સંથારો કરે, ત્યારે પણ 'સુઅદેવયા ભગવઈ' ના સ્થાને આ સ્તુતિ બોલતા હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only www.jainsite.com

# ૪૪ 'શ્રી ક્ષેત્ર દેવતા સ્તુતિ'



'પ્રતિક્રમણ વખતે જિનમુદ્રામાં સાંભળતી વેળાની મુદ્રા'



'પ્રતિક્રમણ વખતે યોગ મુદ્રામાં બોલતી વેળાની મુદ્રા'

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી યસ્યાઃ ક્ષેત્રં સ્તુતિ |
| ગૌણ નામ | : | શ્રી ક્ષેત્ર દેવતા સ્તુતિ |
| ગાથા | : | ૧ |
| પદ | : | ૪ |
| સંપદા | : | ૪ |
| ગુરુ અક્ષર | : | ૩(૫) |
| લઘુ અક્ષર | : | ૨૯(૪૦) |
| સર્વ અક્ષર | : | ૩૨(૪૫) |

**વિષય :**
જે ક્ષેત્રને આશ્રયીને મુનિ મહારાજા સંયમસાધના કરતાં હોય, તે ક્ષેત્ર દેવતા સુખ આપનારા થાઓ, તેવી પ્રાર્થના.

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ખિત્ત-દેવયાએ કરેમિ-કાઉસ્સગ્ગં, અન્નત્થ..... | ખિત્-ત-દેવ-યાએ-કરેમિ-કા-ઉસ્-સગ્-ગમ્, અન-નત્-થ..... | ક્ષેત્ર દેવતાની આરાધના માટે હું કાયોત્સર્ગ કરું છું. |

**અર્થ :-** ક્ષેત્ર દેવતાની આરાધના (સ્મરણ) માટે હું કાઉસ્સગ્ગ (કાયોત્સર્ગ) કરૂં છું.

### છંદનું નામઃ ગાહા; • રાગઃ જિણજન્મસમયે મેરુસિહરે.... (સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય,<br>સાધુભિઃ સાધ્યતે ક્રિયા ।<br>સા ક્ષેત્ર-દેવતા નિત્યં,<br>ભૂયાન્નઃ સુખ-દાયિની ॥૧॥ | યસ્-યાઃ ક્ષે-ત્રમ્ સમા-શ્રિ-ત્ય,<br>સાધુ-ભિઃ સા-ધ્ય-તે ક્રિયા ।<br>સા ક્ષેત્ર દેવતા નિત્-યમ્,<br>ભૂ-યાન્-નઃ સુખ-દાયિની ॥૧॥ | જે ક્ષેત્રને આશ્રયીને (અંગીકાર કરીને)<br>સાધુ ભગવંતો વડે ક્રિયા સધાય છે,<br>હંમેશાં તે ક્ષેત્ર દેવતા,<br>અમને સુખ આપનારી થાઓ. ૧. |

**અર્થ :-** જેના ક્ષેત્રને આશ્રયીને (અંગીકાર કરીને) સાધુ ભગવંતો દ્વારા (તપ-સંયમ-સ્વાધ્યાય રૂપ ધર્મ) ક્રિયા સધાય છે. તે (ક્ષેત્રની અધિષ્ઠાયક સમ્યગ્દૃષ્ટિ) ક્ષેત્ર દેવતા હંમેશાં અમને સુખ આપનારી થાઓ. ૧.

● આ સ્તુતિ પક્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં દેવસિઅ પ્રતિક્રમણ વખતે 'જિસે ખિત્તે સાહૂ' ના સ્થાને બોલાય છે. અને પૂ. મહાત્માઓ એક સ્થાનેથી બીજા સ્થાને સંથારો કરે ત્યારે પણ 'જિસે ખિત્તે સાહૂ' ના સ્થાને આ સ્તુતિ બોલતા હોય છે.

# ૪૫ 'શ્રી અડ્ઢાઇજ્જેસુ સૂત્ર'





પ્રતિક્રમણ વખતે સાંભળતી વેળાની મુદ્રા.

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી અડ્ઢાઇજ્જેસુ સૂત્ર, |
| ગૌણ નામ | : | શ્રી મુનિવંદન સૂત્ર |
| ગાથા | : | ૨ |
| પદ | : | ૮ |
| સંપદા | : | ૮ |
| ગુરુ અક્ષર | : | ૧૩ |
| લઘુ અક્ષર | : | ૭૨ |
| સર્વ અક્ષર | : | ૮૫ |

**વિષય :**
અઢીદ્વીપમાં રહેલ અઢાર હજાર શીલાંગ-રથ ધરનાર સર્વ સાધુ ભગવંતોને વિવિધ ગુણ સ્મરણ કરી વંદના.

### છંદનું નામઃ ગાહા; • રાગઃ જિણજન્મસમયે મેરુસિહરે.... (સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| અડ્ઢાઇજ્જેસુ દીવસમુદ્દેસુ,<br>પનરસસુ કમ્મભૂમિસુ ।<br>જાવંત કે વિ સાહૂ,<br>રયહરણ-ગુચ્છ-પડિગ્ગહ ધારા ॥૧॥ | અડ્-ઢા-ઇજ્-જેસુ દી-વસ-મુદ્-દેસુ,<br>પન-રસ-સુ કમ્-મ-ભૂમિ-સુ ।<br>જા-વન્-ત કે વિ-સાહૂ,<br>રય-હરણ-ગુચ્-છ-પડિગ્-ગહ-ધારા ॥૧॥ | અઢીદ્વીપ અને બે સમુદ્ર સંબંધી<br>પંદર કર્મભૂમિને વિષે-<br>જેટલા કોઇ પણ સાધુઓ<br>રજોહરણ, ગુચ્છક અને પાત્રાને<br>ધારણ કરનારા. ૧. |

**અર્થ :-** અઢીદ્વીપ અને બે સમુદ્ર સંબંધી પંદર કર્મભૂમિને વિષે જે કોઈ પણ સાધુ ભગવંતો રજોહરણ (ઓઘો), ગુચ્છક (પાત્રાની ઝોળી ઉપર-નીચે બંધાય તે ) અને પાત્રા (આદિ)ને ધારણ કરનારા. ૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| | | |
|---|---|---|
| પંચ-મહવ્વય-ધારા,<br>અટ્ઠારસ-સહસ્સ-સીલંગ-ધારા ।<br><br>અક્ખુયા-યાર-ચરિત્તા,<br>તે સવ્વે સિરસા મણસા,<br>મત્થએણ વંદામિ ॥૨॥ | પઞ્ (પન્)-ચ મહવ્-વય-ધારા,<br>અટ્-ઠા-રસ-સહસ્-સ સી-લઙ્-ગ-ધા-રા ।<br><br>અક્-ખુયા-યાર-ચરિત્-તા,<br>તે સવ્-વે સિરસા મણ-સા,<br>મત્-થ-એણ વન્-દામિ ॥૨॥ | પાંચ મહાવ્રતને ધારણ કરનારા,<br>અઢાર હજાર શીલના અંગને<br>ધારણ કરનાર,<br>સંપૂર્ણ આચારરૂપ ચારિત્રવાળા,<br>તે સર્વેને મસ્તકથી અને મનથી<br>વંદન કરું છું ૨. |

**અર્થ :- પાંચ મહાવ્રતને ધારણ કરનાર, અઢારહજાર શીલના અંગ ને ધારણ કરનાર, તથા સંપૂર્ણ આચારરૂપ ચારિત્રવાળા, તે સર્વ ને હું મસ્તકથી અને મનથી વંદન કરૂં છું. ૨.**

★ આ સૂત્ર શ્રાવક-શ્રાવિકાગણે દેવસિઅ-રાઈઅ પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂર્ણ થયા પછી 'ભગવાનહં' આદિ પંચપરમેષ્ઠિને વંદના કર્યા પછી બોલવાનું હોય છે. વડીલ ભાગ્યશાળી સૂત્ર ઉચ્ચારે (અન્યો સાંભળે) ત્યારે સર્વે જમણા હાથની હથેળી ચરવળા/કટાસણા ઉપર ચત્તી સ્થાપન કરે, તેવી વિધિ છે. પૂ.મહાત્માઓ 'વંદિત્તુસૂત્ર' ના સ્થાને 'પગામ-સજ્ઝાય' બોલે ત્યારે તેમાં ઉભા થઈ બે હાથ જોડીને (યોગમુદ્રામાં) દેવસિઅ, રાઈઅ, પક્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં આ સૂત્ર બોલતા હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારો તેની સામે શુદ્ધ ઉચ્ચારો

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| અઢાઈ જેસુ | અડ્ઢાઈજ્જેસુ |
| પનરસુ | પનરસસુ |
| પડિગહ ધારા | પડિગ્ગહ ધારા |
| પંચ મહાવય ધારા | પંચ મહવ્વય ધારા |
| અઠારસ સહસ | અટ્ઠારસ સહસ્સ |
| અક્ખયાચાર ચરિત્તા | અક્ખુયાચાર ચરિત્તા |
| મથેણ વંદામિ | મત્થએણ વંદામિ |

### આ સૂત્ર બોલતી-સાંભળતી વખતે કરવા યોગ્ય શુભ માનસિક સંકલ્પ

અઢી દ્વીપની રહેલાં માનવ ભવને સાર્થક કરનારા પૂજ્ય મહાત્માઓને નજર સમક્ષ લાવવા. તેઓના આત્મગુણ વૈભવને ઓળખવા બાહ્ય-અભ્યંતર સ્વરૂપનું નિરીક્ષણ કરવું. તેમાં વળી રજોહરણનું ધ્યાન ધરતાં 'જીવરક્ષા માટે પૂંજી-પ્રમાર્જીને રજકણને હરવા સાથે અનાદિકાલથી આત્મા ઉપર લાગેલાં કર્મરૂપ રજકરણને હરનાર એવા મહાત્માઓની કલ્પના કરવી. કાષ્ઠ (લાકડા)નાં પાત્રાની ઉપર-નીચે ઉનનો ટુકડો રાખવા દ્વારા વિશિષ્ટ જયણાનું પાલન કરતા (ગુચ્છક ધરનાર) અને જિનેશ્વરોએ બતાવેલ ૪૨ દોષ રહિત આહારની ગવેષણા કરતી વખતે તે આહાર-પાણીને ધારણ કરવા સમર્થ કાષ્ઠનાં પાત્રાથી શોભતા અને ગોચરી વાપરવા છતાં કર્મ નિર્જરા સાધતા અને અહિંસા, જૂઠ, ચોરી, મૈથુન-પરિગ્રહથી સર્વથા વિરામ પામવા માટે પાંચ મહાવ્રતને ધારણ કરતા અને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર રૂપ પંચાચારનું સુવિશુદ્ધ પાલન કરવા સાથે શુદ્ધ નિર્વિકાર (વિકાર રહિત) હૃદય વૃત્તિને અખંડિત ધરનારા એવા મહાત્માઓને વાંદવા તેમજ (મન-વચન-કાયા=) ૩ યોગ .. (કરણ-કરાવણ-અનુમોદન=) X ૩ કરણ = ૯ X ૪ (આહાર, ભય, મૈથુન-પરિગ્રહ) સંજ્ઞા= ૩૬ X ૫ ઈન્દ્રિયો (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય)=૧૮૦ X ૧૦ પૃથ્વીકાયાદિ (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અજીવ)= ૧૮૦૦ X ૧૦ યતિધર્મ (= ક્ષમા, નમ્રતા, સરળતા, મુક્તિ (સંતોષ), તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન અને બ્રહ્મચર્ય)= ૧૮,૦૦૦ (અઢાર હજાર) શીલના અંગને ધારણ કરનાર એવા પૂ.મહાત્માઓને મનથી અને મસ્તકથી ભાવપૂર્વક વંદના કરવી જોઈએ.'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પ્રતિક્રમણ વખતે જિનમુદ્રામાં સાંભળવાની મુદ્રા



પ્રતિક્રમણ વખતે યોગમુદ્રામાં બોલવાની મુદ્રા

# ૪૬ 'શ્રી લઘુશાંતિ સ્તવ સૂત્ર'

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી શાંતિં શાન્તિ નિશાન્તમ્ સૂત્ર |
| ગૌણ નામ | : શ્રી શાંતિ જિન સ્તુતિ |
| ગાથા | : ૧૯ |
| પદ | : ૭૬ |
| સંપદા | : ૭૬ |



**વિષય :**
શ્રી શાંતિનાથ ભગવાનની સ્તવના વિવિધ વિશેષણોથી કરીને ક્ષુદ્રોપદ્રવાદિની શાન્તિ માટે પ્રાર્થના કરેલ છે.

## છંદનું નામ: ગાહા; રાગ = જિણજન્મસમયે મેરુસિહરે.... (સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| શાન્તિં શાન્તિ નિશાન્તં,<br>શાન્તં શાન્તા શિવં નમસ્કૃત્ય । | શાન્-તિમ્ શાન્-તિ નિ-શાન્-તમ્,<br>શાન્-તમ્ શાન્-તા- શિવમ્-નમસ્-કૃત્ય । | શાંતિના સ્થાન ભૂત એવા શાંતિનાથ ભગવાનને<br>રાગ-દ્વેષ રહિત, વળી જેનાથી ઉપદ્રવો શાંત<br>થાય છે એવા (શ્રી શાંતિનાથ) ને નમસ્કાર કરીને |
| સ્તોતુ: શાન્તિ નિમિત્તં,<br>મંત્રપદૈ: શાંતયે સ્તૌમિ ॥૧॥ | સ્તો-તુ:-શાન્-તિ-નિમિત્-તમ્,<br>મન્-ત્ર-પદૈ: શાન્-તયે સ્તૌ-મિ ॥૧॥ | સ્તુતિ કરનારની શાંતિના કારણે<br>શાંતિને માટે મંત્રોના પદોથી (શ્રી શાંતિનાથની)<br>હું સ્તુતિ કરું છું. ૧. |

**અર્થ :-** શાંતિના સ્થાન રૂપ, રાગ-દ્વેષ વિનાના, જેનાથી ઉપદ્રવો શાન્ત થયા છે એવા, શ્રી શાન્તિનાથને નમસ્કાર કરીને સ્તુતિ કરનારની શાન્તિ માટે હું મંત્રપદોથી શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ કરૂં છું. ૧.

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्

| | | |
|---|---|---|
| ઓમિતિ નિશ્ચિત-વચસે,<br>નમો નમો ભગવતેऽર્હતે પૂજામ્ । | ઓમિ-તિ નિશ્-ચિત-વચસે,<br>નમો નમો ભગ-વ-તેર્-હતે પૂજામ્ । | ૐ, એ પ્રમાણેના નિશ્ચિત વચનવાળા<br>વળી પૂજાને યોગ્ય એવા ભગવંતને<br>વારંવાર નમસ્કાર થાઓ. |
| શાન્તિ-જિનાય જયવતે,<br>યશસ્વિને સ્વામિને દમિનામ્ ॥૨॥ | શાન્-તિ-જિના-ય જય-વતે,<br>યશસ્-વિને સ્વા-મિને દમિ-નામ્ ॥૨॥ | રાગ-દ્વેષને જીતનાર એવા શ્રી શાંતિનાથને<br>યશવાળા અને મુનિઓના સ્વામી. ૨. |

**અર્થ :-** ૐ એ પ્રમાણે નિશ્ચત વચનવાળા, સમગ્ર ઐશ્વર્યવાળા પૂજાને યોગ્ય, રાગ-દ્વેષને જિતનારા, યશવાળા અને મુનિઓના સ્વામી એવા શ્રી શાંતિનાથને વારંવાર નમસ્કાર થાઓ. ૨.

| | | |
|---|---|---|
| સકલા-તિશેષક-મહા-<br>સંપત્તિ-સમન્વિતાય શસ્યાય ।<br>ત્રૈલોક્ય પૂજિતાય ચ,<br>નમો નમ: શાન્તિદેવાય ॥૩॥ | સક-લા-તિશે-ષક-મહા-<br>સમ્-પત્-તિ-સમન્-વિતાય શસ્-યાય ।<br>ત્રૈલોક્-ય-પૂ-જિતાય ચ,<br>નમો-નમ: શાન્-તિ-દેવાય ॥૩॥ | સંપૂર્ણ ચોત્રીશ અતિશયરુપ, મોટી<br>સંપત્તિએ સહિત પ્રશંસવા યોગ્ય,<br>વળી ત્રણલોકના જીવોથી પૂજિત એવા-<br>શ્રી શાંતિનાથદેવને વારંવાર નમસ્કાર થાઓ. ૩. |


**અર્થ :-** સમસ્ત (ચોત્રીશ) અતિશય રૂપ મહાસંપત્તિથી યુક્ત, પ્રશંસા કરવા યોગ્ય અને ત્રણે લોકના જીવો વડે પૂજાયેલા એવા શ્રી શાંતિનાથ ભગવાનને વારંવાર નમસ્કાર થાઓ. ૩.

| | | |
|---|---|---|
| સર્વામર સુસમૂહ-<br>સ્વામિક સંપૂજિતાય ન(નિ)જિતાય । | સર્-વા-મર-સુ-સમૂ-હ-<br>સ્વા-મિક-સમ્-પૂજિતાય ન-જિતાય । | સર્વ દેવતાઓના સુંદર સમૂહ સહિત<br>તેમના સ્વામી ચોસઠ ઇંદ્રોથી પૂજાયેલા<br>વળી દેવતાઓથી પણ ન જિતાયેલા, |
| ભુવન-જન-પાલનોદ્યત- | ભુવન-જન-પાલ-નો-દ્ય (દ્ય)-ત- | તથા ત્રણ ભુવનના માણસોનું પાલન<br>કરવામાં ઘણા સાવધાન |
| તમાય સતતં નમસ્તસ્મૈ ॥૪॥ | તમા-ય સત-તમ્ નમસ્-તસ્-મૈ ॥૪॥ | એવા શ્રી શાંતિનાથને હંમેશાં નમસ્કાર થાઓ ૪. |

**અર્થ :-** સર્વ દેવતાઓના સુંદર સમુદાયના સ્વામીઓ (ચોસઠ ઈન્દ્રો)થી સારી રીતે પૂજાયેલ, દેવતાઓથી પણ ન જિતાયેલ, ત્રણ ભુવનના જીવોનું પાલન કરવામાં અત્યંત સાવધાન એવા શ્રી શાંતિનાથ ભગવાનને હંમેશાં (નિરંતર) નમસ્કાર થાઓ. ૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| સર્વ-દુરિતૌ-ઘ-નાશન-કરાય, | સર્-વ-દુરિ-તૌ-ઘ-નાશ-ન-કરા-ય, | સર્વ પાપના સમૂહનો નાશ કરનારા, |
| સર્વાશિવ-પ્રશમનાય । | સર્-વા-શિવ-પ્રશમ-નાય । | સર્વ ઉપદ્રવોને પ્રકૃષ્ટપણે શાંત કરનાર. |
| દુષ્ટ-ગ્રહ-ભૂત-પિશાચ- | દુષ્-ટ ગ્રહ-ભૂત-પિશા-ચ- | ખરાબ ગ્રહ-ભૂત અને પિશાચ |
| શાકિનીનાં પ્રમથનાય ॥૫॥ | શાકિ-ની-નામ્ પ્રમ-થ-નાય ॥૫॥ | તથા ઉપદ્રવોનો નાશ કરનારા એવા. ૫. |

**અર્થ :-** સર્વપાપના સમૂહનો નાશ કરનાર, સર્વ ઉપદ્રવોને પ્રકૃષ્ટપણે શાંત કરનાર, ખરાબ (દુષ્ટ) ગ્રહ, ભૂત, પિશાચ અને શાકિનીઓના (ઉપદ્રવોનો) નાશ કરનાર (એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.) ૫.

| | | |
|---|---|---|
| યસ્યેતિ નામ-મંત્ર, | યસ્-યેતિ નામ-મન્-ત્ર, | જે શાંતિનાથનો પૂર્વે કહેલ નામ રૂપી મંત્રથી- |
| પ્રધાન-વાક્યો-પયોગ-કૃત-તોષા । | પ્ર-ધાન-વાક્-યો-પ-યોગ-કૃત-તોષા । | પ્રધાન વાક્યના ઉપયોગથી સંતુષ્ટ થયેલી |
| વિજયા કુરુતે જનહિત, | વિજ-યા-કુરુ-તે-જન-હિત, | (સ્તુતિ કરાયેલી) વિજયાદેવી લોકોનું હિત કરે છે, |
| મિતિ ચ નુતા નમત તં શાન્તિમ્ ॥૬॥ | મિતિ ચ નુતા નમ-ત તમ્-શાન્-તિમ્ ॥૬॥ | તેથી તે શાંતિનાથને તમે નમસ્કાર કરો. ૬. |

**અર્થ :-** જે શ્રી શાન્તિનાથ પ્રભુના પૂર્વે કહેલા નામરૂપ મંત્રથી સર્વોત્તમવચનના ઉપયોગથી કરાયી છે સંતોષ જેણીને એવી, તેમજ (આગળ કહેવામાં આવશે તે પ્રકારે) સ્તુતિ કરાયેલી વિજયાદેવી લોકોનું કલ્યાણ (હિત) કરે છે, તે શ્રી શાન્તિનાથ પ્રભુને તમે નમસ્કાર કરો. ૬.

જૈન साईट JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| ભવતુ નમસ્તે ભગવતિ !, | ભવ-તુ-નમસ્-તે ભગ-વતિ !, | હે ભગવતી! તમોને નમસ્કાર થાઓ. |
| વિજયે સુજયે પરાપરૈરજિતે! । | વિજયે ! સુજયે ! પરા-પરૈ-રજિતે । | સારા જયવાળી અને બીજા દેવોથી નહિ |
| | | જિતાયેલી એવી હે વિજયાદેવી ! |
| અપરાજિતે ! જગત્યાં, | અ-પરા-જિતે ! જગત્-યામ્ , | પૃથ્વીને વિષે કોઈ પણ જગ્યાએ પરાજય નહિ પામેલી |
| જયતીતિ જયાવહે! ભવતિ ॥૭॥ | જય-તી-તિ જયા-વહે ! ભવ-તિ ॥૭॥ | 'આપ જય પામો છો!' એમ સ્તુતિ કરવાથી સ્તુતિ |
| | | કરનારને જય આપનારી એવી હે વિજયા દેવી. ૭. |

**અર્થ :-** હે ભગવતી, વિજયાદેવી, સારા જય વાળી (સુજયાદેવી) બીજા દેવોથી નહિ જીતાયેલ (અજિતા-દેવી) અને જગતમાં પરાભવ નહિ પામેલ (અપરાજિતા-દેવી) આપ જયવંતા વર્તો છો, એમ (સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારને) જય આપનારી (હે દેવી !) આપને નમસ્કાર થાઓ. ૭.

| | | |
|---|---|---|
| સર્વસ્યાપિ ચ સંઘસ્ય, | સર્-વ-સ્યા-પિ ચ સઙ્-ઘ-સ્ય, | (ચતુર્વિધ) સર્વસંઘને પણ |
| ભદ્ર કલ્યાણ મંગલ પ્રદદે । | ભદ્-ર-કલ્-યાણ-મઙ્-ગલ-પ્રદ-દે । | સુખ, ઉપદ્રવરહિતપણું અને મંગળને દેનારી, |
| સાધૂનાં ચ સદાશિવ- | સાધૂ-નામ્ ચ સદા-શિવ, | વળી સાધુઓને સદા નિરૂપદ્રવપણું તથા |
| સુતુષ્ટિ પુષ્ટિ-પ્રદે જીયાઃ ॥૮॥ | સુ-તુષ્-ટિ-પુષ્-ટિ -પ્રદે જીયાઃ ॥૮॥ | ચિત્તની શાંતિ અને ધર્મની વૃદ્ધિ કરનારી |
| | | એવી હે દેવી! તમે જયવંતી હો. ૮. |

**અર્થ :-** (ચતુર્વિધ) સર્વસંઘને સુખ, ઉપદ્રવરહિતપણું અને મંગળ દેનાર વળી સાધુ ભગવંતોને હંમેશાં નિરૂપદ્રવપણું, ચિત્તની શાંતિ અને ધર્મની વૃદ્ધિ કરનારી એવી (હે દેવી !) તમે જયવંતી હો. ૮.

| | | |
|---|---|---|
| ભવ્યાનાં કૃતસિદ્ધે !, | ભવ્-યા-નામ્ કૃત-સિદ્-ધે, | ભવ્ય પ્રાણીઓને સિદ્ધિ દેનારી |
| નિર્વૃત્તિ-નિર્વાણ-જનનિ ! સત્ત્વાનામ્ । | નિર્-વૃત્-તિ-નિર્-વાણ જન-નિ! - | ચિત્તની સમાધિ અને મોક્ષને ઉત્પન્ન |
| | સત્-ત્વા-નામ્ । | કરનારી તથા પ્રાણીઓને |
| અભય-પ્રદાન નિરતે !, | અભ-ય-પ્રદા-ન-નિ-રતે !, | નિર્ભયપણું આપવામાં તત્પર |
| નમોઽસ્તુ સ્વસ્તિ પદે ! તુભ્યમ્ ॥૯॥ | નમો-સ્તુ સ્વ-સ્તિ-પ્રદે તુભ્-યમ્ ॥૯॥ | તથા કલ્યાણને આપનારી હે દેવી! |
| | | તમને, નમસ્કાર હો. ૯. |

**અર્થ :-** ભવ્ય પ્રાણીઓને સિદ્ધિ દેનારી, ચિત્તની સમાધિ અને મોક્ષને ઉત્પન્ન કરનારી, નિર્ભય-પણું આપવામાં તત્પર (તેમજ) કલ્યાણને આપનારી, (હે દેવી ! ) તમોને નમસ્કાર થાઓ. ૯.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ભક્તાનાં જન્તૂનાં, | ભક્-તા-નામ્ જન્-તૂ-નામ્, | ભક્ત જીવોનું |
| શુભાવહે ! નિત્યમુદ્યતે ! દેવિ । | શુભા-વહે ! નિત્-ય-મુધ(દ્ય)-તે દેવિ । | કલ્યાણ કરવામાં હંમેશાં તત્પર હે દેવી ! |
| સમ્યગ્દષ્ટિનાં ધૃતિ-રતિ- | સમ્-યગ્-દષ્-ટિ-નામ્ ધૃતિ-રતિ- | સમ્યગ્દષ્ટિ જીવોને ધૈર્ય તથા પ્રીતિ, |
| મતિ-બુદ્ધિ-પ્રદાનાય ॥૧૦॥ | મતિ બુદ્-ધિ-પ્રદા-નાય ॥૧૦॥ | મતિ અને બુદ્ધિ આપવાને (સદા તત્પર છો) . ૧૦. |

**અર્થ :-** હે દેવી ! તમે ભક્ત જીવોનું કલ્યાણ કરનારાં, તેમજ સમ્યગ્દૃષ્ટિ જીવોને ધીરતા, પ્રીતિ, મતિ અને બુદ્ધિ આપવા માટે હંમેશાં તત્પર છો ૧૦.

| | | |
|---|---|---|
| જિનશાસન-નિરતાનાં, | જિન-શા-સન-નિર-તા-નામ્, | જિનશાસનમાં પ્રેમવાળા તથા |
| શાન્તિ-નતાનાં ચ જગતિ | શાન્-તિ નતા-નામ્-ચ જ-ગ-તિ- | શ્રી શાંતિનાથને નમસ્કાર કરનાર |
| જનતાનામ્ । | જન-તા-નામ્ । | જગતના જનસમુદાયોને |
| શ્રીસંપત્-કીર્તિ-યશો-વર્દ્ધનિ !, | શ્રી-સમ્-પત્-કીર્-તિ-યશો-વર્ દ્-ધનિ ! | લક્ષ્મી, સંપત્તિ, કીર્તિ અને યશને |
| | | વધારનાર |
| જયદેવિ! વિજયસ્વ ॥૧૧॥ | જયદેવિ ! વિજ-ય-સ્વ ॥ ૧૧॥ | હે જયાદેવી ! તમે વિજય પામો. ૧૧. |

**અર્થ :-** જિનશાસન ઉપર પ્રેમવાળા, તથા શ્રી શાન્તિનાથ ભગવાનને નમસ્કાર કરનારા જગતના જન-સમુદાયને લક્ષ્મી, સંપત્તિ, કીર્તિ (= એક દેશવ્યાપી ખ્યાતિ અથવા દાન-પુણ્યથી પ્રાપ્ત થાય તે) અને યશ (= સર્વ દિશા વ્યાપી ખ્યાતિ અથવા પરાક્રમથી પ્રાપ્ત થાય તે) ને વધારનાર હે જયાદેવી! તમે વિજય પામો. ૧૧.

| | | |
|---|---|---|
| સલિલા-નલ-વિષ-વિષધર, | સલિ-લા-નલ-વિષ-વિષ-ધર, | જળ, અગ્નિ, ઝેર અને સાપ |
| દુષ્ટગ્રહ-રાજ-રોગ-રણ-ભયતઃ । | દુષ્-ટ-ગ્રહ-રાજ-રોગ-રણ-ભય-તઃ । | નઠારો-ગ્રહ, દુષ્ટ રાજા, રોગ અને |
| | | લડાઈના ભયથી, |
| રાક્ષસ-રિપુ-ગણ-મારિ- | રાક્ષ-સ-રિપુ-ગણ-મારિ, | (વળી) રાક્ષસ, શત્રુઓના સમૂહ અને મરકી |
| ચૌરેતિ-શ્વાપદાદિભ્યઃ ॥૧૨॥ | ચૌ-રેતિ-શ્વા-પદા-દિ-ભ્યઃ ॥૧૨॥ | વળી ચોર, સાત ઈતિઓ તથા શિકારી |
| | | પ્રાણીના ભયથી. ૧૨. |

જૈન સાઈટ
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

**અર્થ :-** જળ, અગ્નિ, ઝેર, સર્પ (સાપ), નઠારા (દુષ્ટા) ગ્રહો, દુષ્ટ (ઉપદ્રવી) રાજા, રોગ, યુદ્ધના ભયથી, રાક્ષસ શત્રુઓનો સમુદાય, મરકી, ચોર, (સાત) ઈતિઓ (=(૧) અતિવૃષ્ટિ, (૨) અનાવૃષ્ટિ, (૩) ઉંદર, (૪) તીડ, (૫) પોપટ, (૬) સ્વચક્રભય (=પોતાના સૈન્યનો ભય) અને (૭) પર ચક્રભય (= બીજા રાજાના સૈન્યનો ભય)) તથા શિકારી પ્રાણી વિગેરેના ભયથી. ૧૨.

| | | |
|---|---|---|
| અથ રક્ષ રક્ષ સુશિવં, | અથ રક્ષ રક્ષ સુ-શિવમ્ , | (એ બધાથી) હવે રક્ષણ કરો, રક્ષણ કરો |
| | | વળી અતિશયનિરુ-પદ્રવ પણું વારંવાર કરો, |
| કુરુ કુરુ શાન્તિં ચ- | કુરુ કુરુ શાન્-તિમ્-ચ | શાંતિ કરો-કરો, એ પ્રમાણે |
| કુરુ કુરુ સદેતિ । | કુરુ કુરુ સદે-તિ । | હંમેશા કરો-કરો, |
| તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, | તુષ્-ટિમ્-કુરુ કુરુ પુષ્-ટિમ્ , | સંતોષ કરો અને પુષ્ટિ વારંવાર કરો, |
| કુરુ કુરુ સ્વસ્તિં ચ- | કુરુ કુરુ સ્વસ્-તિમ્ ચ- | વળી હે દેવી ! તમે વારંવાર |
| કુરુ કુરુ ત્વમ્ ॥૧૩॥ | કુરુ કુરુ ત્વમ્ ॥૧૩॥ | કલ્યાણ કરો. ૧૩. |

**અર્થ :-** હવે (એ બધાથી) મારૂં રક્ષણ કરો-રક્ષણ કરો, અતિશય નિરૂપદ્રવપણું કરો-કરો, શાંતિ કરો-કરો, સંતોષ કરો-કરો, પુષ્ટિ વારંવાર કરો-કરો અને કલ્યાણ કરો-કરો, એ પ્રમાણે હંમેશાં કરો-કરો. ૧૩.

| | | |
|---|---|---|
| ભગવતિ ! ગુણવતિ ! શિવ-શાન્તિ- | ભગ-વતિ ! ગુણ-વતિ ! શિવ-શાન્-તિ- | હે ગુણવાળી ભગવતી ! કલ્યાણ-શાંતિ |
| તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ કુરુ- | તુષ્-ટિ પુષ્-ટિ સ્વસ્-તીહ કુરુ- | (તું આ જગતમાં) લોકોને તુષ્ટિ-પુષ્ટિને |
| કુરુ જનાનામ્ । | કુરુ જના-નામ્ । | કુશળને વારંવાર કર. |
| ઓમિતિ નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ | ઓ-મિતિ નમો નમો હ્રામ્ હ્રીમ્ હ્રૂમ્ | ૐ રૂપ જયોતિ સ્વરૂપિણી હે દેવી ! હ્રાઁ હ્રીઁ |
| યઃ ક્ષઃ હ્રીઁ ફુટ્ ફુટ્ | હ્રઃ- યઃક્ષઃહ્રીમ્ | વગેરે મંત્રાક્ષરો પૂર્વક તમને વારંવાર |
| (ફટ્ ફટ્) સ્વાહા ॥૧૪॥ | ફુટ્-ફુટ્-(ફટ્-ફટ્)-સ્વાહા ॥૧૪॥ | નમસ્કાર થાઓ .૧૪ . |

**અર્થ :-** હે ગુણવતી ! હે ભગવતી ! તમે અહીં લોકોનો નિરુપદ્રવતા, શાન્તિ, તુષ્ટિ અને કલ્યાણને કરો-કરો. ૐ રૂપ જયોતિ સ્વરૂપિણી દેવી ! (= હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ = આ સાત મંત્રાક્ષરો શાન્તિમંત્રના બીજરૂપ છે અને 'ફટ્ ફટ્ સ્વાહા' આ ત્રણ મંત્રાક્ષરો વિઘ્નનાશ કરનાર મંત્રબીજ છે) પૂર્વક તમને વારંવાર નમસ્કાર થાઓ. ૧૪.



www.jainsite.com
For Private & Personal Use Only
info@jainsite.com

| | | |
|---|---|---|
| એવં યન્નામાક્ષર-<br>પુરસ્સરં સંસ્તુતા જયાદેવી ।<br>કુરુતે શાન્તિં નમતાં,<br><br>નમો નમઃ શાન્તયે તસ્મૈ ॥૧૫॥ | એવમ્-યન્-ના-માક્ષર,<br>પુરસ્-સરમ્ સન્-સ્તુ-તા જયા-દેવી ।<br>કુરુ-તે શાન્-તિમ્ નમ-તામ્ ,<br><br>નમો નમઃ શાન્-તયે તસ્-મૈ ॥૧૫॥ | એવી રીતે જેમના નામાક્ષર મંત્ર પૂર્વક<br>સ્તુતિ કરાયેલી જયદેવી<br>શ્રી શાંતિનાથને નમસ્કાર કરનાર<br>જીવોને શાંતિ કરે છે.<br>તે શ્રી શાંતિનાથ પ્રભુને વારંવાર<br>નમસ્કાર થાઓ. ૧૫. |

**અર્થ :-** આ પ્રમાણે જેમના નામાક્ષર-મંત્રથી સ્તુતિ કરાયેલ જયાદેવી (શ્રી શાન્તિનાથ પ્રભુને) નમસ્કાર કરતાં (જીવો)ને શાન્તિ કરે છે, તે શ્રી શાંતિનાથ ભગવાનને વારંવાર નમસ્કાર થાઓ. ૧૫.

| | | |
|---|---|---|
| ઇતિ પૂર્વસૂરિ-દર્શિત-<br>મંત્રપદ-વિદર્ભિતઃ<br>સ્તવઃ શાંતેઃ ।<br>સલિલાદિ-ભય-વિનાશી,<br>શાન્ત્યાદિ-કરશ્ચ-ભક્તિ-મતામ્ ॥૧૬॥ | ઇતિ-પૂર્-વ સૂરિ-દર્-શિત-<br>મન્-ત્ર-પદ-વિદર્-ભિ-તઃ<br>સ્ત-વ શાન્-તેઃ ।<br>સલિ-લાદિ-ભય-વિ-નાશી,<br>શાન્-ત્યા-દિ કરશ્-ચ-<br>ભક્-તિ-મતામ્ ॥૧૬॥ | એ પ્રમાણે પૂર્વાચાર્યોએ બતાવેલ<br>મંત્રોના પદથી ગર્ભિત એવું શ્રી<br>શાન્તિનાથ -પ્રભુનું સ્તવ<br>પાણી વગેરેના ભયનું નાશ કરનાર<br>તથા ભક્તિ કરનાર મનુષ્યોને શાંતિ<br>વગેરેના સુખને આપનારું છે. ૧૬. |

**અર્થ :-** આ પ્રમાણે પૂર્વાચાર્યોએ બતાવેલ મંત્રોના પદથી ગર્ભિત એવું શ્રી શાન્તિનાથ પ્રભુનું સ્તવન, પાણી વગેરેના ભયને નાશ કરનાર તથા ભક્તિ કરનાર (મનુષ્યો)ને શાંતિ વગેરેના સુખને આપનાર છે. ૧૬.

| | | |
|---|---|---|
| યશ્ચૈનં પઠતિ સદા,<br><br>શ્રૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્ ।<br>સ હિ શાન્તિ-પદં યાયાત્,<br>સૂરિઃ શ્રી માન-દેવશ્ચ ॥૧૭॥ | યશ્-ચૈનમ્- પઠ-તિ સદા,<br><br>શૃ-ણો-તિ ભાવ-યતિ વા યથા-યોગમ્ ।<br>સ હિ શાન્-તિ-પદમ્ યા-યાત્,<br>સૂ-રિઃ-શ્રી-માન-દેવશ્-ચ ॥૧૭॥ | વળી જે માણસ હમેંશા (વિધિપૂર્વક) આ<br>સ્તવનને ભણે છે,<br>વિધિ પૂર્વક સાંભળે છે અથવા મનન કરે છે,<br>તે અવશ્ય શાંતિના સ્થાન ને પામે છે,<br>(તથા આ સ્તોત્રના રચના એવા) શ્રી<br>શ્રી માનદેવસૂરિજી પણ શાંતિપદ ને પામે. ૧૭. |

જૈન સાઈટ
JAINSITE.com

**અર્થ :-** વળી જે (માણસ) આ સ્તવનને વિધિ પૂર્વક ભણે છે, સાંભળે છે અથવા મનન કરે છે તે, તેમજ શ્રી માનદેવ સૂરિ (પણ) અવશ્ય શાન્તિ પદ ને પામે. ૧૭.

જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ,<br>છિદ્યન્તે વિઘ્ન-વલ્લયઃ।<br>મનઃ પ્રસન્નતામેતિ,<br>પૂજ્યમાને જિનેશ્વરે ॥૧૮॥ | ઉપ-સર્-ગાઃ ક્ષ-યમ્ યાન્-તિ,<br>છિદ્-યન્-તે વિઘ્-ન-વલ્-લ-યઃ ।<br>મનઃ-પ્રસન્-ન-તામેતિ,<br>પૂજ્-ય-માને-જિનેશ્-વરે ॥૧૮॥ | બધા ઉપસર્ગો નાશ પામે છે,<br>વિઘ્નરૂપી વેલડીઓ છેદાય છે,<br>મન પ્રસન્નતા ને પામે છે,<br>શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરવાથી. ૧૮. |

**અર્થ :** શ્રી જિનેશ્વર પ્રભુનું પૂજન કરવાથી ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્ન રૂપી વેલડીઓ છેદાય છે, (અને) મન પ્રસન્નતાને પામે છે. ૧૮.

| | | |
|---|---|---|
| સર્વ મંગલ-માંગલ્યં,<br>સર્વ કલ્યાણ-કારણમ્ ।<br>પ્રધાનં સર્વ-ધર્માણાં,<br>જૈનં જયતિ શાસનમ્ ॥૧૯॥ | સર્-વ મઙ્-ગલ માઙ્-ગ-લ્યમ્,<br>સર્-વ કલ્-યાણ કાર-ણમ્ ।<br>પ્રધા-નમ્ સર્-વ ધર્-મા-ણામ્,<br>જૈનમ્ જયતિ શાસ-નમ્ ॥૧૯॥ | સર્વ મંગલોમાં પરમમંગલ<br>સર્વ કલ્યાણનું કારણ<br>સર્વ ધર્મોમાં પ્રધાન (એવું)<br>શ્રી જૈનશાસન જયવંતું વર્તે છે. ૧૯. |

**અર્થ :-** સર્વ માંગલિકોમાં માંગલિક, સર્વ કલ્યાણોનું કારણ, સર્વ ધર્મોમાં પ્રધાન એવું શ્રી જૈનશાસન જયવતું વર્તે છે. ૧૯.

બૃહદ્ગચ્છના પ્રસિદ્ધ પ્રભાવક અનંત કરૂણાસાગર પૂજ્યપાદ્ માનદેવ સૂરિજી નાડુલનગર મધ્યે ચાતુર્માસ રહ્યા હતા, તે વખતે શાકંભરી નગરમાં શાકિનીએ મરકીથી શ્રી સંઘ પીડા પામવા લાગ્યો. તેથી તે શ્રી સંઘની વિનંતિથી પદ્મા, જયા, વિજયા, અજિતા અને અપરાજિતા-એ ચાર દેવીઓનું નિત્ય સાનિધ્ય પ્રાપ્ત કરનાર પૂજ્યપાદ માનદેવ સૂરિજીએ આ લઘુશાંતિ સ્તવની રચના કરેલ અને તેના જ પ્રભાવે શ્રી સંઘ મરકીના ઉપદ્રવથી શાંત થયો. આ સ્તવ ભણવાથી, સાંભળવાથી અને તેનાથી મંત્રેલું જલ છાંટવાથી સર્વ ઉપદ્રવો નાશ પામવા લાગ્યા. તેથી આ સ્તવ ગણવા લાગ્યો.

આ સ્તવ માંગલિક સ્વરૂપે સર્વત્ર બોલાવા લાગ્યા. પ્રાયઃ ૫૦૦ વર્ષ પહેલાં એક યતિ પાસે ઉદયપુરમાં વારંવાર શ્રાવકો આવી આ સ્તવ સંભળાવવા વિનંતિ કરતા. ત્યારે તે યતિએ 'દેવસિઅ પ્રતિક્રમણ'માં 'દુક્ખક્ખય કમ્મક્ખય'ના કાઉસ્સગ્ગ પછી આ સ્તવ સંભળાવવા નો (કહેવાનો) ઠરાવ કર્યો, તે દિવસથી તે રિવાજ પ્રચલિત થયો, તેમ વૃદ્ધવાદ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| મન્ત્ર પદે | મન્ત્ર પદૈ: |
| ભગવતેડહતે | ભગવતેડર્હતે |
| નમો નમો શાન્તિદેવાય | નમો નમ: શાન્તિદેવાય |
| પાલનોદ્યત | પાલનોદ્યત |
| પ્રથમનાય | પ્રમથનાય |
| પધાન-વાક્યો પ્રયોગ | પ્રધાન-વાક્યોપયોગ |
| વિજિયા કુરુતે | વિજયા કુરુતે |
| નિવૃતિ નિર્વાણ જનનિ! | નિર્વૃતિ નિર્વાણ જનનિ! |
| નિત્યમુધ્યતે દેવિ! | નિત્યમુદ્યતે દેવિ ! |
| સમ્યગ્દ્રષ્ટીનાં | સમ્યગ્દૃષ્ટીનાં |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| કુરુ કુરુ સદેતિં | કુરુ કુરુ સદેતિ |
| તૃષ્ટિ પુષ્ટિ સ્વસ્તી | તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ |
| ય ક્ષ: | ય: ક્ષ: |
| કુરુતે શાન્તિ | કુરુતે શાન્તિં |
| નમો નમો શાન્તયે તસ્મૈ | નમો નમ: શાન્તયે તસ્મૈ |
| વિદર્ભિત સ્તવ શાન્તે | વિદર્ભિત: સ્તવ: શાન્તે: |
| યશ્ચેનં પઠતિ સદા | યશ્ચૈનં પઠતિ સદા |
| શાન્તિં પદં યાયાત | શાન્તિપદં યાયાત્ |
| સૂરિ શ્રીમાનદેવશ્ચ | સૂરિ: શ્રીમાનદેવશ્ચ |
| ઉપ્સર્ગા | ઉપસર્ગા: |
| છિધ્યન્તે | છિદ્યન્તે |



પ્રતિક્રમણના અંતે સામાયિક પારતાં પહેલા સાંભળવાની મુદ્રા



અપવાદિક મુદ્રા

# ૪૭ 'શ્રી ચઉક્કસાય સૂત્ર'

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી ચઉક્કસાય સૂત્ર |
| ગૌણ નામ | : | શ્રી પાર્શ્વજિન સ્તુતિ |
| ગાથા | : | ૨ |
| પદ | : | ૮ |
| સંપદા | : | ૮ |

**વિષય :**
સુંદર અલંકાર યુક્ત ભાષામાં મંત્રગર્ભિત શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરેલ છે.

જૈન સાઈટ JAINSITE.com

### છંદનું નામ: પાદાકુલક
### રાગ:- "શંખેશ્વરના પાર્શ્વ પ્રભુ, તારું નામ જગતમાં અમર છે...." (ભક્તિગીત)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ચઉક્કસાય-પડિ-મલ્લુલ્લૂ-રણુ,<br>દુજ્જય-મયણ-બાણ-મુસુ-મૂરણુ। | ચઉક્-કસા-ય-પડિ-મલ્-લુલ્-લૂરણુ,<br>દુજ્-જય-મય-ણ-બાણ-મુસુ-મૂર-ણુ। | ચાર કષાયરૂપ શુત્રના નાશ કરનાર,<br>દુ:ખે જીતાય એવા કામદેવના બાણને ભાંગનાર, |
| સરસ-પિયંગુ-વણ્ણુ-ગય-ગામિઉ, | સરસ-પિ-યઙ્-ગુ-વન્-નુ ગય-ગામિઉ, | રસવાળી રાયણના જેવા વર્ણવાળા તથા હાથીના જેવી ગતિવાળા, |
| જયઉ પાસુ ભુવણત્તય સામિઉ ॥૧॥ | જયઉ પાસુ ભુવણત્-તય-સામિ-ઉ ॥૧॥ | ત્રણ ભુવનના સ્વામી એવા શ્રી પાર્શ્વનાથ ભગવંત- જયવંતા વર્તો. ૧. |

**અર્થ :-** ચાર કષાયરૂપ શુત્રનો નાશ કરનાર, દુ:ખે જીતાય એવા કામદેવના બાણોને ભાંગનાર, રસવાળી (નીલી) રાયણના જેવા (શરીરના) વર્ણવાળા અને હાથીની જેવી ગતિ વાળા, ત્રણ ભુવનના સ્વામી એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન જયવંતા વર્તો. ૧.

### છંદનું નામ: અડિલ્લ; રાગ : શંખેશ્વરના પાર્શ્વપ્રભુ, તારું નામજગતમાં અમર છે...'

| | | |
|---|---|---|
| જસુ-તણુ-કંતિ-કડપ્પ-સિણિદ્ધઉ,<br>સોહઇ-ફણિ-મણિ-કિરણા-લિદ્ધઉ। | જસુ તણુ કન્-તિ કડપ્-પ સિણિદ્-ધઉ,<br>સોહ-ઇ ફણિ-મણિ-<br>કિર-ણા-લિદ્-ધઉ। | જેના શરીરમાં કાંતિનો સમૂહ સ્નિગ્ધ છે<br>સાપની ફેણ ઉપર રહેલા મણિરત્નના<br>કિરણો વડે વ્યાપ્ત છે, |
| નં નવ-જલહર-તડિલ્લય લંછિઉ , | નમ્-નવ જલ હર-<br>તડિલ્-લય લઞ્(લન્)-છિઉ, | વીજળીની લતાના ચમકારાએ કરીને<br>સહિત નવા મેઘની જેમ શોભે છે, |
| સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ ॥૨॥ | સો જિણુ પાસુ પ-યચ્-છઉ-<br>વઞ્(વન્)-છિઉ ॥૨॥ | તે પાર્શ્વજિનેશ્વર (મારા) વાંછિતપૂર્ણ<br>કરો.૨. |

**અર્થ :-** જેના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધ છે, (જે) સર્પની ફેણ ઉપર રહેલ મણિરત્નનાં કિરણોવડે વ્યાપ્ત છે, વળી (જે) વિજળીની લતાના ચમકારાથી યુક્ત નવા મેઘની જેમ શોભે છે, તે શ્રી પાર્શ્વજિનેશ્વર (મારા) વાંછિતોને પૂર્ણ કરો. ૨.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ચઉક્સાય | ચઉક્કસાય |
| ભુવણતય | ભુવણત્તય |
| પયચ્છિઉ | પયચ્છઉ |

● પ્રાકૃત ભાષામાંથી રૂપાંતર થયેલ અપભ્રંશ ભાષામાં શ્રી પાર્શ્વજિનનું ભાવવાહી ચૈત્યવંદન છે.

● ચતુર્વિધ શ્રી સંઘ 'સંથારા પોરિસી' ભણાવતો હોય ત્યારે વડીલ આ સૂત્ર બોલે તે સિવાય 'સામાયિક પારતી વખતે લોગસ્સ સૂત્ર પછી ખમાસમણ આપ્યા વગર આ સૂત્ર ચૈત્યવંદન સ્વરુપે બોલાય છે. શ્રાવકોએ ખેસનો ઉપયોગ આ પૂર્ણ ચૈત્યવંદન (જય વીયરાય સૂત્ર પૂર્ણ સુધી) થાય ત્યાં સુધી કરવો જોઈએ.'

## રાઈઅ-પ્રતિક્રમણમાં ઉપયોગી આદેશ

| | | |
|---|---|---|
| ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! | ઈચ્-છા-કારેણ-સન્-દિસહ-ભગ-વન્ ! | ઈચ્છાપૂર્વક આજ્ઞાઆપો હે ભગવન્ ! |
| કુસુમિણ-દુસુમિણ ઉડ્ડાવણી- | કુસુ-મિણ-દુસુ-મિણ-ઉડ્-ડા-વણી- | કુસ્વપ્ન-દુ:સ્વપ્ન સંબંધી પાપ દૂર કરવા |
| રાઈઅ-પાયચ્છિત્ત- | રા-ઈઅ-પા-યચ્-છિત્-ત | રાત્રી દરમ્યાન થયેલ અતિચારના |
| વિસોહણત્થં | -વિસો-હણત્-થમ્ | પ્રાયશ્ચિત ની વિશિષ્ટ શુદ્ધિ કરવા માટે |
| કાઉસ્સગ્ગં કરું ? | કા-ઉસ્-સગ્-ગમ્ ક-રું ? | કાયોત્સર્ગ કરું ? |
| ઇચ્છં, | ઈચ્-છમ્, | (ગુરુ કહે-કરેહ (તમે કરો) ત્યારે શિષ્ય કહે=) આપની આજ્ઞા પ્રમાણ છે. |
| કુસુમિણ-દુસુમિણ-ઉડ્ડાવણી- | કુસુ-મિણ-દુસુ-મિણ-ઉડ્-ડાવણી- | કુસ્વપ્ન-દુસ્વપ્નથી ઉત્પન્ન થયેલ પાપને દૂર કરવા |
| રાઈઅ-પાયચ્છિત્ત- | રા-ઈઅ-પા-યચ્-છિત્-ત | રાત્રી સંબંધી થયેલ અતિચારના |
| વિસોહણત્થં | -વિસો-હણત્-થમ્ | પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિ માટે |
| કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ.... | કરે-મિ કા-ઉસ-સગ્-ગમ્, અન્-નત-થ... | કાયોત્સર્ગ કરૂં છું. |

**અર્થ :-** હે ભગવંત ! આપ મને ઈચ્છા પૂર્વક આજ્ઞા આપો કે હું કુસ્વપ્ન (કામભોગાદિની અભિલાષા સંબંધી) અને દુ:સ્વપ્ન (ભૂત-પિશાચ)થી ઉત્પન્ન થયેલાં પાપ દૂર કરવા માટે રાત્રિ સંબંધી લાગેલ અતિચાર ના પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગ કરું ? (ગુરુ ભગવંત કહે-કરેહ (= તમે કરો) ત્યારે શિષ્ય કહે=) આપની આજ્ઞા પ્રમાણ છે. હું કુસ્વપ્ન અને દુ:સ્વપ્ન થી ઉત્પન્ન થયેલા પાપ દૂર કરવા માટે રાત્રિ સંબંધી લાગેલ અતિચારના પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગ કરૂં છું.

★ રાત્રિમાં કામભોગ-સ્વપ્નદોષ આદિ ચતુર્થવ્રત સંબંધી કુસ્વપ્ન આવેલ હોય અને ખ્યાલ હોય તો ઉપરોક્ત આદેશ માંગીને ચારવાર લોગસ્સસૂત્ર 'સાગરવર-ગંભીરા' સુધી નો કાયોત્સર્ગ કરવો. રાત્રિમાં ચતુર્થવ્રત સિવાય ભૂત-પિશાચ-સૌમ્ય-કુરૂપ(સ્વપ્ન રહિત) આદિ સંબંધી દુ:સ્વપ્ન કે સુસ્વપ્ન હોય તો ઉપરોક્ત આદેશ માગી ચારવાર લોગસ્સ સૂત્ર 'ચંદેસુ નિમ્મલયરા સુધી'નો કાયોત્સર્ગ કરવો. શ્રી લોગસ્સ સૂત્ર ન આવડે તો જ ૧૬ વાર શ્રી નવકાર મંત્રનો કાયોત્સર્ગ ઉભય (કુસ્વપ્ન-દુ:સ્વપ્ન)માં કરવો.

★ રાઈઅ પ્રતિક્રમણ કરતાં પહેલાં દહેરાસર ન જવાય અને ગુરુવંદન પણ ન કરાય. પ્રતિક્રમણ પૂર્વે એક-બે-ચાર સામાયિકની ભાવનાવાળાએ ઉપરોક્ત કાયોત્સર્ગ કર્યા પછી જ કોઈપણ આરાધના કરવી. પ્રતિક્રમણ (રાઈઅ) પહેલાં દેવવંદન-ચૈત્યવંદન પણ ન કરાય.


## દેવસિઅ પ્રતિક્રમણમાં ઉપયોગી આદેશો

| | | |
|---|---|---|
| ૧. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! | ઈચ-છા-કારેણ-સન-દિસહ-ભગ-વન્ ! | ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો હે ભગવંત |
| દેવસિઅ-પાયચ્છિત્ત- | દેવ-સિઅ-પા-યચ્-છિત્-ત- | દિવસ સંબંધી અતિચારના |
| વિસોહણત્થં- | વિસો-હ-ણત્-થમ્ | પ્રાયશ્ચિત્તની વિશેષ શુદ્ધિ માટે |
| કાઉસ્સગ્ગં કરું ? | કા-ઉસ્-સગ્-ગમ્-કરુમ્ ? | કાયોત્સર્ગ કરૂં ? ગુરુ કહે 'કરેહ' (-ભલે કરો) |
| ઇચ્છં, | ઈચ-છમ્, | આપની આજ્ઞા પ્રમાણ છે. |
| દેવસિઅ-પાયચ્છિત્ત-વિસોહણત્થં | દેવ-સિઅ-પા-યચ્- છિત્-ત-વિસો-હ-ણત્-થમ્ | દિવસ સંબંધી અતિચારના પાયશ્ચિત્તની વિશેષ શુદ્ધિ માટે |
| કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ.... | કરે-મિ કા-ઉસ્-સગ્-ગમ્ અન-નત્-થ... | કાયોત્સર્ગ કરૂં છું. |

**અર્થ :-** હે ભગવંત ! આપ ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો કે હું દિવસ સંબંધી (લાગેલા) અતિચારના પ્રાયશ્ચિત્તની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરું ? (ત્યારે ગુરુભગવંત કહે-કરેહ (-ભલે કરો) (શિષ્ય કહે) આજ્ઞા પ્રમાણે છે. (હું) દિવસ સંબંધી (લાગેલા) અતિચારના પ્રાયશ્ચિત્તની વિશેષ શુદ્ધ માટે કાયોત્સર્ગ કરૂં છું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| | | |
|---|---|---|
| ૨. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !<br>દુક્ખક્ખય-કમ્મક્ખય-નિમિત્તં-<br>કાઉસ્સગ્ગં કરું ?<br>ઇચ્છં,<br>દુક્ખક્ખય-કમ્મક્ખય-નિમિત્તં<br>કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ.... | ઈચ-છા-કારેણ-સન-દિસહ-ભગ-વન્ ।<br>દુક-ખક્-ખય કમ્-મક્-ખય નિ-મિત્-તમ્-<br>કા-ઉસ-સગ્-ગમ્ કરુમ્ ?<br>ઈચ-છમ્,<br>દુક્-ખક્-ખય કમ્-મક્-ખય નિ-મિત્-તમ્<br>કરેમિ કા-ઉસ્-સગ્-ગમ્, અન્-નત્-થ.... | ઇચ્છા પૂર્વક આજ્ઞા આપો હે ભગવન્ !<br>દુઃખના ક્ષય અને કર્મના ક્ષય માટે<br>કાયોત્સર્ગ કરૂં ?<br>(ગુરુ કહે= 'કરેહ' ત્યારે શિષ્ય કહે)<br>આપની આજ્ઞા પ્રમાણે છે.<br>દુઃખના ક્ષય અને કર્મના ક્ષય માટે<br>કાયોત્સર્ગ કરૂં છું. |

**અર્થ :- હે ભગવંત ! આપ ઈચ્છા પૂર્વક આજ્ઞા આપો કે હું દુઃખના ક્ષય માટે અને કર્મના ક્ષય માટે કાયોત્સર્ગ કરું ? (ગુરુ ભગવંત કહે-કરેહ (ભલે કરો) (ત્યારે શિષ્ય કહે=) આપની આજ્ઞા પ્રમાણ છે. હું દુઃખના ક્ષય માટે અને કર્મના ક્ષય માટે કાયોત્સર્ગ કરૂં છું.**

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| ૩. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !<br>ક્ષુદ્રોપદ્રવ-ઉડ્ડાવણાર્થં-<br>કાઉસ્સગ્ગં કરું ?<br>ઇચ્છં,<br>ક્ષુદ્રોપદ્રવ-ઉડ્ડાવણાર્થં<br>કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ.... | ઈચ-છા-કારેણ-સન-દિસહ-ભગ-વન !<br>ક્ષુદ્-રોપદ્-રવ-ઉડ્-ડાવ-ણાર્-થમ્-<br>કા-ઉસ-સગ્-ગમ્, ક-રુમ્?<br>ઈચ-છમ્,<br>ક્ષુદ્-રો-પદ્-રવ-ઉડ્-ડાવ-ણાર્-થમ્-<br>કરે-મિ-કા-ઉસ્-સગ્-ગમ્, અન્-નત-થ... | ઇચ્છા પૂર્વક આજ્ઞા આપો હે ભગવન્ !<br>ક્ષુદ્ર એવા ઉપદ્રવને દુર કરવા માટે<br>કાયોત્સર્ગ કરૂં ?<br>(ગુરુ. કહે=કરેહ (ભલે કરો), ત્યારે શિષ્ય<br>કહે=) આપની આજ્ઞા પ્રમાણ છે.<br>ક્ષુદ્ર એવા ઉપદ્રવને દૂર કરવા માટે<br>હું કાયોત્સર્ગ કરૂ છું. |

**અર્થ :- હે ભગવંત ! આપ ઈચ્છા પૂર્વક આજ્ઞા આપો કે હું ક્ષુદ્ર એવા ઉપદ્રવને દૂર કરવા માટે કાયોત્સર્ગ કરૂં ? (ત્યારે ગુરુ ભગવંત કહે-કરેહ (=ભલે કરો, ત્યારે શિષ્ય કહે=) આપની આજ્ઞા પ્રમાણ છે. હું ક્ષુદ્ર એવા ઉપદ્રવને દૂર કરવા માટે કાયોત્સર્ગ કરૂં છું.**

★ આ ત્રીજો આદેશ માંગ્યા પછી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ 'સાગરવર ગંભીરા' સુધી કરવો અને પારીને નમોડર્હત્ (પુરુષે જ) બોલવા પૂર્વક નીચે મુજબની ગાથા (વડીલે) બોલીવી...

| | | |
|---|---|---|
| સર્વે યક્ષામ્બિકાદ્યા યે,<br>વૈયાવૃત્ત્ય-કરાદ્યીને ।<br>ક્ષુદ્રોપદ્રવ-સંઘાતં,<br>તે દ્રૂતં દ્રાવયન્તુ નઃ ॥૧॥ | સર્-વે-યક્-ષામ્-બિકાદ્-યા-યે,<br>વૈયા-વૃત્-ત્ય-કરા-ધી-ને ।<br>ક્ષુદ્-રો-પદ્-રવ-સઙ્-ઘા-તમ્,<br>તે દ્-રૂ-તમ્ દ્-રાવ-યન્-તુ નઃ ॥૧॥ | સર્વે અધિષ્ઠાયકદેવ તથા અંબિકાદિ જે<br>વૈયાવચ્ચ કરવાના સ્વભાવ વાળા છે,<br>ક્ષુદ્ર એવા ઉપદ્રવના સમૂહને<br>તે જલ્દીથી નાશ કરનાર થાઓ અમારા માટે. ૧. |

**અર્થ :- ચતુર્વિધ શ્રી સંઘની વૈયાવચ્ચ (=ભક્તિ-સેવા) કરવામાં તત્પર એવા જે શાસન રક્ષક અધિષ્ઠાયક સમ્યગ્દૃષ્ટિ યક્ષો અને અંબિકા દેવી આદિ છે, તેઓ જલ્દીથી અમારા તે તે ક્ષુદ્ર એવા ઉપદ્રવના સમૂહને નાશ કરનારા થાઓ. ૧.**

★ પૂ.મહાત્માઓ કાળધર્મ પામ્યા પછી પાલખી નિકળ્યા બાદ થતા સામૂહિક દેવવંદન વખતે અંતે આ ત્રીજો આદેશ અને ગાથા બોલવા સાથે બૃહત્શાંતિ સ્તોત્ર બોલવાનું વિધાન છે. તથા પક્ખી-ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ દરમ્યાન પ્રતિક્રમણ સ્થાપ્યા બાદ અતિચાર પૂર્ણ થયા બાદ પ્રતિક્રમણ સાથે ઠાવનાર (સ્થાપનાર) કોઈ ભાગ્યશાળીને બૃહત્ શાંતિ સ્તોત્રનો પાઠ પૂર્ણ થતા પહેલાં છીંક આવે, તો ઉપરોક્ત ત્રીજો આદેશ માંગી કાયોત્સર્ગ કરી આ ગાથા બોલાય છે.

★ છીંક આવેલ ભાગ્યશાળીએ પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી પૂ. ગુરુભગવંત પાસે આલોચના લેવી જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૪૮. 'શ્રી મન્નહ જિણાણ સજ્ઝાય'



માંગલિક પ્રતિક્રમણ અને પૌષધ આદિમાં સાંભળતી વેળાની મુદ્રા

| | | |
|---|---|---|
| આદાન નામ | : | શ્રી મન્નહ જિણાણં સૂત્ર |
| ગૌણ નામ | : | શ્રાવક કર્તવ્ય સૂત્ર |
| ગાથા | : | ૫ |
| પદ | : | ૨૦ |
| સંપદા | : | ૨૦ |
| ગુરુ અક્ષર | : | ૨૮ |
| લઘુ અક્ષર | : | ૧૬૨ |
| સર્વ અક્ષર | : | ૧૯૦ |



**વિષય :** શ્રાવક જીવનને સુશોભિત કરનાર અવશ્ય કરવા યોગ્ય ૩૬ કર્તવ્યોનું વર્ણન.

### છંદનું નામઃ ● ગાહા; રાગ : જિણજમ્મસમયે મેરુસિહરે...(સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| મન્નહ જિણાણ માણં,<br>મિચ્છં પરિહરહ ધરહ સમ્મતં ।<br><br>છવ્વિહ-આવસ્સયમ્મિ,<br>ઉજ્જુત્તો હોઈ પઈ-દિવસં ॥૧॥ | મન્-નહ જિણાણ-માણમ્,<br>મિચ્-છમ્ પરિ-હર-હ ધરહ સમ્-મત્-તમ્ ।<br><br>છવ્-વિહ આવસ્-સયમ્-મિ,<br>ઉજ્-જુત્-તો હોઈ પઈ-દિવ-સમ્ ॥૧॥ | ૧. જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનવી,<br>૨. મિથ્યાત્વને ત્યાગ કરવો,<br>૩. સમ્યક્ત્વને ધારણ કરવું,<br>૪ થી ૯ છ પ્રકારના આવશ્યકને વિષે હંમેશા ઉદ્યમવંતુ થાઓ. ૧. |

**અર્થ :-** (૧) જિનેશ્વર ભગવંતોની આજ્ઞા માનવી, (૨) મિથ્યાત્વનો ત્યાગ કરવો (૩) સમ્યક્ત્વને ધારણ કરવું અને (૪ થી ૯) છ પ્રકારના આવશ્યક (સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વાંદણા, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ)માં હંમેશા ઉદ્યમવંત થવું. ૧.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

| | | |
|---|---|---|
| પવ્વેસુ પોસહ વયં,<br>દાણં સીલં તવો અ ભાવો અ ।<br>સજ્ઝાય-નમુક્કારો,<br>પરોવયારો અ જયણા અ ॥૨॥ | પવ્-વેસુ પોસ-હ વયમ્,<br>દાણમ્ સીલમ્-તવો અ ભાવો અ ।<br>સજ્-ઝાય, નમુક્-કારો,<br>પરો-વયા-રો અ જય-ણા અ ॥૨॥ | (૧૦) પર્વ દિવસોમાં પૌષધ કરવો,<br>(૧૧) દાન (૧૨) શીયળ, (૧૩) તપ અને<br>(૧૪) સ્વાધ્યાય (૧૬) નમસ્કાર,<br>(૧૭) પરોપકાર કરવો અને(૧૮)જયણા રાખવી. ૨. |

**અર્થ :-** (૧૦) પર્વમાં દિવસોમાં પૌષધ કરવો, (૧૧) દાન (૧૨) શીયળ (૧૩) તપ (૧૪) ભાવના (૧૫) સ્વાધ્યાય (અભ્યાસ), (૧૬) નમસ્કાર (૧૭) પરોપકાર કરવો અને (૧૮) જયણા રાખવી. ૨.

| | | |
|---|---|---|
| જિણ-પૂઆ જિણ-થુણણં,<br>ગુરુ-થુઅ સાહમ્મિઆણ-વચ્છલ્લં ।<br><br>વવહારસ્સ ય સુદ્ધિ,<br>રહ-જત્તા તિત્થ-જત્તા ય ॥૩॥ | જિણ-પૂઆ જિણ-થુણ-ણમ્,<br>ગુરુ-થુઅ સાહમ્-મિ-આણ-વચ્-છલ્-લમ્ ।<br><br>વવ-હારસ્-સ ય સુદ્-ધિ,<br>રહ-જત્-તા તિત્-થ-જત્-તા ય ॥૩॥ | (૧૯) જિનેશ્વરની પૂજા, (૨૦) સ્તુતિ,<br>(૨૧) ગુરુભગવંતનીસ્તુતિ<br>(૨૨) સાધર્મિકને વિષે વાત્સલ્ય,<br>(૨૩) વ્યવહારમાં શુદ્ધિ,<br>(૨૪) રથયાત્રા અને(૨૫)તીર્થયાત્રા. ૩. |

**અર્થ :-** (૧૯) જિનેશ્વર દેવની પૂજા, (૨૦) શ્રી જિનેશ્વર દેવની સ્તુતિ, (૨૧) ગુરુભગવંતની સ્તુતિ (૨૨) સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય, (૨૩) વ્યવહારમાં શુદ્ધિ, (૨૪) રથયાત્રા અને (૨૫) તીર્થની યાત્રા કરવી. ૩.

| | | |
|---|---|---|
| ઉવસમ-વિવેગ-સંવર,<br>ભાસા-સમિઇ છ જીવ-કરુણા ય ।<br>ધમ્મિઅ-જણ-સંસગ્ગો,<br>કરણ-દમો ચરણ-પરિણામો ॥૪॥ | ઉવ-સમ વિવે-ગ સમ્-વર,<br>ભાસા-સમિ-ઇ, છ-જીવ-કરુણા ય ।<br>ધમ્-મિઅ-જણ-સન્-સગ્-ગો,<br>કરણ-દમો, ચરણ-પરિ-ણામો ॥૪॥ | (૨૬) ઉપશમ, (૨૭) વિવેક (૨૮) સંવર,<br>(૨૯) ભાષા સમિતિ, (૩૦) છકાય વ જીવની દયા,<br>(૩૧) ધાર્મિક માણસોનો સંસર્ગ (સોબત),<br>(૩૨) ઇન્દ્રિયોનું દમન, (૩૩) ચારિત્રના પરિણામ. ૪. |

**અર્થ :-** (૨૬) ઉપશમ, (૨૭) વિવેક, (૨૮) સંવર, (૨૯) ભાષા સમિતિ, (૩૦) છકાયના જીવોની દયા, (૩૧) ધાર્મિક માણસના સોબત, (૩૨) ઈન્દ્રિયોનું દમન અને (૩૩) ચારિત્રના પરિણામ રાખવા. ૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| સંઘોવરિ બહુ માણો,<br>પુત્થય-લિહણં પભાવણા તિત્થે । | સઙ્-ઘો-વરિ બહુ-માણો,<br>પુત્-થય-લિહ-ણમ્-પભા-વણા તિત્-થે । | (૩૪) શ્રી સંઘની ઉપર બહુમાન રાખવું.<br>(૩૫) પુસ્તકો લખાવવું, અને<br>(૩૬)પ્રભાવના કરવી. |
| સડ્ઢાણ કિચ્ચ મેઅં,<br>નિચ્ચં સુગુરુ-વએ સેણં ॥૫॥ | સડ્-ઢાણ કિચ્-ચ-મેઅમ્,<br>નિચ્-ચમ્ સુ-ગુરુ-વ-એ-સેણમ્ ॥૫॥ | શ્રાવકોનું આ કર્તવ્ય છે,<br>તે સદ્ગુરુના ઉપદેશથી (જાણી) નિત્ય કરવા યોગ્ય છે. ૫. |

**અર્થ :-** (૩૪) સંઘ પ્રત્યે બહુમાન ભાવ, (૩૫) પુસ્તક લખાવવું, અને (૩૬) તીર્થમાં પ્રભાવના કરવી, આ શ્રાવકોએ સદ્ગુરુના ઉપદેશથી (જાણીને) હંમેશા કરવા યોગ્ય છે. ૫.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| પરિહરહ ધર સમત્તં | પરિહરહ ધરહ સમ્મત્તં |
| ભાસાસમિય છજીવ | ભાસાસમિઈ છજીવ |
| સઢાણ કિચ્ચમેઅં | સઙ્ઢાણ કિચ્ચમેઅં |

★ આ સજ્ઝાય પૌષધવ્રતધારી શ્રાવક-શ્રાવિકાગણ સવારે દેવ વંદન કર્યા પછી, બપોરનું પડિલેહણ કરતી વખતે, પચ્ચક્ખાણ પારતી વખતે (છૂટાવાળા (પૌષધવ્રત વગર) પણ પચ્ચક્ખાણ પારતાં) બોલતાં હોય છે. તેમજ પક્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણના આગળા દિવસે દેવસિઅ પ્રતિક્રમણમાં સજ્ઝાય સ્વરૂપે આ સૂત્ર બોલાય છે.

★ ખૂબ ટુંકાણમાં આપેલ છત્રીશ કર્ત્તવ્યોને સદ્ગુરુ ભગવંતની નિશ્રામાં .. નિરાંતે બેસીને સમજી લેવા અને યથાશક્ય રીતે આચરણમાં મુંકવા પ્રયત્ન કરવો જોઈએ.

નોંધ : શ્રાવકના ૩૬ કર્તવ્યોની સજ્ઝાય પણ છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# ૪૯ 'શ્રી ભરહેસર બાહુબલી સજ્ઝાય'





રાઇઅ પ્રતિક્રમણ વખતે બોલતી - સાંભળતી વેળાની મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી ભરહેસર સજ્ઝાય |
| ગૌણ નામ | : મહાપુરુષોનું સ્મરણ |
| પદ | : ૫૨ |
| સંપદા | : ૫૨ |
| ગાથા | : ૧૩ |
| ગુરુ અક્ષર | : ૫૫ |
| લઘુ અક્ષર | : ૪૩૦ |
| સર્વ અક્ષર | : ૪૮૫ |



**વિષય :** શીલવ્રતનું દૃઢતાથી પાલન કરનાર ઉત્તમ સત્ત્વશાલી મહાપુરુષો અને મહાસતીઓનું નામ સ્મરણ.

## છંદનું નામ: ગાહા ★ રાગ: જિણજમ્મસમયે મેરુસિહરે... (સ્નાત્ર-પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| ભરહેસર બાહુબલી, | ભર-હે-સર બાહુ બલી, | ૧. (શ્રી ઋષભદેવના પુત્ર) ભરત ચક્રવર્તી તથા ૨. (તેમના ભાઇ) બાહુબલીજી, |
| અભયકુમારો અ ઢંઢણ કુમારો । | અભય-કુમારો-અ ઢં-ઢ-ણ કુમારો । | ૩. (શ્રેણિક રાજાના પુત્ર) અભય કુમાર<br>૪. (કૃષ્ણજીના પુત્ર) ઢંઢણ કુમાર, |
| સિરિઓ અણિ-આઉત્તો, | સિરિ-ઓ અણિ-આ ઉત્-તો, | ૫. (શ્રી સ્થૂલભદ્રજીના નાના ભાઇ) શ્રીયક તથા<br>૬. અર્ણિકાપુત્ર આચાર્ય, |
| અઇમુત્તો નાગદત્તો અ ॥૧॥ | અઇ-મુત્-તો નાગ-દત્-તો અ ॥૧॥ | ૭. (જેમણે છ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી તે) અતિમુક્ત(અઈમુત્તા)મુનિ અને ૮.નાગદત્ત. ૧. |

**અર્થ :-** શ્રી ભરતેશ્વર ચક્રવર્તી, બાહુબલી, અભયકુમાર, ઢંઢણકુમાર, શ્રીયક, અર્ણિકાપુત્ર આચાર્ય, અતિમુક્ત મુનિ અને નાગદત્ત. ૧.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| મેઅજ્જ થૂલભદ્દો, | મેઅજ્-જ-થૂલ-ભદ્-દો, | ૯. મેતારજ મુનિ (જેના માથે સોનીએ વાધર વીંટી હતી તે) તથા ૧૦. સ્થૂલભદ્રજી |
| વયરરિસી નંદિષેણ સિંહગિરી। | વયર-રિસી નન્-દિ-સેણ સિંહ-ગિરી। | ૧૧. વજ્રસ્વામી, ૧૨. નંદિષેણ ૧૩. સિંહગિરિ, (વજ્રસ્વામીના ગુરુ) |
| કયવન્નો અ સુકોસલ, | કય-વન્-નો અ સુ-કોસલ, | ૧૪. કૃતપુણ્યકુમાર ૧૫. સુકોશલ મુનિ (જેમનું શરીર વાઘણે ભક્ષણ કર્યું હતું તે) |
| પુંડરિઓ કેસિ કરકંડૂ ॥૨॥ | પુણ્-ડ-રિઓ કેસિ કર-કણ્-ડૂ ॥૨॥ | ૧૬. પુંડરીક ગણધર, ૧૭. કેશીકુમાર ૧૮. કરકંડુ મુનિ. ૨. |

**અર્થ :-** મેતાર્ય મુનિ, શ્રી સ્થૂલ-ભદ્રજી, વજસ્વામી, નંદિષેણજી, શ્રી સિંહગિરિજી, કૃતપુણ્ય કુમાર, સુકોશલ મુનિ, પુંડરિક ગણધર, શ્રી કેશીકુમાર તથા કરકંડુમુનિ. ૨.

| | | |
|---|---|---|
| હલ્લ-વિહલ્લ-સુદંસણ, | હલ્-લ વિહલ્-લ સુ-દન્-સણ, | ૧૯. હલ્લકુમાર તથા ૨૦. વિહલ્લકુમાર (શ્રેણિક મહારાજા ના પુત્રો), ૨૧. સુદર્શન શેઠ, |
| સાલ-મહાસાલ-સાલિભદ્દો અ। | સાલ મહા-સાલ સાલિ-ભદ્-દો અ। | ૨૨. શાલમુનિ, ૨૩. મહાશાલમુનિ, તથા ૨૪. શાલિભદ્ર; |
| ભદ્દો દસન્ન-ભદ્દો, | ભદ્-દો દ-સન્-ન-ભદ્-દો, | ૨૫. ભદ્રબાહુસ્વામી, ૨૬. દશાર્ણભદ્ર રાજા, |
| પસન્ન ચંદો અ જસભદ્દો ॥૩॥ | પ-સન્-ન-ચન્-દો અ જસ-ભદ્-દો ॥૩॥ | ૨૭. પ્રસન્નચંદ્રરાજર્ષિ, ૨૮. યશોભદ્ર સૂરિ ૩. |

**અર્થ :-** હલ્લકુમાર અને વિહલ્લકુમાર, સુદર્શન શેઠ, શાલમુનિ, મહાશાલ મુનિ, શાલિભદ્ર મુનિ, શ્રી ભદ્રબાહુસ્વામીજી, દશાર્ણભદ્ર રાજા, પ્રસન્નચંદ્રરાજર્ષિ તથા યશોભદ્રસૂરિજી. ૩.

| | | |
|---|---|---|
| જંબુ પહું વંકચૂલો, | જમ્-બુ પહૂ વઙ્-ક-ચૂલો, | ૨૯. જંબૂસ્વામી, ૩૦. વંકચૂલ રાજકુમાર, |
| ગય સુકુમાલો અવંતિ સુકુમાલો। | ગય-સુકુ-માલો અવન્-તિ સુકુમાલો। | ૩૧. ગજસુકુમાલ, ૩૨. અવંતીસુકુમાલ, |
| ધન્નો ઇલાઇ પુત્તો, | ધન્-નો ઇલાઇ-પુત્-તો, | ૩૩. ધન્ના શેઠ, ૩૪. ઇલાચી પુત્ર |
| ચિલાઇ પુત્તો અ બાહુમુણી ॥૪॥ | ચિલા-ઇ-પુત્-તો અ બાહુ-મુણી ॥૪॥ | ૩૫. ચિલાતીપુત્ર વળી ૩૬. યુગબાહુમુનિ. ૪ |

**અર્થ :-** જંબૂસ્વામી, વંકચૂલ, (રાજકુમાર) ગજસુકુમાલ, અવંતિસુકુમાલ, ધન્ના શેઠ, ઈલાચીપુત્ર, ચિલાતી પુત્ર, યુગબાહુમુનિ. ૪.

જૈન સાઈટ JAINSITE .com

| | | |
|---|---|---|
| અજ્જગિરી અજ્જરક્ખિઅ, | અજ્-જ-ગિરી અજ્-જ-રક્-ખિઅ, | ૩૭. આર્યમહાગિરિ, ૩૮. આર્યરક્ષિતસૂરિ |
| અજ્જસુહત્થી ઉદાયગો મણગો। | અજ્-જ-સુહત્-થી ઉદા-યગો, મણ-ગો। | ૩૯. આર્યસુહસ્તિસૂરિ, ૪૦. ઉદાયી રાજા તથા ૪૧. મનકપુત્ર |
| કાલયસૂરિ સંબો, | કાલ-ય-સૂરી સમ્-બો, | ૪૨. કાલિકાચાર્ય, ૪૩. શાંબકુમાર; |
| પજ્જુન્નો મૂલદેવો અ ॥૫॥ | પજ્-જુન્-નો મૂલ-દેવો અ ॥૫॥ | ૪૪. પ્રદ્યુમ્નકુમાર ૪૫. મૂળદેવ રાજા. ૫. |

**અર્થ :-** આર્યમહાગિરિ, આર્યરક્ષિતસૂરિ, આર્ય સુહસ્તિસૂરિ, ઉદાયી રાજા, મનક પુત્ર, કાલિકાચાર્ય, શાંબકુમાર, પ્રદ્યુમ્નકુમાર અને મૂળદેવ (રાજા). ૫.

| | | |
|---|---|---|
| પભવો વિણ્હકુમારો, | પભ-વો વિણ્-હુ-કુમા-રો, | ૪૬. પ્રભવસ્વામી, ૪૭. વિષ્ણુકુમાર, |
| અદ્દકુમારો અ દઢપ્પહારી અ। | અદ્-દ-કુમારો દઢપ્-પહારી અ। | ૪૮. આર્દ્રકુમાર, ૪૯. દઢપ્રહારી; |
| સિજ્જંસ કૂરગડૂ અ, | સિજ્-જન્-સ કૂર-ગડૂ અ , | ૫૦. શ્રેયાંસકુમાર ૫૧ કૂરગડુ સાધુ, |
| સિજ્જંભવ મેહકુમારો અ ॥૬॥ | સિજ્-જમ્-ભવ મેહ-કુમા-રો અ ॥૬॥ | ૫૨. શય્યંભવ આચાર્ય અને ૫૩.મેઘકુમાર. ૬. |

**અર્થ :-** શ્રી પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દૃઢ પ્રહારી, શ્રેયાંસ કુમાર, કૂરગડુ મુનિ, શ્રી શય્યંભવસૂરિ અને મેઘકુમાર. ૬.

| | | |
|---|---|---|
| એમાઇ મહાસત્તા, | એમાઇ મહા-સત્-તા, | ઈત્યાદિ બીજા પણ મોટા પરાક્રમી પુરુષો |
| દિંતુ સુહં ગુણ-ગણેહિં-સંજુત્તા। | દિન્-તુ સુહમ્ ગુણ-ગણે-હિમ્ સઞ્(સન્)-જુત્-તા। | જ્ઞાનાદિ ગુણોના સમૂહે કરી સહિત એવું સુખ આપો. |
| જેસિં નામગ્ગહણે, | જેસિમ્-નામગ્-ગ-હ-ણે, | જેમનાં નામ લેવાથી |
| પાવપ્પ બંધા વિલયં જંતિ ॥૭॥ | પાવપ્-પ-બન્-ધા વિલ-યમ્ જન્-તિ ॥૭॥ | પાપના બંધ નાશ પામે છે. ૭. |

**અર્થ :-** ઈત્યાદિ જેઓના નામસ્મરણથી પાપના બંધ નાશ પામે છે, (તે) (જ્ઞાનાદિ) ગુણોના સમુદાયથી યુક્ત મહા પરાક્રમી પુરુષો (અમોને) સુખ આપો. ૭. (● 'વિલયં જંતિ' ના બદલે 'વિલીજજંતિ' પાઠ વધારે સંગત છે.)



www.jainsite.com



| | | |
|---|---|---|
| સુલસા ચંદનબાલા, | સુલ-સા ચન્-દન-બાલા, | ૧. સુલસા શ્રાવિકા, ૨. ચંદનબાલા, |
| મણોરમા મયણરેહા દમયંતી ।। | મણો-રમા મય-ણ-રેહા દમ-યન્-તી । | ૩. મનોરમા, ૪. મદનરેખા વળી ૫. દમયંતી |
| નમયાસુંદરી સીયા , | નમ-યા-સુન્-દરી સીયા , | ૬. નર્મદા-સુંદરી, ૭. સીતાસતી, |
| નંદા ભદ્દા સુભદ્દા ય ॥૮॥ | નન્-દા ભદ્-દા સુ-ભદ્-દા-ય ॥૮॥ | ૮. નંદા, ૯. ભદ્રા શેઠાણી તથા ૧૦. સુભદ્રા. ૮. |

**અર્થ :- શ્રી સુલસા શ્રાવિકા, ચંદનબાળા, મનોરમા, મદનરેખા, દમયંતી, નર્મદા સુંદરી, સીતા સતી, નંદા, ભદ્રા શેઠાણી, સુભદ્રા. ૮.**

| | | |
|---|---|---|
| રાઇમઇ રિસિદત્તા, | રાઇ-મઇ, રિસિદત્-તા, | ૧૧. રાજીમતિ, ૧૨. ઋષિદત્તા |
| પઉમાવઇ અંજણા સિરીદેવી । | પઉ-મા-વઇ અઞ્(અન્)-જણા સિરી-દેવી । | ૧૩. પદ્માવતી, ૧૪. અંજના સુંદરી, ૧૫. શ્રીદેવી, |
| જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઇ, | જિટ્-ઠ સુ-જિટ્-ઠ મિગા-વઇ, | ૧૬. જયેષ્ઠા, ૧૭. સુજ્યેષ્ઠા, ૧૮. મૃગાવતી, |
| પભાવઇ ચિલ્લણા દેવી ॥૯॥ | પભા-વઇ ચિલ્-લણા-દેવી ॥૯॥ | ૧૯. પ્રભાવતી અને ૨૦. ચેલ્લણારાણી. ૯. |

**અર્થ :- રાજીમતિ, ઋષિદત્તા, પદ્માવતી, અંજના સુંદરી, શ્રીદેવી, જયેષ્ઠા, સુજ્યેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી અને ચેલણા રાણી. ૯.**

| | | |
|---|---|---|
| બંભી સુંદરી રૂપ્પિણી, | બમ્-ભી, સુન્-દરી રુપ્-પિણી, | ૨૧. બ્રાહ્મી, ૨૨. સુંદરી, ૨૩. રુક્મિણી |
| રેવઇ કુંતી સિવા જયંતી અ । | રેવઇ, કુન્-તી, સિવા,જયન્-તી અ । | ૨૪. રેવતી શ્રાવિકા, ૨૫. કુંતી, |
| | | ૨૬. શિવા, અને ૨૭ જયંતી |
| દેવઇ દોવઇ ધારણી, | દેવ-ઇ, દોવ-ઇ, ધાર-ણી, | ૨૮. દેવકી, ૨૯. દ્રૌપદી, ૩૦ ધારણી |
| કલાવઇ પુફ્ફચૂલા ય ॥૧૦॥ | કલા-વઇ પુપ્-ફ-ચૂલા ય ॥૧૦॥ | ૩૧. કલાવતી અને ૩૨. પુષ્પચૂલા. ૧૦. |

**અર્થ :- બ્રાહ્મી, સુંદરી, રુક્મિણી, રેવતી શ્રાવિકા, કુંતી, શિવા, જયંતી, દેવકી, દ્રૌપદી, ધારણી, કલાવતી અને પુષ્પચૂલા. ૧૦.**

| | | |
|---|---|---|
| પઉમાવઇ અ ગોરી, | પઉ-મા-વઇ ય ગોરી, | ૩૩. પદ્માવતી, ૩૪, ગૌરી, |
| ગંધારી લક્ખમણા સુસીમા ય । | ગન્-ધારી લક્-ખ-મણા સુસી-મા ય । | ૩૫. ગંધારી, લક્ષ્મણા, ૩૭. સુસીમા, |
| જંબુવઇ સચ્ચભામા, | જમ્-બૂ-વઇ સચ્-ચ-ભામા, | ૩૮. જંબૂવતી, ૩૯. સત્યભામા, |
| રૂપ્પિણી કણ્હટ્ઠ મહિસીઓ ॥૧૧॥ | રૂપ્-પિણી, કણ્-હટ્-ઠ મહિસીઓ ॥૧૧॥ | ૪૦ રુક્મિણી (કૃષ્ણની આઠ પટ્ટરાણીઓ). ૧૧. |

**અર્થ :- પદ્માવતી, ગૌરી, ગંધારી, લક્ષ્મણા, સુસીમાં જંબૂવતી, સત્યભામા અને રુક્મિણી આઠ કૃષ્ણની પટ્ટરાણીઓ. ૧૧.**

| | | |
|---|---|---|
| જક્ખા ય જક્ખદિન્ના , | જક્-ખા ય જક્-ખ-દિન્-ના, | ૪૧. યક્ષા, ૪૨. યક્ષદત્તા, |
| ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના અ । | ભૂઆ તહ ચેવ ભૂઅ-દિન્-ના ય । | ૪૩. ભૂતા તથા વળી નિશ્ચયે ૪૪. ભૂતદત્તા, |
| સેણા વેણા રેણા, | સેણા વેણા રેણા, | ૪૫. સેણા, ૪૬. વેણા અને ૪૭. રેણા (એ સાત) |
| ભઇણીઓ થૂલભદ્દસ્સ ॥૧૨॥ | ભઇણીઓ થૂલ-ભદ્-દસ્-સ ॥૧૨॥ | શ્રી સ્થૂલભદ્રજીની બહેનો. ૧૨. |


**અર્થ :- યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા (આ સાત) વળી નિશ્ચયે કરી સ્થૂલભદ્રજીની બહેનો. ૧૨.**

| | | |
|---|---|---|
| ઇચ્ચાઇ મહાસઇઓ, | ઇચ્-ચાઇ મહા-સઇ-ઓ, | ઈત્યાદિ મોટી સતીઓ |
| જયંતિ અકલંક સીલ કલિઆઓ । | જ-યન્-તિ અ ક-લઙ્-ક સીલ-કલિઆઓ । | નિર્મળ શીલગુણે કરી સહિત જયવંતી વર્તે છે. |
| અજ્જવિ વજ્જઇ જાસિં , | અજ્-જ વિ વજ્-જઇ જા-સિમ્, | વળી જેનો આજે પણ વાગે છે. |
| જસ પડહો તિહુઅણે સયલે ॥૧૩॥ | જસ-પડ-હો તિહુ-અણે સયલે ॥૧૩॥ | સકલ ત્રિભુવનને વિષે જશનો ડંકો. ૧૩. |

**અર્થ : ઈત્યાદિ નિર્મળ (નિષ્કલંક) શીલથી યુકત મહાસતીઓ જયવંતી વર્તે છે. જેઓનો આજે પણ સર્વ ત્રિભુવનમાં યશનો ડંકો વાગે છે. ૧૩.**

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| વયરિસિ | વયરરિસિ |
| એમાઈ મહાસતા | એમાઈ મહાસત્તા |
| ગુણગણેહિ સંજુત્તા | ગુણગણેહિં સંજુત્તા |
| જેસિં નામગહણે | જેસિં નામગ્ગહણે |
| પાવબંધા | પાવપ્પબંધા |

★ પ્રભાત સમયે રાઈઅ-પ્રતિક્રમણ વેળાએ સાત્ત્વિકતા અને ખુમારીની પ્રાપ્તિ માટે સજઝાય (સ્વાધ્યાય) સ્વરૂપે આ બોલાય છે. આ સજઝાય બોલતી વખતે તે તે મહાપુરુષો મહાસતીઓના સદ્ગુણોને યાદ કરીને તેવા બનવા સંકલ્પ કરવો જોઈએ.



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com







(૧) ભરત ચક્રવર્તી : શ્રી ઋષભદેવ પ્રભુના જયેષ્ઠપુત્ર તથા પ્રથમચક્રવર્તી. તેઓ અપ્રતિમઐશ્વર્ય છતાં જાગૃત સાધક હતા. ૬૦,૦૦૦ બ્રાહ્મણો રોજ.... સંભળાવતા હતા. ૯૯ ભાઈઓની દીક્ષા બાદ વૈરાગ્ય ભાવનામાં રમમાણ રહેતા એકવાર આરીસા-ભવનમાં અલંકૃત શરીરને જોતાં વીંટી નીકળી જવાથી શોભારહિત થયેલી, એવી આંગળીને જોતા અન્ય અલંકારો પણ ઉતાર્યા અને શોભારહિત સંપૂર્ણ દેહ જોઈ અનિત્ય ભાવનામાં રમતા કેવલજ્ઞાન પામ્યા. દેવતાઓએ આપેલ સાધુનો વેષ સ્વીકારી વિશ્વ પર ઉપકાર કરી છેવટે અષ્ટાપદ પર્વત પર નિર્વાણ પામ્યા.




(૨) બાહુબલી : ભરત ચક્રવર્તીના નાનાભાઈ પ્રભુ ઋષભદેવે તક્ષશિલાનું રાજ્ય આપ્યું હતું. બાહુબળ અસાધારણ હોવાથી તથા ૯૮ ભાઈઓના અન્યાયનો પ્રતિકાર કરવા ચક્રવર્તીની આજ્ઞા ન માની અને ભયંકર યુદ્ધ થયું. છેવટે દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, બાહુયુદ્ધ અને દંડયુદ્ધ કર્યું, જેમાં ભરત ચક્રવર્તી હારતાં ચક્રરત્ન ફેંક્યું પરંતુ સ્વગોત્રીયનો નાશ ન કરે તેથી પાછું ફર્યું. બાહુબલી ક્રોધમાં મુઠી ઉપાડી મારવા દોડ્યા. પરંતુ વિવેકબુદ્ધિ જાગ્રત થતાં કેશલોચ કરી દીક્ષા લઈ કેવલી નાના ભાઈઓને વંદન ન કરવા પડે તે માટે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યાં. ૧ વર્ષ પછી પ્રભુએ મોકલેલ બ્રાહ્મી - સુંદરી બહેન સાધ્વીજીઓએ "વીરા મોરા ગજ થકી ઉતરો રે, ગજ ચડ્યે કેવલ ન હોય" એમ પ્રતિબોધ કરતા વંદન કરવા પગ ઉપાડતા કેવળજ્ઞાન થયું. ઋષભદેવ ભગવાન સાથે મોક્ષે ગયાં.




(૩) અભયકુમાર : નંદા રાણીથી શ્રેણિક રાજાને થયેલ પુત્ર. બાલ્યાવસ્થામાં જ પિતાના ગૂઢ વચનને ઉકેલી પિતાના નગરમાં આવ્યા અને બુદ્ધિબળથી ખાલી કૂવામાંથી વીંટી બહાર કાઢી શ્રેણિક રાજાના મુખ્યમંત્રી બન્યાં. ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી બુદ્ધિના સ્વામી એવા તેમણે અનેક સમસ્યાઓ ઉકેલી હતી. છેવટે અંત:પુર બાળવાના બહાને પિતાના વચનથી મુક્ત થઈ પ્રભુ વીર પાસે દીક્ષા લઈ ઉત્કૃષ્ટ તપ કરી અનુત્તર વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં ચારિત્ર ગ્રહણ કરી મોક્ષે પધારશે.




(૪) ઢંઢણકુમાર : શ્રી કૃષ્ણ વાસુદેવની ઢંઢણા નામની રાણીના પુત્ર એવા ઢંઢણકુમારે પ્રભુ નેમિનાથ પાસે દીક્ષા લીધી. પરંતુ લાભાંતરાય કર્મના ઉદયે શુદ્ધ ભિક્ષા મળતી નથી, તેથી અભિગ્રહ કર્યો કે 'સ્વલબ્ધિથી ભિક્ષા મળે તો જ લેવી' છ મહિનાના ઉપવાસ થયા એકવાર ભિક્ષા અર્થે દ્વારિકામાં પધાર્યા હતા ત્યારે શ્રી નેમિનાથે પોતાના અઢાર હજાર સાધુમાં સર્વોત્તમ તરીકે તેમનું નામ આપ્યું. તેથી નગરમાં પાછા ફરતા શ્રીકૃષ્ણે તેમને જોઈ હાથી પરથી નીચે ઉતરી વિશેષ ભાવથી વંદન કર્યું. તે જોઈ એક શેઠે ઉત્તમ ભિક્ષા વહોરાવી. પરંતુ પ્રભુના શ્રીમુખે 'આ આહાર પોતાની લબ્ધિથી નથી મળ્યો.' તેમ જાણતાં કુંભારની શાળામાં પરઠવવા ચાલ્યા. પરઠવતા ઉત્તમ ભાવના ભાવતા કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.


જૈન સાઈટ
JAINSITE.com
જૈનં જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





(૫) શ્રીયક : શકટાલ મંત્રીના નાના પુત્ર તથા સ્થૂલભદ્રસ્વામી અને યક્ષાદિ સાત બહેનોના ભાઈ, પિતાના મૃત્યુ પછી નંદરાજાનું મંત્રીપદ સ્વીકારી ધર્મના અનુરાગથી ૧૦૦ જેટલા જિનમંદિરો અને ત્રણસો જેટલી ધર્મશાળાઓ બંધાવી હતી. બીજા પણ અનેક સુકૃતો કરી ચારિત્ર અંગીકાર કર્યું. એકદા સંવત્સરી પર્વે યક્ષા સાધ્વીજીના આગ્રહથી ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. સુકુમાલતાના કારણે, કદી ભૂખ સહન ન કરેલી હોવાથી તે જ રાત્રે શુભધ્યાનપૂર્વક કાળધર્મ પામી સ્વર્ગવાસી થયા.




(૬) અર્ણિકાપુત્ર આચાર્ય : દેવદત્ત વણિક અને અર્ણિકાના પુત્ર, નામ હતું સંધીરણ પણ લોકમાં અર્ણિકાપુત્ર તરીકે પ્રસિદ્ધ થયાં. જયસિંહ આચાર્ય પાસે દીક્ષા લઈ અનુક્રમે શાસ્ત્રજ્ઞ આચાર્ય થયા. રાણી પુષ્પચૂલાને આવેલા સ્વર્ગ-નરકના સ્વપ્નોનું યથાતથા વર્ણન કરી પ્રતિબોધ પમાડી દીક્ષા અપાવી. દુષ્કાળમાં અન્ય મુનિઓને દેશાંતર મોકલી વૃદ્ધત્વના કારણે પોતે ત્યાં રહ્યાં. તેમની પુષ્પચુલા સાધ્વીજી વૈયાવચ્ચ કરતા હતાં. કાલાંતરે કેવળજ્ઞાની સાધ્વીજીની વૈયાવચ્ચ લીધાનો ખ્યાલ આવતાં મિચ્છા મિ દુક્કડં માંગી પોતાનો મોક્ષ ગંગા નદી ઉતરતા થશે તે જાણી ગંગાનદી પાર ઉતરતા વ્યંતરીએ શૂળીમાં પરોવતા સમતાભાવથી અંતકૃત્ કેવળી થઈ મોક્ષમાં પધાર્યા.




(૭) અતિમુક્તમુનિ : પેઢાલપુર નગરમાં વિજય રાજા-શ્રીમતી રાણીના પુત્ર અતિમુક્તક. માત-પિતાની અનુમતિથી આઠ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. 'જે જાણું તે નવિ જાણું, નવિ જાણું તે જાણું' મરણ નિશ્ચિત છે તે જાણું છું. પણ ક્યારે આવશે તે જાણતો નથી. આ સુપ્રસિદ્ધ વાક્ય દ્વારા શ્રેષ્ઠીની પુત્રવધૂને પ્રતિબોધ પમાડનારા મુનિ બાલ્યાવસ્થામાં વર્ષાઋતુમાં ભરાયેલા ખાબોચિયામાં પાત્રાની હોડી તરાવવા લાગ્યા, ત્યારે સ્થવિરોએ સાધુધર્મ સમજાવતા વીર પ્રભુજી પાસે આવી તીવ્ર પશ્ચાત્તાપપૂર્વક ઇરિયાવહિયાના 'દગમટ્ટી' શબ્દ બોલતા કેવળજ્ઞાન પામ્યા.




(૮) નાગદત્ત : વારાણસી નગરીના યજ્ઞદત્ત શેઠ-ધનશ્રીના પુત્ર. નાગવસુ કન્યા સાથે વિવાહ કર્યા. નગરનો કોટવાળ નાગવસુને ચાહતો હોવાથી રાજાના પડી ગયેલા કુંડલને કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભેલા નિઃસ્પૃહી નાગદત્ત પાસે મૂકી રાજા સમક્ષ એના પર આળ ચડાવ્યું. શૂળીએ ચડાવતા નાગદત્તના સત્યના પ્રભાવથી પ્રગટ થઈ શાસનદેવતાએ 'પ્રાણ જાય પણ પારકી વસ્તુને ન અડે' એવી ટેકને પ્રમાણિત કરી. સત્ય હકીકતની જાણ કરી યશ ફેલાવ્યો. અંતે દીક્ષા લઈ સર્વકર્મક્ષય કરી કેવળશ્રી વરી મોક્ષમાં પધાર્યા.




(૯) મેતાર્યમુનિ : ચાંડાલને ત્યાં જન્મ્યા પણ શ્રીમંત શેઠને ત્યાં ઉછર્યાં. પૂર્વભવના મિત્રદેવની સહાયથી અદ્ભુત કાર્યો સાધતા શ્રેણિક રાજાના જમાઈ બન્યા. અંતે દેવના ૩૬ વર્ષ સુધીના પ્રયત્નોથી પ્રતિબોધ પામી દીક્ષા લીધી. શ્રેણિક રાજાના સાથિયાના સોનાના જવલા ઘડતા સોનીને ત્યાં ગોચરી જતાં સોની ભિક્ષા વહોરાવવા ઉઠ્યો ત્યાં ક્રૌંચ પક્ષી જવલા ચણી ગયું. જવલા ન દેખાતા સોનીને શંકા જતાં, પૂછવા છતાં પક્ષી પ્રત્યેની દયાથી મહાત્મા મૌન રહેવાથી માથે ભીના ચામડાની વાધર વીંટી તડકે ઉભા રાખ્યા. બંને આંખો બહાર નીકળી જવા છતાં અસહ્ય યાતનાને સમતાભાવે સહન કરી અંતકૃત્ કેવલી થઈ મોક્ષે ગયા.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





(૧૦) સ્થૂલભદ્ર : નંદરાજાના મંત્રી શકટાલના મોટા પુત્ર. યૌવનાવસ્થામાં કોશા ગણિકાના મોહમાં લપટાયેલા. પરંતુ પિતાના મૃત્યુથી વૈરાગ્ય પામી આર્ય સંભૂતિવિજય પાસે દીક્ષા લઈ એકવાર કોશા ગણિકાને ત્યાં ગુરુની અનુમતિથી ચોમાસુ કરી કામના ઘરમાં જઈ કામને હરાવી કોશાને ધર્મમાં સ્થિર કરી ગુરુના શ્રીમુખે "દુષ્કર-દુષ્કરકારક" બિરુદ મેળવી ૮૪ ચોવીશી સુધી નામ અમર કર્યું. આર્ય ભદ્રબાહુસ્વામી પાસે અર્થથી દશ પૂર્વ અને સૂત્રથી બાકીના ચારપૂર્વ, એમ ચૌદ પૂર્વ ભણ્યા. કાળધર્મ પામી પહેલા દેવલોકે ગયા.





(૧૧) વજ્રસ્વામી : તુંબવન ગામના ધનગિરિ-સુનંદાના પુત્ર, પિતાએ જન્મ પહેલા દીક્ષા લીધાનું જાણતા સતત રડતા રહી માતાનો મોહ તોડાવ્યો. માતાએ ધનગિરિમુનિને વહોરાવ્યા. સાધ્વીના ઉપાશ્રયમાં રહી ૧૧ અંગ મોઢે કર્યા. માતાએ બાળકને પાછો મેળવવા રાજદ્વારે ઝઘડો કરતાં સંઘસમક્ષ ગુરુના હાથે રજોહરણ લઈ નાચીને દીક્ષા લીધી. રાજાએ બાળકની ઈચ્છાનુસાર ન્યાય ચૂકવ્યો. સંયમથી પ્રસન્ન થયેલા દેવોએ આકાશગામિની તથા વૈક્રિયલબ્ધિ આપેલ. ભયંકર દુષ્કાળ વખતે આખા સંઘને આકાશગામી પટ દ્વારા સુકાળના ક્ષેત્રમાં ફેરવી, તથા બૌદ્ધ રાજાને પ્રતિબોધ કરવા લાખો પુષ્પો અન્યક્ષેત્રમાંથી લાવી શાસન પ્રભાવના કરી. છેલ્લા દશપૂર્વધર બની અંતે કાળધર્મ પામ્યા. ઈન્દ્રે તેમનો મહોત્સવ કર્યો.

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્




(૧૨) નંદિષેણ : આ નામના બે મહાપુરુષો થઈ ગયા. એક અદ્‌ભુત વૈયાવચ્ચી નંદિષેણ કે જેમણે દેવતાની આકરી પરીક્ષા પણ અપૂર્વ સમતાભાવથી પાર કરી અને અન્ય શ્રેણિક રાજાના પુત્ર નંદિષણ-જેણે પ્રભુવીરથી પ્રતિબોધ પામી અદ્‌ભુત સત્વ દાખવી ચારિત્ર સ્વીકાર્યું તથા કર્મવશ ઉઠતી ભોગેચ્છાઓને દબાવવા ઉગ્ર વિહાર-સંયમ તથા તપશ્ચર્યાના યોગો સેવ્યા, જેના પ્રભાવે અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ. એકવાર ગોચરી પ્રસંગે વેશ્યાને ત્યાં જઈ ચડ્યા જ્યાં ધર્મલાભનો પ્રતિભાવ 'અર્થલાભની અહીં જરૂર છે' વાક્યથી મળ્યો. માનવશ તરણું ખેંચી સાડા બાર ક્રોડ સોનામહોરની વૃષ્ટિ કરી. વેશ્યાના આગ્રહની સંસારમાં રોકાયા પરંતુ દેશનાલબ્ધિથી રોજ ૧૦ને પ્રતિબોધ કરતા. ૧૨ વર્ષે એક વાર દશમો સોની એવો આવ્યો, જે પ્રતિબોધ પામ્યો જ નહીં. છેવટે ગણિકાએ 'દશમા તમે' એમ મશ્કરી કરતાં મોહનિદ્રા તૂટતાં દીક્ષા લઈ આત્મકલ્યાણ સાધ્યું.




(૧૩) સિંહગિરિ : પ્રભુ મહાવીર દેવની બારમી પાટે બિરાજમાન પ્રભાવશાળી આચાર્ય. અનેકવિધ શાસનસેવા ના કાર્યો કરવાની સાથે તેઓ વજ્રસ્વામીના ગુરુ પણ બન્યા હતા.




(૧૪) કૃતપુણ્યક (કયવન્ના શેઠ) : પૂર્વભવમાં મુનિને ત્રણ વખત ખંડિત દાન દેવાથી ધનેશ્વર શેઠને ત્યાં અવતરેલા કૃતપુણ્યકને વર્તમાન ભવમાં વેશ્યા સાથે, અપુત્રીયા એવી ચાર શ્રેષ્ઠિ પુત્રવધુઓ સાથે તથા શ્રેણિકરાજાની પુત્રી મનોરમા સાથે એમ ત્રણ વાર ખંડિત ભોગો પ્રાપ્ત થયા તથા શ્રેણિકરાજાનું અર્ધું રાજ્ય પ્રાપ્ત થયું હતું. સંસારના વિવિધ ભોગો ભોગવી પ્રભુવીર પાસે પૂર્વભવનો વૃતાંત સાંભળી દીક્ષા ગ્રહણ કરી સ્વર્ગવાસી થયા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




(૧૫) સુકોશલમુનિ : અયોધ્યાના કીર્તિધર રાજા-સહદેવી રાણીના પુત્ર. પિતાના પગલે સુકોશલે પણ દીક્ષા લેતા વિયોગના આર્તધ્યાને મૃત્યુ પામી સહદેવી જંગલમાં વાઘણ બની. એકદા સુકોશલ તે જ જંગલમાં જઈ કાર્યોત્સર્ગ ધ્યાને ઉભા રહેતા તે જ વાઘણે આવીને હુમલો કર્યો અને શરીર ચીરી નાંખ્યું. ઉપસર્ગને અપૂર્વ સમતાથી સહન કરતાં અંતકૃત્ કેવળી થઈ સુકોશલ મુનિ મોક્ષે પધાર્યા.





(૧૬) પુંડરીક : પિતાની સાથે દીક્ષા લેવાની ભાવના છતાં નાનાભાઈ કંડરીકની તીવ્ર ભાવના જોઈ તેને દીક્ષાની સહમતિ આપી પોતે વૈરાગ્યપૂર્વક રાજ્યપાલન કર્યું. હજાર વર્ષના સંયમ પછી કંડરીક મુનિ રોગગ્રસ્ત થતાં સુંદર ઉપચાર તથા અનુપાનાદિથી ભક્તિ કરી વળાવ્યા પરંતુ રાજવી ભોગોની લાલસાએ ચારિત્રભ્રષ્ટ થઈ કંડરીક ઘરે આવતા તેને રાજગાદી સોંપી પોતે સંયમજીવન સ્વીકાર્યું. ગુરુભગવંત ન મળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરી વિહાર કર્યો. ઉત્તમભાવચારિત્ર પાળી ત્રણ દિવસમાં કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયાં.




(૧૭) કેશી ગણધર : શ્રી પાર્શ્વનાથ સ્વામીની પરંપરાના આ મહાપુરુષે મહાનાસ્તિક પ્રદેશી રાજાને પ્રતિબોધ પમાડ્યો હતો તથા શ્રી ગૌતમસ્વામી ભગવંત સાથે ધર્મચર્ચા કરી પાંચ મહાવ્રતના પ્રભુવીરના શાસનને સ્વીકારી અનુક્રમે સિદ્ધપદને પામ્યા.





(૧૮) રાજર્ષિ કરકંડુ : ચંપાનગરીના રાજા દધિવાહન રાણી પદ્માવતીના પુત્ર, પણ ઉન્મત્ત હાથીએ જંગલમાં માતાને મૂકી દેતા, માતાએ સાધ્વીજી પાસે દીક્ષા લેતા જન્મ બાદ સ્મશાનમાં મૂકાયા અને ચંડાલને ત્યાં ઉછર્યા. શરીરે ખણ ખૂબજ આવતી હોવાથી કરકંડુ નામ પડ્યું. અનુક્રમે કંચનપુરના અને ચંપાના રાજા બન્યા. અતિપ્રિય રૂપાળા અને બળવાન સાંઢને જરા જર્જરિત જોતા વૈરાગ્ય થયો અને પ્રત્યેકબુદ્ધ થઈ દીક્ષા લઈ મોક્ષમાં પધાર્યા.





(૧૯-૨૦) હલ્લ-વિહલ્લ : શ્રેણિકની પત્ની ચેલ્લણાના પુત્રો, શ્રેણિકે સેચનક હાથી ભેટ આપવાથી કોણિકે યુદ્ધ કર્યું. પિતામહ ચેડા રાજાની મદદથી લડતા હતા ત્યાં રાત્રિયુદ્ધ દરમ્યાન સેચનક હાથી ખાઈમાં પડી મરી જતાં વૈરાગ્ય પામી દીક્ષા લઈ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા.




(૨૧) સુદર્શન શેઠ : અર્હદ્દાસ-અર્હદ્દાસી માત-પિતાના સંતાન, બાર વ્રતધારી શ્રાવક હતા. કપિલા દાસીએ વાસનાપૂર્તિ માટે પ્રયત્ન કર્યો. ત્યારે 'હું નપુંસક છું' એમ કહી છટકી ગયા. બીજીવાર રાજરાણી અભયાએ પૌષધમાં કાઉસ્સગ્ગ સ્થિત સુદર્શનને દાસી દ્વારા ઉપાડી લાવી ચલાયમાન કરવા ઘણા પ્રયત્ન કર્યા. પરંતુ નિષ્ફળતા મળી ત્યારે શીલ-ભંગનો આરોપ મૂકાયો. ઘણુ પુછવા છતાં ખુલાસો ન કરતા રાજાએ ફાંસીની સજા ફરમાવી. સ્વયંની આરાધના તથા ધર્મપત્ની મનોરમાના કાઉસ્સગ્ગ આરાધનાના બળે શૂળીનું સિંહાસન થયુ. એકવાર પ્રભુવીર પાસે જતાં નવકાર મહામંત્રના પ્રભાવે રોજની સાત હત્યા કરનાર અર્જુનમાળીના દેહમાંથી યક્ષને દૂર કરી દીક્ષા અપાવી. અંતે મહાવ્રત આરાધી મોક્ષમાં ગયા.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




(૨૨-૨૩) શાલ - મહાશાલ : બંને ભાઈઓ હતા. પરસ્પર પ્રીતિ હતી. ભાણેજ ગાંગલીને રાજ્ય સોંપી દીક્ષા લીધી હતી. એક વખત પ્રભુ ગૌતમસ્વામી સાથે ગાંગલીને પ્રતિબોધવા પૃષ્ઠચંપામાં આવ્યા. માતા-પિતા સાથે ગાંગલીએ દીક્ષા લીધી. રસ્તામાં ઉત્તમ ભાવના ભાવતાં સહુને કેવળજ્ઞાન થયું. અંતે મોક્ષ પામ્યા.




(૨૪) શાલિભદ્ર : ભરવાડપુત્ર સંગમ તરીકેના પૂર્વભવના મુનિને આપેલ ખીરદાનના પ્રભાવથી રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠ-ભદ્રાશેઠાણીને ત્યાં પુત્રરૂપે જન્મ્યો. અતુલ સંપત્તિ અને ઉચ્ચ કુલીન ૩૨ સુંદરીઓના સ્વામી હોવાની સાથે નિત્ય દેવલોકથી ગોભદ્ર-દેવે મોકલેલ દિવ્ય વસ્ત્ર આભૂષણાદિ ભોગસામગ્રીથી યુક્ત ૯૯ પેટીના ભોક્તા હતા. એક વખત શ્રેણિક મહારાજા તેમની સ્વર્ગીય સમૃદ્ધિ જોવા આવ્યા ત્યારે પોતાના માથે સ્વામી છે એમ જાણી દીક્ષાની ભાવનાથી એક-એક પત્નીનો ત્યાગ કરવા લાગ્યા ત્યારે બનેવી ધન્યશેઠની પ્રેરણાથી એક સાથે બધો ત્યાગ કરી ચારિત્ર સ્વીકારી ઉગ્ર સંયમ-તપશ્ચર્યા પાળી વૈભારગિરિ પર અનશન સ્વીકારી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયાં.




(૨૫) ભદ્રબાહુસ્વામી : અંતિમ ચૌદપૂર્વના જ્ઞાતા અને આવશ્યકાદિ દશ સૂત્રો પર નિર્યુક્તિના રચયિતા મહાપ્રાણ ધ્યાનને સાધનાર મહાપુરુષે વરાહમિહિરના અધકચરા જ્યોતિષ જ્ઞાનનો પ્રતિકાર કરી આકાશમાંથી માંડલાની વચ્ચે નહીં પરંતુ માંડલાના છેવાડે માછલું પડવું તથા રાજપુત્રનું ૧૦૦ વર્ષનું આયુષ્ય નહીં પરંતુ માત્ર સાત દિવસમાં બિલાડીના આગળિયાથી મોત થવુ. આદિ સચોટ ભવિષ્ય જણાવી જિનશાસનની પ્રભાવના કરી તથા વરાહમિહિરકૃત ઉપસર્ગને શાંત કરવા 'ઉવસગ્ગહરં' સ્તોત્રની રચના કરી. કલ્પસૂત્ર-મૂળસૂત્રના તેઓ રચયિતા છે.

જૈન સાઈટ
INSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્




(૨૬) દશાર્ણભદ્ર રાજા : દશાર્ણપુરના રાજા, નિત્ય ત્રિકાળપૂજાનો નિયમ હતો. એક વાર ગર્વસહિત અપૂર્વ ઋદ્ધિ સાથે વીરપ્રભુને વંદન કરવા જતાં ઈન્દ્રે અપૂર્વ સમૃદ્ધિ પ્રદર્શન કરી ગર્વ ખંડન કર્યું. તેથી વૈરાગી થઈ ચારિત્ર લીધું. અંતે સમ્યગ્ આરાધના કરી મોક્ષે પધાર્યા.




(૨૭) પ્રસન્નચંદ્ર રાજા : સોમચંદ્ર રાજા-ધારિણીના સંતાન,બાલકુંવરને રાજ્ય સોંપી ચારિત્ર લીધું. એકવાર રાજગૃહીમાં ઉદ્યાનમાં કાયોત્સર્ગ ધ્યાને હતા ત્યારે પ્રભુ વીરને વંદન કરવા નીકળેલ રાજા શ્રેણિકના અગ્રેસર બે સૈનિકોના મોઢે સાંભળ્યું કે 'મંત્રીઓ બેવફા થતા ચંપાનગરીનો રાજા દધિવાહન પોતાના બાળપુત્રને લડાઈમાં હણી રાજ્ય લઈ લેશે.' તેથી પુત્રમોહથી માનસિક યુદ્ધ કરતાં સાતમી નરક યોગ્ય કર્મ એકઠા કર્યાં. બધા શસ્ત્રો ખૂટી ગયા જાણી માથાનો લોખંડી ટોપ કાઢવા હાથ ફેરવે છે ત્યારે મુંડિત મસ્તકથી સાધુપણાનો ખ્યાલ આવતા પશ્ચાત્તાપ કરતાં કેવળજ્ઞાન પામ્યા.




(૨૮) યશોભદ્રસૂરિ : શય્યંભવસૂરિના શિષ્ય તથા ભદ્રબાહુસ્વામીના ગુરુદેવ, ચૌદપૂર્વના અભ્યાસી તેઓએ અનેક યોગ્ય સાધુઓને પૂર્વોની વાચના આપી. અંતે શત્રુંજયગિરિની યાત્રા કરી કાળધર્મ પામી સ્વર્ગે પધાર્યા.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





(૨૯) જંબૂસ્વામી : નિઃસ્પૃહ અને વૈરાગ્યવાસિત હોવા છતાં ઋષભદત્ત-ધારિણીના આ પુત્રને માતાના આગ્રહથી આઠ કન્યાઓ સાથે પરણવું પડ્યું. પણ પહેલી જ રાત્રે અતિવૈરાગ્યસભર ઉપદેશ આપી એ બધાને વૈરાગ્ય પમાડ્યો. એ સમયે પાંચસો ચોરો સાથે ચોરી કરવા આવેલ પ્રભવ ચોર પણ પીગળ્યા. બીજા દિવસે પ૨૭ સાથે જંબૂકુમારે સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. અવસર્પિણી કાળના ભરતક્ષેત્રના તેઓ છેલ્લા કેવળી થયા.




(૩૦) વંકચૂલ : વિરાટ દેશના રાજકુમાર પુષ્પચૂલ, પરંતુ જુગાર-ચોરી વગેરે વક્રતાના કારણે લોકોએ નામ વંકચૂલ પાડ્યું. પિતાએ દેશવટો આપતાં પત્ની-બહેન સાથે નીકળી જંગલમાં પલ્લીપતિ થયા. એકવાર આર્ય જ્ઞાનતુંગસૂરિજી પધારતા કોઈને ઉપદેશ ન આપવાની શરતે ચોમાસું કરાવ્યું. વિહાર કરતાં વંકચૂલની સરહદ ઓળંગી ત્યારે વંકચૂલની ઈચ્છાથી આચાર્ય ભગવંતે (૧) અજાણ્યા ફળ ખાવા નહીં (૨) પ્રહાર કરતા પહેલાં સાત ડગલા પાછા હટવું (૩) રાજરાણી સાથે ભોગ ભોગવવા નહી (૪) કાગડાનું માંસ ખાવું નહીં, એ ચાર નિયમો આપ્યા. અનેકવિધ કષ્ટો વચ્ચે પણ દૃઢતાથી નિયમપાલન કરી અનેક લાભો મેળવી વંકચૂલ સ્વર્ગવાસી થયા.




(૩૧) ગજસુકુમાલ : સાત-સાત પુત્રોને જન્મ આપવા છતાં એકેયનું લાલન પાલન કરવા ન મળવાથી વિષાદ પામેલા દેવકીએ કૃષ્ણને જણાવતા કૃષ્ણે હરિણૈગમેષી દેવની આરાધના કરી. મહર્દ્ધિક દેવ દેવકીની કુક્ષિમાં આવ્યા તે ગજસુકુમાલ. બાલ્યવયે વૈરાગ્ય પામ્યા પરંતુ મોહપાશમાં બાંધવા માત-પિતાએ લગ્ન કરાવ્યા. પરંતુ યુવાવયે જ નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ સ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા. 'દીકરીનો ભવ બગાડ્યો' એમ વિચારી સોમિલ સસરાએ માથે માટીની પાળ બાંધી ચિતામાંથી ધગધગતા અંગારા કાઢી માથે મૂક્યાં. સમતાભાવે અપૂર્વ કર્મનિર્જરા કરી અંતકૃત્ કેવળી થઈ મોક્ષે પધાર્યા.




(૩૨) અવંતિસુકુમાલ : ઉજ્જયિનીના વાસી ભદ્રશેઠ-ભદ્રાશેઠાણીના સંતાન, ૩૨ પત્નીઓના સ્વામી. એક વાર આર્યસુહસ્તિસૂરિને પોતાની યાનશાળામાં વસતિ આપી ત્યારે 'નલિનીગુલ્મ' અધ્યયન સાંભળતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, ચારિત્ર લીધું અને શરીરની સુકુમાળતાના કારણે લાંબો સમય ચારિત્ર પાળવાની અશક્તિના કારણે સ્મશાને કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા રહ્યા. સુકોમળ શરીરની ગંધથી આકર્ષાઈ શિયાળણી બચ્ચા સાથે આવી અને શરીરે બચકા ભરવા લાગી પરંતુ શુભ ધ્યાનમાં મગ્ન રહી કાળ કરી નલિનીગુલ્મવિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.




(૩૩) ધન્યકુમાર : ધનસાર-શીલવતીના સંતાન, ભાગ્યબળે અને બુદ્ધિબળે અખૂટ લક્ષ્મી ઉપાર્જન કરી હતી. એકવાર સાળા શાલિભદ્રની દીક્ષાની ભાવનાથી પત્ની સુભદ્રા રડતી હતી, ત્યારે તે કાયર છે કે એક-એક છોડે છે, આમ ટોણો માર્યો. 'કથની સહેલી છે, કરણી અઘરી છે', આવી પત્નીની વાત સાંભળી એક સાથે તમામ ભોગસામગ્રી ત્યાગી શાલિભદ્ર સાથે દીક્ષા લઈ ઉત્તમ આરાધના કરી અનુત્તર દેવલોકમાં ગયા.




www.jainsite.com For Private & Personal Use Only www.jainsite.com




(૩૪) ઇલાચીપુત્ર : ઈલાવર્ધન નગરના ઈભ્ય શેઠ-ધારિણીના પુત્ર. વૈરાગ્યવાસિત જોઈ પિતાએ હલકા મિત્રોની સોબત કરાવતા લંખીકાર નટની પુત્રી પર મોહાયા. નટે નાટ્યકળામાં પ્રવીણ થઇ રાજાને રીજવવાની શરત મૂકી. તેથી તેમની સાથે નટકળા શીખી બેનાતટના મહીપાળ રાજા પાસે નટકળા બતાવી. અદ્ભુત ખેલો કરવા છતાં નટડીમાં મોહાઇ રાજા વારંવાર ખેલ કરાવે છે ત્યારે પરસ્ત્રીલંપટતા અને વિષયવાસના પર વૈરાગ્ય આવ્યો, ત્યાં અત્યંત નિર્વિકારભાવે ગોચરી વહોરતા સાધુને જોઈ ભક્તિભાવ જાગ્યો અને ક્ષપકશ્રેણિએ ચડી કેવળજ્ઞાન પામ્યા.




(૩૫) ચિલાતીપુત્ર : રાજગૃહીમાં ચિલાતી દાસીનો પુત્ર. ધન સાર્થવાહને ત્યાં નોકરી કરે પણ અપલક્ષણ જોઈ કાઢી મૂકતા જંગલમાં ચોરોનો સરદાર થયો. 'ધન તમારું, શ્રેષ્ઠિપુત્રી સુસીમા મારી' એમ કરાર કરી ચોરોને સાથે લઈ ધાડ પાડી બધું ઉપાડી ચાલ્યાં. કોલાહલ થતાં રાજના સિપાઈઓ પાછળ પડ્યાં એટલે ધનના પોટલા મૂકી તથા સુસીમાનું માથુ કાપી ધડ મુકી ભાગ્યાં. રસ્તામાં મુનિરાજ મળતાં તલવારની અણીએ ધર્મ પૂછતાં 'ઉપશમ-વિવેક-સંવર' ત્રણ પદ આપી ચારણલબ્ધિથી સાધુમહારાજ ઉડ્યા. ચિલાતીપુત્ર ત્રણ પદોનું ધ્યાન ધરતાં ત્યાં જ શુભ ધ્યાનમાં મગ્ન થયાં. લોહીની વાસથી આવેલ કીડીઓનો ઉપદ્રવ અઢી દિવસ સહન કરી સ્વર્ગવાસી થયા.




(૩૬) બાહુમુનિ : જેમનું મૂળ નામ યુગબાહુ હતું. તે પાટલીપુત્રના વિક્રમબાહુ રાજા-મદનરેખા રાણીના પુત્ર. પૂર્વભવની જ્ઞાનપંચમીની આરાધનાના પુણ્યબળે સરસ્વતી દેવી અને વિદ્યાધરોની કૃપા પ્રાપ્ત થતાં અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી તથા ચાર પ્રશ્નોના પ્રત્યુત્તર આપવાની પ્રતિજ્ઞા પૂતળી પાસે કરાવી અનંગસુંદરી સાથે વિવાહ કર્યા. અંતે ચારિત્ર લઇ જ્ઞાનપંચમીની આરાધના કરી કેવળી બન્યા, ભવિકો પર ઉપકાર કરી મોક્ષે પધાર્યા.






(૩૭) આર્યમહાગિરિ અને (૩૮) આર્યસુહસ્તિસૂરિ : બંને શ્રી સ્થૂલભદ્રજીના દશપૂર્વી શિષ્યો હતા. આર્ય મહાગિરિએ ગચ્છમાં રહી જિનકલ્પની તુલના કરેલી, તેઓ કડકમાં કડક ચારિત્ર પાળતા તથા પળાવતા હતા. અંતે ગજપદ તીર્થે 'અનશન' કરી સ્વર્ગમાં ગયા. આર્ય સુહસ્તિસૂરિએ એક ભિક્ષુકને દુષ્કાળના સમયમાં ભોજનનિમિત્તક દીક્ષા આપેલી, જે પાછળથી સંપ્રતિ મહારાજ થયા અને અવિસ્મરણીય શાસનપ્રભાવના કરેલી. આચાર્યશ્રી પણ ભવ્ય જીવોને પ્રતિબોધ કરી વિશિષ્ટ શાસનપ્રભાવનાના કાર્યો કરી અંતે સ્વર્ગવાસી થયા.





(૩૯) આર્યરક્ષિતસૂરિ : બ્રાહ્મણ શાસ્ત્રોમાં પ્રકાંડ વિદ્વત્તા મેળવી રાજસન્માન પ્રાપ્ત કર્યું પણ આત્મહિતેચ્છુ માતાએ દૃષ્ટિવાદ ભણવાની પ્રેરણા કરતા આચાર્ય તોસલિપુત્ર પાસે આવી ચારિત્ર લઇ તેમની પાસે તથા વ્રજસ્વામિજી પાસેથી સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવ્યું. દશપુરના રાજા, પાટલિપુત્રના રાજા આદિને જૈન બનાવ્યા. પોતાના પરિવારને પણ દીક્ષા આપી અને આરાધનામાં સ્થિર કર્યાં. જૈન શ્રુતજ્ઞાનને દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગમાં વિભાજિત કર્યું. અંતે સ્વર્ગવાસી થયા.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




(૪૦) ઉદાયનરાજર્ષિ : વીતભય નગરીના રાજા હતા. પોતાની દાસી સહિત પ્રભુવીરની દેવકૃત જીવિત પ્રતિમા ઉપાડી ગયેલા ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતને યુદ્ધમાં હરાવી બંદી બનાવ્યા હતા, પરંતુ સાધર્મિક જાણી સંવત્સરીના દિવસે ક્ષમાપનાપૂર્વક છોડ્યા હતા. જો 'પ્રભુ પધારે તો દીક્ષા લઉં' એવા તેમના સંકલ્પને એજ દિવસે પ્રભુવીરે પધારી સફળ કર્યો. 'રાજેશ્વરી તે નરકેશ્વરી' એમ માની પુત્રને રાજ્ય ન આપતા ભાણેજ કેશીને રાજ્ય આપી અંતિમરાજર્ષિ બન્યા. એકવાર વિચરતા સ્વનગરમાં પધારતાં 'આ રાજ્ય પાછું લેવા આવ્યા છે ' એમ માની ભાણેજે વિષપ્રયોગ કર્યો તેમાં બે વાર બચ્યા, ત્રીજી વાર અસર થઈ પરંતુ શુભધ્યાનધારામાં આરૂઢ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.




(૪૧) મનક : શય્યંભવસૂરિના પુત્ર અને શિષ્ય. એમનું આયુષ્ય છ મહિના જેટલું અલ્પ હોવાથી ટૂંક સમયમાં સુંદર આરાધના કરી શકે તે માટે શય્યંભવસૂરિએ શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી. તેઓ છ મહિના ચારિત્ર પાળી દેવલોકે પધાર્યા.




(૪૨/૧) કાલકાચાર્ય : બહેન સરસ્વતી સાથે ગણધરસૂરિ પાસે દીક્ષા લીધી હતી. ઉજ્જયિનીના રાજા ગર્દભિલ્લે અત્યંત રૂપવતી સરસ્વતી સાધ્વીજી પર મોહાંધ થઈ અંતઃપુરમાં કેદ કર્યા ત્યારે ઘણી રીતે સમજાવવા છતાં ન માન્યા એટલે સૂરિજીએ વેશપરિવર્તન કરી ૯૬ શકરાજાઓને પ્રતિબોધ પમાડી ગર્દભિલ્લ પર ચડાઈ કરાવી. સાધ્વીજીને છોડાવ્યા. સૂરિજી અત્યંત પ્રભાવક પુણ્યપુરુષ હતા.

(૪૨/૨) કાલકાચાર્ય (૨) : પ્રતિષ્ઠાનપુરના રાજા શાલિવાહનની વિનંતીથી સંવત્સરી ચોથે પ્રવર્તાવી તથા સીમંધરસ્વામીએ ઈન્દ્ર આગળ 'નિગોદનું આબેહૂબ સ્વરૂપ આ કાલકસૂરિ કહી શકશે' તેમ જણાવતાં બ્રાહ્મણનું રૂપ લઈ ઈન્દ્ર આવેલ. આચાર્યે યથાર્થસ્વરૂપ જણાવતા ઈન્દ્ર પ્રસન્ન થયેલા.


જૈન સાઈટ
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્




(૪૩/૪૪) શાંબ અને પ્રદ્યુમ્ન : શ્રી કૃષ્ણના બંને પુત્રો, શાંબની માતા જંબૂવતી, પ્રદ્યુમ્નની માતા રૂક્મણી, બાળપણમાં અનેક લીલાઓ કરી, કૌમાર્યાવસ્થામાં વિવિધ પરાક્રમો કરી છેવટે પ્રભુ નેમિનાથ પાસે દીક્ષા લઈ શત્રુંજયગિરિ પર મોક્ષે ગયા હતા.




(૪૫) મૂળદેવ : કળાકુશળ પણ ભારે જુગારી, પિતાએ દેશવટો આપ્યો તેથી ઉજ્જયિનીમાં આવી દેવદત્તા ગણિકા અને કલાચાર્ય વિશ્વભૂતિનો પરાજય કર્યો. પુણ્યબળ, કળાબળ અને મુનિને દાનના પ્રભાવે વિષમપરિસ્થિતિ પસાર કરી હાથીઓથી સમૃદ્ધ વિશાલ રાજ્ય અને કલાપ્રિય ચતુર ગણિકા દેવદત્તાના સ્વામી થયા. પાછળથી વૈરાગ્ય પામી ચારિત્ર પાળી દેવલોકે ગયા. ભવિષ્યમાં મોક્ષે જશે.





(૪૬) પ્રભવસ્વામી : જંબૂસ્વામીને ત્યાં ચોરી કરવા જતાં પતિ-પત્ની વચ્ચેના વૈરાગ્યપ્રેરક સંવાદ સાંભળી પ્રતિબોધ પામી ૫૦૦ ચોરો સાથે દીક્ષા લીધી. જંબૂસ્વામી પછી શાસનનો સર્વભાર સંભાળનાર પૂજ્યશ્રી ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. જૈનશાસનની ધુરા સોંપવા શ્રમણ તથા શ્રમણોપાસક સંઘમાં વિશિષ્ટ પાત્ર વ્યક્તિત્વ ન દેખાતાં તેઓશ્રીએ શય્યંભવ બ્રાહ્મણને પ્રતિબોધી ચારિત્ર આપી શાસનનાયક બનાવ્યા હતા.




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com







(૪૭) વિષ્ણુકુમાર : પદ્મોતર રાજા – જ્વાલાદેવીના કુળદીપક, મહાપદ્મ ચક્રવર્તીના ભાઈ, દીક્ષા લઈ ઘોર તપ તપી અનેક લબ્ધિના ધારક બન્યા. શાસનદ્વેષી નમુચિએ શ્રમણ સંઘને ષટ્ખંડની હદ છોડી જવા જણાવ્યું ત્યારે મુનિવરે પધારી ઘણી સમજાવટ કરવા છતાં ન માનતા નમુચિ પાસે ત્રણ ડગલાં ભૂમિ માંગી. માંગણી સ્વીકારતા ૧ લાખ યોજનનું વિરાટ શરીર બનાવી એક પગ સમુદ્રના પૂર્વ કાંઠે, એક પગ સમુદ્રના પશ્ચિમકાંઠે મૂક્યો, ત્રીજો પગ ક્યાં મુકુ એમ કહીને તે પગ નમુચિના મસ્તકે મૂકી સંઘને ઉપદ્રવથી મુક્ત કર્યો. આલોચનાથી શુદ્ધ થઈ ઉત્તમચારિત્ર પાળી અંતે મોક્ષ પધાર્યા.




(૪૮) આર્દ્રકુમાર : આર્દ્રક નામના અનાર્યદેશના રાજકુમાર. પિતા આર્દ્રક અને શ્રેણીક રાજાની મૈત્રીને લંબાવવા અભયકુમાર સાથે મૈત્રીનો હાથ લંબાવ્યો ત્યારે હળુકર્મી જાણી અભયકુમારે રત્નમય જિનપ્રતિમા મોકલી. પ્રભુદર્શને જાતિસ્મરણ જ્ઞાન થતા આર્યદેશમાં આવી દીક્ષા લીધી. વર્ષો સુધી ચારિત્ર પાળ્યા બાદ ભોગાવલી કર્મનો ઉદય થતાં સંસારવાસ સ્વીકારવો પડ્યો. ફરી ચારિત્રનો ઉલ્લાસ થયો ત્યારે પુત્રસ્નેહે બીજા બાર વર્ષ સંસારમાં રોકી રાખ્યા બાદ ફરી દીક્ષા લઈ અનેકને પ્રતિબોધ પમાડી આત્મકલ્યાણ સાધ્યું હતું.




(૪૯) દૃઢપ્રહારી : યજ્ઞદત્ત બ્રાહ્મણનો પુત્ર કુસંગથી બગડી પ્રસિદ્ધ ચોર બન્યો. એકવાર લૂંટ ચલાવતા બ્રાહ્મણ ગાય, સગર્ભા સ્ત્રી એટલે કે સ્ત્રી + ગર્ભસ્થ બાળક એમ ચાર મહાહત્યા કરી. પરંતુ હૃદય દ્રવી જતાં ચારિત્ર લીધું અને જ્યાં સુધી પૂર્વ પાપની સ્મૃતિ થાય ત્યાં સુધી કાયોત્સર્ગ ધ્યાને રહેવાનો અભિગ્રહ લઈ હત્યાવાળા ગામની સીમમાં જ કાઉસ્સગ્ગમાં ઉભા રહ્યાં. અસહ્ય કઠોર શબ્દો કહી, પથ્થર રોડા, આદિનો ઘા કરી લોકોએ હેરાન કર્યા. પરંતુ બધું સમતાભાવે સહન કરી છ મહિનાના અંતે કેવળજ્ઞાન પામ્યા.





(૫૦) શ્રેયાંસકુમાર : બાહુબલીના પૌત્ર અને સોમયશ રાજાના દીકરા. શ્રી આદિનાથ પરમાત્માને વાર્ષિક તપ પછી ઈક્ષુરસથી પારણું જાતિ સ્મરણજ્ઞાની એવા તેમણે કરાવ્યું હતું. આત્મસાધના કરી અંતે સિદ્ધપદને પામ્યા.





જૈનમ્ જયતિ શાસનમ્

(૫૧) કૂરગડુ મુનિ : ધનદત્ત શ્રેષ્ઠિના પુત્ર, ધર્મઘોષસૂરિ પાસે નાની ઉંમરમાં દીક્ષિત થયા હતા. ક્ષમાગુણ અદ્ભુત હતો પણ તપશ્ચર્યા જરાય ન કરી શકે. એકવાર પર્વદિવસે પ્રાતઃ કાળમાં ઘડો ભરીને ભાત લઈ આવી વાપરવા બેઠા, ત્યાં સાથે રહેલ માસક્ષમણના તપસ્વી મુનિએ 'મને બળખો કાઢવાનું સાધન કેમ ન આપ્યું ?' હવે તમારા પાત્રમાં જ બળખો કાઢું તેમ કહી ભોજનમાં જ બળખો નાંખ્યો.' અન્યત્ર લાવેલ ગોચરી સાથેના ચાર તપસ્વીઓને બતાવવા તેમના ખાઉધરાપણાની નિંદા કરતાં તેમના પાત્રમાં થૂંક નાખે છે એવો નિર્દેશ આવે છે. કૂરગડુ મુનિએ અદ્ભુત ક્ષમા રાખી સ્વનિંદા કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.




(૫૨) શય્યંભવસૂરિ : પૂર્વાવસ્થામાં કર્મકાંડી બ્રાહ્મણ હતા, પરંતુ તેમની પાત્રતા દેખી પ્રભવસ્વામીએ બે સાધુ મોકલી પ્રતિબોધ કરી ચારિત્ર આપી શાસનની ધુરા સોંપી હતી. બાલપુત્ર મનક ચારિત્રના માર્ગે આવ્યો ત્યારે તેનું અલ્પ આયુ જાણી સિદ્ધાંતમાંથી ઉદ્ધરી શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી હતી. શાસનસેવાના અનેકવિધ કાર્યોથી જીવન સફળ બનાવ્યું હતું.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





(૫૩) મેઘકુમાર : શ્રેણિક રાજાની ધારિણી નામની રાણીના પુત્ર. આઠ રાજકુમારીને પરણ્યા હોવા છતાં પ્રભુવીરની દેશનાથી પ્રતિબોધ પામી ચારિત્ર સ્વીકાર્યું. નવદીક્ષિત મુનિનો સંથારો છેલ્લે થવાથી આખી રાત સાધુઓની અવરજવરથી ધૂળ ઉડવાથી નિદ્રા આવી નહીં તેથી ચારિત્ર નહીં પળાય તેમ સમજી રજોહરણ પાછું સોંપવા વિચાર્યું. સવારે પ્રભુએ સામેથી બોલાવી કરેલું દુર્ધ્યાન જણાવી પૂર્વના હાથીના ભવમાં સસલાને બચાવવાની દયાથી કેવા કષ્ટ સ્વીકાર્યા હતા, તે જણાવ્યું. પ્રતિબોધ પામી આંખ અને પગ સિવાય શરીરના કોઈ અંગોનો ઉપચાર ન કરાવવાની ઘોર પ્રતિજ્ઞા લઈ નિર્મળ ચારિત્ર પાળી સ્વર્ગવાસી થયા.




(૧) સુલસા : શ્રેણિકના લશ્કરના મુખ્ય રથિક નાગરથના ધર્મપત્ની. પ્રભુ મહાવીરદેવ પ્રત્યે પરમભક્તિ અને શ્રદ્ધા ધરાવતા હતાં. દેવસહાયથી થયેલા ૩૨પુત્રો એક સાથે શ્રેણિકની રક્ષા માટે ખપી ગયા છતાં ભવસ્થિતિ વિચારી પોતે શોક કર્યો નહીં અને પતિને પણ ન કરવા દીધો. પ્રભુ વીરે અંબડ સાથે ધર્મલાભ કહેવડાવ્યા ત્યારે અંબડે ઈન્દ્રજાળથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા તીર્થંકરની સમવસરણ ઋદ્ધિ વિકુર્વી પણ સુલસા જરાય શ્રદ્ધાની દૃઢતાથી ચલિત ન થઈ તેથી ઘરે જઈ ધર્મલાભ પહોંચાડ્યા. દેવકૃત સમ્યક્ત્વ પરીક્ષામાં લક્ષપાક તેલનાં ૪ બાટલા ફુટવા છતાં કષાય ન કર્યો. મૃત્યુ પામી દેવલોકમાં ગયા. આવતી ચોવીશીમાં નિર્મમ નામે ૧૫માં તીર્થંકર થશે.

જૈન સાઈટ
jainsite
જૈનમ્ જયતિ શાસનમ્




(૨) ચંદનબાલા : ચંપાપુરીના દધિવાહન રાજા–ધારિણી રાણીની કુલદીપિકા. કૌશાંબીના રાજા શતાનિકના હુમલામાં પિતા ભાગી ગયા, માતાએ શીલરક્ષણાર્થે બલિદાન આપ્યું. અને તે ઉભી બજારે વેચાઈ. ધનાવહ શેઠે ખરીદી દીકરી તરીકે ઘરે રાખી, પરંતુ શ્રેષ્ઠિપત્ની –મૂળાની શંકા થઈ કે ભવિષ્યમાં શેઠ આની સાથે લગ્ન કરશે. તેથી મુંડન કરી, પગે બેડી નાખી, અંધારિયા ઓરડામાં પુરી. ૩ દિવસે શેઠને ખબર પડતાં સૂપડામાં અડદના બાકુળા આપી બેડી તોડવા લુહારને બોલાવવા ગયા. ત્યાં પ્રભુ વીરના અભિગ્રહની પૂર્તિ કરી બાકુળા વહોરાવતાં પંચદિવ્ય પ્રગટ થયાં. આખરે પ્રભુ વીરના હસ્તે દીક્ષિત થઈ ૩૬,૦૦૦ સાધ્વીઓના વડેરા થયા, અનુક્રમે કેવળી થઈ મોક્ષે ગયા.




(૩) મનોરમા : સુદર્શન શેઠના પતિવ્રતા પત્ની, જેમના કાઉસગ્ગધ્યાને શાસનદેવતાને સહાય માટે આકર્ષ્યા હતા.




(૪) મદનરેખા : મણિરથ રાજાના લઘુબંધુ યુગબાહુના અત્યંત સ્વરૂપવાન શીલવાન ધર્મપત્ની. મણિરથે મદનરેખાને ચલિત કરવા અનેક પ્રયત્નો કર્યા. તેમાં નિષ્ફળ જતાં છેવટે યુગબાહુનું ખૂન કર્યું. પતિને અંત સમયે અદ્‌ભુત સમાધિ આપી ગર્ભવતી મદનરેખા નાસી છૂટી. જંગલમાં જઈ એક પુત્રને જન્મ આપ્યો. જે પાછળથી નમિરાજર્ષિ થયા. ત્યારબાદ મદનરેખાએ દીક્ષા લઈ આત્મકલ્યાણ સાધ્યું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com






(૫) દમયંતી : વિદર્ભનરેશ ભીમરાજાના પુત્રી અને નળરાજાના ધર્મપત્ની. પૂર્વભવમાં અષ્ટાપદ પર ચોવીસે ય ભગવાનને સુવર્ણમય તિલક ચડાવ્યા હોવાથી કપાળમાં સ્વયં પ્રકાશિત તિલક જન્મથી હતું. નળરાજા જુગારમાં હારી જતાં બંને જણાએ વનવાસ સ્વીકાર્યો. જ્યાં બાર વર્ષનો બંને વચ્ચે વિયોગ થયો. અનેક સંકટોની વચ્ચે શીલપાલન કરી છેવટે નલ સાથે મિલન થયું. અંતે ચારિત્ર લઈ સ્વર્ગવાસી થઈ બીજા ભવમાં કનકવતી નામે વસુદેવના પત્ની બની મોક્ષે ગયા.




(૬) નર્મદાસુંદરી : પિતા સહદેવ અને પતિ મહેશ્વરદત્ત. સ્વપરિચયથી સાસુ – સસરાને દૃઢ જૈનધર્મી કર્યા. સાધુ પર પાનની પિચકારી ઉડવાથી પતિ વિયોગથી ભવિષ્ણવાણી મળી, ભવિષ્યવાણી સફળ થતા પતિવિયોગે શીલ પર અનેક આફતો આવી પણ કષ્ટો વેઠીને પણ સહનશીલતા અને બુદ્ધિના પ્રભાવે શીલ સાચવ્યું. અંતે ચારિત્ર લઈ અવધિજ્ઞાની બન્યા અને પ્રવર્તિની પદ શોભાવ્યું.




(૭) સીતા : વિદેહરાજ જનકના પુત્રી અને રામચંદ્રજીના પત્ની. અપરસાસુ કૈકેયીને દશરથે આપેલ વરદાનથી રામસાથે વનવાસ સ્વીકાર્યો. રાવણે અપહરણ કર્યું. વિકટ સંયોગો વચ્ચે શીલરક્ષા કરી. રામાયણના યુદ્ધ બાદ અયોધ્યા પાછા ફર્યા ત્યાં લોકનિંદા થતા રામચંદ્રજીએ ગર્ભિણી અવસ્થામાં જંગલમાં મૂક્યાં. સંતાનોએ પિતા–કાકા સાથે યુદ્ધ કરી પરાક્રમ દાખવી પિતૃકુળને જગાવ્યું. પછી સતીત્વ અંગે અગ્નિપરીક્ષા આપી. વિશુદ્ધ શીલવતી જાહેર થયા કે તુરંત ચારિત્ર લઈ બારમા દેવલોકે ઈન્દ્ર બન્યાં. ત્યાંથી ચ્યવી રાવણનો જીવ તીર્થંકર થશે, તેના ગણધર બની મોક્ષે પધારશે.





(૮) નંદા : શ્રેણિકરાજા પિતાથી રિસાઈને ગોપાળ નામધારણ કરી બેનાતટ ગયેલા ત્યારે ધનપતિ શેઠની પુત્રી નંદાને પરણ્યા હતા. નંદાને અભયકુમાર પુત્ર હતા. જેમણે વર્ષોના વિયોગ પછી માત–પિતાનું મિલન કરાવેલું. અખંડ શીલપાલન કરી આત્મકલ્યાણ સાધ્યું હતું.




(૯) ભદ્રા : શાલિભદ્રના માતા, પરમજૈનધર્મના અનુરાગિણી હતા. પતિ–પુત્ર વિયોગમાં શીલધર્મ પાળી આત્મકલ્યાણ કર્યું સાધ્યું હતું.




(૧૦) સુભદ્રા : જિનદાસ પિતા અને તત્ત્વમાલિની માતાની ધર્મપરાયણ સુપુત્રી. તેના સાસરિયા બૌદ્ધ હોવાથી અનેક પ્રકારે સતાવતા હતા. પરંતુ તે પોતાના ધર્મથી ચલાયમાન ન થયા. એક વખત વહોરવા પધારેલા એક જિનકલ્પી મુનિની આંખમાં પડેલું તણખલું કાઢતાં કપાળના ચાંલ્લાની છાપ તે સાધુના કપાળ પર પડી અને સતીના માથે આળ આવ્યું. તે દૂર કરવા શાસનદેવીની આરાધના કરતાં બીજે દિવસે નગરના દરવાજા બંધ થઈ ગયા. આકાશવાણી થઈ કે 'જો કોઈ સતી સ્ત્રી કાચા સૂતરના તાંતણાથી ચાળણી વડે કૂવામાંથી પાણી કાઢીને છાંટશે તો આ દરવાજા ઉઘડશે.' અન્ય સ્ત્રીઓ ન કરી શકતા છેલ્લે સતી સુભદ્રાએ આ કાર્ય કરી બતાવ્યું અને શીલધર્મનો જયજયકાર ફેલાવ્યો. આખરે દીક્ષા લઈ મોક્ષગામી થયા.




(૧૧) રાજિમતી : ઉગ્રસેન રાજાના સૌંદર્યવતી પુત્રી અને નેમિનાથ પ્રભુના વાગ્દત્તા. હરણિયાઓનો પોકાર સાંભળી નેમિકુમાર પાછા ફર્યા પછી મનથી તેમનું જ શરણ લઈ સતીત્વ પાળી ચારિત્ર લીધું. શ્રી નેમિનાથ પ્રભુના લઘુબંધુ રથનેમિ ગુફામાં નિર્વસ્ત્ર અવસ્થામાં તેમને જોઈ વિચલિત બન્યા ત્યારે સુંદર હિતશિક્ષા આપી સંયમમાં સ્થિર કર્યા. સતી છેવટે કર્મક્ષય કરી મુક્તિપદને વર્યા.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com








(૧૨) ઋષિદત્તા : હરિષેણ તાપસની અત્યંત સૌંદર્યવતી પુત્રી અને કનકરથ રાજાના ધર્મપત્ની. કર્મોદયે શોક્યે સુલસા યોગિની દ્વારા ડાકણનું કલંક લગાડાવ્યું હતું તેના કારણે ઘણા કષ્ટો સહવા પડ્યા. પરંતુ પ્રભુભક્તિ અને શીલધર્મના પ્રભાવે તમામમાંથી પાર ઉતર્યા. છેવટે સંયમ ધારણ કરી સિદ્ધિપદને વર્યા.

(૧૩) પદ્માવતી : ચેડા રાજાના પુત્રી અને ચંપાપુરીના દધિવાહન રાજાના ધર્મપત્ની. સગર્ભાવસ્થામાં 'હાથીની અંબાડી પર બેસી રાજાથી છત્ર ધરાતા પોતે વનવિહાર કરે' તેવો દોહદ થતાં તેને પૂર્ણ કરવા વ્યવસ્થા થઈ પરંતુ જંગલ દેખી હાથી ભાગી છૂટતા રાજા એક વૃક્ષની ડાળી પકડી લટકી પડ્યાં પરંતુ રાણી તેમ ન કરી શકતા છેવટે હાથી પાણી વાપરવા ઉભો રહ્યો ત્યારે ઉતરી તાપસના આશ્રમમાં ગયા. ત્યાંથી સાધ્વીજીનો પરિચય થતાં ગર્ભની વાત જણાવ્યા વગર દીક્ષા લીધી. પાછળથી ગુપ્ત રીતે બાળકનો જન્મ કરાવી સ્મશાનમાં મૂકાવ્યો જે પ્રત્યેક બુદ્ધ કરકંડૂ થયા. એક વખત થઈ રહેલ પિતા-પુત્રના યુદ્ધને ત્યાં જઈ સાચી હકીકત જણાવી અટકાવ્યું. નિર્મળ ચારિત્ર પાળી અંતે આત્મકલ્યાણ સાધ્યું.




(૧૪) અંજનાસુંદરી : મહેન્દ્ર રાજા-હૃદયસુંદરી રાણીની પુત્રી, પવનંજયના ધર્મપત્ની, નાનીશી વાતને મોટું સ્વરુપ આપી લગ્ન પછી ૨૨ વર્ષ સુધી પવનંજયે તરછોડી હતી છતાં અખંડ શીલપાલન અને ધર્મધ્યાન કર્યું. યુદ્ધમાં ગયેલા પતિ ચક્રવાક મિથુનની વિરહ-વિહ્વલતા જોઈ ગુપ્ત રીતે અંજના પાસે આવ્યાં પરંતુ તે મિલન પરિણામે આફતદાયી બન્યું. ગર્ભવતી બનતાં કલંકિની જાહેર કરી સાસુ-સસરાએ પિતાને ઘરે મોકલી, તો ત્યાંથી પણ વનમાં ધકેલાઈ. વનમાં તેજસ્વી 'હનુમાન' પુત્રને જન્મ આપ્યો. શીલપાલનમાં અડગ સતીને શોધવા નીકળેલા પતિને વર્ષો પછી ઘણી મહેનતે મેળાપ થયો. આખરે બંને જણ ચારિત્ર લઈ મુક્તિપદને વર્યા.




(૧૫) શ્રીદેવી : શ્રીધર રાજાની પરમશીલવતી સ્ત્રી. વિદ્યાધરે અને દેવે અપહરણ કરી શીલથી ડગાવવા ઘણી કોશિષ કરી પણ પર્વતની જેમ નિશ્ચલ રહ્યા. છેવટે ચારિત્ર લઈ પાંચમા દેવલોકે ગયા.




(૧૬) જયેષ્ઠા : ચેડા રાજાની પુત્રી, પ્રભુવીરના મોટાભાઈ નંદિવર્ધન રાજાની ધર્મપત્ની, પ્રભુ વીરના બારવ્રતધારી શ્રાવિકા, એમના અડગ શિયલની શક્રેન્દ્રે પ્રશંસા કરતાં એક દેવે ઘણી જ ભયંકર કસોટી કરેલી, પરંતુ અણિશુદ્ધ પાર ઉતરતાં મહાસતી જાહેર કરી. દીક્ષા લઈ કર્મ ખપામી શિવપુરમાં (મોક્ષમાં) પધાર્યા.





(૧૭) સુજ્યેષ્ઠા : ચેડા રાજાની પુત્રી. સંકેત પ્રમાણે તેને લેવા આવેલ શ્રેણિક રાજા ભૂલથી તેની બહેન ચેલ્લણાને લઈ ચાલતા થયા તેથી વૈરાગ્ય પામી શ્રી ચંદનબાળા પાસે દીક્ષા લીધી. એકવાર અગાસીમાં આતાપના કરતા તેમના રૂપથી મોહ પામી પેઢાલ વિદ્યાધરે ભમરાનું રુપ કરી યોનિ પ્રવેશ કરી શુક્ર તેના અજાણતા મૂક્તાં ગર્ભ રહ્યો પરંતુ જ્ઞાની મહાત્માએ સત્ય જણાવી શંકા દૂર કરી. તીવ્ર તપશ્ચર્યા કરી કર્મ ખપાવી મોક્ષમાં ગયાં.




(૧૮) મૃગાવતી : ચેડા રાજાની પુત્રી અને કૌશાંબીના શતાનીકની ધર્મપત્ની. રૂપલુબ્ધ ચંડપ્રદ્યોતે ચડાઈ કરી ત્યારે શતાનીક તે જ રાત્રે અપસ્મારના રોગથી મૃત્યુ પામ્યો. ભોગની આશા બતાવી ચંડપ્રદ્યોત પાસે જ કિલ્લો મજબૂત કરાવી અનાજ-પાણી ભરાવડાવી કિલ્લાના દ્વાર બંધ કરાવી પ્રભુવીરની રાહ જોવા લાગી. પ્રભુ પધારતા દરવાજા ખોલાવી દેશના સાંભળતા વૈરાગ્ય પામી દીક્ષા લીધી. એકવાર સૂર્ય-ચંદ્ર મૂળ વિમાને દર્શન માટે આવતા પ્રકાશને લીધે રાત્રિનો ખ્યાલ ન આવતાં વસ્તીમાં આવવામાં મોડું થતાં આર્યા ચંદનબાળાએ ઠપકો આપવાથી પશ્ચાતાપ કરતા કેવળજ્ઞાન પામ્યા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





(૧૯) પ્રભાવતી : ચેડા રાજાની પુત્રી અને સિંધુ-સૌવીરના રાજર્ષિ ઉદાયનની ધર્મપત્ની. કુમારનંદી દેવે બનાવેલ જીવિતસ્વામિની પ્રતિમાની પેટી તેમના હાથે જ ખુલી. તે પરમાત્માને મંદિરમાં પધરાવી રોજ અપૂર્વ જિનભક્તિ કરતા. એકવાર દાસી પાસે મંગાવેલ વસ્ત્રો મંગાવેલ રંગના જ હોવા છતાં અન્ય વર્ણના દેખાવાથી તથા નૃત્યભક્તિ સમયે ધડ મસ્તક વિનાનું દેખાવાથી મૃત્યુ નજીક જાણી પ્રભુવીર પાસે દીક્ષા લઈ દેવલોકમાં ગયા.




(૨૦) ચેલ્લણા : ચેડા મહારાજાની પુત્રી તથા શ્રેણિકરાજાની ધર્મપત્ની. પ્રભુ મહાવીરદેવની પરમશ્રાવિકા તથા પરમધર્માનુરાગિણી હતા. એક વાર શિયાળાની તીવ્ર ઠંડીમાં તળાવના કિનારે ખુલ્લા દેહે આખી રાત કાયોત્સર્ગ ધ્યાનમાં રહેનાર સાધુની ચિંતા કરતા શ્રેણિકને તેના શીલ પર વહેમ આવ્યો હતો પરંતુ પ્રભુવીરના વચનથી અખંડ શીલવતી જાણી તે દૂર થયો હતો. વિશુદ્ધ આરાધના કરી આત્મકલ્યાણ સાધ્યું હતું.




(૨૧-૨૨) બ્રાહ્મી સુંદરી : ઋષભદેવ ભગવાનની વિદુષી પુત્રીઓ, એક લિપિજ્ઞાનમાં અને બીજી ગણિતમાં પ્રવીણ હતી. સુંદરીએ ચારિત્ર મેળવવા ૬૦,૦૦૦ વર્ષ સુધી આયંબિલનો તપ કરેલો. બંને બહેનોએ દીક્ષા લઈ જીવન ઉજ્જવળ કરેલું. બાહુબલીને ઉપદેશ આપવા બંને સાધ્વી બહેનો સાથે ગયા હતા. અંતે મોક્ષમાં પધાર્યાં.




(૨૩) રુક્મિણી : કૃષ્ણની પટ્ટરાણીથી ભિન્ન વિશુદ્ધ શીલવંતા સન્નારી.




(૨૪) રેવતી : ભગવાન મહાવીર સ્વામીના પરમશ્રાવિકા. ગોશાળાની તેજોલેશ્યાથી પ્રભુને છ મહિના સુધી થયેલી અશાતના કાળમાં ભક્તિભાવથી કોળાપાક વહોરાવી પ્રભુવીરને શાતા આપી તીર્થંકર નામગોત્ર બાંધ્યું હતું. આવતી ચોવીસીમાં સમાધિ નામના સત્તરમાં તીર્થંકર થશે.




(૨૫) કુંતી : પાંચ પાંડવોના માતા. અનેક કષ્ટમય પ્રસિદ્ધ જીવન પ્રસંગો વચ્ચે પણ ધર્મશ્રદ્ધાની જ્યોત જલતી રાખી હતી. છેવટે પુત્રો અને પુત્રવધૂ સાથે ચારિત્ર લઈ મોક્ષે ગયા હતા.




(૨૬)શિવાદેવી : ચેડા મહારાજાના પુત્રી અને ચંડપ્રદ્યોત રાજાના પરમશીલવતી પટ્ટરાણી. દેવકૃત ઉપસર્ગમાં પણ અચલ રહેલા. ઉજ્જયિની નગરીમાં પ્રગટતો અગ્નિ આ સતીના હાથે પાણી છંટાવવાથી શાંત થઈ જતો. આખરે ચારિત્ર લઈ સિદ્ધિપદ પામ્યા.




(૨૭) જયંતિ : શતાનિક રાજાની બહેન અને રાણી મૃગાવતીની નણંદ. તત્ત્વજ્ઞ અને વિદુષી આ શ્રાવિકાએ પ્રભુવીરને કેટલાક તાત્ત્વિક પ્રશ્નો પૂછ્યા હતા અને પ્રભુવીરે તેના પ્રત્યુત્તર આપ્યા હતા. તે કૌશાંબીમાં પ્રથમ શય્યાતર તરીકે પ્રસિદ્ધ હતી. અંતે દીક્ષા લઈ સિદ્ધિગતિને વર્યા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




(૨૮) દેવકી : વસુદેવના પત્ની અને શ્રીકૃષ્ણના માતા. 'દેવકીનો પુત્ર કંસને મારશે' એમ કોઇ મુનિના કથનથી જાણવાથી તેના છ પુત્રોને ભાઈ કંસે મારી નાખવા લઈ લીધેલ. સાતમું સંતાન કૃષ્ણ-દેવકીની પુત્રપાલનની અતિ ઈચ્છાથી હરિણૈગમેષી દેવને પ્રસન્ન કરી કૃષ્ણે ગજસુકુમાલ સંતાન અપાવ્યો. જેણે કુમળી વયમાં દીક્ષા લીધી ત્યારે 'ભવચક્રની છેલ્લી મા બનાવજે' તેવું વરદાન લીધું. દેવકીએ સમ્યક્ત્વ સહિત બારવ્રત પાળી આત્મકલ્યાણ કર્યું હતું.




(૨૯) દ્રૌપદી : પૂર્વકૃત નિયાણાના પ્રભાવે પાંચ પાંડવોના પત્ની બન્યા. નારદે ગોઠવી આપેલા વારા પ્રમાણે જ્યારે જે પતિની સાથે રહેવાનું થાય, તેનાથી અન્ય સાથે ભાઈવત્ વ્યવહાર પાળવાનું અતિદુષ્કર કાર્ય સાધ્યું હોવાથી મહાસતી કહેવાયા. અનેક કષ્ટો વચ્ચે પણ શીલને અખંડ જાળવી, ચારિત્ર લઈ અંતે દેવલોકમાં ગયા.




(૩૦) ધારિણી : ચંદનબાળાજીના માતા, એકવાર શતાનીક રાજા નગર પર ચડી આવતા પોતાની નાની પુત્રી વસુમતી સાથે ભાગી છુટી પરંતુ સૈનિકોના સુકાનીના હાથમાં આવી. તેણે જંગલમાં અનુચિત માંગણી કરી ત્યારે શીલરક્ષા માટે જીભ કચડીને પ્રાણત્યાગ કર્યો હતો.




(૩૧) કલાવતી : શંખ રાજાના શીલવતી સ્ત્રી. ભાઈએ મોકલેલા કંકણોની જોડી પહેરી પ્રશંસાના ઉચ્ચારાયેલા વાક્યોથી ગેરસમજૂતી થતા પતિને શીલ પર શંકા આવતા કંકણ સહિત કાંડા કાપવા હુકમ કર્યો. મારાઓએ જંગલમાં લઈ જઈ તેમ કર્યું પરંતુ શીલના પ્રભાવે તેના હાથ હતા તેવા ને તેવા થઈ ગયા. જંગલમાં પુત્રને જન્મ આપ્યો અને તાપસોના આશ્રમે આશ્રય લીધો. કંકણ પરનું નામ વાંચી શંકા દૂર થતાં રાજા ઘણું પસ્તાયો અને ઘણા વર્ષો બાદ બંનેનો મેળાપ થયો પણ ત્યારે જીવનરંગ પલટાઈ જવાથી દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું અને દેવલોકે પધાર્યા. શંખ-કલાવતી છેવટે પૃથ્વીચંદ્ર-ગુણસાગર થઈ મોક્ષે ગયા.




(૩૨) પુષ્પચૂલા : પુષ્પચૂલ-પુષ્પચૂલા બંને જોડિયા ભાઈ-બહેનોને અતિશય સ્નેહ હોવાથી પિતાએ બંનેના વિવાહ કરાવ્યા. અઘટિત ઘટતું જોઈ માતાને આઘાત લાગતાં દીક્ષા લઈ સ્વર્ગે ગયાં, ત્યાંથી સ્વર્ગ-નરકના સ્વપ્નો દેખાડી પુષ્પચૂલાને પ્રતિબોધિત કરી અર્ણિકાપુત્ર આચાર્ય પાસે દીક્ષા લેવડાવી. સ્થિરવાસ સેવતા અર્ણિકાપુત્ર આચાર્યની બહુમાનપૂર્ણ સેવા - ભક્તિ કરતાં એક દિવસ કેવલજ્ઞાન થયું. ત્યારબાદ આચાર્યશ્રીને ખ્યાલ ન આવ્યો ત્યાં સુધી વૈયાવચ્ચ કરતા રહ્યાં. અંતે સિદ્ધિપદને પામ્યા.




(૩૩) પદ્માવતી-ગૌરી-ગાંધારી -લક્ષ્મણા-સુસીમા-જંબૂવતી-સત્યભામા અને રુક્મિણી : આ આઠે કૃષ્ણની અલગ-અલગ દેશમાં જન્મેલી પટ્ટરાણીઓ હતી. જુદા જુદા સમયે થયેલી શીલની કસોટીમાં દરેક પાર ઉતર્યા હતા. છેવટે દરેકે દીક્ષા લઈને આત્મ-કલ્યાણ કર્યું હતું.




(૩૪) યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા વેણા, રેણા : સ્થૂલભદ્રજીની સાત બહેનો. સ્મરણ શક્તિ ઘણી તીવ્ર. ક્રમશઃ એક, બે, ત્રણ યાવત્ સાત વખત સાંભળે તો યાદ રહી જાય. સાતે બહેનોએ દીક્ષા અંગીકાર કરેલી. યક્ષાસાધ્વીની પ્રેરણાથી ભાઈમુનિ શ્રીયક પર્વતિથિનો ઉપવાસ કરતાં કાળ પામીને દેવલોકે ગયા. ત્યારે સંઘસહાયથી પ્રાયશ્ચિત માટે શ્રી સીમંધરસ્વામી પાસે ગયા આશયશુદ્ધિના કારણે પ્રાયશ્ચિત ન આપ્યું પણ ભગવાને ભરત ક્ષેત્રના સંઘ માટે ચાર અધ્યયન આપ્યા. સાતે બહેન સાધ્વીઓ પૂર્વ ભણતા એવા સ્થૂલભદ્ર-સ્વામીને એકવાર વંદન કરવા ગયેલા ત્યારે અહંકારથી તેઓ સિંહનું રૂપ લઈને બેઠેલા. ગુર્વાજ્ઞાથી ફરી વંદન કરવા ગયા ત્યારે મૂળરૂપમાં આવી ગયા હતા. સાતે ય સાધ્વીઓએ નિર્મળ સંયમજીવન પાળી આત્મકલ્યાણ સાધ્યું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૫૦ 'શ્રી સકલતીર્થ વંદના સૂત્ર'



પ્રતિક્રમણ વખતે
બોલવાની મુદ્રા



અપવાદિક મુદ્રા.

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી સકલતીર્થ સૂત્ર |
| ગૌણ નામ | : શ્રી તીર્થ વંદના સૂત્ર |
| ગાથા | : ૧૫ |
| પદ | : ૬૦ |
| સંપદા | : ૬૦ |
| ગુરુ અક્ષર | : ૫૫ |
| લઘુ અક્ષર | : ૫૭૮ |
| સર્વ અક્ષર | : ૬૩૩ |



**વિષય :** ત્રણલોકવર્તી-શાશ્વત-અશાશ્વત અરિહંતપ્રભુના ચૈત્ય અને બિંબોને વંદના તથા ગુરુને વંદના.

## છંદનું નામઃ ચોપાઇ; રાગ- 'દુઃખમે સુમિરન સબ કરે, સુખમે કરે ન કોય..' (કબીર દુહા)

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારી અર્થ |
|---|---|---|
| સકલ તીર્થ વંદું કર જોડ, | સકલ તીર્-થ વન્-દુમ્ કર-જોડ, | સર્વ તીર્થોને વંદના કરું છું. |
| જિનવર-નામે મંગલ કોડ । | જિન-વર નામે મઙ્-ગ-લ કોડ । | જિનેશ્વર ભગવંતના નામથી મંગલ ક્રોડો પ્રવર્તે છે. |
| પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, | પહેલે સ્વર્-ગે લાખ બત્-રીશ, | પહેલા દેવલોકમાં લાખ બત્રીશ, |
| જિનવર ચૈત્ય નમું નિશદીશ ॥૧॥ | જિન-વર ચૈ-ત્ય નમું નિશ-દીશ ॥૧॥ | જિન-મંડપ ચૈત્યોને વંદના કરું છું હંમેશા. ૧. |

**અર્થ :-** સર્વ તીર્થોને હું હાથ જોડીને વંદના કરું છું જિનેશ્વર ભગવંતના માત્ર નામસ્મરણના પ્રભાવથી ક્રોડો મંગલ વર્તાય છે અર્થાત્ અપમંગલની શ્રેણીઓ નાશ પામે છે. પહેલા દેવલોકમાં બત્રીશ લાખ પ્રમાણ જિનમંદિર છે, તેને હું વંદના કરૂં છું. ૧.

| | | |
|---|---|---|
| બીજે લાખ અટ્ઠાવીશ કહ્યાં, | બીજે-લાખ-અટ્-ઠાવીશ-કહ્-યાં, | બીજે સ્વર્ગે લાખ અટ્ઠાવીશ કહ્યાં છે, |
| ત્રીજે બાર લાખ સદ્દહ્યાં । | ત્રીજે-બાર-લાખ-સદ્-દહ્-યાં । | ત્રીજે બાર લાખ વર્ણવ્યા છે, |
| ચોથે સ્વર્ગે અડલખ ધાર, | ચોથે સ્વર્-ગે અડ-લખ ધાર, | ચોથે સ્વર્ગે આઠ લાખ ધારણ કરવા, |
| પાંચમે વંદું લાખ જ ચાર ॥૨॥ | પાઞ્-(પાન્)-ચમે વન્-દું લાખ જ ચાર ॥૨॥ | પાંચમે સ્વર્ગે વંદું છું લાખ ચાર ચૈત્યોને. ૨. |

**અર્થ :-** બીજા દેવલોકમાં અટ્ઠાવીશ (અટ્ઠાવીશ) લાખ ત્રીજો દેવલોકમાં બાર લાખ, ચોથા દેવલોકમાં આઠ લાખ, પાંચમા દેવલોકમાં ચાર લાખ એવા જિનેશ્વરભગવંતોના જિનમંદિર વર્ણવ્યા છે, તેને હું વંદન કરૂ છું. ૨.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| છટ્ઠે સ્વર્ગે સહસ પચાશ, | છટ્-ઠે સ્વર્-ગે સહસ પચાશ, | છટ્ઠા સ્વર્ગમાં હજાર પચાશ, |
| સાતમે ચાલીશ સહસ પ્રાસાદ । | સા-તમે ચાલી-શ સહસ પ્રા-સાદ । | સાતમાં સ્વર્ગમાં ચાલીશ હજાર જિન-ચૈત્યો, |
| આઠમે સ્વર્ગે છ હજાર, | આઠમે સ્વર્-ગે છ હજાર, | આઠમા સ્વર્ગમાં છ હજાર, |
| નવ દશમે વંદું શત ચાર ॥૩॥ | નવ-દશ-મે વન્-દું શત ચાર ॥૩॥ | નવમાં દશમાં સ્વર્ગમાં વંદું છું ચારસો. ૩. |

**અર્થ :-** છટ્ઠા દેવલોકમાં પચ્ચાસ હજાર, સાતમા દેવલોકમાં ચાલીશ હજાર, આઠમા દેવલોકમાં છ હજાર, નવમા દેવલોકમાં ચારસો અને દશમાં દેવલોકમાં ચારસો એવા શ્રી જિનવરના જિનમંદિરો છે, હું વંદના કરું છું. ૩.

| | | |
|---|---|---|
| અગ્યાર-બારમે ત્રણશેં સાર, | અગ્-યાર-બાર-મે ત્રણ-શેં સાર, | અગ્યાર-બારમા દેવલોકમાં ત્રણસો સારભૂત, |
| નવ ગ્રૈવેયકે ત્રણશેં અઢાર । | નવ-ગ્રૈવે-યકે ત્રણ-શેં અઢાર । | નવ ગ્રૈવેયકમાં ત્રણસો અઢાર, |
| પાંચ અનુત્તર સર્વે મલી, | પાઞ્-(પાન્)-ચ અનુત્-તર સર્-વે મળી, | પાંચ અનુત્તરમાં સર્વ મળી- |
| લાખ ચોરાશી અધિકાં વળી ॥૪॥ | લાખ ચોરાશી અધિકાં વળી ॥૪॥ | લાખ ચોરાશીથી પણ અધિક. ૪. |


**અર્થ :-** અગ્યારમાં દેવલોકમાં ત્રણસો, બારમાં દેવલોકમાં ત્રણસો, નવ-ગૈવેયકમાં ત્રણસો અઢાર અને પાંચ અનુત્તર વિમાન દેવલોકમાં પાંચ જિનમંદિરો વર્ણવ્યા છે. પણ સર્વે દેવલોકાદિમાં જિનમંદિરની સંખ્યા તો ચોર્યાશી લાખથી પણ અધિક છે. તેને હું વંદના કરૂં છું. ૪.

| | | |
|---|---|---|
| સહસ સત્તાણું ત્રેવીશ સાર, | સહસ-સત્-તાણું ત્રેવીશ સાર, | હજાર સત્તાણું ત્રેવીશ મુખ્ય, |
| જિનવર ભવન તણો અધિકાર । | જિન-વર ભવન-તણો અધિ-કાર । | જિનેશ્વર ભગવંતોના ભવનોનો અધિકાર છે, |
| લાંબા સો જોજન વિસ્તાર, | લામ્-બા સો જોજન વિસ્-તાર, | લાંબા સો યોજન પહોળા |
| પચાસ ઊંચા બહોંતેર ધાર ॥૫॥ | પચા-સ ઊઞ્ (ઊન્)-ચા બહોન્-તેર ધાર ॥૫॥ | પચાસ યોજન અને ઉંચા બહોંતેર યોજન ધારણ કરવા. ૫. |

**અર્થ :-** શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે સો યોજન લાંબા, પચાશ યોજન પહોળા અને બહોંતેર યોજન ઉંચા એવા સત્તાણું હજાર અને ત્રેવીશ (૯૭,૦૨૩) એવા જિનેશ્વર ભગવંતોના સારભૂત જિનમંદિરો છે. ૫.



www.jainsite.com info@jainsite.com




जैन साइट
jainsite
जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| એકસો એંશી બિંબ પ્રમાણ, | એકસો એઅ્(એન્)-શી બિમ્-બ-પ્રમા-ણ, | એકસો એંશી જિનબિંબોનું પ્રમાણ- |
| સભા -સહિત એક ચૈત્યે જાણ । | સભા-સહિત-એક-ચૈત્-યે-જાણ । | (આ દરેક) સભા-સહિત એક ચૈત્યમાં જાણવું, |
| સોક્રોડ બાવન ક્રોડ સંભાલ, | સો ક્રોડ બાવન ક્રોડ સમ્-ભાલ, | એકસો ક્રોડ, બાવન ક્રોડને યાદ કરીને- |
| લાખ ચોરાણું સહસ ચૌઆલ ॥૬॥ | લાખ ચોરાણું સહસ ચૌઆલ ॥૬॥ | લાખ ચોરાણું, હજાર ચાલીશ. ૬. |

**અર્થ :-** (નવ ગૈવેયક અને પાંચ અનુત્તર દેવલોક સિવાય) દરેક જિનમંદિરમાં (પાંચ) સભા સહિત એક-એક જિનમંદિરમાં એકસોને એંશી જિન પ્રતિમાઓનું પ્રમાણ હોય છે, તે જાણવું તે મુજબ એકસોને બાવન ક્રોડ, ચોરાણું લાખ અને ચાલીશ હજાર જિનબિંબોને યાદ કરીને હું વંદના કરું છું. ૬.

| | | |
|---|---|---|
| સાતસેં ઉપર સાઠ વિશાલ, | સાતશેં ઉપર સાઠ વિશાલ, | સાતસોથી અધિક સાઠ વિશાલ- |
| સવિ બિંબ પ્રણમું ત્રણ કાલ । | સવિ બિમ્-બ-પ્રણમું-ત્રણ-કાલ । | સવિ જિનબિંબને હું પ્રણામકરું છું; ત્રણ કાલ । |
| સાત ક્રોડને બહોંતેર લાખ, | સાત ક્રોડને બહોન્-તેર લાખ, | સાત ક્રોડને બહોંતેર લાખ- |
| ભવનપતિમાં દેવલ ભાખ ॥૭॥ | ભવનપતિમાં દેવલ ભાખ ॥૭॥ | ભવનપતિમાં ચૈત્યો રહેલા છે, એમ કહેલું છે. ૭. |

**અર્થ :-** સાતસોને સાઠ (સાઈઠ) એવા વિશાલ સર્વ જિનપ્રતિઓને હું ત્રણેય કાલ પ્રણામ કરૂં છું. ભવનપતિ દેવલોકમાં સાત કરોડ અને બહોંતર લાખ જિનમંદિરો છે. ૭.

| | | |
|---|---|---|
| એકશો એંશી બિંબ પ્રમાણ, | એક-સો એઅ્(એન્)-શી બિમ્-બ પ્રમાણ, | એકસો એંશી બિંબોનું પ્રમાણ- |
| એક એક ચૈત્યે સંખ્યા જાણ । | એક-એક-ચૈત્-યે-સઙ્-ખ્યા-જાણ । | એક એક ચૈત્યમાં સંખ્યા જાણવી, |
| તેરશેં ક્રોડ નેવ્યાશી ક્રોડ, | તેરશેં ક્રોડ નેવ્-યાશી ક્રોડ, | તેરશો ક્રોડ નેવ્યાશી ક્રોડ- |
| સાઠ લાખ વંદું કર જોડ ॥૮॥ | સાઠ લાખ વન્-દું કર-જોડ ॥૮॥ | સાઇઠ લાખ થાય બે હાથ જોડીને વંદું છું. ૮. |

**અર્થ :-** તે (સાત કરોડ બહોંતર લાખ) જિનમંદિરોમાં એક સોને એંશી (૧૮૦) જિન પ્રતિમાઓ છે. એટલે સર્વ ચૈત્યો (મંદિરો)માં રહેલી જિનપ્રતિમાની કુલ સંખ્યા તેરસો ને વ્યાશી કરોડ અને સાઠ (સાઈઠ) લાખ થાય છે, તેને હું બે હાથ જોડીને વંદના કરૂં છું. ૮.

| | | |
|---|---|---|
| બત્રીસેં ને ઓગણસાઠ, | બત્-રીસેં ને ઓગણ-સાઠ, | બત્રીસો અને ઓગણસાઠ |
| તિર્છાલોકમાં ચૈત્યનો પાઠ । | તિર્-છા લોકમાં ચૈત્-યનો-પાઠ । | મનુષ્યલોકમાં શાશ્વત ચૈત્યો જણાવેલાં છે; |
| ત્રણ લાખ એકાણું હજાર, | ત્રણ લાખ એકાણું હજાર, | ત્રણ લાખ એકાણું હજાર |
| ત્રણશેં વીશ તે બિંબ જુહાર ॥૯॥ | ત્રણશેં વીશ તે બિમ્-બ જુહાર ॥૯॥ | ત્રણસો વીશ જિનબિંબોને હું વંદન કરું છું ૯. |

**અર્થ :-** તિર્છાલોકમાં (મનુષ્યલોક)માં ત્રણ હજાર બસ્સો ઓગણ સાઠ શાશ્વત જિનમંદિરોમાં ત્રણ લાખ એકાણું હજાર ત્રણસો વીશ જિનપ્રતિમાઓ જણાવ્યા છે તેને હું વંદના કરું છું. ૯.

જૈન સાઈટ
JAINSITE
.com
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, | વ્યન્-તર-જ્યો-તિષીમાં વળી જેહ, | વ્યંતર, જ્યોતિષ દેવલોકમાં ઉપરાંત જે- |
| શાશ્વતા જિન વંદુ તેહ । | શાશ્-વતા-જિન-વન્-દુ-તેહ । | શાશ્વત જિનબિંબો છે વંદન કરું છું તેને, |
| ઋષભ-ચંદ્રાનન-વારિષેણ, | ઋષભ-ચન્-દ્રા-નન-વારિ-ષેણ, | ઋષભ, ચંદ્રાનન, વારિષેણ- |
| વર્ધમાન નામે ગુણસેન ॥૧૦॥ | વર્-ધ-માન નામે ગુણ-સેન ॥૧૦॥ | અને વર્ધમાન નામના ગુણોથી યુક્ત ૧૦. |

**અર્થ :-** આ ઉપરાંત વ્યંતર-જ્યોતિષ દેવલોકમાં રહેલા શાશ્વત જિનબિંબો અને દિવ્ય ગુણોના સામ્રાજ્યથી યુક્ત એવા શાશ્વતા જિનેશ્વર ભગવંતના શુભ નામ-ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન છે, તેમને હું વંદના કરું છું. ૧૦.

| | | |
|---|---|---|
| સમેત શિખર વંદુ જિનવીશ, | સમ્-મેત શિખર-વન્-દુ-જિન-વીશ, | સમેત શિખર પર વંદન કરુછું જિનેશ્વરોને વીશ, |
| અષ્ટાપદ વંદુ ચોવીશ । | અપ્-ટા-પદ-વન્-દુ ચો-વીશ । | અષ્ટાપદ પર વંદન કરું છું ચોવીશ જિનેશ્વરોને |
| વિમલાચલને ગઢ ગિરનાર, | વિમલા-ચલ ને ગઢ ગિર-નાર, | વિમલાચલ(શત્રુંજય) પર્વત ઉપર ગિરનાર ઉપર |
| આબુ ઉપર જિનવર જુહાર ॥૧૧॥ | આબુ ઉપર જિન-વર જુહાર ॥૧૧॥ | અને આબુ ઉપર જિનેશ્વરોની હું સ્તુતિ કરું છું. ૧૧. |

**અર્થ :-** સમ્મેત શિખરજી તીર્થમાં રહેલા વીશ જિનેશ્વરોની અને શ્રી અષ્ટાપદ મહાતીર્થ પર રહેલા ચોવીશે જિનેશ્વરોની અને શ્રી શત્રુંજય ગિરિરાજને, શ્રી ગિરનાર તીર્થને શ્રી આબુ તીર્થને વિશે રહેલાં જિનેશ્વરો અને તીર્થની હું સ્તુતિ કરૂં છું. અર્થાત્ વંદના કરૂં છું ૧૧.

| | | |
|---|---|---|
| શંખેશ્વર કેસરિઓ સાર, | શંખેશ્-વર કેસ-રિઓ સાર, | શંખેશ્વર કેસરિયાજી વળી સારભૂત છે, |
| તારંગે શ્રી અજિત જુહાર । | તા-રઙ્-ગે શ્રી અજિ-ત જુહાર । | તારંગે શ્રી અજિતનાથ ભગવાનની સ્તુતિ કરું છું, |
| અંતરિક્ષ વરકાણો પાસ, | અન્-ત-રિક્-ષ-વર-કાણો-પાસ, | તેમજ અંતરિક્ષ પાર્શ્વનાથ, વરકાણા પાર્શ્વનાથ, |
| જીરાવલોને થંભણ પાસ ॥૧૨॥ | જીરા-વલો ને થમ્-ભણ પાસ ॥૧૨॥ | જીરાવલા પાર્શ્વનાથ અને સ્થંભન પાર્શ્વનાથ. ૧૨. |

**અર્થ :-** જગતમાં સારભૂત એવું શ્રી શંખેશ્વરતીર્થ, શ્રી કેશરીયાજી તીર્થ, તારંગા તીર્થે શ્રી અજીતનાથ ભગવાન, અંતરિક્ષ પાર્શ્વનાથભગવાન, શ્રી જીરાવલા પાર્શ્વનાથભગવાન અને શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાનને હું વંદના કરૂં છું. ૧૨.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ગામ નગર પુર પાટણ જેહ,<br>જિનવર ચૈત્ય નમું ગુણ ગેહ ।<br><br>વિહરમાન વંદું જિન વીશ,<br>સિદ્ધ અનંત નમું નિશદિશ ॥૧૩॥ | ગામ નગર પુર પાટણ જેહ,<br>જિનવર ચૈત્-ય નમું ગુણ-ગેહ ।<br><br>વિહ-રમાન વન્-દું જિન વીશ ,<br>સિદ્-ધ અનન્-ત-<br>નમું નિશ-દિશ ॥૧૩॥ | ગામ, નગર, પુરોમાં અને પત્તનમાં જેટલાં-<br>જિનેશ્વર ભગવંતના ચૈત્યો છે તેને હું વંદન<br>કરું છું, ગુણના ઘર સમાન,<br>વિહરમાનને વંદન કરું છું, જિનોને વીશ,<br>સિદ્ધ અનંતોને હું વંદન કરું છું. ૧૩. |

**અર્થ :-** ગામમાં, નગરમાં, પુરમાં અને પત્તનમાં જેટલા ગુણોના ઘરરૂપ જિનેશ્વર ભગવંતોના ચૈત્યો છે તેને હું વંદન કરું છું. વળી વીશ વિહરમાન જિનેશ્વર ભગવંતો તેમજ સિદ્ધપદને પામેલા અનંત સિદ્ધોને હું હંમેશા પ્રતિદિન વંદના કરું છું. ૧૩.

| | | |
|---|---|---|
| અઢીદ્વીપમાં જે અણગાર,<br>અઢાર સહસ સીલાંગના ધાર ।<br>પંચમહાવ્રત સમિતિ સાર,<br>પાળે પળાવે પંચાચાર ॥૧૪॥ | અઢી-દ્વીપમાં જે અણ-ગાર,<br>અઢા-ર સહસ સી-લાઙ્-ગ-ના ધાર ।<br>પઞ્(પન્)-ચ મહા-વ્રત સમિ-તિ સાર,<br>પાળે પળાવે પઞ્(પન્)-ચા -ચાર ॥૧૪॥ | અઢી દ્વીપમાં જેટલા સાધુઓ છે,<br>જે અઢાર હજાર શીલાંગથી યુક્ત છે,<br>પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ સારભૂત<br>તે પાળે પળાવે પાંચ આચારને ૧૪. |

**અર્થ :-** અઢીદ્વીપમાં જેટલા વિરક્ત સાધુઓ છે, જે અઢાર હજાર શીલાંગ ના રથને ધારણ કરનારા છે, તેમજ સારભૂત એવા પાંચ મહાવ્રત, પાંચ સમિતિ આચારને પાળે છે અને બીજાને પણ પળાવનારા છે. ૧૪.

| | | |
|---|---|---|
| બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ,<br>તે મુનિ વંદું ગુણ મણિમાલ ।<br><br>નિત નિત ઊઠી કીર્તિ કરું,<br>જીવ કહે ભવ-સાયર તરું ॥૧૫॥ | બાહ્-ય અભ્-યન્-તર તપ ઉજ-માલ,<br>તે મુનિ વન્-દું ગુણ-મણિ-માલ ।<br><br>નિત નિત ઊઠી કીર્-તિ કરું,<br>"જીવ" કહે ભવ-સાયર તરું ॥૧૫॥ | બાહ્ય તેમજ અભ્યંતર તપમાં ઉદ્યમવંત થયેલા<br>તેવા મુનિઓને વંદન કરું છું, ગુણ રૂપ<br>મણિરત્નની માળા સમાન,<br>દરરોજ ઉઠીને તેમની કીર્તના કરું,<br>જીવવિજય કહે ભવ-સમુદ્રને તરું. ૧૫. |

**અર્થ :-** (છ) બાહ્ય અને (છ) અભ્યંતર તપથી ઉજ્જવળ થયેલા, સદ્ગુણોરૂપી મણિરત્નની માળા સમાન એવા શ્રી સાધુભગવંતોને હું વંદન કરૂં છું. દરરોજ સવારે ઉઠીને કીર્તન કરૂં છું. તે વંદન-કીર્તનના પ્રભાવે 'જીવ વિજયજી' કહે છે કે ભવરૂપી સમુદ્રને હું તરૂં છું. ૧૫.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## સ્વર્ગ, પાતાળ અને મર્ત્યલોકમાં રહેલા શાશ્વત ચૈત્યો અને શાશ્વત બિંબોની સંખ્યા

| લોક | શાશ્વત ચૈત્યો | શાશ્વત બિંબો |
|---|---|---|
| સ્વર્ગ | ૮૪,૯૭,૦૨૩ | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |
| પાતાળ અથવા ભવનપતિના આવાસમાં | ૭,૭૨,૦૦,૦૦૦ | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |
| મર્ત્યલોકમાં | ૩૨૫૯ | ૩,૯૧,૩૨૦ |

## (૧) સ્વર્ગમાં રહેલા શાશ્વત જિનચૈત્યો અને શાશ્વતબિંબો

| નામ | ચૈત્યસંખ્યા | | પ્રત્યેક ચૈત્યમાં બિંબ સંખ્યા | કુલ બિંબો |
|---|---|---|---|---|
| પહેલા દેવલોકે | ૩૨,૦૦,૦૦૦ | X | ૧૮૦ | ૫૭,૬૦,૦૦,૦૦૦ |
| બીજા દેવલોકે | ૨૮,૦૦,૦૦૦ | X | ૧૮૦ | ૫૦,૪૦,૦૦,૦૦૦ |
| ત્રીજા દેવલોકે | ૧૨,૦૦,૦૦૦ | X | ૧૮૦ | ૨૧,૬૦,૦૦,૦૦૦ |
| ચોથા દેવલોકે | ૮,૦૦,૦૦૦ | X | ૧૮૦ | ૧૪,૪૦,૦૦,૦૦૦ |
| પાંચમા દેવલોકે | ૪,૦૦,૦૦૦ | X | ૧૮૦ | ૭,૨૦,૦૦,૦૦૦ |
| છઠ્ઠા દેવલોકે | ૫૦,૦૦૦ | X | ૧૮૦ | ૯૦,૦૦,૦૦૦ |
| સાતમા દેવલોકે | ૪૦,૦૦૦ | X | ૧૮૦ | ૭૨,૦૦,૦૦૦ |
| આઠમા દેવલોકે | ૬,૦૦૦ | X | ૧૮૦ | ૧૦,૮૦,૦૦૦ |

| નામ | ચૈત્યસંખ્યા | | પ્રત્યેક ચૈત્યમાં બિંબ સંખ્યા | કુલ બિંબો |
|---|---|---|---|---|
| નવમા દેવલોકે | ૪૦૦ | X | ૮૦ | ૭૨,૦૦૦ |
| દશમા દેવલોકે | | | ૧૮૦ | |
| અગ્યારમા દેવલોકે | ૩૦૦ | X | ૧૮૦ | ૫૪,૦૦૦ |
| બારમા દેવલોકે | | | ૧૮૦ | |
| નવ ગ્રૈવેયકમાં | ૩૧૮ | X | ૧૨૦ | ૩૮,૧૬૦ |
| પાંચ અનુત્તરમાં | ૫ | X | ૧૨૦ | ૬૦૦ |
| કુલ | ૮૪,૯૭,૦૨૩ | | | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૧) સવર્ગના પ્રત્યેક ચૈત્યમાં ૧૮૦ બિંબની ગણત્રી નીચેના ધોરણે કરવામાં આવી છે.

દરેક દેવલોકમાં પાંચ સભા હોય છે, ૧. મજ્જન સભા, ૨. અલંકાર સભા, ૩. સુધર્મ સભા, ૪. સિદ્ધાયતન સભા, ૫. વ્યવસાય સભા. એ દરેક સભાને ત્રણ દ્વાર હોય છે એટલે પાંચ સભામાં બધાં મળીને પંદર દ્વાર હોય છે. એ દરેક દ્વાર ઉપર ચૌમુખ બિંબ હોય છે. એટલે પાંચ સભામાં ૬૦ બિંબો હોય છે અને દરેક દેવલોકમાં રહેલું ચૈત્ય ત્રણ દ્વારવાળું જ હોય છે. અને દરેક દ્વાર પર ચૌમુખજી હોય છે. એટલે તેમાં કુલ ૧૨ બિંબ હોય છે અને તે ચૈત્યના ગભારામાં ૧૦૮ જિનબિંબ હોય છે. જે મળીને ચૈત્યમાં રહેલાં બિંબોની કુલ સંખ્યા -૧૨૦ ની થાય છે. તેવી રીતે સભાના ૬૦ તથા ચૈત્યના ૧૨૦ બિંબો મળીને કુલ-૧૮૦ બિંબ થાય છે. નવ ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનોમાં સભાઓ હોતી નથી. તેથી તેમાં ૧૨૦ બિંબો હોય છે.

## (૨) પાતાળલોકમાં રહેલા શાશ્વત ચૈત્યો તથા શાશ્વત બિંબો

| નામ | ચૈત્યસંખ્યા | પ્રત્યેક ચૈત્યમાં બિંબની સંખ્યા | કુલ બિંબો |
|---|---|---|---|
| ૧. અસુરકુમાર | ૬૪,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૧૫,૨૦,૦૦૦ |
| ૨. નાગકુમાર | ૮૪,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૫૧,૨૦,૦૦૦ |
| ૩. સુપર્ણકુમાર | ૭૨,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૨૯,૬૦,૦૦૦ |
| ૪. વિદ્યુત્કુમાર | ૭૬,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦૦ |
| ૫. અગ્નિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦૦૧ |

| નામ | ચૈત્યસંખ્યા | પ્રત્યેક ચૈત્યમાં બિંબની સંખ્યા | કુલ બિંબો |
|---|---|---|---|
| ૬. દ્વીપકુમાર | ૭૬,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦૦ |
| ૭. ઉદધિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦૦ |
| ૮. દિક્કુમાર | ૭૬,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦૦ |
| ૯. પવનકુમાર | ૯૬,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૭૨,૮૦,૦૦૦ |
| ૧૦. સ્તનિતકુમાર | ૭૬,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦૦ |
| કુલ | ૭,૭૨,૦૦,૦૦૦ | X ૧૮૦ | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |

## (૩) મનુષ્ય લોકમાં શાશ્વત ચૈત્યો ૩૨૫૯ છે.

૩૨૫૯ ચૈત્યોમાં નંદીશ્વરદ્વીપના ૫૨, રુચકદ્વીપના ૪ અને કુંડલદ્વીપના ૪. એમ ૬૦ ચૈત્યો ૪ દ્વારવાળાં હોય છે. એટલે તેમાં રહેલા જિનબિંબોની સંખ્યા ૧૨૪ હોય છે. અને બાકીના એટલે ૩૧૯૯ ચૈત્યોમાં ૧૨૦ બિંબો હોય છે. આ રીતે મનુષ્ય લોકમાં રહેલા સઘળા બિંબોની સંખ્યા ૩,૯૧,૩૨૦ ની થાય છે.

**મનુષ્યલોકના ૩૨૫૯ શાશ્વતચૈત્યોની વિગત :-**
જંબૂદ્વીપના-૬૩૫, ધાતકીખંડના-૧૨૭૨, પુષ્કરવરદ્વીપના-૧૨૭૨, તથા મનુષ્યક્ષેત્રની બહાર-૮૦ મંદિર.
તેથી કુલ ૬૩૫+૧૨૭૨+૧૨૭૨+૮૦ = ૩૨૫૯ શાશ્વત ચૈત્ય છે.

**જંબદ્વીપના ૬૩૫ શાશ્વત ચૈત્યોની વિગત :-** ભરતક્ષેત્રના ૩ ચૈત્ય (ગંગા અને સિંધુના પ્રતાપકુંડમાં ૧-૧ તથા વૈતાઢ્ય પર્વત ઉપર ૧=૩, હિમવંતપર્વત ઉપર ચૈત્ય(૧ શિખર ઉપર, ૧ પર્વત ઉપર દ્રહમાં) ૩ + ૨ = ૫

હિમવંતક્ષેત્ર-૩, મહાહિમવંતપર્વત-૨, હરિવર્ષક્ષેત્ર-૩, નિષધ પર્વત-૨=૧૫ આ રીતે દક્ષિણના ૧૫, શાશ્વત મંદિરો તે જ રીતે ઉત્તરના નીલવંતપર્વત-૨, રમ્યક્ક્ષેત્ર-૩, રુક્મિપર્વત-૨, ઐરણ્યવંત ક્ષેત્ર-૩, શિખરી પર્વત-૨, ઐરવત ક્ષેત્ર - ૩ = ૧૫ કુલ ૩૦.

જંબૂદ્વીપ મહાવિદેહના ૬૦૫ મંદિરો- (૧) દેવકુરુના ૨૨૮, (૨)ઉત્તરકુરુના ૨૨૮,(૩) પૂર્વ મહાવિદેહ-૬૨, (૪) પશ્ચિમ મહાવિદેહ-૬૨,(૫) મેરુના-૨૫.

**(૧) દેવકુરુના :-** (૨૨૮)- નિષેધપર્વત પરથી શીતોદા નદી નીકળે છે. તે પર્વતની તળેટીમાં જ્યાં દ્રહમાં પડે છે,તે દ્રહની મધ્યમાં ૧ ચૈત્ય, તે નદીની બે બાજુ ચિત્ર, વિચિત્ર બે પર્વત છે. તે પર્વતના શિખર ઉપર ૨ ચૈત્યો, તે નદી દેવકુરુ ક્ષેત્રમાંથી પસાર થાય છે. તે ૫ દ્રહમાં થઇને પસાર થાય છે. આ દરેક દ્રહની મધ્યમાં એક મંદિર છે. તે દ્રહના ૫ ચૈત્ય, પાંચેય દ્રહની બંને બાજુ કંચનગિરિ પર્વત આવેલા છે એટલે ૧૦ કંચનગિરિ પર્વત થશે. તે દરેક પર્વત ઉપર ૧૦ મંદિરો છે. એટલે કંચનગિરિના = ૧૦૦ ચૈત્યો, પૃથ્વીકાય, વૃક્ષ આકારનું જંબૂવૃક્ષ આવેલું છે. તે જંબૂપીઠ ઉપર ૧૧૭ જંબૂવૃક્ષો છે.

મધ્યમાં એક જંબૂવૃક્ષ છે. તેની ફરતા તેનાથી અડધા માપવાળા બીજા આઠ વૃક્ષો છે અને તે આઠ વૃક્ષોને ફરતા બીજા ૧૦૮ વૃક્ષો છે. તે દરેક વૃક્ષની મધ્ય ડાળી ઉંચી છે અને તે ડાળી ઉપર એક-એક મંદિર છે એટલે જંબૂવૃક્ષના ૧૧૯ ચૈત્ય.

નિષેધ પર્વતથી શરુ કરી ગજદંત આકારના બે પર્વતો- પૂર્વમાં સોમનસ ગજદંત અને પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ ગજદંત બે પર્વતો શરુમાં ૫૦૦ યોજન પહોળા અને મેરુની નજીક આવતાં હાથીદાંતની જેમ પાતળા થઇ જાય છે અને આ પર્વતો મહાવિદેહક્ષેત્રથી દેવકુરુને જુદા પાડે છે. તે બે પર્વતનાં ૨ ચૈત્ય, દેવકુરુક્ષેત્રની મધ્યમાં ૧ ચૈત્ય આવેલું છે. એટલે કુલ = ૧+૨+૫+૧૦૦+૧૧૭+૨+૧ = ૨૨૮ શાશ્વત ચૈત્ય થાય.

**(૨) ઉત્તરકુરુક્ષેત્રના :-** ૨૨૮ ચૈત્ય તે દેવકુરુની જેમ સમજવા.

સીતા નદીના દ્રહનું ૧, દ્રમક ઝમક પર્વતના ૨, દ્રહના ૫, કંચનગિરિના ૧૦૦, શાલ્મવૃક્ષના ૧૧૭, માલ્યવંત ગજદંત અને ગંધમાદન ગજદંત ૨, ઉત્તરકુરુ ક્ષેત્રની મધ્યમાં ૧ = ૨૨૮ ચૈત્ય.

**(૩) પૂર્વમહાવિદેહ=૬૨:-** ૧૬ વિજયમાં દરેક નદીના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રહની મધ્યમાં ૨ ચૈત્ય અને એક વિજયના બે ભાગ કરતા વૈતાઢ્ય પર્વતના શિખર ઉપર ૧ એમ કુલ-૩ . ૧૬ X ૩ = ૪૮ ચૈત્ય. બે વિજયની મધ્યમાં રહેલા વક્ષસ્કારપર્વત (અંતર પર્વત) ના શિખર ઉપર ૮ એટલે વક્ષસ્કાર પર્વતના ૮ ચૈત્ય. ૧૬ વિજયના ૧૪ આંતરા થાય. તેમાં એક આંતરામાં વક્ષસ્કાર પર્વત અને બીજા આંતરામાં નદી હોય છે. એટલે ૬ અંતરનદીના ૬ ચૈત્યો. ૪૮+૮+૬=૬૨ ચૈત્ય.

**(૪) પશ્ચિમમહાવિદેહના** ૬૨, ૧૬ વિજયના દરેક વિજયમાં ૩ એટલે ૧૬X૩ = ૪૮ ચૈત્ય, ૮ વક્ષસ્કાર પર્વતના = ૮ ચૈત્ય, ૬ અંતર નદીના = ૬૨ ચૈત્ય,

**(૫) મેરુપર્વતના ૨૫ ચૈત્ય :-** મેરુપર્વતની તળેટીમાં સમભૂતલા પૃથ્વી ઉપર ભદ્રશાલ વનમાં ચાર દિશામાં એકેક ચૈત્ય છે, તે ભદ્રશાલ વનના ૪ ચૈત્ય. ૫૦૦ યોજન ઉંચુ નંદનવન છે , તેની ચારે દિશામાં એકેક મંદિર છે, નંદનવનના ૪ ચૈત્ય. ૬૨,૫૦૦ યોજન ઉંચે સોમનસવનની ચારે દિશામાં એકેક મંદિર છે. સોમનસવનના ૪ ચૈત્ય, ૩૬,૦૦ યોજન ઉંચે પાંડુકવનની ચારે દિશામાં એક મંદિર છે. પાંડુકવનના ૪ ચૈત્ય.

મેરુપર્વતની ચૂલિકા સૌથી ઉંચે એક મંદિર તે ચૂલિકાનું ૧ ચૈત્ય. મેરુપર્વતની સમભૂતલા પૃથ્વી ઉપર ચાર વિદિશામાં હાથીના આકારના કરિકૂટપર્વત છે. તે કરિકૂટપર્વતના ૮ ચૈત્ય. ૪+૪+૪+૪+૧+૮ = ૨૫ ચૈત્યો. આ રીતે જંબૂદ્વીપના ૩૦+૨૨૮+૨૨+૬૨+૬૨+૨૫ = ૬૩૫ ચૈત્ય

ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપમાં ૨ ભરત ક્ષેત્ર,૨ ઐરાવત ક્ષેત્ર, ૨ મહાવિદેહ ક્ષેત્ર છે. તેથી તેમાં જંબૂદ્વીપ કરતાં બમણો ચૈત્ય થશે. તદુપરાંત તે બે ખંડમાં વક્ષસ્કારપર્વતના બે ચૈત્ય વધુ થશે માટે ૧૨૭૨ એટલે ધાતકીખંડના ૧૨૭૨ અને પુષ્કરવરદ્વીપના ૧૨૭૨, જંબૂદ્વીપ + ધાતકીખંડ + પુષ્કરવરદ્વીપ = ૬૩૫ + ૧૨૭૨ + ૧૨૭૨ = ૩૧૭૯ ચૈત્ય છે.

૧. પુષ્કરવરદ્વીપના બે ભાગ કરતા માનુષોત્તર પર્વત ઉપર ચારે દિશામાં એકેક ચૈત્ય એટલે માનુષોત્તર પર્વતના ૪ ચૈત્ય ૨. નંદીશ્વરદ્વીપમાં ગોળાકારે ૫૨ પર્વત છે અને તે દરેક શિખર ઉપર એકેક ચૈત્ય છે. એટલે નંદીશ્વરદ્વીપના ૫૨ ચૈત્ય. ૩. નંદીશ્વરદ્વીપમાં સૌધર્મેન્દ્ર દ્વીપની નગરીના ૧૬ ચૈત્ય. ૪. કુંડલદ્વીપ અને રૂચકદ્વીપમાં ચારે દિશામાં પર્વત ઉપર એટલે ૮ ચૈત્ય એટલે તિર્ચ્છાલોકમાં શાશ્વતા ચૈત્ય = જંબૂદ્વીપના + ધાતકીખંડના +પુષ્કરવરદ્વીપના + મનુષ્યલોકની બહાર = ૬૩૫+૧૨૭૨+૧૨૭૨+૮૦ = ૩૨૫૯ શાશ્વત ચૈત્યો છે.

जैन साईट JAINSITE .com



# ૫૧ 'શ્રી પોષહ પચ્ચક્ખાણ સૂત્ર'



પૌષધવ્રત લેતી વેળાની મુદ્રા

**આદાન નામ :** શ્રી કરેમિભંતે ! પોષહ સૂત્ર
**ગૌણ નામ :** પૌષધવ્રત સૂત્ર.

**વિષય :**
**આહાર-શરીર સત્કાર-ત્યાગરૂપ પ્રતિજ્ઞા અને બ્રહ્મચર્ય- અવ્યાપાર પાલનરૂપ પ્રતિજ્ઞાદ્વારા સાધુજીવનનો આસ્વાદ.**

| મૂળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદાનુસારીઅર્થ |
|---|---|---|
| કરેમિભંતે! પોસહં, | ક-રેમિ-ભન્-તે ! પો-સહમ્, | હે ભગવંત ! હું પોષધવ્રત કરૂં છું. |
| આહાર પોસહં દેસઓ, સવ્વઓ, | આ-હાર-પો-સહમ્-દેસ-ઓ-સવ્-વઓ, | દેશ થકી-સર્વ થકી આહાર ત્યાગ પૌષધ, |
| સરીર-સક્કાર-પોસહં-સવ્વઓ, | સરીર-સક્-કાર-પોસ-હમ્-સવ્-વઓ, | સર્વ થકી શરીર સત્કાર ત્યાગનો પૌષધ, |
| બંભચેર પોસંહ સવ્વઓ, | બમ્-ભ-ચેર,-પો-સહમ્-સવ્-વઓ, | સર્વથી બ્રહ્મચર્ય પાલન પૌષધ, |
| અવ્વાવાર-પોસહં સવ્વઓ, | અવ્-વા-વાર-પોસ-હમ્-સવ્-વઓ, | સર્વ થકી અવ્યાપાર પૌષધ, |
| ચઉવ્વિહં પોસહં ઠામિ, | ચ-ઉવ્-વિહ્-પો-સહમ્-ઠા-મિ, | આ ચાર પ્રકારના પૌષધમાં હું રહું છું. |
| જાવ-દિવસં અહોરત્તં | જાવ-દિવ-સમ્-અહો-રત્-તમ્ | આખો દિવસ અથવા રાત-દિવસ સુધી |
| (જાવ-સેસ દિવસં) | (જાવ-સેસ-દિવ-સમ્) | (શેષ બાકી રહેલ દિવસ સુધી) |
| પજ્જુવાસામિ, | પજ્-જુ-વા-સા-મિ, | સેવું એટલે પાળું ત્યાં સુધી, |

**અર્થ :-** હે ભગવંત ! પોષધવ્રત કરૂં છું. આહાર-ત્યાગ કરવાનો, દેશથી (=આયંબિલ-એકાસણું-તિવિહાર ઉપવાસ) અથવા સર્વથી (ચઉવિહાર ઉપવાસ), સર્વથા શરીર-સત્કારનો ત્યાગ, સર્વથા બ્રહ્મચર્યનું પાલન અને (સર્વથી) અવ્યાપારનું પાલન રૂપ પૌષધવ્રત, આ ચાર પ્રકારના પૌષધમાં હું રહું છુ. (તે) આખો દિવસ (સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી) કે રાત-દિવસ (સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી) કે શેષ બાકી રહેલ દિવસ-રાત્રિ (અવડ્ઢ થી બીજા દિવસના સૂર્યોદય સુધી રાત્રી પૌષધ) સુધી એવો છું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| દુવિહં તિવિહેણં | દુવિ-હમ્-તિવિ-હે-ણમ્ | બે પ્રકારે અને ત્રણ પ્રકારે |
| મણેણં વાયાએ કાએણં | મણે-ણમ્-વા-યાએ-કા-એ-ણમ્ | મન-વચન-કાયા (એમત્રણયોગ)થી |
| ન કરેમિ ન કારવેમિ | ન-કરેમિ-ન-કાર-વેમિ | ન કરૂં અને ન કરાવવું. |
| તસ્સ ભંતે ! પડિક્કમામિ | તસ્-સ-ભન્-તે ! પડિક્-કમા-મિ | તેને હે ભગવંત ! હું પડિક્કમું છું' |
| નિંદામિ-ગરિહામિ | નિન્-દામિ-ગરિ-હા-મિ | નિંદું છું અને ગર્હું છું. |
| અપ્પાણં વોસિરામિ॥૧॥ | અપ-પા-ણમ્-વો-સિ-રામિ ॥૧॥ | (પાપ સ્વરૂપ) મારા આત્માને વોસિરાવું છું. |

**અર્થ :-** બે પ્રકારે અને ત્રણ પ્રકારે, મન-વચન અને કાયાથી (એમ ત્રણ પ્રકારે) ન કરૂં અને ન કરાવવું (એમ બે પ્રકારે) હે ભગવંત ! તે (ભૂતકાળના પાપ-દોષ)નું હું પ્રતિક્રમણ કરૂં છું, આત્મસાક્ષીએ નિંદું છું અને ગુરુભગવંત સમક્ષ ગર્હા (વિશેષ નિંદા) કરૂં છું. અને તે પાપાત્મક એવા મારા બાહિર-આત્મભાવને વોસિરાવું છું. ૧.

● દિવસે ૪ પ્રહર કે આઠ પ્રહર નો પોષધ લેનારે સવારે સૂર્યોદય પહેલાં પૌષધ લેવો જોઈએ અને બપોરે પોષધ લેનારે સવારે રાઈઅ પ્રતિક્રમણ અને ઓછામાં ઓછું એકાસણાનું તપ કરવા સાથે પોષધ લીધા બાદ પાણી ન વાપરવું જોઈએ.

● ફક્ત દિવસનો (૪ પ્રહર) પૌષધ લેનારે 'જાવ-દિવસં' બોલવું-ધારવું અને દિવસ-રાત્રીનો (૮ પ્રહર) પૌષધ લેનારે 'જાવ-અહોરત્તં' બોલવું કે ધારવું અને બપોરે રાત્રિ પૌષધ લેનારે (૪ પ્રહરે) 'જાવ સેસ દિવસં' બોલવું કે ધારવું જોઈએ.

● પૌષધ-વ્રત સૂર્યોદય પહેલાં લેવાય, પણ કોઈ અનિવાર્ય કારણોસર પછી લેવામાં આવે, તો બીજા દિવસે તેટલાં કલાકો વધારે પૌષધવ્રતમાં રહેવું. પોષધ સૂર્યોદય પછી જ પરાય.

# પ૨ 'શ્રી પૌસહ-પારવાનું સૂત્ર'



પૌષધ પારતી વેળાની મુદ્રા

| | |
|---|---|
| આદાન નામ | : શ્રીસાગરચંદોકામો સૂત્ર |
| ગૌણ નામ | : પૌષધ પારવાનું સૂત્ર |
| ગાથા | : ૨ |
| પદ | : ૮ |
| સંપદા | : ૮ |



**વિષય :**
પૌષધવ્રતધારી મહાપુરુષોને યાદ કરવા સાથે પૌષધમાં લાગેલાં દોષોની ક્ષમા યાચના.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## છંદનું નામઃ ગાહા; રાગઃ- 'જિણજમ્મસમયે મેરુસિહરે'...(સ્નાત્ર પૂજા)

| મૂળ સૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | અર્થ |
|---|---|---|
| સાગર-ચંદો કામો, | સા-ગર-ચન્-દો-કા-મો, | સાગરચંદ્ર અને કામદેવજી, |
| ચંદવ-ડિંસો સુદંસણો ધન્નો । | ચન્-દ્-વ-ડિન્-સો-સુદન્-સણો-ધન્-નો । | ચંદ્રાવતંસ, સુદર્શન શેઠ, ધન્નાજી, |
| જેસિં પોષહ પડિમા, | જે-સિમ્-પો-ષહ-પડિ-મા, | જેની પૌષધ-પ્રતિમા |
| અખંડિયા જીવિયંતેવિ ॥૧॥ | અખણ્-ડિયા-જીવિ-યન્-તે-વિ ॥૧॥ | જીવિતના અંત સુધી પણ અખંડ રહી. ૧. |

**અર્થ :-** શ્રી સાગરચંદ્રકુમાર, કામદેવજી, ચંદ્રાવતંસ રાજા, સુદર્શન શેઠ અન ધન્નાજી, (કે) જેઓની પૌષધ પ્રતિમા મરણાંત કષ્ટ પ્રાપ્ત થવા છતાં જીવનના અંત સુધી પણ અખંડિત રહેલ. ૧.

| | | |
|---|---|---|
| ધન્ના સલાહણિજ્જા, | ધન-ના-સ-લાહ-ણિજ્-જા, | તે પુરુષોને ધન્ય છે, તેઓ વખાણવા લાયક છે, |
| સુલસા આણંદ કામદેવાય । | સુલ-સા-આ-ણન્-દ-કામ-દેવા-ય । | સુલસા શ્રાવિકા, આણંદ અને કામદેવ શ્રાવક, |
| જાસ પસંસઈ ભયવં, | જાસ-પસન્-સઈ-ભય-વમ્, | જેઓને ભગવાન પોતે વખાણે છે, |
| દઢવ્વયત્તં મહાવીરો ॥૨॥ | દઢવ્-વયત્-તમ્-મહા-વીરો ॥૨॥ | દઢવ્રતને મહાવીર સ્વામી. ૨. |

**અર્થ :-** તેઓ ધન્યવાદને પાત્ર છે (અજે) તેઓ પ્રશંસા પાત્ર પણ છે. સુલસા શ્રાવિકા, આણંદ શ્રાવક અને કામદેવ શ્રાવક (સમક્ષ) દઢવ્રત પણાની પ્રશંસા સ્વયં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કરી હતી. ૨.

**પોષહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય, તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં । પોષહના અઢાર દોષ માંહે જે કોઈ દોષ લાગ્યો હોય, તે સવિહુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ।**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## પૌષધમાં ટાળવા યોગ્ય અઢાર દોષો

૧. પૌષધમાં વિરતિ વિનાના બીજા શ્રાવકનો આણેલો આહાર કે પાણી વાપરવાં.

૨. પૌષધ નિમિત્તે સરસ આહાર લેવો.

૩. ઉત્તરપારણાને દિવસે વિવિધ પ્રકારની સામગ્રી વાપરવી.

૪. પૌષધ નિમિત્તે આગલા દિવસે દેહ-વિભૂષા કરવી.

૫. પૌષધ નિમિત્તે વસ્ત્રો ધોવરાવવાં.

૬. પૌષધ નિમિત્તે આભૂષણો ઘડાવવાં તેમજ પૌષધ વખતે ધારણ કરવાં.

૭. પૌષધ નિમિત્તે વસ્ત્રો રંગાવવાં.

૮. પૌષધ વખતે શરીર પરથી મેલ ઉતારવો.

૯. પૌષધણાં અકાળે શયન કરવું કે નિંદ્રા લેવી. (રાત્રિના બીજા પ્રહરે સંથારા-પોરિસી ભણાવીને નિંદ્રા લેવી ઘટે છે.)

૧૦. પૌષધમાં સારી કે નઠારી સ્ત્રી સંબંધી કથા કરવી.

૧૧. પૌષધમાં સારા કે નઠારા આહાર સંબંધી કથા કરવી.

૧૨. પૌષધમાં સારી કે નઠારી રાજકથા કે યુદ્ધકથા કરવી.

૧૩. પૌષધમાં દેશકથા કરવી.

૧૪. પૌષધમાં પૂંજ્યા-પડિલેહ્યા વિના લઘુનીતિ કે વડીનીતિ પરઠવવી.

૧૫. પૌષધમાં કોઈની નિંદા કરવી.

૧૬. પૌષધમાં પૌષધ નહી લીધેલા એવા માતા, પિતા, પુત્ર, ભાઈ, સ્ત્રી વગેરે સંબંધીઓ સાથે વાર્તાલાપ કરવો.

૧૭. પૌષધમાં ચોરસંબંધી વાર્તા કરવી.

૧૮. પૌષધમાં સ્ત્રીઓનાં અંગોપાંગ નીરખીને જોવાં.

## પ્રતિક્રમણ શબ્દનો અર્થ અને તેની મહત્તા અંગે કાંઈક સરળ સમજુતી

પ્રતિ=પાછા ; ક્રમણ=હટવુ ; થઈ ગયેલા દુષ્કૃત્યોથી પાછા હટવું, તેનું નામ પ્રતિક્રમણ.

શ્રી વંદિતા સૂત્રમાં ૪૮મી ગાથામાં જણાવ્યા મુજબ પ્રતિક્રમણ મુખ્ય ચાર કારણથી કરાય છે.

૧. જિનેશ્વર ભગવંતે જેનો નિષેધ (મનાઈ) કરેલ હોય, તે કરવું અથવા પોતે જેના ત્યાગની પ્રતિજ્ઞા લીધેલ હોય, તેનું આચરણ કરવું.

૨. જિનેશ્વર ભગવંતે જેનુ વિધાન (કરવા યોગ્ય) કરેલ હોય કે આચરવાનું કીધેલ હોય, તે ન આચર્યું હોય અથવા પોતે જે આચરવાની પ્રતિજ્ઞા લીધેલ હોય તેનું આચરણ ન કર્યું હોય તો.

૩. જિનેશ્વર ભગવંતના વચનથી વિરુદ્ધ પ્રરૂપણા કરી હોય તો.

આ ચારમાંથી જાણતાં-અજાણતાં મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન દ્વારા જે કાંઈ પણ દુષ્કૃત થયેલ હોય તો તેનાથી પાછા હરવા માટે અવશ્ય પ્રતિક્રમણ કરવાનું વિધાન વિવિધ શાસ્ત્રોમાં છે.

પ્રતિક્રમણના સૂત્રો અને અર્થોમાં સંપૂર્ણ ઉપયોગ રાખીને અથવા કોઈક કારણોસર કદાચ સૂત્ર-અર્થ ન આવડતા હોય તો પણ તે સૂત્રો અનંત મંત્રાક્ષરોથી ભરેલા, અતિપાવન છે, તેવો ભાવ રાખીને હૃદયમાં કરેલ પાપો-દુષ્કૃતો પ્રત્યે ઘૃણા પેદા કરીને વિચારવું કે 'અરરર !!! મારાથી આ પાપો શા કારણે થયા ? હું કેવો અધમ (જેવો)છું ! મારા સઘળાય દુષ્કૃતને અંતરથી હું નિંદુ છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરૂં છું તેમજ ભાવના ભાવું છું કે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ, અર્થાત ફળ રહિત થાઓ.

દિવસ-રાત દરમ્યાન અણસમજ કે સમજણપૂર્વક ઘણા પાપો થતા હોય છે. તેવા સમયે આ પાપો બંધાતા રહે અને પાપોની આલોચના કરવામાં ન આવે તો તે તે દુષ્કૃત, શલ્ય સ્વરુપે આત્મમાં એકાકાર થવાની સંભાવના રહે છે. તેથી તે સઘળાય દુષ્કૃતોનું પ્રક્ષાલન કરવા માટે નિયમિત પ્રતિક્રમણ આવશ્યક ઉભયટંક (સવાર-સાંજ)કરવું જોઈએ.

પૂજ્યાદ આચાર્યશ્રી વિજય લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા શ્રી પર્યુષણ પર્વ અષ્ટાહ્નિકા પ્રવચનમાં પ્રતિક્રમણ આવશ્યક ની મહત્તા અંગે ખૂબ સુંદર દૃષ્ટાંત આપવા દ્વારા સ્પષ્ટ રીતે સમજાવે છે કે... જંબૂદ્વીપમાં રહેલા સઘળાય પર્વતો પથ્થરની જગ્યાએ શુદ્ધ સૂવર્ણ ના બની જાય તે સૂવર્ણ કોઈ એક જ વ્યક્તિના માલિકીનું ન બની જાય અને તે નિ:સ્પૃહભાવે સઘળાય સુવર્ણનો ઉત્તમ એવા સાતક્ષેત્રમાં સદ્વ્યય કરે અથવા જંબુદ્વીપમાં રહેલી સઘળીયે રેતકણો અદ્ભૂત હીરા સ્વરુપે થઈ જાય અને કોઈ એક જ વ્યક્તિના માલિકીની બની જાય, તે નિ:સ્વાર્થ ભાવે પોતાની પાસે કાંઈ પણ રાખ્યા વગર સઘળાય હીરાને ઉત્તમ એવા સાતક્ષેત્રમાં સદ્વ્યય કરે, તો પણ એક દિવસના અવિરતિથી બંધાયેલ કર્મને ધોવા સમર્થ બની શકતો નથી, પણ જો શુદ્ધ ભાવ સાથે કરેલા પાપોનો પશ્ચાતાપ કરવા સાથે સવાર-સાંજ નિયમિત પ્રતિક્રમણ (આવશ્યક) ક્રિયા કરે, તો તે રાત-દિવસના પાપકર્મોને ધોવાઈ શકે છે અને વિશેષ ભાવોલ્લાસ જાગે તો અનેક ભવોથી એકત્રિત કરેલા પાપકર્મોને પણ ધોવા સમર્થ બની શકે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શ્રી દેવસિઅ-પ્રતિક્રમણ વિધિના ક્રમના હેતુ (કારણ)

દેવસિઅ-પ્રતિક્રમણ સાંજે કરવામાં આવે છે.

તે ઉપાશ્રયમાં પૂજ્ય ગુરુભગવંતની નિશ્રામાં કરવું જોઈએ.

બે-પાંચ માઈલના આંતરમાં પૂ. ગુરૂભગવંતની નિશ્રા મળતી હોય તો પાઠશાળા કે પૌષધશાળા કે પોતાના ઘરમાં દેવસિઅ-પ્રતિક્રમણ આદિ ન કરવું જોઈએ. (વૃદ્ધાવસ્થા / માંદગી સિવાય)

જયણાપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં 'નિસીહિ' બોલવું અને સંસાર સાથેનો સંબંધ છોડવો.

પૂ. ગુરુ ભગવંતની નિશ્રા ન હોય તો ગુરુ ભગવંતની સ્થાપના સ્વરૂપ સ્થાપનાચાર્યજી સન્મુખ ક્રિયા કરવી.

**પ્રશ્ન નં. ૧ પૂ. ગુરુભગવંતની નિશ્રામાં જ પ્રતિક્રમણ કરવાનું કારણ શું ?**

ઉત્તર : પૂ. ગુરૂભગવંતની નિશ્રામાં કરવાથી અનુષ્ઠાન વધુ દૃઢ બને છે અને પ્રમાદ-આળસનો ત્યાગ થાય છે. આજે ન્યાયાલયોમાં પણ ગુનો સાક્ષીથી સિદ્ધ થાય છે અને દુનિયામાં સાક્ષી સાથેનો વ્યવહાર નિશ્ચલ-વિશ્વાસપાત્ર ગણાય છે.

**પ્રશ્ન નં. ૨ પ્રતિક્રમણ શબ્દ શેને માટે રુઢ (વપરાયેલો) છે ?**

ઉત્તર : પ્રતિક્રમણ શબ્દ એ છ આવશ્યક (= સામાયિક, ચઉવિસત્થો, વાંદણાં, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ) માટે રુઢ છે. પણ શાસ્ત્રીય વચન અનુસાર છ આવશ્યકમાંથી ચોથુ પ્રતિક્રમણ કહેવાય છે. તે છ આવશ્યકો વિષે શ્રાવકે સદા ઉદ્યમશીલ રહેવું જોઈએ (મન્નહ જિણાણં સજ્ઝાય)

**પ્રશ્ન નં. ૩ પ્રતિક્રમણ શા કારણે કરવું જોઈએ ?**

ઉત્તર : જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર સ્વરૂપ પાંચેય આચારની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું જોઈએ.

**પ્રશ્ન નં. ૪ પ્રતિક્રમણમાં છ આવશ્યકના કયા સૂત્રથી કયા આચારની શુદ્ધિ થાય છે ?**

ઉત્તર : ૧. સામાયિક (કરેમિ ભંતે !)થી ચારિત્રાચારની; ૨. ચઉવીસત્થો (લોગસ્સ)થી દર્શનાચારની, ૩. વાંદણા (દ્વાદશાવર્ત્ત વંદન) થી જ્ઞાનાચારની, ૪. પ્રતિક્રમણ (વંદિત્તુ)થી જ્ઞાનાદિ પાંચેય આચારની, ૫. કાઉસ્સગ્ગ (અપ્પાણં વોસિરામિ)થી તપાચાર-વીર્યાચારની અને ૬. પચ્ચક્ખાણ (નવકારશી થી ચોવિહાર ઉપવાસ અને પાણહારથી દુવિહાર સુધીના)થી તપાચારની શુદ્ધિ થાય છે. આ છ એ આવશ્યકનું વિધિપૂર્વક સેવન કરવાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે.

**પ્રશ્ન નં. ૫ પ્રતિક્રમણનો કાળ (સમય) ઉત્સર્ગ અને અપવાદથી શું છે ?**

ઉત્તર : ઉત્સર્ગથી (મૂળવિધિ પ્રમાણે) દેવસિઅ-પ્રતિક્રમણનો સમય (કાળ) સૂર્ય અડધો ડૂબે ત્યારે શ્રી વંદિત્તુ સૂત્ર આવવું જોઈએ તે પ્રમાણે છે. એટલે સૂર્યાસ્તથી ૨૦-૨૫ મિનિટ પહેલાં પ્રતિક્રમણ ચાલુ કરવું જોઈએ. રાઈઅ પ્રતિક્રમણ સૂર્યોદયના ૨૦ મિનિટ પહેલા પૂર્ણ થાય તેમ કરવું જોઈએ.

અપવાદથી (અનિવાર્ય સંજોગોમાં આવશ્યકથી વંછિત રહી જવાય ત્યારે પૂ. ગુરૂભગવંતની અનુજ્ઞાથી જ કરાય) દેવસિઅ પ્રતિક્રમણ દિવસના મધ્યભાગ (પુરિમડ્ઢના પચ્ચક્ખાણ પછી)થી મધ્યરાત્રિ (રાત્રિના ૧૨.૦૦ વાગ્યા આસપાસ) સુધી કરી શકાય અને રાઈઅ- પ્રતિક્રમણ રાત્રિના મધ્યભાગ (રાત્રિના ૧૨:૦૦ વાગ્યા પછી)થી દિવસના મધ્યભાગ (પુરિમડ્ઢ પચ્ચક્ખાણ પહેલાં) સુધી કરી શકાય છે.

**પ્રશ્ન નં. ૬. પ્રતિક્રમણમાં સૌથી પહેલા સામાયિક શા માટે લેવાય છે ?**

ઉત્તર: અવિરતિ (પાપ-વ્યાપાર)નો ત્યાગ કરી વિરતિ (નિરવદ્ય વ્યાપાર)માં પ્રવેશ કરવા માટે સામાયિક લેવું જરુરી છે. વિરતિપણામાં કરેલી સઘળી ક્રિયા પુષ્ટિકારક અને ફળદાયી બને છે. તેથી પ્રતિક્રમણના પ્રારંભમાં સામાયિક લેવાય છે.

**પ્રશ્ન નં. ૭. પચ્ચક્ખાણ છટ્ઠું આવશ્યક હોવા છતાં પ્રતિક્રમણના પ્રારંભમાં વાંદણાં આપવા પૂર્વક પચ્ચક્ખાણ શા કારણે લેવાય છે?**

ઉત્તર : સાંજના પચ્ચક્ખાણમાં 'દિવસચરિમં' (=દિવસના અંતિમભાગ પહેલાં)નો પાઠ હોવાથી સૂર્યાસ્ત પહેલા પચ્ચક્ખાણ કરવું જરૂરી છે. કેમકે છટ્ઠા આવશ્યક સુધી પહોંચતા ઘણો સમય વ્યતિત થવાની શક્યતા રહેલી છે. પૂ. ગુરુભગવંતના વિનય સ્વરુપ દ્વાદશાવર્ત્ત વંદન (વાંદણાં) કરવાપૂર્વક પચ્ચક્ખાણ લેવાય છે. એટલે સાંજે સામાયિક લીધા બાદ મુહપત્તિ પડિલેહણ અને વાંદણાં પૂર્વક પચ્ચક્ખાણ લેવાય છે.

**પ્રશ્ન નં. ૮. પ્રતિક્રમણની શરુઆતમાં જ ચાર થોયનું દેવવંદન શા માટે કરાય છે ?**

ઉત્તર : શ્રી ચૈત્યવંદન ભાષ્યમાં જણાવેલ બાર અધિકારોથી ૪ થોયનું દેવવંદન પ્રારંભમાં કરવાથી દેવ-ગુરુનો બહુમાન-વિનય થાય છે અને તેથી જ સઘળી ધર્મક્રિયા (દેવ-ગુરુના વંદનથી) સફળ થાય છે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશ્ન નં. ૯. દેવ વંદનમાં ૧૨ અધિકારો ક્યા-ક્યા છે ?

ઉત્તર :

| અધિકાર નો ક્રમ | કોને વંદન-સ્મરણ થાય છે ? | ક્યા પદથી થાય છે ? |
|---|---|---|
| ૧લો | ભાવ-જિન | 'નમુત્થુણં થી જિઅભયાણં' સુધી |
| ૨જો | દ્રવ્ય-જિન | 'જે અ અઈયા સિદ્ધા 'થી' તિવિહેણ વંદામિ' સુધી |
| ૩જો | ચૈત્યસ્થાપના-જિન | અરિહંત-ચેઈઆણં સૂત્ર |
| ૪થો | નામ-જિન | લોગસ્સ સૂત્ર |
| ૫મો | ત્રણે ભુવનના સ્થાપના-જિન | સવ્વલોએ |
| ૬ઠ્ઠો | વિહરમાન-જિન | 'શ્રી પુક્ખર-વર-દીવડ્ઢે થી નમંસામિ' સુધી |
| ૭મો | શ્રુત જ્ઞાન | 'તમતિમિર થી અંતિમ' સુધી |
| ૮મો | સર્વ-સિદ્ધ ભગવંતો | 'સિદ્ધાણં બુદ્ધાણં થી સવ્વસિદ્ધાણં' સુધી |
| ૯મો | તીર્થાધિપતિ શ્રીવીર ભગવાન | 'જો દેવાણ...થી નરં વ નારિં વા' સુધી |
| ૧૦મો | ઉજ્જયંત (ગિરનાર) તીર્થ | 'ઉજ્જિંતસેલ થી નમંસામિ' સુધી |
| ૧૧મો | અષ્ટાપદ તીર્થ | 'ચત્તારિ-અટ્ઠ થી દિસંતુ' સુધી |
| ૧૨મો | સમ્યગ્દષ્ટિ દેવસ્મરણ | 'વેયાવચ્ચગરાણં થી કરેમિ કાઉસ્સગ્ગં' સુધી |

પ્રશ્ન નં. ૧૦. ચાર ખમાસમણમાં 'ભગવાન્હં' આદિનો શું અર્થ છે ?

ઉત્તર : 'ભગવાન્હં'નો અર્થ 'અરિહંત અને સિદ્ધભગવંત', 'આચાર્યહં'નો અર્થ 'આચાર્ય ભગવંત', 'ઉપાધ્યાયહં' નો અર્થ 'ઉપાધ્યાય ભગવંત' અને 'સર્વસાધુહં'નો અર્થ 'સર્વ સાધુભગવંત'ને નમસ્કાર થાઓ

પ્રશ્નનં. ૧૧. 'સવ્વસ્સવિ દેવસિઅ' સૂત્રને પ્રતિક્રમણનું બીજ સૂત્ર શા માટે કહેવાય છે ?

ઉત્તર : મનના દુશ્ચિંતવનની, વચનના દુર્ભાષણની અને કાયાની કુચેષ્ટાની આલોચના આ લઘુસૂત્ર દ્વારા કરવામાં આવી છે અને આનો વિસ્તાર જ પ્રતિક્રમણની ક્રિયામાં કરવામાં આવેલ છે. તેથી જ આ સંક્ષિપ્ત સૂત્રને બીજ સૂત્ર કહેવાય છે.

પ્રશ્ન નં. ૧૨. પાંચેય આચારમાં સૌ પહેલાં ચારિત્રાચારની શુદ્ધિ માટે ૮ ગાથાનો કાઉસ્સગ્ગ કેમ કરાય છે ?

ઉત્તર : મુક્તિ માટે નજીકનું કારણ અને પાંચેય આચારમાં પ્રધાન-શ્રેષ્ઠ હોવાથી દિવસ સંબંધી લાગેલા દોષોમાં સહુ પહેલાં ચારિત્રાચારની શુદ્ધિ માટે આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરાય છે. પૂજ્ય મહાત્માઓ સાધુજીવનને અનુલક્ષીને 'સયણા...'ની એક ગાથા એક વાર ચિંતવન કરે છે. પંચાચારની ગાથાના ચિંતવન વખતે શ્રાવકોએ પોતાને લાગેલા અતિચારોને, પૂ. મહાત્માઓએ એક ગાથાના ચિંતવન વખતે લાગેલા અતિચારોને મોટા-નાના ક્રમમાં ગોઠવવા જોઈએ અને 'દેવસિઅ આલોઉં ?'ના આદેશ વખતે ક્રમસર મોટા-નાના અતિચારોનું પૂ. ગુરુભગવંતને નિવેદન કરવું જોઈએ.

પ્રશ્ન નં. ૧૩ . અહી ત્રીજું આવશ્યક એવા (વાંદણાં) આપવાનો હેતુ શું છે ?

ઉત્તર :- ૩૨ દોષ રહિત અને ૨૫ આવશ્યક સહિત વાંદણા, પૂ. ગુરુભગવંતને કાઉસ્સગ્ગમાં ધારેલ મોટા-નાના અતિચારના નિવેદન પહેલાં વિનય-બહુમાન માટે અપાય છે.

પ્રશ્ન નં. ૧૪ -'સવ્વસ્સવિ દેવસિઅ...ઈચ્છાકારેણ...' સૂત્ર ક્યા હેતુથી બોલાય છે?

ઉત્તર : આ સૂત્રમાં દિવસના મન-વચન-અને કાયાના સર્વ અતિચારનો સંગ્રહ હોવાથી પૂ. ગુરુભગવંત પાસે પ્રાયશ્ચિત્ત મંગાય છે અને ગુરુભગવંત 'પડિક્કમેહ' કહેવા દ્વારા તે અતિચારોના પ્રાયશ્ચિત રૂપે પ્રતિક્રમણ કરવાનું કહે ત્યારે 'ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં' કહેવું. પછી ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં પ્રતિક્રમણ નામનું બીજુ પ્રાયશ્ચિત્ત કરવામાટે યોગમુદ્રા પૂર્વક વીરાસને બેસી, સમભાવમાં રહીને, ઉપયોગ સહિત, મનથી પદે પદે સંવેગની પ્રાપ્તિ કરતાં, ડાંસ-મચ્છરઆદિના દંશ પરિષહને ગણકાર્યા વિના બોલે.

પ્રશ્ન નં. ૧૫. પૂજ્ય મહાત્માઓ 'શ્રમણ સૂત્ર' બોલે તે પહેલા શ્રી નવકારમંત્ર, કરેમિભંતે !, ચત્તારિ મંગલં,ઈચ્છામિ પડિક્કમિઉં, અને ઈરિયાવહિયં સૂત્ર ક્યા હેતુથી બોલે છે ?

ઉત્તર : બધા કાર્યો પંચપરમેષ્ઠિ ભગવંતને નમસ્કાર કરવાપૂર્વક કરવાનાં હોય છે, માટે પ્રારંભમાં શ્રી નવકારમહામંત્ર બોલે છે. સમતા ભાવમાં સ્થિર થઈને પ્રતિક્રમણ કરવું જોઈએ માટે 'કરેમિ ભંતે' સૂત્ર બોલે છે. પછી માંગલિક માટે 'ચત્તારિ

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંગલં' બોલે છે. પછી દિવસ સંબંધી અતિચારને આલોચવા માટે 'ઈચ્છામિ પડિક્કમિઉં' સૂત્ર બોલે છે અને ગમનાગમન (જવા-આવવાની)થી થયેલ વિરાધનાની આલોચના માટે 'ઈરિયાવહિયં' સૂત્રને પૂજ્ય મહાત્માઓ બોલે છે અને પછી સમસ્ત અતિચારથી પાછા હટવા માટે 'શ્રમણ સૂત્ર' બોલે છે. ઉપરોક્ત હેતુ માટે જ શ્રાવક-શ્રાવિકાગણ પણ શ્રી નવકારમંત્ર, કરેમિભંતે ! અને ઇચ્છામિ પડિક્કમિઉં પછી શ્રી વંદિત્તુ સૂત્ર બોલે છે.

**પ્રશ્ન નં. ૧૬. શ્રમણ સૂત્ર અને વંદિત્તુ સૂત્રમાં 'અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ' બોલતાની સાથે શેષ સૂત્ર ઉભા-ઉભા કેમ બોલાય છે?**

ઉત્તર : અતિચાર રૂપ પાપના ભારથી હળવો બન્યો હોવાથી ઉભા થઈને શેષ સૂત્ર બોલાય છે. અથવા દ્રવ્ય (શરીર)થી ઉભા થઈને ભાવથી આરાધના કરવા ઉભો થયો છું, એમ સૂચવવા માટે પણ બોલાય છે. આ ચોથા પ્રતિક્રમણ આવશ્યકથી ચાર પ્રકારનાં કર્મ=સ્પૃષ્ટ, બુદ્ધ, નિધત અને નિકાચિતમાંથી પહેલા બે પ્રકારના કર્મ દૂર થાય છે. ('અબ્ભુટ્ઠિઓમિ' બોલતાંની સાથે ઉભા થઈને ગુરુભગવંત અવગ્રહની બહાર નીકળીને શેષ સૂત્ર પૂર્ણ કરવું જોઈએ.)

**પ્રશ્ન નં. ૧૭. શ્રમણ સૂત્ર અને વંદિત્તુ સૂત્ર પછી તુરત બે વાંદણાં કયા હેતુથી અપાય છે ?**

ઉત્તર : વંદન આઠ કારણે કરાય છે. ૧. પ્રતિક્રમણ, ૨. સ્વાધ્યાય, ૩. કાઉસ્સગ્ગ કરવા, ૪. અપરાધ ખમાવવા, ૫. પરોણા સાધુ આવે ત્યારે, ૬. આલોચન લેતા, ૭. પચ્ચક્ખાણ લેતા અને ૮. અણસણ કરતી વખતે ગુરુવંદન કરાય છે. અહી 'તસ્સ ધમ્મસ્સ...' દ્વારા અતિચારનું પ્રતિક્રમણ કર્યા પછી પૂ. ગુરુભગવંત પ્રત્યે થયેલા પોતાના અપરાધને ખમાવવાને માટે ગુરુવંદન કરવામાં આવેલ છે, અર્થાત્ પહેલા (પ્રતિક્રમણ) અને ચોથા (અપરાધ ખમાવવા) કારણે વાંદણા અપાય છે.

**પ્રશ્ન નં. ૧૮. 'અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર' ગુરુવંદન પછી બે વાંદણા કયા હેતુથી અપાય છે ?**

ઉત્તર : વંદન કરવાના આઠ કારણોમાંથી ત્રીજા એવા કાઉસ્સગ્ગ કરવા માટે બે વાંદણાં અપાય છે.

**પ્રશ્ન નં. ૧૯. શ્રી આયરિય-ઉવજ્ઝાએ સૂત્ર કયા હેતુથી બોલાય છે ?**

ઉત્તર : કષાયો ભારે હોય તો ચારિત્રનો પર્યાય શેરડીના કૂચાની જેમ નિષ્ફળ જાય, માટે ચારિત્રની સફળતા માટે તેમજ કષાયોને ઠારવા માટે આ સૂત્ર બોલાય છે.

**પ્રશ્ન નં. ૨૦. બે લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ કયા હેતુથી કરાય છે ?**

ઉત્તર : શ્રમણ સૂત્ર કે વંદિત્તુ સૂત્રમાં રહી ગયેલી ચારિત્રાચારની અશુદ્ધિને દૂર કરવા માટે બે લોગસ્સનો કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કરાય છે.

**પ્રશ્ન નં. ૨૧. દેવસિઅ પ્રતિક્રમણ ઠાવ્યા પછી 'કરેમિ ભંતે!' બોલાય છે અને બીજીવાર શ્રી વંદિત્તુ સૂત્ર પહેલાં બોલાય છે, તો ફરી ત્રીજીવાર અહી 'કરેમિ ભંતે!' શા હેતુથી બોલાય છે ?**

ઉત્તર : સમતાભાવમાં રહીને કરેલી સઘળીયે ધર્મક્રિયા સફળ થાય છે, તે વાતને વારંવાર યાદ કરાવવા પ્રતિક્રમણની શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં, તેમ ત્રણવાર 'કરેમિ ભંતે!' સૂત્ર બોલાય છે.

**પ્રશ્ન નં. ૨૨. બે લોગસ્સના કાઉસ્સગ્ગ પછી એક-એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કયા હેતુથી કરાય છે ?**

ઉત્તર : જેમ કતકનું ચૂર્ણ મેલા પાણીને શુદ્ધ કરે છે અને જેમ અંજન આંખને ચોક્ખી કરે છે, તેમ ચારિત્રાચારની શુદ્ધિ માટેના લોગસ્સના કાઉસ્સગ્ગ પછી પ્રથમ એક લોગસ્સનો કાઉસ્સગ્ગ દર્શનાચારની શુદ્ધિ માટે કરાય છે. તે માટે શ્રી ઋષભદેવ આદિ ચોવીશે તીર્થંકરોના નામસ્મરણરૂપ શ્રી લોગસ્સ સૂત્ર પૂર્ણ બોલી 'સવ્વલોએ' દ્વારા ત્રણ ભુવનમાં રહેલા સ્થાપનાજિનને વંદન કરવાપૂર્વક કાઉસ્સગ્ગ કરાય છે. દર્શનાચારની શુદ્ધિ પછી પ્રાપ્ત થયેલ જ્ઞાન, સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે, તે માટે પછીનો એક લોગસ્સનો કાઉસ્સગ્ગ જ્ઞાનાચારની શુદ્ધિ માટે કરાય છે. તે કાઉસ્સગ્ગ કરતાં પૂર્વે વિહરમાન જિનભગવંતોની સ્તુતિ, સમ્યગ્જ્ઞાનની સ્તવના કરી શ્રુતદેવતાના સ્મરણ સ્વરૂપશ્રી પુક્ખર વર- દ્દીવડ્ઢે સૂત્ર આદિ બોલાય છે.

**પ્રશ્ન નં. ૨૩. ત્રણેય કાઉસ્સગ્ગ પૂર્ણ થયા પછી કયા હેતુથી 'સિદ્ધાણં-બુદ્ધાણં' સૂત્ર બોલાય છે ?**

ઉત્તર : તેમાં સર્વકર્મમલથી મુક્ત એવા શ્રી સિદ્ધભગવંતો ને યાદ કરવા માટે 'શ્રી સિદ્ધાણં-બુદ્ધાણં' સૂત્ર બોલાય છે. શ્રી જિનેશ્વરભગવંતોના વચન અનુસાર સઘળીયે સુવિશુદ્ધ વિધિપૂર્વક કરાયેલી

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયાનું અંતિમફળ મોક્ષ સુખની પ્રાપ્તિ છે.

**પ્રશ્ન નં. ૨૪. શ્રી શ્રુતદેવતાનો કાઉસ્સગ્ગ શા માટે કરાય છે ?**

ઉત્તર : સઘળીયે ધર્મ ક્રિયાનો આધાર શ્રુત છે. તેથી આપણા સહુમાં શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થાય માટે 'સુઅદેવયા ભગવઈ'ની સ્તુતિ દ્વારા શ્રુતદેવતાનો કાઉસ્સગ્ગ કરાય છે.

**પ્રશ્ન નં. ૨૫. શ્રી શ્રુતદેવતા-ક્ષેત્રદેવતા-ભવનદેવતાનો એક જ શ્રી નવકાર મહામંત્રનો કાઉસ્સગ્ગ કેમ કરાય છે ?**

ઉત્તર : સમ્યગ્દષ્ટિ એવા દેવો અલ્પ મહેનતે સિદ્ધ (પ્રસન્ન) થતા હોવાથી આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ શ્રી નવકાર મહામંત્રનો કાઉસ્સગ્ગ કરાય છે.

**પ્રશ્ન નં. ૨૬. શ્રી શ્રુતજ્ઞાનની વૃદ્ધિ માટે 'શ્રુત' ને સ્મરણ કરવાના બદલે 'શ્રુતદેવતા' ને કયા હેતુથી સ્મરણ કરાય છે ?**

ઉત્તર : શ્રી દ્વાદશાંગીના અધિષ્ઠાયક સમ્યગ્દષ્ટિ શ્રુતદેવતાને સ્મરણ કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પ્રગટે છે, માટે શ્રુતદેવતાનું સ્મરણ કરાય છે.

**પ્રશ્ન નં. ૨૭. શ્રી ક્ષેત્રદેવતાનો કાઉસ્સગ્ગ કયા હેતુ થી કરાય છે ?**

ઉત્તર: આપણે સહુ જે ક્ષેત્ર (જગ્યા)ને આશ્રયીને ધર્મક્રિયા કરીએ છીએ, તેના અધિષ્ઠાયક ક્ષેત્રદેવતા હોય છે, માટે તેઓને કૃતજ્ઞતારૂપે યાદ કરાય છે અને પૂ. મહાત્માઓ પણ ત્રીજા અદત્તાદાન વિરમણ મહાવ્રતની ભાવનામાં જણાવ્યા મુજબ ક્ષેત્રના માલિકની વારંવાર અનુજ્ઞા લેવાનું વિધાન હોવાથી શ્રી ક્ષેત્રદેવતાના સ્મરણ રૂપે કાઉસ્સગ્ગ કરતા હોય છે.

**પ્રશ્ન નં. ૨૮- અવિરતિધર એવા શ્રુતદેવતા અને ક્ષેત્રદેવતાને સ્મરણ રૂપે કાઉસ્સગ્ગ કરવાથી શું મિથ્યાત્વ લાગે ?**

ઉત્તર: શ્રી આવશ્યક સૂત્રની બૃહત્વૃત્તિમાં શરૂઆતમાં જ ૧૪૪૪ ગ્રંથના રચયિતા સૂરિપુરંદર પૂ. આ.શ્રી.હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ શ્રુતદેવતાને નમસ્કાર કર્યો છે અને પક્ખીસૂત્ર આદિ તથા શ્રી આવશ્યકસૂત્રની પંચાંગીમાં શ્રુતદેવતા આદિનો કાઉસ્સગ્ગ કરવો જોઈએ, એમ જાણવામાં આવ્યું છે.

શ્રી પૂર્વધરો (વાચક ઉમાસ્વાતિજી મહારાજા આદિ)ના કાળમાં પણ આ કાઉસ્સગ્ગ થતો હતો અને તેનો નિષેધ ક્યારેય કરવામાં આવ્યો નથી. આ કાઉસ્સગ્ગ કરવાથી મિથ્યાત્વ લાગવાની તો કોઈ સંભાવના જ નથી. પરંતુ તે કાઉસ્સગ્ગ કરવાથી ગુણની ઉપબૃહંણા થતી હોય છે અર્થાત્ જ્ઞાનાચારનું પાલન થાય છે. (સર્વ કે દેશવિરતિધરે ઉપરોક્ત દેવતાઓનું ફક્ત સ્મરણ જ કરવાનું હોય છે. પણ 'વંદણ-વત્તિયાએ' આદિ પદ દ્વારા વંદન-નમન-પૂજન કરવાનું હોતું નથી. એટલે દોષની કોઈ સંભાવના રહેતી નથી.)

**પ્રશ્ન નં. ૨૯ અહી ચોથી વખતે બે વાર વાંદણાં કયા હેતુથી અપાય છે ?**

ઉત્તર: જેમ રાજા (માલિક)ની અનુજ્ઞાથી કાર્ય પૂર્ણ કર્યા પછી સેવકો રાજાને નમન કરવાપૂર્વક કાર્ય પૂર્ણ કર્યાનું નિવેદન કરે, તેમ પૂ.ગુરૂભગવંતની અનુજ્ઞાથી ચારિત્ર આદિની વિશુદ્ધિ કરનારા એવા છ એ આવશ્યકો મેં પૂર્ણ કર્યા છે, તે જણાવવા માટે દ્વાદશાવર્ત્તવંદન સ્વરૂપ બે વાર વાંદણાં અહી અપાય છે.

**પ્રશ્ન નં. ૩૦. 'ઈચ્છામો અણુસટ્ઠિં' નો અર્થ શું છે ?**

ઉત્તર: 'હું પૂ.ગુરૂભગવંતના અનુશાસન ને ઈચ્છું છું. અર્થાત્ પૂ.ગુરૂભગંવતની અનુજ્ઞા મુજબ મેં સંપૂર્ણ ઉપયોગપૂર્વક છ આવશ્યક સ્વરૂપ પ્રતિક્રમણ કર્યું છે.

**પ્રશ્ન નં. ૩૧. 'નમોऽસ્તુ વર્ધમાનાય' સૂત્ર કયાં હેતુંથી બોલાય છે ?**

ઉત્તર : શ્રી વિરવિભુનું શાસન જયવંતુ વર્તે છે. તે જિનેશ્વર ભગવંતની અનુજ્ઞાથી પ્રતિક્રમણ કરવાનું હોય છે. તે પ્રતિક્રમણ કોઈપણ પ્રકારના વિઘ્ન વગર પૂર્ણ થયું છે, તે આનંદને અભિવ્યક્ત (પ્રગટ) કરવા આ સ્તુતિ (સૂત્ર) બોલાય છે.

**પ્રશ્ન નં. ૩૨. 'નમોऽસ્તુ વર્ધમાનાય' સૂત્ર (સ્તુતિ)ઉંચા સ્વરે શા કારણે બોલાય છે ?**

ઉત્તર : કૃતજ્ઞ ગુણસંપન્ન મહાનુભાવનો એવો વ્યવહાર હોય છે કે વડીલોની અનુજ્ઞાથી નિર્વિઘ્ને પૂર્ણ કરેલ કાર્યની મંગલ પૂર્ણાહૂતિ થાય ત્યારે આનંદ વ્યક્ત કરવા ઉંચા સ્વરે દેવ-ગુરુની સ્તુતિ કરવી. તેમજ દુન્યવી વ્યવહારમાં પણ આનંદ વ્યક્ત કરવા વાજા વગાડવાં અને નૃત્ય કરવા સાથે ગીતો ગાવાં આદિનો વ્યવહાર છે, તેવી રીતે છ આવશ્યકની પૂર્ણાહૂતિના આનંદને વ્યક્ત કરવા ઉંચા સ્વરે આ ત્રણ સ્તુતિ એક સાથે બોલાય છે. (સૂર્યાસ્ત પછીના સમયે બોલાતી આ સ્તુતિનો સામુહિક અવાજ ત્રસજીવો આદિ માટે ત્રાસદાય બને, તેવો ન હોવો જોઈએ.)

(દેવસિઅ-પ્રતિક્રમણમાં પૂ.મહાત્માઓમાં વડીલ

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



ગુરુ ભગવંત એક સ્તુતિ બોલે, પક્ખી-ચૌમાસી-સંવત્સરી પ્રતિક્રમણ વખતે ત્રણેય સ્તુતિ બોલે, પછી જ સમૂહમાં રહેલા અન્ય મહાનુભાવો એકરાગમાં લયબદ્ધ રીતે મધુર કંઠે ત્રણેય સ્તુતિઓ બોલે)

**પ્રશ્ન નં. ૩૩. પૂ. સાધુ ભગવંતો અને શ્રાવકો 'નમોઽર્હત્' બોલવા પૂર્વક 'નમોઽસ્તુ વર્દ્ધમાનાય' સ્તુતિ બોલતા હોય છે. જ્યારે પૂ. સાધ્વીજી ભગવંતો અને શ્રાવિકોઓ 'નમો ખમાસમણાણં' પછી 'સંસાર દાવાનલ'ની પ્રથમ ત્રણ ગાથા બોલતાં હોય છે, આવો ભેદ શા હેતુથી છે ?**

ઉત્તર : 'નમોઽર્હત્' 'નમોઽસ્તુ વર્ધમાનાય' (વિશાલલોચન દલં) સ્તુતિ (સૂત્રો) પૂર્વમાંથી ઉદ્‌ધૃત કરેલ છે. અર્થાત્ ૧૪ પૂર્વમાંથી લીધેલ છે, સ્ત્રીઓને પૂર્વ કે દૃષ્ટિવાદ ભણવાનો-બોલવાનો અધિકાર નથી, માટે તેઓ 'સંસાર દાવાનલ' સૂત્ર બોલતાં હોય છે.

**પ્રશ્ન નં. ૩૪. સ્ત્રીઓને પૂર્વ કે દૃષ્ટિવાદ ભણવા-બોલવાનો અધિકાર કેમ નથી ?**

ઉત્તર : શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે સ્ત્રીઓ સહજભાવે અલ્પ સત્ત્વવાળી, વિશિષ્ટ યોગ્યતા વગરની, અભિમાન કરવાના સ્વભાવવાળી અને છીછરા સ્વભાવની અધીરી હોવાના કારણે ઉંચી વિદ્યાઓના ઘણા પ્રભાવો અને મંત્રાદિનું વર્ણન દૃષ્ટિવાદ, પૂર્વશ્રુતમાં હોવાથી સ્ત્રીઓને ભણવા-બોલવાનો અધિકાર નથી. તેમજ ઉત્થાનશ્રુત, સમુત્થાનશ્રુત, અરૂણોપપાત-વરુણોપપાત અધ્યયનાદિ પણ ભણવા-બોલવાનો અધિકાર નથી.

**પ્રશ્ન નં. ૩૫. અહીં 'નમુત્થુણં', 'સ્તવન' અને 'ચાર વાર ખમાસમણ' કયા હેતુથી બોલાય-અપાય છે ?**

ઉત્તર: પ્રતિક્રમણની શરૂઆતમાં અને અંતમાં મંગલ માટે દેવ અને ગુરૂને વંદન કરવું જોઇએ માટે 'નમુત્થુણં' સૂત્ર દ્વારા પ્રભુને વંદન કરાય છે અને સ્તવન દ્વારા પ્રભુજીના ગુણગાન ગવાય છે. તેમજ 'ભગવાન્‌હં' આદિ દ્વારા દેવ-ગુરુ સ્વરૂપ પંચ પરમેષ્ઠિને નમન કરાય છે તથા અંતે શ્રાવક-શ્રાવિકાગણ અઢીદ્વીપમાં રહેલ પંચમહાવ્રતધારી પૂ. ગુરૂભગવંતોને 'અડ્‌ઢાઇજ્જેસુ' સૂત્ર દ્વારા વંદન કરતાં હોય છે. (પૂ. મહાત્માઓ 'પગામસજ્ઝાય'માં કરતા હોય છે)

**પ્રશ્ન નં. ૩૬. પહેલા અતિચારની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કર્યા છતાં અહીં ફરીવાર ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ બે વાર શા હેતુથી કરાય છે ?**

ઉત્તર : દિવસ સંબંધી થયેલા પાપોના પ્રાયશ્ચિતની વિશુદ્ધિ માટે અને પાપના ઉદયથી આવેલ દુ:ખના ક્ષય માટે તેમજ સંસાર પરિભ્રમણમાં મુખ્ય કારણ સમાન કર્મના ક્ષય માટે અને પૂર્વે કરેલ અતિચારની શુદ્ધિની વિશેષ દૃઢતા માટે અહી ફરીવાર બે વાર ચાર લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ કરાય છે.

**પ્રશ્ન નં. ૩૭. બે વાર ચાર લોગસ્સના કાઉસ્સગ્ગની વચ્ચે સજ્ઝાય કયા હેતુથી બોલાય છે ?**

ઉત્તર : પ્રાયશ્ચિતની વિશુદ્ધિ માટેનો પ્રથમ ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યા પછી વૈરાગ્ય પ્રેરક અને આત્મશિખામણ સ્વરૂપ પૂર્વાચાર્યો રચિત સજ્ઝાય બોલવાથી હૃદય વિશેષ ભાવિત બને છે અને કર્મના વિપાકોને સમજવાની બુદ્ધિ કેળવાય, તે માટે સજ્ઝાય બોલાય છે.

**પ્રશ્ન નં. ૩૮. બીજીવારનાં ચાર લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કરવાના બદલે સંપૂર્ણ કેમ કરાય છે ?**

ઉત્તર : પરમશાંતિના અનુભવ માટે અને ભૂત-પિશાચ આદિ ઉપદ્રવની શાંતિ માટે દુ:ખના અને કર્મના ક્ષય માટે કાઉસ્સગ્ગ કરાતો હોવાથી અહીં સંપૂર્ણ લોગસ્સ કાઉસ્સગ્ગમાં બોલાય છે.

**પ્રશ્ન નં. ૩૮. 'શ્રી લઘુશાંતિ સ્તવ' કાઉસ્સગ્ગ મુદ્રામાં સાંભળવાનો અને આદેશ લેનારને યોગમુદ્રામાં બોલાવાનો શું હેતુ છે ?**

ઉત્તર: સૂર્યાસ્ત પછી ઉપાશ્રય આદિમાં અંધારું વ્યાપી ગયેલ હોવાથી કાઉસ્સગ્ગ મુદ્રામાં અનેકવિધ મંત્રાક્ષરોથી ગર્ભિત શ્રી લઘુશાંતિ સ્તવ સાંભળવાનું વિધાન છે. તેમજ પ્રતિક્રમણ પછીની શેષ રાત્રિ નિરૂપદ્રવી-ક્ષુદ્રોપદ્રવ રહિત અને પરમ શાંતિદાયક બને, તે હેતુથી કાઉસ્સગ્ગ પછી શ્રી લઘુશાંતિ સ્તવ બોલાય છે.

તે પછી શ્રાવક-શ્રાવિકાગણ 'અવિધિ-આશાતના મિચ્છા મિ દુક્કડં' કરી સામાયિક પારતી વખતે મહામંગલકારી ચઉક્કસાય ચૈત્યવંદન, જયવીયરાય સુધી કરવું જોઇએ.

**: ઈતિશ્રી દેવસિઅ-પ્રતિક્રમણ હેતુ સમાપ્ત:**



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## : શ્રી રાઈઅ-પ્રતિક્રમણના હેતુઓ :

રાત્રિના છેલ્લા પ્રહરે (અંદાજથી ત્રણ કલાક આસપાસ) નિદ્રાનો ત્યાગ કરી શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરી પથારીનો ત્યાગ કરી અવિરતિના સૂચક અંગોની અલ્પ પાણીથી શુદ્ધિ કરવી. પછી ૧૦૦% સુતરાઉ પ્રમાણોપેત સામાયિક માટેનાં શુદ્ધ વસ્ત્ર પહેરીને ઉપાશ્રય તરફ ઈર્યાસમિતિના પાલનપૂર્વક પ્રયાણ કરવું. પૂજ્ય ગુરુભગવંતની અનુજ્ઞા મેળવીને સામાયિક વિધિપૂર્વક ગ્રહણ કરવું.

(અહી દેવસિઅ-પ્રતિક્રમણમાં બતાવેલ હેતુઓમાં જે કાંઈ વિશેષ ફેરફાર રાઈઅ-પ્રતિક્રમણમાં હશે, તે જ બતાવવામાં આવશે, તે સિવાયના હેતુઓ દેવસિઅ-પ્રતિક્રમણ મુજબ જાણવા)

**પ્રશ્ન નં. ૧.** પૂ. મહાત્માઓ અને શ્રાવકાદિ (સામાયિક લેતાં પહેલાં) પ્રારંભમાં 'ઈરિયાવહિયં' શા હેતુ થી કરે છે ?

**ઉત્તર:** 'ઈરિયાવહિયં' દ્વારા સર્વ જીવરાશિ પ્રત્યે ક્ષમાપના અને મૈત્રીભાવના ને સુદૃઢ કરાય છે. તેથી આગળ ચૈત્યવંદન, સજ્ઝાય, આવશ્યક આદિ સુવિશુદ્ધ વૈરભાવ મુક્ત હૃદયે કરી શકાય છે. જેમ દ્રવ્યપૂજા માટે શરીરની બાહ્યશુદ્ધિ જરૂરી છે, તેમ ભાવપૂજા માટે અંતરશુદ્ધિ પણ ખૂબ જરૂરી છે, તે અંતરશુદ્ધિમાં સહાયક 'ઈરિયાવહિયં' છે, માટે તે પ્રતિક્રમણના પ્રારંભમાં કરાય છે. શ્રી મહાનિશીથ સૂત્રમાં પણ કહેવામાં આવ્યું છે કે 'ઈરિયાવહિયં' વગર કરેલી સઘળી ક્રિયા (- ચૈત્યવંદન, સજ્ઝાય, આવશ્યક આદિ) નિષ્ફળ જાય છે.

**પ્રશ્ન નં. ૨** પ્રારંભમાં કુસુમિણ-દુસુમિણનો કાઉસ્સગ્ગ કયા હેતુથી કરાય છે. ૨.

**ઉત્તર:** રાત્રિ સમયમાં નિદ્રા દરમ્યાન ખરાબ સ્વપ્ન આદિથી પેદા થયેલા પાપોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તરૂપે આ કાઉસ્સગ્ગ કરવામાં આવે છે.(આ કાઉસ્સગ્ગ કર્યા વગર પ્રાત: કાળે (સવારે) કોઈપણ કિયા કરવી કલ્પતી નથી. રાઈઅ-પ્રતિક્રમણ પહેલાં દેરાસર જવાય નહી.)

**પ્રશ્ન નં. ૩** 'શ્રી જગચિંતામણિ'નું ચૈત્યવંદન પ્રારંભમાં શા કારણે કરાય છે ?

**ઉત્તર:** સઘળીયે ધર્મક્રિયા દેવ-ગુરુ ને વંદન કરીને કરવાથી સફળ થાય છે. માટે આ મહામંગલ સ્વરૂપ 'શ્રી જગચિંતામણિ' ચૈત્યવંદન પ્રારંભમાં કરાય છે. 'ભગવાન્હં' આદિ પણ તે જ કારણે કરાય છે.

**પ્રશ્ન નં. ૪** ભરહેસરની સજ્ઝાય શા હેતુથી બોલાય છે ?

**ઉત્તર:** પ્રાત:કાળે શિયળના દૃઢ પાલનમાં મક્કમ એવા મહાપુરુષો અને મહાસતીઓનું નામસ્મરણ કરવાથી આખો દિવસ સદાચાર-સદ્ઉચ્ચાર યુક્ત રહે, તે માટે આ ભરહેસરની સજ્ઝાય બોલાય છે.

**પ્રશ્ન નં. ૫** 'ઈચ્છકાર સુહરાઈ' સૂત્ર અહી બોલવાનો શું હેતુ છે ?

**ઉત્તર:** પ્રતિક્રમણના બીજમંત્ર સ્વરૂપ 'સવ્વસ્સવિ' બોલતાં પૂર્વે પૂ.ગુરુભગવંતની રાત્રિ સુખપૂર્વક પસાર થઈ છે કે નહિ? ઈત્યાદિ પૃચ્છા માટે અને વિનય-બહુમાનભાવ પેદા કરવા માટે આ સૂત્ર અહી બોલાય છે.

**પ્રશ્ન નં. ૬** દેવસિઅ પ્રતિક્રમણમાં ઠાવ્યા પછી 'કરેમિ ભંતે !' સૂત્ર બોલાય છે. તો પછી અહીં 'જગચિંતામણિ' ચૈત્યવંદન દ્વારા માંગલિક કરવા છતાં 'કરેમિભંતે' પૂર્વે 'નમુડત્થુણં' સૂત્ર શા હેતુથી બોલાય છે ?

**ઉત્તર:** 'શ્રી જગચિંતામણિ'નું ચૈત્યવંદન એ સ્વાધ્યાય આદિ કરવા માટે માંગલિક સ્વરૂપે બોલાય છે. જ્યારે અહી 'નમુડત્થુણં' સૂત્ર સ્વરૂપ દેવવંદન રાઈઅ પ્રતિક્રમણના પ્રારંભ પૂર્વના મંગલ સ્વરૂપે બોલાય છે. સર્વત્ર-સર્વદા દેવભક્તિ કરવા જેવી છે, એ સુવિહિત પરંપરાને પ્રસ્થાપિત કરવા માટે પણ અહીં 'નમુડત્થુણં'સૂત્ર બોલાય છે.

**પ્રશ્ન નં. ૭** દેવસિઅ-પ્રતિક્રમણમાં ચારિત્રાચારની શુદ્ધિ માટે બે લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ કરાય છે. તો પછી રાઈઅ-પ્રતિક્રમણમાં તે શુદ્ધિ માટે ઠાવ્યા પછી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કયા હેતુથી કરાય છે ?

**ઉત્તર:** રાત્રિના સમયમાં ગમનાગમન કરવું, તે અજયણાનું કારણ હોવાથી દિવસ કરતાં રાત્રે અલ્પ-(થોડું) ગમનાગમનની ક્રિયા થતી હોવાથી ચારિત્રાચારના અતિચાર અલ્પ (થોડા) લાગે છે. માટે જ બે લોગસ્સના બદલે એક લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કરાય છે.

**પ્રશ્ન નં. ૮** દેવસિઅ પ્રતિક્રમણમાં પ્રતિક્રમણ ઠાવ્યા પછી તુરંત 'નાણમ્મિ સૂત્ર'ની આઠ ગાથાની કાઉસ્સગ્ગ કરાય છે, તો પછી રાઈઅ-પ્રતિક્રમણમાં બેવાર એક-એક લોગસ્સ સૂત્રનો કાઉસ્સગ્ગ કર્યા પછી છેલ્લે 'નાણમ્મિ સૂત્ર'નો કાઉસ્સગ્ગ કેમ કરાય છે ?

**ઉત્તર:** રાત્રિ સમયે નિદ્રાનો ત્યાગ કરીને ઉઠેલામાં કાંઈક અંશે પ્રમાદ (આળસ)ની શક્યતા રહેલી હોય છે, તેથી તેવી અર્ધજાગ્રત્ત અવસ્થામાં 'નાણમ્મિ સૂત્ર'ની આઠગાથાનો કાઉસ્સગ્ગ કરતાં-મોટા અતિચારોને ક્રમબદ્ધ ગોઠવવામાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કદાચ મુશ્કેલી નડી શકે, માટે અહી રાઈઅ-પ્રતિક્રમણમાં અન્તે આ કાઉસ્સગ્ગ કરવાનું વિધાન છે.

**પ્રશ્ન નં. ૯ તપ ચિંતવણીનો કાઉસ્સગ્ગ કયા હેતુથી કરાય છે ?**

ઉત્તર: દર્શનાચાર, જ્ઞાનાચાર અને ચારિત્રાચારની શુદ્ધિ કર્યા પછી દિવસ સંબંધી આહાર-પાણીનો કેટલાં અંશે ત્યાગ કરવાની શક્યતા છે, તે પોતાના આત્મબળને શોધવા અને તપાચારની વિશેષ શુદ્ધિ માટે આ કાઉસ્સગ્ગ કરાય છે.

**પ્રશ્ન નં. ૧૦ આ 'તપચિંતવણી'નો કાઉસ્સગ્ગ કેવી રીતે કરવો જોઈએ ?.**

ઉત્તર: 'તપચિંતવણી'નો કાઉસ્સગ્ગ ભવિષ્યકાલ (ભાવના છે), ભૂતકાલ (શક્તિ છે) અને વર્તમાનકાળ (પરિણામ છે) ને લક્ષ્યમાં રાખીને પ્રભુજીની આજ્ઞા અનુસાર આ પંચમકાળમાં શક્ય તેટલો ઉત્કૃષ્ટ (છ મહિનાના ચઉવિહારા ઉપવાસ) તપ થી જઘન્ય (નવકારશી) તપ સુધી પોતાની આત્મ-શક્તિને લક્ષ્યમાં રાખીને (બાહ્યતપ અંગે) ચિંતવન કરવું જોઈએ. તેની સાચી રીતે નીચે મુજબ છે.

પ્રભુ મહાવીર સ્વામીજીએ ઉત્કૃષ્ટ તપ છ મહિનાનો કર્યો છે, તો હે જીવ ! તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

એક દિવસ ઓછા છ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

બે દિવસ ઓછા છ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

ત્રણ દિવસ છ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

એમ એકેક દિવસ ઓછા છ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

૨૯ દિવસ ઓછો છ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

**પાંચ મહિના નો તપ તું કરી શકીશ ?**

**ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.**

૧-૨-૩-૪- ૫ દિવસ ઓછો પાંચ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

૬-૭-૮-૯-૧૦ દિવસ પાંચ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

૧૧-૧૨-૧૩-૧૪-૧૫ દિવસ ઓછો પાંચ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

૧૬-૧૭-૧૮-૧૯-૨૦ દિવસ ઓછો પાંચ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

૨૧-૨૨-૨૩-૨૪-૨૫ દિવસ ઓછો પાંચ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

૨૬-૨૭-૨૮-૨૯ દિવસ ઓછો પાંચ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

**ચાર મહિનાનો તપ તું કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.**

અહી પાંચ મહિનાની જેમ ૫-૫ દિવસ ઓછા કરતા વિચારવું અને જવાબ આપવો.

ત્રણ મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

બે મહિનાનો તપ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી પરિણામ નથી.

અહી એકેક દિવસ ઓછા કરી વિચારવું પછી જવાબ આપો કે..

(કોઈ ભાગ્યશાળીએ ૫૦-૪૫ ઉપવાસ સળંગ ભૂતકાળમાં કર્યા હોય તો તે સંખ્યા આવે ત્યારે જવાબમાં ભાવના છે, શક્તિ છે, પરિણામ નથી, તેમ કહેવું.)

એક મહિના (માસક્ષમણ) ના ઉપવાસ તું કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી. (અહીથી આગળ વધતાં એક-એક ઉપવાસ ઓછા કરતાં ૧૩ ઉપવાસ ઓછા એક મહિનાના ઉપવાસ સુધી પહુંચવું. તેમાં જે ભાગ્યશાળીને માસક્ષમણ આદિ વિશિષ્ટ તપ ચાલતો હોય તો તેમને તે ઉપવાસની સંખ્યા આવે ત્યારે 'ભાવના છે, શક્તિ છે, પરિણામ છે' તેમ બોલીને કાઉસ્સગ્ગ પારવો. પરન્તુ જેઓએ ભૂતકાળમાં માસક્ષમણ કે તેથી વિશેષ તપ કરેલ હોય તો તે તે ઉપવાસની સંખ્યા આવે ત્યારે એક-એક ઉપવાસનો જ ઘટાડો કરતાં તે વખતે 'ભાવના છે, શક્તિ છે, પરિણામ નથી' તેમ દરેકમાં જવાબ ચિંતવી કાઉસ્સગ્ગમાં જ આગળ વધવું. આ પ્રમાણેના જવાબ ૬ મહિનાના ઉપવાસથી લઈને પોરિસી પચ્ચક્ખાણ સુધી કહેવા, પણ જ્યારે નવકારશી આવે ત્યારે તો 'ભાવના છે, શક્તિ છે, પરિણામ છે ' તેમ બોલીને કાઉસ્સગ્ગ પારવો. જે દિવસે જે પચ્ચક્ખાણ કરવાની ઈચ્છા હોય તે પચ્ચક્ખાણ સુધી તપચિંતવન કરતાં પહુંચવાનું થાય ત્યારે ત્રણેય જવાબ 'ભાવના છે, શક્તિ છે, પરિણામ છે. માં ચિંતવીને કાઉસ્સગ્ગ 'નમો અરિહંતાણં' બોલવા પૂર્વક પારવો જોઈએ)

૧૩ દિવસ ઓછા ૧ મહિનાના ઉપવાસ તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

ચોત્રીશ અબ્ભત્તટ્ઠં (૧૬ ઉપવાસ) તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

બત્રીશ અબ્ભત્તટ્ઠં (૧૫ ઉપવાસ) તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

ત્રીશ અબ્ભત્તટ્ઠં (૧૪ ઉપવાસ) તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

અઠ્યાવીશ અબ્ભત્તટ્ઠં (૧૩ ઉપવાસ) તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

છવ્વીશ અબ્ભત્તટ્ઠં (૧૨ ઉપવાસ) તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.

ચોવીશ અબ્ભત્તટ્ઠં (૧૧ ઉપવાસ) તું કરી શકીશ ?

ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



બાવીશ અબ્ભત્તટ્ઠં (૧૦ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
વીશ અબ્ભત્તટ્ઠં (૯ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
અટ્ઠારસ અબ્ભત્તટ્ઠં (૮ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
સોલસ અબ્ભત્તટ્ઠં (૭ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
ચૌદસ અબ્ભત્તટ્ઠં (૬ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
બારસ અબ્ભત્તટ્ઠં (૫ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
દશમ અબ્ભત્તટ્ઠં (૪ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
અટ્ઠમ અબ્ભત્તટ્ઠં (૩ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
છટ્ઠ અબ્ભત્તટ્ઠં (૨ ઉપવાસ) તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
ચોથ અબ્ભત્તટ્ઠં (૧ ઉપવાસ = આગળ – પાછળના દિવસે એકાસણાવાળું) તું કરી શકીશ ?
**ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.**
અબ્ભત્તટ્ઠં (ઉપવાસની આગળ-પાછળ એકાસણા વગરનો ૧ ઉપવાસ.)
તું કરી શકીશ ? ભાવના છે. શક્તિ નથી, પરિણામ નથી.
આયંબિલ તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
લુખી નીવિ તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
એકલઠાણું એકાસણું તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
ઠામચઉવિહાર આયંબિલ તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
ઠામ ચઉવિહાર એકાસણું તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
એકાસણું તું કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
બિયાસણું તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
અવડ્ઢ તું કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
પુરિમડ્ઢ તું કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
સાઢ-પોરિસી તું કરી શકીશ ?
ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
પોરિસી તું કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી.
નવકારશી તું કરી શકીશ ? ભાવના છે, શક્તિ છે, પરિણામ છે.

**આ કાઉસ્સગ્ગની રીત ગુરુગમથી શિખીને આ મુજબ કાઉસ્સગ્ગ કરવો જોઈએ.**

**કદાચ તે શક્ય ન હોય તો જ ૧૬ વાર શ્રી નવકારમંત્રનો કાઉસ્સગ્ગ કરવો.**

પ્રશ્ન નં. ૧૧ 'ચોત્રીશ અબ્ભત્તટ્ઠથી' 'ચોથ અબ્ભત્તટ્ઠં' સુધી ઉપવાસની સંખ્યા કરતાં પચ્ચક્ખાણ સૂત્રની સંખ્યા (જેમકે ચોત્રીશ=૧૬ ઉપવાસ, અટ્ઠમ=૩ ઉપવાસ) વધારે કયા હેતુથી હોય છે ?

ઉત્તર : સામાન્યત : ભોગી એવા મહાનુભાવને દિવસમાં ફક્ત બે વાર જ ભોજન લેવાનું વિધાન શાસ્ત્રોમાં વર્ણવાયું છે.
(એક વાર ખાય=યોગી, બે વાર ખાય = ભોગી અને ત્રણ વાર ખાય=રોગી કહેવાય છે.) તે મુજબ ૧૬ ઉપવાસ કરનાર રોજના બે વખત ખાવાનો ત્યાગ કરતો હોવાથી ૧૬ x ૨ = ૩૨ ટાઇમ ભોજન ત્યાગ કરે છે અને તે ઉપવાસની શરૂઆતના આગલા દિવસે પણ એકાસણાનું તપ કરવાથી અને પારણાના દિવસે એક જ વખત ભોજન લેવાનો એટલે એકાસણાનું તપ કરતો હોવાથી આગળ-પાછળ ના દિવસના એક-એક વખતના ભોજન નો ત્યાગ કરતો હોવાથી ૩૨ + ૨ = ૩૪ વખત ભોજનનો ત્યાગ કરતો હોવાથી ૧૬ ઉપવાસ કરનારને ૩૪ અબ્ભત્તટ્ઠનું પચ્ચક્ખાણ અપાય, તે મુજબ અન્ય સઘળાય ચોથ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાણ સુધીમાં સમજી લેવું.

**(જીતાચાર મુજબ આગળ-પાછળ એકાસણું ન કરનાર ને પણ ઉપર મુજબ પચ્ચક્ખાણ અપાય છે.)**

પ્રશ્ન નં. ૧૨ 'સકલતીર્થ' સૂત્ર અહી કયા હેતુથી બોલાય છે ?

ઉત્તર : જગતમાં રહેલા શાશ્વત-અશાશ્વત જિન ચૈત્યો અને જિનબિંબોને પ્રભાતે વંદન કરવાથી તીર્થો પ્રત્યે વિશેષ આદરભાવ પેદા થાય છે અને બોલતી-સાંભળતી વખતે તે તે તીર્થોને નજર સમક્ષ રાખી ભાવપૂર્વક વંદના કરીને પાવન બનાય છે. માટે અહી મહામંગળકારી સકલતીર્થ વંદના સૂત્ર મંદસ્વરે બોલાય છે.

પ્રશ્ન-૧૩ 'સામાયિક... કાઉસ્સગ્ગ પચ્ચક્ખાણ કર્યું છે જી ! બોલવું કે' 'પચ્ચક્ખાણ ધાર્યું છે જી !' બોલવું જોઇએ ?

ઉત્તર : સકલતીર્થ વંદના પછી તપચિંતવણી કાઉસ્સગ્ગમાં નિર્ણિત કરેલ પચ્ચક્ખાણ ઉચ્ચારપૂર્વક લીધેલ હોય તો 'પચ્ચક્ખાણ કર્યુ છે જી' બોલવું અને પચ્ચક્ખાણ સૂત્ર ન આવડતું હોય તો તે તે પચ્ચક્ખાણની ધારણા કરેલ હોય તો 'પચ્ચક્ખાણ ધાર્યુ છે જી', એમ બોલવું જોઇએ.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**પ્રશ્ન નં. ૧૪ 'વિશાલ લોચનદલં' સૂત્ર મંદસ્વરે શા માટે બોલવું જોઈએ ?**

ઉત્તર : આ સૂત્ર જ મંદસ્વરે નહિ, પરંતુ સમસ્ત રાઈઅ–પ્રતિક્રમણના સૂત્રો સામુહિક કરતા હો ત્યારે મંદ સ્વરે એક–બીજાને સંભળાય, તે રીતે જ બોલવાં જોઈએ. કેમકે સૂર્યોદય પહેલાં આ ક્રિયા કરવાની શક્યતા હોય છે. શાસ્ત્રીય મર્યાદા અને વચન અનુસાર રાત્રી સમયે ઉંચા અવાજે બોલવું, મોટેથી ઉધરસ ખાવી. હુંકારો આપીને બોલાવવા અને ખોંખારો ખાવા સાથે ઉંચા સાદે છીંક ખાવાનો પણ નિષેધ છે. કેમકે તે અવાજથી ગરોળી આદિ હિંસક પ્રાણીઓ ઝબકીને જાગી જાય અને તેના ભક્ષ્ય એવા મચ્છર–માખી આદિ જીવાતનું ભક્ષણ કરવા લાગી જાય તથા ધોબી, લુહાર, સુથાર મોચી આદિ કર્માદાનના વ્યાપાર કરનારા આરંભ–સમારંભના કાર્યોમાં વહેલા પ્રવૃત્ત થઈ જાય. તે સઘળા દોષો ઉંચા અવાજે પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયા કરનાર મહાનુભાવને અનિચ્છા છતાં લાગી જાય માટે મંદસ્વરે બોલવું.

**પ્રશ્ન નં. ૧૫ રાઈઅ–પ્રતિક્રમણમાં અંતે 'શ્રી કલ્લાણ–કંદં' સૂત્રની ૪ થોય સ્વરૂપ દેવવંદન કરવાનું જ છે, તો પછી અહી લઘુ ચૈત્યવંદન સ્વરૂપે 'વિશાલ લોચનદલં' સૂત્ર કયા હેતુથી બોલાય છે ?**

ઉત્તર: રાઈઅ–પ્રતિક્રમણમાં અંતિમ મંગલ સ્વરૂપે લઘુ ચૈત્યવંદન સ્વરૂપે 'વિશાલ લોચનદલં' સૂત્ર બોલાય છે અને ચાર થોયના દેવવંદન સ્વરૂપ 'શ્રી કલ્લાણ–કંદં' સૂત્ર બોલાય છે.

**પ્રશ્ન નં. ૧૬ પૂ.મહાત્માઓ અને પોષધવ્રતધારી શ્રદ્ધાળુઓ 'ભગવાનહં' આદિનાં ચાર ખમાસમણ પહેલાં 'બહુવેલ સંદિસાહું' અને બહુવેલ કરશું ? ના આદેશ કયા હેતુથી માંગે છે ?**

ઉત્તર: પૂ. મહાત્માઓએ અને પોષધવ્રતધારીઓએ દિવસ–રાત સંબંધી સઘળાય કાર્યો પૂ.વડીલ મહાત્માઓને પૂછીને અનુજ્ઞા મેળવીને જ કરવાના હોય છે અને તે મુજબ ગુરુ–આજ્ઞાથી કરેલી સઘળીયે સાધના સફળ કહેવાય છે. પણ ક્ષણે–ક્ષણે શ્વાસોશ્છ્વાસ લેવા–મૂકવાની ક્રિયા, આંખના પલકારાની ક્રિયા, લોહીના પરિભ્રમણની ક્રિયા, સૂક્ષ્મતયા શરીરના હલન–ચલનની ક્રિયા અને તેવા જ પ્રકારની અન્ય સૂક્ષ્મક્રિયાઓ કરતાં પહેલા વારંવાર પૂ. ગુરુભગવંતની આજ્ઞા લેવી અશક્ય હોવાથી તેવા પ્રકારની સૂક્ષ્મક્રિયાની સંમતિ માટે 'બહુવેલ સંદિસાહું ?' અને 'બહુવેલ કરશું ?' ના આદેશ 'પૂ. ગુરુ ભગવંત' આદિ પાસે પહેલા મંગાય છે.

**પ્રશ્ન નં. ૧૭ અહી વિહરમાન 'શ્રી સીમંધરસ્વામીજી' અને 'શ્રી શત્રુંજય ગિરિરાજ'નું ચૈત્યવંદન કયા હેતુથી કરાય છે ?**

ઉત્તર : પૂર્વાચાર્યોની આજ્ઞા અને સમાચારી ના કારણે તેમજ આપણા સહુ માટે દક્ષિણાર્થ ભરતક્ષેત્રથી નજીક ઈશાન–ખૂણામાં મહાવિદેહક્ષેત્રમાં વિરહમાન (વિચરતાં) સાક્ષાત્ શ્રી સીમંધર સ્વામી અરિહંત ભગવંત હોવાથી તેઓનું પ્રભાતે સ્મરણ આપણને પાવન કરે છે. અને ૧૪ રાજલોકમાં અનન્ય, અનુપમ, અદ્વિતીય, અપૂર્વ, અદ્ભુત એવુ શાશ્વત (પ્રાયઃ) તીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજ હોવાથી તેઓનું ચૈત્યવંદન પાપોનું પક્ષાલન કરવા માટે કરાય છે.

**ઈતિ શ્રી રાઈઅ પ્રતિક્રમણ વિધિ હેતુ સમાપ્ત**

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧) સામાયિક :**

ગુરુવંદન કરીને વિધિ મુજબ 'સામાયિક' લેવું.

**(૨) પ્રત્યાખ્યાન (આવશ્યક)** પછી પાણી વાપર્યુ હોય (તિવિહાર-ઉપવાસ આદિનું પચ્ચક્ખાણ કરેલ હોય તેમને) તો ખમાસમણ આપીને 'યોગ-મુદ્રા'માં આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ? ગુરુભગવંત કહે 'પડિલેવેહ' ત્યારે 'ઈચ્છં' કહીને યથાજાત મુદ્રામાં મુહપત્તિનું પડિલેહણ ૫૦ બોલ થી કરવું.

દિવસ દરમ્યાન આહાર-પાણી વાપરેલ હોય (આયંબિલ થી નવકારશી સુધીનું પચ્ચક્ખાણ કરેલ હોય તેમણે) મુહપત્તિ પડિલેહણ પછી બે વાંદણાં (દ્વાદશાવર્ત વંદન) સુગુરુ-વંદણ સૂત્ર દ્વારા આપવાં. બીજા વાંદણામાં 'આવસ્સિયાએ' ન બોલવું અને ગુરુના અવગ્રહમાં રહીને યોગમુદ્રામાં આદેશ માંગવો કે 'ઈચ્છકારી ભગવન્ ! પસાય કરી પચ્ચક્ખાણ કરાવશોજી' ત્યારે ગુરુભગવંત અથવા વડીલજન તેઓ ન હોય તો પોતે નીચે લખેલ પચ્ચક્ખાણ અનુસાર પચ્ચક્ખાણ લેવું.

ચઉવિહાર ઉપવાસવાળાએ 'સૂરે ઉગ્ગએ ' લેવું, તિવિહાર ઉપવાસવાળાએ 'પાણહાર' લેવું. ઠામ ચઉવિહાર આયંબિલ-એકાસણ-નીવિ કે બિયાસણ વાળાએ 'દિવસ ચરિમં પચ્ચક્ખામિ ચઉવિહંપિ આહારં' લેવું; આયંબિલ, એકાસણ, બિયાસણ, નીવિ કર્યા બાદ તિવિહારનું પચ્ચક્ખાણ કરનારે અને નવકારશી આદિ કરનાર છૂટાવાળાએ બપોરે કે સાંજે જમ્યા પછી તિવિહારનું પચ્ચક્ખાણ કરી ફક્ત પાણીની જ છૂટ રાખેલ હોય, તેઓએ 'પાણહાર'નું પચ્ચક્ખાણ લેવું અને તે સિવાય નવકારશી થી અવડ્ઢ સુધીના પચ્ચક્ખાણવાળાએ શક્તિ હોય તો 'દિવસ ચરિમં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં' અથવા 'દિવસ ચરિમં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં' નું પચ્ચક્ખાણ લેવું'. સમાધિ આદિના વિશેષ કારણે ઔષધ સેવનની જરુર હોય તો ગુરુભગવંતને નિવેદન કર્યા પછી અનુમતિ મેળવીને જ 'દિવસ ચરિમં પચ્ચક્ખાઈ દુવિહંપિ આહારં'નું પચ્ચક્ખાણ લેવું. ૧૪ નિયમની ધારણા કરનારે રાત્રિ સંબંધિત ૧૪ નિયમની ધારણા સામાયિક લીધા પહેલાં કરેલ હોય તો 'દેશાવગાસિઅં ઉપભોગ પરિભોગ પચ્ચક્ખાઇ' નું પચ્ચક્ખાણ લેવું. અને બે પ્રતિક્રમણ સહિત ૧૦ સામાયિક કરનારે પણ 'દેશાવગાસિઅં ઉપભોગ પરિભોગ પચ્ચક્ખાઇ' નું પચ્ચક્ખાણ લેવું.

પચ્ચક્ખાણ લેનાર મહાનુભાવે 'પચ્ચક્ખાઈ' ના સ્થાને 'પચ્ચક્ખામિ' અને 'વોસિરઈ' ના સ્થાને 'વોસિરામિ' બોલવાનું કે ધારવાનું ધ્યાન રાખવું.

**(૩) ચૈત્યવંદનાદિ**

પચ્ચક્ખાણ લઈ અવગ્રહની બહાર નિકળવું. પછી ગુરુભગવંત સામુહિક 'ઈરિયાવહિયં' કરાવતા હોય તો સાથે કરવા. પણ જો પચ્ચક્ખાણ લીધા બાદ કોઈ પણ પ્રકારનો વાર્તાલાપ કર્યા વગરનો સમય પસાર થયેલ હોય અથવા વચ્ચે કોઈ વિશેષ આરાધના ન કરેલ હોય તો 'ઈરિયાવહિયં' કરવાની જરૂર નથી.

પછી ખમાસમણ આપી પુરુષોએ ખેસનો સુયોગ્ય રીતિએ ઉપયોગ કરી આદેશ માગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું' ગુરુ ભગવંત કહે 'કરેહ' ત્યારે કહેવું'ઈચ્છં', પછી ચૈત્યવંદન અવસ્થામાં નીચે બેસીને યોગમુદ્રામાં પૂ. ગુરુ ભગવંત કે વડીલજન કે પોતે 'સકલ કુશલ વલ્લી..' બોલ્યા પછી ભાવવાહી ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / પ્રાકૃત / અપભ્રંશ ભાષામાં પૂર્વાચાર્યોએ રચેલ ચૈત્યવંદન બોલવું, 'પછી જં કિંચિ નામ તિત્થં' સૂત્ર બોલી નમુત્થુણં સૂત્ર બોલ્યા બાદ ઉભા થઈ 'અરિહંત ચેઈઆણં' અન્નત્થ સૂત્ર બોલી જિનમુદ્રામાં એકવાર શ્રી નવકારમંત્રનો કાઉસ્સગ્ગ કરવો. થોય નો આદેશ લેનારે 'નમો અરિહંતાણં' બોલવાપૂર્વક કાઉસ્સગ્ગ પારીને (પુરુષોએ) 'નમોડર્હત્' બોલીને શ્રી કલ્લાણ કંદં સૂત્રની પહેલી ગાથા યોગ-મુદ્રામાં બોલવી. તે સિવાયના ભાવિકો કાઉસ્સગ્ગ મુદ્રામાં રહીને જ થોય સાંભળે અને સાંભળ્યા બાદ 'નમો અરિહંતાણં' બોલી કાઉસ્સગ્ગ પારે.

(દરેક માસની સુદ અને વદ-૧૩માં અને પક્ખી-ચૌમાસી-સંવત્સરી પ્રતિક્રમણના આગલા દિવસે અને એક સ્થાનથી બીજા સ્થાને સંથારો કરનાર પૂ. મહાત્માઓને થોયમાં 'શ્રી કલ્લાણ કંદં સૂત્ર' જ બોલાય. દરેક માસની સુદ અને વદ-૮ ના દિવસે (માંગલિક પ્રતિક્રમણ ન હોય તો) 'શ્રી સંસાર દાવાનલ' સૂત્રની થોય બોલાય. તે સિવાય ના દિવસોમાં પરમાત્માના કલ્યાણક અનુસાર અથવા કોઈ ભાવવાહી ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / અપભ્રંશભાષામાં પૂર્વાચાર્યોએ રચેલ થોય ના જોડા બોલાય. પછી લોગસ્સ સૂત્ર બોલી 'સવ્વલોએ અરિહંત ચેઈઆણં સૂત્ર'- 'અન્નત્થ સૂત્ર' યોગમુદ્રામાં બોલીને જિનમુદ્રામાં એકવાર શ્રીનવકાર મહામંત્રનો કાઉસ્સગ્ગ કરી યથાવિધિ (ઉપર જણાવ્યા મુજબ) પારીને શ્રી કલ્લાણ કંદં સૂત્રની બીજી થોય બોલવી.

પછી 'શ્રી પુક્ખર-વર-દીવડ્ઢે સૂત્ર' બોલી 'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં-અન્નત્થસૂત્ર' યોગમુદ્રામાં બોલીને જિનમુદ્રામાં એકવાર શ્રી નવકારમહામંત્રનો કાઉસ્સગ્ગ કરી યથાવિધિ પારીને શ્રી કલ્લાણ કંદં સૂત્રની ત્રીજી થોય બોલવી.

પછી 'શ્રી સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્ર', 'વેયાવચ્ચ-ગરાણં સૂત્ર', 'અન્નત્થ સૂત્ર' યોગમુદ્રામાં બોલીને જિનમુદ્રામાં એકવાર શ્રી નવકારમહામંત્ર નો કાઉસ્સગ્ગ કરી યથાવિધિ પારીને ફક્ત પુરુષોએ 'નમોડર્હત્' બોલી 'શ્રી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



'કલ્લાણ કંદં સૂત્ર'ની ચોથી ગાથા બોલવી.(શ્રી સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્રની શરૂઆત થયા પછી ચોથી થોય ન બોલાય ત્યાં સુધી વચ્ચે અને શ્રુતદેવતા-ક્ષેત્રદેવતા અને ભવનદેવીના કાઉસ્સગ્ગ વખતે શ્રી સિદ્ધાણં-બુદ્ધાણં થી પ્રગટ સ્વરૂપે શ્રી નવકારમંત્ર બોલાય ત્યાં સુધી વચ્ચે કોઈપણ ભાગ્યશાળીને (પ્રતિક્રમણ સાથે ઠાવનારને) છીંક આવે, તો ફરીવાર શ્રી સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્ર થી સઘળાં સૂત્રો બોલવા અને કાઉસ્સગ્ગ કરવો જોઈએ.)

પછી ચૈત્યવંદન અવસ્થામાં નીચે બેસીને યોગ-મુદ્રામાં નમુત્થુણં સૂત્ર બોલવું. પછી ખેસ નો ત્યાગ કરી સત્તર સંડાસા પૂર્વક એક-એક ખમાસમણ આપી, દરેક ખમાસમણની વચ્ચે અનુક્રમે પંચપરમેષ્ઠિભગવંતને વંદના સ્વરૂપ 'ભગવાન્હં' (અરિહંત-સિદ્ધ), 'આચાર્યહં,' 'ઉપાધ્યાયહં' અને 'સર્વ-સાધુહં' બોલી ભાવ પૂર્વક વંદના કરવી.

પછી શ્રદ્ધાળુ શ્રાવક કે શ્રાવિકા ગણે બે હાથ જોડી 'ઈચ્છકારી સમસ્ત શ્રાવકને ને વાંદું છું.' એમ બોલવું.

પછી ઉભા થઈને યોગમુદ્રામાં આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ-પડિક્કમણે ઠાઉં ? ગુરુભગવંત કહે 'ઠાવેહ' ત્યારે 'ઈચ્છં' કહીને નીચે ઉભડક પગે બેસીને જમણા હાથની મુષ્ઠિવાળીને રજોહરણ / ચરવળો / કટાસણા-ઉપર સ્થાપન કરીને ડાબા હાથની હથેલીમાં મુહપત્તિ (કિનાર બહાર રહે તેમ) મુખ આગળ રાખીને ગુરુભગવંતે / વડીલજને કે પોતે 'સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિંતિય..' નો પાઠ બોલવો. તે વખતે 'મિચ્છા મિ દુક્કડં' સર્વે આરાધકોએ એક સ્વરે એક સાથે બોલવું કે ધારવું.

## (૪) પહેલું સામાયિક આવશ્યક અને બીજું ચતુર્વિંશતિ આવશ્યક

પછી ઉભા થઈને યોગમુદ્રામાં 'શ્રી કરેમિ ભંતે ! સૂત્ર' (પૂ. મહાત્માઓ પ્રતિક્રમણ ભણાવતા હોય ત્યારે સાથે પ્રતિક્રમણ કરનાર શ્રાવક-શ્રાવિકાગણે પોત-પોતાનું 'કરેમિ ભંતે !' અવશ્ય મનમાં બોલવું, તે જ મુજબ 'ઈચ્છામિ ઠામિ' સૂત્ર વખતે પણ સમજવું) તથા 'ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ' સૂત્ર બોલી 'તસ્સ ઉત્તરી-અન્નત્થ સૂત્ર' બોલીને જિનમુદ્રામાં શ્રી અઈયાર-વિઆરણ-ગાહા એટલે 'શ્રી નાણમ્મિ દંસણમ્મિ'ની આઠ ગાથાઓનો (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારમાં લાગેલા અતિચારોનું ચિંતન) કાઉસ્સગ્ગમાં કરવો. તે ગાથાઓ ન આવડે તેમણે જ આઠવાર શ્રી નવકારમહામંત્રનો કાઉસ્સગ્ગ કરવો. યથાવિધિ કાઉસ્સગ્ગ પારીને 'શ્રી લોગસ્સ સૂત્ર' પ્રગટ રીતે બોલવું.

## (૫) ત્રીજું વાંદણાં (ગુરુવંદન) આવશ્યક

પછી યથાજાત મુદ્રામાં બેસીને ત્રીજા આવશ્યક (વાંદણાં માટે) ની મુહપત્તિનું ૫૦ બોલથી પડિલેહણ કરવું. ૨૫ આવશ્યક પૂર્વક બત્રીશ દોષ રહિત દ્વાદશાવર્ત (વાંદણાં) વંદન કરવું. તેમાં બીજા વાંદણાં પછી અવગ્રહની અંદર રહેવું. (કેટલાકના મત અનુસાર અવગ્રહની બહાર આવવાનું પણ જાણવામાં આવ્યું છે.)

## (૬) ચોથું પ્રતિક્રમણ આવશ્યક

પછી આદેશ માંગવો કે... 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં આલોઉં ? ગુરુભગવંત કહે 'આલોવેહ' ત્યારે 'ઈચ્છં, આલોએમિ જો મે દેવસિઓ...' સૂત્ર પૂર્ણ બોલવું. પછી ૮૪ લાખ જીવાયોનિની વિરાધનાની ક્ષમા યાચના માટે 'શ્રી સાત લાખ સૂત્ર' અને ૧૮ પાપસ્થાનકની આલોચના માટે 'શ્રી પહેલે પ્રાણાતિપાત સૂત્ર' બોલવું. પછી યોગમુદ્રામાં 'સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠિઅ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' નો આદેશ માંગતા ગુરુભગવંત કહે 'પડિક્કમેહ' ત્યારે સહુ કોઈએ બોલવું 'ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં.' પછી વીરાસને (-ગોદોહિકા-આસને) (નીચે બેસીને) અથવા તે શક્ય ન હોય તો નીચે બેસીને જમણા ઢીંચણની જયણા (ઉંચો) કરવી.

પછી યોગમુદ્રામાં 'શ્રીનવકાર મહામંત્ર- કરેમિભંતે !-ઈચ્છામિ પડિક્કમિઉં, જો મે દેવસિઓ' ના પાઠ પૂર્વક 'શ્રી વંદિત્તુ સૂત્ર' બોલવું. તેમાં જ્યારે 'તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ' પદ આવે ત્યારે જયણા પૂર્વક ઉભા થવું. અને તે ગાથા પૂર્ણ થતાં ગુરુના અવગ્રહની બહાર આવીને શેષ બાકી રહેલ ગાથાઓ બોલવી. (ઉપર જણાવેલ અન્ય મતાનુસાર અવગ્રહની બહાર જ હોવાથી અહી ફરીવાર બહાર આવવાનું રહેતું નથી.)

પછી બે વાંદણાં આપવાં, તેમાં બીજા વાંદણાં પછી ગુરુના અવગ્રહની અંદર રહીને બોલવું કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ?' ગુરુભગવંત કહે 'ખામેહ' ત્યારે 'ઈચ્છં ખામેમિ દેવસિઅં' કહીને પ્રમાર્જના પૂર્વક નીચે બેસીને ગુરુ ભગવંત સમક્ષ મુખ રાખીને ચરવળા/કટાસણા પર જમણી હથેળી ને ઉંધી રાખીને ડાબી હથેળીમાં મુહપત્તિ મુખની પાસે રાખીને 'જં કિંચિ અપત્તિઅં' સૂત્ર બોલવા દ્વારા ગુરુભગવંત પ્રત્યે જાણતાં-અજાણતાં થયેલા અપરાધોને ખમાવવા.

પછી ગુરુના અવગ્રહની બહાર નિકળીને ફરીવાર બે વાંદણાં આપવાં. તેમાં બીજા વાંદણાં પછી અવગ્રહની અંદર જ રહીને 'આયરિય-ઉવજ્ઝાએ' સૂત્ર બોલવું અને પછી અવગ્રહની બહાર નિકળવું (કેટલાકના મત મુજબ અવગ્રહની બહાર આવ્યા પછી આ સૂત્ર બોલવાનું સંભળાય છે.

જૈન સાઇટ JAINSITE .com જૈન ગ્રન્થ સંગ્રહાલય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૭) પાંચમું કાયોત્સર્ગ આવશ્યક

પછી 'કરેમિભંતે', 'ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, જો મે દેવસિઓ'..., 'તસ્સ ઉત્તરી, અન્નત્થ સૂત્ર' અનુક્રમે બોલીને જિનમુદ્રામાં બે વાર શ્રી લોગસ્સ સૂત્રનો 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાયોત્સર્ગ કરવો. શ્રી લોગસ્સ સૂત્ર ન આવડતું હોય તો જ આઠવાર શ્રી નવકાર મહામંત્રનો કાયોત્સર્ગ કરવો.

પછી યથાવિધિ કાયોત્સર્ગ પારીને 'શ્રી લોગસ્સ સૂત્ર-સવ્વલોએ અરિહંત ચેઈઆણં-અન્નત્થ સૂત્ર' અનુક્રમે બોલીને જિનમુદ્રામાં એકવાર શ્રી લોગસ્સ સૂત્ર 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાયોત્સર્ગ કરવો અને તે ન આવડે તો જ ચારવાર શ્રી નવકાર મહામંત્ર નો કાયોત્સર્ગ કરવો.

પછી 'શ્રી પુક્ખર-વર-દ્દીવડ્ઢે-સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં - વંદણવત્તિયાએ... અન્નત્થ સૂત્ર' અનુક્રમે બોલીને જિનમુદ્રામાં એકવાર શ્રી લોગસ્સ સૂત્રનો 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાયોત્સર્ગ કરવો અને તે ન આવડે તો જ ચારવાર શ્રી નવકાર મહામંત્ર નો કાયોત્સર્ગ કરવો.

પછી 'શ્રી સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્ર' બોલી 'સુઅદેવાયાએ કરેમિ કાઉસ્સગ્ગં - અન્નત્થ સૂત્ર' બોલી જિનમુદ્રામાં એકવાર શ્રી નવકાર મહામંત્રનો કાયોત્સર્ગ કરી પુરુષોએ 'નમોડર્હત્' બોલી 'સુઅદેવયા ભગવઈ'ની સ્તુતિ બોલવી અને બ્હેનોએ ફક્ત 'કમલ-દલ-નયન' ની સ્તુતિ બોલવી.

પછી 'ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં-અન્નત્થ સૂત્ર' બોલી જિનમુદ્રામાં એકવાર શ્રી નવકારમંત્રનો કાયોત્સર્ગ કરી પુરુષોએ 'નમોડર્હત્' બોલી 'જિસે ખિત્તે સાહૂ' ની સ્તુતિ બોલવી અને બ્હેનોએ ફક્ત 'યસ્યા: ક્ષેત્રં સમાશ્રિત્ય'ની સ્તુતિ બોલવી. પછી એકવાર પ્રગટ શ્રી નવકાર મહામંત્ર બોલવો.

## (૮) છઠ્ઠું પ્રત્યાખ્યાન આવશ્યક

પછી યથાજાત મુદ્રામાં નીચે બેસીને છટ્ઠા આવશ્યકની મુહપત્તિનું ૫૦ બોલ થી પડિલેહણ કરી બે વાંદણાં આપી ગુરુના અવગ્રહ રહીને જ ઉભા-ઉભા-યોગ-મુદ્રામાં 'સામાયિક, ચઉવિસત્થો, વાંદણાં, પડિક્કમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યુ છે જી..એમ બોલવું. પછી અવગ્રહની બહાર નિકળવું.

## (૯) સ્તુતિ મંગલ

પછી 'ઈચ્છામો અણુસટ્ઠિં' કહી, નીચે બેસીને (ચૈત્યવંદન મુદ્રામાં) 'નમો ખમાસમણાણં' બોલતાં મસ્તક નમાવવું અને 'નમોડર્હત્'..(પુરુષોએ) બોલી 'શ્રી વર્દ્ધમાન જિન સ્તવ' એટલે 'નમોડસ્તુ વર્દ્ધમાનાય' સ્તુતિ એકલયમાં એક સ્વરે મધુર કંઠે સર્વ પુરુષો સાથે બોલે. પણ બ્હેનો 'નમો ખમાસમણાણં' બોલીને 'શ્રી સંસાર-દાવાનલ' સૂત્રની પ્રથમ ત્રણ ગાથા સાથે બોલે. ('નમો ખમાસમણાણં' બોલતાં પહેલા પુરુષોએ (સુયોગ્ય રીતે ખોલીને) ખેસનો અવશ્ય ઉપયોગ કરવો.)

પછી 'શ્રી નમુત્થુણં સૂત્ર' બોલીને ઓછામાં ઓછી પાંચ ગાથાનું પૂર્વાચાર્યોએ (૧૦૦ વર્ષ પહેલાંના) રચેલ ભાવવાહી ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / પ્રાકૃત / અપભ્રંશ ભાષામાં ગૂંથિત સ્તવન ભાવુક થઈને બોલવું.

પછી એકસ્વરે લયબદ્ધ રીતે એક સાથે 'સપ્તતિ-સત-જિનવંદન' એટલે 'શ્રી વરકનક સ્તુતિ' બોલી પુરુષોએ ખેસનો ત્યાગ કરી સત્તર સંડાસા (પ્રમાર્જનાસ્થાન) પૂર્વક એક-એક ખમાસમણ આપવા દ્વારા દરેક ખમાસમણના આંતરે 'પંચ પરમેષ્ઠિ વંદના સૂત્ર' એટલે 'ભગવાન્હં' સૂત્રના પાઠ સાથે ચાર ખમાસમણ આપવાં જોઈએ.

પછી ઉભડક પગે ઢીંચણના આધારે નીચે બેસીને ચરવાળા / કટાસણા ઉપર જમણા હાથની હથેળીને ઉંધી સ્થાપન કરી, ડાબા હાથની હથેળીને મુખની આગળ મુહપત્તિના ઉપયોગ સાથે રાખીને 'શ્રી અડ્ઢાઈજ્જેસુ સૂત્ર' ખૂબ ભાવપૂર્વક બોલવું.

## (૧૦) પ્રાયશ્ચિત - વિશુદ્ધિ નો કાયોત્સર્ગ

પછી ઉભા થઈને યોગમુદ્રામાં આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ-પાયચ્છિત્ત-વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું?' 'ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે કહેવું. 'ઈચ્છં, દેવસિઅ-પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં... અન્નત્થ સૂત્ર' બોલી જિનમુદ્રામાં ચારવાર શ્રી લોગસ્સ સૂત્રનો ચંદેસુ નિમ્મલયરા સુધી કાઉસ્સગ્ગ કરવો, જેને લોગસ્સ સૂત્ર ન આવડે તેણે જ સોળ વાર શ્રી નવકાર મહામંત્રનો કાયોત્સર્ગ કરી યથાવિધિ પારીને પ્રગટ રૂપે 'શ્રી લોગસ્સ સૂત્ર' પૂર્ણ બોલવું.

## (૧૧) સજ્ઝાય (સ્વાધ્યાય)

પછી સત્તર સંડાસાપૂર્વક એક ખમાસમાણ આપી ઉભા થઈને આદેશ માંગવો કે.. 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય સંદિસાહું'? ગુરુભગવંત કહે 'સંદિસાવેહ' ત્યારે... 'ઈચ્છં', કહેવું.પછી ફરી (એકવાર) પંચાંગ પ્રણિપાત સ્વરુપ ખમાસમણ આપી ઉભા થઈને યોગમુદ્રામાં આદેશ માંગવો કે.. 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છં' કહીને યથાજાત મુદ્રામાં બેસીને પૂ.ગુરુભગવંત અથવા તેઓશ્રીએ જેઓને આદેશ આપેલ હોય તે પૂ. સાધુભગવંતો અને જો પૂ. ગુરુભગવંતની નિશ્રા ન હોય તો વડીલજને જે શ્રાવક-શ્રાવિકાને આદેશ આપેલ હોય તેઓ ૧૦૦ વર્ષ પૂર્વે થયેલા ગીતાર્થ પૂર્વાચાર્ય મહાપુરૂષોએ (ઓછામાં ઓછી પાંચ ગાથાની) ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / પ્રાકૃત / અપભ્રંશ ભાષામાં રચેલ ભાવવાહી વૈરાગ્ય સંપન્ન સજ્ઝાય આગળ-પાછળ એક-એક શ્રી નવકારમહામંત્ર પ્રગટ સ્વરૂપે બોલવા પૂર્વક બોલવી. 'સજ્ઝાય' પૂર્ણ થાય ત્યારે **'ધન્ય મૂનિરાજ' કે 'ધન્ય મહાત્મા' બોલવું, તે અવિધિ કહેવાય.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(પૂ. ગુરુભગવંતની નિશ્રા હોય ત્યારે તેઓશ્રી અથવા તેઓશ્રીને આશ્રિત પૂ.મહાત્માઓ જ સજ્ઝાય બોલે, પણ શ્રાવક-શ્રાવિકા ગણને કોઈ વિશેષ અપવાદિક કારણ વગર સજ્ઝાય પૂ.ગુરુભગવંતની નિશ્રામાં બોલવાનો અધિકાર નથી. તેમજ માંગલિક પ્રતિક્રમણ આદિ કોઈપણ અવસરે સજ્ઝાય એક જ બોલાય પણ માંગલિક સજ્ઝાય સૂત્ર બોલીને બીજી સજ્ઝાય ન બોલાય. પ્રતિક્રમણ વિધિ પૂર્ણ થયા પછી ગમે તેટલી સંખ્યામાં સજ્ઝાય ગુરુ-આદેશથી કોઈપણ બોલી શકે)

## (૧૨) દુઃખક્ષય અને કર્મક્ષય માટે કાયોત્સર્ગ

પછી સત્તર સંડાસાપૂર્વક એક ખમાસમણ આપી ઉભા થઈને યોગમુદ્રામાં આદેશ માંગવો કે..'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દુક્ખક્ખય-કમ્મક્ખય નિમિત્તં કાઉસ્સગ્ગ કરું ? ગુરૂ ભગવંત કહે 'કરેહ' ત્યારે કહેવું 'ઈચ્છં,' દુક્ખક્ખય-કમ્મક્ખય નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં.. અન્નત્થ' સૂત્ર બોલી જિનમુદ્રામાં ચારવાર શ્રી લોગસ્સ સૂત્ર (સંપૂર્ણ)નો કાઉસ્સગ્ગ કરવો. જેઓને તે લોગસ્સ સૂત્ર ન આવડે તેઓને જ સોળવાર શ્રી નવકાર મહામંત્રનો કાઉસ્સગ્ગ કરવો. આદેશ મેળવનાર એક ભાગ્યશાળીએ યોગમુદ્રામાં (ફક્ત પુરૂષોએ) નમોઽર્હત્ કહી શ્રી લઘુશાંતિસ્તવ એટલે 'શાન્તિં શાન્તિ નિશાન્તમ્ સૂત્ર' પ્રગટ સ્વરૂપે બોલે જિનમુદ્રામાં અન્ય ભાગ્યશાળીઓ સાંભળે સ્તવ પૂર્ણ થતાની સાથે સહુ કોઈ એ એક સ્વરે એક સાથે જિનમુદ્રામાં 'નમો અરિહંતાણં' બોલીને કાયોત્સર્ગ પારવો અને ઉપર પ્રગટસ્વરૂપે પૂર્ણ 'શ્રી લોગસ્સ સૂત્ર' બોલવું.

## (૧૩) ક્ષમા-યાચના

પછી એક ખમાસમણ આપી ઉભડક પગે ઢીંચણના આધાર નીચે બેસીને જમણી હથેળીની મુઠ્ઠિવાળીને ચરવળો / કટાસણા ઉપર સ્થાપન કરીને અને ડાબી હથેળીમાં મુહપત્તિ મુખ આગળ રાખીને બોલવું કે....

'પ્રતિક્રમણની વિધિ કરતાં જે કાંઈ અવિધિ હુઈ હોય, તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં' (પ્રતિક્રમણ કરતાં પોતાનાથી જાણતાં કે અજાણતાં પ્રમાદને વશ થઈને જે કાંઈ પણ અવિધિ થયેલ હોય તે નજર સમક્ષ લાવીને યાદ કરીને ક્ષમા માગવી)

**શ્રી દેવસિઅ-પ્રતિક્રમણ સમાપ્ત :**

# (૧૪) સામાયિક પારવાની વિધિ

એક ખમાસમણ આપી ઈરિયાવહિયં પડિક્કમીને કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ સૂત્ર બોલવું.

પછી નીચે ચૈત્યવંદનમુદ્રામાં બેસી યોગમુદ્રામાં 'ચઉક્કસાય સૂત્ર' ચૈત્યવંદન સ્વરુપે બોલીને 'નમુત્થુણં-જાવંતિ ચેઈઆઇ' -' એક ખમાસમણ'-'જાવંત કે વિ સાહૂ' 'નમોઽર્હત્'-'ઉવસગ્ગહરં સ્તોત્ર' અને પૂર્ણ 'જય વીયરાય સૂત્ર' બોલવું. (તેમાં 'જાવંતિ ચેઈઆઈ, 'જાવંત કે વિ સાહૂ' અને 'જયવીરાય સૂત્ર આભવમખંડા' સુધી- મુક્તાસુક્તિ-મુદ્રામાં બોલવું. અને ખમાસમણ સત્તર સંડાસા પૂર્વક ઉભા થઈને આપવું.)

(દેવસિઅ પ્રતિક્રમણનો પ્રારંભ થયા પછી અનિવાર્ય સંજોગો ના કારણે પ્રતિક્રમણમાં મોડા આવેલ ભાગ્યશાળીને પ્રતિક્રમણ સહુની સાથે ઠાવવાની ભાવના હોય, ત્યારે સામાયિક લઈ, મુહપત્તિ પડિલેહી પચ્ચક્ખાણ કરી, સકલકુશલ-વલ્લી ચૈત્યવંદન સાથે ભાવવાહી ચૈત્યવંદન બોલી, 'જં કિંચિ નામ તિત્થં' અને 'નમુત્થુણં' સૂત્ર બોલી 'ભગવાનહં' આદિ ચાર ખમાસમણ આપી સાથે પ્રતિક્રમણ ઠાવે, તેવા ભાગ્યશાળીને ચાર થોય કરવાની બાકી હોય, તેઓએ સામાયિક પારતી વખતે ચઉક્કસાય ચૈત્યવંદન બોલી નમુત્થુણં સૂત્ર બોલીને અરિહંત-ચેઈઆણં...થી... સિદ્ધાણં બુદ્ધાણં-વેયાવચ્ચગરાણં અન્નત્થ બોલી ચોથી થોય બોલી નીચે બેસીને નમુત્થુણં થી જયવીયરાય પૂર્ણ સુધી તે તે મુદ્રામાં બોલવું જોઈએ. આ અપવાદિક ક્રિયા હોવાથી વર્ષમાં એકાદ-બે દિવસ પૂ. ગુરુભગવંતની આજ્ઞાથી કરી શકાય. પણ વારંવાર આ પ્રમાણે કરવું યોગ્ય નથી. પ્રતિક્રમણ સાથે ઠાવનાર ભાગ્યશાળી જ પ્રતિક્રમણ દરમ્યાન સૂત્રો બોલી શકે. પોષધવ્રત- ધારીએ સાથે જ પ્રતિક્રમણ ઠાવવું જરૂરી જાણવું.)

(ચૈત્યવંદન કે દેવવંદન વખતે પુરુષોએ ખેસનો ઉપયોગ રાખવો જરૂરી છે.)

પછી એક ખમાસમણ આપીને ઉભા-ઉભા યોગમુદ્રામાં આદેશ માંગવો કે..'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ? ગુરુ ભગવંત કહે 'પડિલેવેહ' ત્યારે 'ઈચ્છં' કહીને મુહપત્તિ ૫૦ બોલ થી પડિલેહવી.

પછી એક ખમાસમણ આપીને ઉભા-ઉભા યોગમુદ્રામાં આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ?' ગુરુ ભગવંત કહે 'પુણો વિ કાયવ્વં' (=ફરીવાર સામાયિક કરવા જેવું છે.) ત્યારે 'યથાશક્તિ (=મારી શક્તિ અનુસાર સામાયિક કરવા પ્રયત્ન કરીશ)' કહેવું.

પછી એક ખમાસમણ આપીને ઉભા ઉભા યોગમુદ્રામાં આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક પાર્યુ? ગુરુ ભગવંત કહે 'આયારો ન મોત્તવ્વો' (=આચાર છોડવા જેવો નથી)' ત્યારે 'તહત્તિ' (= આપની વાત બરાબર છે, મને પ્રમાણ છે) કહેવું. ('યથાશક્તિ' અને 'તહત્તિ' બોલ્યા પછી 'ઈચ્છં' બોલવાની જરૂર રહેતી નથી. બોલે તો અવિધિ કહેવાય.)

પછી નીચે ઉભડક પગે ઢીંચણના આધારે બેસીને જમણી હથેળીની મુઠ્ઠિવાળીને ચરવળો / કટાસણા ઉપર સ્થાપન કરવી અને ડાબી હથેળીમાં મુખ આગળ મુહપત્તિ રાખીને શ્રી નવકારમહામંત્ર એકવાર બોલીને (અન્યમત અનુસાર શ્રી નવકારમંત્ર ઉભા-ઉભા યોગમુદ્રામાં બોલીને નીચે બેસીને) એટલે 'સામાઈય-વય-જૂત્તો સૂત્ર' બોલવું.

જ્ઞાન-દર્શન કે ચારિત્ર ના ઉપકરણની સ્થાપના કરેલ હોય તો જમણી હથેળી ચત્તી રાખીને એકવાર શ્રી નવકારમહામંત્ર પ્રગટ સ્વરૂપે ઉત્થાપન મુદ્રામાં બોલવો.

**(શ્રી સામાયિક પારવાની વિધિ સમાપ્ત)**


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૧) સામાયિક

વિધિપૂર્વક સામાયિક લેવું.

## (૨) કુસ્વપ્ન-દુઃસ્વપ્ન નિમિત્તે કાયોત્સર્ગ

પછી ખમાસમણ આપીને ઉભા થઈને યોગમુદ્રામાં આદેશ માંગવો કે.. 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! કુસુમિણ – દુસુમિણ ઉડ્ડાવણિય રાઈઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છ,' કુસુમિણ – દુસુમિણ ઉડ્ડાવણિય રાઈઅ – પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં... અન્નત્થ સૂત્ર' બોલી જિનમુદ્રામાં કામભોગાદિકનાં કુસ્વપ્નો આવ્યાં હોય તો 'સાગર વર ગંભીરા' સુધી અને બીજાં દુ:સ્વપ્નો આવ્યા હોય કે ન આવ્યા હોય તો પણ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ચારવાર શ્રી લોગસ્સ સૂત્રનો કાયોત્સર્ગ કરવો. જેઓને આ લોગસ્સ સૂત્ર ન આવડે તેઓએ જ સોળવાર શ્રી નવકારમહામંત્રના કાયોત્સર્ગ કરવો અને યથાવિધિ પારીને ઉપર શ્રી લોગસ્સ સૂત્ર પ્રગટ સ્વરૂપે પૂર્ણ બોલવું.

## (૩) ચૈત્યવંદનાદિ

પછી એક ખમાસમણ આપીને ઉભા થઈને યોગમુદ્રામાં આદેશ માંગવો કે... 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું? ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છં' કહી 'શ્રી જગચિંતામણિ સૂત્રથી જયવીયરાય સૂત્ર' પૂર્ણ તે તે મુદ્રામાં બોલવાં. (ચૈત્યવંદન વખતે ખેસ નો ઉપયોગ રાખવો) પછી સત્તર સંડાસાપૂર્વક ચાર ખમાસમણાં આપતી વખતે એક-એક ખમાસમણ પછી 'ભગવાન્હં 'થી સર્વ- સાધુહં' સુધી અનુક્રમે બોલીને વંદના કરવી. પછી શ્રાવકે બે હાથ જોડીને 'ઈચ્છકારી સમસ્ત શ્રાવકને વાંદું છું.' એમ કહેવું.

## (૪) સજ્ઝાય (સ્વાધ્યાય)

પછી સત્તર સંડાસાપૂર્વક એક ખમાસમણ આપીને યોગ મુદ્રામાં આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંહિસાહું? ગુરુ ભગવંત કહે–'સંહિસાવેહ' ત્યારે 'ઈચ્છં ' કહી ફરી એકવાર વિધિપૂર્વક ખમાસમણ આપીને ઉભા થઈને યોગમુદ્રામાં આદેશ માંગવો કે.. 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છં' કહેવું. ત્યારબાદ યથાજાત–મુદ્રામાં બેસીને શ્રી નવકાર મહામંત્ર પ્રગટ સ્વરૂપે એકવાર બોલીને 'ભરહેસર-બાહુબલિ' સજ્ઝાય બોલી ઉપર એકવાર શ્રી નવકાર મહામંત્ર પ્રગટ સ્વરૂપે બોલવો.

## (૫) રાત્રિ-પ્રતિક્રમણ સ્થાપના

પછી ઉભા થઈને યોગમુદ્રામાં પ્રશ્ન પૂછતા હોઈએ તેવા હાવભાવ સાથે 'ઈચ્છકાર સુહરાઈ' સૂત્ર બોલીને આદેશ માંગવો કે 'ઈચ્છા- કારેણ સંદિસહ ભગવન્! રાઈઅ પડિક્કમણે–ઠાઉં ?' ગુરુભગવંત કહે.. 'ઠાવેહ' ત્યારે 'ઈચ્છં' બોલી નીચે ઉભડક પગે ઢીંચણના આધારે બેસવું જમણા હાથની હથેળી મુઠ્ઠિવાળીને ચરવળો / કટાસણા પર સ્થાપન કરીને અને ડાબા હાથની હથેળીમાં મુખ આગળ યોગ્ય અંતરે મુહપત્તિ (બંધ કિનાર બહાર દેખાય તેમ) રાખીને 'સવ્વસ્સવિ રાઈઅ દુચ્ચિંતિય...' સૂત્ર બોલવું.

## (૬) દેવ-વંદન

પછી યોગ–મુદ્રામાં નીચે ઉભડક પગે બેસીને ખેસના ઉપયોગ સાથે 'નમુત્થુણં સૂત્ર' બોલવું.

## (૭) પહેલું સામાયિક અને બીજું ચઉવિસત્થો આવશ્યક

પછી ખેસનો ત્યાગ કરી ઉભા થઈને યોગમુદ્રામાં 'કરેમિ ભંતે !' – 'ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, જો મે રાઈઓ'– 'તસ્સ ઉત્તરી–અન્નત્થ સૂત્ર' ક્રમશ: બોલીને એકવાર શ્રી લોગસ્સ સૂત્રનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો કાયોત્સર્ગ કરવો. શ્રી લોગસ્સ સૂત્ર ન આવડે તો જ ચારવાર શ્રી નવકારમહામંત્રનો કાઉસ્સગ્ગ કરવો. યથાવિધિ કાયોત્સર્ગ પારવો.'

પછી 'શ્રી લોગસ્સ સૂત્ર' – 'સવ્વલોએ અરિહંત ચેઈઆણં–અન્નત્થ સૂત્ર' ક્રમશ: બોલીને એકવાર 'શ્રી લોગસ્સ સૂત્રનો ચંદેસુ નિમ્મલયરા' સુધી નો કાયોત્સર્ગ જિનમુદ્રામાં કરવો. જેઆને શ્રી લોગસ્સ સૂત્ર ન આવડે તો જ ચારવાર શ્રી નવકાર મહામંત્રનો કાયોત્સર્ગ કરવો અને યથાવિધિ પારવો. પછી 'શ્રી પુક્ખર–વરદ્દીવડ્ઢે સૂત્ર–સુઅસ્સ ભગવઓ–વંદણવત્તિયાએ–અન્નત્થ' ક્રમશ: બોલીને 'અઈયાર–વિયારણ–ગાહા એટલે શ્રી નાણમ્મિ દંસણમ્મિની આઠ ગાથાનો જિનમુદ્રામાં કાયોત્સર્ગ કરવો. જેઓને તે ગાથા ન આવડે તો જ આઠવાર શ્રી નમસ્કાર મહામંત્રનો કાયોત્સર્ગ કરવો પછી યથાવિધિ કાયોત્સર્ગ પારીને યોગમુદ્રામાં 'શ્રી સિદ્ધાણં બુદ્ધાણ' સૂત્ર બોલવું.

## (૮) ત્રીજાં વાંદણાં આવશ્યક

પછી યથાજાત મુદ્રામાં ત્રીજાં (વાંદણાં) આવશ્યકની મુહપત્તિ ૫૦ બોલથી પડિલેહવી અને પછી ૨૫ આવશ્યક સાચવીને ૩૨ દોષ ટાળીને દ્વાદશાવર્ત (વાંદણાં) વંદન કરવું.

## (૯) ચોથું પ્રતિક્રમણ આવશ્યક

પછી યોગમુદ્રામાં આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! રાઈઅં આલોઉં ?' ગુરુભગવંત કહે 'આલોવેહ' ત્યારે 'ઈચ્છં, આલોએમિ, જો મે રાઈઓ...' સૂત્ર પૂર્ણ બોલવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પછી મુહપત્તિના ઉપયોગ સાથે ક્રમશઃ 'સાતલાખ સૂત્ર' અને 'અઢાર પાપ સ્થાનક સૂત્ર' બોલીને યોગમુદ્રામાં આદેશ માંગવો કે 'સવ્વસ્સવિ રાઈઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠિઅ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' ગુરુ ભગવંત કહે 'પડિક્કમેહ' ત્યારે 'ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં' બોલીને વીરાસને નીચે બેસવું. અથવા જમણા ઢીંચણની જયણા કરવી.

પછી યોગમુદ્રામાં બન્ને હાથ જોડીને 'શ્રીનવકાર મહામંત્ર' 'કરેમિ ભંતે ! ઈચ્છામિ પડિક્કમિ ઉં, જો મે રાઈઓ... ક્રમશઃ સૂત્રો બોલીને શ્રી વંદિત્તુ સૂત્ર બોલવું. તેમાં ૪૩મી ગાથા 'અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ' બોલતાં ઉભા થઈ શેષ સૂત્ર બોલવું. પછી બે વાંદણાં આપી અવગ્રહમાં રહી ગુરુવંદન (અબ્ભુટ્ઠિઓ સૂત્ર દ્વારા) કરી ફરીવાર બે વાંદણાં આપીને 'આયરિય-ઉવજ્ઝાયે' સૂત્ર અવગ્રહમાં રહીને બોલવું.

## (૧૦) પાંચમું કાયોત્સર્ગ આવશ્યક

પછી અવગ્રહની બહાર નિકળીને 'કરેમિ ભંતે !' 'ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગ, જો મે રાઈઓ-તસ્સ ઉત્તરી' અને 'અન્નત્થ સૂત્ર' ક્રમશઃ બોલીને 'તપ ચિંતવણી'નો કાયોત્સર્ગ કરવો. તે ન આવડે તો જ સોળવાર શ્રી નવકાર મંત્રનો કાયોત્સર્ગ કરવો. યથાવિધિ કાયોત્સર્ગ પારીને શ્રી લોગસ્સ સૂત્ર બોલવું.

## (૧૧) છટ્ઠું પ્રત્યાખ્યાન આવશ્યક

પછી યથાજાત મુદ્રામાં બેસીને છટ્ઠા (પચ્ચક્ખાણ) આવશ્યક ની મુહત્તિનું ૫૦ બોલથી પડિલેહણ કરવું. પછી બે વાંદણા આપી ચૈત્યવંદન મુદ્રામાં ખેસના ઉપયોગ સાથે ભાવપૂર્વક 'સકલ તીર્થ-વંદન' સૂત્ર બોલવું. પછી ગુરુભગવંત પાસે અથવા વડીલજન પાસે અને ઉભય ન હોય તો પોતે તપચિંતવણીમાં નિશ્ચિત કરેલ પચ્ચક્ખાણ ઉચ્ચારપૂર્વક લેવું અને તે પચ્ચક્ખાણ સૂત્ર ન આવડે તો તે તે પચ્ચક્ખાણની ધારણા કરવી પછી બોલવું કે..

સામાયિક, ચઉવિસત્થો, વાંદણાં, પડિક્કમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યુ છે જી (-જો પચ્ચક્ખાણ ઉચ્ચારપૂર્વક લીધેલ હોય તો) અથવા પચ્ચક્ખાણ ધાર્યુ છે જી (- જો પચ્ચક્ખાણ ઉચ્ચાર પૂર્વક લેવાના બદલે ફક્ત ધારણા જ કરેલ હોય તો)

## (૧૨) મંગલ-સ્તુતિ

પછી 'ઈચ્છામો અણુસટ્ઠિં' બોલી પુરુષોએ ખેસનો ઉપયોગ રાખીને ચૈત્યવંદન મુદ્રામાં બેસીને યોગમુદ્રામાં બે હાથ જોડીને 'નમો ખમાસમણાણં' નમ્રતા પૂર્વક બોલી વડીલજને (ફક્તએ પુરૂષોએ) 'નમોડર્હત્,' સૂત્ર બોલી 'શ્રી વર્ધમાન જિનસ્તવ' એટલે 'વિશાલ લોચન-દલં' સૂત્ર બોલવું. બ્હેનોએ 'નમો ખમાસમણાણં' બોલીને શ્રી સંસાર દાવાનલ ની પ્રથમ ત્રણ ગાથા બોલવી.

## (૧૩) દેવ-વંદન

પછી 'નમુત્થુણં સૂત્ર' બોલી ઉભા થઈને યોગમુદ્રામાં 'અરિહંત ચેઈઆણં'-'અન્નત્થ સૂત્ર' બોલી એકવાર શ્રી નવકાર મહામંત્રનો કાયોત્સર્ગ કરવો. યથાવિધિ કાઉસ્સગ્ગ પારીને (ફક્ત પુરુષોએ) 'નમોડર્હત્' બોલી 'શ્રી કલ્લાણ કંદં સૂત્ર'ની પ્રથમ ગાથા બોલવી. સામુહિકમાં આદેશ લેનાર એક જ ભાગ્યશાળી યોગમુદ્રામાં હાથ જોડી થોય બોલે, જ્યારે અન્યો જિનમુદ્રામાં (કાઉસ્સગ્ગ ધ્યાનમાં) જ થોય સાંભળે. અને થોય પૂર્ણ થતાં એક સ્વરે 'નમો અરિહંતાણં' કાઉસ્સગ્ગ મુદ્રામાં બોલીને કાયોત્સર્ગ પારે.

પછી 'લોગસ્સ સૂત્ર - સવ્વલોએ અરિહંત ચેઈઆણં-અન્નત્થ સૂત્ર' ક્રમશઃ બોલી એકવાર શ્રી નવકારમહામંત્ર નો કાયોત્સર્ગ કરવો. યથાવિધિ પારીને શ્રી કલ્લાણ કંદં સૂત્ર ની બીજી ગાથા બોલવી.

પછી 'શ્રી પુક્ખર-વર-દીવડ્ઢે સૂત્ર' - 'સુઅસ્સ ભગવઓ-વંદણવત્તિયાએ-અન્નત્થસૂત્ર' ક્રમશઃ બોલીને એકવાર શ્રી નવકાર મહામંત્રનો કાયોત્સર્ગ કરીને યથાવિધિ પારીને શ્રી કલ્લાણ કંદં સૂત્રની ત્રીજી ગાથા બોલવી.

પછી 'શ્રી સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્ર- વેયાવચ્ચગરાણં-અન્નત્થ સૂત્ર' ક્રમશઃ બોલીને એકવાર શ્રી નવકારમંત્રનો કાયોત્સર્ગ કરવો. યથાવિધિ કાયોત્સર્ગ પારીને (ફક્ત પુરુષોએ) 'નમોડર્હત્' બોલી શ્રી કલ્લાણ કંદં સૂત્રની ચોથી થોય બોલવી.

પછી ચૈત્યવંદન મુદ્રામાં નીચે બેસીને યોગમુદ્રા પ્રમાણે બન્ને હાથ જોડીને નમુત્થુણં સૂત્ર બોલવું પછી ક્રમશઃ સત્તર સંડાસા પૂર્વક ચાર ખમાસમણ આપવાં. તેમાં દરેક ખમાસમણ પછી 'પંચપરમેષ્ઠિ વંદના' સ્વરૂપ 'ભગવાન્હં' થી 'સર્વ સાધુહં સુધી સૂત્ર' બોલવું.

(પોષધવ્રત ધારી શ્રાવક-શ્રાવિકાગણે ચાર ખમાસમણાં આપતાં પહેલાં બે ખમાસમણ નીચેના આદેશ માંગવા સાથે આપવા...ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બહુવેલ સંદિસાહું ? ગુરુભગવંત કહે- 'સંદિસાવેહ' ત્યારે 'ઈચ્છં' બોલવું, પછી બીજું એક ખમાસમણ આપી 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્,! બહુવેલ કરશું ? ગુરુભગવંત કહે 'કરજો' ત્યારે 'ઈચ્છં' બોલવું)

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી જમણી હથેળીને ચરવળા / કટાસણા ઉપર ઉંધી સ્થાપીને તથા ડાબી હથેળીમાં મુહપત્તિ મુખ પાસે રાખીને 'શ્રી અબ્ભુઈજજેસુ સૂત્ર' વડીલજને ખૂબ ભાવપૂર્વક બોલવું.

## (૧૪) શ્રી સીમંધર સ્વામીના દુહાઓ તથા ચૈત્યવંદન વિધિ

અનંત ચઉવીશી જિન નમું; સિદ્ધ અનંતી ક્રોડ ।
કેવલધર મુગતે ગયા, વંદુ બે કર જોડ ॥ ૧ ॥
બે કોડી કેવલ ધરા, વિહરમાન જિન વીશ ।
સહસ કોડી યુગલ નમું, સાધુ નમું નિશદિશ ॥ ૨ ॥
જે ચારિત્રે નિર્મળા, જે પંચાનન સિંહ ।
વિષય કષાયના ગંજીયા, તે પ્રણમું નિશદિશ ॥ ૩ ॥

ઉપરોક્ત દુહાઓ (ઈશાન ખૂણા તરફ મુખ રાખી અથવા ઈશાન ખૂણા તરફ મુખ છે તેમ કલ્પના કરીને)માંથી એક દુહો યોગમુદ્રામાં ઉભા-ઉભા બોલીને એક ખમાસમણ આપવું. તે જ મુજબ ત્રણ દુહા ક્રમશઃ બોલીને ત્રણ ખમાસમણ આપવાં.(એકી સંખ્યામાં વધારે ખમાસમણ અલગ-અલગ શ્રી સીમંધર સ્વામીજી ના દુહા બોલીને આપી શકાય.

પછી એક ખમાસમણ આપીને આદેશ માંગવો કે 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' શ્રી સીમંધરસ્વામી જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છં' બોલવું.

પછી નીચે ચૈત્યવંદન મુદ્રામાં બેસીને યોગમુદ્રા પ્રમાણે બન્ને હાથ જોડીને ફક્ત શ્રી સીમંધર સ્વામીજીનું ભાવવાહી ચૈત્યવંદન બોલવું. પછી 'જંકિંચિ નામ તિત્થં', 'નમુત્થુણં', 'જાવંતિ ચેઈયાઈં', 'એક ખમાસમણ', જાવંત કેવિ સાહૂ', 'નમોઽર્હત્' ક્રમશઃ બોલીને શ્રી સીમંધરસ્વામીજીનું જ ભાવવાહી સ્તવન બોલવું (અન્ય પરમાત્માનું ન બોલાય) પછી પૂર્ણ 'શ્રી જય વીયરાય સૂત્ર' બોલી ઉભા થઈને યોગમુદ્રામાં 'અરિહંત-ચેઈઆણં...અન્નત્થ' સૂત્ર બોલી એકવાર શ્રી નવકાર મંત્રનો કાઉસ્સગ્ગ કરી, પારીને પુરૂષોએ 'નમોઽર્હત્' બોલીને શ્રી સીમંધરસ્વામીજીની થોય બોલવી.

## (૧૫) શ્રી સિદ્ધાચલજીના દુહાઓ તથા ચૈત્યવંદન વિધિ

એકેકું ડગલું ભરે, શેત્રુંજા સમું જેહ ।
ઋષભ કહે ભવક્રોડના, કર્મ ખપાવે તેહ...(૧)
શત્રુંજય સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ ।
ગૌતમ સરીખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ...(૨)
સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર ।
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર (૩)

શ્રી સિદ્ધાચલ ગિરિરાજની દિશા સન્મુખ મુખ રાખીને એક-એક દુહા ભાવપૂર્વક બોલવા સાથે એક-એક ખમાસમણ આપવા (અહી પણ એકી સંખ્યામાં દુહા અને ખમાસમણ આપી શકાય.)

પછી એક ખમાસમણ આપી ઉભા-ઉભા યોગમુદ્રામાં આદેશ માંગવો કે.. 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ શ્રી સિદ્ધાચલ મહાતીર્થ આરાધનાર્થ ચૈત્યંવદન કરું ? ગુરુભગવંત કહે 'કરેહ' ત્યારે 'ઈચ્છં' બોલી શ્રી સિદ્ધાચલજીનો મહિમાગાતું ચૈત્યવંદન બોલવું.

પછી 'જં કિંચિ નામ તિત્થં' - 'નમુત્થુણં' - 'જાવંતિ ચેઈયાઈં', 'એક ખમાસમણ', 'જાવંત કે વિ સાહૂ' બોલી 'નમોઽર્હત્' કહીને 'શ્રી શત્રુંજય ગિરિરાજ નો મહિમા વર્ણવતું ભાવવાહી સ્તવન (શ્રી ઋષભદેવ ભગવાનનું જ સ્તવન ન બોલાય) બોલવું.

પછી પૂર્ણ જય વીયરાય સૂત્ર બોલી ઉભા થઈ યોગમુદ્રામાં 'અરિહંત ચેઈઆણં'..'અન્નત્થ' બોલી એકવાર શ્રી નવકાર મહામંત્રનો કાયોત્સર્ગ કરી, યથાવિધિ પારીને 'નમોઽર્હત્' બોલીને શ્રી સિદ્ધાચલજીની જ થોય બોલવી જોઈએ.

## (૧૬) ક્ષમા-યાચના

પછી સત્તર સંડાસા પૂર્વક ખમાસમણ આપીને ઉભડક પગે નીચે બેસીને જમણી હથેળીની મુટ્ઠિવાળીને ચરવળા કટાસણા ઉપર સ્થાપન કરીને અને ડાબી હથેળીમાં મુહપત્તિ મુખ આગળ રાખીને નીચે મુજબ ક્ષમા-યાચના કરવી.

'રાઈઅ-પ્રતિક્રમણ કરતાં જે કોઈ અવિધિ - આશાતના થઈ હોય, તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં'

(રાઈઅ-પ્રતિક્રમણ રાત્રિ સમયે સૂર્યોદય પહેલાં થતું હોવાથી ખૂબ જ મંદ સ્વરે ફક્ત સાથે કરનાર ભાગ્યશાળી સાંભળી શકે, તે પ્રમાણે જ બોલવું જોઈએ.)

## (૧૭) સામાયિક પારવું.

આગળ વિધિ પ્રમાણે સામાયિક પારવું. અહી 'ચઉક્કસાય' ચૈત્યવંદનની જરૂર નથી.

**ઈતિ શ્રી રાઈઅ-પ્રતિક્રમણ વિધિ સમાપ્ત.**

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com







કાઉસ્સગમાં સાંભળતી વેળાની મુદ્રા

યોગમુદ્રામાં બોલતી વેળાની મુદ્રા

# ૫૩ 'શ્રી સ્નાતસ્યાની સ્તુતિ (થોય)'

આદાન નામ : સ્નાતસ્યા સ્તુતિ
ગૌણ નામ : શ્રીવર્ધમાન જિન સ્તુતિ

વિષય :
શ્રી વર્ધમાનસ્વામીની ભાવવાહી જન્માભિષેક સંબંધિત સ્તુતિ

## છંદ : શાર્દૂલ-વિક્રીડિત; ★ રાગ-'સિદ્ધે ભો પયઓ...' (પુક્ખર-વર દીવડ્ઢે સૂત્ર, ગાથા-૪)

| | | |
|---|---|---|
| સ્નાતસ્યા પ્રતિમસ્ય મેરુશિખરે- | સ્ના-તસ્-યા-પ્રતિ-મસ્-ય-મેરુ-શિખ-રે- | સ્નાન કરાયેલ ઉપમા ન આપી શકાય એવા મેરુશિખર ઉપર |
| શચ્યા વિભો: શૈશવે, | શચ્-યા વિભો: શૈ-શવે, | ઇન્દ્રાણીએ પ્રભુના બાળપણમાં, |
| રૂપા-લોકન-વિસ્મયા-હૃતરસ- | રૂપા-લોક-ન-વિસ્-મયા-હૃત-રસ- | રૂપને જોવાથી થયેલ આશ્ચર્યના કારણે ઉત્પન્ન અદ્ભુતરસની |
| ભ્રાન્ત્યા ભ્રમચ્ચક્ષુષા । | ભ્રાન્-ત્યા ભ્રમચ્-ચક્-ષુષા । | ભ્રાન્તિથી, ફરતા નેત્રવાળી, |
| ઉન્મૃષ્ટં નયન-પ્રભા-ધવલિતં- | ઉન્-મૃષ્-ટમ્ નય-ન-પ્રભા-ધવ-લિતમ્- | લુછ્યું છે આંખની નિર્મલ કાંતિ વડે ઉજ્જ્વલ |
| ક્ષીરોદકા-શઙ્કયા, | ક્ષીરો-દકા-શઙ્-કયા, | ક્ષીરસમુદ્રનું પાણી રહી ગયાની શંકાથી, |
| વક્ત્રં યસ્ય પુન: પુન: સ જયતિ- | વક્-ત્રમ્ યસ્-ય પુન: પુન: સ જય-તિ- | મુખ જેમનું વારંવાર તે જય પામે છે |
| શ્રી વર્દ્ધમાનો જિન: ॥ ૧ ॥ | શ્રી-વર્-ધ-માનો જિન: ॥૧॥ | શ્રી વર્ધમાન જિનેશ્વર. ૧. |

**અર્થ :** બાલ્યકાળમાં મેરુ શિખર ઉપર સ્નાન કરાયેલા, નિરુપમપ્રભુના રૂપને જોવાથી થયેલ આશ્ચર્યના કારણે ઉત્પન્ન અદ્ભુતરસની ભ્રાન્તિથી ચંચલ નેત્રવાળી ઇન્દ્રાણીએ આંખની નિર્મલ કાંતિ વડે ઉજ્જ્વલ અને ક્ષીરસમુદ્રનું પાણી રહી ગયાની શંકાથી જેમનું મુખ વારંવાર લૂછ્યું છે, તે શ્રી વર્ધમાનસ્વામી જય પામે છે. ૧.

| | | |
|---|---|---|
| હંસાં-સાહત-પદ્મરેણુ-કપિશ- | હન્-સામ્-સા-હત-પદ્-મ-રેણુ-કપિ-શ- | હંસ પક્ષીની પાંખો વડે ઉડાડેલી કમળની રજવડે પીળુ થયેલ |
| ક્ષીરાર્ણ-વામ્ભો-ભૃતૈ:, | ક્ષીરાર્-ણ-વામ્-ભો-ભૃતૈ:, | ક્ષીરસમુદ્રનું પાણી તેના વડે ભરેલા, |
| કુંભૈ-રપ્સર-સાં પયોધર-ભર- | કુમ્-ભૈ-રપ્-સર-સામ્ પયો-ધર-ભર- | કળશો વડે અપ્સરાઓના સ્તનના સમૂહની સાથે |
| પ્રસ્પર્ધિભિ: કાંચનૈ: । | પ્રસ્-પર્-ધિ-ભિ:-કાઞ્-(કાન્)-ચનૈ: । | સ્પર્ધા કરતા સુવર્ણના, |
| યેષાં મંદર-રત્નશૈલ-શિખરે- | યેષામ્ મન્દર-રત્-ન-શૈલ-શિખ-રે- | જે તીર્થંકરોનો મેરુ પર્વતના શિખર ઉપર |
| જન્માભિષેક: કૃત:, | જન્-મા-ભિષે-ક:-કૃત:, | જન્માભિષેક કરેલો છે, |
| સર્વૈ: સર્વસુરા-સુરેશ્વર-ગણૈ- | સર્-વૈ: સર્-વ-સુરા-સુરેશ્-વર-ગણૈ- | સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના |
| સ્તેષાં નતોઽહં ક્રમાન્ ॥ ૨ ॥ | સ્તેષામ્ નતો-હમ્ ક્રમાન્ ॥૨॥ | ઇન્દ્રના સમુદાયવડે તેઓના નમેલો છું હું ચરણોને ૨. |

**અર્થ :** હંસ પક્ષીની પાંખોવડે ઉડાડેલી કમળની રજવડે પીળા થયેલ ક્ષીરસમુદ્રના પાણીવડે ભરેલા અપ્સરાઓના સ્તનના સાથે સ્પર્ધા કરતા સુવર્ણના કળશોવડે સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના ઇન્દ્રના સમુદાયવડે, મેરુ શિખર ઉપર જે તીર્થંકરોનો જન્માભિષેક કરેલો છે, તેઓના ચરણોને હું નમેલો છું. ૨.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



## છંદ : સ્રગ્ધરા, ★ રાગ-'આમૂલા-લોલ-ધૂલી...' (સંસારદાવાનલ. સૂત્ર, ગાથા-૪)

| | | |
|---|---|---|
| અર્હદ્વક્ત્ર-પ્રસૂતં- | અર્-હદ્-વક્-ત્ર-પ્રસૂ-તમ્- | અરિહંતના મુખમાંથી જન્મેલ, |
| ગણધર-રચિતં- | ગણ-ધર-રચિ-તમ્- | ગણધરોએ રચેલા, |
| દ્વાદશાંગં વિશાલં, | દ્વા (દ્‌વા)-દ-શાઙ્-ગમ્ વિશા-લમ્, | દ્વાદશાંગી રૂપ વિશાલ, |
| ચિત્રં બહ્વર્થ-યુક્તં | ચિત્રમ્-બહ્-વર્-થ-યુક્-તમ્ | આશ્ચર્યકારી, ઘણા અર્થથી યુક્ત |
| મુનિગણ- | મુનિ-ગણ- | સાધુ સમુદાયના નાયકોએ |
| વૃષભૈ-ર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ । | વૃષ-ભૈર્-ધારિ-તમ્-બુદ્-ધિ-મદ્-ભિઃ । | ધારણ કરેલ બુદ્ધિમંત, |
| મોક્ષાગ્ર-દ્વારભૂતં વ્રત-ચરણ- | મોક્-ષા-ગ્રહદ્-વાર-ભૂ-તમ્ વ્રત-ચર-ણ- | મોક્ષના મુખ્ય દ્વાર સમાન, |
| ફલં- | ફલમ્- | વ્રત અને ચારિત્ર ફળ રૂપ, |
| જ્ઞેય-ભાવ-પ્રદીપં, | જ્ઞેય-ભાવ-પ્રદી-પમ્, | જાણવા યોગ્ય પદાર્થોને જણાવવામાં દીપક સમાન |
| ભક્ત્યા નિત્યં પ્રપદ્યે- | ભક્-ત્યા નિત્-યમ્ પ્ર-પદ્યે (પદ્-યે)- | ભક્તિ વડે હંમેશા સ્વીકાર કરું છું. |
| શ્રુત-મહ-મખિલં- | શ્રુત-મહ-મખિ-લમ્- | સિદ્ધાંતને હું સમસ્ત સર્વ લોકને વિષે |
| સર્વ-લોકૈક-સારમ્ ॥ ૩ ॥ | સર્-વ-લોકૈ-ક-સારમ્ ॥૩॥ | એક સારભૂત. ૩. |

**અર્થ :** અરિહંતના મુખમાંથી જન્મેલ, ગણધરોએ રચેલ, આશ્ચર્યકારી, ઘણા અર્થથી યુક્ત બુદ્ધિમાન એવા સમુદાયના નાયકોએ (આચાર્યોએ) ધારણ કરેલ, મોક્ષના મુખ્ય દ્વાર સમાન, વ્રત અને ચારિત્રના ફળ રૂપ, જાણવા યોગ્ય પદાર્થોને જણાવવામાં દીપક સમાન, સર્વ લોકને વિષે એક સારભૂત એવા વિશાળ દ્વાદશાંગી રૂપ સમસ્ત સિદ્ધાંતને હું અંગીકાર કરું છું. ૩.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| નિષ્પંક-વ્યોમ-નીલ- | નિષ્-પઙ્-ક-વ્યો-મ-ની-લ- | વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા, |
| ધુતિ-મલ-સદશં- | ધુ (દ્યુ) તિ-મલ-સદ્-ઋ-શમ્- | આળસુ-મંદ છે દૃષ્ટિ જેની |
| બાલચંદ્રા-ભદંષ્ટ્રં, | બાલ-ચન્-દ્રા-ભ-દન્-ષ્ટ્રમ્, | બીજના ચંદ્રની કાંતિ જેવી ઉજ્જ્વળ દાઢાવાળા |
| મત્તં ઘણ્ટારવેણ પ્રસૃત- | મત્-તમ્ ઘણ્-ટાર-વેણ- પ્રસૃ-ત- | મદોન્મત્ત, ઘંટના શબ્દ વડે, પ્રસરતા |
| મદજલં, પૂરયન્તં સમન્તાત્ । | મદ-જલમ્-પૂર-યન્-તમ્ સમન્-તાત્ । | મદજળવાળા, પૂર્ણ કરતા સર્વ બાજુએ, |
| આરૂઢો દિવ્યનાગં વિચરતિ- | આરૂ-ઢો દિવ્-ય-નાગમ્ વિચ-રતિ- | બેઠેલ દિવ્ય હાથી ઉપર વિચરે છે આકાશમાં |
| ગગને-કામદઃ કામરૂપી, | ગગ-ને-કામ-દઃ-કામ-રૂપી, | મનોવાંછિત આપનાર, ઇચ્છા પ્રમાણે રૂપ કરનાર |
| યક્ષઃ સર્વાનુભૂતિ-ર્દિશતુ મમ- | યક્ષઃ સર્-વા-નુ-ભૂતિર્-દિશ-તુ મમ- | યક્ષ સર્વાનુભૂતિ આપો મને હંમેશા |
| સદા, સર્વકાર્યેષુ સિદ્ધિમ્ ॥ ૪ ॥ | સદા, સર્-વ-કાર્-યેષુ સિદ્-ધિમ્ ॥૪॥ | સર્વકાર્યમાં સિદ્ધિને. ૪. |

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| વિસ્મયાહ્તરસ | વિસ્મયાહૃતરસ | અર્હદ્વક્તં પ્રસૂતં | અર્હદ્વક્ત્રપ્રસૂતં |
| પસ્પર્દ્ધિભિ | પ્રસ્પર્દ્ધિભિઃ | મન્તં ઘંટારવેણ | મત્તં ઘંટારવેણ |
| દુતિમલસદ્રશં | ધુતિમલસદૃશં | ક્ષીરાણવાંભોભૃતૈ | ક્ષીરાર્ણવાંભોભૃતૈઃ |
| ઉન્મ્રષ્ટં | ઉન્મૃષ્ટં | વૃષભૈદ્ધારિતં | વૃષભૈર્ધારિતં |
| ગણૈ તેષાં | ગણૈસ્તેષાં | પ્રસૂતમદજલં | પ્રસૃતમદજલ |
| બાલચન્દ્રાભદષ્ટ્રં | બાલચન્દ્રાભદંષ્ટ્રં | નિત્યં પ્રપધ્યે | નિત્યં પ્રપદ્યે |
| વક્રં યસ્ય | વક્ત્રં યસ્ય | સર્વાનુભૂતિ દિશતુ | સર્વાનુભૂતિર્દિશતુ |

**અર્થ :** વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા, (મદ વડે) આળસવાળી દૃષ્ટિવાળા, બીજના ચંદ્રની કાંતિ જેવી ઉજ્જ્વળ દંતશૂળવાળા, ઘંટના અવાજથી મદોન્મત્ત, ગંડસ્થળમાંથી નીકળતા મદજળને ચારે બાજુ ફેલાવનાર એવા દિવ્ય હાથી ઉપર બેઠેલ, ઇચ્છિત વસ્તુને આપનાર, ઇચ્છા મુજબ રૂપ ધારણ કરનાર, જે આકાશમાં વિચરે છે તેવા સર્વાનુભૂતિ યક્ષ મને હંમેશાં સર્વકાર્યમાં સિદ્ધિને આપો. ૪.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૫૪ 'શ્રી સકલાર્ડહત્ સ્તોત્ર'



દેવવંદન, ચૈત્યવંદન તથા રાઇઅ પ્રતિક્રમણ વખતે આ સૂત્ર બોલતી-સાંભળતી વખતે ની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

આદાન નામ : શ્રી સકલાર્ડહત્ સ્તોત્ર
ગૌણ નામ : શ્રી ચોવીશ જિન સ્તવના
ગાથા : ૩૩

વિષય : વર્તમાન ચોવીશી પરમાત્માની ભાવવાહી સ્તવના.

## છંદ : અનુષ્ટુપ્- ★ રાગ-દર્શનં દેવ-દેવસ્ય-(પ્રભુસ્તુતિ)

| | | |
|---|---|---|
| સકલાડર્હત્પ્રતિષ્ઠાન- | સક-લાર્-હત્-પ્રતિષ્-ઠાન- | સઘળા અરિહંતોમાં રહેલું |
| મધિષ્ઠાનં શિવશ્રિયઃ । | મધિષ્-ઠાનમ્ શિવ-શ્રિયઃ । | નિવાસસ્થાન મોક્ષ-લક્ષ્મીનું, |
| ભૂર્ભુવઃ-સ્વસ્ત્રયી-શાન- | ભૂર્-ભુવઃ-સ્વસ્-ત્ર-યી-શાન- | પાતાળ, મર્ત્યલોક, સ્વર્ગલોક એ ત્રણે ઉપર પ્રભુત્વ ધરાવનાર |
| માર્હન્ત્યં પ્રણિદધ્મહે ॥ ૧ ॥ | માર્-હન્-ત્યમ્ પ્રણિ દધ્-મહે ॥૧॥ | એવા અરિહંતપણાનું અમે ધ્યાન ધરીએ છીએ. ૧. |

**અર્થ :** સઘળા અરિહંતોમાં રહેલા, મોક્ષ-લક્ષ્મીના નિવાસસ્થાન, પાતાળ, મનુષ્યલોક અને સ્વર્ગલોક ઉપર પ્રભુત્વ ધરાવનાર એવા અરિહંતપણાનું અમે ધ્યાન ધરીએ છીએ. ૧.

જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| નામાડડકૃતિ-દ્રવ્યભાવૈઃ, | નામા-કૃતિ-દ્રવ્ય-ભાવૈઃ, | નામ-સ્થાન -દ્રવ્ય-ભાવ વડે, |
| પુનિતસ્ત્રિ-જગજ્જનમ્ । | પુનિ-તસ્-ત્રિ-જગજ્-જનમ્ । | પવિત્ર કરતા ત્રણે જગતના લોકોને, |
| ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્- | ક્ષેત્રે-કાલે-ચ સર્-વ સ્-મિન્-નર્- | ક્ષેત્રમાં અને કાળમાં સર્વ અરિહંતની |
| હતઃ સમુપાસ્મહે ॥ ૨ ॥ | હતઃ-સમુ-પાસ્-મહે ॥૨॥ | અમે ઉપાસના કરીએ છીએ. ૨. |

**અર્થ :** જેઓ સર્વ ક્ષેત્રમાં અને સર્વકાળમાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ વડે ત્રણે જગતના લોકોને પવિત્ર કરી રહેલા છે, એવા અરિહંતની અમે ઉપાસના કરીએ છીએ. ૨.

| | | |
|---|---|---|
| આદિમં પૃથિવીનાથ- | આદિ-મમ્ પૃથિ-વી-નાથ- | પહેલા પૃથ્વીના નાથ (રાજા) |
| માદિમં નિષ્પરિગ્રહમ્ । | માદિ-મમ્ નિષ્-પરિ-ગ્રહમ્ । | પહેલા નિષ્પરિગ્રહી-સાધુ, |
| આદિમં તીર્થનાથં ચ, | આદિ-મમ્ તીર્-થ-નાથમ્ ચ | અને પહેલા તીર્થના સ્વામી એવા |
| ઋષભ-સ્વામિનં સ્તુમઃ ॥ ૩ ॥ | ઋ-ષભ-સ્વા-મિનમ્ સ્તુ-મઃ ॥૩॥ | ઋષભદેવની સ્તુતિ કરીએ છીએ. ૩. |

**અર્થ :** પ્રથમરાજા, પ્રથમસાધુ, પ્રથમતીર્થંકર એવા શ્રી ઋષભદેવસ્વામીની અમે સ્તુતિ કરીએ છીએ. ૩.

| | | |
|---|---|---|
| અર્હન્ત-મજિતં વિશ્વ- | અર્-હન્-ત-મજિ-તમ્ વિશ્-વ- | અરિહંત અજિતને જગત રૂપી |
| કમલાકર-ભાસ્કરમ્ । | કમ-લા-કર-ભાસ્-કરમ્ । | કમલના વનને વિકસાવવા માટે સૂર્ય સમાન, |
| અમ્લાન-કેવલાદર્શ- | અમ્-લાન-કેવ-લા-દર્-શ- | નિર્મળ કેવળજ્ઞાનરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થયું છે |
| સંક્રાન્ત-જગતં સ્તુવે ॥ ૪ ॥ | સઙ્-ક્રાન્-ત-જગ-તમ્ સ્તુ-વે ॥૪॥ | ત્રણ જગત, હું સ્તવના કરું છું. ૪. |

**અર્થ :** જગત રૂપ કમળના વનને વિકસાવવા માટે સૂર્ય સમાન, નિર્મળ કેવળજ્ઞાન રૂપ દર્પણમાં પ્રતિબિંબિત થયું છે ત્રણ જગત જેમનામાં એવા શ્રી અજિતનાથ અરિહંતની હું સ્તવના કરું છું. ૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| વિશ્વ-ભવ્ય-જનારામ-<br>કુલ્યા-તુલ્યા-જયન્તિ તાઃ ।<br>દેશના-સમયે વાચઃ,<br>શ્રી-સંભવ-જગત્પતેઃ ॥ ૫ ॥ | વિશ્-વ-ભવ્-ય-જના-રામ-<br>કુલ્-યા-તુલ્-યા-જયન્-તિ-તાઃ ।<br>દેશ-ના સમ-યે વાચઃ ,<br>શ્રી-સમ્-ભવ-જગત્-પતેઃ ॥૫॥ | જગતમાં રહેલ ભવ્ય માણસો રૂપ<br>બગીચાને માટે નહેર સમાન જય પામે છે તે,<br>ઉપદેશ સમયના વચનો<br>શ્રી સંભવનાથ સ્વામીના. ૫. |

**અર્થ :** જગતમાં રહેલ ભવ્ય માણસો રૂપ બગીચા માટે નહેર સમાન એવા શ્રી સંભવનાથસ્વામીના તે દેશનાના સમયના વચનો જય પામે છે.૫.

| | | |
|---|---|---|
| અનેકાન્ત-મતાંભોધિ-<br>સમુલ્લા-સન-ચંદ્રમાઃ ।<br>દદ્યાદ-મન્દ-માનન્દં,<br>ભગવાન-ભિનંદનઃ ॥ ૬ ॥ | અને-કાન્-ત-મતામ્-ભોધિ-<br>સમુલ્-લા-સન-ચન્-દ્ર-માઃ ।<br>દદ્-યાદ-મન્-દ-માનન્-દમ્,<br>ભગ-વા-ન ભિ-નન્-દનઃ ॥૬॥ | અનેકાન્ત (સ્યાદ્વાદ)મત રૂપી<br>સમુદ્રને ઉલ્લસિત કરવા માટે ચંદ્ર સમાન,<br>આપો પરિપૂર્ણ આનંદ<br>ભગવાન અભિનંદન. ૬. |

**અર્થ :** (જેવી રીતે ચંદ્રથી સમુદ્ર વૃદ્ધિ પામે છે તેવી રીતે) સ્યાદ્વાદમત રૂપ સમુદ્રને ઉલ્લસિત કરવા માટે ચંદ્ર સમાન એવા શ્રી અભિનંદન સ્વામી પરિપૂર્ણ આનંદ આપો. ૬.

| | | |
|---|---|---|
| દ્યુસત્કિરીટ-શાણા-ગ્રો-<br>ત્તેજિતાંઘ્રિ-નખાવલિઃ ।<br>ભગવાન્ સુમતિસ્વામી,<br>તનોત્વ-ભિમતાનિ વઃ ॥ ૭ ॥ | દ્યુ (દ્યુ)-સત્-કિરી-ટ-શાણા-ગ્રોત્-<br>તે-જિ-તાઙ્-ઘ્રિ-નખા-વલિઃ ।<br>ભગ-વાન્ સુ-મતિ-સ્વા-મી,<br>તનોત્-વ-ભિમ-તાનિ-વઃ ॥૭॥ | દેવોના મુકુટરૂપ શરાણના અગ્રભાગ વડે<br>ચકચકિત (તેજવંત)થઈ છે પગના નખોની શ્રેણી જેની,<br>ભગવાન સુમતિનાથ પૂર્ણ કરો<br>મનોરથોને તમારા. ૭ |

**અર્થ :** દેવોના મુકુટરૂપ શરાણના અગ્ર ભાગ વડે ચકચકિત થઈ છે પગના નખોની શ્રેણી જેની એવા શ્રી સુમતિનાથ ભગવાન તમારા મનોરથોને પૂર્ણ કરો. ૭.

| | | |
|---|---|---|
| પદ્મપ્રભ-પ્રભોર્દેહ-<br>ભાસઃ પુષ્ણન્તુ વઃ શ્રિયમ્ ।<br>અંત-રંગારિ-મથને,<br>કોપા-ટોપાદિ-વારુણાઃ ॥ ૮ ॥ | પદ્-મ-પ્રભ-પ્રભોર્-દેહ-<br>ભાસઃ પુષ્-ણન્-તુ વઃ શ્રિયમ્ ।<br>અન્-ત-રઙ્-ગારિ-મથ-ને,<br>કોપા-ટોપા-દિ વા-રુણાઃ ॥૮॥ | પદ્મપ્રભસ્વામીના શરીરની<br>કાન્તિ પોષણ કરો તમારી લક્ષ્મીનું,<br>અભ્યંતર શત્રુઓ (અંતરંગ શત્રુઓ કામ, ક્રોધ આદિ) ને દૂર કરવા<br>કોપના આડંબરથી જાણે લાલ થઈ હોય. ૮. |

**અર્થ :** અંતરંગ શત્રુઓને દૂર કરવા કોપના આડંબરથી જાણે લાલ થઈ હોય એવી શ્રી પદ્મપ્રભસ્વામીના શરીરની કાન્તિ તમારી મોક્ષલક્ષ્મીનું પોષણ કરો. ૮.

જૈન સાહિત્ય
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| શ્રી સુપાર્શ્વ-જિનેન્દ્રાય,<br>મહેન્દ્ર-મહિતાંઘ્રયે ।<br>નમશ્ચતુ-ર્વર્ણ-સંઘ-<br>ગગના-ભોગ-ભાસ્વતે ॥ ૯ ॥ | શ્રી-સુપાર્-શ્વ-જિનેન્-દ્રાય,<br>મહેન્-દ્ર-મહિ-તાઙ્-ઘ્રયે ।<br>નમશ્-ચતુર્-વર્-ણ-સઙ્-ઘ-<br>ગગ-ના-ભોગ-ભાસ્-વતે ॥૯॥ | શ્રી સુપાર્શ્વનાથસ્વામીને<br>મોટા ઇન્દ્રોથી પૂજાયેલ છે ચરણો જેમના,<br>નમસ્કાર થાઓ ચતુર્વિધ શ્રી સંઘ<br>રૂપ આકાશના વિસ્તારમાં સૂર્ય જેવા. ૯. |

**અર્થ :** (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ) ચતુર્વિધસંઘ રૂપ આકાશના વિસ્તારમાં સૂર્ય જેવા, મોટા ઇન્દ્રોથી પૂજાયેલ છે ચરણો જેમના એવા શ્રી સુપાર્શ્વનાથસ્વામીને નમસ્કાર થાઓ. ૯.

| | | |
|---|---|---|
| ચંદ્રપ્રભ-પ્રભોશ્ચંદ્ર-<br>મરીચિ-નિચયોજ્જ્વલા ।<br>મૂર્તિર્મૂર્ત-સિતધ્યાન-<br>નિર્મિતેવ શ્રિયેઽસ્તુ વઃ ॥ ૧૦ ॥ | ચન્-દ્ર-પ્રભ-પ્રભોશ્-ચન્-દ્ર-<br>મરી-ચિ-નિચ-યોજ્-જ્વલા ।<br>મૂર્-તિર્-મૂર્-ત-સિત-ધ્યાન-<br>નિર્-મિ-તેવ-શ્રિયેઽ-સ્તુ વઃ ॥૧૦॥ | ચંદ્રપ્રભસ્વામીની<br>ચંદ્રના કિરણોના સમૂહથી ઉજ્જ્વળ,<br>પ્રતિમા સાક્ષાત્ શુક્લ ધ્યાન વડે<br>બનાવી હોય તેના જેવી જ્ઞાનલક્ષ્મી માટે થાઓ તમને.૧૦. |

**અર્થ :** ચંદ્રના કિરણોના સમૂહથી ઉજ્જ્વલ, સાક્ષાત્ શુક્લ ધ્યાન વડે બનાવી હોય તેના જેવી શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા તમને જ્ઞાનલક્ષ્મી માટે થાઓ. ૧૦.

| | | |
|---|---|---|
| કરામલ-કવદ્-વિશ્વં,<br>કલયન્-કેવલ-શ્રિયા ।<br>અચિન્ત્ય-માહાત્મ્ય-નિધિઃ,<br>સુવિધિ-ર્બોધયે-સ્તુ વઃ ॥ ૧૧ ॥ | કરા-મલ-ક-વદ્-વિશ્-વમ્,<br>કલ-યન્-કેવ-લ-શ્રિયા ।<br>અચિન્-ત્ય-માહાત્-મ્ય-નિધિઃ,<br>સુવિ-ધિર્-બોધ-યે-સ્તુ વઃ ॥૧૧॥ | હાથમાં રહેલ આમળાની જેમ વિશ્વને<br>જાણનાર કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી વડે,<br>અચિન્ત્ય મહાત્મ્યના નિધાન,<br>શ્રી સુવિધિનાથ ભગવાન બોધિ<br>(સમ્યક્ત્વ) માટે થાઓ તમારા. ૧૧. |

**અર્થ :** કેવલજ્ઞાન રૂપી લક્ષ્મી વડે હાથમાં રહેલ આમળાની જેમ સમસ્ત વિશ્વને જાણનાર એવા અચિન્ત્ય માહાત્મ્યના નિધાન એવા શ્રી સુવિધિનાથ ભગવાન તમારા બોધિ (સમ્યક્ત્વ)ને માટે થાઓ. ૧૧.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| સત્ત્વાનાં પરમાનન્દ- | સત્-ત્વા-નામ્ પર-મા-નન્-દ | પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના |
| કન્દોદ્-ભેદન-વામ્બુદ: । | કન્-દોદ્-ભેદ-નવામ્-બુદ: । | અંકુરને પ્રગટ કરવામાં નવીન મેઘ સમાન, |
| સ્યાદ્વાદા-મૃત-નિસ્યન્દી, | સ્યાદ્-વાદા-મૃત-નિ-સ્યન્-દી, | સ્યાદ્વાદમત રૂપ અમૃતના ઝરણા સમાન |
| શીતલ: પાતુ વો જિન: ॥ ૧૨ ॥ | શિત-લ:-પાતુ-વો જિન: ॥૧૨॥ | શ્રી શીતલનાથ સ્વામી રક્ષણ કરો તમારું જિનેશ્વર. ૧૨. |

**અર્થ :** પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ કરવામાં નવીન મેઘ સમાન, સ્યાદ્વાદમત રૂપ અમૃતના ઝરણા સમાન શ્રી શીતલનાથ જિનેશ્વર તમારું રક્ષણ કરો. ૧૨.

| | | |
|---|---|---|
| ભવ-રોગાર્ત્ત-જન્તુના- | ભવ-રો-ગાર્ત્-ત-જન્-તૂ-ના- | સંસાર રૂપ રોગથી પીડા પામેલા જીવોને |
| મગ-દંકાર-દર્શન: । | મગ-દઙ્-કાર-દર્-શન: । | વૈદ્ય સમાન છે જેમનું દર્શન (સમ્યક્ત્વ), |
| નિ:શ્રેયસ-શ્રી-રમણ:, | નિ: શ્રે-યસ-શ્રી-રમ-ણ:, | મોક્ષ રૂપ લક્ષ્મીના સ્વામી |
| શ્રેયાંસ: શ્રેયસેડસ્તુ વ: ॥ ૧૩ ॥ | શ્રેયાન્-સ: શ્રેય-સે-ડસ્તુ વ: ॥૧૩॥ | શ્રી શ્રેયાંસનાથ સ્વામી કલ્યાણ માટે થાઓ તમારા ૧૩. |

**અર્થ :** સંસારરૂપ રોગથી પીડા પામેલા જીવોને જેમનું દર્શન (સમ્યક્ત્વ) વૈદ્ય સમાન છે તેમજ મોક્ષ રૂપ લક્ષ્મીના સ્વામી શ્રી શ્રેયાંસનાથ ભગવાન તમારા કલ્યાણ માટે થાઓ. ૧૩.

| | | |
|---|---|---|
| વિશ્વોપકાર-કીભૂત- | વિશ્-વો-પકા-ર-કી-ભૂત- | વિશ્વને ઉપકાર કરનાર |
| તીર્થકૃત્કર્મ-નિર્મિતિ: । | તીર્-થ-કૃત્-કર્-મ-નિર્-મિતિ: । | તીર્થંકર નામકર્મની ઉપાર્જના કરી છે જેમણે, |
| સુરાસુર-નરૈ: પૂજ્યો, | સુરા-સુર-નરૈ:-પૂજ્-યો, | દેવ, અસુર અને મનુષ્ય વડે પૂજવા લાયક |
| વાસુપૂજ્ય: પુનાતુ વ: ॥ ૧૪ ॥ | વાસુ-પૂજ્-ય:-પુના-તુ વ: ॥૧૪॥ | શ્રી વાસુપૂજ્ય સ્વામી પવિત્ર કરો તમને. ૧૪. |

**અર્થ :** વિશ્વ ઉપર ઉપકાર કરનારા એવા તીર્થંકર નામકર્મની ઉપાર્જના કરનાર, દેવ-અસુર-મનુષ્યો વડે પૂજવા યોગ્ય એવા શ્રી વાસુપૂજ્યસ્વામી તમને પવિત્ર કરો. ૧૪.

जैन साईट JAINSITE जयन्तु शासनम्

| | | |
|---|---|---|
| વિમલ-સ્વામિનો વાચ:, | વિમ-લ-સ્વા-મિનો વાચ:, | વિમલસ્વામિની વાણી |
| કત-ક ક્ષો-દ સો-દરા: । | કત-ક-ક્ષોદ-સોદ-રા: । | કતક ફળના ચૂર્ણ જેવી |
| જયંતિ ત્રિજગચ્-ચેતો- | જયન્-તિ ત્રિ જગચ્-ચેતો- | જય પામે છે ત્રણ જગતના ચિત્ત |
| જલનૈ-ર્મલ્ય-હેતવ: ॥ ૧૫ ॥ | જલ-નૈર્-મલ્-ય-હેત-વ: ॥૧૫॥ | રૂપ પાણી ને નિર્મળ કરવામાં હેતુરૂપ. ૧૫. |

**અર્થ :** કતક ફળના ચૂર્ણ જેવી, ત્રણ જગતના ચિત્ત રૂપી પાણીને નિર્મળ કરવા માટે હેતુ રૂપ એવા શ્રી વિમલનાથસ્વામીના વચનો જય પામે છે. ૧૫.

| | | |
|---|---|---|
| સ્વયંભૂ-રમણ-સ્પર્ધિ- | સ્વ-યમ્-ભૂ-રમ-ણ સ્પર્-ધિ- | સ્વયંભૂરમણ (છેલ્લા) સમુદ્રની હરિફાઈ કરનાર |
| કરુણા-રસ-વારિણા । | કરુ-ણા-રસ-વારિ-ણા । | કરુણારસરૂપ પાણી વડે, |
| અનંત-જિદ-નન્તાં વ:, | અનન્-ત-જિદ-નન્-તામ્ વ:, | શ્રી અનંતનાથસ્વામી અનંત તમને |
| પ્રયચ્છતુ સુખ-શ્રિયમ્ ॥ ૧૬ ॥ | પ્ર-યચ્-છતુ સુખ શ્રિયમ્ ॥૧૬॥ | આપો સુખ રૂપ લક્ષ્મી. ૧૬. |

**અર્થ :** સ્વયંભૂરમણ સમુદ્રની હરિફાઈ કરનાર, કરુણા રસ પાણી વડે શ્રી અનંતનાથસ્વામી તમને અનંતસુખ રૂપ લક્ષ્મી આપો. ૧૬.

| | | |
|---|---|---|
| કલ્પ-દ્રુમ-સધર્માણ- | કલ્-પ-દ્રુમ-સધર્-માણ- | કલ્પદ્રુમ સમાન વાંછિત |
| મિષ્ટ-પ્રાપ્તૌ શરીરિણામ્ । | મિષ્-ટ-પ્રાપ્-તૌ શરી-રિણામ્ । | ફળની પ્રાપ્તિમાં પ્રાણીઓને, |
| ચતુર્ધા-ધર્મદેષ્ટારં, | ચતુર્-ધા-ધર્-મ-દેષ્-ટારમ્, | ચાર પ્રકારે (દાન, શીલ, તપ, ભાવ) ધર્મના ઉપદેશક |
| ધર્મનાથ-મુપાસ્મહે ॥ ૧૭ ॥ | ધર્-મ-નાથ-મુ-પાસ્-મહે ॥૧૭॥ | શ્રી ધર્મનાથ સ્વામીની અમે ઉપાસના કરીએ છીએ. ૧૭. |

**અર્થ :** પ્રાણીઓને વાંછિત ફળની પ્રાપ્તિમાં કલ્પદ્રુમ સમાન, ચાર પ્રકારે ધર્મના ઉપદેશક એવા શ્રી ધર્મનાથસ્વામીની અમે ઉપાસના કરીએ છીએ. ૧૭.

| | | |
|---|---|---|
| સુધા-સોદર-વાગ્-જ્યોત્સ્ના- | સુધા-સો-દર-વાગ્-જ્યોત્-સ્ના- | અમૃત સમાન વાણી રૂપ ચંદ્રિકા વડે |
| નિર્મલી-કૃત-દિઙ્મુખ: । | નિર્-મલી-કૃત-દિઙ્-મુખ: । | નિર્મલ કર્યો છે દિશાઓનો મુખભાગ જેણે, |
| મૃગ-લક્ષ્મા-તમ:શાન્ત્યૈ, | મૃગ-લક્-ષ્મા-તમ:-શાન્-ત્યૈ, | હરણના ચિહ્નવાળા, અજ્ઞાનની શાંતિને માટે |
| શાન્તિનાથ: જિનોડસ્તુ વ: ॥ ૧૮ ॥ | શાન્-તિ-નાથ: જિનો-ડસ્તુ વ: ॥૧૮॥ | શ્રી શાંતિનાથ જિનેશ્વર થાઓ તમને. ૧૮. |

**અર્થ :** અમૃત સમાન વાણી રૂપ ચંદ્રિકા વડે નિર્મલ કર્યો છે દિશાઓનો મુખભાગ જેણે, હરણના ચિહ્નવાળા શ્રી શાંતિનાથ જિનેશ્વર તમારા અજ્ઞાનની શાંતિ માટે થાઓ. ૧૮.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| શ્રી-કુંથુ-નાથો ભગવાન્, | શ્રી-કુન્-થુ-નાથો ભગ-વાન્, | શ્રી કુંથુનાથ ભગવાન |
| સનાથો-ऽતિશય-ર્દ્ધિભિ: । | સના-થો-ऽતિશ-યર્દ્-ધિ-ભિ: । | યુક્ત અતિશય ઋદ્ધિ વડે, |
| સુરાસુર-નૃનાથાના- | સુરા-સુર-નૃ-નાથા-ના- | દેવ-અસુર-મનુષ્યોના સ્વામીના (ઇન્દ્ર, ચક્રવર્તી વગેરેના) |
| મેક-નાથોऽસ્તુ વ: શ્રિયે ॥ ૧૯ ॥ | મેક-નાથો ऽસ્તુ વ:-શ્રિયે ॥૧૯॥ | અદ્વિતીયનાથ થાઓ તમારી લક્ષ્મી માટે. ૧૯. |

**અર્થ :** અતિશય ઋદ્ધિ વડે યુક્ત, દેવ-અસુર-મનુષ્યોના સ્વામીના અદ્વિતીય નાથ એવા શ્રી કુંથુનાથ ભગવાન તમારી (કલ્યાણ રૂપી) લક્ષ્મી માટે થાઓ. ૧૯.

| | | |
|---|---|---|
| અરનાથસ્તુ ભગવાઁ- | અર-નાથ-સ્તુ ભગ-વાન્- | અરનાથ વળી ભગવાન |
| શ્ચતુર્થા-ર નભોરવિ: । | શ્ચ તુર્-થાર-નભો-રવિ: । | ચોથા આરા રૂપ આકાશમાં સૂર્ય સમાન, |
| ચતુર્થ-પુરુષાર્થ-શ્રી- | ચતુર્-થ-પુરુ-ષાર્-થ-શ્રી- | ચોથા પુરુષાર્થ (મોક્ષ) રૂપ લક્ષ્મીના |
| વિલાસં વિતનોતુ વ: ॥ ૨૦ ॥ | વિલા-સમ્-વિત-નોતુ-વ: ॥૨૦॥ | વિલાસને વિસ્તારો તમારા. ૨૦. |

**અર્થ :** ચોથા આરા રૂપી આકાશમાં સૂર્ય સમાન શ્રી અરનાથ ભગવાન વળી તમારા ચોથા પુરુષાર્થ (મોક્ષ) રૂપ લક્ષ્મીના વિલાસને વિસ્તારો. ૨૦.

| | | |
|---|---|---|
| સુરાસુર-નરા-ધીશ- | સુરા-સુર-નરા-ધીશ- | દેવ-અસુર-મનુષ્યોના સ્વામી (ઇન્દ્ર, ચક્રવર્તી વગેરે) રૂપ |
| મયૂર-નવ-વારિદમ્ । | મયૂ-ર-નવ-વારિ-દમ્ । | મોરને ઉલ્લસિત કરવા માટે નવીન મેઘ સમાન, |
| કર્મદ્રુન્મૂલને હસ્તિ- | કર્-મ-દ્રુન્-મૂલ-ને હસ્-તિ- | કર્મ રૂપ વૃક્ષને ઉખેડી નાખવામાં ઐરાવત હાથી રૂપ |
| મલ્લં મલ્લિ-મભિષ્ટુમ: ॥ ૨૧ ॥ | મલ-લમ્ મલ્-લિ મભિષ્-ટુમ: ॥૨૧॥ | શ્રી મલ્લિનાથની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૧. |

**અર્થ :** દેવ-અસુર-મનુષ્યોના સ્વામી રૂપ મોરને ઉલ્લસિત કરવા માટે નવીન મેઘ સમાન અને કર્મ રૂપ વૃક્ષને ઉખેડી નાખવામાં ઐરાવત હાથી સમાન શ્રી મલ્લિનાથની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૧.

જૈન સાઈટ
JAINSITE

| | | |
|---|---|---|
| જગન્મહા-મોહ-નિદ્રા- | જગન્-મહા-મોહ-નિદ્-રા- | જગતના લોકોની ગાઢ મોહનીય કર્મ રૂપ નિદ્રાને |
| પ્રત્યૂષ-સમયો-પમમ્ । | પ્રત્-યૂ-ષ-સમ-યો-પમમ્ । | દૂર કરવા માટે પ્રભાત સમયની ઉપમાવાળા, |
| મુનિસુવ્રત-નાથસ્ય, | મુનિ-સુ-વ્રત-નાથ-સ્ય, | મુનિસુવ્રતસ્વામીના |
| દેશના-વચનં સ્તુમ: ॥ ૨૨ ॥ | દેશ-ના-વચ-નમ્ સ્તુ-મ: ॥૨૨॥ | દેશનાના વચનની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૨. |

**અર્થ :** જગતના લોકોની ગાઢ મોહનીય કર્મ રૂપ નિદ્રા દૂર કરવા માટે પ્રભાત સમયની ઉપમાવાળા શ્રી મુનિસુવ્રતસ્વામીની દેશનાના વચનની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૨.

જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| લુઠંતો નમતાં મૂર્ધ્નિ, | લુ-ઠન્-તો-નમ-તામ્ મૂર્-ધ્નિ, | પડતા નમસ્કાર કરનારના મસ્તક ઉપર |
| નિર્મલી-કાર-કારણમ્ । | નિર્-મલી-કાર-કાર-ણમ્ । | નિર્મળ કરવાના કારણ રૂપ, |
| વારિપ્લવા ઈવ નમે:, | વારિપ્-લવા ઈવ નમે:, | જળના પ્રવાહની માફક શ્રી નમિનાથના |
| પાન્તુ પાદ-નખાંશવ: ॥ ૨૩ ॥ | પાન્-તુ-પાદ-નખાંમ્ (નખાન્) શવ: ॥૨૩॥ | રક્ષણ કરો ચરણના નખના કિરણો. ૨૩. |

**અર્થ :** નમસ્કાર કરનારના મસ્તક ઉપર પાણીના પ્રવાહની માફક પડતા અને નિર્મળ કરવાના કારણ રૂપ એવા શ્રી નમિનાથ ભગવાનના ચરણના નખના કિરણો રક્ષા કરો. ૨૩.

| | | |
|---|---|---|
| યદુવંશ-સમુન્દ્રેન્દુ:, | યદુ-વંશ (વન્-શ)-સમુ-ન્-દ્રેન્-દુ:, | યદુવંશ રૂપ સમુદ્રમાં ચંદ્ર સમાન, |
| કર્મ-કક્ષ-હુતાશન: । | કર્-મ-કક્-ષ-હુતા-શન: । | કર્મ રૂપ વન માટે અગ્નિ સમાન, |
| અરિષ્ટ-નેમિ-ર્ભગવાન્, | અરિષ્-ટ-નેમિર્-ભગ-વાન્, | શ્રી અરિષ્ટનેમિ ભગવાન |
| ભૂયાદ્ વોऽરિષ્ટ-નાશન: ॥ ૨૪ ॥ | ભૂ-યાદ્-વો-ऽરિષ્-ટ-નાશ-ન: ॥૨૪॥ | થાઓ તમારા ઉપદ્રવને નાશ કરનારા. ૨૪. |

**અર્થ :** યદુવંશ રૂપ સમુદ્રમાં ચંદ્ર સમાન, કર્મ રૂપ વનને બાળવા માટે અગ્નિ સમાન, એવા શ્રી અરિષ્ટનેમિ ભગવાન તમારા ઉપદ્રવને નાશ કરનારા થાઓ. ૨૪.

| | | |
|---|---|---|
| કમઠે ધરણેન્દ્રે ચ, | કમ-ઠે-ધર-ણેન્-દ્રે-ચ, | કમઠ તાપસ ઉપર ધરણેન્દ્ર ઉપર |
| સ્વોચિતં કર્મ કુર્વતિ । | સ્વો-ચિતમ્ કર-મ-કુર્-વતિ । | અને પોતાને ઉચિત કર્મ કરતે છતે |
| પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિ:, | પ્રભુસ્-તુલ્-ય-મનો-વૃત્-તિ:, | ભગવાન સરખી મનોવૃત્તિવાળા |
| પાર્શ્વનાથ: શ્રિયેऽસ્તુ વ: ॥ ૨૫ ॥ | પાર્-શ્વ-નાથ: શ્રિયે-ऽસ્તુ-વ: ॥૨૫॥ | શ્રી પાર્શ્વનાથ લક્ષ્મી માટે થાઓ તમારી. ૨૫. |

**અર્થ :** પોતાને ઉચિત એવા કર્મ કરનાર કમઠ ઉપર અને ધરણેન્દ્ર ઉપર સરખી મનોવૃત્તિ રાખનાર શ્રી પાર્શ્વનાથ ભગવાન તમારી જ્ઞાનલક્ષ્મી માટે થાઓ. ૨૫.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| શ્રીમતે વીર-નાથાય, | શ્રી-મતે-વીર-નાથા-ય | શ્રીમાન્ શ્રીમહાવીરસ્વામી |
| સના-થાયાદ્-ભુત-શ્રિયા । | સના-થાયાદ્-ભુત-શ્રિયા । | યુક્ત (ચોત્રીશ અતિશય રૂપ) અદ્ભુત લક્ષ્મીથી, |
| મહાનંદ-સરોરાજ- | મહા-નન્-દ-સરો-રાજ- | મહાઆનંદ રૂપ સરોવર વિષે રાજહંસ |
| મરા-લાયાર્હતે નમઃ ॥ ૨૬ ॥ | મરા-લાયાર્-હતે-નમઃ ॥૨૬॥ | સમાન અરિહંતને નમસ્કાર થાઓ. ૨૬. |

**અર્થ :** ચોત્રીશ અતિશય રૂપ અદ્ભુત લક્ષ્મીથી યુક્ત, મહા આનંદ રૂપ સરોવરને વિષે રાજહંસ સમાન, શ્રીમાન્ મહાવીર સ્વામી અરિહંતને નમસ્કાર થાઓ. ૨૬.

| | | |
|---|---|---|
| કૃતા-પરાધેડપિ જને, | કૃતા-પરા-ધેડપિ જને, | કરેલો છે અપરાધ જેણે એવા પણ માણસ |
| કૃપા-મંથર-તારયોઃ । | કૃપા-મન્-થર-તાર-યોઃ । | ઉપર દયા વડે નમેલી છે આંખની બે કીકીઓ જેની, |
| ઈષદ્-બાષ્પાર્દ્રયો-ર્ભદ્રં, | ઈષદ્-બાષ્-પાર્-દ્ર-યોર્-ભદ્રમ્, | થોડા અશ્રુથી ભીંજાયેલાં કલ્યાણ થાઓ |
| શ્રી-વીરજિન-નેત્રયોઃ ॥ ૨૭ ॥ | શ્રી-વીર-જિન-નેત્ર-યોઃ ॥૨૭॥ | શ્રી વીરજિનેશ્વરનાં બે નેત્રોનું. ૨૭. |

**અર્થ :** અપરાધ કરનાર માણસ ઉપર પણ દયા વડે નમેલી છે બે કીકીઓ જેની અને થોડા અશ્રુથી ભીંજાયેલાં એવા શ્રી વીરજિનેશ્વરના બે નેત્રો તમારું કલ્યાણ કરનારા થાઓ. ૨૭.

| | | |
|---|---|---|
| જયતિ વિજિ-તાન્ય-તેજાઃ, | જય-તિ-વિજિ-તાન્-ય-તેજાઃ, | જય પામે છે વિશેષ પ્રકારે જીત્યા છે અન્યના તેજને જેણે |
| સુરા-સુરાધીશ-સેવિતઃ શ્રીમાન્ । | સુરા-સુરા-ધીશ સેવિ-તઃ શ્રી-માન્ । | દેવ-દાનવના સ્વામી વડે સેવાયેલા, |
| | | કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીવાળી |
| વિમલસ્ત્રાસ-વિરહિત- | વિમ-લસ્-ત્રાસ-વિર-હિત- | નિર્મળ, વિશેષ પ્રકારે ભયથી રહિત, |
| સ્ત્રિ-ભુવન-ચૂડામણિ- | સ્ત્રિ-ભુવ-ન-ચૂડા-મણિર્- | ત્રણ ભુવનમાં મુકુટ સમાન |
| ર્ભગવાન્ ॥ ૨૮ ॥ | ભગ-વાન્ ॥૨૮॥ | ભગવાન. ૨૮. |

**અર્થ :** વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનારા, દેવ-દાનવના સ્વામી વડે સેવાયેલા, કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીવાળા, નિર્મળ, વિશેષ પ્રકારે ભયથી રહિત, ત્રણ ભુવનમાં મુકુટ સમાન (શ્રી વીરસ્વામી) ભગવંત જય પામે છે. ૨૮.

जैन साईट JAINSITE

### છંદ : શાર્દૂલ-વિક્રીડિત; ★ રાગ-સ્નાતસ્યા પ્રતિમસ્ય.... (ગાથા-૧)

| | | |
|---|---|---|
| વીરઃ સર્વ-સુરા-સુરેન્દ્ર-મહિતો- | વીરઃ-સર્-વ-સુરા | શ્રી વીરસ્વામી સર્વ દેવ અને |
| | -સુરેન્-દ્ર-મહિ-તો- | દાનવોના ઇન્દ્રો વડે પૂજાયેલા |
| વીરં બુધાઃ સંશ્રિતાઃ, | વીરમ્ બુધાઃ સં (સમ્)-શ્રિતાઃ, | શ્રી વીરસ્વામીને પંડિતો આશ્રય કરીને રહેલા છે, |
| વીરે-ણાભિ-હતઃ સ્વ-કર્મ-નિચયો- | વિરે-ણા-ભિ-હતઃ- | શ્રી વીર વડે હણાયો છે પોતાના કર્મનો સમૂહ, |
| | સ્વ-કર્-મ-નિચ-યો- | |
| વીરાય નિત્યં નમઃ । | વીરા-ય નિત્-યમ્ નમઃ । | શ્રી વીરને હંમેશા નમસ્કાર થાઓ, |
| વીરાત્તીર્થ-મિદં | વીરાત્-તીર્-થ-મિદમ્ | શ્રી વીરપરમાત્માથી તીર્થ આ પ્રવર્ત્યું છે, |
| પ્રવૃત્ત-મતુલં- | પ્રવૃત્-ત-મતુ-લમ્- | |
| વીરસ્ય ઘોરં તપો, | વી-રસ્ય-ઘોરમ્ તપો, | તુલના ન થઈ શકે તેવું શ્રી વીર પરમાત્માનું ઘોર તપ છેં |
| વીરે શ્રી-ધૃતિ-કીર્તિ- | વીરે શ્રી-ધૃતિ-કીર્-તિ- | શ્રી વીર પરમાત્મામાં લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને |
| કાંતિ-નિચયઃ- | કાન્-તિ-નિચ-યઃ- | કાંતિનો સમૂહ છે, |
| શ્રી વીર ! ભદ્રં દિશ ॥ ૨૯ ॥ | શ્રી-વીર ભદ્રમ્ દિશ ॥૨૯॥ | હે શ્રી વીર ! કલ્યાણને આપો. ૨૯. |

**અર્થ :** શ્રી વીરસ્વામી દેવ-દાનવોના ઇન્દ્રો વડે પૂજાયેલા છે, પંડિતો શ્રી વીરસ્વામીને આશ્રય કરીને રહેલા છે, પોતાના કર્મનો સમૂહ શ્રી વીર વડે હણાયો છે, શ્રી વીરને હંમેશાં નમસ્કાર થાઓ. શ્રી વીર પરમાત્માથી ઘોર તપ તપાયો છે, શ્રી વીરસ્વામીમાં લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાંતિનો સમૂહ છે. હે શ્રી વીર ! અમને કલ્યાણ આપો. ૨૯.

### છંદ : માલિની; રાગ : સકલ-કુશલ-વલ્લી....(ચૈત્યવંદન)

| | | |
|---|---|---|
| અવનિતલ-ગતાનાં- | અવ-નિ-તલ-ગતા-નામ્- | પૃથ્વીતલ ઉપર રહેલા, |
| કૃત્રિમા-કૃત્રિમાનાં, | કૃત્રિ-મા-કૃત્રિ-માણામ્, | અશાશ્વત અને શાશ્વત, |
| વર-ભવન-ગતાનાં- | વર-ભવ-ન-ગતા-નામ્ | શ્રેષ્ઠ ભવનમાં (ભવનપતિ આદિમાં) રહેલાં |
| દિવ્ય-વૈમાનિ-કાનામ્ । | દિવ્-ય-વૈમા-નિકા-નામ્ । | દેવલોક સંબંધ વૈમાનિકમાં રહેલા, |
| ઇહ-મનુજ-કૃતાનાં- | ઇહ મનુ-જ-કૃતા-નામ્- | અહીં લોકમાં મનુષ્યોએ કરેલા, |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| દેવ-રાજાડર્ચિતાનાં, | દેવ-રાજાડર્-ચિતા-નામ્, | દેવતાઓના રાજાઓએ પૂજેલ |
| જિનવર-ભવનાનાં- | જિન-વર-ભવ-ના-નામ્- | જિનેશ્વરનાં શ્રેષ્ઠ |
| ભાવતોડહં નમામિ॥ ૩૦ ॥ | ભાવ-તો-ડહમ્ નમા-મિ ॥૩૦॥ | ચૈત્યોને ભાવથી હું નમું છું. ૩૦. |

**અર્થ :** પૃથ્વીતલ ઉપર રહેલા, આશાશ્વત અને શાશ્વત રૂપે, શ્રેષ્ઠ ભવનપતિના આવાસોમાં રહેલા, દિવ્ય વિમાનોમાં રહેલા, આ લોકમાં મનુષ્યો કરેલા, દેવતાઓના રાજાઓએ પૂજેલ એવા જિનેશ્વરના ચૈત્યોને હું ભાવથી નમું છું. ૩૦.

## છંદ : અનુષ્ટુપ; ★ રાગ-દર્શન દેવ દેવસ્ય.... (જિન-સ્તુતિ)

| | | |
|---|---|---|
| સર્વેષાં વેધ-સામાધ- | સર્-વે-ષામ્ વેધ-સામાદ્-ય | સર્વ જ્ઞાતાઓમાં પ્રથમ, |
| માદિમં પરમેષ્ઠિનામ્ । | માદિ-મમ્-પર-મેષ્-ઠિ-નામ્ । | પ્રથમપરમેષ્ઠિઓમાં, |
| દેવાધિદેવં સર્વજ્ઞં, | દેવા-ધિ-દેવમ્ સર્-વ-જ્ઞમ્, | દેવોના દેવ, સર્વજ્ઞ, |
| શ્રી વીરં પ્રણિદધ્મહે ॥ ૩૧ ॥ | શ્રી-વીરમ્ પ્રણિ-દધ્-મહે ॥૩૧॥ | શ્રી વીરસ્વામીનું અમે ધ્યાન કરીએ છીએ. ૩૧. |

**અર્થ :** સર્વ જ્ઞાતાઓમાં પ્રથમ, પરમેષ્ઠિઓમાં પ્રથમ, દેવોના દેવ એવા શ્રી મહાવીર સ્વામીનું અમે ધ્યાન કરીએ છીએ. ૩૧.

## છંદ : શાર્દૂલ-વિક્રીત; ★ રાગ-સ્નાતસ્ય પ્રતિમસ્ય.... (ગાથા-૧-૨)

| | | |
|---|---|---|
| દેવોડનેક-ભવા-ર્જિતો-ર્જિતમહા- | દેવો-નેક-ભ-વાર્-જિતોર્-જિત-મહા- | દેવ અનેક ભવોમાં ઉપાર્જન કરેલા ઘણા મોટા |
| પાપ-પ્રદીપા-નલો, | પાપ-પ્રદી-પા-નલો, | પાપોને સળગાવવા માટે અગ્નિ સમાન, |
| દેવ: સિદ્ધિ-વધૂ-વિશાલ-હૃદયા- | દેવ:-સિદ્-ધિ-વધૂ-વિશા-લ-હૃદ-યા- | જે દેવ સિદ્ધિ રૂપ વહુના વિશાલ હૃદયને |
| લંકાર-હારોપમ: । | લઙ્-કાર-હારો-પમ: । | અલંકૃત કરવા માટે હાર સમાન છે, |
| દેવોડષ્ટા-દશ-દોષ-સિન્ધુર-ઘટા- | દેવોષ્-ટા-દશ-દોષ-સિન્-ધુર-ઘટા- | જે દેવ અઢાર દોષ રૂપ હાથીના |
| નિર્ભેદ-પંચાનનો, | નિર્-ભેદ-પઞ્-(પન્)-ચા-નનો, | સમૂહને ભેદવામાં સિંહ સમાન છે, |
| ભવ્યાનાં વિદધાતુ | ભવ્-યા-નામ્-વિદ-ધાતુ- | ભવ્ય જીવોને આપો |
| વાંછિત ફલં- | વાઞ્-(વાન્)છિત-ફલમ્- | વાછિંતફળને |
| શ્રી-વીતરાગો જિન: ॥ ૩૨ ॥ | શ્રી-વીત-રાગો-જિન: ॥૩૨॥ | શ્રી વીતરાગ જિનેશ્વર. ૩૨. |

**અર્થ :** જે દેવ અનેક ભવમાં ભેગા કરેલા ઘણા મોટા પાપોને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે, જે દેવ સિદ્ધિ રૂપ વધૂના વિશાલ હૃદયને અલંકૃત કરવા માટે હાર સમાન છે, જે દેવ અઢાર દોષ રૂપ હાથીના સમૂહને ભેદવામાં સિંહ સમાન છે, તેવા શ્રી વીતરાગ જિનેશ્વર ભવ્યજીવોના વાંછિત ફલને આપો. ૩૨.

## છંદ : શાર્દૂલ-વિક્રીડિત; ★ રાગ : સ્નાતસ્યા પ્રતિમસ્ય.... (ગાથા-૧-૨)

| | | |
|---|---|---|
| ખ્યાતોડષ્ટા-પદ-પર્વતો- | ખ્યા-તો-ષ્ટા-પદ-પર્-વતો- | પ્રસિદ્ધ અષ્ટાપદ પર્વત, ગજપદ પર્વત, |
| ગજપદ: સંમેત-શૈલાભિધ:, | ગજ-પદ:-સમ્-મેત-શૈલા ભિધ:, | સંમેતશિખર નામે પર્વત, |
| શ્રીમાન્ રૈવતક: પ્રસિદ્ધ-મહિમા- | શ્રી-માન્ રૈવ-ત-ક: પ્રસિદ્-ધ-મહિ-મા- | શ્રીમાન્ ગિરનાર પર્વત, પ્રગટ મહિમાવાળો, |
| શત્રુંજયો મંડપ: । | શત્-રુઞ્ (રુન્)-જયો-મણ્-ડપ: । | શત્રુંજય પર્વત માંડવગઢ, |
| વૈભાર: કનકાચલો-ડર્બુદ-ગિરિ: | વૈભા-ર: કન-કા-ચલોર્-બુદ-ગિરિ: | વૈભારગિરિ, સુવર્ણગિરિ, આબુ પર્વત, |
| શ્રી-ચિત્ર-કૂટાદય, | શ્રી-ચિત્ર-કૂટા-દય, | શ્રી ચિત્રકૂટ (ચિતોડ) વગેરે, |
| સ્તત્ર શ્રી-ઋષભાદયો જિનવરા: | સ્ત-ત્ર શ્રી-ઋષ-ભા-દયો જિન-વરા:- | ત્યાં શ્રી ઋષભદેવ વગેરે જિનેશ્વરો |
| કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૩૩ ॥ | કુર્-વન્-તુ વો-મઙ્-ગ-લમ્ ॥૩૩॥ | તમારું મંગલ કરો. ૩૩. |

**અર્થ :** પ્રસિદ્ધ અષ્ટાપદ પર્વત, ગજપદ પર્વત, સંમેતશિખર નામે પર્વત, શ્રીમાન ગિરનાર પર્વત, પ્રસિદ્ધ માહાત્મ્યવાળો શત્રુંજય પર્વત, માંડવગઢ, વૈભારગિરિ, સુવર્ણગિરિ, આબુ પર્વત, શ્રી ચિતોડ વગેરે ત્યાં શ્રી ઋષભાદિ જિનેશ્વરો છે, તે તમારું મંગલ કરો. ૩૩

## ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચાર સામે શુદ્ધ ઉચ્ચારણનો કોષ્ટક

| અશુદ્ધ | શુદ્ધ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| સકલારત્ | સકલાર્હત્ | નિર્મલીકારકારિણમ્ | નિર્મલીકારકારણમ્ |
| આદિમં પૃથવીનાથ | આદિમં પૃથિવીનાથ | કમઠે ધરણેન્દ્રેગ્ચ | કમઠે ધરણેન્દ્રે ચ |
| ધ્યુસત્કિરીટ | ધુસત્કિરીટ | બાષ્પાદ્રયોભદ્રં | બાષ્પાર્દ્રયોર્ભદ્રં |
| શાણાગ્રોતેજિતાંઘ્રિ | શાણાગ્રોતેજિતાંઘ્રિ | કુત્રિમાકુત્રિમાનાં | કૃત્રિમાકૃત્રિમાનાં |
| મૂર્તિ મૂર્તિસિતધ્યાન | મૂર્તિર્મૂર્તસિતધ્યાન | વિશાલહ્દયા | વિશાલહૃદયા |



JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પુરુષો માટે
પ્રતિક્રમણ વખતે
બોલતી વેળાની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

# ૫૫ 'શ્રી સંતિકરં સ્તવન' સૂત્ર

| | |
|---|---|
| આદાન નામ | : શ્રી સંતિકરં સ્તોત્ર |
| ગૌણ નામ | : શ્રી શાંતિનાથ સ્તવન |
| ગાથા | : ૧૩ |
| પદ | : ૫૨ |
| સંપદા | : ૫૨ |

**વિષય :**
શાસન રક્ષક દેવ-દેવીઓના સ્મરણ સાથે શ્રી શાંતિનાથની ભાવવાહી સ્તવના.

જૈન સાઇટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

છંદ :- ગાહા - ★ રાગ : જિણજમ્મસમયે મેરુ સિહરે... (સ્નાત્ર પૂજા)
(રચનાની ભાષા-અર્ધમાગધી-(પ્રાકૃત)

| મુળસૂત્ર | ઉચ્ચારણમાં સહાયક | પદક્રમાનુસારી અર્થ |
|---|---|---|
| સંતિકરં સંતિજિણં,<br>જગ-સરણં જય-સિરીઈ-દાયારં ।<br>સમરામિભત્ત-પાલગ-<br>નિવ્વાણી-ગરુડ-કય-સેવં ॥૧॥ | સન્-તિ કરમ્ સન્-તિ-જિણમ્<br>જગ-સરણમ્-જય-સિરીઈ-દાયા-રમ્ ।<br>સમરા-મિભત્-ત-પાલગ-<br>નિવ્-વાણી-ગરુડ-કય-સેવમ્ ॥૧॥ | શાંતિ કરનારા, શાંતિનાથ ભગવાનને,<br>જગતના જીવોને શરણરૂપ<br>જય અને શ્રી ને (લક્ષ્મીને) આપનારને,<br>સ્મરણ કરું છું ભક્તોનું પાલન કરનારા<br>નિર્વાણી દેવી તથા ગરુડ યક્ષ વડે ૧. |

**અર્થ :** જેઓ (ઉપદ્રવોને નાશ કરીને) શાંતિ કરનારા છે, જગતના જીવોને શરણરૂપ (આધાર રૂપ) છે, જય અને લક્ષ્મીને આપનારા છે તથા ભક્તોનું પાલન કરવા સમર્થ એવી નિર્વાણીદેવી તથા ગરુડ યક્ષ વડે સેવાયેલા છે એવા શ્રી શાંતિનાથ ભગવાનનું હું સ્મરણ કરું છું. ૧.

| | | |
|---|---|---|
| ૐ સ નમો વિપ્પો-સહિ-<br>પત્તાણં સંતિ સામિ-પાયાણં ।<br>ઝ્રૌં સ્વાહા-મંતેણં,<br>સવ્વા-સિવ-દુરિઅ-હરણાણં ॥૨॥ | ૐ સ-નમો વિપ્-પો-સહિ-<br>પત્-તાણં સન્-તિ-સામિ-પાયા-ણમ્ ।<br>ઝ્રૌમ્ સ્વાહા-મન્-તેણમ્,<br>સવ્-વા-સિવ-દુરિઅ-હરણા-ણમ્ ॥૨॥ | ૐ નમઃ સંયુક્ત, વિપ્રુડૌષધિ નામની લબ્ધિ<br>પ્રાપ્ત કરનારને, શ્રી શાંતિનાથ ભગવાનને પૂજ્ય,<br>ઝ્રૌં સ્વાહાવાળા મંત્રો વડે (મંત્રાધિષ્ઠ થયેલ)<br>સર્વ ઉપદ્રવ અને પાપ હરણ કરવા સમર્થ. ૨. |
| ૐ સંતિ નમુક્કારો,<br>ખેલોસહિ-માઈ-લદ્ધિ-પત્તાણં ।<br>સૌં હ્રીઁ નમો સવ્વોસહિ-<br>પત્તાણં ચ દેઈ સિરિં ॥૩॥ | ૐ સન્-તિ નમુ-ક્-કારો,<br>ખેલો-સહિ-માઈ-લદ્-ધિ-પત્-તાણમ્ ।<br>સૌમ્-હ્રીમ્ નમો સવ્-વો-સહિ,<br>પત્-તાણમ્ ચ દેઈ સિરિમ્ ॥૩॥ | ૐ મંત્ર વડે શ્રી શાંતિનાથને (કરાયેલો) નમસ્કાર<br>શ્લેષ્મૌષધ્યાદિક લબ્ધિ પામેલાને,<br>સૌં હ્રીં નમઃ એ મંત્ર સર્વૌષધિ નામક લબ્ધિ<br>પ્રાપ્ત કરનારને અને આપે છે શ્રી ને. ૩. |

**અર્થ :** વિપ્રુડૌષધિ (જે લબ્ધિના પ્રભાવે, વિષ્ટા રોગને શમાવનારી થાય છે) શ્લોષ્મૌષધિ (કફ આદિ ઔષધિરૂપ હોય) સર્વૌષધિ(જેના શરીરના સર્વ પદાર્થો ઔષધિરૂપ હોય) આદિ લબ્ધિઓને પામેલા તથા સર્વ ઉપદ્રવને દૂર કરનારા, એવા શ્રી શાંતિનાથ ભગવાનને 'ૐ નમઃ', 'ઝ્રૌં સ્વાહા' તથા 'સૌં હ્રીં નમઃ' આવા મંત્રાક્ષરોપૂર્વક નમસ્કાર હો. શ્રી શાંતિનાથ ભગવાનને કરાયેલો નમસ્કાર લક્ષ્મીને આપે છે. ૨-૩.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



| | | |
|---|---|---|
| વાણી-તિહુઅણ-સામિણિ,<br>સિરિદેવી-જક્ખરાય-ગણિ-પિડગા ।<br>ગહ-દિસિ-પાલ-સુરિંદા,<br>સયા-વિ રક્ખંતુ જિણભત્તે ॥૪॥ | વાણી-તિહુઅણ-સામિણિ,<br>સિરિદેવી-જક્-ખ-રાય ગણિ-પિડગા ।<br>ગહ-દિસિ-પાલ-સુરિન્-દા,<br>સયા વિ રક્-ખન્-તુ જિણ-ભત્-તે ॥૪॥ | સરસ્વતી, ત્રણ ભુવનની સ્વામિની,<br>શ્રી દેવી, યક્ષરાજ ગણિપિટક,<br>ગ્રહો, દિક્પાલો, દેવેન્દ્રો,<br>નિરંતર-સદા માટે પણ રક્ષણ<br>કરો જિન-ભક્તોનું. ૪. |

**અર્થ :** સરસ્વતી, ત્રણ ભુવનની સ્વામિની (ત્રિભુવન સ્વામિની), શ્રી દેવી, યક્ષરાજ ગણિપિટક, ગ્રહો, દિક્પાલો, દેવેન્દ્રો નિરંતર-નિત્ય (સદા કાળ માટે) જિનેશ્વર ભગવંતોના ભક્તોનું રક્ષણ કરો. ૪.

| | | |
|---|---|---|
| રક્ખંતુ મમ રોહિણી-<br>પન્નતી વજ્જસિંખલા ય સયા ।<br>વજ્જં-કુસિ ચક્કેસરિ-<br>નરદત્તા-કાલિ-મહાકાલી ॥૫॥ | રક્-ખન્-તુ મમ રોહિણી-<br>પન્-નતી વજ્-જ્-સિઙ્-ખલા ય સયા ।<br>વજ્-જઙ્-કુસિ ચક્-કે સરિ-<br>નર-દત્-તા કાલિ-મહા-કાલી ॥૫॥ | રક્ષણ કરો મારું રોહિણી,<br>પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા અને સદા માટે,<br>વજ્રાંકુશી, ચક્રેશ્વરી,<br>નરદત્તા, કાલી, મહાકાલી. ૫. |

**અર્થ :** રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી અને મહાકાલી મારું સદા માટે રક્ષણ કરો. ૫.

| | | |
|---|---|---|
| ગોરી તહ ગંધારી,<br>મહજાલા માણવી અ વઈરુટ્ટા ।<br>અચ્છુત્તા માણસિઆ,<br>મહામાણસિયા ઉ દેવીઓ ॥૬॥ | ગોરી તહ ગન્-ધા-રી,<br>મહજાલા માણવી અ વઈ-રુટ્-ટા ।<br>અચ્-છુત્-તા માણ સિઆ,<br>મહા-માણ-સિઆ-ઉ-દેવીઓ ॥૬॥ | ગૌરી તથા ગાંધારી<br>મહાજ્વાલા, માનવી અને વૈરોટ્યા<br>અચ્છુપ્તા, માનસી,<br>મહામાનસી વળી વિદ્યાદેવીઓ. ૬. |

**અર્થ :** વળી ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા તેવી જ રીતે અચ્છુપ્તા, માનસી, મહામાનસી એ સોળ વિદ્યાદેવીઓ. ૬.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| જક્ખા ગોમુહ-મહજક્ખ-<br>તિમુહ-જક્ખેસ-તુંબરુ કુસુમો ।<br>માયંગ-વિજય-અજિઆ,<br>બંભો મણુઓ સુરકુમારો ॥૭॥ | જક્-ખા ગો-મુહ મહ-જક્-ખ-<br>તિ-મુહ-જક્-ખેસ તુમ્-બરુ કુસુમો ।<br>માયઙ્-ગ વિજય અજિઆ,<br>બમ્-ભો મણુ-ઓ સુર-કુમારો ॥૭॥ | યક્ષો, ગોમુખ, મહાયક્ષ,<br>ત્રિમુખ, યક્ષેશ અને તુંબરું, કુસુમ,<br>માતંગ, વિજય અને અજિત,<br>બ્રહ્મયક્ષ, મનુજ, સુરકુમારો. ૭. |

**અર્થ :** તેમજ એવા યક્ષ જેમકે ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તુંબરું, કુસુમ, માતંગ, વિજય, અજિત, બ્રહ્મયક્ષ, મનુજ અને સુરકુમાર. ૭.

| | | |
|---|---|---|
| છમ્મુહ પયાલ કિન્નર,<br>ગરુલો ગંધવ્વ તહ ય જક્ખિંદો ।<br>કૂબેર વરુણો ભિઉડી,<br>ગોમેહો પાસ માયંગા ॥૮॥ | છમ્-મુહ પ-યાલ કિન્-નર,<br>ગરુ-લો ગન્-ધવ્-વ તહ-ય-જક્-ખિન્-દો ।<br>કૂ-બેર વરુ-ણો ભિ-ઉડી,<br>ગો-મેહો પાસ-માયઙ્-ગા ॥૮॥ | ષણમુખ, પાતાલ, કિન્નર,<br>ગરુડ, ગંધર્વ તેજ રીતે યક્ષેંદ્ર,<br>કુબેર, વરુણ, ભૃકુટિ,<br>ગોમેધ, પાર્શ્વ અને માતંગ, ૮. |

**અર્થ :** ષણમુખ (છ મુખવાળો) પાતાલ, કિન્નર, ગરુડ, ગંધર્વ તેજ રીતે યક્ષેંદ્ર વળી કુબેર, વરુણ, ભૃકુટિ, ગોમેધ, પાર્શ્વ અને માતંગ આ પ્રકારે ચોવીશ યક્ષો. ૮.

| | | |
|---|---|---|
| દેવીઓ ચક્કેસરિ-અજિઆ-<br>દુરિઆરિ-કાલિ-મહાકાલિ ।<br>અચ્ચુઅ-સંતા-જાલા,<br>સુતારયા-સોય-સિરિવચ્છા ॥૯॥ | દેવી-ઓ ચક્-કેસરિ અજિ-આ-<br>દુરિ-આરિ કાલિ મહા-કાલી ।<br>અચ્-ચુઅ સન્-તા જાલા,<br>સુતા-રયા-સોય-સિરિ-વચ્-છા ॥૯॥ | દેવીઓ ચક્રેશ્વરી, અજિઆ<br>દુરિતારિ, કાલી, મહાકાલી,<br>અચ્યુતા, શાંતા, જ્વાલા,<br>સુતારકા, અશોકા, શ્રીવત્સા. ૯. |

**અર્થ :** ચક્રેશ્વરી, વિજયા, દુરિતારી, કાલી, મહાકાલી, અચ્યુતા, શાંતા, જ્વાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા દેવીઓ. ૯.



www.jainsite.com For Private & Personal Use Only jainsite.com



| | | |
|---|---|---|
| ચંડા વિજયં-કુસિ, | ચણ્-ડા વિ-જયઙ્-કુસિ, | ચંડા, વિજયા, અંકુશા, |
| પન્નઈત્તિ નિવ્વાણી- | પન્-ન-ઈત્-તિ-નિવ્-વાણી- | પન્નગા, નિર્વાણી |
| અચ્ચુઆ ધરણી । | અચ્-ચુઆ ધર-ણી । | અચ્યુતા (બલા) ધારિણી, |
| વઈરુટ્ટ છુત્ત ગંધારિ, | વઈ-રુટ્-ટ છુત્-ત ગન્-ધારિ, | વૈરુટ્યા, અચ્છુપ્તા, ગાંધારી, અંબા, |
| અંબ પઉમાવઈ સિદ્ધા ॥૧૦॥ | અમ્-બ પઉ-મા-વઈ સિદ્-ધા ॥૧૦॥ | પદ્માવતી, સિદ્ધાચિકા. ૧૦ |

**અર્થ :** ચંડા, વિજયા, અંકુશા, પ્રજ્ઞપ્તિ, નિર્વાણી, અચ્યુતા, ધારિણી, વૈરોટ્યા, અચ્છુપ્તા, ગાંધારી, અંબા, પદ્માવતી, સિદ્ધાચિકા (આ ૨૪ યક્ષિણી છે) ૧૦.

| | | |
|---|---|---|
| ઈઅ તિત્થ-રક્ખણ-રયા, | ઇઅ-તિત્-થ-રક્-ખણ-ર-યા, | એ પ્રકારે તીર્થ (ચતુર્વિધ શ્રીસંઘ)ની રક્ષામાં તત્પર |
| અન્ને વિ સુરાસુરી ય ચઉહાવિ । | અન્-ને-વિ સુરા-સુરી ય ચઉ-હા-વિ । | અને બીજા પણ દેવ-દેવીઓ તથા પ્રકારના પણ, |
| વંતર જોઈણિ પમુહા, | વન્-તર-જોઈ-ણિ-પમુ-હા, | વ્યંતર અને યોગિની વગેરે |
| કુણંતુ રક્ખં સયા અમ્હં ॥૧૧॥ | કુ-ણન્-તુ રક્-ખમ્-સયા અમ્-હમ્ ॥૧૧॥ | કરો રક્ષણ હંમેશાં અમારું. ૧૧. |

**અર્થ :** એ પ્રકારે ચતુર્વિધ શ્રી સંઘરૂપ તીર્થની રક્ષામાં તત્પર એવા પૂર્વોક્ત યક્ષ અને યક્ષિણી અને બીજા પણ ચારે ય પ્રકારના દેવ-દેવીઓ તથા વ્યંતર અને યોગિની વગેરે અમારું હંમેશાં રક્ષણ કરો. ૧૧.

| | | |
|---|---|---|
| એવં સુદિટ્ઠિ-સુરગણ- | એવમ્ સુ-દિટ્-ઠિ-સુર-ગણ- | એ પ્રકારે સમ્યગ્દષ્ટિ દેવોના સમૂહથી |
| સહિઓ સંઘસ્સ સંતિ-જિણચંદો । | સહિઓ સઙ્-ઘસ્-સ સન્-તિ-જિણ-ચન્-દો । | સહિત સંઘની શ્રી શાંતિ જિનચંદ્ર, |
| મજ્ઝવિ કરેઉ રક્ખં, | મજ્-ઝ વિ કરે-ઉ રક્-ખમ્, | મારું પણ કરો રક્ષણ મુનિઓમાં પ્રધાન |
| મુણિસુંદર-સૂરિ થુઅ-મહિમા ॥૧૨॥ | મુણિ-સુન્-દર-સૂરિ થુઅ-મહિમા ॥૧૨॥ | શ્રુતકેવલીઓએ સ્તવ્યો છે મહિમા જેનો ૧૨. |


**અર્થ :** એ રીતે સમ્યગ્દૃષ્ટિ દેવોના સમૂહ સહિત એવા (અને) મુનિસુંદર સૂરિ દ્વારા સ્તવાયેલા મહિમાવાળા જેનો એવા શ્રી શાંતિજિનચંદ્ર સંઘનું અને મારું પણ રક્ષણ કરો. ૧૨.

| | | |
|---|---|---|
| ઈઅ સંતિનાહ સમ્મ-દિટ્ઠિ- | ઇઅ સન્-તિ-નાહ સમ્-મ-દિટ્-ઠિ- | આ પ્રમાણે શાંતિનાથની સમ્યગ્દષ્ટિ |
| રક્ખં સરઈ તિકાલં જો । | રક્-ખમ્ સર-ઈ તિકા-લમ્ જો । | મનુષ્ય રક્ષાને સ્મરણ કરે છે ત્રણે કાળે જે, |
| સવ્વો-વદ્દવ-રહિઓ, | સવ્-વો-વદ્-દવ-રહિઓ | સર્વ ઉપદ્રવથી રહિત થયેલો |
| સ લહઈ સુહ-સંપયં પરમં ॥૧૩॥ | સ લહ-ઈ સુહ-સમ્-પયમ્ પર-મમ્ ॥૧૩॥ | તે પામે છે સુખસંપદાને ઉત્કૃષ્ટ. ૧૩. |

**ઉપયોગના અભાવે થતાં**
**અશુદ્ધ ઉચ્ચાર સામે શુદ્ધ ઉચ્ચારણનું કોષ્ટક**

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ખેલોસઇમાઇ | ખેલોસહિમાઇ |
| પત્તાણં ચ દેઈ સિરિ | પત્તાણં ચ દેઈ સિરિં |
| ઇહ તિત્થરક્ખણરયા | ઇઅ તિત્થરક્ખણરયા |
| સોં રીં | સૌં હ્રીઁ |
| મહજ્વાલા માણવી અ | મહજાલા માણવી અ |
| વ્યન્તર જોઇણિ પમુહા | વંતર જોઇણિ પમુહા |
| ઇહ સંતિ-નાહ સમ્મદિટ્ઠિ | ઇઅ સંતિ-નાહ સમ્મદિટ્ઠિ |

**અર્થ :** એ પ્રકારે જે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય શાંતિનાથની રક્ષાને ત્રણે કાળે જે સ્મરણ કરે છે તે સર્વ ઉપદ્રવથી રહિત થઈને ઉત્કૃષ્ટ સુખસંપદાને પામે છે. ૧૩.





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





# ૫૬ 'શ્રી અજિત-શાંતિ સ્તવન'



પુરૂષો માટે
પ્રતિક્રમણ વખતે
બોલતી વેળાની મુદ્રા.



અપવાદિક મુદ્રા.

| | | |
|---|---|---|
| આદાન નામ | : | અજિત-શાંતિ સ્તવઃ |
| ગૌણ નામ | : | અજિતનાથ-શાંતિનાથ સ્તવના |
| ગાથા | : | ૪૦ |

**વિષય :**
શત્રુંજય પર શ્રી અજિતનાથ અને શાંતિનાથ ભગવાનની કરેલી વિવિધ છંદોમાં સ્તવના.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

(રચનાની ભાષા : અર્ધ માગધી - પ્રાકૃત)

છંદ : દરેક ગાથામાં વિવિધ છંદોનો સમાવેશ, ★ રાગ-શાસ્ત્રીયરાગજ્ઞ પાસે જાણી લેવું.

| | | |
|---|---|---|
| અજિઅં જિઅ-સવ્વ-ભયં, | અજિ-અમ્ જિઅ-સવ્-વ-ભયમ્, | શ્રી અજિતનાથને, જીત્યા છે સર્વ ભય જેમણે, |
| સંતિં ચ- | સન્-તિમ્ ચ- | શ્રી શાંતિનાથને અને |
| સોમ-યમ-વરુણ-કુબેર- | સોમ-યમ-વરૂ-ણ-કુ-બેર- | સોમ, યમ, વરુણ, કુબેર, |
| વાસવાદિત્ય-સ્કન્દ- | વાસ-વા-દિત્-ય-સ્કન્-દ- | ઇંદ્ર, બાર સંક્રાંતિના સૂર્ય, |
| વિનાયકોપેતા- | વિ-નાય-કો-પેતા- | કાર્તિકેય, ગણેશ સહિત |
| યે ચાન્યેડપિ- | યે ચાન્-યે-પિ- | જે બીજા પણ, |
| ગ્રામ-નગર-ક્ષેત્ર-દેવતા-દયસ્તે- | ગ્રામ-નગ-ર-ક્ષેત્ર-દેવ-તા-દયસ્-તે- | ગામ, નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો |
| સર્વે પ્રીયંતાં પ્રીયંતાં- | સર્-વે પ્રીયન્-તામ્ પ્રીયન્ તામ્- | વગેરે તે સર્વ પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. |
| અક્ષીણ-કોશ-કોષ્ઠા-ગારા- | અક્-ષીણ-કોશ-કોષ્-ઠા-ગારા- | અક્ષય ભંડાર (અને) ધાન્યના |
| નર-પતયશ્ચ ભવન્તુ સ્વાહા ॥૯॥ | નર-પત-યશ્-ચ ભ-વન્-તુ સ્વા-હા ॥૯॥ | કોઠારોવાળા રાજાઓ થાઓ. ૯. |

**અર્થ :** ૐ નવગ્રહો = ચન્દ્ર, સૂર્ય, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, (પુંછડીયા તારા) સહિત, લોકપાળના દેવો સહિત, સોમ, યમ, વરુણ, કુબેર, ઇંદ્ર, બાર સંક્રાંતિના સૂર્ય, કાર્તિકેય, ગણેશ સહિત ને બીજા પણ ગામ, નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો વગેરે તે સર્વ પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ, ક્ષય ન પામે તેવા (નિધિ) અક્ષય ભંડાર ધાન્યના કોઠારોવાળા રાજા પ્રાપ્ત થાઓ. ૯.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર- | ઓમ્-પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલ-ત્ર- | ૐ પુત્ર, હિતેચ્છુ, સહોદર (ભાઈ) સ્ત્રી, |
| સુહૃત્-સ્વજન-સંબન્ધિ- | સુ-હૃત્-સ્વ-જન-સમ્-બન્-ધિ- | મિત્ર, જ્ઞાતિજન, સગાં, |
| બંધુ-વર્ગ-સહિતા નિત્યં- | બન્-ધુ-વર્-ગ સહિ-તા નિત્-યમ્- | પોતાના ગોત્રીઓ, પિત્રાઈ સહિત હંમેશાં |
| ચામોદ-પ્રમોદ-કારિણ:- | ચામો-દ-પ્રમો-દ-કારિ-ણ:- | આમોદ-પ્રમોદ કરવાવાળા |
| અસ્મિંશ્ચ-ભૂમણ્ડલ- | અસ્-મિન્-શ્ચ ભૂમણ્-ડલ- | આ પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને |
| આયતન-નિવાસિ | આય-તન-નિવા-સિ | વિષે વસનારા |
| સાધુ-સાધ્વી શ્રવાક-શ્રાવિકાણાં, | સાધુ-સાધ્-વી-શ્રાવ-ક-શ્રાવિ-કાણામ્- | સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓનાં, |
| રોગોપ-સર્ગ-વ્યાધિ-દુ:ખ- | રોગો-પ સર્-ગ-વ્યા-ધિ-દુ:ખ- | રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુ:ખ, |
| દુર્ભિક્ષ-દૌર્મનસ્યો-પશમનાય | દુર્-ભિક્-ષ-દૌર્-મ-નસ્-યો- | દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના |
| | પશ-મ-નાય- | નિવારણને માટે |
| શાન્તિ-ર્ભવતુ ॥૧૦॥ | શાન્-તિર્-ભ-વતુ ॥૧૦॥ | શાંતિ થાઓ. ૧૦. |

**અર્થ :** ૐ પુત્ર, હિતેચ્છુ, સહોદરબંધુ, સ્ત્રી, મિત્ર, જ્ઞાતિજન, સગાં, પોતાના કુળની ગોત્રીઓ હંમેશાં આમોદ-પ્રમોદ કરનારા થાઓ અર્થાત્ સર્વ વિશેષે કરીને પરસ્પર આનંદને કરવાવાળા થાઓ. વળી આ પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ, શ્રાવક અને શ્રાવિકાઓનાં રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુ:ખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના નિવારણને માટે શાંતિ થાઓ. ૧૦.

| | | |
|---|---|---|
| ૐ તુષ્ટિ-પુષ્ટિ- | ઓમ્ તુષ્-ટિ-પુષ્-ટિ- | ૐ ચિત્તનો સંતોષ થાઓ, |
| ઋદ્ધિ-વૃદ્ધિ- | ઋદ્-ધિ વૃદ્-ધિ- | ધર્મની પુષ્ટિ થાઓ, ધનસંપત્તિ, |
| માઙ્ગલ્યોત્સવા: સદા- | માઙ્-ગલ્-યોત્-સવા:-સદા- | વંશવૃદ્ધિ, કલ્યાણ અને ઉત્સવો સદા |
| પ્રાદુર્ભૂતાનિ-પાપાનિ, | પ્રાદુર્-ભૂ-તાનિ પાપ-નિ, | ઉદયમાં આવેલા, પાપો |
| શામ્યન્તુ દુરિતાનિ, | શામ્-યન્-તુ દુરિ-તાનિ, | શાંત થાઓ, અશુભ કર્મફળો |
| શત્રવ: પરાઙ્મુખા ભવન્તુ- | શત્ર-વ:-પરાઙ્-મુખા ભ-વન્-તુ- | શત્રુઓ અવળા મુખવાળા |
| સ્વાહા ॥૧૧॥ | સ્વાહા ॥૧૧॥ | થાઓ. ૧૧. |

**અર્થ :** ૐ ચિત્તનો સંતોષ, ધર્મ પ્રત્યેની પુષ્ટિ, ધનસંપત્તિ, વંશવૃદ્ધિ, કલ્યાણ અને ઉત્સવ થાઓ. ઉદયમાં આવેલાં પાપો નિરંતર સદા માટે શાંત થાઓ, અશુભ કર્મફળો શાંત થાઓ, શત્રુઓ અવળા મુખવાળા થાઓ. ૧૧.

જૈન સાઇટ
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

**છંદ : અનુષ્ટુપ્; રાગ - દર્શનં દેવદેવસ્ય... (પ્રભુસ્તુતિ)**

| | | |
|---|---|---|
| શ્રીમતે શાન્તિ-નાથાય, | શ્રી-મતે શાન્-તિ-નાથા-ય, | શ્રીમાન્ શાંતિનાથને |
| નમ: શાન્તિવિધાયિને । | નમ: શાન્-તિ-વિધા-યિને । | નમસ્કાર થાઓ શાંતિને કરનારા, |
| ત્રૈલોક્યસ્યા મરાધીશ- | ત્રૈ-લોક્-ય-સ્યા-મરા-ધીશ- | ત્રણ લોકના દેવેન્દ્રોના મુકુટો વડે સેવાયેલા છે |
| મુકુટાભ્યર્ચિતાંઘ્રયે ॥૧૨॥ | મુકુ-ટા-ભ્યર્-ચિતાઙ્-ઘ્રયે ॥૧૨॥ | ચરણકમળ જેમનાં એવા. ૧૨. |

**અર્થ :** શ્રીમાન્, ત્રણ લોકની શાંતિને કરનારા, દેવેન્દ્રોના મુકુટો વડે પૂજાયેલા છે ચરણ કમળ જેમના એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ. ૧૨.

| | | |
|---|---|---|
| શાન્તિ: શાન્તિકર: શ્રીમાન્, | શાન્-તિ: શાન્-તિ-કર: શ્રી-માન્- | શાતિનાથ, શાંતિને કરનારા શ્રીમાન્, |
| શાન્તિં દિશતુ મે ગુરુ: । | શાન્-તિમ્ દિ-શતુ મે ગુરુ: । | શાંતિને આપો મને ગુરુ, |
| શાન્તિરેવ સદા તેષાં, | શાન્-તિ-રેવ સદા તેષામ્, | શાંતિ જ હંમેશાં તેઓને થાય છે, |
| યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ॥૧૩॥ | યેષામ્ શાન્-તિર્-ગૃહે ગૃહે ॥૧૩॥ | જેઓના શાંતિનાથ પૂજાય છે ઘર ઘરમાં. ૧૩. |

**અર્થ :** તત્ત્વનો ઉપદેશ કરનારા શ્રીમાન, શાંતિને કરનારા એવા શ્રી શાંતિનાથ મને શાંતિ આપો. જેઓના ઘર ઘરમાં શ્રી શાંતિનાથ પૂજાય છે, તેઓને હંમેશા શાંતિ જ થાય છે. ૧૩.

| | | |
|---|---|---|
| ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ- | ઉન્-મૃષ્-ટ-રિષ્-ટ-દુષ્-ટ- | દૂર કર્યા છે ઉપસર્ગો, (ખરાબ રીતે અસર) |
| ગ્રહ-ગતિ | ગ્રહ-ગતિ- | ખરાબ ગ્રહની ગતિ |
| દુ:સ્વપ્ન-દુર્નિ-મિત્તાદિ । | દુ:-સ્વપ્-ન-દુર્-નિ-મિત્-તાદિ । | ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્તે વગેરે જેણે એવું, |
| સમ્પાદિત-હિત-સંપ-ન્નામ- | સમ્-પા-દિત-હિત-સમ્-પન્-નામ- | પ્રાપ્ત કરી છે શુભલક્ષ્મી જેણે એવું |
| ગ્રહણં જયતિ શાન્તે: ॥૧૪॥ | ગ્રહ-ણમ્ જય-તિ શાન્-તે: ॥૧૪॥ | નામોચ્ચારણ જયવંત વર્તે છે શાંતિનાથનું. ૧૪. |

**અર્થ :** ઉપદ્રવ, જે ખરાબ રીતે અસર કરે છે તેવી દુષ્ટ ગ્રહની ગતિ, ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્ત વગેરે દૂર કર્યા છે અને સંપાદન કરી છે શુભ લક્ષ્મી જેણે એવું શાંતિનાથ પ્રભુનું નામગ્રહણ (નામોચ્ચારણ) જયવંત વર્તે છે. ૧૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી સંઘ-જગજ્-જનપદ-
રાજા-ધિપરાજ-સન્નિ-વેશાનામ્ ।
ગોષ્ઠિક-પુરમુખ્યાણાં,
વ્યાહરણૈ-ર્વ્યાહરે-ચ્છાન્તિમ્ ॥૧૫॥

શ્રી-સઙ્-ઘ-જગજ્-જન-પદ-
રાજા-ધિપ-રાજ-સન્-નિ-વેશા-નામ્ ।
ગોષ્-ઠિક-પુર-મુખ્-યાણામ્,
વ્યાહ-રણૈર્-વ્યા-હરે ચ્-છાન્-તિમ્ ॥૧૫॥

શ્રી સંઘ, જગત, દેશ, રાજા રૂપ અધિપતિ (અને)
રાજાના સારાં રહેવાનાં સ્થાનોનાં,
ધર્મસભાના સભ્યો અને નગરના મોટા પુરુષોનાં
નામ ગ્રહણ કરીને ઉદ્ઘોષણા કરવી શાંતિની. ૧૫.

**અર્થ :** શ્રી સંઘ, જગત, રાજા રૂપ અધિપતિઓ અને રાજાના રહેવાનાં સ્થાનોનાં તેમજ ધર્મસભાના સભ્યો અને નગરના મોટા પુરુષાનાં નામગ્રહણ કરીને શાંતિની ઉદ્ઘોષણા કરવી. ૧૫.

શ્રીશ્રમણ-સંઘસ્ય
શાન્તિ-ર્ભવતુ,
શ્રી જનપ-દાનાં-
શાન્તિ-ર્ભવતુ,
શ્રીરાજા-ધિપાનાં-
શાન્તિ-ર્ભવતુ,
શ્રી રાજ-સન્નિવેશાનાં-
શાન્તિ-ર્ભવતુ,
શ્રી ગોષ્ઠિકાનાં-
શાન્તિ-ર્ભવતુ,
શ્રી પૌર-મુખ્યાણાં-
શાન્તિ-ર્ભવતુ,
શ્રી પૌર-જનસ્ય-
શાન્તિ-ર્ભવતુ,
શ્રી બ્રહ્મ-લોકસ્ય-
શાન્તિ-ર્ભવતુ,
ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ
શ્રી પાર્શ્વનાથાય-
સ્વાહા ॥૧૬॥

શ્રી-શ્રમ-ણ-સઙ્-ઘસ્-ય-
શાન્-તિર્-ભ-વતુ,
શ્રી-જન-પદા-નામ્-
શાન્-તિર્-ભ-વતુ,
શ્રી-રાજા-ધિપા-નામ્-
શાન્-તિર્-ભ-વતુ,
શ્રી-રાજ-સન્-નિ વેશા-નામ્-
શાન્-તિર્-ભ-વતુ,
શ્રી-ગોષ્-ઠિકા-નામ્-
શાન્-તિર્-ભ-વતુ
શ્રી પૌર-મુખ્-યાણામ્-
શાન્-તિર્-ભ-વતુ,
શ્રી-પૌર-જનસ્ય-
શાન્-તિર્-ભ-વતુ,
શ્રી-બ્રહ્-મ-લોકસ્-ય-
શાન્-તિર્-ભ-વતુ,
ઓમ્ સ્વા-હા ઓમ્ સ્વા-હા ઓમ્
શ્રી પાર્-શ્વ-નાથા-ય
સ્વા-હા ॥૧૬॥

શ્રી મહાવીરસ્વામીના સંઘને
સંતોષ થાઓ,
દેશોની
શાંતિ થાઓ,
રાજા રૂપ અધિપતિઓને
શાંતિ થાઓ,
રાજાના રહેવાનાં સારા સંસ્થાનોને
શાંતિ થાઓ,
ધર્મસભાના સભ્યોને
શાંતિ થાઓ,
નગરના મોટા પુરુષોને
શાંતિ પ્રાપ્ત થાઓ,
નગરમાં વસતા જનોને
શાંતિ થાઓ,
સમસ્ત જીવલોકને
શાંતિ થાઓ,
ૐ સ્વાહા, ૐ સ્વાહા,
ૐ શ્રી પાર્શ્વનાથ સ્વામીને
સ્વાહા. ૧૬.

**અર્થ :** શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ, શ્રી જનપદ=દેશોને શાંતિ થાઓ, મહારાજાઓને શાંતિ થાઓ, રાજાઓના રહેવાનાં સ્થાનોને શાંતિ થાઓ, ધર્મસભાના સભ્યોને શાંતિ થાઓ, નગરના અગ્રણીઓને શાંતિ થાઓ, શ્રી નગરજનોને શાંતિ થાઓ અને શ્રી બ્રહ્મલોકને શાંતિ થાઓ ૐ સ્વાહા, ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથ સ્વામીને સ્વાહા. ૧૬.

એષા શાન્તિ: પ્રતિષ્ઠા-યાત્રા-
સ્નાત્રા-ધવસાનેષુ-
શાન્તિકલશં ગૃહીત્વા-
કુઙ્કુમ-ચન્દન-
કર્પૂરા-ગરુ-ધૂપ-
વાસ-કુસુમાઞ્જલિ-સમેત:-
સ્નાત્ર ચતુષ્કિ-કાયાં-
શ્રી-સંઘ-સમેત:,
શુચિ-શુચિવપુ:-
પુષ્પ-વસ્ત્ર-ચન્દના-
ભરણા-લઙ્કૃત:-
પુષ્પ-માલાં કણ્ઠે કૃત્વા-
શાન્તિ-મુદ્ઘો-ષયિત્વા-
શાન્તિ-પાનીયં-
મસ્તકે દાતવ્ય-મિતિ ॥૧૭॥

એષા શાન્-તિ: પ્રતિષ્-ઠા-યાત્-રા-
સ્ના-ત્રા-ધ (દ્ય)-વસા-નેષુ-
શાન્-તિ-કલશમ્ ગૃહીત્-વા-
કુઙ્-કુમ-ચન્-દન-
કર્-પૂરા-ગરુ-ધૂપ-
વાસ-કુસુ-માઞ્(માન્) જલિ-સમે-ત:-
સ્ના-ત્ર-ચતુષ્-કિ-કાયામ્-
શ્રી સઙ્-ઘ-સમે-ત:-
શુચિ-શુચિ-વપુ:-
પુષ્-પ-વસ્-ત્ર-ચન્-દના-
ભર-ણા-લઙ્-કૃત:-
પુષ્-પ-માલામ્ કણ્-ઠે કૃત્-વા-
શાન્-તિ-મુદ્-ઘોષ-યિ-ત્વા-
શાન્-તિ-પાની-યમ્-
મસ્-તકે દાતવ્-ય-મિતિ ॥૧૭॥

આ શાંતિ પાઠ પ્રતિષ્ઠા, યાત્રા અને
સ્નાત્રાદિને અંતે
શાંતિકળશને ગ્રહણ કરીને,
કેસર, સુખડ,
બરાસ, અગર,
ધૂપવાસ, કુસુમાંજલિ સહિત છતો,
સ્નાત્ર મંડપમાં
શ્રીસંઘસહિત,
પવિત્ર છે શરીર જેનું,
પુષ્પ, વસ્ત્ર, ચંદન, અલંકાર વડે
(ધારણ કરીને) શોભાયમાન થઈને
ફૂલની માળાને કંઠમાં ધારણ કરીને,
શાંતિની ઉદ્ઘોષણા કરીને,
શાંતિજળ
મસ્તક ઉપર લગાડવું જોઈએ એ પ્રકારે. ૧૭.

**અર્થ:** આ શાંતિપાઠ પ્રતિષ્ઠા, રથયાત્રા અને સ્નાત્રમહોત્સવના અંતમાં કુંકુમ(કાકુ) ચંદન, કપૂર, અગરુ, ધૂપવાસ અને કુસુમાંજલિથી યુક્ત બાહ્ય અને અભ્યંતર રીતે પવિત્ર શરીરવાળા, પુષ્પ, વસ્ત્ર, ચંદન અને અલંકારોથી સજ્જ એવા પુરુષે પુષ્પમાળાને કંઠમાં ધારણ કરીને સ્નાત્ર મંડપમાં શ્રી સંઘ સહિત હાથમાં શાંતિકળશને ગ્રહણ કરીને શાંતિની ઉદ્ઘોષણા કરીને શાંતિ જળ મસ્તક ઉપર લગાડવું જોઈએ. ૧૭.

जैन साईट JAINSITE .com जन्म जयति शासनम्


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## છંદ : ગાહા ★ રાગ-જિણાજમ્મ-સમયે મેરુ-સહિરે....(સ્નાત્ર પૂજા)

| | | |
|---|---|---|
| નૃત્યન્તિ નૃત્યં- | નૃત્-યન્-તિ નૃત્-યમ્- | નાચે છે નૃત્યને રત્ન અને |
| મણિ-પુષ્પવર્ષં, | મણિ-પુષ્-પ-વર્-ષમ્, | પુષ્પને વરસાવવા પૂર્વક, |
| સૃજન્તિ ગાયન્તિ- | સૃ-જન્-તિ ગા-યન્-તિ- | રચે છે, ગાય છે, |
| ચ મઙ્ગલાનિ । | ચ મઙ્-ગ-લાનિ । | અને અષ્ટમંગલો, |
| સ્તોત્રાણિ ગોત્રાણિ- | સ્તો-ત્રાણિ ગો-ત્રાણિ- | સ્તોત્રો, નામ ગોત્રો, |
| પઠન્તિ મન્ત્રાન્, | પ-ઠન્-તિ મન્-ત્રાન્, | ભણે છે મંત્રોને, |
| કલ્યાણભાજો હિ- | કલ્-યાણ-ભાજો હિ- | પુણ્યવાનો |
| જિનાભિષેકે ॥૧૮॥ | જિના-ભિ-ષેકે ॥૧૮॥ | જિનસ્નાત્ર પ્રસંગે. ૧૮. |

**અર્થ :** શ્રી જિનસ્નાત્રના પ્રસંગે રત્ન અને પુષ્પને વરસાવવા પૂર્વક પુણ્યવાનો જ નૃત્યને નાચે છે, અષ્ટમંગલની રચના કરે છે. ગીતો ગાય છે, સ્તોત્રો, તીર્થંકરોના ગોત્રો અને મંત્રોને ભણે છે. ૧૮.

## છંદ : ગાથા; ★ રાગ-જિણજમ્મસમયે મેરુ સિહરે....(સ્નાત્ર પૂજા)

| | | |
|---|---|---|
| શિવમસ્તુ સર્વજગતઃ, | શિવ-મસ્-તુ સર્-વ-જગ-તઃ, | કલ્યાણ થાઓ સર્વ જગતનું |
| પર-હિત-નિરતા- | પર હિત-નિ-રતા- | બીજાના હિતમાં |
| ભવન્તુ ભૂત-ગણાઃ । | ભવન્-તુ ભૂત-ગણાઃ । | તત્પર થાઓ પ્રાણીઓનો સમુદાય, |
| દોષાઃ પ્રયાન્તુ નાશં, | દોષાઃ પ્ર-યાન્-તુ નાશમ્, | દોષો પામો નાશ, |
| સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥૧૯॥ | સર્-વત્ર સુખી ભ-વતુ લો-કઃ ॥૧૯॥ | સર્વ ઠેકાણે સુખી થાઓ લોકો. ૧૯. |

**અર્થ :** સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીઓનો સમુદાય બીજાના હિતમાં તત્પર થાઓ, દોષો નાશ પામો અને સર્વ ઠેકાણે લોકો સુખી થાઓ. ૧૯.

## છંદ : આર્યા; ★ રાગ સુપવિત્રતીર્થનીરેણ.... (૧૦૮ પાર્શ્વનાથપૂજન સ્તુતિ)

| | | |
|---|---|---|
| અહં તિત્થયર માયા, | અહમ્ તિત્-થ-યર-માયા, | હું તીર્થંકરની માતા શીવાદેવી |
| સિવાદેવી-તુમ્હ નયર નિવાસિની । | સિવા-દેવી-તુમ્-હ નય-ર-નિ-વાસિની । | તમારા નગરમાં રહેનારી, |
| અમ્હ સિવં તુમ્હ સિવં, | અમ્-હ સિવમ્ તુમ્-હ સિવમ્, | અમારું કલ્યાણ તમારું કલ્યાણ |
| અસિવો વસમં સિવં ભવતુ- | અસિ-વો-વસ-મમ્ સિવમ્ ભ-વ-તુ- | વિઘ્નનો નાશ અને કલ્યાણ |
| સ્વાહા ॥૨૦॥ | સ્વા-હા ॥૨૦॥ | થાઓ. ૨૦. |

**અર્થ :** હું શ્રી નેમિનાથ તીર્થંકરની માતા શીવાદેવી તમારા નગરમાં રહેનારી છું. અમારું કલ્યાણ થાઓ, તમારું કલ્યાણ થાઓ. વિઘ્નનો નાશ અને કલ્યાણ થાઓ. ૨૦.

## છંદ : અનુષ્ટુપ્; ★ રાગ-દર્શનં-દેવ-દેવસ્ય-(પ્રભુસ્તુતિ)

| | | |
|---|---|---|
| ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, | ઉપ-સર્-ગાઃ ક્ષ-યમ્-તિ, | ઉપસર્ગો ક્ષય પામે છે, |
| છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ । | છિદ્-યન્-તે વિઘ્-ન-વલ્-લ-યઃ । | છેદાય છે વિઘ્ન રૂપી વેલડીઓ, |
| મનઃ-પ્રસન્ન-તામેતિ, | મનઃ પ્રસન્-ન-તા-મેતિ, | મન પ્રસન્નતાને પામે છે, |
| પૂજ્યમાને જિનેશ્વરે ॥૨૧॥ | પૂજ્-ય-માને જિનેશ્-વરે ॥૨૧॥ | પૂજાયે છતે જિનેશ્વર. ૨૧. |

**અર્થ :** શ્રી જિનેશ્વરની પૂજા કરે છતે ઉપસર્ગો ક્ષય પામે છે. વિઘ્ન રૂપી વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે. ૨૧.

| | | |
|---|---|---|
| સર્વમંગલમાંગલ્યં | સર્-વ મઙ્-ગલ માઙ્-ગ-લ્યમ્ | સર્વ મંગલમાં માંગલિક |
| સર્વ કલ્યાણકારણમ્; | સર્-વ કલ્-યાણ કાર-ણમ્; | સર્વ કલ્યાણનું કારણ; |
| પ્રધાનં સર્વધર્માણાં, | પ્રધા-નમ્- સર્-વ ધર્-મા-ણામ્, | મુખ્ય સર્વધર્મોમાં, |
| જૈનં જયતિ શાસનમ્ ॥૧૯॥ | જૈનમ્ જયતિ શાસનમ્. | જૈન જય પામે છે શાસન. |

**અર્થ :** સર્વ મંગલોમાં માંગલિક, સર્વ કલ્યાણનું કારણ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું શ્રી જૈનશાસન જય પામે છે. ૧૯.

## ઉપયોગના અભાવે થતા અશુદ્ધ ઉચ્ચારણ સામે શુદ્ધ ઉચ્ચારણનો કોષ્ટક

| | | | | | |
|---|---|---|---|---|---|
| **અશુદ્ધ** | **શુદ્ધ** | શાન્તિકલશં ગ્રહીત્વા | શાન્તિકલશં ગૃહિત્વા | પુષ્ટિર ભવતુ | પુષ્ટિર્ભવતુ |
| પુણ્યાહાં પુણ્યાહાં | પુણ્યાહં પુણ્યાહં | સુગ્રહીતનામાનો | સુગૃહીતનામાનો | ઉન્મ્રષ્ટ રિષ્ટ | ઉન્મૃષ્ટ રિષ્ટ |
| કોષ્ટાગારા | કોષ્ઠાગારા | ગોષ્ટિક પુરમુખ્યાણાં | ગોષ્ઠિક-પુરમુખ્યાણાં | વિધ્યાદેવ્યો | વિદ્યાદેવ્યો |
| શાન્તિર ભવતુ | શાન્તિર્ભવતુ | અમ્હ શિવં તુમ્હ શિવં | અમ્હ સિવં તુમ્હ સિવં | મેઘા વિધ્યાસાધન | મેધા વિદ્યાસાધન |
| ભગવતો રન્તઃ | ભગવતોર્હન્તઃ | તિત્થયરમાયા શિવાદેવી | તિત્થયરમાયા સિવાદેવી | કંઠે કત્વા | કંઠે કૃત્વા |
| તૃષ્ટિર ભવતું | તૃષ્ટિર્ભવતુ | અશિવોવસમં શિવં ભવતુ | અસિવોવસમં સિવં ભવતુ | બ્રહસ્પતિ | બૃહસ્પતિ |
| લોકોધ્યોતકરાઃ | લોકોદ્યોતકરાઃ | વ્યાહરણૈવ્યાહરેછાન્તિમ્ | વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ | ધ્રતિ મતિ | ધૃતિ મતિ |
| માંગલ્યોત્સ્વા | માંગલ્યોત્સવાઃ | સુહૃત્ સ્વજન સબન્ધિ | સુહૃદ્-સ્વજન-સમ્બન્ધિ | શાન્તિગ્રહે ગ્રહે | શાન્તિર્ગૃહે ગૃહે |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી પાક્ષિકાદિ અતિચાર સૂત્ર

**નાણંમિદંસણંમિઅ, ચરણંમિતવંમિતહ ય વીરિયંમિ ।**
**આયરણં આપારો, ઈઅ એસો પંચહા ભણિઓ ॥૧॥**

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મબાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિદુક્કડં ॥૧॥

### તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર

કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિણ્હવણે ।
વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણ-માયારો ॥૧॥

જ્ઞાન કાળ વેળાએ ભણ્યો ગુણ્યો નહીં, અકાળે ભણ્યો. વિનયહીન, બહુમાનહીન, યોગ-ઉપધાનહીન, અનેરા કન્હે ભણી અનેરો ગુરુ કહ્યો. દેવ-ગુરુ વાંદણે, પડિક્કમણે સજ્ઝાય કરતાં, ભણતાં, ગુણતાં, કૂડો અક્ષર કાને માત્રાએ અધિકો ઓછો ભણ્યો. સૂત્ર કૂડું કહ્યું, અર્થ કૂડો કહ્યો, તદુભય કૂડા કહ્યાં, ભણીને વિસાર્યાં, સાધુતણે ધર્મે કાજો અણઉદ્ધર્યે, દાંડો અણપડિલેહે, વસતિ અણશોધે, અણપવેસે, અસજ્ઝાય અણોજ્ઝાયમાંહે શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો, ગણ્યો. શ્રાવકતણે ધર્મે સ્થવિરાવલિ, પડિક્કમણાં, ઉપદેશમાળા પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગુણ્યો, કાળવેળાએ કાજો અણઉદ્ધર્યે પઢ્યો. જ્ઞાનોપગરણ પાટી, પોથી, ઠવણી, કવલી, નોકારવાળી, સાપડા, સાપડી, દસ્તરી, વહી, કાગળીઆ ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થૂંકે કરી અક્ષર માંજ્યો, ઓશીસે ધર્યો, કન્હે છતાં આહાર નિહાર કીધો.

જ્ઞાનદ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી. પ્રજ્ઞાપરાધે વિણાશ્યો, વિણસતો ઉવેખ્યો, છતી શક્તિએ સારસંભાળ ન કીધી. જ્ઞાનવંત પ્રત્યે ભણતાં, ગણતાં અંતરાય કીધો. આપણા જાણપણા તણો ગર્વ ચિંતવ્યો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન એ પંચવિધ જ્ઞાનતણી અસદ્દહણા કીધી. કોઈ તોતડો, બોબડો હસ્યો, વિતર્ક્યો, અન્યથા પ્રરૂપણા કીધી ॥ જ્ઞાનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૰ ॥૧॥

### દર્શનાચારે આઠ અતિચાર

નિસ્સંકિય નિક્કંખિય, નિવ્વિ-તિગિચ્છા અમૂઢ-દિટ્ઠિ અ ।
ઉવવૂહ થિરી-કરણે, વચ્છલ્લ-પ્પભાણે અટ્ઠ ॥૧॥

દેવ ગુરુ ધર્મ તણે વિષે નિઃશંકપણું ન કીધું તથા એકાંત નિશ્ચય ન કીધો. ધર્મ સંબંધીયા ફલ તણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં. સાધુ-સાધ્વીનાં મલમલિન ગાત્ર દેખી દુગંછા નિપજાવી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર અભાવ હુઓ. મિથ્યાત્વી તણી પૂજા પ્રભાવના દેખી મૂઢદષ્ટિપણું કીધું તથા સંઘમાંહે ગુણવંતતણી અનુપબૃંહણા કીધી. અસ્થિરીકરણ,



પ્રતિક્રમણ વખતે યોગમુદ્રામાં બોલવાની મુદ્રા

અવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ નીપજાવી. અબહુમાન કીધું. તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય, ભક્ષિત ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાશ્યાં, વિણસતાં ઉવેખ્યાં, છતી શક્તિએ સારસંભાળ ન કીધી. તથા સાધર્મિક સાથે કલહ કર્મબંધ કીધો. અધોતી, અષ્ટપડ મુખકોશ પાખે દેવપૂજા કીધી. બિંબપ્રત્યે વાસકૂંપી, ધૂપધાણું કળશ તણો ઠપકો લાગ્યો. બિંબ હાથ થકી પાડ્યું. ઊસાસ-નિઃસાસ લાગ્યો. દેહરે, ઉપાશ્રયે, મલ-શ્લેષ્માદિક લોહ્યું. દેહરામાંહે હાસ્ય, ખેલ, કેલિ, કુતૂહલ, આહાર-નિહાર કીધાં. પાન સોપારી, નિવેદીઆ ખાધાં. ઠવણાયરિય હાથથકી પાડ્યાં, પડિલેહવા વિસાર્યાં. જિનભવનને ચોરાશી આશાતના, ગુરુ ગુરુણી પ્રત્યે તેત્રીશ આશાતના કીધી હોય, ગુરુવચન તહત્તિ કરી પડિવજ્યું નહીં ॥ દર્શનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૰ ॥૨॥

જૈન સાઈટ JAINSITE .com જૈનમ જયતિ શાસનમ

### ચારિત્રાચારે આઠ અતિચાર

પણિહાણ-જોગ-જુત્તો, પંચહિં સમઈહિં તીહિં ગુત્તીહિં ।
એસ ચરિત્તાચારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો ॥૧॥

ઈર્યાસમિતિ તે અણજોયે હિંડ્યા. ભાષાસમિતિ તે સાવદ્ય વચન બોલ્યા. એષણાસમિતિ તે તૃણ, ડગલ, અન્ન પાણી અસૂઝતું લીધું. આદાનભંડમત્ત-નિક્ખેવણા સમિતિ તે આસન, શયન, ઉપકરણ, માતરું પ્રમુખ અણપુંજી જીવાકુલ ભૂમિકાએ મૂક્યું લીધું. પારિષ્ઠાપનિકા-સમિતિ તે મલ, મૂત્ર, શ્લેષ્માદિક અણપૂંજી જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું. મનોગુપ્તિ=મનમાં આર્તરૌદ્ર ધ્યાન ધ્યાયાં. વચન-ગુપ્તિ=સાવદ્યવચન બોલ્યાં, કાયગુપ્તિ શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજે બેઠા. એ અષ્ટ પ્રવચનમાતા સાધુતણે ધર્મે સદૈવ અને શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે રૂડી પેરે પાળ્યાં નહીં, ખંડણા વિરાધના હુઈ ॥ ચારિત્રાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી સૂક્ષ્મ-બાદ જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૩॥

વિશેષતઃ શ્રાવકતણે ધર્મે શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત સમ્યક્ત્વતણા પાંચ અતિચાર ॥ સંકા કંખ વિગિચ્છા૰ ॥ શંકા- શ્રી અરિહંતતણાં બળ, અતિશય, જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિક ગુણ, શાશ્વતી પ્રતિમા, ચારિત્રીયાનાં ચારિત્ર, શ્રી જિનવચનતણો સંદેહ કીધો ॥ આકાંક્ષા= બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ક્ષેત્રપાલ, ગોગો, આસપાલ, પાદરદેવતા, ગોત્રદેવતા, ગ્રહપૂજા, વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલી, નાહ, ઇત્યેવમાદિક દેશ, નગર, ગામ, ગોત્ર, નગરી, જૂજૂઆ દેવ દેહરાના પ્રભાવ દેખી રોગ આતંક કષ્ટ આવ્યે ઇહલોક-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરલોકાર્થે પૂજ્યા માન્યા. સિદ્ધ વિનાયક જીરાઉલાને માન્યું-ઇચ્છ્યું.

બૌદ્ધ, સાંખ્યાદિક, સંન્યાસી, ભરડા, ભગત, લિંગિયા, જોગિયા, જોગી, દરવેશ, અનેરા દર્શનીયાતણો કષ્ટ, મંત્ર ચમત્કાર દેખી પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા વ્યામોહ્યા. કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યાં. શ્રાદ્ધ, સંવચ્છરી, હોળી, બળેવ, માહિપૂનમ, અજા-પડવો, પ્રેત-બીજ, ગૌરી-ત્રીજ, વિનાયક-ચોથ, નાગ-પંચમી, ઝીણલા-છઠ્ઠી, શીલ-સાતમી, ધ્રુવ-આઠમી, નૌલી-નવમી, અહવા-દશમી, વ્રત-અગ્યારશી, વત્સ-બારશી, ધન-તેરશી, અનંત-ચઉદશી, અમાવાસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણ નૈવેદ્ય કીધાં. નવોદક, યોગ-ભોગ, ઉતારણાં કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં.

પીંપલે પાણી ઘાલ્યાં, ઘલાવ્યા, ઘર બાહિર ક્ષેત્રે, ખલે, કૂવે, તળાવે, નદીએ, દ્રહે, વાવીએ સમુદ્રે, કુંડે પુણ્યહેતુ સ્નાન કીધાં, કરાવ્યાં, અનુમોદ્યા, દાન દીધાં. ગ્રહણ, શનૈશ્ચર, માહમાસે નવરાત્રિ ન્હાયા. અજાણના થાપ્યાં, અનેરાઇ વ્રત વ્રતોલાં કીધાં, કરાવ્યાં ॥

વિતિગિચ્છા=ધર્મસંબંધિયા ફલ તણે વિષે સંદેહ કીધો. જિન અરિહંત ધર્મના આગાર, વિશ્વોપકારસાગાર, મોક્ષમાર્ગના દાતાર, ઇર્સ્યા ગુણ ભણી ન માન્યા, ન પૂજ્યા. મહાસતી-મહાત્માની, ઇહલોક પરલોક સંબંધીઆ ભોગવાંછિત પૂજા કીધી. રોગ, આતંક, કષ્ટ આવ્યે ખીણ વચન ભોગ માન્યા. મહાત્માનાં ભાત, પાણી, મલ, શોભા તણી નિંદા કીધી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર કુભાવ હુઓ. મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી પ્રશંસા કીધી, પ્રીતિ માંડી. દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો, કીધો ॥ શ્રી સમ્યક્ત્વ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૰.....

પહેલા સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતે પાંચ અતિચાર ॥ વહબંધ છવિચ્છેએ૰ ॥ દ્વિપદ ચતુષ્પદ પ્રત્યે રીસ-વશે ગાઢો ઘાવ ઘાલ્યો, ગાઢે બંધને બાંધ્યો. અધિક ભાર ઘાલ્યો. નિર્લાંછન કર્મ કીધાં. ચારાપાણી તણી વેળાએ સારસંભાળ ન કીધી. લેહણે દેહણે કિણહિ પ્રત્યે લંઘાવ્યો, તેણે ભૂખે આપણે જમ્યા. કન્હે રહી મરાવ્યો. બંદીખાને ઘલાવ્યો. સળ્યાં ધાન્ય તાવડે નાખ્યાં, દળાવ્યાં, ભરડાવ્યાં, શોધી ન વાવર્યાં, ઇંધણ, છાણાં અણશોધ્યાં બાળ્યાં. તે માંહિ સાપ વિંછી, ખજૂરા, સરવલા, માંકડ, જૂઆ, ગીંગોડા સાહતાં મુઆ, દુહવ્યા, રૂડે સ્થાનકે ન મૂક્યા. કીડી મંકોડીનાં ઇંડાં વિછોહ્યાં, લીખ ફોડી. ઉદેહી, કીડી, મંકોડી, ધીમેલ, કાતરા, ચૂડેલ, પતંગિયાં, દેડકાં, અલસિયાં, ઇયલ, કુંતા, ડાંસ, મસા, બગતરા, માખી, તીડ પ્રમુખ જીવ વિણઠ્ઠા. માલા હલાવતાં ચલાવતાં પંખી, ચકલાં, કાગતણા ઇંડાં ફોડ્યાં. અનેરા એકેંદ્રિયાદિક જીવ વિણાસ્યા, ચાંપ્યા, દુહવ્યા. કાંઇ હલાવતાં, ચલાવતાં, પાણી છાંટતાં અનેરા કાંઇ કામકાજ કરતા, નિર્ધ્વંસપણું કીધું જીવરક્ષા રૂડી ન કીધી. સંખારો સૂકવ્યો. રૂડું ગલણું ન કીધું. અણગળ પાણી વાવર્યું. રૂડી જયણા ન કીધી. અણગળ પાણીએ ઝીલ્યા, લુગડાં ધોયાં. ખાટલા તાવડે નાખ્યા, ઝાટક્યા. જીવાકુલ ભૂમિલીંપી. વાશી ગાર રાખી. દલણે, ખાંડણે, લીંપણે રૂડી જયણા ન કીધી. આઠમચઉદિશના નિયમભાંગ્યા. ધૂણી કરાવી ॥ પહેલે સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૰ ॥૧॥

બીજે સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રતે પાંચ અતિચાર ॥ સહસા રહસ્સ દારે૰ ॥ સહસાત્કારે કુણહી પ્રત્યે અજુગતું આળ અભ્યાખ્યાન દીધું. સ્વદારા-મંત્રભેદ કીધો. અનેરા કુણહીનો મંત્ર, આલોચ મર્મ પ્રકાશ્યો. કુણહીને અનર્થ પાડવા કૂડી બુદ્ધિ દીધી. કૂડો લેખ લખ્યો. કૂડી સાખ ભરી. થાપણમોસો કીધો. કન્યા, ગૌ, ઢોર, ભૂમિ સંબંધી લેહણે દેહણે વ્યવસાયે વાદ વઢવાદ કરતાં મોટકું જૂઠું બોલ્યા, હાથ પગ તણી ગાળ દીધી. કડકડા મોડ્યા. મર્મવચન બોલ્યાં ॥ બીજે સ્થૂલ મૃષાવાદવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૰ ॥૨॥

ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતે પાંચ અતિચાર ॥ તેનાહડપ્પઓગે૰ ॥ ઘર બાહિર ક્ષેત્રે ખલે પરાઇ વસ્તુ અણમોકલી લીધી, વાવરી, ચોરાઇ વસ્તુ વહોરી. ચોર ધાડ પ્રત્યે સંકેત કીધો. તેહને સંબલ દીધું, તેહની વસ્તુ લીધી. વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો. નવા, પુરાણા, સરસ, વિરસ, સજીવ, નિર્જીવ વસ્તુના ભેલસંભેલ કીધા. કૂડે કાટલે, તોલે માને, માપે વહોર્યા. દાણચોરી કીધી. કુણહીને લેખે વરાંસ્યો. સાંટે લાંચ લીધી. કૂડો કરહો કાઢ્યો. વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી. પાસંગ કૂડાં કીધાં. દાંડી ચઢાવી. લહકે ત્રહકે કૂડાં કાટલાં, માન માપાં કીધાં. માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર, વંચી કુણહિને દીધું. જુદી ગાંઠ કીધી. થાપણ ઓળવી. કુણહિને લેખે પલેખે ભૂલવ્યું. પડી વસ્તુ ઓળવી લીધી ॥ ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૰ ॥૩॥

ચોથે સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રતે પાંચ અતિચાર ॥ અપરિગ્ગહિયાઇત્તર૰ ॥ અપરિગૃહિતાગમન, ઇત્વરપરિગૃહિતાગમન કીધું. વિધવા, વેશ્યા, પરસ્ત્રી કુલાંગના, સ્વદારાશોક્તણે વિષે દૃષ્ટિ વિપર્યાસ કીધો. સરાગ વચન બોલ્યાં. આઠમ ચઉદશ, અનેરી પર્વતિથિના નિયમ લઈ ભાગ્યાં. અનંગક્રીડા કીધી. સ્ત્રીનાં અંગોપાંગ નીરખ્યા. પરાયા વિવાહ જોડ્યા. ઢીંગલા ઢીંગલી પરણાવ્યા. કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અનાચાર સુહણે સ્વપ્નાન્તરે હુઆ. કુસ્વપ્ન લાધ્યાં. નટ, વિટ, સ્ત્રીશું હાંસું કીધું ॥ ચોથે સ્વદારા સંતોષ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૰ ॥૪॥

પાંચમે પરિગ્રહ પરિમાણવ્રતે પાંચ અતિચાર ॥ ધણધન્ન ખિત્તવત્થૂ૰ ॥ ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ, ચતુષ્પદ, એ નવવિધ પરિગ્રહતણા નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મૂર્છા લગે સંક્ષેપ ન કીધો. માતા, પિતા, પુત્ર, સ્ત્રીતણે લેખે કીધો. પરિગ્રહ પરિમાણ લીધું નહીં. લઈને પઢ્યું નહીં, પઢવું વિસાર્યું. અલીધું મેલ્યું. નિયમ વિસાર્યા ॥ પાંચમે પરિગ્રહ પરિમાણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૰ ॥૫॥


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છટ્ઠે દિગ્પરિમાણ વ્રતે પાંચ અતિચાર ॥ ગમણસ્સ ઉ પરિમાણે૦ ॥ ઊર્ધ્વ દિશિ, અધો દિશિ, તિર્યગ્ દિશિએ જાવા આવવા તણા નિયમલઈ ભાંગ્યા. અનાભોગે વિસ્મૃત લગે અધિક ભૂમિગયા. પાઠવણી આઘી પાછી મોકલી. વહાણ-વ્યવસાય કીધો. વર્ષાકાલે ગામતરું કીધું. ભૂમિકા એક ગામમાં સંક્ષેપી, બીજી ગામમાં વધારી ॥ છટ્ઠે દિગ્પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૬॥

સાતમે ભોગોપભોગ-પરિમાણ-વ્રતે ભોજન આશ્રયી પાંચ અતિચાર અને કર્મહુંતી પંદર અતિચાર, એવં વીશ અતિચાર ॥ સચ્ચિત્તે-પડિબદ્ધે૦ ॥ સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધુ, અપક્વાહાર, દુષ્પક્વાહાર, તુચ્છૌષધિતણું ભક્ષણ કીધું. ઓલા, ઉંબી, પોંક, પાપડી ખાધાં ॥

સચ્ચિત્ત દવ્વવિગઈ,-વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ।
વાહણ-સયણ-વિલેવણ,-બંભ-દિસિ-ન્હાણ-ભત્તેસુ॥૧॥

એ ચૌદ નિયમ દિનગત, રાત્રિગત લીધા નહિં. લઈને ભાંગ્યા. બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાયમાંહિ આદુ, મૂલા, ગાજર, પિંડ, પિંડાલુ, કચુરો, સૂરણ, કુણી આંબલી, ગલો, વાઘરડાં ખાધાં. વાશી, કઠોલ, પોલી રોટલી, ત્રણ દિવસનું ઓદન લીધું. મધુ, મહુડાં, માખણ, માટી, વેંગણ, પીલુ, પીચુ, પંપોટા, વિષ, હિમ, કરહા, ઘોલવડાં, અજાણ્યાં ફલ, ટિંબરું, ગુંદાં, મહોર, બોળ અથાણું, અમ્બલબોર, કાચું મીઠું, તિલ, ખસખસ, કોઠિબડાં ખાધાં. રાત્રિ ભોજન કીધાં. લગભગ વેળાએ વાળું કીધું. દિવસ વિણઊગે શીરાવ્યા.

તથા કર્મતઃ પન્નર-કર્માદાન - ઈંગાલ-કમ્મે, વણ-કમ્મે, સાડિ-કમ્મે, ભાડિ-કમ્મે, ફોડિ-કમ્મે, એ પાંચ કર્મ ॥ દંત-વાણિજ્જે, લક્ખ-વાણિજ્જે, રસ-વાણિજ્જે, કેસ-વાણિજ્જે, એ પાંચ વાણિજ્ય, જંત-પિલ્લણ-કમ્મે, નિલ્લંછણ-કમ્મે, દવગ્ગિ-દાવણયા,સર-દહ-તલાય-સોસણયા, અસઈ-પોસણયા, એ પાંચ સામાન્ય એ પાંચ કર્મ, પાંચ વાણિજ્ય, પાંચ સામાન્ય એવં પન્નર કર્માદાન બહુ સાવદ્ય મહારંભ, રાંગણ લીહાલા કરાવ્યા. ઇંટ નિભાડા પચાવ્યા. ધાણી, ચણા, પકવાન કરી વેચ્યાં, વાશી માખણ તવાવ્યાં. તિલ વહોર્યા, ફાગણ માસ ઉપરાંત રાખ્યા, દલીદો કીધો. અંગીઠા કરાવ્યા. શ્વાન, બિલાડા, સૂડા સાલહિ પોષ્યાં. અનેરાં જે કાંઈ બહુ સાવદ્ય ખર કર્માદિક સમાચર્યા. વાશી ગાર રાખી. લીંપણે ગૂંપણે મહારંભ કીધો. અણશોધ્યા ચૂલાં સંધૂક્યા. ઘી, તેલ, ગોળ, છાશતણાં ભાજન ઉઘાડાં મૂક્યા. તે માંહિ માખી, કુંતિ, ઉંદર, ગીરોલી, પડી, ચડી, તેની જયણા ન કીધી ॥ સાતમે ભોગોપભોગ પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૭॥

આઠમે અનર્થદંડવિરમણ વ્રતે પાંચ અતિચાર ॥ કંદપ્પે કુક્કુઈએ૦ ॥ કંદર્પ લગે વિટચેષ્ટા હાસ્ય, ખેલ, કુતૂહલ કીધાં. પુરુષ સ્ત્રીના હાવભાવ, રૂપ, શૃંગાર, વિષયરસ વખાણ્યા. રાજકથા, ભક્તકથા, દેશકથા સ્ત્રીકથા કીધી. પરાઈ તાંત કીધી તથા પૈશુન્યપણું કીધું. આર્ત્ત-રોદ્રધ્યાન ધ્યાયાં. ખાંડા, કટાર, કોશ, કુહાડા, રથ, ઉખલ, મુશલ, અગ્નિ, ઘરંટી, નિસાહે, દાતરડાં, પ્રમુખ અધિકરણ મેલી દાક્ષિણ્ય લગે માગ્યા આપ્યા. પાપોપદેશ દીધો. અષ્ટમી ચતુર્દશીએ ખાંડવા દળવાતણા નિયમ ભાંગ્યા. મુખરપણા લગે અસંબદ્ધ વાક્ય બોલ્યાં. પ્રમાદાચરણ સેવ્યાં. અંઘોલે, નાહણે, દાતણે, પગ ધોઅણે, ખેલ પાણી તેલ છાંટ્યાં. ઝીલણે ઝીલ્યા. જુગટે રમ્યા. હિંચોલે હિંચ્યા. નાટક પ્રેક્ષણક જોયાં. કણ, કુવસ્તુ ઢોર લેવરાવ્યાં. કર્કશ વચન બોલ્યાં, શાપ દીધા, ભેંસા, સાંઢ, હુડુ, કૂકડા, શ્વાનાદિક ઝુઝાર્યા, ઝૂઝતાં જોયાં. ખાદિ લગે અદેખાઈ ચિંતવી. માટી, મીઠું, કણ, કપાસિયા, કાજ વિણ ચાંપ્યા, તે ઉપર બેઠા, આલી વનસ્પતિ ખૂંદી. સૂઈ, શસ્ત્રાદિક નિપજાવ્યાં. ઘણી નિદ્રા કીધી. રાગ દ્વેષ લગે એકને ઋદ્ધિ પરિવાર વાંછી, એકને મૃત્યુ હાનિ વાંછી ॥ આઠમે અનર્થદંડ-વિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૮॥

નવમે સામાયિક-વ્રતે પાંચ અતિચાર ॥ તિવિહે દુપ્પણિહાણે૦ ॥ સામાયિક લીધે મને આહટ્ટ, દોહટ્ટ ચિંતવ્યું. સાવદ્ય વચન બોલ્યાં. શરીર અણપડિલેહ્યું હલાવ્યું. છતી વેળાએ સામાયિક ન લીધું. સામાયિક લઈ ઉઘાડે મુખે બોલ્યા. ઉંઘ આવી. વાત વિકથા ઘરતણી ચિંતા કીધી. વિજ દીવા તણી ઉજેહિ હુઈ. કણ, કપાસિયા, માટી, મીઠું, ખડી, ધાવડી, અરણેટો પાષાણ પ્રમુખ ચાંપ્યા. પાણી, નીલ, ફૂલ, સેવાલ, હરિયકાય, બીયકાય ઇત્યાદિક આભડ્યા, સ્ત્રી તિર્યંચતણા નિરંતર પરંપર સંઘટ્ટ હુઆ. મુહપત્તિ ઉત્સંઘટ્ટી, સામાયિક અણપૂગ્યું પાર્યું, પારવું વિસાર્યું ॥ નવમે સામાયિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૦ ॥૯॥

દશમે દેશાવગાસિક-વ્રતે પાંચ અતિચાર ॥ આણવણે પેસવણે૦ ॥ આણ-વણપ્પઓગે, પેસવણ-પ્પઓગે, સદ્દણુવાઈ, રૂવાણુ-વાઈ, બહિયા-પુગ્ગલ-પક્ખેવે ॥ નિયમિત ભૂમિકામાંહિ બાહિરથી કાંઈ અણાવ્યુ. આપણ કન્હે થકી બાહેર કાંઈ મોકલ્યું અથવા રૂપ દેખાડી, કાંકરો નાખી, સાદ કરી આપણપણું છતું જણાવ્યું ॥ દશમે દેશાવગાશિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧૦॥

અગ્યારમે પૌષધોપવાસ વ્રતે પાંચ અતિચાર ॥ સંથારુચ્ચારવિહિ૦ ॥

અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય-સિજ્જાસંથારએ,
અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ॥

પોસહ લીધે સંથારા તણી ભૂમિ ન પૂજી. બાહિરલાં લહુડાં વડાં સ્થંડિલ દિવસે શોધ્યાં નહીં, પડિલેહ્યાં નહીં. માતરું અણપૂજ્યું હલાવ્યું, અણપૂંજી ભૂમિકાએ પરઠવ્યું. પરઠવતાં 'અણુજાણહ !, જસ્સુગ્ગહો' ન કહ્યો, પરઠવ્યા પૂંઠે 'વોસિરે વોસિરે' વાર ત્રણ ભણી નહીં. પુઢવી અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસકાયતણા સંઘટ્ટ, પરિતાપ ઉપદ્રવ હુઆ. સંથારા પોરિસિ તણોવિધિ ભણવો વિસાર્યો. પોરિસિમાંહે ઉંઘ્યા. અવિધે સંથારો પાથર્યો. પારણાદિકતણી ચિંતા કીધી. કાળવેળાએ દેવ ન વાંદ્યા. પડિક્કમણું ન કીધું. પોસહ અસૂરો લીધો. સવેરો પાર્યો. પર્વતિથિએ પોસહ લીધો નહીં ॥ અગ્યારમે પોષધોપવાસવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ ॥૧૧॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારમે અતિથિ-સંવિભાગ-વ્રતે પાંચ અતિચાર ॥ સચ્ચિત્તે નિક્ખિવણે॰ ॥ સચિત્ત વસ્તુ હેઠ ઉપર છતાં મહાત્મા મહાસતી પ્રત્યે અસૂઝતું દાન દીધું. દેવાની બુદ્ધે અસૂઝતું ફેડી સૂઝતું કીધું, પરાયું ફેડી આપણું કીધું. અણદેવાની બુદ્ધે સૂઝતું ફેડી અસૂઝતું કીધું, પરાયું કીધું, આપણું ફેડી પરાયું કીધું. વહોરવા વેલા ટલી રહ્યા. અસુર કરી મહાત્મા તેડ્યા. મત્સર ધરી દાન દીધું. ગુણવંત આવ્યે ભક્તિ ન સાચવી. છતી શક્તિએ સ્વામીવાત્સલ્ય ન કીધું. અનેરાં ધર્મક્ષેત્ર સીદાતાં છતી શક્તિએ ઉદ્ધર્યાં નહીં. દીન ક્ષીણ પ્રત્યે અનુકંપા દાન ન દીધું.

બારમે અતિથિ-સંવિભાવગ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ॰ ॥૧૨॥

સંલેષણા તણા પાંચ અતિચાર । ઇહલોએ પરલોએ॰ ॥ ઇહલોગા-સંસપ્પઓગે, પરલોગા-સંસપ્પઓગે, જીવિઆ-સંસપ્પઓગે, મરણા-સંસપ્પઓગે, કામભોગા-સંસપ્પઓગે ॥ ઇહલોકે ધર્મના પ્રભાવ લગે રાજ ઋદ્ધિ, સૌભાગ્ય, પરિવાર વાંછ્યા. પરલોકે દેવ, દેવેંન્દ્ર દેવેંન્દ્ર વિદ્યાધર, ચક્રવર્તી તણી પદવી વાંછી. સુખ આવ્યે જીવિતવ્ય વાંછ્યું. દુખ આવ્યે મરણ વાંછ્યું. કામભોગ તાણી વાછાં કીધી ॥ સંલેષણા વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ॰ ॥૧૩॥

તપાચાર બાર ભેદ, છ બાહ્ય, છ અભ્યંતર ॥ અણસણ-મૂણોઅરિઆ॰ ॥ અણસણ ભણી ઉપવાસ વિશેષ પર્વતિથિએ છતી શક્તિએ કીધો નહીં. ઊણોદરીવ્રત તે કોળિયા પાંચ સાત ઊણા રહ્યા નહીં. વૃત્તિસંક્ષેપ તે દ્રવ્યભણી સર્વ વસ્તુનો સંક્ષેપ કીધો નહિ. રસત્યાગ તે વિગઈત્યાગ ન કીધો. કાયકલેશ તે લોચાદિક કષ્ટ સહન કર્યા નહીં. સંલીનતા તે અંગોપાંગ સંકોચી રાખ્યા નહીં. પચ્ચક્ખાણ ભાંગ્યા. પાટલો ડગડગતો ફેડ્યો નહીં. ગંઠસી, પોરિસિ, સાડ્ઢપોરિસિ, પુરિમડ્ઢ, એકાસણું, બિઆસણું, નીવિ, આંબિલ પ્રમુખ પચ્ચક્ખાણ પારવું વિસાર્યું. બેસતાં નવકાર ન ભણ્યો. ઉઠતાં પચ્ચક્ખાણ કરવું વિસાર્યું. ગંઠસિયું ભાંગ્યું. નીવિ, આંબિલ ઉપવાસાદિ તપ કરી કાચું પાણી પીધું. વમન હુઓ. બાહ્ય તપ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ॰ ॥૧૪॥

અભ્યંતર તપ, પાયચ્છિત્તં વિણઓ॰ ॥ મનશુદ્ધે ગુરુ કન્હે આલોઅણા લીધી નહીં. ગુરુદત્ત પ્રાયશ્ચિત તપ લેખા શુદ્ધે પહુંચાડ્યો નહીં. દેવ, ગુરુ, સંઘ, સાહમ્મિઅ પ્રત્યે વિનય સાચવ્યો નહીં. બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી પ્રમુખનું વૈયાવચ્ચ ન કીધું. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ પંચવિધ સ્વાધ્યાય ન કીધો. ધર્મધ્યાન, શુક્લધ્યાન ન ધ્યાયાં, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન ધ્યાયાં. કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દશ વીશનો કાઉસ્સગ્ગ ન કીધો ॥ અભ્યંતર તપ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ॰ ॥૧૫॥

વીર્યાચારના ત્રણ અતિચાર ॥ અણિગૂહિઅબલવિરિઓ॰ । પઢવે, ગુણવે, વિનય, વૈયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પોસહ, દાન, શીલ, તપ, ભાવનાદિક ધર્મકૃત્યને વિષે મન વચન કાયાતણું છતું બલ, છતું વીર્ય ગોપવ્યું. રૂડાં પંચાંગ ખમાસમણ ન દીધાં. વાંદણા તણા આવર્ત્ત વિધિ સાચવ્યા નહીં. અન્યચિત્ત નિરાદરપણે બેઠા. ઉતાવળું દેવવંદન, પડિક્કમણું કીધું ॥ વીર્યાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ॰ ॥૧૬॥

નાણાઈઅટ્ઠ-પઈવય, સમ્મસંલેહણ પણ પન્નર-કમ્મેસુ ।
બારસ-તપ વિરિઅતિગં, ચઉવ્વીસ સયં અઈયારો ॥ ॥

પડિસિદ્ધાણં કરણે॰ ॥ પ્રતિષેધ અભક્ષ્ય, અનંતકાય, બહુબીજ ભક્ષણ, મહારંભ પરિગ્રહાદિક કીધાં. જીવાજીવાદિક સૂક્ષ્મવિચાર સદ્દહ્યા નહીં. આપણી કુમતિલગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી. તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ, અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાન કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં હોય. દિનકૃત-પ્રતિક્રમણ, વિનય, વૈયાવચ્ચ ન કીધાં. અનેરું જે કાંઈ વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કીધું, કરાવ્યું, અનુમોદ્યું હોય ॥ એ ચિહું પ્રકારમાંહે અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ, સૂક્ષ્મ-બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હુ મન-વચને-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં॰ ॥૧૭॥

એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત, એક સો ચોવીશ અતિચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર-જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હુ મને-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

## અતિચારમાં આવતા અઘરા શબ્દોની સરળ સમજુતિ

**જ્ઞાનાચારે**

| | | |
|---|---|---|
| અણઉદ્ધર્યે | = | કાઢ્યા વિના |
| ક્વલી | = | પાનારક્ષણ સાધન |
| દસ્તરી | = | બે તરફના પૂંઠા |
| વહી | = | ચોપડો |
| ઓલિયા | = | લાઇન કરવાનું સાધન |
| ઓશીસે | = | ઓશિકે |
| નિહાર | = | ઝાડો |
| પ્રજ્ઞાપરાધે | = | ઓછી સમજને લીધે |
| વિણાશ્યો | = | નાશ કર્યો |
| ઉવેખ્યો | = | ઉપેક્ષા કરી |
| હસ્યો | = | મશ્કરીમાં હસ્યા |
| અન્યથા | = | સૂત્ર વિરુદ્ધ |

**દર્શનાચારે**

| | | |
|---|---|---|
| અધોતી | = | ધોતી સિવાય સીવેલા વસ્ત્ર |
| કેલિ | = | રમત |
| નિવેદીઆ | = | નૈવેદ્ય |
| ઠવણારિય | = | સ્થાપનાચાર્યજી |
| પડિવજ્યું | = | અંગીકાર કર્યુ. |

**ચારિત્રાચારે**

| | | |
|---|---|---|
| તૃણ | = | ઘાસ |
| ડગલ | = | અચિત્તમાટીના ઢેફા |
| શ્લેષ્માદિક | = | બડખો, લીંટ આદિ |
| જીવાકુલ | = | ઘણા જીવજંતુ વાળી |
| સાવદ્ય | = | પાપવાળા |
| આણપૂંજે | = | પ્રમાર્જના કર્યા વગર |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમ્યક્ત્વતણા**

ગોગો = નાગદેવ-સર્પ

પાદર દેવતા = ગામની દેવી

વિનાયક = ગણેશ

જૂજૂઆ = જુદાં-જુદાં

જીરાઉલા = અ ન્ય મ તિ દે વ વિશેષ

ભરડા = બ્રહ્માણ

લિંગિયા = વેષધારી

દરવેશ = ફકીર

વ્યામોહ્યા = ભોળવાણા

સંવચ્છરી = મૃતક પાછળ વાર્ષિક જમણવાર

મહાસતી = સાધ્વીજી ભગવંત

મહાત્મા = સાધુ ભગવંત

ભોગવાંછિત = ભોગ પ્રાપ્તિ માટે

ખીણ = દીન

**પહેલે સ્થૂળ પ્રાણાતિપાત**

ગાઢો = આકરો

ઘાવ = પ્રહાર

ઘાલ્યો = કર્યો

નિર્લાંછન = નાક-કાન વીંધવા,

કર્મ = ખસી કરવા.

તાવડે = તડકે

સાહતાં = ઝાલતાં-પકડતાં

ઉદ્દેહી = જીવ વિશેષ

લીંખ ફોડી = લીખના બે ટુકડા કર્યા

નિર્ધ્વંસપણું = નિર્દયતા

ઝીલ્યા = ન્હાયા

**બીજે સ્થૂળ મૃષાવાદ**

અનર્થ = કષ્ટમાં નુકસાનીમાં

થાપણા મોસો = થાપણનો લોપ કરવો.

ગાળ દીધી = હાથ-પગ ભાંગે એક કહેવું.

**ત્રીજે સ્થૂળ અદત્તાદાન**

વહોરી = ખરીદ કરી

સંબલ = ભાતું

સરાંસ્યો = છેતર્યો

કલત્ર = સ્ત્રી

વાંચી = ઠગી

સંભેડા = એક-બીજાને સાચું-જુઠુ સમજાવીને વઢવાડ કરાવી.

**ચોથે સ્વદારા સંતોષ**

અપરિ-ગૃહિતાગન = વેશ્યાગમન

ઈત્વરપરિગૃહિતાગમન = થોડા સમય માટે રાખેલી સ્ત્રી સાથે મૈથુન

ઘરઘરણાં = નાતરું-પુનર્લગ્ન

અનંગક્રીડા = સૃષ્ટિવિરુદ્ધ કર્મ

**પાંચમે પરિગ્રહ પરિમાણ**

વાસ્તુ = ઘર વગેરે ઈમારત ઘરવખરી

કુપ્ય = ત્રાંબુ, પિતળ આદિ ધાતુ

દ્વિપદ = દાસ, દાસી આદિ

પઢ્યું = સંભાર્યું

**છટ્ઠે દિગ્પરિમાણ**

અનાભોગે = અજાણતા

પાઠવણી = મોકલવાની ચીજ

ગામતરું = બીજે ગામ જવું તે

**સાતમે ભોગોપભોગ પરિમાણ**

કુણી = કુકળી-કાચી

ઓદન = દહીં નાખેલા ભાત

આમ્બલબોર = ખાટા બોર

શીરાવ્યા = સવારનો નાસ્તો

રાંગણ = રંગવવાનું કામ

લીહાલા = કોયલા

સંધુક્યાં = સળગાવ્યા

**આઠમે અનર્થ-દંડ-વિરમણ**

ભક્તકથા = ભોજન આશ્રયિને કથા

તાંત = વાત

ઉખલ = ખારણિયો

મુસલ = સાંબેલું

નિસાહ = દાળ વાટવાની છીપર

મેલી = એકઠા કરી

મુખરપણા = વાચાલ પણા

અંઘોલે = પીઠી ચોળવી

ખેલ = શ્લેષ્મ

પ્રેક્ષાણક = ગમ્મત

કુવસ્તુ = હલકી વસ્તુ

કર્કશ = આકરા

હુડુ = બોકડા

ખાદિ લગે = હરના લીધે

આલી = લીલી

**નવમે સામાયિક વ્રત**

દોહટ્ટ = આર્ત્ત

ઉજેહિ = અજવાળું શરીર પર પડવું

અભડ્યા = સ્પર્શયા

નિરંતર = અનંતર

**અગ્યારમે પૌષધોપવાસ**

બાહિરલા = પરઠવાની જગ્યા દિવસે જ જોઈ

'અણુજાણહ'= જેમનો અવગ્રહ હોય,

'જસ્સુગ્ગહો'= તેઓ અનુજ્ઞા આપો.

વોસિરે = અવશ્ય કરવા યોગ્ય આરાધનાર્થે બહાર નિકળુ છું.

પોરિસિ = રાત્રીનો પહેલો પ્રહાર

અસૂરો = સૂર્યોદય પછી

સવેરો = સૂર્યોદય પહેલા

**બારમે અતિથિ સવિભાગ**

અસૂઝતું = સાધુને ન કલ્પે તેવુ

ટલી = કાળ વ્યતિત

અસૂર = ગોચરીકાળ વીત્યા પછી

સીદાતાં = નિર્ધન

દીન = ગરીબ

ક્ષીણ = નિર્બળ

**વીર્યાચાર તણા**

બલ = ઈન્દ્રિય-જન્ય શક્તિ

વીર્ય = આત્મિક શક્તિ

અન્યચિત્ત = શુન્ય ચિત્ત

**નાણાઇ અટ્ઠ**

| | | | | |
|---|---|---|---|---|
| જ્ઞાનાદિ આચાર | = | ૮ x ૩ | = | ૨૪ |
| તપાચાર | = | ૬ + ૬ | = | ૧૨ |
| બાર વ્રત | = | ૧૨ x ૫ | = | ૬૦ |
| સંલેષણા | = | ૧ x ૫ | = | ૫ |
| સમ્યક્ત્વ | = | ૧ x ૫ | = | ૫ |
| કર્માદાન | = | ૫ x ૩ | = | ૧૫ |
| વીર્યા-ચાર | = | ૧ x ૩ | = | ૩ |
| કુલ | = | | | ૧૨૪ |

- પક્ખી પ્રતિક્રમણમાં પક્ષ દિવસમાંહે સૂક્ષ્મ-બાદર જાણતાં અજાણતાં....મિચ્છા મિ દુક્કડં
- ચઉમાસી પ્રતિક્રમણમાં ચઉમાસી દિવસમાહે. સૂક્ષ્મ-બાદર જાણતાં અજાણતાં....મિચ્છા મિ દુક્કડં
- સંવચ્છરી પ્રતિક્રમણમાં સંવત્સરી દિવસમાહે સૂક્ષ્મ-બાદર જાણતાં અજાણતાં....મિચ્છા મિ દુક્કડં

એમ બોલવું

॥ ઈતિ શ્રી અતિચાર સૂત્ર સમાપ્ત ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# શ્રી પક્ખિ પ્રતિક્રમણની વિધિ

૧. પ્રથમ દેવસિઅ પ્રતિક્રમણમાં વંદિત્તુ આવે ત્યાં સુધી સર્વ કહેવું પણ ચૈત્યવંદન 'શ્રી સકલાર્હત્'૦ કહેવું અને થોયો 'શ્રી સ્નાતસ્યા'ની કહેવી.

૨. પછી ખમાસમણ દઈ - 'દેવસિઅ આલોઈઅ પડિક્કંતા ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખિ મુહપત્તિ પડિલેહું? ઈચ્છં' એમ કહી મુહપત્તિ પડિલેહવી.

૩. બે વાંદણાં દેવાં. (તેમાં દેવસિઓ ના બદલે પક્ખો, દેવસિઅં ના બદલે પક્ખિઅં બોલવું)

૪. પછી ' ઈચ્છાકારણે.-સંદિસહ ભગવન સંબુદ્ધા ખામણેણં, અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઈચ્છં ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ, પન્નરસ રાઈ-દિયાણં, જંકિંચિ અપત્તિઅં૦' કહી - અબ્ભુટ્ઠિઓ ખામવો. પછી ઉભા થઈ યોગમુદ્રામાં બોલવું.

૫. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન પક્ખિઅં આલોઉં ? ઇચ્છં આલોએમિ જો મે પક્ખિઓ આઈયારો કઓ૦ સૂત્ર કહી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન પક્ખિ અતિચાર આલોઉં ? ઇચ્છં' એમ કહી અતિચાર કહેવા. પછી અંતે 'એવંકારે શ્રાવકતણે ધર્મ શ્રી સમક્તિ મૂલ બાર વ્રત એકસો ચોવીશ અતિચાર પક્ષ દિવસમાંહે સૂક્ષ્મ-બાદર જાણતાં-અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મન-વચન- કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં' કહેવું પછી ઉભા યોગમુદ્રામાં-

૬. 'સવ્વસ્સવિ પક્ખિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં' કહી-

૭. 'ઈચ્છકારી ! ભગવન્ પસાય કરી પક્ખિ તપ પસાય કરશોજી' એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહેવું. 'પક્ખિ લેખે ચઉત્થેણં, એક ઉપવાસ, બે આયંબિલ, ત્રણ નીવિ, ચાર એકાસણાં, આઠ બિઆસણાં, બે હજાર સ્વાધ્યાય યથાશક્તિ તપ લેખાશુદ્ધિ કરી પહોંચાડવો.' પછી તપ કર્યો હોય તો 'પઈટ્ઠિઓ' કહેવું અને કરવાનો હોય તો 'તહત્તિ' કહેવું, તથા ન કરવો હોય તો મૌન રહેવું.

૮. પછી વાંદણાં બે દેવાં.

૯. પછી 'ઈચ્છાકારેણ ભગવન્ પત્તેઅ ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં, ઇચ્છં, ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પન્નરસ રાઈદિયાણં જંકિંચિ અપત્તિઅં૦' કહી. અબ્ભુટ્ઠિઓ ખામવો. પછી 'સક્લ શ્રીસંઘને મિચ્છા મિ દુક્કડં' બોલવું.

૧૦. બે વાંદણાં દેવાં પછી ઉભા થઈ યોગમુદ્રામાં બોલવું... કે..

૧૧. 'દેવસિઅ અલોઈઅ પડિક્કતા ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખિઅં પડિક્કમામિ? સમ્મં પડિક્કમેહ', એક કહી, 'કરેમિ ભંતે ! સામાઈઅં૦ કહી 'ઈચ્છામિ પડિક્કમિઉં જો મે પક્ખિઓ૦ સૂત્ર કહેવું.

૧૨. પછી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ પક્ખિ સૂત્ર સંભળેમિ' ? ઇચ્છં૦ પછી માસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ પક્ખિસુત્ર કઢું, ઈચ્છં.'કહી-ત્રણ શ્રી નવકાર મંત્ર ગણીને શ્રાવક વંદિત્તુ૦ કહે પછી અંતે સહદેવયાની થોય કહેવી.

૧૩. પછી નીચે બેસી ગોદોહિકા મુદ્રામાં (જમણો ઢીંચણ ઉભો રાખી) એક શ્રી નવકાર મંત્ર ગણી કરેમિ ભંતે !, ઈચ્છામિ પડિ૦ કહી શ્રી વંદિત્તુ સૂત્ર' બોલવું તેમા 'પડિક્કમે દેવસિઅં સવ્વં.'ના બદલે 'પડિક્કમે પક્ખિઅં સવ્વં' બોલવું.

૧૪. પછી ઉભા થઈને 'કરેમિ ભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પક્ખિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ ચંદેસુ નિમ્મલયરા સુધી કરવો. ન આવડે તો અડતાલીશ શ્રી નવકાર મંત્રનો કાઉસ્સગ્ગ કરી પારવો, પારીને પ્રગટ લોગસ્સ કહી....

૧૫. મુહપત્તિ પડિલેહીને બે વાંદણાં દેવો.

૧૬. પછી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સમત્ત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉ; ઈચ્છં, ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પન્નરસ રાઈ-દિયાણં જંકિંચિ અપત્તિઅં...કહી અબ્ભુટ્ઠિઓ ખામવો.

૧૭. પછી ખમાસમણ દઈને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ પક્ખિ-ખામણા ખામું ? ઇચ્છં' એક કહી ખામણાં ચાર ખામવાં.

૧૮. પૂ. મુનિ મહારાજ ખામણાં કહે અને પૂ. મુનિ મહારાજને ન હોય તો ખમાસમણ દઈ ઇચ્છામિ ખમાસમણો કહી જમણો હાથ ચરવળા કે કટાસણા પર સ્થાપી 'એક શ્રી નવકાર મંત્રી કહી ' સિરસા મણસા મત્થએણ વંદામિ' કહેવું. એમ કુલ ચાર ખમાસમણ આપવા. માત્ર ત્રીજા ખામણાને અંતે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' કહેવું. અહીં પક્ખિ પ્રતિક્રમણ પૂરું થાય છે.

૧૯. પછી દેવસિઅ પ્રતિક્રમણમાં વંદિત્તુ॰ પછીના, બે વાંદણાંથી દઈને, ત્યાંથી તે સામાયિક પારીએ ત્યાં સુધી સર્વ દેવસિઅ પ્રતિક્રમણ જેમ કરવું. (પણ સુઆદેવયા॰ તથા જીસે ખિત્તે॰ની થોયને ઠેકાણે જ્ઞાનાદિ॰ તથા યસ્યાઃ ક્ષેત્ર॰ની થોયો કહેવી) સ્તવન શ્રી અજિતશાંતિનું કહેવું.

સજ્ઝાયને ઠેકાણે શ્રી નવકાર મંત્ર, શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર તથા સંસારદાવાની થોયો ચાર કહેવી. ઝંકારાથી સકળ શ્રી સંઘે સાથે બોલવું. લઘુશાંતિને ઠેકાણે મોટી શાંતિ કહેવી.

## શ્રી ચઉમાસી પ્રતિક્રમણની વિધિ

એમા ઉપર કહ્યા મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું. પણ એટલું વિશેષ કે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વિશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને પક્ખિ શબ્દને ઠેકાણે ચઉમાસી શબ્દ કહેવો, વાંદણામાં પક્ખો વઈક્કંતોના સ્થાને 'ચઉમાસી વઈક્કંતા' 'ચઉમાસી વઈક્કમં' કહેવું તથા તપને ઠેકાણે ચઉમાસી લેખે છટ્ઠેણં, બે ઉપવાસ, ચાર આયંબિલ, છ નીવિ, આઠ એકાસણાં, સોલ બિઆસણાં, ચાર હજાર સ્વાધ્યાય.... એ રીતે કહેવું અબ્ભુટ્ઠિઓ ખામવામાં એક પક્ખસ્સ પન્નરસ રાઈદિયાણંના સ્થાને ચાર માસાણં આઠ પક્ખાણં એકસો વીસ રાઈદિયાણં કહેવું.

## શ્રી સંવચ્છરી પ્રતિક્રમણની વિધિ

એમાં પણ ઉપર લખ્યા મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું. પણ એટલું વિશેષ કે બાર લોગસ્સના-કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીસ લોગસ્સ અને એક શ્રી નવકાર મંત્ર ન આવડે તો એકસોને સાઠ શ્રી નવકાર મંત્રનો કાઉસ્સગ્ગ કરવો અને તપને ઠેકાણે સંવચ્છરી લેખે અટ્ઠમ- ભત્તેણં, ત્રણ ઉપવાસ, છ આયંબિલ, નવ નીવિ, બાર એકાસણાં, ચોવીશ બિઆસણાં અને છ હજાર સ્વાધ્યાય આ રીતે કહેવું, અબ્ભુટ્ઠિઓ ખામવામાં એક પક્ખસ્સ પન્નરસ રાઈદિયાણં ના સ્થાને બાર માસાણં ચોવીસ પક્ખાણં ત્રણ સો સાઠ રાઈદિયાણં કહેવું, અને પક્ખિ શબ્દને ઠેકાણે 'સંવચ્છરો વઈક્કંતો, સંવચ્છરિઅં વઈક્કમં' શબ્દ કહેવો.

## છીંક આવે તો

પક્ખિ-ચઉમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં અતિચાર પહેલા છીંક આવે, તો ચૈત્યવંદનથી ફરીથી શરૂઆત કરવી જોઈએ અને અતિચાર પછી છીંક આવે તો દુક્ખક્ખય કમ્મક્ખયના કાઉસ્સગ્ગ પહેલાં છીંકનો કાઉસ્સગ્ગ કરવો.

## છીંકના કાઉસ્સગ્ગની વિધિ

સજ્ઝાય કર્યા પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ક્ષુદ્રોપદ્રવ ઉડ્ડાવણાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં, ક્ષુદ્રોપદ્રવ ઉડ્ડાવણાર્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ॰ કહી ચાર લોગસ્સ સાગરવરગંભીરા સુધીનો કાઉસ્સગ્ગ, ન આવડે તો ૧૬ વાર શ્રી નવકાર મંત્રનો કાઉસ્સગ્ગ પરી નમોઽર્હત્॰ કહી નીચેની થોય કહેવી.

સર્વે યક્ષામ્બિકાદ્યા યે, વૈયાવૃત્યકરા જિને ।
ક્ષુદ્રોપદ્રવ-સંઘાતં, તે દ્રુતં દ્રાવયન્તુ નઃ ॥૧॥

અર્થ - 'જિનેશ્વરને વિષે વૈયાવચ્ચ કરનારા સર્વ યક્ષ અને અંબિકાદિ વગેરે દેવો જલ્દીથી અમારા ક્ષુદ્ર ઉપદ્રવના સમૂહને દૂર કરો.' પછી લોગસ્સ કહી આગળની વિધિ ચાલુ કરવી.



**ઈતિ આવશ્યક ક્રિયા સાધના સમાપ્ત**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સમ્યગ્જ્ઞાન રમ્ય પર્ષદા

જૈનશાસનના અણમોલ સિદ્ધાંત વારસાને જીવંત રાખવા માટે ઘરના વડીલજનોની મુખ્ય જવાબદારી રહેતી, પણ કેટલીક આધુનિકતા અને પશ્ચાત્ય સંસ્કૃતિમાં ઉછરતાં બાળકોના બાલમાનસ પર પડતી ખરાબ અસરના કારણે વડીલ યોગ્ય જવાબદારી ગૌણ બનવા લાગી છે. તેમ છતાં ભવિષ્યના જૈન શાસનના રક્ષક એવા બાલ-યુવાનને જૈનધર્મ પ્રત્યે આકર્ષિત કરવા 'જૈન પાઠશાળા' આદિ સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે.

ચતુર્વિધ શ્રીસંઘમાં સમાવિષ્ટ તેમજ પૂ.સાધુભગવંતો-સાધ્વીજી ભગવંતોને ગૂઢરહસ્યથી ભરેલા જૈન શાસ્ત્રોનો તલસ્પર્શી અભયૌસ કરાવવા માટે અને મુમુક્ષુ શ્રાવક-શ્રાવિકાઓ પણ જૈન તત્વનો અભ્યાસ સરળતાથી કરી શકે, તે માટે પોતાના જીવનના અણમોલ વર્ષોનો જૈન તત્વનો અભ્યાસ કરવામાં વ્યતીત કરનાર સૂક્ષ્મ-તીક્ષ્ણ-વિચક્ષણ બુદ્ધિ-મતિ ધારક કોઈ હોય તો તે શ્રદ્ધાળુ અધ્યાપક શિક્ષક-શિક્ષિકા તરીકે કહી શકાય,

જૈન તત્ત્વાભ્યાસ કરી અંતરમાં સ્થિર કરી જ્ઞાનપિપાસુ શ્રી સંઘમાં વિનિયોગ કરવામાં ઘણા વર્ષો યાવત્ પૂર્ણ જીવન સમર્પિત કરવાનો મહાન્ સુકૃત કરનાર પણ આ જ શિક્ષક શિક્ષિકાઓ હોય છે.

તે શ્રદ્ધાળુ શિક્ષક-શિક્ષિકા ગૃહસ્થાશ્રમમાં વિવિધ જવાબદારીઓને વહન કરતા હોય છે. નિર્ધારિત અને મર્યાદિત આર્થિક ઉપાર્જનના સહારે તેમના વ્યવહાર ચાલતા હોય છે. કાંઈક અશુભકર્મના ઉદયથી ક્યારેક શરીર માંદુ પડવાની શક્યતા હોવા સાથે ક્યારેક અકસ્માત્ આદિ પણ થવાની શક્યતા રહેલી હોય છે. કોઈક વખતે વ્યવહારિક મોટા પ્રસંગની જવાબદારી નિભાવવા અર્થોપાર્જન વિશેષની જરૂરીયાત પણ ઉભી થતી હોય છે.

તેવા સમયે સીમિત આવકમાં આર્થિક સંકળામણનો અનુભવ થતાં ભણવા-ભણાવવાની પ્રવૃત્તિમાં ઉત્સાહ જળવાઈ રહેવાની શક્યતા ઓછી હોય છે. તેથી તેઓના શિક્ષણકાર્યને સદા વેગવંતુ અને હર્ષોલ્લાસપૂર્વક આગળ વધતું રાખવા માટે 'સમ્યગજ્ઞાન રમ્ય પર્ષદા' એ કાંઈક અદકેરું આયોજન કરેલ છે. તેમા સહકારી બનવાનો સદ્ભાગ્ય મહાભાગ્યશાળી જ પ્રાપ્ત કરી શકે.

અચાનક આવતી માંદગી માટે, અકસ્માત અચાનક થાય તે માટે, અસાધ્ય બીમારીમાં કાંઈક આર્થિક સહયોગ દ્વારા ભક્તિ, આર્થિક સંકળામણમાં નિર્વ્યાજ લોન વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

અત્યારે આ સંસ્થામાં ૫૦૦ (પાંચસો) આસપાસ સભ્યો છે. બે વર્ષમાં તેઓને માંદગી આદિમાં ૧,૫૦,૦૦૦ ની ભક્તિ કરેલ છે. તે સિવાય અન્ય સુકૃત પણ ચાલુ છે. કેટલાક સભ્યોને ભક્તિરૂપે નિર્વ્યાજ લોન પણ આપવામાં આવેલ છે.

આ સાથે શ્રી "સમ્યગ્જ્ઞાન રમ્ય પર્ષદા" સંચાલિત "મોક્ષપથ પ્રકાશન" દ્વારા પ્રકાશિત "આવશ્યક ક્રિયા સાધના" પુસ્તક પ્રથમ આવૃત્તિ ૫૦૦૦ નકલ (ગુજરાતી) અને દ્વિતીય આવૃત્તિ ૫૦૦૦ નકલ ગુજરાતી તથા હિન્દી ૪૦૦૦ નકલ તેમજ જિન પૂજા વિધિ પ્રથમ આવૃત્તિ ૧૨,૦૦૦ નકલ (ગુજરાતી) તથા ૨૦૦૦ નકલ (હિન્દી)નું પણ પ્રકાશન કરાયેલ છે. તે સિવાય અન્ય નાની-મોટી અનેકવિધ પ્રવૃત્તિ કરી રહેલ છે.

**સંપર્ક સ્થળ :**
જી-૨, નિર્મિત એપાર્ટમેન્ટ,
જેઠાભાઈ પાર્ક બસ સ્ટોપ પાસે,
નારાયણ નગર રોડ,
પાલડી, અમદાવાદ-૭.
મો. ૯૮૨૫૦ ૭૪૮૮૯, ૯૨૨૮૨ ૬૬૫૦૧

**લિ. સમ્યગજ્ઞાન રમ્ય પર્ષદા, ટ્રસ્ટી ગણ**
શ્રેષ્ઠિવર્ય શ્રી પ્રકાશચન્દ્ર માનમલજી પુનમિયા, મુંબઈ.
પંડિતવર્ય શ્રી ચન્દ્રકાન્તભાઈ સ્વરૂપચંદ સંઘવી, પાટણ.
અધ્યાપક શ્રી પરેશકુમાર જશવંતલાલ શાહ, અમદાવાદ.
શ્રેષ્ઠિવર્ય શ્રી પ્રદિપભાઈ કચરાભાઈ શાહ, અમદાવાદ.
શ્રેષ્ઠિવર્ય શ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારી, અમદાવાદ.



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચારિત્રના ઉપકરણો




जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જ્ઞાન ના ઉપકરણો




जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




જીવનમાં થતી આરાધનાને જિનાજ્ઞા મુજબ જ કરવાનો આગ્રહ સેવનાર, આરાધનાને ફકત ક્રિયામય બનાવવાના બદલે ભાવમય બનાવવાના મનોરથ સેવનાર, દરેક સૂત્ર ના શુદ્ધ-ઉચ્ચાર ની કામના રાખનાર, સૂત્રો ના નામસાથે છંદ અને રાગની માહિતી મેળવવાની ઈચ્છા ધરાવનાર, સૂત્રો બોલતા-સાંભળતા શાસ્ત્રીય માર્ગદર્શન અનુસાર સુવિશુદ્ધ મુદ્રાની જાણકારી ઈચ્છનાર તેમજ નાની થી મોટી સર્વે ક્રિયાઓને સુવિશુદ્ધ વિધિપૂર્વક કરવાની શુભભાવના રાખનારને આ અદ્ભૂત 'આવશ્યક ક્રિયા સાધના' પુસ્તક વસાવવું જ રહ્યું.



પ્રકાશન
**મોક્ષ પથ પ્રકાશન**
જી/૨, નિર્મિત એપાર્ટમેન્ટ, જેઠાભાઈ પાર્ક બસ સ્ટોપ પાસે, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Bodhidarshan Graphics, Ahmedabad. Mo. 9825074889